Chap-3

# પ્રકરણ – ૩

## ગુજરાતી ટૂંકી વાર્તામાં પરિવેશની કાર્યસાધકતા

વાર્તા જો પહાડ જેટલી પુરાણી હોય તો વાર્તાને પહાડ જેવા આદિમ પ્રાકૃતિક તત્ત્વો સાથે પણ કશો સંબંધ તો હોવાનો જ. વિશ્વના વાર્તાસ્વરૂપના મૂળમાં જઈએ તો પ્રાચીન કથાસ્વરૂપો મળે છે. જેમાં આકાશ, પૃથ્વી, વાયુ, જળ, પંખીઓ, રહેણાંકો, અરણ્યો, માનવવસ્તી, પ્રાણીઓ વગેરેનો વિનિયોગ કરવામાં આવ્યો છે. આ પ્રકારની કથાકથન પરંપરા આદિમકાળથી આજ સુધી જુદા જુદા જગત પરિવર્તનો પ્રમાણે અવનવાં રૂપે માનવજીવન સાથે વણાયેલી જ રહી છે. કથા સમયે સમયે જુદાજુદા કથાસ્વરૂપો (fictional forms)નું નિર્માણ કરતી ગઈ એની આરંભિક અવસ્થામાં પુરાકથા (myth) અને દંતકથા (legend) જેવા સ્વરૂપો હતાં. પાછળથી તેમાં (fable) દૃષ્ટાંતકથા (parable) લોકકથા (folktale) જેવા સ્વરૂપો વિકસ્યાં અને ત્યારબાદ મહાકાવ્ય (epic) કૌતુકકથા (romance) નવલકથા(novel) અને નવલિકા (short story) જેવાં સ્વરૂપો ખીલ્યાં.[૧]

ભારતીય પુરાકથાઓમાં બ્રહ્માંડની ઉત્પત્તિ, ગ્રહો, ઉપગ્રહો, દેવ-દેવીઓ, ઋષિઓ, અપ્સરાઓ, ગંધર્વો, અસુરો જેવાં તત્ત્વોની આસપાસ કથા ગૂંથીને પ્રેમ, કામ, મૃત્યુ, આત્મા વિશેની સ્પષ્ટતાઓ કરવાનો પ્રયાસ છે. ગ્રીક સાહિત્યમાં પ્રોમિથિયસ, ઓડિસિયસ, સીસિફ્સ, વગેરે પાત્રોની પુરાકથાઓ માનવચેતનાને રજુ કરે છે. ધર્મગ્રંથ બાઈબલમાં પણ આંરભે પૃથ્વીની ઉત્પત્તિની કથા છે. આદમ અને ઈવની જ્ઞાનઅવસ્થા પૂર્વના જીવનનો વૃતાંત માનવચેતનાનાં અદ્વૈત રૂપને સૂચવે છે. કુરાનેશરીફમાં જીવનનિયમો સંદર્ભે ભૂગોળ અને માનવસંબંધોને કથનાત્મક રીતે રજૂ કરે છે.

વેદકાળથી ચાલી આવતી બોધકથાઓ 'મહાભારત' 'પંચતંત્ર' 'હિતોપદેશ' રૂપે મળે છે. ગ્રીક સાહિત્યની ઈશપનીતિની કથાઓ પણ આ પ્રકારની છે બંનેમાં ઉપદેશ રજૂ કરવા માટે થતાં કથનવર્ણન મહત્ત્વનાં છે. ભારતમાં બૌદ્ધ-જાતકોની બોધકથાઓ પછીથી સંસ્કૃત, પ્રાચીન અને અર્વાચીન ભારતીય ભાષાઓમાં પ્રચલિત થઈ જેમાં પ્રાણીઓ, પંખીઓ અને નિર્જીવ પદાર્થોનો વિનિયોગ કથા કહેવામાં થતો હતો.

દંતકથા પણ પૌરાણિક સ્વરૂપ છે જેમાં ઈતિહાસ પ્રસિદ્ધ પાત્રો, રોમાંચક ઘટનાઓ અને સ્થળ વિશેના સત્યોનું અતિરેકભર્યું વર્ણન મળે છે. દષ્ટાંતકથાઓ પંખી, પ્રાણી, વૃક્ષોના ઉદાહરણો દ્વારા માનવજીવનના કોઈ સત્યને સમજાવવા પ્રયોજાય છે. પરીકથાઓ 'અરેબિયન નાઈટ્સ'માં મળે છે જેમાં સફેદ પાંખોવાળી પરી, ભૂત-પ્રેત, દૈત્યો, પલીત, જીન, ઝંડ, જાદુ, મેલીવિદ્યા વગેરેનાં સંકલનથી ચમત્કારીક સૃષ્ટિ સર્જાય છે. લોકકથા કથન અને વર્ણનના અંશોથી ખીલે છે તેમાં લય, લહેકા, કાકુઓ, ધ્વનિઓના પ્રયોગોની પરંપરા છે આ જ પરંપરામાં આસપાસની સૃષ્ટિનાં તત્ત્વો ગૂંથતી બાલકિશોરકથાઓ, અનુભવ-અવલોકન-ચિંતન-મનનને સૂત્રાત્મક સિદ્ધ કરતી કહેવત કથાઓ, ધાર્મિકવિધિવિધાનો અને સિદ્ધાંતોથી રચાતી ધર્મકથાઓ, પર્વો-તહેવારો-વિશિષ્ટ દિવસોને ઊજવવાની રીત-પદ્ધતિ વર્ણવતી વ્રતકથાઓ, ભાઈ-બહેન; પ્રેમી-પ્રેમિકા; માતા-પુત્રી; પિતા-પુત્ર વગેરેનાં સંબંધોને ગૂંથતી કુટુંબકથાઓ, માનવીય રંજનલાલસાને પોષતી પ્રેમકથાઓ, યુક્તિ-પ્રયુક્તિઓથી રોમાંચ આપતી ચોરકથાઓ અને સમસ્યા કથાઓ, માત્ર આનંદ-મોજ-હાંસી ખાતર રચાતી વિનોદકથાઓ કે હાસ્યકથાઓ જેવાં અનેક સ્વરૂપો યુગોથી માનવજીવન સાથે અવિનાભાવિ રીતે વણાયેલાં છે. 'કથા' કથ્ ધાતુ ઉપરથી 'કહેવાના' સંદર્ભે પ્રયોજાય છે. કહેવાની રીતમાં તેનું ચીરકાલીનપણું તેના ચોક્કસ ઘટકોથી સર્જાતા માળખાં પર આધારિત હોય છે. પ્રત્યેક સ્વરૂપમાં પાત્ર, ઘટના અને સ્થળકાળ સતત જળવાતાં જ આવ્યાં છે. નરેશ વેદ માને છે કે 'ટૂંકી વાર્તા (short story) કથા (narrative) પુરાકથા, લોકકથા, દંતકથા, દષ્ટાંતકથા, તરંગકથા જેવાં સ્વરૂપોના વિવિધ ઘટકાંશોના સંશ્લેષણમાંથી જન્મેલું સાહિત્યસ્વરૂપ છે'[૨] આજના આપણા ટૂંકી વાર્તા તરીકે ઓળખાતા કથાસ્વરૂપના ઉદ્‌ભવ પાછળ તેઓ ઓગણીસમી સદીનો વાસ્તવવાદ (realism) અને સામયિકો (periodicals)ના આગમનને મહત્ત્વનું ગણે છે. આ રીતે ઉદ્‌ભવેલા ગુજરાતી ટૂંકી વાર્તાના સ્વરૂપનું મૂળ અમેરિકન લેખક વૉશિંગ્ટન ઈર્વિંગ (૧૭૮૩-૧૮૫૧)માં પડેલું છે તેની સ્કેચબુક (૧૮૨૦) પુસ્તકમાં 'રીપવાન વિન્કલ' અને ' ધ લીઝન્ડ ઑફ સ્લીપી હોલો' સુપ્રસિદ્ધ છે. આ વાર્તાઓનું વસ્તુ જર્મન લોકકથાઓમાંથી ઉપાડવામાં આવ્યું છે. ઈર્વિંગે આ લોકકથાઓને હડસન નદીની આસપાસના પ્રદેશમાં ગોઠવીને બહેલાવી જે આજે હડસન નદીના પ્રદેશની દંતકથાઓ બની ગઈ છે.[૩] ઈર્વિંગના સમકાલીન એડગર એલન પોએ નવલિકા સાહિત્યસ્વરૂપની ચર્ચા કરીને અનેક નવલિકાઓ સર્જી પશ્ચિમમાં ઓગણીસમી સદીમાં દોદે, મોપાસાં, કાફ્કા,રિલ્કે, માને એ આરંભના પ્રયોગો કર્યા બીજા વિશ્વયુદ્ધ પછી ટૂંકી વાર્તાના સ્વરૂપે વેગ પકડ્યો. ફ્રાન્સમાં મોપાસાં, રશિયામાં ચેખોવ, અમેરિકામાં હેન્રી જેમ્સ અને ક્રેન, ઈંગ્લેન્ડમાં

કેથરિન મેન્સરિલ્ડ, એ.ઈકોપાર્ડ, જર્મનીમાં રિલ્કે ટોમ સમાન પરંપરાગત વાર્તાકારો રહ્યા. કાફ્કા, એન્ડર્સન, હેમિંગ્વે, જેમ્સ જોયૂસ, ડી.એચ.લોરેન્સ વગેરેથી ટૂંકી વાર્તાને ચુસ્ત સ્વરૂપ સાંપડવા માંડ્યું. ભારતમાં રવીન્દ્રનાથથી આરંભાયેલા ટૂંકી વાર્તાના સ્વરૂપને ગુજરાતમાં પણ ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં માન-સ્થાન મળે છે. વીસમી સદીમાં ટૂંકી વાર્તા અનેક પ્રવાહો-વિચારો-વલણો-વમળોમાં વહેંચાઈને પોતાનું આગવું સ્થાન કથા સાહિત્યમાં પ્રાપ્ત કરે છે.

ઈર્વિંગ જ્યારે લોકકથાને એક પ્રાદેશિક સ્થળ અર્પે છે. ત્યારે ટૂંકી વાર્તા જન્મે છે. એમાં પો વગેરેને રસ પડે છે. 'સ્થળ' વાર્તામાં અનિવાર્ય બને છે. એટલું જ કળા પક્ષે પણ ચોક્કસ બનતું જાય છે. આગળના પ્રકરણમાં મેં નોંધ્યું છે તેમ 'સ્થળસંદર્ભ' એક મતે સૌએ ટૂંકી વાર્તામાં અનિવાર્ય અને સાભિપ્રાયતા સિદ્ધ કરતો હોવો જોઈએ એવું સ્વિકાર્યું છે. ટૂંકી વાર્તાના સર્જકો પણ ટૂંકી વાર્તાને એ રીતે જ નિરૂપે છે ત્યારે ટૂંકી વાર્તા ચિરંજીવ અને આસ્વાદ્ય કળારૂપે પાંગરે છે. પ્રાચીન કથાસ્વરૂપોમાં પ્રયોજાતાં પ્રકૃતિ અને પ્રકૃતિનાં ઘટકોના તત્ત્વો સંસ્કૃત સાહિત્યમાં આવતાં વિસ્તૃત સ્થળવર્ણનો, મધ્યકાળનાં કથાને બહેલાવવા માટે મૂકાતાં વર્ણનો અર્વાચીન ટૂંકી વાર્તામાં આવતાં પરિવેશરૂપે કેવું કાર્ય નિભાવી કૃતિત્વ સિદ્ધ કરે છે તે જોઈએ.

# પ્રકરણ – ૩ (અ)

## પરંપરાગત ગુજરાતી ટૂંકી વાર્તાવિશ્વમાં પરિવેશ નિરૂપણનું સ્વરૂપ

૧૮૬૦ પછી તદ્દન ભાંખોડિયાભેર ચાલતી સ્વરૂપ અંગેની કોઈ તટસ્થતા વિનાની ટૂંકી વાર્તા ૧૯૨૦ પછી સ્થિર થવા મથે છે ૧૯૫૫-૬૦ સુધીમાં વાર્તા કલાતત્ત્વોમાં સંપૂર્ણ ખીલી ઊઠે છે. આ સોએક વર્ષમાં ધૂમકેતુ પૂર્વેના વાર્તાકારો, ધૂમકેતુ, દ્વિરેફ, ઉમાશંકર જોશી, સુન્દરમ્, ઝવેરચંદ મેઘાણી, પન્નાલાલ પટેલ, ઈશ્વર પેટલીકર, ચુનીલાલ મડિયા, ગુલાબદાસ બ્રોકર, શિવકુમાર જોષી, સ્નેહરશ્મિ, જયંત ખત્રી, જયંતિ દલાલ, બકુલેશ અને કેતન મુનશીની કેટલીક વાર્તાઓમાં પરિવેશનિરૂપણનું સ્વરૂપ કેવું છે તે જોઈએ. સૌ પ્રથમ સ્થળપરિવેશ નોંધીને તેમાંથી નીપજતા સામાજિક પરિવેશની ચર્ચા કરીશ.

ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં અંગ્રેજી શિક્ષણ-સંપર્ક, છાપખાનાંની શરૂઆત, અંગ્રેજી અને સંસ્કૃત ભાષાઓના સાહિત્યના સંપર્કો, અનુવાદો અને વાંચનને પરિણામે શિષ્ટ સાહિત્યિક ગદ્ય અસ્તિત્ત્વમાં આવ્યું. અંગ્રેજી **short story**ના અનુકરણરૂપે ગુજરાતીમાં વાર્તાઓ લખાવા માંડી એ પૂર્વે કાલ્પનિક વસ્તુ-પાત્ર ધરાવતી, બોધક અને મનોરંજક વાર્તાઓનું સર્જન-પ્રકાશન શરૂ થઈ

ગયું. કંઠસ્થ લોકસાહિત્યની પ્રચલિત દંતકથાઓ અને લોકવાર્તાઓ પણ એમાં હતી. ૧૮૬૫થી ૧૯૧૦ સુધીમાં આવી પરંપરાગત પ્રચલિત વાર્તાઓનાં અનેક પુસ્તકો પ્રકાશિત થઈ ગયાં.

ગુજરાતી ભાષામાં ટૂંકી વાર્તાના આરંભે પ્રકાશિત થયેલાં પુસ્તકો આ પ્રમાણે જોવા મળે છે:

- ❖ ઈસપનીતિની કથાઓ (૧૯૨૮) – બાપુ શાસ્ત્રી પંડ્યા
- ❖ ગુજરાતી પંચોપાખ્યાન (૧૮૪૦) – એ. વિગાસ
- ❖ બોધકથા (૧૮૪૮) – ઉદેરામ ઈચ્છારામ
- ❖ ઈસપનીતિની વાતો (૧૮૪૫) – રણછોડદાસ ગિરધરભાઈ
- ❖ ગુજરાતી બાયડીઓનું વર્ણન (૧૮૫૬) – દલપતરામ
- ❖ પ્રાસ્તાવિક કથાસમાજ (૧૮૬૬) – રણછોડભાઈ ઉદયરામ
- ❖ તાર્કિકબોધ (૧૮૭૦) – દલપતરામ
- ❖ ગુજરાત તથા કાઠિયાવાડ દેશની વારતા ભા.૧ (૧૮૭૨); ભા,૨,૩ (૧૮૭૪) – ફરામજી બમનજી
- ❖ રજપૂત વીરરસકથા ભા.૧,૨ (૧૮૭૯) – રુસ્મ ઈરાની
- ❖ ગુજરાતી જૂની વાર્તાઓ (૧૯૯૩) – મણિલાલ છબારામ ભટ્ટ
- ❖ વાર્તાવિનોદ (૧૮૯૩) – જીવરામ અજરામર ગોર
- ❖ ભોમિયાને મળેલી ભૂલથાપ (૧૮૯૬) – રમણભાઈ નીલકંઠ

વાર્તાઓનાં આ પુસ્તકો, સંપાદનોમાં સમાવાયેલી વાર્તાઓ મુખ્યત્વે બોધક, મનોરંજનાત્મક, સામાજિક સમસ્યાપ્રધાન રહી છે. કથા કહેવાની ગતિ વધુ હોવાના પરિણામે પાત્ર સજ્જતા, ઘટનાની ઘેઘૂર અસર, સ્થળકાળની તાદશતા તેમાં ખાસ જોવા મળતી નથી છતાં 'ગુજરાત તથા કાઠિયાવાડ દેશની વારતા'માં રૂઢિપ્રયોગો, કહેવતો, અપહરણ-સંઘર્ષ-કટોકટીમાં લયાત્મક-ચિત્રાત્મક વર્ણનો, ભાવવાહી દુહા અને મર્યાદારૂપ પારસી બોલીની છાંટથી કેટલીક વાર્તાઓમાં વાર્તાના વસ્તુનું વાતાવરણ ઊભું કર્યાની કોશિષ છે. 'ગુજરાતી જૂની વાર્તાઓ'માં 'પૃથુરાજ'નું ઉદાહરણ –

> - મઝધારે દીવા બળતા હતા, મંદ મંદ પવન વહાતો હતો અને વિખૂટા પડેલાં ચક્રવાકનું કલ્પાંત જાળીને માર્ગે ઈચ્છન કુમારીને કાને પડી પતિ સમાગમનો બોધ કરતું હતું. – (પૃ.૫૨, ગુ.જૂ.વા.)૪

અન્ય ઉદાહરણો-

- એક સમે સાંજે હું તથા મારા ત્રણ મિત્રો શાહીબાગ તરફ સાભ્રમતીને કાંઠે ફરવા ગયા હતા (રસિકવાર્તા – દલપતરામ)
- ગુજરી તો પછી પોતાનાં કપડાં ઠીકઠાક કરી માથે મટુકી મૂકી ખભે ત્રાજલી નાખી 'મહી લો રે મહી' કરતી પ્રથમની પેઠે દરબાર તરફ ચાલી. સીપાઈઓ આસપાસ રહી ગયા છે ને ગુજરી લટક-મટક કરતી ચાલે, તે જોવાને રસ્તાનાં લોક ટોલે ટોલાં મલે છે.(ફરામજી બમનજી, વાર્તા-ગુજરી)કાઠિયાવાડ દેસની વારતામાંથી

આ રીતે વાતને બહેલાવતાં વર્ણનો ક્યાંક ક્યાંક ઉત્તમ ગદ્ય બનીને વિકસતા ગદ્યસ્વરૂપમાં વાર્તાદેહ ધારણ કરવા મથે છે. અન્ય વાર્તાઓમાં પણ મુખ્યત્ત્વે ઘરસંસાર, અહેવાલાત્મક વર્ણનો, સ્થૂળકોટિનું હાસ્ય નિપજાવવા સર્જેલાં દશ્યો, દષ્ટાંતો વગેરે જોવા મળે છે. જે માત્ર ઉપરછલ્લાં વર્ણનો આપે છે.

આ પ્રકારનાં વર્ણનોવાળી વાર્તાઓ મળ્યા પછી વાંચન, ચર્ચા-વિચારણા અને અભ્યાસોને પરિણામે ગંભીર પ્રશ્નો ધરાવતી ગદ્યની ઈબારત ઘડતી વાર્તાઓ આવી જેમાં 'બુદ્ધિપ્રકાશ' 'સુન્દરીસુબોધ' 'સાહિત્ય' 'સમાલોચક' 'કેળવણી' 'જ્ઞાનસુધા' 'બુદ્ધિવર્ધક' 'વાર્તાવારિધિ' 'વીસમી સદી' જેવાં સામયિકોનો મહત્ત્વનો ફાળો છે. એ સમયના વાર્તાકારોમાં રણજિતરામ વાવાભાઈ મહેતા, રમણભાઈ નીલકંઠ, અમૃતલાલ પઢિયાર, પંડિત શિવપ્રસાદ, દલપતરામ, ચન્દ્રશંકર પંડ્યા, કનૈયાલાલ મુનશી, લીલાવતી મુનશી, ધનસુખલાલ મહેતા, મલયાનિલ, રામમોહનરાય દેસાઈ, કેશવપ્રસાદ દેસાઈ, જગજીવનદાસ કોઠારી, હરિપ્રસાદ ભટ્ટ, નારદ, બટુભાઈ ઉમરવાડિયા, વર્મા જયકૃષ્ણ નાગરદાસ, ગોકુળદાસ દ્વારકાદાસ, ઈન્દુલાલ યાજ્ઞિક વગેરે અનેક વાર્તાકારો આવ્યા. જેમાં પરિવેશનિરૂપણની નજરે મહત્ત્વની કેટલીક વાર્તાઓનાં ઉદાહરણો જોઈએ.

કંચનલાલ વાસુદેવ મહેતા 'મલયાનિલ'ની 'ગોવાલણી'[૫] વાર્તાનું સ્થળ ગામડું છે. સીમમાં વાર્તાનો અંત છે. ગોવાલણીની ચતુરાઈ દર્શાવતાં સમગ્ર ગામને વાર્તામાં આવરી લીધું છે. માથા ઉપર પિત્તળની ચળકતી તામડી, 'દૂધ લેવું સે દૂ-ધ'નો ટહુકો, દાતણ કરતું લોક, તળાવમાં નહાવું, પીળી કોરવાળો - કાળા પાલવવાળો સાલ્લો, રૂપાની ચીપોવાળાં બલ્લીયાં, અડધો ઘૂમટો તાણેલો, સેંથીમાં કંકુ, વાંસળી, સીમાડે ગીત લલકારવાં, ધૂળ ઉડે, છાપરી, બાખડી ભેંસનું દૂધ, તામડી પર ચીતરેલું નામ 'દલી' સાપરીઓ, બાંધેલાં રોટ, બહાર ઢાળેલો ખાટલો વગેરેથી સ્થળ તાદશ થાય છે. બંને પાત્રોને સ્પષ્ટતા મળતી જાય છે. નાયકના ચિત્તને આલેખતું વર્ણન :

- ફૂલ ઉઘડે તેમ મારું હૃદય ખીલતું હતું. ઝરણ વહે તેમ મારી કલ્પનાસૃષ્ટિ રચાયે જતી હતી. કેતકી ડોલે તેમ જીવ ઘૂમરાઈ ડોલતો હતો તણખલું હાથમાં લઈ એના જમીન પર લીસોટાં કરતી – વાંકુવાળી કમાન બનાવતી, ભાંગીને કકડા કરતી – આમ રમત રમે જતી હતી.

વાર્તામાં પરિવેશ દ્વારા પાત્રોને જીવંતતા બક્ષી છે.

ધનસુખલાલ કૃષ્ણ મહેતાની 'બીજવર'[5] વાર્તા ચિત્તમાં જ ચાલે છે લગ્નના પ્રસંગનો આરંભ, સુહાગરાત્રીનું ભૂતકાળનું દશ્ય અને માહ્યરાનાં દશ્યપલટો ને અંત વાર્તાને રોમાંચક બનાવે છે.

વાજાંવાળા કોલાહલ, વરઘોડો, સ્ત્રીઓના જુદા જુદા સૂરોમાં ગવાતાં ગીત, વાજા-ત્રાંસાનો ઘોંઘાટ, ગતકાલિન સ્મરણોનું સામ્રાજ્ય, ભળ ભળ ચાલ્યો જતો ટાંગો, પૂર્ણિમાની રાત્રી, ચન્દ્રિકાનો પ્રકાશ, ચોમાસાની સાંજ, એકાંત ઝાડીમાં વૃક્ષની છાયા, વીજળીના ચમકારા, ફૂંફાડા મારતો પવન, મદોન્મત્ત હાથીની પેઠે ઊછળતો પવન, કારમી વીજળી, એન્જિનોની કારમી ચીસો, પ્રેમના પ્રતિબિંબ, મહાસાગરના પટ પર ઝોલાં ખાતી નાની કિસ્તી વગેરે દ્વારા ચિત્ત અને વર્તમાન વચ્ચે ઝોલાં ખાતાં નાયકની અસમંજસ અવસ્થા સર્જકે બરાબર પકડી છે. વરઘોડાનું અસ્થાને વર્ણન કરવાનું ટાળવા તેઓ યુક્તિથી વાક્ય મૂકે છે – વરઘોડા કોનાથી અજાણ્યા છે ? તો વાર્તામાંના વર્ણનો પણ મનોસ્થિતિને દર્શાવી આપે છે.

- રાત્રિ હતી, પૂર્ણિમાં હતી, ચન્દ્રિકાનો પ્રકાશ અમારા ગૃહને અજવાળતો સારા જગતને પોતાના પ્રકાશથી સ્નાન કરાવી રહ્યો હતો.
- મદોન્મત્ત હાથીની પેઠે ઊછળતો પવન સ્વચ્છંદે પ્રેમમત્ત થયેલો હોય તેવો પ્રચંડ વરસાદ દિવ્યતાનું ભવ્ય સ્વરૂપે ભાન કરાવતી કારમી વીજળી, ભીષણ સ્વરૂપે અનંતતાનું સ્મરણ કરાવતો વધતો જતો અંધકાર અને આ સર્વની વચમાં વૃક્ષનાં થડ પાસે પવનથી ધ્રુજતાં પાણીથી તરબોળ થતાં વીજળીથી છળતા અમે બે સ્નેહીઓ આથી વધું શું જોઈએ ?

આ રીતે વર્તમાનની રોમાંચક પળોમાંથી ભૂતકાળની રોમાંચક પળોમાં થઈને દુઃખદ અને સુખદ બે અંતને ભેગા કરતી આ વાર્તાની સંરચના પણ વિશિષ્ટ છે.

હરિપ્રસાદ ગૌરીશંકર ભટ્ટ 'મસ્તફકીર'ની વાર્તા 'પરદુઃખભંજન પ્રજા'[6]માં વિદેશી ભૂમિનો પરિવેશ છે. કેટલીક વિશિષ્ટ વિગતો એમાં ગૂંથાયેલી છે.

ટાપુ, કેલિફોર્નિયા, શેંઘાઈ, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રલીયા, ફોરમોસા, કેપ્ટન કુકનો ટાપુ, પાસિફિકના મધ્યબિંદુનો શામુશાટાપુ, યાટ (yatch), ગોળીથી ભરેલી રિવોલ્વરો, હાથમાં નાગી તલવાર, ગાજવીજ સાથે મુશળધાર વરસાદ, શંખ ફૂંકવો, ઢોલ વગાડતાં સામૈયું, રશિયાની આસ્ગાખાન ટોપી, ભરચક લીલોતરી, હરિયાળા ખેતરો, ઘઉં અને રૂનો શામુશા વાસીઓનો નિકાસ, ઢોરઢાંખર, ચામડાનાં જોડા-મોજાં-પટા-પેટી, બીડી, તાંબુ-કોલસા-લોખંડ-સોનું-રૂપું સર્વેની ખાણો, રેલ્વે વગેરેના ઉલ્લેખોથી એક નવી જ સૃષ્ટિ વાર્તામાં સર્જી છે. વાર્તાઓની ઉણપ ધરાવતી આ વાર્તામાં ભોજનનું વર્ણન પણ સરસ કર્યું છે.

- અમારી ભારે અજાયબી વચ્ચે જાપાન અને અમેરિકાની સુંદરવાનીઓ અમારી તરફ ધરવામાં આવી. હાવાનાની સિગાર, ચેશાયરનું પનીર, સ્પેનનું દ્રાક્ષ, નાર્વેના સફરજન, હિમાલયનો આફુસ, ફાંસનો શેમ્પેન, ડેવનનું માખણ, બ્રાઝીલના બુન, આફ્રિકાના કોકો વગેરે...

વાર્તા માત્ર વર્ણનાત્મક સ્તરે આગળ ધપે છે ક્રિયાની ઉણપ વર્તાય છે.

ક.મા.મુનશીની 'મારી કમલા'[૯] વાર્તામાં નિરૂપણભાષામાં પરિવેશની વિશેષતા જણાય છે. ઘડાયેલા ગદ્ય વડે સાંસારિક જીવનની રજૂઆત કરતો ઉતાવળો કથક નિરૂપણમાં પરિવેશનાં તત્ત્વો ગૂંથતો જાય છે.

સૃષ્ટિની નિર્જનતામાં ભટકવું, એકાંત ઘરનું ઘરેણું, સુખની સામગ્રીઓ, હાસ્યવિદ્યુત, પ્રેમયજ્ઞ, ભેદના પડદા, તાનમાં ગુલતાન, મહાન શોકસાગર, સંસારસુખ પર પાણી ફરી વળવું, સિંહણ સમાન ગરજી, નખશિખ ખદબદતા દુર્ગુણો, સ્ફૂરતાં હૃદયઝરણાં, મનના તરંગોનો ઉછાળ, ચોમાસાનું ઘેરાયેલું આકાશ મનને બેચેન બનાવે, પીળાં પડી ગયેલાં નિસ્તેજ નેત્રો, અનીતિના નરકમાં રગદોળાવું, નાળિયેરીનો છાંયડો પણ નશીબમાં નહીં, નાળિયરી તાલ તોડે વગેરે શબ્દપ્રયોગો વાર્તાને શણગારે છે.

મુનશીની 'ફોજદાર સાહેબ'[૯] વાર્તામાં આઝાદી આંદોલનનો પરિવેશ છે. ગાંધીયુગના મધ્યાહ્નનું અમદાવાદ, સાબરમતીતીર, આત્મબળનાં શસ્ત્રો, પીનલકોડના નિયમોનો ભંગ, પૃથ્વી રસાતલ, સાતમે પાતાલ, સ્વાર્થની છાંટ, કાગળો, કપડાં, છટાભરી રીતભાત, રાજકીય ચળવળ, પ્રમાણપત્રો, પગાર, ખિતાબ, કમરપટ્ટો, કાયદાનો ભંગ, ઉત્સાહની ભયંકર જ્વાળાઓ, સૌમ્યછટા, ઊછરતો વકીલ, છ એ છ હાથકડીઓ, થાળી આગળ ફાનસ કે મીણબત્તીનું વાસલીટ, વોરંટ ને હાથકડી, ઢબ્બુ જેવડો ચાંલ્લો, પૈસા જેવડો કાંટો, મૂંછનો વળ, ગામમાં ગપ, ગાંધીઘેલા, એક રાતમાં

ખાટુંમોળું, જન્મદિવસ, દળણાં દળી પેટ ભરવું, શેરડીના કકડાનાં સ્મરણો, શીતળ પવનની લહરી, ગીત ધ્વનિ, અંધારી ગલીઓ, સજીવમૂર્તિ, અગરબત્તીની સુવાસથી વશ, ઘરનું સ્નેહાળ વાતાવરણ, હૈયાંમાં ફાટ, જીવ ઊછળવો, લોહીમાં અનીતિનો ડાઘ, અમદાવાદનાં રમખાણો, પંજાબના જુલમોની તપાસ, વાતાવરણમાં પ્રબળ ઉત્સાહ, જૂની ફાઈલો, વોરંટ વગેરે દ્વારા સ્વાતંત્ર્યની લડતનો પરિવેશ ખડો થાય છે. રાષ્ટ્રીય અને અંગત બેધારામાં વહેતી વાર્તામાં મુનશી પાત્રોની ભાવસ્થિતિને સ્પર્શી શક્યા છે. ગાંધી અને અંગ્રેજ સરકાર બંનેની સ્થિતિનું આ વર્ણન :

- કોઈ વિલાસી પુરુષ સુંદર ઉપવનમાં બેઠો હોય, શીતળ સુગંધભર વાયુની મોજ લેતો હોય, સુંદરીનાં સુકોમળ હાથે સ્પર્શેલા તારોમાંથી નીતરતું સુમધુર સંગીત સાંભળતો હોય અને જ્વાલાભર્યા ફૂંફાડા મારતા, પગ પછાડતા, પાડા પર બેસી વિકરાળયમરાજ વિનાશ પ્રસારતા આવે તેમ શાંત, સુવ્યવસ્થિત અમદાવાદમાં શાંતિ સાચવવા ફોજદાર સાહેબના રાજ્યમાં અસહકારનાં ફૂંફાડા કરતા. ૧૭૮

શિવુભાઈ બાપુભાઈની વાર્તા 'આપણી તો અક્કલ બ્હેર મારી ગઈ'[૧૦] મુંબઈ નગરનો ૧૯૦૦ના વર્ષની આસપાસનો સ્થળપરિવેશ આલેખે છે. વાર્તામાં ગામ અને નજરે જોવાયેલી મુંબઈની સફર છે. વિસ્મયભાવે આલેખાયેલી આ વીગતો જોઈએ તો–

સોપારી કાતરવી, માથે જામનગરી વાંકડી પાઘડી, આગગાડી, મુંબાઈ, ગ્રાન્ટરોડ સ્ટેશન, ઈંજીનનો સુસવાટ, મોટરગાડીના ઘઘડાટ, વિચિત્ર કંટાળા ભરેલા સ્વર, સામાનને અથડાવું કુટાવું, માલમાં ભાંગ-ગાંજો પકડવા સિપાઈના ફાંફાં, રાતાપીળા થઈ જવું, પીળી પાઘડીવાળો સિપાઈ, ગામમાં ભીમઅગ્યારશે જુગટુ રમવાનો મેળો, ખટારા, વિક્ટોરીયા, મોટરગાડીઓનો શુમાર નહીં, વીજળીની ટ્રામગાડીઓ, મ્હોટી ટેલિફોનની ઓફિસ, હારબંધ કાનમાં ભૂંગળીઓ લઈને બેઠેલા કારકુનો, ટેલિફોનનાં બટનો, મેજઉપર જથ્થાબંધ કાગળો, ઘણ ઘણ વાગ્યા કરતી ટેલિફોનની ઘંટડી, ટાઈપ રાઈટરોનો ખટખટાટ, બેંડસ્ટેન્ડ, ટ્રામ મોટરોનો ધમાલ કરતાં ગામનું બળદનું વ્હેલસારું, એપોલો બંદર, સ્ટીમ લોંચ, દરિયામાં લાંગરેલી મ્હોટી સ્ટીમર, જીવ હિલોળે ચડવો, દરિયોને આકાશ ફરે, વૈદ્યરાજનું ચુરણ, બલુન ઉડવાનો તમાશો, હવા માપવાનાં યંત્રો, ટહાડથી ધ્રુજતું શરીર, સીનોમેટોગ્રાફ, પુલના ગરનાળે ધો..ધો..ધો અવાજ, મુંબઈથી વડોદરા ડબલલાઈન, અમદાવાદ વગેરે...

વિગતો દ્વારા સર્જાતો વિસ્મયભાવ, એ સમયનું મુંબઈનગર અને આલેખનની ભાષા આ વાર્તાના પરિવેશની વિશેષતા છે.

કેશવપ્રસાદ છોટાલાલ દેસાઈની 'વસુનાં નવાં શિક્ષક'[૧૧] વાર્તામાં વીસમી સદીના આરંભનો શૈક્ષણિકપરિવેશ નિરૂપાયો છે. 'કન્યાશિક્ષણ'નો પ્રશ્ન ઉઠાવતી આ વાર્તાની ઐતિહાસિક મહત્તા છે. વાર્તામાં આછો પણ મહત્ત્વનો પરિવેશ આવો છે –

હાથમાં ચોપડીયોનું પાકીટ, પારસી છોકરીઓની માફક સફાઈબન્ધ ફરાક, ઈંગ્રેજી ત્રીજું ધોરણ, હિન્દુસ્તાનના શહેરો-પર્વત-નદીયો અને ચીન કે જાપાન વિશે શિક્ષણ, પ્રીન્સીપાલ મીસ સ્ટુઅર્ટ, મોનીટર, પાંચ મિનિટનો ઘંટ, રંગના કુંડાને અડફેટ, વાંચનમાળામાં વિલાયતના મહાનકવિ શેક્સપીયર વિષે પાઠ, હમ્લેટ, કરડાગીના બોલ, ડીપોટી સાહેબ, હાથમાં છત્રી તથા ઓવરકોટ, મીસકામા ગ્રેજ્યુએટ, બપોરની રજાનો ઘંટ, છોકરીઓમાં ખળભળાટ, ગણગણાટ, ગણિત અને નિબંધ, પેરેગ્રાફ, ભૂગોળ, હિન્દુસ્તાનની મુખ્ય નદીઓ ગંગા-જમના-સિંધુ-બ્રહ્મપુત્રા-કૃષ્ણા-કાવેરી-તુંગભદ્રા, હિન્દુસ્તાનના પર્વતો હિમાલય-આરાકાન-અરવલ્લી-પશ્ચિમઘાટ-આબુ, અવાજ થડકવો, ઉપલા વર્ગ માટે ભલામણ વગેરે વિગતો વાર્તાને બાંધે છે. ક્રિયા, સંવાદો વગેરેમાં આ વિગતોથી શિક્ષણજગત રચાયું છે.

હરિપ્રસાદ કીરપારામ ઠાકોરની વાર્તા 'ગ્રામોફોનમાં વિલ'[૧૨] કૌટુંબિક પરિવેશમાં રચાય છે. નવીનયંત્ર અંગેનું પારિવારિક વિસ્મય વાર્તાને ઘડે છે.

જીર્ણ શરીર, દ્રવ્યસંગ્રહ, પૈસારૂપી જંજાળની ધૂંસરી, પૈસો કમાવા અથડાવું, મુંબઈમાં રહી આવવું, ગ્રામોફોનથી સગાંવહાલાંમાં વહાલ, તકતીઓની ભેટ, મંદવાડ, દુનિયાને છેલ્લા પ્રણામ, વિધિસર અગ્નિદાહ, વકીલે પરબિડીયું, વિલની શરતો, હિસ્સો, દયાશંકરનો ઘાંટો, સ્નેહના બદલામાં ક્ષુદ્ર પૈસો એટલે કોયલો, પાંજરાપોળને દાન, ઘર ગાંડાની ઈસ્પિતાલ થઈ ગઈ, કાકાને ગાળો વગેરે વડે સર્જાતા ભાવો વાર્તાની ગતિને ઓપ આપે છે. વસ્તુનું નિરૂપણ હળવાશથી થયું છે.

હસમનરાય હરિલાલ ધ્રુવની વાર્તા 'કઠિયારો'[૧૩]માં સીમ-વગડાનું સ્થળ છે પરંતુ ચમકૃતિપૂર્ણ રીતે સર્જાતી કપોલકલ્પિત સૃષ્ટિ તેમાં મહત્ત્વની છે. વાર્તા બોધકથાની રીતિમાં લખાઈને રંજનપ્રધાન અંત લાવે છે.

ઘરડો કઠિયારો, ગાલ ઉપર વરસોથી મોટી ગાંઠ, લાકડાં કાપવા જંગલમાં, આકાશ ભેદી વૃષ્ટિ, વંટોળિયો, પુરાતન મોટું ઝાડ, વરસાદ, લોકટોળું, કોતરનું પોલાણ, ધોળાં-ભૂરાં-પીળાં-વંત્યાંક જેવા કાળા જાંબુડિયા રંગનાં કપડાં, અગ્નિકુંડ, વરસાદમાં પણ આગ, જંગલમાં દિવસ જેવું અજવાળું, દારૂ, નાચવાની ધમાચકડી, પાઘડી-કુહાડી, પગ કાપી લેવાની ચર્ચા, જંતરમંતર વડે ગાલ પરનો

માંસનો લોચો કાઢી લેવો, આનંદની ચિચિયારી વગેરે વડે સર્જાતી સૃષ્ટિ વિશિષ્ટ છે ચમકૃતિના વર્ણનનું એક ઉદાહરણઃ

- કોઈને ફક્ત એક જ આંખ, કોઈને હાથ હોય તો પગ નહિ, કોઈને ફક્ત એકલું માથું જ, ધડ જ ન મળે ! કોઈને સમૂળગું મોં જ નહિ ! તેમાંય કોઈએ ધોળાં તો કોઈએ ભૂરાં, કોઈએ પીળાં તો કોઈએ વંત્યાંક જેવા કાળા જાંબુડિયા રંગનાં, કોઈએ લાલ તો કોઈએ તદ્દન કાળાં એમ રંગબેરંગી જાતજાતનાં કપડાં પહેર્યાં હતાં.

અંબાલાલ સાકરલાલ દેસાઈની 'શાંતિદાસ'[૧૪] સ્વદેશી વસ્તુઓ વાપરવા માટેનો વિષય ધરાવતી વાર્તા છે જેમાં ગામ, ચમ ચમ વિલાયતી બુટ, ગામ આગેવાનો, ચોરો, મંદિર વગેરેનો પરિવેશ છે એવા જ કથાવસ્તુવાળી વાર્તા 'દેશદ્રોહી'[૧૫] સૌ.પ્રેમિલા આપે છે. પત્ર, આઘાતપ્રત્યાઘાત, સુરતનો સ્થળપરિવેશ અને લગ્નજીવનના ઉતાર-ચડાવનું કારણ વિલાયતી સિગારેટ છે. વાર્તાની વિગતો જુઓઃ

સુરત શહેર, તાપીના કિનારે સુંદર બંગલો, દરવાજા પાસે પોસ્ટમેન, પુષ્કળ પૈસો, કાયસ્થજ્ઞાતિ, એકબીજાને કાગળ લખવો, વાંચવું, ભરવું, ગૂંથવું, પથારી, નવાંનવાં ભરતકામ, રેશમના તકતા, તકીયા, સુતરના રૂમાલો, ઝીંકની કોરો, ટોપીઓ, બૂટ, તોરણો, મ્હોરા મંદિર પાસેની દુકાનો, ક્લબ-મિત્રમંડળ-નાટક, ડુમસ, મ્હોં ઉપર રતાશ, વિલાયતી સિગરેટ, વકીલાત વગેરેથી વિદેશી વસ્તુ વાપરવાના કારણે અનુભવેલા પાપના ભાવો વાર્તામાં સારી ચોટ જન્માવે છે.

કલ્યાણરાય જોષીની વાર્તા 'સ્વર્ગસ્થ પત્નીનો પત્ર'[૧૬] પત્રશૈલીમાં આખી વાર્તા ચાલે છે. સાહિત્ય વડે જીવનનો આનંદ મેળવવાની તરફેણ કરતી અને પુરુષને વખાણતી. આ વાર્તામાં કેટલાંક મહત્ત્વનાં સાહિત્યિક - નિબંધશૈલીનાં વર્ણનો મૂકાયેલાં છે. જે મહત્ત્વનાં છે.

- અમારે ઘરેણાં લુગડાંનો કૃત્રિમ શૃંગાર પહેરવો પડે છે; તમને તો કુદરત તરફથી જ વિશેષ પ્રકારનું સૌંદર્ય તમારા અંગોને મળેલું છે.
- તમારો ઘેરો ગંભીર નાદ કેવો કર્ણપ્રિય લાગે છે.
- યુરોપના હાથી 'મેમથ'ના દાંતની પેઠે હાલના હાથીના દાંત લાંબા થઈ વાંકા વળી ફરી અણિદાર છેડાથી હાથીના મુખ તરફ આવી ગોળ વક્ર જેવા બને ખરા. કેવો સુંદર દેખાવ !

- સિંહ વર્ગમાં નરને સુંદર કેશરી રંગની જટા હોય છે. જેને લીધે સિંહની ભવ્યતામાં વધારો થાય છે. એક ત્રાડ આખા બગીચાને ધ્રુજાવતી હતી.
- મયૂરની પાંખોનો કલાપ કેટલો બધો મનોરમ હોય છે. વિવિધ રંગોની મેળવણી એમનાં પીંછામાં એવી સરસ રીતે થઈ હોય છે કે એક જ પીંછું રાજાઓના મુગટને પણ લજાવે છે.

સર્જકે વાર્તામાં વિવિધ પ્રકારનાં પ્રાણીઓ પક્ષીઓમાં નરની વિશેષતા નારી કરતાં વધારે ગણાવીને કુરૂપ ને પણ રૂપ હોવાના વિષયવસ્તુને સમર્થન આપ્યું છે. વર્ણનોમાં વાસ્તવિકતા અને અતિરેક બંને જમાઉધાર પાસાં મળે છે.

આ રીતે અર્વાચીન ગુજરાતી ટૂંકી વાર્તાના આરંભની, ઉદયની, વીસમી સદીની શરૂઆતની વાર્તાઓમાં પણ પરિવેશ વિનિયોગ થયો છે. ક્યાંક અતિરેકભર્યો, અસ્થાને, વસ્તુને મળાવવા, પાત્રને ઓપ આપવા વર્ણનશક્તિઓ વેડફાઈ છે પરંતુ ઘડાતી જતી વાર્તામાં સંયમિતતાના પણ અંશો મળે છે એ મહત્ત્વનું બને છે. પરિવેશનિરૂપણમાં વિશેષતાઓ અને વિવિધતાઓ પણ આ વાર્તાઓના પરિવેશના ઉદાહરણોમાં જોઈ શકાશે. વિવિધ પ્રયુક્તિઓમાં ખર્ચાતો પરિવેશ અહીં કારગત નીવડ્યો છે.

**ધૂમકેતુ**એ ૨૪ જેટલા વાર્તાસંગ્રહો આપ્યા છે જેમાં ૪૭૮ જેટલી ટૂંકી વાર્તાઓ સમાવિષ્ટ છે. તણખામંડળ ૧થી૪, વનછાયા, વનરેખા, પ્રદીપ, મલ્લિકા, આકાશદીપ, પરિશેષ, અનામિકા, પ્રતિબિંબ, જલદીપ, ચન્દ્રરેખા, વનકુંજ, વનવેણું, વસંતકુંજ, અવશેષ, નિકુંજ, સાંધ્યરંગ, સાંધ્યતેજ, મંગલદિપ ઉપરાંત ટૂંકી ટૂંકી વાર્તાઓ, રૂપાંતરીત વાર્તાઓ અને પ્રસંગ કથાઓમાં આ વાર્તાઓ ગ્રંથસ્થ થઈ છે. એમની પ્રથમ વાર્તા 'પોસ્ટઓફિસ' ૧૯૨૩માં અને અંતિમ 'છેલ્લો ઝબકારો' ૧૯૬૪માં પ્રસિદ્ધ થઈ. આ રીતે જોતાં ચારેક દાયકાના સમયગાળામાં ટૂંકી વાર્તા ક્ષેત્રે તેમણે વિવિધ વિષયો અને વિષયોને અનુરૂપ રચનાપ્રયોગો પણ કર્યા છે.

ધૂમકેતુની આ તમામ વાર્તાઓનો સમગ્ર પરિવેશ જોતાં પાત્રોના સંવેદનને પોષતો પરિવેશ, પારિવારિક સંબંધોનું આલેખન કરતો સ્થળપરિવેશ, ઐતિહાસિક-પૌરાણિક-આરણ્યક જેવો વિશિષ્ટ પરિવેશ, ગ્રામજીવનનું આલેખન કરતાં સર્જાતો ગ્રામપરિવેશ કે નગરના કોઈ વિશિષ્ટ સ્થળપરિવેશમાં જીવાતા જીવનને ધ્યાનપાત્ર ગણી શકાય. આ તમામ પ્રકારના પરિવેશમાં મૂકાયેલાં પાત્રો, ઘટના, સંવેદનો, રચનાબંધ વગેરે ટૂંકી વાર્તાના આરંભના આ સર્જક ટૂંકી વાર્તા ને કઈ રીતે સર્જે છે તે કેટલાંક ઉદાહરણોથી જોઈએ.

'પોસ્ટઓફિસ' 'ભૈયાદાદા' 'જુમોભિસ્તી' 'ભીખુ' 'એક ટૂંકી મુસાફરી' 'હણમાનની દેરી' 'પાનવહુ' વાર્તાઓમાં પાત્રના સંવેદનને પોષતો પરિવેશ મહત્ત્વનો છે. તેની વિગતો જોઈએ:

પાછલી રાત્રિનું ભૂરું આકાશ, ઠંડા પવનના સુસવાટા, ઘંટીનો મધુર લાગ તો અવાજ, સ્ત્રીઓના ઝીણા સ્વર, કાતિલ હથિયાર જેવી શિયાળાની ઠંડી, જૂની ડાંગનો ટેકો, છેલ્લામાં છેલ્લી ઢબનું રોનકદાર મકાન, બંધબારી, પોસ્ટઓફિસ, વ્યવહારિક 'ગુસપુસ', શ્રદ્ધા અને સ્નેહની ઉષ્મા, ધૂળની સાથે ધૂળ જેવા બની જતા કાબરચીતરા તેતર, સ્થિર દષ્ટિથી ભરચક લીલાં ખેતરો જોઈ રહેવાં, મરિયમનો કાગળ, સાફો, ચમચમાટી કરે તેવા બૂટ, પોસ્ટ ઓફિસમાં ગાંડાનું પુરાણ, જૂની પતરાની દાબડીમાં પાંચ ગીની, છેલ્લા આંસુની ધાર ગાલ પર તાજી, કોલસાની સગડીનો મધુરતાપ, કબર પર કાગળ, રંગપુરનું નાનું સ્ટેશન, રૂપાની હાથાવાળી લાકડી, જૂનો જાળવી રાખેલો રેશમી દુપટ્ટો, ચંપલ, નિયમિત મુસાફરી, ભૈયાની બકરી, જિગર ચિરાઈ જવું, થોરની વાડ, બાવળનું ઝાડ, બોરડીનો છોડ, લાપસી ભરડાવવી, મનમાં ભાંજગડ, ટપ્પો, ઝૂંપડુંને ઝાડવાં એ જ છોકરાં, જમીન સાથે બાળકની જેમ રમવું, શરીરે ઘસીને રમતાં બિલાડીનાં બચ્ચાં, હોલા-ચકલીઓ-કોયલનો વાડીમાં વાસ, ખખડધજ આમલી, ગટરની દુર્ગંધ, ફાટેલ તૂટેલ સાદડી, તૂટેલાં ઝૂંપડાંમાં સામાન, વેણૂની ધીમી વાગતી ઘંટડી, ગઝલ-ગીત લલકારવા, નદીના કાંઠા સુધી ફરવું, આછું અંધારું ને આછો ઉજાસ, નેતરની સોટી, સિગ્નલનો થાંભલો, ધગધગતા લોહીના પ્રવાહમાં ભીંજાયેલું કેડિયું, ઊંચે ચડેલા મિલના ધુમાડા, માણસોના ઠઠારાથી ભરચક બજાર, કલદાર રાણીછાપ રૂપિયા, લોકોની ઠઠ, પીળી ચકચકિત જલેબીનાં ગૂંચળાં, વીજળીનો પ્રકાશ ધૂળની ડમરીમાં ઢંકાતો, ફાટેલતૂટેલ ગોદડી, ટાઢની ચમકારી, ધોબીનો ધોયેલ કોટ, દાળિયા, વરસાદનાં ઝાપટાં, બેટ, ચૌદમાઈલ ઉપર સ્ટેશન, સાંઢ પર કાઠું, 'હ' ને 'સ' નો ક્યારેક 'ચ' ને 'છ'નો વિચિત્ર રમૂજી મેળ, ગોઠણપૂર પાણી, અબનૂસના લાકડા જેવો કાળો ચળકતો વાંસો, 'સાંઢ મારો હાથ વરતે', ધોતિયું ફાટવું, સાંઢનો પગ લસરે, ઘાઘરાને ભરત, નાડી ગૂંથવી, ઝાડ આવે ત્યારે એ દિ સાંભરે, હિમાલય જવાનું-સમુદ્રમાં પડવાનું મન, ખાડાખોદી કટાઈ ગયેલા લોઢાના કટકા મણિ મળ્યા હોય એમ એકત્ર કરવા, ઢંગધડા વિનાના પથરાના હનુમાન, કૂંચીઓનો ઝૂમખો, ચાર ગાઉ છેટી હાઈસ્કુલ, શેરાપૂરી ઉડાવવાં, ગાડું, મીઠી ચાંદનીમાં રેંટિયાનો સ્વર, કંસારનું જમણ, હણમાનદાદાને સોને મઢાવજો, દેરી બંધાવજો, ભરચક ખેતી, સોનાની કંઠી, ભતવાટીનો સ્વાંગ સજી લીલાંછમ ખેતરોમાં જવું, લીલીચારનો ભારો, રોટલાનું ચૂરમું, માથોડા પૂર મોલ, કોસ હાંકવો, ખુલ્લા શૃંગારે ઉશ્કેરેલું જોબન, નિત્યનું સહવાસી એક કૂતરું, કોસનું વરત, ઢોર, ઘાસ, ખાણ, ભાત, નીરણવાળુ, જાર-બાજરી-ઘઉં-કપાસ તળનાં

ખળાં, ખેડ, વાડીએ પડી રહેવું, સુર ભવનનું કાગળપંખી, ઝૂંપડી જેવું મકાન, ઉકરડામાં સડતાં રત્નો, છેલ્લા કાગળિયાનો ઘા વગેરે વિગતો પાત્રની ક્રિયાઓ સાથે ભળીને ભાવપ્રદેશને ગહન બનાવે છે. આ વાર્તાઓનાં વર્ણનો પણ મહત્ત્વનાં છે.

- ઠંડા પવનના સૂસવાટાથી પોતાના જૂના ફાટેલા ઝભ્ભાને શરીરે વધારેને વધારે લપેટી લેતાં એક વૃદ્ધ ડોસો શહેરના મધ્યભાગમાં થઈને જતો, સ્વાધિન અવસ્થા ભોગવતાં કેટલાંક ઘરોમાંથી આ વખતે ઘંટીનો મધુર લાગતો અવાજ સ્ત્રીઓના ઝીણા સ્વર સાથે આવતો
- પોસ્ટ ઓફિસ -કદાચ જગતમાં સૌથી રસહીન મકાન – એનું ધર્મક્ષેત્ર તીર્થસ્થાન બન્યું. એક જ જગ્યાએને એક જ ખૂણે તે હંમેશાં બેસતો.
- ભૈયાએ પોતાની ઓરડીની પાછળ વાડા જેવું કરી એમાં ગલગોટા, કરેણ, કેળને પપૈયાં વાવ્યાં હતાં. એક કારેલીનો ને એક વાલોળનો એમ બે માંડવા પણ બનાવ્યા હતા. ઓરડીના બારણા પાસે થોડાક મરચીના રોપ, અજમો, કોથમીરને તુલસીના ક્યારા હતા અને આગળના ભાગમાં બે-ચાર નાનાં નાનાં ઝાડવાં પર ફૂલવેલીની જુદી જુદી જાત ચડાવી માંડવા જેવું કરી દીધું હતું.
- ઝૂંપડામાં અડગ ને અક્કડ વૃદ્ધ ભૈયાદાદા ઓઢીને નિરાંતે ઊંઘતા હતા. એના શરીરને ઘસીને બિલાડીનાં બચ્ચાં ખેલી રહ્યાં હતાં ને બકરીનાં બચ્ચાં છેક એની પથારી પાસે બેસી કરુણ સ્વરથી બેં બેં કરતાં હતાં.
- સૌથી દૂર ખૂણામાં નાનો દસ-બાર વર્ષનો એક છોકરો અત્યંત તૃષાથી અનિમેષ દૃષ્ટિએ મીઠાઈના થાળ તરફ - ખાસ કરીને સૌથી આગળ પડેલાં પીળી જલેબીનાં ચકચકિત ગૂંચળાંઓ જોઈ રહ્યો હતો.
- બહાર ઘોર અંધારું હતું. માત્ર થોડાંક પાન ધીમેથી ખખડતાં હતાં, પણ આકાશ ઘેરાયેલું હતું. પવન બંધ જેવો હતો ને વરસાદનાં ટીંપા પડું પડું થઈ રહ્યાં હતાં.

આ રીતે પૂત્રીના પત્રની રાહ જોતો 'અલીડોસો', કુદરતી સૃષ્ટિમાં રમમાણ 'ભૈયાદાદા', તળનગરનો 'ભીખુ', જીવનના ઝંઝાવાતો ગ્રામપરિવેશમાં આથડતી 'પાનીવહુ' જેવાં પાત્રો પરિવેશમાં ભળી ગયા છે.

ધૂમકેતુએ ઐતિહાસિક, પૌરાણિક અને કાલ્પનિક સૃષ્ટિનો વિનિયોગ પોતાની વાર્તાઓમાં વિશિષ્ટ રીતે કર્યો છે. આ પ્રકારની વાર્તાઓમાં કલ્પનાતત્ત્વ વિશેષ હોવા છતાં વાર્તાઓમાં

નિરૂપાયેલ પરિવેશ એક સઘન અનુભૂતિ આપે છે. 'જીવનનું પ્રભાત' 'સ્વતંત્રતાની દેવી' 'આત્માનાં આંસુ' 'પૃથ્વી અને સ્વર્ગ' 'સોનેરી પંખી' આ પ્રકારની વાર્તાઓ છે. આ વાર્તાઓમાં પરિવેશની ઘેઘૂર અનુભૂતિ વાર્તાકથકના નિયામક તત્ત્વ દ્વારા બંધાઈ છે. એની વિગતોમાં પણ વિશિષ્ટતા છે.

વૈશાલીનો સાંથાગાર (નગરમંદિર-ટાઉનહોલ), આરસનાં પગથિયાં, હાથમાં ભાલાધારી જુવાનો, સભામાં ગેરવ્યવસ્થા, બજારમાંથી આવતો રથ, મહાનમન, ઘોડેસવારો, સુંવાળા લીસા ને ચમકતા વાળવાળા કૂતરાઓ, કાંકરી ફેંકે તોય સંભળાય એવી શાંતિ, આમ્રપાલીને રહેવા માટે પુષ્પવિહાર, યુદ્ધોદ્યાન, રત્નખચિત ઝરુખાઓ, વેગમાં દોડતાં રથો, નીલપદ્મ સરોવર, ધનુષ્યના ટંકાર, ગંડકીના સંગમ પર કિલ્લો, તક્ષશીલા, હીરાનાં કુંડલ, રત્નજડિત નુપૂર, અનુપમ હિંડોલ, મીઠી પીળી કિનખાબની ગાદી, દીવાઓનો મંદપ્રકાશ, સુવર્ણ કળશ, આર્તસ્વરથી ગાજતું જંગલ, ગૌતમબુદ્ધનો પ્રભાવ, ગંગાકિનારો, વિવિધ પ્રકારનાં પંખીઓ, હિમાદ્રીનાં શિખરો, તક્ષશિલાનાં જંગલો, નંદગિરિ પાસેનો સુંદર પ્રદેશ, કાશી, અવંતી, ગગનચુંબી હિમાલયનાં શિખરો, ચાંદનીમાં કેસૂડાં નિચોવી નિચોવીને નવરાવેલાં શિખરો, અખૂટ આકાશ, ચોગમ ધરતીમાં ધોવાયેલાં ડુંગરો, બરફમાં પ્રકાશ, મોજમાણતાં પતંગિયાં, ચંદનનો ધૂપ ને સુગંધી તેલનો સ્પર્શ, સુગંધી અત્તરો-ચંદનની ખુશ્બો, દાસીઓ દ્વારા સુગંધી જળનાં ફૂવારા, સતલજનાં ઉતાવળા વેગભર્યા પાણી, લીલોતરી ચરતાં નીરંકુશ હરણાં, ડુંગરાઓ પર ઘૂમતો મેઘ, સાદી ઝૂંપડીમાં વેદ અને ઉપનિષદનું તત્ત્વજ્ઞાન છાનું છાનું ફેલાતું, ખેતરોમાં ઝરણાં, ગાવા માટે ખુલ્લું આકાશ અખૂટ ધરતી, માથા પર ઓઢેલી ફૂલોની ચાદર, વૃક્ષને વળગેલી વેલીઓ, અર્ધખીલ્યું કમળ સંપુટ, ઈન્દ્રનીલમણિએ રંગાયેલો રસપ્રદેશ, વનના મોરલા પાસે ફરતી અઢળક ઢેલો, નિલાકાશ જેવા ઘેરા શ્યામ મોહક રંગનો પથ્થર, પ્રભાતને નીરખતાં ખુલતાં ફૂલગુલાબી રંગનાં કમળો, સારસ બેલડી, આછા અંધકારનો પછેડો પૃથ્વીને લપેટાતો, નિઃશબ્દસૃષ્ટિ, પ્રલયકાળનાં છૂટેલાં વાદળો, નિલામ્બર જેવા ઘેરા વાદળાની રૂપેરી કોર, સૂર્ય, ચન્દ્ર, તારા, પાણી, આકાશ, ફૂલછોડ, ટાપુ પર વાવટો, આથમતો સૂર્ય, રાત્રિની નિઃસ્તબ્ધતા, દિલ્હીનું સૈન્ય, શુદ્ધગંગાજળથી ન્હાયેલા કચ્છીઘોડા, રણશિંગાં, લોહી પી પીને તીખી બનતી તલવારો, લશ્કર, કડેડાટ કરતું હચમચેલું ઝાડ, ધગધગ વહેતું લોહી, લોહીવાળી ઉઘાડી તલવાર વગેરેથી બંધાતો પરિવેશ વાર્તાઓમાં એક અલગ છાપ ઉપસાવે છે. પ્રકૃતિનાં તત્ત્વોના સંમિલનથી રોમાંચક વાતાવરણ સર્જાય છે. વાતાવરણની ગહનતા સિદ્ધ કરતાં કેટલાંક ઉદાહરણોઃ

- ઘનશ્યામ વાદળાઓ હિમાલયને ઘેરીને ઊભાં હતાં. જ્યાં જુઓ ત્યાં અદ્દભૂત મિલાવટ જામી હતી.

એ વખતે સતલજ પાસેના એક સૌથી ઊંચા ડુંગરા ઉપર આરણ્યક અને સુકેશી બેઠાં હતાં.

- નીલપદ્મ સરોવરને કિનારે અર્ધવર્તુળાકારમાં વૈશાલીનું વિલાસભવન 'પુષ્પવિહાર' આવ્યું હતું. નીચે પાણીમાં સંગેમરમરના છત્રોના પડછાયા હાલતા હતા. જ્યાં ત્યાં મધુર કંઠની રમઝટ જામતી હતી, ને દીપાવલીઓથી શોભતી અનેક જલનૌકાઓ સરોવરમાં વિહાર કરવા માટે સજ્જ થતી હતી.
- નંદગિરિ પર જ્યારે સૂરજનાં લાખલાખ કિરણો ઢળતાં, ત્યારે તે અનિમિષ નયને એ સૌંદર્ય પીધા જ કરતો. શુદ્ધ સોનાના રસનો પ્રવાહ જાણે બરફના ઢગલા પર ઢોળાઈ રહ્યો હોય ને ગગનચુંબી હિમાલયનાં શિખરોનાં શિખરો પૂર્વથી પશ્ચિમ સુધીએ એ રસથી સિંચાઈ રહ્યાં હોય !
- વદ બીજ ત્રીજનો ચન્દ્ર આમલીનાં બિડાયેલાં પાનમાંથી છાયા અને તેજની ગૂંથણી કરવા લાગ્યો; છેટેથી એક મોરલો ગળક્યો, પાસે શિયાળ બોલ્યું અને દૂર ખેતરમાં ભડકો થઈ ઠરી ગયો.

આ વર્ણનો દ્વારા આમ્રપાલીના વૈભોગને સમગ્ર નગરને, સુકેશીના પ્રણયને રાજ્યોના સમગ્ર યુદ્ધ સમેતના વાતાવરણને વ્યક્ત કરે છે. પ્રાકૃતિક સૃષ્ટિમાં જ લહેરાતા આનંદમાં શોધની પરિસીમા સિદ્ધ કરતી આ વિશિષ્ટ વાર્તાઓ છે.

'હૃદયપલટો' અને 'સરયુ નદીને કિનારે' વાર્તાના ઉદાહરણોથી ધૂમકેતુ પરિવારનું વાતાવરણ પણ સરસ રીતે સર્જી શકે છે. પારિવારિક સ્નેહ સર્જતી આ વીગતો:

હિમાલયના અરણ્ય વચ્ચે ડુંગરાઓમાં આવેલું જામલીગામ, ઝેરીલી નાગણ જેવી રેલવે લાઈન, અખંડ વહન કરતા રમણીય ઝરાઓ, કેલુ અને બરાસનાં રાતાં ફૂલો, કેંથ-ચોળોને કન્નારમાં વૃક્ષો, ગગનસ્પર્શી દેવદાર-વૃક્ષોથી ભરાયેલી ખીણ, ધરતીને ચુંબન કરતી ડાળીઓ, ડુંગરે ડુંગરે ગવાતાં પહાડીગીતો એના પડઘા, પગદંડીઓ પર રેલાતા બંસીના ઘેરાસૂરો, જાબલીના ડુંગરો પર વાદળો, ધીમો વરસાદ, ઘાસના ભારા સાથે ઝપાટાબંધ જતી સ્ત્રીઓ, પાછી વળેલી ગાયો, ડુંગરાઓ પર આંખ ફેરવતી કુંતી, ડુંગરા પરથી ઊંચે ચડતા વાદળો, છાપરાં પર ઉગેલું ઘાસ, વાદળોના ગોટેગોટા, સાદી સુરવાલ કોટનો સાફો, તૂટેલ જર્જરીત ઝૂંપડું, સિગારેટના ધૂમાડાના ગોટા વાદળોમાં ભળવા, કેલુ અને બરાસનાં રાતાં ફૂલો, ખેતરને કાંઠે વહેતા ઝરા, ખેતરમાં ડાંગરને ઘઉંના મોલ, ઘર પર પતરાંને બદલે ઘાસ એના પર વાવેલા ફૂલ છોડ, ભીંતે દોરેલાં ગેરુનાં ચિત્રો, મચ્છીનું શાક, ઝરેથી પાણી લાવવું, રોટલા, ડુંગરાની બે હજાર ફૂટની ઊંચી પગદંડીઓ, સિગારેટ ફૂંકતી સ્ત્રીઓ, પલંગ,

ભીંત પર છબીઓ, કોલસાની સગડીનો ધીમો તાપ, વેશ્યાઓની બેફિકરાઈ, આશિકોનાં ગીતો, જબરા કડાકા સાથે વરસાદનું તૂટી પડવું, ઠેસથી ઝુલતો ઝુલો, સાદડી પર બેઠેલું બાળક, પેન્સિલથી લખવું, ટપ્પાવાળાના હૈયો ઓ હૈયો અવાજ, સામસામે ઓટલા પર સ્ત્રીઓની વાતો, કૂતરાના ભસવામાં ભળી જતા અવાજો, સંવાદમાં ડૂબતું ઘર, ઘઉંનો લોટ, બારણું ખખડવું, હાફકોટ, ઢંગધડા વિનાનું વિચિત્ર પાટલુન, રેશમની ચોળી, પથારી, પાણીના સાગર જેવી ગતિ, કાંઠાનું વન, નદીમાં આગબોટ, ગેલ કરતાં કૂતરાં, સરી જતો પાણીનો રેલો વગેરે વીગતો વડે પરિવારનો માહોલ સર્જાય છે. બાળકનું વિસ્મય જગત અને કુંતીની જીવનભંગુરતા વ્યક્ત થતાં જાય છે. બે વર્ણન ઉદાહરણોઃ

- સીમ ઘર તરફ ચાલી રહી હતી.
- બંસીવાળા બંસી હાથમાં રાખી લઈ સાવચેતીથી પણ ઝડપથી પગદંડી ઊતરતા હતા.

સમગ્ર સ્થળપરિવેશ અહીં ક્રિયાઓ અને ભાવો તરફ ગતિ કરે છે. ધૂમકેતુ એ ગ્રામપરિવેશની અસંખ્ય વાર્તાઓ લખી છે. 'માછીમારનું ગીત'માં સાગરકાંઠાનું ગામ છે, 'ગોપાલ'માં દુકાળ ભીડ્યું ગામ છે જેમાં વતન-પ્રેમ જ જાણે વાર્તાનું લક્ષ્ય છે એવી જ વાર્તા છે 'ગોવિંદનું ખેતર' 'રજપૂતાણી'માં વગડાના આછા પરિવેશમાં કલ્પનાની પ્રેતસૃષ્ટિ છે, 'મારાં- ઘર' વાર્તામાં યાદમાં ગામપરિવેશ અને તે તરફનું ખેંચાણ છે, 'મીરાંણી' દરબારી ગામડામાં રહેતી ગાયિકા, 'રતનોઢોલી' ગ્રામપરિવેશમાં રચાયેલી પ્રણયદામ્પત્યની વાર્તા છે આમ ગામડાને સ્પર્શતા અનેક વિષયોને એના અનુરૂપ પરિવેશમાં સર્જક મૂકી આપે છે. પરિવેશને રચતી વિગતોમાં જોઈએ તો એવી અનુભૂતિ થશે.

ભૂરા વ્યોમ જેવો દરિયો, જલસુંદરીઓ, સોનેરી-રૂપેરી છીપો, માછલીઓ, ભરદરિયે નીલાં કાળાં પાણી, રતિની નશાભરેલી આંખ જેવું સુંદર મોતી, દરિયો જાણે રમવાનું મેદાન, જમીન કરતાં દરિયો વહાલો, સ્વચ્છ ખીલેલી ચાંદની, ભૂરું આકાશ, અનેક તારાઓથી ભરેલું વસ્ત્ર, ઘાટા જાંબુડીયા રંગની આકાશી સાડી, દરિયાના શાંત તરંગો પર ધીમે ચાલતું હોડકું, કાંઠા કરતાં દરિયા પર વધુ ભરોસો, રળિયામણી રાત, ઠંડો પવન, લાખ્ખો તારાથી શણગારાયેલી રજનીરાણી, અદ્દભૂત હલકવાળું ગીત, વીંધી નાખે તેવા હજારો શબ્દો, જાગેલા રાગની જ્વાળાઓના ફૂંફાડા, દારૂ-તાડી, શરદપૂનમની રઢિયાળી રાત, મુકુટમણિ જેવો પુરુષ પ્રવર, દોસ્ત દરિયાના તરંગો, ટેકરીની તળેટીમાં ઝૂંપડું, ઝાલરીયા ડુંગરાની પાછળ વહેતી મોટી નદી, ઢોલ-દાંડી, બુંગિયા, ફળીમાં બળતો ઝાંખો દીવો, ડાંડીની ભાષા, સુંદરીનો નાચ, ઝાંઝર, ઝીંડવો, ધોળિયું, બળદાણા, શરદઋતુનાં ધોળાં રૂપેરી વાદળાં, ગોફણિયા ઘા, ભજનિકોની મંડળી, લોહીધારા, પાકીટ-કોથળીમાં

ગડાકુ, છાશની નાળું, ધાબળાભેર ઉઘાડે મેદાને, શીમનો હિલોળા દેતો પવન, દુહા, બગલાની પાંખ જેવું ધોતિયું, આકાશમાંથી ટીંપુંય ન વરસવું, લીલોતરીનું નામોનિશાન નઈં, નદીપટમાં વેકુરિયા કાંકરા ખખડે, દૂર દૂરનાં ઠૂંઠાં ઉપર ગરજોના ટોળેટોળાં, ઢોરનું હાડપિંજર, અંધારપછેડા ઓઢેલા સ્મશાનના ભૂત જેવા બોડા ડુંગર, ભૂંતીલા થોરની સુકાઈને ઠઠ્ઠ બની ગયેલી વાડની છાયા, હાડપિંજરી ગાયો, લોહી થીજી જવું, મકાનની હરાજી, ઠકરાતનો દરબાર, ધિક્કારનું ઝેર, સારંગી બજાવવી ગાવું, અઠે દ્વારકા, ઊંટડીનું દૂધ ભેંસના દૂધમાં ભેળવી વેચવું, ભાદરવા મહિનાની ઘોર અંધારી રાત, ઓશરીની કોર પર ગાભામાં વીંટાળેલું છોકરું, ભોરંગ બની જવું, ઓરત, બારણું, શણનો કોથળો, ચાનો પ્યાલો, ગાંઠિયાનું પડીકું, કીડિયારું પૂરવું, આકડાના ફૂલની માળા હનુમાનજીને ચડાવવી, ખાટલો, નેણ પર જાણે ફણીધર, કાળાં લૂગડાં, ડંખભર્યું મન, ઓશરીમાં નાનકડો હીંચકો, સારંગીનો વારસો, ચોમાસામાં બે કાંઠે નદી, રૂપેણ, બારે મેઘ ખાંગા, સુંદર વનરાજી, વડલો, ઉજ્જડ રસ્તો, ખાખરાનાં વન, ઓછાડ, રેશમી ગાલીચા પર રજપૂત યુવાન, ડાયરામાં ફરતો રૂપેરી હોકો, ગરાસિયા, હણહણાટ કરતાં જાતવંત ઘોડાં, ડોળાં પાણી, કાદવ, ઘેઘૂર વડલો ઉજ્જડ, ઘિંગાણાં, ઘોડા વગેરે વિગતોથી ગ્રામપરિવેશની ગહનતા સિદ્ધ થાય છે. સંવાદો અને ક્રિયાઓ વચ્ચે મૂકાતાં સ્થળવર્ણનો પણ પાત્રોને ગ્રામીણ બનાવે છે. કેટલાંક ઉદાહરણોઃ

- રસ્તામાં જ એક ઢોરનું આખું હાડપિંજર નજરે પડ્યું બીજે ઠેકાણે એક હાડપિંજરની બખોલમાં ગરજાં ખેંચાખેંચ કરી રહ્યાં હતાં દૂર રસ્તા પર ભટકતાં ફરતાં, મરવા વાંકે જીવતાં ઢોર ઉપર ગીધડાંનાં ટોળેટોળાં..
- ભાદરવા મહિનાની ઘોરઅંધારી રાત હતી. આ વખતે વરસાદે જાણે ભાદરવાને અષાઢી મેઘ આપ્યો હોય એમ લાગતું હતું. વીજળી આકાશને એક પળની પણ નિરાંત લેવાદેતી નહતી. ધીમો પણ એકધારો વરસાદ વરસી રહ્યો હતો. જાણે આઘુંપાછું જોયા વિના વરસવામાં જ એ માનતો ન હોય !
- વડલાની પાસે કચ્છીને કાઠિયાવાડી જાતવંત ઘોડાં ઊભા રહી ગયાં હતાં. ડાયરામાં રૂપેરી હુક્કો ફરી રહ્યો હતો. એક તરફ કસુંબો ઘૂંટાઈ રહ્યો હતો બીજી તરફ મીઠાઈના થાળ ભર્યાં હતાં.

ધૂમકેતુની વાર્તાને ગ્રામપરિવેશ આ રીતે વાર્તાનાં પાત્રોને વાતાવરણ પૂરું પાડે છે. ગ્રામીણ બનાવે છે પરિણામે જીવંતતા આવે છે.

ધૂમકેતૂની સમગ્ર વાર્તાઓનો પરિવેશ જોતાં તેમાં ક્રિયા, સંવાદો, વસ્તુ વગેરેની ગતિશીલતા પરિવેશના વિનિયોગ તરફ ઓછું ધ્યાન અપાવે છે. આ પ્રકારનું પ્રાધાન્ય છે ત્યાં પરિવેશ માત્ર

સ્થળસર્જન માટે ખપમાં લેવાયો છે. 'હૃદયપલટો' 'ભૈયાદાદા' 'પોસ્ટઓફિસ' જેવી વાર્તાઓમાં એ વ્યંજનાને સ્તરે પહોંચે છે. માત્ર પ્રકૃતિ નિરૂપણથી વાર્તાઓમાં ધૂમકેતુએ સુંદર, અહા!, મધુર, કેવી ? આહ્‌લાદક! જેવા શબ્દો વડે પ્રકૃતિને અતિરેકભર્યા વર્ણનોથી ભાવવાહી રીતે નિરૂપી છે. ક્યાંક એ નિબંધાત્મક સ્તર ધારણ કરે છે. પરંતુ પ્રકૃતિ દ્વારા જે સૂચવવું છે તે ભાવગ્રથન તો તે કરીને જ રહે છે. એ રીતે વાર્તાને પરિવેશ ગતિશીલ બનાવે છે. ધૂમકેતુ પરિવેશ પાસેથી આ પ્રકારનું કેટલુંક કાર્ય વાર્તાઓમાં કરાવી શક્યા છે.

રા.વિ.પાઠક 'દ્વિરેફ' પાસેથી સંખ્યામાં ઓછી પરંતુ મહત્ત્વની વાર્તાઓ મળે છે. પરિવેશ વિનિયોગમાં પણ તેમની વાર્તાઓમાં કરકસર જોઈ શકાય. કેટલીક વાર્તાઓમાં સૂચક પરિવેશ મળે છે. 'મુકુન્દરાય' 'જમનાનું પૂર' 'ખેમી' 'કંકુડી અને કાનિયો' વગેરે પરિવેશ નિરૂપણની મહત્ત્વની વાર્તાઓની ચર્ચા અહીં મૂકું છું.

'મુકુન્દરાય'માં મનમાં રહેલો શહેરી પરિવેશ લઈને ગ્રામીણ પરિવેશમાં પ્રવેશતા કોલેજીયન વડે બંને પરિવેશની ટકરામણ છે.

આરંભે રવૈયા ગામનું વાતાવરણ છે. સવારના નવ-દશનો સમય, પાદરે ભેગાં થયેલાં ઢોર, વડનો છાંયો, તડકો, તળાવની પાળ, પુરાતન દેરી, વલભીના પ્રાચીન શિલાલેખ, ધર્માદાની વેરાયેલી જાર, ધરાયેલા પોપટ દેરી પર, ઢોરાંમાંથી વાંકોચૂંકો રસ્તો કરી પસાર થતો ઠાકરડો, દુકાનની ચા, ચલમની દેવતા, માથાનો બંધણો, જોશી ફળિયું, ઘર પૂછવું વગેરે ગ્રામપરિવેશને આબેહૂબ રજુ કરે છે.

અહીં સર્જક મુકુન્દરાયથી નહીં પણ રઘનાથના સંઘર્ષ સ્થળથી વાર્તા ઉઘાડે છે વલભીના શિલાલેખને તેઓ વાર્તાના અંતે ખપમાં લે છે.

રઘનાથના ઘરમાં બાવીસેક વરસની વિધવા-ગંગા, હાથમાં તાર સાથેનો ઠાકરડો, બાઈનું થીંગડાવાળું ચોખ્ખું આબોટિયું, આજે કઢાવેલા માથાના વાળ, અંગોમાં તંદુરસ્તી સ્ફૂર્તિ, ભગવદ્‌ગીતાનો ગુટખો હાથમાં લઈ બહાર આવતા રઘનાથ, ધોતિયું, ખભે ધોળું ખેસિયું, હાથમાં લાકડી, કપાસના ભાવ વાંચતો કસળચન્દ્રનો દીકરો વગેરે ઘરની સ્થિતિને ઊભી કરે છે.

શીરો, ભજીયાં, લાડુ, બદામ, તુવેરની દાળ, દહીં, કોળું વગેરે ખોરાકની બાબતોમાં વણાતો કુટુંબભાવ પરિવેશને સક્રિય કરે છે.

રઘનાથના ભૂતકાળની વીગતોમાં સંસ્કૃત, જ્યોતિષ, કાવ્ય, ભાગવત, કર્મકાન્ડ વગેરેનો અભ્યાસ પણ અંગ્રેજીની અજ્ઞાનતા (બે જીવન વચ્ચેના ભેદ) કુટુંબની સંસ્કારિતા, ભાવના અને વિધવા સંઘર્ષ વગેરેથી સ્પષ્ટ થાય છે.

મુકુન્દના અભ્યાસકાળને કથક ટેનિસની રમતો, સ્ત્રીમિત્રો, લેબોરેટરી, ટેસ્ટટ્યુબમાં વાદળી રંગનું બનાવેલું ડીપોઝીટ, વિજ્ઞાન વિશે ચર્ચાઓ, મિસ ગુપ્તાની સરતી સાડી, મુકુન્દની વધતી પ્રતિષ્ઠા વગેરેની સાથે છેલ્લી ઢબનાં કપડાં ટાઈ, પાટલૂનની વચ્ચે ઝીણાં ફરફરતાં ધોતિયાં, કરકસર જેવી વિગતો તેની મનોદશાને આકારે છે.

આ બંને પરિવેશનો ટકરાવ આ રીતે થાય છે. 'કમ ઓન કમ ઓન 'થી પ્રવેશતો મુકુન્દ, ખાખી ખમીસ, ખાખી નેકટાઈ, ધોતિયાં, બિસ્ત્રા, ટેનિસ, ખાખી રબર ખોખાવાળું રેકેટ સાથે મિત્રો, 'ભાઈ આવ્યો' શબ્દોનું ડૂબી જવું, ઘંટીનો અવાજ તેના માનસિક વાતાવરણ સાથે ટકરાવો, ખુરશી-ટેબલનો અભાવ, અર્થવિહિન લાગતી ઘરની રચનાઓ, રસોઈ મોડી થવી, તાર મોડો થયાની દિલગીરી, એકાવાળાના રૂપિયાની ચર્ચા, ચા-સિગારેટ, શીરા અને કોળાનાં ભજીયાંનો વિરોધ, તળાવની પાળ પરની દેરીનો વિરોધ, કરકસર વિરુદ્ધ જતા વિચારો, ખેતરો વેચવાની ચર્ચા, વિધવા બહેનનો પ્રશ્ન, મિત્રો સાથે નાત-સમાજ-વિધવા વગેરેની ચર્ચા અને સાંજે ફરી આવતો એકો – આખી સંઘર્ષ પળોમાં બંને પરિવેશ વચ્ચે ટકરાવ, અસમતુલા, જોડાણની મથામણ, વિરોધાભાસ વગેરે સ્પષ્ટ થાય છે.

અંતર તરફ સર્જક નોંધે છે 'ઘરમાં સર્વત્ર સૂનકાર વ્યાપી ગયો.' અંતે વણઝારા વાવની કથાનો નિર્દેશ ભાવને વધુ એક વળ ચડાવી જાય છે.

'મહેફિલે ફેસાને ગુયાન ઉર્ફે વાર્તાવિનોદ મંડળ'ની વાર્તાઓમાં સાહિત્યિક પરિવેશની વચ્ચે કોઈ કૃતિ, કાલ્પનિક કથા કે પ્રતિકૃતિઓને કેન્દ્રમાં રાખવાનો પ્રયાસ છે. સાહિત્યિક ચર્ચાઓમાં બેઠકની અનુભૂતિ અને કૌટુંબિક પરિવેશ વણાતો જાય છે.

સભા છઠ્ઠીમાં કથક પાસેથી વાર્તાની અપેક્ષા, લખવાની મથામણો, સાહિત્યિક પરંપરાઓની ચર્ચા, લેખકોના પ્રકારો, રંગદર્શી વિવેચન, જગત સાહિત્ય, દલીલો, પંચતંત્રની વાર્તાઓ, પાત્રો, સંવાદો વગેરે પરિભાષાઓની ચર્ચાથી સાહિત્યિક પરિવેશ રચાય છે.

અંદર આવતી વાર્તામાં ગમતાં કૂતરાં, તેલનો શીરો, કૂતરાંઓની ચેષ્ટાઓનો અભ્યાસ, કૂતરાનો અવતાર લેવાની કથકની ઈચ્છા, તપશ્ચર્યા, બ્રંહ્માજીના વેદોચ્ચાર સાથે પ્રસન્ન, નકાર, દૈત્યોનું ઉદાહરણ વગેરેથી પ્રાચીન ભારતીય પરંપરા, વર્તમાન જીવન અને કૂતરા થવાની બાળસ્મૃતિમાંની ઈચ્છા ત્રણેય ગૂંથાય છે.

કૂતરાના જીવનને બહુ સૂક્ષ્મતાથી આલેખીને આખું વાતાવરણ ઊભું કર્યું છે. જેમાં ઉનાળો, હાંફતો કાળિયો, લાળનાં ટીપાં પાડતી લાલ જીભ,પંડ્યાના ઘર પાસેનાં ખાળનાં પાણી, કચરો, ઘૂરકતાં કૂતરાં, રોટલાની લડાઈ, દાંત પેઢાં દેખાય એવું બીકણ કુતરું, કાળિયા પાછળ ફરતી કૂતરીઓ, પંડ્યાવાળ અને ભરવાડના કૂતરાંની લડાઈ, નવતર કૂતરી સાથે મીલન, ઘાયલ કાબરો, જાનમાં ગયેલો કાળીયો, કાળિયાને બચકાં ભરતા બીજા ગામના કૂતરાં વગેરે આખું કુતરાનું જીવન રજૂ થયું છે.

પરંતુ આ સ્વપ્ન હોય હોવાનું ઘરના વાતાવરણમાં ડૂસકાં ભરતા કથકને પત્ની કહે છે ત્યારે જ સમજાય છે અને બાળપણનો પરિવેશ આ પ્રકારના પરિવેશને જ જન્માવે છે જે સાર્થક બને છે.

વાર્તા અંગેની ચર્ચઓમાં ઈસપની, પંચતંત્રની, હિતોપદેશની વાર્તાઓ, પ્રાણી કથાના પ્રકારો, વ્યંગકથા, માનસશાસ્ત્ર, ઈતિહાસ, મનુષ્યસંસ્કૃતિ, તત્ત્વજ્ઞાન, અશ્લિલતા, સ્વદેશ ભાવના, કાવ્યશાસ્ત્ર વગેરે પરિભાષાઓની થતી ચર્ચા, દલીલો અને સ્પષ્ટતાઓ સાહિત્યિક પરિવેશ રચી આપે છે.

'જમનાનું પૂર' વાર્તામાં કાલિન્દી નદીના પ્રવાહ પર ઝલમલતા દીવાઓમાં પ્રાકૃતિક સૌંદર્યોમાં જમનાના દીવા સાથે જોડાયેલ ભાવનું પૂર કેન્દ્રસ્થાને કરવાનો પ્રયાસ છે. નદીના અતિશય પૂરને માછીઓના સંવાદ વડે પ્રારંભે વ્યક્ત થયો છે પછી જમનાની આરતી પાણીમાં પડિયા તરતા મૂકતી સ્ત્રીઓ અને પડિયાનું દશ્ય છે.

- કોઈ પવનથી, કોઈ પાણીના વેગથી કોઈ માછલાંની ઝાપટથી ધકેલાઈ અનેક પડિયા જમનાના પ્રવાહ ઉપર જઇ તરતા હતા : કોઈ તણાતા, કોઈ સ્થિર, કોઈ ડગતા, કોઈ નાના, કોઈ મોટા, ક્યાંક ભેગા, ક્યાંક છૂટાછવાયા અનેક દીવાથી ઘેલી થયેલી કાલિન્દી આજે મઘકલુષિત સ્વર્ગગંગાને જાણે હસતી હતી.

આમ આકારો, પ્રવાહિતા, ગતિશીલતા અસ્થિરતા બધાને નદી પરના પડિયાનું દશ્ય ઉપસે છે.

પછીના દશ્યમાં ક્રમશઃ હોલવાતા દીવા ફાયર પેઠે પ્રવેશીને મુખ્ય પ્રવાહમાં ભળતો ઘાટ, ત્યાં દીવો મૂકવાના પ્રયત્નો, વેગભેર ચાલેલો દીવો, આરતી, આગિયાની જે દેખાતા મધ્યરાત્રિના દીવા, સાત વાટવાળી આરતી અને ફેણે ફેણે મણિવાળા કાલિયનાગ ડોલતો હોય એવું દશ્ય, સ્ત્રીઓના મનોવિશ્વમાં તેની અસરો અને આ બધા વચ્ચે પોતાના દીવામાં મગ્ન જમના એક સુંદર પરિવેશ રચે છે.

જમના મનોતરંગમાં પણ ગામેગામ જતો દીવો અને પરિણામે લપસેલી જમનાનું બેધ્યાનપણે પૂરમાં ડૂબવું છતાંય દીવામય બનેલી જમનાનું દશ્ય તેના મનોતરંગની પરિસીમાએ પહોંચે છે.

અંતિમે પૂરના કારણે થયેલ અસરોમાં ખેતરોનું ફળદ્રુપ થવું, વક્ષસ્થળ પર ઝીલાયેલા દીવા, અનેક સ્ત્રીઓના મનોરત અને જમના આ બધું સમેટાતાં વાર્તા પરિવેશથી જ અંતર રચે છે.

'સૂરદાસ' મૂળે પાત્રપ્રધાન વાર્તા છે. પણ પાત્રોને સ્થળ અને સમયના પરિવેશમાં ગૂંથીને તેના ભાવો વ્યક્ત કરે છે.

શહેરની ધર્મશાળા ડફવાળા સુરદાસ બાવાનું રહેઠાણ, ગૃહસ્થોને ઊતરવા માટેનાં ઓરડીવાળાં મકાનો, પતરાંવાળા છાપરાના ઢાળિયા વચ્ચે કેડપુર દીવાલ ઉપર ખુલ્લા ઢાળિયામાં રહેતો સુરદાસ.

સુરદાસ, તેનું ડફ, તાલબદ્ધ ગાવું વગાડવું, સાંજે ભરાતી મંડળી, વિઠ્ઠલે આણેલાં ઉતરલા કપડાં પહેરેલો સુરદાસ તેનો જીવન પરિવેશ.

બીજા શહેરમાંથી આવેલો પરદેશી સારંગીવાળો, રાજાઓની ઢબે બાંધેલો રેશમી ફેંટો, લાંબો અચકન જેવો ડગલો વગેરેથી તે જુદો પડે છે.

ત્રીજું પાત્ર સ્ત્રીનું. કાળાવાળની સુંદરલટો ગળા, ખભા અને છાતી પર લટકતી, કપાળે ભસ્મનો ચાંદલો, શરીરે કફની જેવું પહેરણ.

ઢાંકણ, ડબરો, થોડા કાગળના કકડાઓ પાથરી લીધેલું ત્રણેનું પ્રથમ સંયુક્ત ભોજન રામપ્યારીનું ગાન, પરદેશીની સારંગી અને સુરદાસના ડફથી ગૂંથાતું સહજીવન.

સુરદાસને વાગતા ઓટલાનો નિર્દેશ, રામપ્યારી અને પરદેશીના વહેલા મોડા થવા માટે ટ્રેનની અનિયમિતતા પાત્રોના સંઘર્ષ માટે નિયામક તત્ત્વ બને છે. નદીએથી ન્હાઈને આવેલી રામપ્યારી, બ્રાહ્મણે આપેલું ચંદન, છોકરાંએ પહેરાવેલો ગળામાં ફૂલોનો હાર, હંમેશની જેમ છુટ્ટાવાળ, ગળામાં ગજલ જેવી વિગતો સુરદાસ માટે સંઘર્ષની ક્ષણો ના બની શકે ?

પાણી ઢોળાવું પરદેશીનું જવું અને કૂતરાંએ ઉપાડેલા પડિયા પાછળ રામપ્યારીનું જવું સંઘર્ષ રચે છે. અંતે રામપ્યારીને પડતો લાકડીનો ફટકો, ધડબડ લાકડી પછાડતો સુરદાસ પરાકાષ્ઠાએ છે.

ગાંધીવાદનો આદર્શ અને સર્જકની ભાવના પરાયણતા 'કંકુડી અને કાનિયા'ના જીવનવિશ્વમાં દેખાય છે.

જોરદાર વરસાદી વાતાવરણમાં બનતી ઘટના, સંઘર્ષના મૂળ જેવી રૂપિયાની પોટલી અને સુખી દામ્પત્ય જીવનનો ગ્રામપરિવેશ એવા ત્રણ ભાગમાં વહેંચાતી વાર્તામાં ત્રણે પરિવેશ જરૂરીયાત પ્રમાણેના ખપમાં લેવાયા છે.

લગ્ન પછી આંબાવાડિયામાં વસવાટ, અતિવૃષ્ટિ, ઊમટી ઊમટીને પડતાં ઝાપટાં, પવનનું જોર, નિશાળો-કચેરીઓ-વેપારો-ટ્રેનો-તાર-વર્તમાનપત્રો બધું સૂમસામ, માત્ર વાયુનું પ્રબળ જોર, વાતાવરણ સર્જે છે. રહી ગયેલા વરસાદનું વાતાવરણ, ઘરની ખૂટી ગયેલી ચીજોમાંથી વાર્તાનો

ઉપાડ, રેંકડી લઈને નીકળવું, કોથળા ઓઢવા, સામાન ઢાંકવાના કોથળા, વરસાદ વગેરે આબેહૂબ છે.

નરોત્તમ શેઠને ત્યાં, સાંકડી ગલીમાં ગાડીઓ અને રેંકડીઓ, સામાનની આપ-લેની બૂમો, ગાડીવાળાની બૂમો, લડવાડ, અરસપરસનું કશું સંતાડવું વગેરે ઉતાવળની પળો દર્શાવે છે.

કાનિયાની રેંકડીમાં મૂકાયેલો શેઠનો સામાન, તેમાં આવેલી પોટલી, પોટલીના નિમિત્તે પોલીસ તપાસ, વોરંટ, ઝડતી વગેરે પરિવેશના તાણાવાણા બરાબર ગૂંથે છે, આ નિમિત્તે મળેલું સાતસોનું ઈનામ, 'પોતાના મલક' તરફના પ્રયાણ નિમિત્તે આવતો ગ્રામપરિવેશ, જેમાં તણાઈ ગયેલાં ઘર, ખોરડાં ને ખાસ તો દાદાએ કરાવેલી કૂઈ, કૂઈ કરાવવાની ઈચ્છા, શાહુકારના કૂવા જેવી કૂઈ, ઉપર કઠેરો, ફરતી ગરેડી, બ્રાહ્મણોને દીક્ષા, વાસનું જમણ, કાનિયાને પહેરાવાયેલી પાઘડી, 'કંકુની કૂઈ' જેવું નામાભિધાન ગ્રામ પરિવેશને જીવંત કરે છે. અંતનું લટકણિયું દશ્ય પણ મસ્ત છે. ઊંઘી ગયેલી કંકુ, મોળિયાનું ઓશિકું, જમીન પર પડેલો કાનિયો અને જાગતાં જ રેંકડીનો છાંયો કરતો કાનિયો રસપ્રદ લાગે છે. – આમ જરૂરિયાત પ્રમાણેના જ બહુ ઓછામાં ઓછા પરિવેશથી દ્વિરેફ કામ પાર પાડે છે.

દ્વિરેફનું ધ્યાન પરિવેશ પર ખાસ ન હોવાથી ક્યારેક અનિયમિતતા આવી પડે છે. જેમ કે મુકુન્દરાયમાં શહેરી પરિવેશ જેટલી નહીં વધુમાં વધુ માર્મિક વિગતો ગ્રામીણ પરિવેશની આપી છે ત્યાં ઘટનાનું સ્થળ મહત્ત્વનું બનાવે છે. બે મુલાકતોમાં દામ્પત્ય જીવનના પાયા પર ગામડું આવે પણ લસરકા જેવું મુખ્ય વાત તો આઝાદી આંદોલનની વિગતોમાં જ પૂરી થાય છે. 'સરકારી નોકરીની સફળતાના ભેદ'માં ઓફિસની વિગતોથી નહી પણ ઓફિસના કર્મચારીઓની જ વિગતોથી કામ પાર પાડ્યું છે. 'હૃદયપલટો' પરિવેશ વડે સંઘર્ષને વધારેમાં વધારે બતાવી શકાયો હોત પણ તેમ ના બન્યું.

આ રીતે ધૂમકેતુ પૂર્વેના વાર્તાકારોની ઘટના નિરૂપણની ઉતાવળ અહીં દેખાય તો ધૂમકેતુની ભાવનાવાદી અને આદર્શોની પરંપરા લંબાય જ્યારે આઝાદી આંદોલન ઉમેરાય. સત્યાગ્રહનો પરિવેશ પણ મળે અને ગ્રામપરિવેશ શહેરી પરિવેશ કરતાં પાત્રોની બદલાતી સંવેદનાઓ 'નાણાંની કોથળી' 'મકાનની રચના' 'ધ્વજ'(ઝંડો) 'ખેતરના ઉલ્લેખ' જેવી વિગતોથી રજૂ થાય છે. સંવેદન, સ્થળ કરતાં સમયના લંબાતા પટ પર લખાયેલી વાર્તાઓ મર્યાદા બની જાય છે. 'પહેલું ઈનામ' જેવી વાર્તા રહસ્ય જેવી બની જાય છે. છતાંય, ઓછામાં ઓછી વાર્તાઓ, ઓછામાં ઓછી વાર્તાઓમાં

પરિવેશ તે પણ જરૂર પ્રમાણેનો, ભાવનિરૂપણ માટે નહિ, પણ પરિવેશ જ વાર્તા કહે એવું તો 'મુકુન્દરાય' કે 'જમનાનું પૂર'માં વધારે બન્યું છે.

**ઉમાશંકર જોશીનો પ્રથમ** વાર્તાસંગ્રહ શ્રાવણીમેળો (૧૯૩૭) અને પછીના બે વાર્તાસંગ્રહો રદ કરીને તૈયાર કરેલો વિસામો (૧૯૫૯)ની ૩૭ વાર્તાઓમાંથી કેટલીક વાર્તાઓ પરિવેશ નિરૂપણની દષ્ટિએ જોઈએ.

'શ્રાવણી મેળો'ની ૧૫ વાર્તાઓમાં ઉમાશંકર જોશી શહેરી અને ગ્રામપરિવેશ સ્પષ્ટ વરતાઈ આવે એ રીતે ખપમાં લે છે. જેમાં છ વાર્તાઓ શહેરી સ્થળોના વાતાવરણને સ્પર્શે છે. બાકીની ગ્રામીણ. પગલીનો પાડનારમાં ઘરનું વાતાવરણ, કૌટુંબિક પરિવેશ માન્યતાઓ અને ગ્રામીણ માનસ, 'હીલ્લી'માં મંદિરના પરિવેશમાં ઉછરતી છોકરીનું માનસ, 'પિપાસુ' શહેરના વિવિધસ્થળે વિહરતા એકાકી પાત્રના સંવેદનથી પકડાતું વિશ્વ, 'વાયોલા' શહેરી હોસ્પિટલમાં હૂંફ ઝંખના, 'લોહી તરસ્યો' ગ્રામીણ કુટુંબનું વાતાવરણ સર્જે છે, 'છેલ્લું છાણું' ગ્રામીણ વિધવાઓના એકલવાયા જીવનનો પરિવેશ ભાષાકર્મથી સર્જાય છે. 'મારી ચંપાનો વર'માં વિધવા સંવેદનની સૂક્ષ્મતા બહુ ઓછા ગ્રામીણ પરિવેશમાં આલેખાય છે, 'ગુજરીની ગોદડી' યુવાન વિદ્યાર્થી પાત્રો, શહેરનો પરિવેશ અને ઠંડીની પરાકાષ્ઠા નિરુપાયાં છે, 'ઝાકળિયું' ઝંખનાની વિચ્છિન્નતા, ઘર, ગામ, ખેતર, બધાના પરિવેશથી આલેખે છે, 'મારું હતું ને મેં લીધું'માં નર્યા પન્નાલાલ જ દેખાય વસ્તુ, શૈલી, પાત્ર બધામાં - ખેતરમાંથી ઉઠતું પાત્ર સમતોલ નિરુપણ ધરાવે છે. 'શ્રાવણી મેળો' મેળાના પરિવેશમાં વેદનશીલ પાત્રોની જીવન કઠણાઈ લઈને આવે છે.

'છેલ્લું છાણું' ગ્રામીણ પરિવેશમાં વિધવા સ્ત્રીનો જીવનસંઘર્ષ આલેખે છે. વાર્તામાં બહુ ઓછું ભૌગોલિક વાતાવરણ મળે છતાં ગ્રામીણ પરિવેશ - ગામડું તાદશ થાય એનું મૂળ કારણ કથકના વિધાનો અને પાત્રોના સંવાદો, વિચારોમાં આવતાં સહજ લય, લહેકા, કહેવતો અને રૂઢિપ્રયોગો જ છે.

વાર્તાનો સ્થળપરિવેશ સક્રિય બનાવતી વિગતો છે આરંભે જઃ

- સૂર્યાસ્ત, આથમણા બારણાનું ઘર. સંધ્યાના કેસૂડિયા રંગથી લીંપાયેલી ઓસરીમાં ખાટલા પર હિંમત અને વેણીલાલ બેઠા છે હિંમત પોતાની વાંસની ગેડી હાથમાં લઈને ઊભો થવા જાય છે.

જેમાં ઓસરી, ખાટલો, ગેડી, બારણું જેવી ચીજાનું સ્વાભાવિક વણાવું તથા 'આથમણા' 'કેસૂડિયા રંગ' 'લીંપાયેલી ઓસરી' જેવા શબ્દપ્રયોગો સ્થળપરિવેશને સક્રિય કરે છે.

આવી જ રીતે વાર્તામાં જોડાજોડઘર, અંગાર, સંધ્યાનું લાલ-લાલ અજવાવળું, આળ ચડાવવું, દેવતા ભરવો, લૂગડું, ઢોર, આંગણું, છાણાનો ટુકડો, હાથમાં દહોણી, બળદિયા, કૂવે, સાલ્લો, તૂટેલી ગોદડી, ધાન, દીવાસળી આવી આવી અનેક ચીજોથી વાતાવરણ સર્જાતું જાય છે.

સૌથી વધુ ઉલ્લેખાતું છાણું પાત્રોની મનોદશા સાથે સીધો સંબંધ ધરાવે છે જુઓ,

છાણું લેવા જવું, હાથમાં છાણું, ટુકડા થયેલું છાણું, અંગારામાં વેરાયેલું છાણું, છેલ્લું છાણું, છાણાનો ટુકડો લઈને મારવા(જીવી) દોડવું, કપાળે અંગારાના ડામ દઉં, છાણું વીંઝવું, ટુકડા વીણવા, એના ઘરમાં લાગવા દેવું, આખું છાણું, મશાણિયું છાણું, છાણું દોરવું વગેરેમાં ટાઢ અને આગ, મૃત્યુ અને જીવન સામ સામે મૂકાયાં છે.

કેટલાંક સંવાદો અને વાક્યો પરિવેશને વેધક બનાવે છે.

- દેવતા લઈ આવું
- આથમણી દિશામાંથી પવનનો સૂસવાટો આવ્યો.
- તરડમાંથી પવન આવે છે, બારણામાં હવે કાંઈ નથી રહ્યું.
- એકમેકનાં મોઢાં જોયા વગર, બે ભૂતની પેઠે પોતે વાતો કરતાં હોય એમ જાણે એમને પોતાને જ લાગતું હતું. (અહીં અંધારાનો નિર્દેશ નથી છતાં અંધારું વર્તાય છે.)
- પવનના સૂસવાટાની એક કટારી બારણાની તરડમાંથી અંદર આવતી જીવીને ભોંકાય છે:
- સામાં ઘરોનાં નળિયાં પણ સોનાનાં થઈ ગયાં ને! (આ વાક્ય મંગુ વિચારે છે પરંતુ એક બાળક આવું વિચારી ન શકે અહીં ક્ષતિ છે)
- બારણાની તરડમાં હાથ ઘાલી આગળો ખસેડી બારણું ખોલી નાંખી અંદર ગયો. (આ ક્રિયા પરિવેશની ઉત્તમ ગૂંથણી દર્શાવે છે.)

કથકના નિરૂપણ પ્રવાહમાં સહજ ગૂંથાતી જતી કહેવતો રૂઢિપ્રયોગો અને બોલીના શબ્દપ્રયોગો સૌથી વધારે સક્રિય રહ્યા છે.

મોતનો ભેટો થઈ જવો, મોઢાં જોવાં, ભૂતની પેઠે વાતો કરવી, જનમો જનમ, અવગતે જવું, છાણું લઈને આગળ નીકળવું, છાણું દોરવું, ડાકણની જેમ બાઝવું, અવળું ભણાવવું, ધોળાં પૂણી જેવાં, રંગ તપાસવો, કાંપતાં આંગળીઓનું છજું, ડામદેવા, સત્યાનાશ જવું, કરાંજવું, આંગણે થેકડી કરવી, ડાકણ જીવ લે, ઘરડી ખખ્ખ, દાઢ ભરાવવી, નખ્ખોદ જવું, તેડું મોકલવું, ઝેરીલી નાગણ, જુગજુગ જીવજો, ટાઢો જીવ રાખવો, દૂણી દોરવી, દેવતા લઈ આવવું, દેવતા ભારવો, કવખત, દાંડીવાળા, લાકડાની ભારી, મોતનો ભેટો, પછવાડે પછવાડે પડવું વગેરે...

આ રીતે ઉમાશંકરે સૌથી વધુ કામ ભાષા પાસેથી લીધું છે. ખૂબ જ ઓછી જરૂરી ચીજવસ્તુઓના ઉલ્લેખ, ભૌગોલિક વાતાવરણને ઓછા જ શબ્દોમાં ઊભું કર્યું છે. આ બધાની સાથે વણાતી પાત્રચેતના સાંજ, રાત અને સવારનો સમય, એક ઓસરી અને અંધારિયું ઘર આટલું છતાં વેધક સ્થળ વાર્તાને માર્મિક બનાવે છે સામાજિક વાસ્તવમાંના માત્ર વિધવાના જ નહીં એકલતા સહેતી નિરાધાર સ્ત્રીના સંવેદનોનો સહજ સ્પર્શ કરાવે છે.

'વિસામો'(પ્ર.આ.૧૯૫૯; બીજી-૧૯૭૩) કુલ ૨૨ વાર્તાઓમાંથી ગ્રામીણપરિવેશ પાંચ વાર્તાઓમાં છે. બાકીની વાર્તાઓ શહેરના કોઈ અંદરના કે છેવાડાના વિસ્તારના પરિવેશ સાથે આવે છે. પાત્રોના સંબંધો, સંઘર્ષો, ગેરસમજો, ભૂતકાળ, વિશેષતા વગેરે ઉપર વાર્તાનું ચાલકબળ કાર્યરત છે.

'ચક્કીનું ભૂત' વાર્તા અમથા સુતારના વ્યક્તિત્ત્વને આકસ્મિક રીતે પ્રસિદ્ધ થઈ જતું દર્શાવે છે. પાત્ર વ્યવસાયે સુથાર છે. જે ગ્રામ્ય પરિવેશને વધુ અનુકૂળ આવે છે. ભ્રમણ જરૂરી બને છે. કૂવા પરની ચક્કી અટકી જવાની ઘટનાને પરિણામે અમથાની 'ઈલમી' તરીકે ગામેગામની પ્રસિદ્ધિ ગ્રામ પરિવેશની અનિવાર્યતા સિદ્ધ કરે છે. વાર્તાના ત્રણ મુખ્ય વર્તુળ રચાયા છે. પ્રથમમાં ઘટનાનો પરિવેશ, ઘટનાના પરિણામરૂપ ગામડાંઓમાં ઊભી થતી હવા અને અંતે એ હવાની પોકળતા સાબિત થાય છે. ત્રણેય વર્તુળ એકબીજામાં ચોક્કસ નિયમન તત્ત્વો, ગ્રામીણ અંધશ્રદ્ધાનાં પરિબળોથી ગોઠવાતાં વાર્તા ટૂચકો બનતાં અટકી જાય છે. બીજા વર્તુળનો કલ્પના વિહાર જરા કઠે એવો લાગે. ત્રણેમાં કેન્દ્રસ્થ પાત્ર અમથો સ્વયંસંચાલિત નથી પણ વાતાવરણ એને ગતિશીલ બનાવે છે.

વાર્તામાં સમસ્યા રોજીની છે, આર્થિક છે. ચમત્કાર ગણાયેલી ઘટના એનો હલ છે અને તેનો ઘટસ્ફોટવાર્તામાં સમાયોજન સાધી લે છે.

પાત્ર અમથો, ખભે વાંસલો, હાથમાં વીંધણું, મજૂરી, ધરમશાળાના કામમાં રોજીની ચિંતા નહીં, તરસ, કૂવા તરફ જવું અને વાર્તાનો આરંભ, કૂવા પરનું લોકોનું ટોળું, અમથાના હાથમાંના વાંસલા વીંધણાના કારણે એને હાથ અજમાવવા દોરતા લોકો, હથોડી વડે થોડી ઠાક ઠોકથી ફરતી થયેલી ચક્કી, પરિણામે લોકોના વિસ્મયથી લીમડાનું ભૂત કાઢવા વિનંતી, લોકવાયકાથી તેને મળતું માન એ ગ્રામપરિવેશના કારણે સહજ બને. પછીથી થોડો કલ્પના વિહાર મળે છે. જેમાં અમથાએ કરેલાં લોકોનાં કામો છે. – પાડા જણતી ભેંસને પાડી, નવટાંકથી વધતું ઘી, દોરાધાગા, વહુને બાળક, વર

માટે વીંટી મંતરાવવી, દુશ્મન માટેના દાણા, વશીકરણ મંત્ર, પરદેશનાં સગાં માટેનું જંતર બદલામાં પછેડી ભરાઈ જાય એટલું ધન.

ચક્કીની ચોફેર, ફેરવેલો શીશો, તેમાં મિસ્ત્રીએ દેખેલું સાપોલિયા જેવું 'કંઈક',ગામસીમના ખખડધજ શેમળાના થડમાં નાનકડી ચપોચપ ડાગળી કોતરી કાઢીને અંદર પૂરેલો ભૂતવાળો શીશો આ વીગતો સર્જકની ચોકસાઈ અને માન્યતાના સંદર્ભને સ્પષ્ટ કરે છે.

અમથાની પ્રસિદ્ધિ પણ એ આખા વિસ્તારને તાદશ કરનારી લાગે છે.

- ભીંતડાં વગર અદ્ધર છાપરું છાઈ આપો.
- અલાબલા કાઢી આપો
- આંગળુ પાણી લઈ મોભ ઉપર છાંટી આપો

અને –

જંતરમંતર, ગાંઠેગરથ, અમથાને પીઠિયાળો કરવો, પાનેતરનો છેડો બાંધી કન્યા વાજતે ગાજતે લઈ આવવી, તેડું આવવું, રાઈના દાણા મંતરી આપવા જેવા શબ્દપ્રયોગો ગ્રામવિસ્તારની માનસિકતા છતી કરી આપે છે.

ગોકળની બિમારી વેળા અણબોટ્યું પાણી મંતરવું, ગોવાળનું ભૂદર ભટ્ટની પાડી ખોવાવાની ખબર, અને સીમમાં મધરાતે શેમળો ફાટી પડવાની ઘટના, ભૂત છૂટી જવાની ઊભી થયેલી હવા, એને કારણે આખી રાત વરસાદના કડાકા ગોકળના મતે તો – આયખામાં ન સાંભળ્યા હોય એવા પૂર્વની હવામાં કાણું પાડવા માટે સક્ષમ વીગતો છે

વચ્ચે વચ્ચે કથક દ્વારા દીવો રાણો કરવો, ખોપરી ફાટવી, પછેડી ખેંચી, આયખું, મંતર, ભૂત, વલોણાના રવૈયાને ગોળીઓ મંતરવી, મોભમાં ભરાયેલું ભૂત, મોઢાની ફાડ, તાલુકાની અસ્પીતાલ, વિજીટ, પોલોભમ શેમળો, ડટંતર શબ્દો પરિવેશ રચે છે.

અમથાની અંતિમ સ્થિતિ પણ ટોલ્લે ભેરવેલો વાંસળો, હાથમાં ખાંડું, વીંધણું, બોખા દાંતવાળી કટાઈ ગયેલી કરવતી, કાળના વાંસલાએ એના ચહેરા પરથી નિર્દયપણે ઉખાડી લીધેલાં છોડાં, વ્યક્તિત્ત્વની ભિન્નતા, વાર્તાની કરુણતા, માન્યતાઓની બિહામણી પોકળતા વગેરે છતું કરે છે.

'પ્રતિમાદેવી'માં ડોક્ટરના દવાખાનાના સ્થળથી ભૂતકાળમાં આવતું ગામડું અને ફરી દવાખાનું એવો સ્થળ પરિવેશ રચાય છે.

ટેલિફોનની ઘંટડી, એપોઈન્ટમેન્ટ, સ્ટથોસ્કોપ, ડોક્ટર વગેરેથી દવાખાનું વાર્તામાં સર્જાય છે. પણ અંગત જીવનનો સંદર્ભ રચવા રેકર્ડનું ગીત, મોંની સિસોટી, દાદરો ઊતરવાની ઝડપ,

સોસાયટી, નર્સોનું ભગતડો સંબોધન, સિનેમા સ્ટુડીઓ, અપ્સરા-મેનકા ચિત્ર, ચશ્માંમાંની તીણી નજર, ઝરુખો, ડાયરી, ઓશીકું, ઓઢણી વગેરે અંગત બાબતો આવે છે.

પ્રતિમા, તેનું છૂંદણું, છૂંદણામાંનું સારસપંખી ગ્રામપરિવેશ પ્રતિ ગતિ કરાવે છે પછી તો કુબેરભગત, ભજનો, વિવાહ, ભરચક ખેતર, માળો, પંખીડાં, તળાવ, પથરો, ગોફણ બધું જ આવે છે. ભૂતકાળના સંદર્ભો ઉકેલે છે.

'જિંદગી પરનાં છૂંદણાં ?' કલાત્મક અંત છે. ખૂબ જ સીધા-સાદા વિષયને બે પરિવેશથી કેવી રીતે આકર્ષક બનાવી શકાય એ આ વાર્તામાં જોવા મળે છે.

'પરબીડિયાં' રાજકારણની વાર્તા છે. મધ્યસ્થ ધારાસભાનું બીલ, કાર્યકર્તાઓ, લોકઘોષણા સામયિક, પક્ષકારો, સ્વંત્રતા, દેશસેવા, રાષ્ટ્રના સ્વપ્નશિલ્પી, સ્વાતંત્ર્ય ધૂન, ટપાલની સમસ્યા, કારાવાસ, પત્રવ્યવહાર, વિદેશી પેટ્રોલ, પરિવર્તનો, દેશ નેતાઓ, દેશહિત, ચૂંટણી, છાપાં, ચિત્રો, સ્મૃતિચિહ્નો, યોજનાઓ, કુલપતિ સુખાનંદજી, અખિલ ભારતીય, રાષ્ટ્ર સેવિકા સંઘ, સંરક્ષણ ખાતું, ટપાલખાતું, પ્રતિભાશીલ લોકનાયકો વગેરેના સંદર્ભો વડે દેશના આરંભકાળની રાજકીય અવઢવો, કાચા વહીવટો, દેશ નેતાઓના સ્વપ્નો વગેરેને સ્પષ્ટ કર્યા છે.

'લીલીવાડી' ખેતરના સ્થળ પરિવેશમાં સર્જાયેલી વાર્તા છે. લીંબો પટેલ, એની જમીન,બીજી વારની વહુ, રૂપાળો દીકરો, બટકુ રોટલાની નિરાંત, ખાધા જોગું અનાજ, બૈરીનો ટેકો, બે પૈસા જોગ, લીંબાને આંગણે ગરતી લીંબોળીઓ જેટલા પૈસાની આશા, પ્રથમ ફકરામાં જ જીવન પરિવેશ ચિતરાઈ જાય છે.

વાર્તામાં ગતિશીલતા આવે છે તેમ તેમ સ્થળની સાથે જીવન વધારે ઘનિષ્ટતાથી ગૂંથાતું જાય છે.

આંબાની કલમો, ગલાબડી, લીંબો અને ચલમ, એનું ભાત, ભાણિયો કરણ પટેલ, નાનકડો સુખલો આટલા વચ્ચે વાર્તા પ્રવાહ ચાલે છે.

રોપનો સંદર્ભ ગલાબની મનોદશા સાથે ગૂંથાતાં મહત્ત્વનો બને છે.

- નાના રોપ સૌની મહેનતથી સુડોલ ઊભા હતા, ને માથાં હલાવી આવકાર આપતા હતા.
- સંધ્યાનું રતૂબડું તેજ બધા રોપ ઉપર પડ્યું હતું. અને પાંદડાંનો તાજા ચળકતો લીલો રંગ અનેરી ઝાંયથી ચમકી ઉઠ્યો.
- જે રોપ પોતે બે આદમીઓ જોડે કામ કરીને પરસેવાથી રોપ્યા હતા તેમને અત્યારે કૂખમાંથી ફૂટેલા દીકરા હોય એમ દૂધે ઉછેરવા એનું હૈયું ઊછળી રહ્યું.

- ગલાબડી નમીને કૂણાં પાંદડાંને બચીઓ કરતી હતી. વાડમાં પડેલું ચીહું સમું કરવા કાંટો લેવા ગયેલો કરણ પટેલના હાથમાં જ ઝરડું રહી ગયું ને ગલાબડીના સંધ્યાના રંગોથી ગલ મઢેલા મોઢા ભણી જોઈ રહ્યો.

- 'હાય રે હાય મારા આંબા ડૂંડી નાખ્યા !'

આંબાના રોપ વાટે વહેતા ગલાબડીના ભાવ વાર્તામાં દેખાય છે. કરણ પટેલનું પડખું સેવતી માને જોઈ સુખલાને અનુભવેલો આંચકો પણ વાર્તાના મુખ્ય સ્થળ ખેતરમાં જ છે.

પોષ મહિનાની રાત, ભારે ઠંડી, મધરાતે ઓઢવાનું ખસી જવાથી જાગેલો સુખલો, બા એવી બૂમ, કરણ પટેલની ઝૂંપડીમાંના બે અવાજ, ક્રોધથી ઉખાડાયેલા રોપ અને સવારે હૂંફને બદલે પરસેવાથી ગંધાતી મા, માનું રુદનઃ

- મારા કુડીબંધ આંબા કોઈએ ડૂંડી નાખ્યા રે ?

આંબાના છોડના કેન્દ્રમાંથી દેખાતાં પાત્રો અને ઘટનાનું સમતોલ રૂપે ઘટવું એ વાર્તાની સફળતા પણ 'છેલ્લું છાણું'માં છે તેવા તળપદા શબ્દોની ઉણપ અહીં વર્તાય છે.

'રાહી' વાર્તાનો વિસ્તાર જંગલપ્રદેશ છે. પ્રદેશ કલજી અને રાહીના કથનમાં ઊઘડે છે.

ડુંગરો, કપાતાં ઝાડવાં, ભડકાઓ, કોલસા, મજૂરો, કુહાડા, લાકડાના બુંગડા, કુહાડાની મુદ્દર, પુરુષોની લંગોટી, બે હાથનું ઓઢણું, કાંચળી, પિત્તળની કાંબીઓ, અષાઢના વાદળા જેવી કાળી રાહી, ડુંગર પર ડેરા, વરસાદના રેલાની પેઠે ટેકરી ઊતરતી છોકરી, કપડાની કસ, પથ્થરો, કઢાઈનું ઝાડ, ખેરનું ઝાડ, ગાભા, પીંપળડુંગરી વગેરેના કારણે ડુંગરાળ પ્રદેશની આબોહવા, પરિવેશ, ખડકાળ સ્વભાવ અને પ્રદેશ વગેરે સ્પષ્ટ થાય છે.

તળપદા શબ્દો પણ અહીં મળે છે. પત્તો ખાધો, ધોળુંધબ ફાળિયું, સાંજુકીવેળા, સગલા, ઠેબે ચડાવતી, ડુંગરા દેખવા, ડુંગરા ભમવા, કનેથી, પડતર, ભારો, પલાણ, ખોબો પાણી, પડખે, ઉંબર, ફડફડ થતું હૈયું, ઝપાટો, આયખા ભરનો થાક આવા શબ્દો વડે કથક અને પાત્રોને જીવંત કરાયા છે.

તો કલજીના વર્ણનમાં આવતો પરિવેશ ઘટનાને ઓપ આપવામાં પાત્રોનાં ઉમટતા ભાવને સક્રિય કરવામાં ખપમાં લેવાયો છે.

'આપણો મકામ હતો ત્યાંથી ખીણમાં ઊતરી, પલાણ ચડી-ઊતરી, પેલી બાજુ કોળામાં લાંબો પથ કાપીને આગળ જતો, એકલી મહુડી આવે છે ત્યાં આગળ બે વહેળિયાં મળે છે. ચોમાસાના ચાર દહાડા પાણી હોય પણ એ બધાં વગડાઉઝાડ વચ્ચે એ એકલ મહુડી એવી તો લીલીછમ ખીલી ઉઠે કે

શું કરું વાત ! જાણે બધાં કામ કરતાં તેની વચ્ચે મારી રાહી પણ ત્યાંથી ડાબા વહેળિયાને મારગ ઊંચે ચડતાં આખું ગામ વસે એવડો માળ આવે છે ત્યાં એક ઉંબરાના થડમાં ખાડા જેવું છે ને બળબળતા છપ્પનિયા ઉનાળામાં પણ ખોબોપાણી તાં અચૂક ભરાઈ રહે, પાણી કોઈ ડખોળતું હોય એવો અવાજ આવતાં હું ઝાડની ઓથે ભરાઈ ગયો'

અન્ય વાર્તાઓમાં 'જાનૈયા' વાર્તા લગ્નના કાર્યક્રમના પરિવેશ કરતાં પાત્રોના રહસ્યને ઊઘાડવામાં રોકાઈ ગઈ છે. 'રત્ના કેમ પરણી' સંવાદોમાં ડૂબેલી છે. 'વસ્તો'માં શેઠનું ઘર પોલીસ સ્ટેશન વગેરે સ્થળોમાં દીવાલમાં કાણું પાડવાની ઘટના પરિવેશને મદદે લે છે. પરંતુ વસ્તો, સિપાઈ વગેરે પાત્રોની ક્રિયાઓ મહત્ત્વની બનતી જતાં વાર્તારહસ્ય તરફ જ ગતિશીલ છે. શહેરી પરિવેશની એક સરસ વાર્તા 'પંચાનન' બુટ, બુટની દોરી, ભિખારી, છોકરીના ખુલ્લા બરડે બીડીનું ઠૂંઠૂં ખોસી ભીખ માગતો બાળક, ઓરડી, ફકીર તેનાં દુઆ-ગીત વગેરે આવે છે. જે વાર્તાને ગતિશીલ બનાવે છે.

આ રીતે વિસામોની વાર્તાઓમાં આવતો દવાખાનું , ખેતર, ગામ, ઘર, વગડો, બજાર, સીમ, ધારાસભા, નેળિયું વગેરેના સ્થળપરિવેશ એની તમામ બાબતોથી પાત્ર કે ઘટના સાથે ન સંકળાતાં કેવળ જરૂરી વિગતોથી વાર્તાના મુખ્ય પ્રવાહને ગતિશીલ રાખવામાં સર્જકતા કામે લગાડાઈ છે.

ઉમાશંકરના બંને વાર્તાસંગ્રહોની છત્રીસેક વાર્તાઓમાં ગ્રામપરિવેશ વધુ કારગત નીવડ્યો છે. તત્કાલિન સામાજિક પ્રશ્નોને માનવીય સંવેદન સહિત ગામડાનાં તત્ત્વોમાં ગૂંથવાનું કાર્ય ઉમાશંકર કરી શક્યા છે. વાર્તાના પાત્રોને એનું નિજી સ્થળ મળતાં તે જીવંત બન્યાં છે.

**સુન્દરમે** પહેલી વાર્તા 'લૂંટારા' ૧૯૩૧માં લખી અને અંતિમ લાંબી વાર્તા ૧૯૭૮માં 'પાવકને પંથે' લખી હતી. કુલ પાંસઠેક વાર્તાઓ તેમની પ્રસિદ્ધ છે. એમના અનેકવાર શીર્ષકો બદલાયેલા અને વાર્તાની સંખ્યામાં ફેરફાર થયેલા વાર્તાસંગ્રહોને અંતે તમામ વાર્તાઓ આવરી લેતા મુખ્ય પાંચ વાર્તાસંગ્રહો છે. ગોપીથી હીરાકણી (૧૯૮૬)- જે હીરાકણીનામે ૧૯૩૮માં પ્રગટ થયેલો, બીજો પિયાસી(પ્ર.૧૯૪૦ – અં.૧૯૭૭), ત્રીજો ઉન્નયન (૧૯૪૫) – જે ખોલી અને નાગરિકા (૧૯૩૯) નામે હતો. ચોથો તારિણી (૧૯૭૮) અને પાંચમો મરણોત્તર સપ્રકાશિત હુતાશણી અને બીજી વાતો (૨૦૦૮). આ પાંચ વાર્તાસંગ્રહોમાં માનવજીવનના અનેક ક્ષેત્રોમાં ટૂંકી વાર્તાઓનો વિહાર થયેલો જોવા મળે છે. લગભગ પચાસ વર્ષે ટૂંકી વાર્તામાં તેઓનું સતત પ્રદાન રહ્યું છે. પરિવેશની દૃષ્ટિએ આ વાર્તાઓમાં વિવિધતા જોવા મળે છે. કેટલીક મહત્ત્વની વાર્તાઓને લક્ષમાં લઈને તેમાં પરિવેશનિરૂપણ કઈ રીતે થયું તે જોઈએ.

વાર્તાઓમાં અરણ્ય, ગ્રામ, રોમાંચક, સાંસારિક, શૈક્ષણિક, ચૈતસિક, વૈચારિક, નગરજીવન, તળનગર, દલિતસંદર્ભ જેવા અનેક પ્રકારના પરિવેશને ખપમાં લેવાયો હોવાથી તેના વિભાગો ન કરતાં કેટલીક મહત્ત્વની વાર્તાઓમાં સક્રિય થતા પરિવેશની નોંધ લઉં છું.

'લૂંટારા' સ્થળપરિવેશ સાથે રસાતી પરિસ્થિતિના કારણે ગતિશીલ છે. રાત, વગડો, ગાડાં, વાતો, ગીતો, ધમકારા, હેકા, કે...નો લહેકો, ધારો, હાંલ્લી, સાયબી, ટાઢું લોહી, ધમાટો, હવામાં સામસામે તરતા દોહરા, તાજુડીઓ, ઝાલણિયું, ગોદા, ભાગોળ તાલુકાનું ગામ, જંકાનેરની જીન, બેડિયાં, બિસ્તરાનું ઓશિકું, ખાડા-ટેકરાવાળા રસ્તા, ગાડાવાળાની બૂમો, બળદના ઘૂઘરા, માતેલા બળદ, સાંકડી નેળ, નદીનું પાણી, ડોલતી શીંગડીઓ, તળેની રેતીનો કચડાટ, જમીન, ખેડ, કલમનું જોર, ભાડું, હાંલ્લી, કોઠીઓ, કોરટ, દાણા, ટેકરું, પેટ, કોઠીઓ, છાશ, કપાસ, બીડી, દીવાસળી, કૂતરાં, હવેલી, પૂંજી, દસ્તાવેજ, કલમ, બાયડી, ભાઠું, ગોરાટ જમીન દડ, બિસ્તરો, બુકાનીવાળા આઠેક જણ, આથમેલા દાડાનો સમય, હાથમાં ધારિયાં, સરકાર, જામીન વગેરે દ્વારા સર્જાતો પરિવેશ સંવાદો, પત્ર, લૂંટની ઘટના, કથકની શિષ્ટભાષામાં વણાઈ જાય છે. વાર્તામાં આંતરિક સુસંગતતા દેખાય છે. લંડનનાં ચિત્રો, રશિયાના મુક્ત ખેડૂતો, પાટણવાડિયા કોમ વગેરે વિગતો પણ વાર્તામાં ભળી ગઈ છે.

'પૂનમડી' વાર્તામાં નગરમાં વસતું ગામડું છે. ભાડાનું મકાન, અસ્વચ્છતા, રસ્તા પરનાં છાણ, ધૂળ, સળેકડાં, રોડાં, આકાશમાં સાંજના શનૈઃ શનૈઃ તારા, રસ્તામાં પડેલી પાણી ભરેલી તપેલી, બારી, ઓરેલી ખીચડી, શીકામાંના બટાકા, પાણી વગરનું પાણિયારું, મેડાનો સાંકડો દાદર, શાક, સગડી, અર્ધા ચડેલા શાકે ભોજન, ગાગર, ઘડો, પાડોશીની ઘંટોનો ઘોર, ઊંધો પહેરાયેલો કોટ, ધૂળિયો રસ્તો, ધૂળ ભરેલાં છોકરાં, ધૂળ બાઝેલી ભીંતોવાળાં ઘડો, ફિક્કાં મોઢાંવાળા ગામના માણસો અને ઢોરો, ભાગોળે ધૂમાડો ઓકતી જતી રેલગાડી, તમાકુના ધુમાડા અને છીંકણીના ઓઘરાળાવાળાં માણસો, મિલ, છાપખાનાં, કુટણખાનાં, ઢેખારા, પાણીના રેલા, એંઠવાડ, રાતી મોજડી, કાંડે ચાંદીનાં કલૈયાં વગેરે જુગુપ્સાભર્યા વાતાવરણમાં 'જીવનની મીઠાશ' બની જતી પૂનમડી અને સંવાદોની ધારથી વહેરાતું દામ્પત્યજીવન. કથક કહે છેઃ

- મારી આંખો આગળના પદાર્થો શૂન્યમાં ફરી પાછા અલોપ થવા લાગ્યા વડ, ભગોળ, ઉકરડા બધું અલોપ થયું

'યાનશીબ'માં 'નાનકડી દીવાસળી' જેવડી ઓરડીમાં મિત્રોનો 'વિચિત્ર શંભુમેળો' છે. રમૂજથી સંકડાશ હટતી જાય છે.

ઝરુખામાં લપાવું, રોટલી-દાળ-શાકની પીરસાયેલી થાળીઓ, બે ફૂટના ખાંચામાં રસોડું, કોળિયો, અથાણું, બરણી, વાઘે ઝાલ્યા હોય એવી બૂમ, સાંકડો દાદર, ઘરવખરી, નાનો પાણીનો બંબો, દાળના સબકડા, સામે ઘેર ગ્રામોફોનનો અવાજ, શાકની કઢાઈ, પોળનાં એંઠાં વાસણો, વીશી, વીશીનો સુઘડ સ્વચ્છ અજવાળાનો ઓરડો, રાચરચીલાની ગોઠવણી, ખોરાકમાં દાળ-શાક-કચુંબર-પાપડ-અથાણું-કંસાર-ઘી, મીરાં-નરસિંહ-કબીર-ચૈતન્યના પદો, મે મહિનાની ગરમી, ઘરમાં ધુમ્મસ, ખીંટીએ ટીંગાડેલી રૂ ચોંટેલી કાળી ટોપી, મેલાં કોટ, રોટલા, સગડી ફૂંક્યા કરવી, ગાંધી ટોપી, તાંબાનો હવનકુંડ, લાકડીઓ, ચોટલીની આંદોલિત ગતિ, વેદમંત્રોચ્ચાર, મીઠી સુગંધોવાળો ધૂપ, રવેશની એક બાજુએ ચડતા સૂરજનો તડકો, ચોકમાં સોનેરી સૂરજની શેતરંજી, હોટલોની રેકોર્ડનો અવાજ, બંસરીવાળા ભિખારીનો અવાજ વગેરે દ્વારા વિચારો, સંઘર્ષો, સંવાદોની રમૂજ, સામસામે ટકરાતું ઓરડી અને વીશીનું વાતાવરણ, લગ્નપ્રસંગ વગેરે વ્યક્ત થતું જાય છે.

'ગટ્ટી' વાર્તામાં નારીકેન્દ્રથી ઘર-ફળિયું-ગામ તાદશ થયાં છે. શારીરિક-માનસિક તરસ વચ્ચે જીવતી વહુની કુંઠિતતા નીચેના પરિવેશથી વ્યક્ત થાય છે.

ઘરનો ખૂણો, ઓટલી, ડાઉં ડાઉં કરતું કૂતરું, ફેંટો, આંગણું, તડકો, ટાટિયું, ચોખાની કણક, નાની ખાટલી, તાજા વણેલા પાપડ, બિલાડી, કોંબી અને સાકળાંનો આછો અવાજ, હાથમાં વેલણ, ઊંચાઈથી બારણાને ભરી દેતો પુરુષ, કાનમાં લટકતું લોળિયું, આંખની મેશ, કપાળનો ચાંલ્લો, ઘેરદાર ઘાઘરી, લીલી તસતસતી ચોળી, કાંડા પર રણકતી બંગડીઓ, રાતાપટાવાળી ગોદડી, બારણા આગળ કાઢેલા જોડા, નમતા પહોરનો તડકો, આણું ઢોર આવ્યાની વેળા, ખાટલા નીચેનો પાણીનો લોટો, ફેંટાનું ઓશિકું, માથે રૂમાલ, મોજડી અને દાબડી લાવ્યા હશેની મજાક, બીડીની ગડી, બારણાની તડમાંનો પ્રકાશપુંજ, બે બાયડીઓની વાતો, ઈંટો અને ધૂળમાં ઠકરાતા પગ, ગીરો ઘર, બળદ, ખેતર, છાપરાં, ફાનસો, ભગતના દોહરા, કકળાટ કરતાં કૂતરાં, ભીંતે મૂકેલું દિવેલનું કોડિયું, ધૂપેલ નાખી ઓળેલા માથાનો આછો ઝગારો, બંગડીઓનો મંદ રણકાર, શમણાંનો સંઘર્ષમય બબડાટ વગેરે સ્ત્રીની ચેતનાને બરાબર સ્પર્શે છે.

'ભીમજીભાઈ' ગાંધીજીના જીવનનું આંધળું અનુકરણની વાર્તા. બાહ્યપરિવેશમાં વિજ્યાનો સંસાર અને આંતરિક બ્રહ્મચર્યના વિચારનો પરિવેશ સામસામે મૂકાયા છે.

બ્રહ્મમુહૂર્ત, શાન્તજગત, નિર્મળ આત્મા, પ્રસન્નચિત્ત, ઈન્દ્રિય-સ્વસ્થતા, બારકોલી રેંટિયો, પીતળના બેરિંગ પર સુંવાળપથી ફરતી ઘરી, સૂતરની કોકડી, ચાક,માળા, પૂણીની પેટી, એક બારી, નાનકડું કબાટ, લાકડાની થોડીક ખીલીઓ પલટતો તોલિયો, મધ્યમ પીંજણ, હાથપીંજણ, પીંજવાની સાદડી, આછો ઉજાસ, વૃક્ષોની હરિયાળી ઘટા, ભીંત પર મોં રાખી બેસવાનો નિયમ, ગાંધીજીની

ચબી, વચનામૃતોનું મનન, ઉપદેશો, ચીવટથી કાઢેલાં ચંપલ, ભાત-ગોળ અને છાશનું ભોજન, પાપડીની કણીથી થયેલ આસ્વાદવ્રતભંગ, નિત્યનોંધ, વીંછી કરડવાની ઘટના, દવા નહીં, વ્રતભંગના પ્રાયશ્ચિતોની યાદી, તૂટતા તાર, ગાંધીજીની છબીએ આપેલો ઠપકો, ભીમજીભાઈના મનમાં યોદ્ધો – ધનુષબાણ – હાસ્યાસ્પદ સંઘર્ષ વગેરે વડે રમૂજભર્યો બનતો પરિવેશ વાર્તાને મુખર અને સંદેશપ્રધાન બનાવે છે.

'મિલનની રાત' વાર્તામાં જમાઈની સાસરામાં પરોણાગત છે. ઉલ્લાસ, મનોજગતનો સ્પર્શ અને સંબંધોના તાણાવાળામાં ગામડું ગૂંથાયું છે.

શિયાળાની એક સાંજ, ફળિયામાં પ્રવેશતા આશાહોણને આવકાર, સૂપડા વડે ભરડેલા કોદરા ઝાટકતી સાસુ, ઘૂંઘટો ખેંચવો, ધોળી ગોદડી નાખવી, ખભે પછેડી, ચીકણી લોટીમાં પાણી, ચૂલો, દેગડી, બેડું, ગાગર, હળલાકડાં, ગાડાં બળદ, તાપણી, ઓટલી, કરોંઠીનો દેવતા, ચલમ, હુક્કા, બિલાડી, પાણીનો કળશ્યો, ફેંટો, મશાણ, વાંસડો, માટીના ખોરડા, કાથીના ખાટલા, ખોરા ઘૂપેલની સોડમ, ચુંગીની આકરી તમાકુની ગંધ, ચૂલો, બળતું સંકેલવું, કલેડા નીચેની બળતણની ચંચળ ઝાળ, રોટલાની મીઠી વરાળ, ચિતા-ચૂલો અને ચોરીનો વિચિત્ર તાપ, ખેતરમાં પડેલું હીમ વગેરેમાં હસી-મજાક, સામાજિક રીતરિવાજોનો સંઘર્ષ વ્યાવસાયિક બાબતો વ્યક્ત કરતાં સાળીને પત્ની બનાવવાની વાત માનસિક પરિવેશમાં પણ વણાયો છે.

'આશા'માં ઘર છે. ઘરમાં નણંદના અરમાનોનું વિશ્વ છે. કાળા રેશમ જેવા વાળમાં ફરતી કાંસકી, ત્રણપાંખાળો આરસો, લીલારંગનો ઝૂલદાર ચણિયો, સોનેરી ભરતની કિનારીવાળી રેશમી ભૂરી ઓઢણી, બારીમાંથી આવતો તડકો, ખંડનો આછો ઉજાસ, આયના પર ચાંચો મારતો ચકલો, ખુરશી, સાડી, ભીંતમાંનો કબાટ, નાના દાબડામાં હીરાએ જડેલાં એરીંગને કંકણ, ઘેરી ઝાંયવાળો બ્લાઉઝ, સેન્ટની સુવાસ, ખેસ, પાઘડીઓને ટોપીઓ, ચાંદીની મૂઠવાળી લાકડીઓ, મખમલી ખુરશીઓ સોફા, ઈસ્ત્રીદાર કોટ-પાયલૂન, ખિસ્સામાંથી જરાક દેખાતો રૂમાલ, જયપુરની કારીગરીભર્યાં પિત્તળના ફૂલદાનો વગેરેમાં અરમાનોભરી કોડીલી કન્યાનું પાત્ર ગૂંથવાનો સર્જકનો પ્રયાસ છે.

'જમીનદાર'માં સીમનો સ્થળપરિવેશ હાઉસીંગ સોસાયટીમાં પલટાતાં રહેંસાતો મનાજીનો કુટુંબપરિવેશ છે.

ખેતર શેઢો, કોદાળા, ફળિયું, પરસેવાનાં ટીપાં, સૂરજનો તડકો, થોરની વાડ, પીલુડીનાં ઝીણ ઝીણાં પાંદડાંની ઘટા, અભેદ્ય દીવાલો જેવાં સ્થિર થોરનાં પાંદડાં, પવનનો સુસવાટ, ડોલતી

પીલુંઓ, જાળાં-ઝાંખરાં, રોટલા, ચકચકતી મોટર, બીડીઓના ધુમાડા અને વાતોથી ધુંધવાતો ઓરડો, હાટડી, ઘાસનો કલ્લો, 'સીસોટી', વાવેલા પાકમાંથી ખરી પડેલા દાણાના છોડ, બંધાતાં મકાનો, ખભા પર લાકડી, દેવાનું નામું, 'અંબિકા વિજય હિન્દુ હોટલ', નાળિયેર, ધૂળના ગોટા, તળાવ, ભેંસ, ૧૦૩ નંબરનો ફ્લેટ, ઝરમર વરસાદ, માળી વગેરેમાં કચડાતો ગ્રામપરિવેશ છે.

'માને ખોળે' એના સાંકેતિક પરિવેશને કારણે જ સતત ચર્ચાતી રહી છે. ભાગોળથી નદી સુધીના રસ્તામાં શબૂનો સમગ્ર ભાવપરિવેશ કથકના સમતોલ નિરૂપણથી રસાયો છે.

નદી કિનારો, ઊંચી નીચી ભેખડો, છેવાડેનું ફળિયું, કોતરમાં ઊતરી પડતો રસ્તો ચૂંગી, મોંમાંથી નીકળતા ધૂમાડા, કોતરની ટોચેથી ઝગારા મારતાં દેખાતાં નદીનાં પાણી, ઝાર, આરસી માફક તગતગતો કિનારાનો કાદવ, શબૂની નજરે જોવાતી સામી પારની લીલી ઘેરી સીમ, વાડ, વાડમાંની કંથાર, બોરડી, અનૂરીનાં જંગલી-કાંટાળાં જાળાં, કાળાં રતૂમડાં કંથારાં, કાચાં અનૂરાં, કંથારનો વાગેલો કાંટો, મરક મરક હસતી ચણોઠીઓ, ઘેરદાર ચણિયો અને કોરી ચુંદડીનો સડ સડ અવાજ, હાથ પર રણકતાં બલૈયાં, ઘાનની ઢગલી જેવો પોદળો, કોતરના મથાળા સુધી ઉઠતી ધૂળ, એકલું ચરતું બકરું, નવાં કપડાં અને ચાંદીનાં વજનદાર ઘરેણાંનાં ભાર, મોઢિયાળું કપડું, બૂમને પિયર તરફ લઈ જતો પવન, વરું જેવું મૂંછાળું મોં, બીડીની ગંધ, પરબ વગેરેમાં શબૂના ચિત્તના ઝોલા અને હત્યાની ઘટના ને ભૂમિકા પૂરી પાડે છે.

'અંબા ભવાની' વાર્તા રહસ્યમયતા, લાલસા અને ધાર્મિક ક્રિયાકાંડ વચ્ચે ચાલે છે. વાર્તામાં દશ્યાત્મકતા મહત્ત્વની બને છે. ઓવારા પર કાછડાવાળીને ગૌરશ્યામ પગો વડે આમતેમ ફરતી ઊછળતા ધોખા સાથે ચુડલા અને બંગડીઓના રણકાર ઉપજાવતી તાંબા પિત્તળના ઠામને છાશથી ઘસી-માંજીને ચકચકતાં કરી પાણી ભરી માથે મૂકી પગથિયાં ચડતાં ચડતાં કાછડા ઘોડી ઘટ્ટ કલ્લીએ પહેરેલ સાડલાની શોભાને ઢળકતી મૂકતી માથાના ચળકાટને ક્રમે ક્રમે છુપાવી દેતી ગ્રામસ્ત્રીઓનું તળાવની વચ્ચેથી થતું દર્શન વાર્તાના પરિવેશનિરૂપણની ખાસિયત બને છે. તળાવની ચોમેરના પરિવેશને તળાવના મધ્યમાંથી લોકેટ કરવાની આ વિશેષતા વાર્તામાં મળે છે.

'મીનપિયાસી'માં દેવું નિવારવા શહેરમાં ગયેલા વૃદ્ધ અને તેના પરિવારની વાત ગામડાની યાદો અને નગરસ્થળ વચ્ચે ઝુરે છે ઝૂલે છે. 'વીજળીના થાંભલા' અને 'પાની મેં મીન પિયાસી' ભજનનો વારંવાર ઉલ્લેખ વ્યંજનાના સ્તરે છે. તો વાર્તાનાં ઉત્તમ દશ્યો –

- કાળી માટી પર તાજો વરસાદ પડતાં જે ચમક આવે તેવી ચમક તેમાંથી આવતી હતી.
- મંજીરાંની પાંચ જોડો પાંચ હાથમાં ઘેલી બનીને રણઝણવા લાગી.

વાર્તામાં ગ્રામ્ય અને શહેરી જીવનને સ્થળ અને અ-સ્થળના ટકરાવમાં મૂક્યું છે.

'માજાવેલાનું મૃત્યુ' પણ આમ જ આખો ચાર પેઢીનો પરિવાર પણ નગરનો, ફૂટપાથ પર રહેતો પરિવાર છે. સ્થળ પણ કેવું –

- સાંજના શિયાળાનો સાતેકનો વખત હતો અને તપોવનના યજ્ઞના ધુમાડાની પેઠે કારખાનાનો ધુમાડો સર્વત્ર વ્યાપેલો હતો. યજ્ઞના ધુમાડાની પેઠે તે આંખને બાળતો હતો. ગંધ હતી ગટરની.

ફૂટપાથ, ટાવર, ખિસ્સાં કાંતરવાં, ઘર ફોડવું, ખંભાત અને દરિયાની ભરતી યાદ કરવી, સૂતરફેણી ખાઈને મોજથી મરી જવું સમગ્ર પરિવેશ એક શાનદાર જીવતા ફૂટપાથના જીવનને છતું કરે છે.

તો 'ખોલકી'માં કથક ધાર્યા અંત તરફ વાર્તાને વાળે છે. સ્થળસંદર્ભના સંકેતો સૂચક છે. ફળિયામાં ભસતાં કૂતરાં, આંગણાંમાં ઢાળેલા ખાટલા, ખારેક જેવો ગળાનો હૈડિયો, જરા જરા દેખાતો રૂમાલ, ફેંટો, ચાંદીની સાંકળીવાળા ખમીસનાં બટન, બારીની ફાટમાંથી જોવું, લીંપેલો ચોખ્ખો ચંદન જેવો ઓરડો, ઊગમણી-આથમણી બારીઓમાં દીવાનું રાતું અજવાળું લીંપાતું, બીડી સળગાવવી, કૂતરાં ભસવાં, સિગારેટ સળગાવવી, મોંઢામાં ધુમાડાની છાક, થૂંકવું, હાડકાં દબાવાં દર્શાવી આપે છે. સમાજની અ-વ્યવસ્થાને વ્યંજીત કરે છે.

આ રીતે સુંદરમ્‌ની વાર્તાઓમાં ઝીણી વિગતોનો વણાટ મહત્ત્વનો બને છે. ક્યાંક દશ્યાત્મકતા પણ સિદ્ધ થઈ છે. વાર્તાકથકની ઊતાવળ અહીં નથી. બંને તરફની પરિસ્થિતિઓનું સમતોલ નિરૂપણ વાર્તાઓને એકપક્ષીય, સિદ્ધાંતલક્ષી,આદર્શવાદી કે ભાવવાહી બનતી અટકાવીને વાર્તાનાં પાત્રો, ક્રિયાઓ,ઘટના, સંવાદો સાથે પરિવેશને જોડી આપે છે. વૈચારિક સૃષ્ટિ કે કથકના હસ્તક્ષેપ જેવી કેટલીક મર્યાદાઓ બાદ કરતાં પરિવેશ પાસેથી સુન્દરમ્ સારું એવું કામ કરાવી શક્યા છે.

**ઝવેરચંદ મેઘાણી**ની નવલિકાઓ બે વિભાગમાં વહેંચાઈ જાય છે. એક તો એમની પોતાની મૌલિક વાર્તાઓ અને બીજી કશાનો આધાર લઈને રચેલી વાર્તાઓ. જેમાં બનેલા બનાવ પર આધારિત હોય જેમ કે, 'મરતા જીવનને મોંએથી' અથવા 'પલકારા અને પ્રતિમાઓ'ની જેમ અંગ્રેજી ફિલ્મો આધારિત વાર્તાઓ. આધારવિહોણી વાર્તાઓ કરતાં આધારવાળી વાર્તાઓમાં સ્થળપરિવેશ વધુ સઘનતાથી આલેખાયો છે. એ એક ખાસિયત બને છે. બીજું કે તેમની વાર્તાઓને નગર-ગ્રામ્ય એવા સ્થળભેદે વહેંચી શકાતી નથી, કારણ કે નગરજીવનની તેમની વાર્તાઓમાં પણ ગ્રામજીવનના સંવાદો, ગ્રામસ્થળો અથવા નગરપરિવેશના સઘન નિરૂપણનો અભાવ જોવા મળે છે. 'સૌરાષ્ટ્રની

રસધાર' 'માણસાઈના દીવા' 'સોરઠી બહારવટીયા' વગેરેના વાસ્તવજીવનના સીધા આલેખન જેવા કથાનકો ખેડ્યા પછી પણ સર્જક એ કથાઓનો પડછાયો આ સર્જનાત્મક એવા fiction ઉપર પડવા દેતા નથી. પરિણામે વાર્તાઓને 'મૌલિકતા' નિરૂપણ પરત્વે સાંપડેલી જોવા મળે છે. અહીં 'ચમત્કારો' 'શૌર્યની તરફેણ' 'રોમાંચક કથાનકો' એ બધું વાર્તામાં નથી તેથી વાર્તાઓ વધુને વધુ સામાજીક બની છે. સમાજની વિશિષ્ટ એવી સમસ્યાઓ તરફ તેમનું ધ્યાન કેન્દ્રિત થયું છે. 'જેલ-ઓફિસની બારી'માં તેઓ જેલજીવનની સમસ્યાઓ લઈ આવ્યા છે. અન્યમાં તેમણે દામ્પત્યજીવન અને અન્ય માનવસંબંધો, સ્ત્રીઓના કષ્ટો વગેરેને વિષય નિરૂપણમાં આલેખ્યા છે. શિક્ષણજીવનમાં પ્રવેશતાં સર્જાતા પ્રશ્નો, ધંધાકીય પ્રસારના પ્રશ્નો અને આ તમામની સરેરાશ જીવન પરની અસરો તેઓ આલેખે છે આ પ્રકારની વાર્તાઓને ગ્રામ્ય અને નગરના સ્થળપરિવેશમાં તેઓ સફળ રીતે આલેખી શક્યા છે. અહીં પરિવેશ પાસેથી સભાનરીતે કામ લેવાનું તેમનું લક્ષ્ય ઓછું અને વાર્તા-કથા નિરૂપણને ઘૂંટવાનું, નિરૂપણની સરળસાદી પદ્ધતિઓ અપનાવવાનું તેમને ફાવ્યું છે. ગાંધીયુગના પ્રભાવ હેઠળ તેઓની સાદી-સરળ નિરૂપણરીતિ અને નગરને પણ ગ્રામ્યપરિવેશની નજીક રહીને આલેખવાનું આ મહત્ત્વની વિશેષતા તેમના પરિવેશનિરૂપણમાં જોવા મળે છે. કેટલીક મહત્ત્વની વાર્તાઓનો પરિવેશ વણાટ જોઈએ :

સંસારનું મંગલાચરણ, ભૂખ્યાં જઠરની આગ, દોરેલાં ચિત્રો, હજારો રૂપિયા મળવાની આશા, વતનનું વહાણ, નિષ્પાપ માનવનો દેહ સ્પર્શ, કલંકનો સોનાનો કળશ, ઘાસ અને ઢેફાંમાં અવતાર વિતાવતા ખેડૂતો, મોતી જડ્યા કુંડળ, હીરાના હાર, બંડળી, બાજુબંધ, રબ્બરના ટાયરની સુંવાળી બગી, મહેફિલનાં નાચ-ગાણાં અને ખાણાં-પીણાં, ગોળીબાર, તાળુ-ચાવી, પાંદડાંનો મર્મરધ્વનિ, મધરાત પછીની મદભભકતી મહફિલો, પ્યાલીમાં ટપકતાં ઔષધિયોનાં ટીપાં, મોટાશહેરની આલેશાન ઓફિસ, નોંધપોથી, સાહિત્યરસની સાક્ષીનાં પુસ્તકો, કલાત્મક ચિત્રો, સ્ટડીરૂમ, ૬૦રૂપિયાની કારકુની, કમાડની તરડ, સમાધિભંગનાં ઢોલ-શરણાઈ, રાંધ્યાં ધાન ચૂલે, કમ્મર સમાણી કાળી કેશ-લટો, અહેવાલોની કાપલીઓ, ચાહની કીટલી, ઢેબરાં, પેંડા, મોસંબી, નિઃશબ્દ ઘર, પાછલી ગલી, મહાસાગરનાં મોજાં જેવી નિર્બંધ, પવનની લહરી જેવી પુત્રી, ભખભખ ધુમાડા કાઢતું મશીન, કોમળ હાસ્ય, ચોગમ શૂન્ય શૂન્ય, આલેશાન રાજનગરના સરેઆમ રસ્તા, ભાડાનો ફ્લેટ, ટેલિફોન દુઃખબંધુ, મુખ પર તેજનાં મોજાં, મહાસાગરના લહેરીયા ઉપર લીસ્સો એક ચીરો પાડતી ચાલી જતી આગબોટ, યુરોપ પ્રવાસ, ધગધગતા જીવન પર વાયેલો વાયરો, બાઈસિકલિયા પાડોશી, બારણા પર ટકોરા, ચેતનનો ધ્વનિ, પુરાતન ઈમારતોનો દરવાજો, પ્રેતસૃષ્ટિ, શરાબની

મહેફિલ ઉડાવતાં માતેલાં સ્ત્રી-પુરુષો, મધરાતનો બિહણ...સજિયાં અકેલી દુ:ખ દે !, ટપકતું ગળું, વિકરાળ અતિથિનો ઘુરકાટ, રાફડામાંથી જાજડભુંજગ જાગે એવો અસુર અંગમાં, રિવોલ્વર, જળદેવીના સાળુ પર આથમતો સૂર્ય, બુદ્ધદેવની પ્રતિમા, સૂર્યાસ્તે બારાની અંદર નાંગરેલું વહાણ, બાગમાં બજી રહેલાં નૃત્યનાં ઘેરાઝંકાર, કાચનાં કમાડોની ઝીણી ચિરાડો, બાગની હરિયાળી ઝુંડઘટામાં ચળાતી ચાંદની, દર્દભરી નિગાહ નાખતો નાવિક, ફાગણ-ચૈત્રની ઊઘડતી કૌમુદી, પાયગામાંથી આવતા અર્ધનિદ્રિત સ્વરો, માતાની હૈયાફાટ ચીસ, આસમાની બત્તીઓ, સુગંધી હવા, ડોલરના ફૂલહાર, દૂર દૂર રણઝણતા ઘૂઘરા, રેલગાડીનો પુલ, મોટરનાં ભૂંગળાં, અટ્ટહાસ્ય, ઔષધભંડાર, રાતની કડકડતી ટાઢ, અંધારી રાત, ઊંડી નદીનો નિર્જન આરો, સેન્ટ્રલ જેલની અજગર સરખી લાંબી કાળી દીવાલ, કલેજા ચીરતી ઠંડી પવન-સુસવાટ, બીડીના ધૂમાડાનાં ગૂંળામાં નજર, કાબરચીતરું પાટલૂન, ઉપર સફેદ રંગનો કોટ, યુનિવર્સિટી સેનેટ, ખાંસીનું ઠસકું, મ્યુનિસિપાલિટી, હાઈસ્કૂલનું મકાન, ટપાલમાં આવેલા પત્રો, અરીસો છેતરામણો થઈ જવો, ઊંટથી ભેંસ ભડકે એવું થવું, દરિયાકાંઠાના ખારવા, ડુંગરના ભીલો, ગામડાના કોળીઓ, રસશાળા, નાટકો ને સિનેમાના પડદા, લોકકલ્યાણની વાતો, બરતરફ નોકરી, ટાઢા ધીરા હવા પ્રકાશે શોભતું પુરાતન મકાન, ખુશબોદાર ક્રિમનો લેપ, પાણીપતનું પહેલું યુદ્ધ, રેશમીવસ્ત્રે શોભતી સ્ત્રીને વીંટળાઈને મંગળગીતો ગાતું ટોળું, નરી નિરાકાર નિગાહો, ધોળમંગળ, ખભા ઉપર ઉતરડાઈ ગયેલો બાપુનો ડગલો, ધર્મપાઠોના ધ્વનિ, પાપોની ક્ષમાપનામાં ગૂંજતા સ્તોત્રો, આકાશના તારા જેવડાં આંસુ, ચીબલાં ધિંગાં બાળકોનું જૂથ, શાંતસ્વરે તાલબદ્ધ છોળો ગજાવતો દરિયો, કુણા ચામડાની સૂરવાળ, ખીજાયેલાં સાગરની થપાટે થપાટે ગોથાં ખાતી હોડી, રાઈફલ, પ્રભાતની શિકાર-સહેલગાહ, ગોરા સોદાગરોનું જંગી જહાજ, શંખલાની માળા, શીંગડાના ઢગ, બરફનાં ઝાપટાં, દેશી ઓરતનું જીવન શરાબીમાં રોળનાર વિદેશીઓને ભાલાનું આલિંગન, દરિયાઈ દાનવોના મહાકાલ સ્વરૂપ, વરસાદની ઝડી, પલળતા શરીરની મેઘધનુષ્ય જેવી શોભા, હાટકેશ્વર, વળગણા ઉપર લટકતાં થીંગડાં મારેલાં કપડાં, નિસ્તેજ રાચરચીલુમ, તરફડાયેલ અરીસો, અદાલતના લાગણીહીન પ્રશ્નો, મીઠી તમાકુના ધીરા ધુમાડા, જલ્લાદની કુહાડીનો ઝાટકો, ચાદરની સોડ, નૃત્યગીતના સ્વરહિલ્લોળ, ઘુવડના અંધાર વીંટ્યા અવાજ જેવું હાસ્ય, ખળાવાડોમાં સોનાવરણા પાક, તબડબડ તડબડ ઘોડાના ડાબલા, વડલાનાં પાંદડાં વચ્ચે ચળાતો પ્રભાતનો તડકો, સુબા કચેરીનું કસ્બાતીગામ, પહાડોના પથ્થરે પથ્થરે કીનાનું છૂપું હથિયાર ઘસાય, સભાગૃહમાં સૂનકાર, ખળખળ વહેતી પરાળ, ઝરણાંને કિનારે જાંબુડાના ઝાડની ઘટા, રાજનાં થાણાં, નિશાનબાજી, કિલ્લેબંધી, લોકસૈન્ય, બહારવટિયા, જળજળિયા ભરેલી આંખો, ભેળવાળું દૂધ, માસિકો-અઠવાડિકો, અંતઃકરણમાં

ચાલતી છૂરીઓ, વાઘ-દીપડાના દાંતો વચ્ચે ભીંસાતી આંગળીઓ, કાગળોનું પરબિડીયું, માથામાં મોજડી મારવી, ટ્રાફિક સુપરિટેન્ડેન્ટ પરનો તાર, જીવતી ભૂગોળ, ગાડીનો વધતો વેગ, દક્ષિણનો પ્રવાસ, સુખડથી મહેકતો મલબાર, સંગીતધામ બેંગલોર, નાળિયેરની વનરાજી, હિમાલયનાં શૃંગો, રામેશ્વર સેતુબંધ, વીજળીની કોશ, ચિંતાની ગંગા-જમના, સીમાડા વેધતી તીણી નજર, શિકાર-મંડળી, છેલ્લામાં છેલ્લી ઢબની બંદૂકોમાંથી છૂટતી ઉપરાછાપરી ગોળીઓ, આગગાડી, સ્વજનની મીંચાતી આંખ જેવો ઝીણો થતો જતો ગાર્ડનો ડબ્બો, તારની રેઈલિંગ, ગરમપાણીની વાકી, ગાડીમાં ગિરદી, માનવ-કલેવર, કેમેરાની ચાંપો, દેવાલયમાં કે પ્રાચીન ખંડેરમાં થાય એવી શાંત પગલીઓ, ઊતરેલા પહેરણોની ચાળ, વાળુટાણું, ઘોડિયે પોઢેલું બાળક, સરિયામ રસ્તા પર ઊંધી વળેલી લોટની ટોપલી, દેવ મંદિરવાળી પોળ, અધમણ જુવારની ચણ્ય, પ્રવાહી કીચડની સપાટી ઉપર પવનની લહરીએ મચ્છરોના થર, મદારીનાં માંકડાં, પથ્થર ખાણ, તુલસીનાં ક્યારાવાળાં ફળિયાં, મંદિર, સેકન્ડક્લાસનો અરધિયો ડબ્બો, બીડીનું ખોખું ઝગવવું, લાકડાની પાટલીનું બાલોશિયું, મેનાગુર્જરીનું પાત્ર, પાટણની પટોળી, સાંકળના શિર પછડાટા, બિહામણી રાતનું ઝમ ઝમ અંધારું, નિસ્તેજ દીવા, સુધરાઈનાં ઝાંખા ફાનસ, નદીએ હેલ્ય, પશુવધ કરનારાં મંદિરો, ઓરડાની હિંડોળાખાટ, ત્રાંબા-પિત્તળનાં ઠામડાં, રાજના દાગીનાની ચોરી, ખોરડું, ખાદીનાં જાડાં કપડાં, ગાયનું વાછરડું, સિગારેટની રાખ રકાબીમાં ખંખેરવી, ઢીમણાંના ડાઘા, ચૂલા ઉપર આંધણ, આઈસ્ક્રીમ પાર્ટી, સાંજના તડકામાં શોભતો કેસરી રંગ, આસમાની સાડી અને સ્લીપરની જોડી, ટપાલની થોકડી, જંક્શન, ધર્મના સોગંધ, બળદોનાં પૂંછડાં મરડવાં, દિવાળીના તહેવાર, છપ્પનિયાનો રાંકો, ઢોલ પીટવો, કેળા, નાગરવેલનાં પાન, ચોપડાપૂજન, ચીકણા રસાયન પર બણબણતી માખીઓ, કબાટનાં ઉઘાડાં બારણાં, પેઢેની દીવાલો પર ઝુલાવેલી જરિયાની રેટાની કમાનો, શિકારીના પંજામાંથી બચી છૂટેલ સસલા જેવી મનોદશા, આકાશના ચાંદા જેટલા અપ્રાપ્ય અડદિયા, દૂધ વિનાના ડાબા સ્તનને ચુસતી છોકરી, રૂઢિનાં પડળ ધીમે ધીમે ઊંચાં થયાં, આથમતો દિવસ, પ્રોવીડન્ડ ફન્ડ, વીજળીની ત્રિરંગી બત્તીઓનું ઝુમખું, રતાંધળુ લોક-વરણ, રોટલો ગળે ઉતારવા છાલિયું છાશની જરૂર, ઢોર-ભેંસો, ગાયોનું ધણ, સ્ટેશનથી પચીસકોસ છેટું ગામ, સ્મશાનની રાખ, ચીભડાં વેચતાં કોળી-કોળણ, મધના ઘડા, પરસેવાના ચીભડાનું શાક, નવું કવાલી ગીત – અય બેઈમાન દિલબર; જોબન લૂંટાનેવાલા ?, વર-વહુના ચહેરા પર પશ્ચિમનાં કેસુડાનાં રંગો ઢોળાતા, આઠમની રાતની પહોર, ઝાઝીવાતનાં ગાડાં ભરાય, બધું હીન ખૂટીયાનું કાંધ ઠોલતા કાગડા, કિનપાલ સાડી, ભળભાંખરું, પ્રતાપગઢની દરિયાખાડી, 'નોટ-પેઈડ' થયેલું પરબિડીયું, ભજિયાં-ગાંઠિયા, વૈશાખ સુદ પાંચમની રાત, નદી-કાંઠાનું ઉજ્જડ શિવાલય, આબરૂની વેદી ઉપર

SMT. HANSA MEHTA LIBRARY

આત્મસમર્પણ, ધગધગતા પાણીનું વાસણ, કાશ્મીરી શાલ, ફિક્સડિપોઝીટ, ટોડલા ઉપર સુકાયેલાં તોરણનું અટ્ટહાસ્ય, ઉર્મિઓમાં નહાતો યુવાન, કાળા સોગિયા સાડલાનો ઘૂમટો, ગામનું પાદર, શેરીએ શેરીએ નિરાશા, ખૂણો પાળવો, ભડેલાં બારી બારણાં, રસોડામાંથી સંભળાતા ઘીના સબડકા, નખશિખ ખાદીનો પોશાક, છેડાછેડી, જહાજમાં જૂનાં છાપાં વાંચતાં જાણેલી વાત, અતલતલમાં તોફાન, જીવનની નિઃસીમ વિશાલતા, પાની શેરડે પનિહારીઓ, મોટું ખોરડું, લોઢાની ગરેડી પર સીંચણિયાંના સરેરાટ સ્પર્શ, શયનખંડ, પરસાળમાં ચાકળો, ઉઘાડી રાતી ડોકમાં ઝુલતી હેમની માળા, નીચે પરસાળમાં વાતો, પાણમિં બરફની જેમ તત્ત્વજ્ઞાન જાણે, થાળી, ગોળ-ધાણાનો પૂજાપો, ભસ્મીભૂત ખંડિયેર, કંઠે પડેલી સુતરની માળા, ધીખતા ધર્માલય, કાળાઓળા, ત્રણસોક રૂપિયાનું કરજ, ધૂળિયો ઓરડો, દાતણ-લોટોને દૂધનો વાટકો, સેકન્ડક્લાસ ડબ્બો, બેગો, થેલીઓ, ફૂટના કરંડિયા, ટિફિનના ડબ્બા, બીડી બાકસ, ધૂળ, સૌરભ, વરસાદ અને અંધકારની વિભીષિકા વચ્ચે રાની ટ્રેન રસ્તો ચીરતી, સડેલ ઘી અને વેજિટેબલના મિશ્રિત તાવડાનો ખદબદાટ, યાર્ડ, સુંવાળુંબિસ્તર, પરિષદની પૂર્ણાહુતી, સરઘસ, લોક લાગણીનો ગબારો, સોનાસળીનો સાફો, સળગતા પ્રશ્નો, ગામની પાંજરાપોળનું ટ્રસ્ટીપદ, એનેટોરિયમ, બાળક્રિડાંગણ, બાસુંદી, સૂપ, પાઉં, મસકો, ચારણવેશ, લાઈફ-જેકેટ, ૧૯૪૨-૪૫ની જેલ, ઉર્દૂના વર્ગો, રિચી રોડની ફૂટપાથ, ગાંજાની ચલમો, મિજલસ, લલાટે રોજીંદું ચંદન, સ્મશાનયાત્રા, નીલકંઠેશ્વર મંદિર, તમાકુ અને ગાંજાના વાવેતર, ગાયો દોહવાનું બોઘરણું, ડુંગરની કાંટ્ય, દૂધનો કોગળો, ક્રિકેટ, ગિરનાર, પગથિયાં પર ઠબઠઠ પડતી લાકડીઓ, મજૂરણોની વાતો, અમદાવાદનો શાહપુર લત્તો, ભાટવાડો, દાતણ, આંબલી નીચે બારોટ ડાયરો, ભરચક હરિયાળી સીમ સાચવનારા, ભોજનપાત્ર, રેંટિયો ફેરવવો, આંબલીના કાતરા, અત્તર-તેલ ઢોળાય, ઘરની પરસાળમાં ખાટલા, ગઢની અધૂરી ચણાયેલી રાંગ, ઊડતી મૂછો વગેરે...

મેઘાણીની વાર્તાઓની આ વિવિધતાભરી વિગતો . હવે કેટલાંક વર્ણનો જોઈએ :

- દેવાલય હતું, દેવ પ્રતિમા હતી, દીપમાલા અને ધૂપ, નૈવેદ્ય હતાં. ધર્મગુરુના સ્તોત્રોચ્ચરતા. વડીલો અને અન્ય લગી સાક્ષીઓની નાની મેદની હતી. વરકન્યાંનાં અંગ ઉપર મંગલ વસ્ત્ર પરિધાન હતાં. લગ્નક્રિયા તો એની એ જ પ્રચલિત હતી. આવો ગૌરવયુક્ત લગ્ન સમારંભ એ અઢાર વર્ષની યુ-યુ-સેનના દિલ પર એક કાયમી વિવાહની છાપ પાડી ગયો.
- શહેરની દીવાલે દીવાલ 'પ્રો'નું નામ પોકારતી થઈ ગઈ. ભીંતો પર, થાંભલાઓ પર, આગગાડી અને ટ્રામ – બસગાડીઓના ડબ્બાઓમાં, નાટકોને સિનેમાઓના પડદા ઉપર,

નવનવે રંગે, નવનવે રૂપે, વિવિધ કુનેહથી, ચક્કર ફરતી કે ઓલવાતી – ઝબુકતી દીપક - વાણીમાં વતો કરતી, એક સુમદર જાહેરાત લોકોની આંખોમાં જાદુ આંજતી વ્યાપી રહી હતી.

- ઓતરાદી દુનિયાનો એ હિમાળો સાગર તીર હતો. સો-સો ગાઉના સીમાડામાં ઝાડનું તરણુંય ઊગતું નહોતું. આઠ મહિનાની લાંબી શિશિર દરિયાનાં પાણીને થીજાવી નાખી બસો-ચારસો ગાઉના વિસ્તારમાં પથ્થર જેવી ફરસબંધી કરી દેતી. કલેજાં ચીરી નાખનારા હિમાળાના વાયરાઓ બરફના મોટા ડુંગરાઓને ઉપાડી, ફરી ફરી પછાડી દિવસ-રાત દટ્ટણની લીલા ખેલતાં
- છ મહિના ઉપર જ્યાં ગોરાનું જહાજ નાંગરીને એના કાળા ઓછાંયાં પાડી ગયું હતું તે જ જગ્યાએ લાકડાની લાઈનબંધ કોટડીઓ ઊભી થઈ હતી; ઉપર વાયરો ઊડતો હતો. રાઈફલો, કારતૂસના પટ્ટાઓ, ચકચકિત ચાંદ-ચગદાં, ખાખી લેબાસ, પરેડ, પહેરેગીર, ઘોડેસવારી ઈત્યાદી ચિન્હો કોઈક નવા સ્થપાયેલા લશ્કરી મામલાનો ખ્યાલ કરાવી રહ્યાં. બ્યૂગલ બજતું, ઘોડાના ડાબલા પછડાતાં, ગોરા સોલ્જરો લશ્કરી સલામો ભરતા ને સલામો ઝીલતા. સ્થળે સ્થળે ત્રણ અક્ષરો અંકિત હતા 'સી.એમ.પી.' અર્થાત્ 'કેનેડિયન માઉન્ટેડ પોલીસ'
- સામે જ સાગર લાંબી નીંદરમાંથી સળવળતો હતો. એની ફરસબંધી તૂટી રહી હતી. થીજેલાં નીર બંધનમુક્ત બની રહ્યાં હતાં. ન સંભળાય તેવા કોઈ ઘણના ઘાએ ઘાએ બરફના પહાડો ભેદાતા હતા પાતાળ પોતાનું મોં ફાડી ફાડીને શ્વેત હિમગિરિઓને હોઈયાં કરતું હતું. દરિયાઈ ધરતીકંપ ચાલી રહ્યો હતો. રસાતલ ઉલેચાતું હતું જાણે.
- બહિષ્કારનાં બે વર્ષોએ એનાં મન-શરીર ઉપર બીજાં ચાળીસ વર્ષોનાં પોપડા ચડાવી દીધા હતા. ખંડિયેર ખાલી ભીંતડાનું જ હોય તો બહુ ભયાનક નથી લાગતું; પણ સલામત ભીંતોવાળા ઉજ્જડ ઘરનું તાળાબંધ કમાડ જો ધૂળના ઢગમાં અરધું દટાયું હોય તો તે વટેમાર્ગુને થથરાવે છે, મૂંગો બનેલો એ બહિષ્કૃત માનવી આવા પ્રકારનું ખંડિયેર હતો.
- જબલપુર બાજુની નર્મદા નદી આરસના પહાડ વચ્ચે થઈને એ પ્રત્યેક પહાડ સૌંદર્યની જાણે કે પદ-ધૂલિ લેતી જતી કોઇ પૂજારણ જેવી ચાલી જતી હતી. એને તીરે ઊભેલ બે હરણાં જાણે કે એ સૌંદર્ય યાત્રિકોના નીરમાં પોતાના પડછાયા પાડીને પણ પાવન બનતાં હતાં.

આઘે આઘે ગોવાળ કોઈ વિરહ-ગીત ગાતો હતો. પણ ધમધમાટ દોડી જતી આગગાડી એના શબ્દો પકડવા આપતી નહોતી.

- વીજળીની કોશ બનાવીને કાળ એક દિવસ ત્યાં હળ હાંકતો હશે. બે-ચાર ઊથલ માટીને એણે ખેડવું છોડી દીધું હશે. એટલે જ સોરઠની એ સોય ફરતી સપાટ જમીનમાં ફક્ત આઠ-દસ ગાઉની અંદર પડખો પડખ ચારેક ઊંડી જર પડી ગઈ હતી.
- સાંજ નમતી હતી. વર-વહુના ચહેરા ઉપર પશ્ચિમનાં કેસૂડાં જાણે રંગઢોળતાં હતાં. આથમણી દિશાના માળી સૂરજ સીમાડા ઉપર ફૂલ – ભરપૂર ખાખરાનાં કેસરિયાં વન ખડાં કર્યાં હતાં. વાદળાઓમાં રમતી વગડાઉ છોકરીઓ એ વન-ફૂલને તોડતી હતી.
- ટોડલા ઉપર આસોપાલવનાં પાંદડાંનું સુકાયેલું તોરણ જ અટ્ટહાસ્ય કરી રહ્યું હતું. બારસાખની બન્ને બાજુ કંકુનાં તાજાં ત્રિશૂળો ને થાપાઓ છે. બારસાખ પરના ગણેશ તાજા સિંદૂરે રંગેલા છે. એ બધાં ભનાભાઈને જાણે કે તાકી તાંકીને જોતાં હતાં. તોરણનાં સૂકાયેલ પાંદડાં કટાક્ષના સ્વરો કાઢી ખખડતાં હતાં.
- આકાશનો પટ અને પૃથ્વીનાં પાણીએ બેઉ જ્યારે આછરી ચોખાંચણાક બની જાય છે તેવો આસો મહિનાનું પ્રભાત હતું. ઉબેણ નદી ક્યાંક છીછરે વહેણે તો ક્યાંક વળી ઊંડા ધરા સંઘરતી ચાલી જતી હતી. એના હૃદયમાં આકાશ પોતાનું મોં જોતું હતું અને આકારો સૂર્યની બીકે સાંજ સુધી પોતાના તારા નદીને સાચવવા દીધા હોય તેવી માછલીઓ પાણીમાં લળકલળક થતી હતી. કાંઠે ઊંચા ટેકરા પર મજેવડી ગામ એના ગઢ કોઠાનું બખ્તર પહેરીને જ ઊભું હતું. હજુ જાણે એને સધરા જે અંગના હુમલાની બીક હતી. સામે ધૂસરયોગી ગિરનાર બેઠો હતો.

સર્જકે પ્રાકૃતિક તત્ત્વોનો વિનિયોગ કરીને વાર્તાનાં સ્થળકાળ સિદ્ધ કર્યાં છે. પાત્ર કે પરિસ્થિતિને અનુરૂપ એવું સ્થળ સર્જવામાં ક્યાંક નિબંધાત્મક સ્તરે તેઓ પહોંચી જતા લાગે છે. ગામ, ઘર, ઓરડા, શેરી વગેરેનાં સ્થળકાળ આબેહૂબ ચિત્રિત કરી આપ્યાં છે તો હિમાલય, સાગર, કિનારા, નદી, આકાશ, ધરતી જેવાં તત્ત્વોના વિનિયોગ વડે વાર્તાના મૂળભાવ ભય, પ્રણય, પ્રસન્નતા, દુઃખ વગેરેના તંતુ જોડવાનો તેમનો પ્રયાસ એ મેઘાણીની વાર્તાઓની વિશેષતા છે.

'જેલઓફિસની બારી' સંગ્રહની વાર્તાઓમાં સ્થળ તરીકે જેલ છે. જેલજીવનની કરુણતાને તેઓએ જેલની પરિભાષાઓ અને ભૂગોળ દ્વારા સિદ્ધ કરી આપી છે. આ વાર્તાઓના પરિવેશને સર્જતી વિગતો જોઈએ –

જાળીમાં પાનની પિચકારી, જેલ-ઓફિસના કારકુનો, ચોર-ડાકુઓની આંસુ ધારે ધોવાઈને દયાહીન બનેલી બારી, મારપીટ, ગડદાંપાટું, ગાળાગાળી, કાળમુખો સત્યાગ્રહ, ટોળે ટોળે આવતા ગુનેગારો, લોઢાનાં સળિયા કાળા કાળા દાંત, લોઢાંની નસો જેવી તારની જાળી, તળિયા વગરની હોજરી, પાંસળીઓની આરપાર ફૂંકાતો ઠંડો પવન, કાળી ટોપી, લાલ ટોપી, ધોળી-પીળી ટોપી, ડંડા , ખાખી વેશવાળો ચાબુકદાર ચોકીદાર, છૂપી બીડીઓ, તમાકુ, ગાંજો, અફીણ, ડાંગોવાળા બારૈયા, ધીંગાધીંગ, ધરાળા, લૂંગી પહેરેલાં મુસલમાનો, સુરમેભરી કાળી આંખો અને વાંકળિયાં ઓડિયાવાળા પઠાણો, વાર્તાલાપ, મુલાકતો, ચીડિયાખાનામાં ચીંકારા, ફૂલઝરમાંથી ઝરતા રમગો, ભીલના આંસુડે પથ્થરો ભીંજાય, સાંજના ઓળા, કેદીઓની ચોપડીઓમાં 'ત્રૈમાસિક મુલાકાત', દિલના ધબકારા, નદીકાંઠે નાનાં ગામડાં, ગારાનાં ભૂખરાં ખોરડાં, ફીક્કીઆંખોવાળા કારકુનો, સ્મશાનમાંથી ઉઠાવી લીધેલો નવોનકોર ટુકડો, ગોબરી કદરૂપી છોકરી, લોઢાંના સળિયા ઓગળે, મુકાદમ, બકરાં જેવા ડચકારા, ભયંકર ગુનેગારોના હૈયાની કુમાશ, અંદરની કુણપ કચરાય, મિલન-જ્વાલા, વોર્ડરો, ચાબુક, દસ વરસની સજા, ધોધેધોધ અશ્રુધારા, વર્ષોની જીવતી કબર, પેશાબની કૂંડીઓ ઉલેચવી, મેલાંનામ કૂંડાં પેટીમાં ઠાલવવાં, ફિનાઈલનાં પોતાં મારવાં, સવાર-સાંજ રોટલા-દાળ, યૌવન-સુખની મધુર ઘડીઓ, કબૂતર જેવું કલેજું, કેદીઓ પાસે ભાષણ, ભગવદ્ગીતા ખરીદાવે, સદ્બોધ ધારા, તેલ અને સમાલાના કોઠાર, વીશીનાં શાક-દાળ, ભાજીમાં હીરાકણી જેવાં તેલબિંદુઓ, સંસારની ગંધાતી ભાજીની વાતો, મળમૂત્રનાં કૂવા જેવાં શરીર, ડંડા-બેડી, ટાટ કપડાં, અંધારી ખોલી, શરીરે ભસ્મ, પેટ ગુજારા ખાતર, મુસલમાનોમાં પણ હિન્દુત્વની ભાવના, કેદી-કારકુન વચ્ચે લડાલડી, ખૂની-ડાકુઓનાં આંસુ, પરબીડીયું, ગાળાગાળી, મારપીટ, આંસુનાં ટીપાં, ધર્મની કંઠી, શૈવોની રુદ્રાક્ષમાળા, કેદી શબ્દનો ડામ, જનમટીપવાળા,વણાટશાળા, રવિવારનું પ્રભાત પડવાની રાહ, દિલદરિયાવ જાણે સુકાઈ ગયો હોય, કારાગૃહની અદબ, વણાટની જૂજવી ભાત્યો, અશ્રુભર્યાં સ્વપ્નો, ટાઢીબોળ ઈંટો, શ્વેતખાંભા, બારી વગરના સાઈબિરિયન કારાગૃહ, વણકરીના કસબ, કાળાંપાણીની સજા, ફાંસીની રસી, કોટડી, આંગણામાં ફૂલટોપ વાવવાનો હક, સળગી ગયેલ જંગલ જેવું ઉજ્જડ મોં, તારામૈત્રક, સળિયે જડાઈ ગયેલાં શરીરો, કલેજામાં અતૃપ્તિનો ડિન્નો, ઉર્મિઓના ઉછાળા, ઠંડોગાર અવાજ, ઓફિસના ખિખિયારા, સ્વજનની રાહ જોવી, બોરડીનાં બોર જેવાં આંસુ, ઝાકળબિંદુ જેવાં આંસુ પર હાંસી, 'ગિનતી', ભૂખરી સંધ્યા, લૂગડાના ગાભા, કપડાના ગાભાના ઢીંગલા, ભૂખનાં વડકાં, લાલચની નિસરણીઓ, ઈસ્પિતાલ, ત્રીસ ફટકાની સજા, મૂર્છા, સાંધાસૂંધા વિનાની લોખંડની આંગળીઓ, ઘાટીલાં રૂવાબી વાક્યો, છુટ્ટીનું સર્ટિફિકેટ, કેદીનં ૪૦૪૦, બે બે રોટલાથી પણ ભૂખ્યા, ઢીંઢાં પર મલમપટ્ટા, બેભાન ખોળિયા પર

ફટકારાતા પ્રહાર, પગની બેડીઓ, દસશેર સાંકળનો રણઝણાટ, વરસાદમાં ભીંજાયેલાં પંખીની જેમ બેસવું, જેલરના ટેબલ પર ચોપડીઓનો ઢગલો, આભડછેટિયો સંસાર, આંખોની કીકીમાં આકાશનું અંજન, સુંદર ફરફરતી સાડીઓમાં લપેટાયેલાં ઉપદેશિકા, ફાંસીની સજા પામેલો કેદી, મૃત્યુ ચાલ્યું આવે છે, ડોશીનું હૈયાફાટ રૂદન, હાથકડીઓમાં જકડાયેલા હાથ જોડવાં, આખી રાત કમા, નમાજ, ફાંસી ખોલીનું વાતાવરણ, તાળાંચાવીઓ, કમાડો, સાંકળો, પક્ષીઓ, ખિસકોલીઓ, મૃત્યુની અદબ, તુરંગમાં ફાંસી ખોલી, ઘટાદાર છાંયડો, ગુલાબ-ડોલર-ચંપાનાં ફૂલો, પરલોકના પ્રવેશદ્વાર જેવું ફાંસીખાનું, અજગરસરીખા કૂંડાળુંવાળીને પડેલા જબ્બર કાળાકોટની એક તબકતી ઝીણી આંખ, લટકાવવાનું હિર્સલ, છેલ્લી મુલાકાતનો મીઠો બક્ષ, બંદગી, હજામત, હાથકડી, કાંસકો, અરીસો, ચમકતાં સંગીનોવાળી બંદૂકો ખભે ભરાવેલી ફોજ, ગળાના ફાંસલાની ભીંસ, 'રંડી'ને જાનથી માર્યાનો ગર્વ, પીંજરમાંથી ગગન માર્ગે, પાળેલું બિલાડીનું બચ્ચું, સાદાં ચા-પાણી, બંદૂકદાર પલટન, ફાંસીની લાગણી હૃદયમાં ફેણ પછાડે, મશાલો, કેદીની રોજનીશી, મુકાદમની લપડાકો, મોતના ડંકા વગેરે વડે રચાતો પરિવેશ ભય, આક્રંદ, વ્યથા, વેદના, વિરહ સર્જે છે. જેલજીવનનું બંધિયાર જીવન એના પ્રશ્નો એની વ્યથાઓ આ જેલના સ્થળપરિવેશમાં વ્યક્ત થઈ છે. મેઘાણીની વાર્તાઓનું આ વિશિષ્ટ પાસું છે.

'વિલોપન' મરતા જુવાનના મોંએથી અને 'પુત્રનો ખૂની' વાર્તાઓમાં ઐતિહાસિક રજવાડાના કાળનો પરિવેશ છે. એને સર્જતી વિશિષ્ટ વિગતો જોઈએ તો –

ખેડૂતો, ગરાસદારો, છસો વીઘાંની વાત, કાઠીઓનું મથક, ધૂંવાધાર તોપો, નજરકેદ, ઓથ ઉઘરાવવી, ગાયકવાડ, શમીપૂજન, પેશ્વાઈ ફોજનાં ડંકાનિશાન, અસવારોનો ભય-ડર, ડુંગરાની ટૂંકે ટૂંકે દોટાદોટ, તોપનું જડબું, ગોરડ બાવળની કોટ્ય, સીંગડે ઝૂલતા નાગ, ચોક, ઘીના દીવા, પિત્તળની દીવડીઓ, કાલરદેશના સોલંકી, શયનની ફૂલ સેજલડી, ઢાલ-તલવાર, ભમ્મરભાલો હાથમાં, તેજનો ગોળો, ગૌધણ વાળવું, ચાંલ્લા ઓળના કસબી, છેડાછેડી, નૈવેદ્ય, છકેલી રળિયાત હાટ, શણગાર-શિલ્પ, યોદ્ધાઓની ચમકાતા કૂબાવાળી નકશીદાર ઢાલ, તોરણ, નમાજમાં ઝુકેલા હજારો જન, ધર્મીનાં ધતિંગ, વેશ, માળાઓ- પાઘડી, બળતા દિવેલના ઉજાસ, કરંડિયે સૂતા નાગ, મોરલીના સૂરો, પગની ઘૂઘરીઓ ટહુકે, નાગના અવિરત ફૂંફાડા, રંગોની કટોરીઓ, ઊભેલી બાંદીઓ, જળભરી તાસક, તારલાની ટીલડીઓવાળી ઓઢણીઓ, નવી મસ્જિદોને મકબરાના ઘુમ્મટો, મહેરાબ, મિનારા, મસ્જિદોના શણગાર કરતા હિંદુ કારીગરો, આછાં ઘાઘરાની આરપાર દેખાતો તલ, ઘોડાંની તબડાકી, ઝાલરો, ડાઘુઓનું ટોળું, પ્રાતઃસ્નાન, માતાના કુકડા, હંમેશ ગાજતું

એકલું-અટૂલું દેવમંદિર, લોબાનની ધૂપો, દેવાલયોના મિનારા ઉપર મંગલ ઘંટારવ, નૃત્ય-ગીત, ભાગોળે તોપો, મહાયુદ્ધ વિરામ, દેહની અંદરથી ઊઠતા આત્માના ઝીણા અવાજ, રાષ્ટ્રધર્મમાં રંગાયેલા ધર્મગુરુઓ, ઘોરખોદુઓની કોદાળીઓ, ફૂલોના ધીંગા ધીંગા હારતોરા, ખાઈના મોરચા, બીથોવનની રાગણીઓ, પિયાનોનાં સૂરો, દેવાલયના દેવદીપક, સ્વરમિલાપ વગેરે વડે સર્જાતો યુદ્ધ, ધર્મ, શાસન વગેરેનો પરિવેશ એ પ્રકારનાં પાત્રો અને એ પ્રકારની પરિસ્થિતિઓમાં રહીને વર્તમાન માનવભાવો સાથે તેના તાંતણા જોડી આપે છે. અહીં સર્જક ચમત્કારો, કાલ્પનિક-મનોરમ્ય અને ભયાનક એવાં સ્થળોનો આશરો લે છે.

'હિમાલયનાં બાળ' વાર્તામાં હિમાચ્છાદિત પ્રદેશ છે. એમ તો એમની વાર્તાઓમાં દરિયાઈ સફરો છે. પરંતુ ગાઢ પરિવેશ વણાટ આ વાર્તામાં જોવા મળે છે.

દરિયામાંથી ઊઠતા હૂહૂનાદ, વટેમાર્ગુઓ, ઢગેઢગ બરફમાં રસ્તો કરતી પૈંડા વગરની ગાડી, ચામડાની સુરવાળ, બરફનાં ખેલાં, દરિયાઈ નાની-મોટી માછલીઓ, સાબરનાં હૃષ્ટપુષ્ટ ટોળાં, આકાશમાં રંગબેરંગી પક્ષીઓ, બરફનાં ખૂંનખાર ધોળાં રીંછડો, દીપડો, નાર-વહુઓ, હાથી જેવડાં દરિયાઈ જળચરો, ભાલો, તીરકામઠાં, રાંઢવો, છૂરીઓ, નાચ-ગાનનાં સૂરો, મોં જોવાનું આભલું, સુગંધી સાબુ, ગોરા સોદાગરોનું જંગીજહાજ, ચામડાં, રૂંછાં, પીંછાની થપ્પીઓ, અફસરોને રીઝવતી ઓરતો, વીરરસભર્યા છંદોની છોળો, માછલીના ક્લેવરના ભારા, બરફ ખૂંદીખૂંદીને ઉતરડી નાખેલા જોડા, શંખલાંની માળા, હાડકાં અને શીંગડાંનાં ઈંધણાં, ખોપરીઓના ઢગલા, બરફનાં ઢેફાં, થીજી ગયેલ જળપ્રવાહ, પરેડ, ઘોડેસવારી, રૂંછાંદાર ચામડાનો લાંબો ડગલો, પ્રચંડ ઘોઘવહેણ...વગેરે જુદો જ સ્થળપ્રદેશ નિર્દેશે છે.

મેઘાણીએ આમ વિવિધ પ્રકારના સ્થળપરિવેશમાં વાર્તાનિર્માણ કર્યું છે. પરંતુ તેઓ મૂળ માનવભાવો, માનવસંબંધોની શાશ્વતીને વળગી રહ્યા છે એ મહત્ત્વની બાબત રહી છે.

**પન્નાલાલ પટેલ**ની ચારસોથીય વધુ વાર્તાઓ ચોવીસ વાર્તાસંગ્રહો અને પોતાની વાર્તાઓના પોતે કરેલા એક સંપાદનમાં સમાયેલી છે. વાર્તાઓના વિષયવસ્તુના આધારે એના સ્થળ-કાળ-બોલી સમેતના પરિવેશને વિવિધ વિભાગોમાં વહેંચીને તપાસી શકાય. આમ વિવિધ વિભાગોમાં વહેંચાતી આ વાર્તાઓ આ પ્રમાણે છે :

- ગ્રામ્ય પરિવેશની વાર્તાઓ.

જીવોદાંડ, નકટાં, બાપુનો કૂતરો, વાત્રકને કાંઠે, બલિદાન, મા, બેકારોની સભા, કાળ ખંજરી, રોટલો, કાશીમાની કૂતરી, મોરલીના મૂંગા સૂર, જેઠા દાદા, સાચી ગજિયાણીનું કાપડું, ભાથીની વહુ, કંકુ, બેની એક, ધરતી આભનાં છેટા વગેરે...

- નગર પરિવેશ

ધૂમાડો , કડદો, સેવાનો ઉમેદવાર, પ્રેમપત્ર, વલણ, અજાણ્યાં, નરાટો, ખમીર, છણકો, બંદૂક, ભ્રમણા વગેરે...

- આદિવાસી પરિવેશની વાર્તાઓ.

નેશનલ સેવિંગ, લાઈન દોરી, ભલુડી.

આ રીતે ત્રણ મુખ્ય સ્થળ પરિવેશમાં સર્જાતી વાર્તાઓની કેટલીક ખાસિયતો છે. 'જીવોદાંડ', 'ધૂમાડો', 'કડદો !', ' સાચાં શમણા' અને 'મનના મોરલા' લાંબી ટૂંકી વાર્તાઓ છે. જેમાં સ્થળની સાધ્યંત અનુભૂતિ ધ્યાન ખેંચે છે. 'દરિદ્રનારાયણ' અને 'સમજ મે ન આવે' વાર્તાઓમાં સ્વર્ગનો પરિવેશ છે જે વિશિષ્ટ પરિવેશ તરીકે મહત્ત્વનું છે. 'ફરેબ' વાર્તામાં વૈશ્યાજીવનનો વિશિષ્ટ પરિવેશ સર્જક લઈ આવે છે. જ્યારે 'નયના' 'લોકભવાઈ' 'દૈ ના ઘરનું ઝોડ', ' પ્રતીક્ષા' અને' રેઢાં માથાં' વાર્તાઓમાં ગીતો, દુહા, છંદ વગેરે દ્વારા ગ્રામીણ પરિવેશ નીપજાવવાનો પ્રયાસ છે જે વાર્તાની કથન ગતિને રોકે છે. વાર્તાઓમાં બોલીનો વિનિયોગ વાર્તાના સ્થળોને વધુ સઘન બનાવી શક્યાં છે. કહેવતો, રૂઢિપ્રયોગો, તળપદા શબ્દો વગેરે તેના અસ્સલ લય લહેકામાં આવતાં સ્થળ અને એ વાર્તાસમય જીવંત બની જાય છે.

આ રીતે વિવિધતા ધરાવતી પન્નાલાલ પટેલની વાર્તાઓને રચતા પરિવેશને હવે વિગતવાર જોઈએ.

સૌપ્રથમ ગ્રામીણ પરિવેશને સઘનતા બક્ષતી કેટલીક વિગતો જોઈએ.

ખાટલો, ઓસરી, રેંડલો, મૂંઝવણનાં વાદળ, મંદવાડ, જાતજાતનો મૂળીયાં – છાલ, વિચારમાળા, હુક્કો, સાલ્લા, ભેંસના ડોળા, કમાડની ભડાભુટ, તલવાર, તલવાર, મહુડાની ડોળ જેવી અણિયાળી આંખો, ઘેંશ, છંછેડાયેલી નાગણ જેવી સૂરત, મેળો, પિયરનો રસ્તો, પક્ષીઓનાં પ્રણયસ્થાનો, વાટકામાં અથાણાની બે ચીરીઓ, અધૂરું વીંટેલું ફાળિયું, ભજન મંડળ, હાલરડાં, આનાપૈસા, નેવાં, શિયાળવાં સરખાં કૂતરાં, બાપુની બેનાળી બંદુક, લીલાં લાકડાંનેય એક રાતમાં સૂકવી દે એવી પોષની ટાઢ ( ?), દખણાતો – શિરવા વાયરો, અષાઢી મેહુલા, રોટલા, ચોપાડ, ઘાસના પૂળા, ગાળોની હારમાળા, ઈજીસન, ફાટેલું કેડિયું, નારિયેળની હારજીત, ગ્રીષ્મનેય લજવે

એવી ભાદરવાની ધખતી બપોર, કંકુ કેસરની બનેલી હોય એવું યૌવન ગેરુઆ રંગે રંગેલાં આભલાં, તાપણી, તુંબડું, ઢોર-બકરાં, નદીનો કાંઠો રણકાવતો કૂતરો ભસે, ગોળ બા'રનો વર, ડુંગરા, બેસતા ચોમાસાની એક સાંજ, અષાઢિયા દિવસો, ખાણનું ટોપલું, ટંકે બે શેર દૂધ, કોઢ, ઉંબર, વીજળી – મોટરનું એકધારું ગુંજન, ફેણ માંડેલા નાગ જેવી પાઈપો, કલ્લો, શેઢો, કાગળ, ગામનો ઝાંપો, ચૂંટણીનો ઢંઢેરો, સંકોચનાં લૂગડાં, ગામડાંની ગુફાઓ, ભાથામાં દૂધમાં શીરો, પોટલાનું ઓશીકું, ખાલી બેડું, તળાવ, બાળોતિયાંનું પોટલું, પાણિયારું, પંચાયત, સરપંચ, ખડિયોને તૂંબડું, ચલમ, ધાનમાં દુકાળ, રામરોટી, ભૂતાવળો જેવું ટોળું, હૂંડી, સામૈયું, વહેલી પરોઢે મહાદેવના મંદિરનો ઘંટારવ, વાણિયાની પેઢી, ધર્મશાળા, ચૈત્રની બપોર જેવું હસવું, બારણા બાંધી બેઠેલા લેણદારો, મુઠ્ઠી મુઠ્ઠી મકાઈની ધાણી, ગોળ ભરવાનું માટલું, લૂલામને બચાવ, આંગળી આંગળી ઘી, ફળી પર મંડાયેલો કાન, નિસરણી, કૂતરાં – બલાડાંની માયા, ઘી, વડવાઓની આંકડેથી રાખેલી જમીન, બીડીના બે દમ, લાકડી, આંબો વેડાવો, મકાઈના ખેતરે, માળો, મામાની નીસરણી, લગ્નજીવનનું પહેલું ચોમાસું, પગ નીચે હરીયાળી, ઘરાક, આંખો મીંચીને વરસતો વરસાદ, ઢળતી સાંજ, ઘડીયાલગ્ન, તાકોડી, તલાવડી, ચિંતાનો ભાર, કામ જ કાળને ખૂટાડે, ઢોર, મોરલી – વાંસળી, રેલ્લો, પાણિયારું, ગાડાવાળા, કાળઝાળ યુવાન, પરબડી, ફળે ઊઠતા ગગન ભેદી અવાજો, સરઘસ, બાપનું બારમું, માંદલું મન, ઘેરૈયા, લીંબડો, ફાગનું મૂળ, હોળીનું ચકલું, આથમણી મેર, રંગબેરંગી સાફાને સાટે ધોળી ટોપી, સિગારેટ, ગ્રામપંચાયત, સોનેરી ઝબ્બાવાળી કટોરીઓ, ગજિયાણી, ભરતનું રેશમી કપડું, મોરિયો - કટોરી, વીસ રૂપિયાનો દંડ, વાઢ્યું ગાલ્લે, ગોળ - ધાણા વહેંચવા, કમાડ પાછળ કુહાડી, કાંખમાં છલકાતો ઘડો લાવે, ફાનસ, હુક્કાની લાંબી નેહ, કોળિયો, હળ, હાથમાં ચીપિયા ઝાડનું ખોદાયેલું ઠૂંઠું વગેરે....

વિગતોમાં મહદ્‌અંશે તળજીવનમાં વણાતી બાબતો, ખેતીનાં ઓજારો, જીવનજરૂરી સામગ્રી, સામાજિક રીતરિવાજો અને પ્રસંગોમાં વપરાતી સામગ્રીનો વિનિયોગ છે પરિણામે આખા સમાજનું જીવન અહીં તાદશ થાય છે. વિગતો અસલ એના તળપદ મિજાજમાં આવે છે. જેમ કે 'દખણાદો વાયરો' 'કમાડ પાછળ પડેલી કુહાડી' વગેરે. 'પક્ષીઓનાં પ્રણયસ્થાનો' જેવી શિષ્ટ ભાષા ક્યારેક સળંગ કથનમાં વિક્ષેપ લાવે છે. આ ઉપરાંત 'વીજળી મોટરનું એકધારું ગુંજન'માં 'ગુંજન' શબ્દ યાંત્રિકતા સાથે જોડાતો નથી. આ પ્રકારના કથનો વાર્તાની મર્યાદા બને છે. ગ્રામપરિવેશ રચતાં કેટલાંક વર્ણનો જે સ્થળ - કાળને સઘનતા અર્પે છે તે જોઈએ તો:

- મધરાતના ગામને ગોંદરે ઊંઘતા પડદાને ચીરતી કટારની ધાર સરખી બૂમ પડી દોડજો...દોડજો, લાય લાગી દોડજો ઊઈ.....! ૩૧ જીવોદાંડ
- રાતના ઘુણી ધખાવી પડેલા બાવાઓ ઉંચાળા ભરી ચૂક્યા હતા હળવે ડગલે ચાલતો બાળો ભોળો સૂર્ય પણ ડોકાયો – ૩૩ જીવોદાંડ
- ગામ વચ્ચે આવેલો આખોય ચોરો જાણે એક કાન થયો. – બાપુનો કુતરો, ૯૬ પારેવડાં
- કેડ કેડ સુધીના ઘઉં, ઢીંચણ સુધી વધેલા ચણા શિયાળાના દિવસોમાં લેરખાં લઈ રહ્યા (રાહતવેરો ૧૨૭ પારેવડાં)
- જમણા કાંઠા ઉપર આવેલી પેલી ટેકરી ઉપરના એકલા ઘરનાં નળિયાં ઉપર સોનેરી ઢોળ ચડ્યો. પેલી બાજુની તળેટીમાં ઊડતી ગોરજનું પણ ઘડીભર માટે ગુલાલ બની ગયું (૫ વાત્રકને કાંઠે)
- ચારે બાજુ વર્ષાભીની મઘમઘ ધરતી છે ને લોક જાણે કે હર્ષના ઊભરે ચડ્યું છે. દુકાળિયાં અંગ છે પણ પગમાં જાણે નવું ચેતન પ્રગટ્યું છે. ધરતીની જય બોલાવતું બોલાવતું ને મેઘનાં વધામણાં મનાવતું ગામડાં તરફ ઊભરાઈ રહ્યું છે. -૧૧૭ નરાટો, બેકારોની સભા,
- ધૂળનાં વાદળ ઊડાડતી એસ.ટી. નીકળી કાચા રસ્તા ઉપરથી ગામ તરફ ધપી રહી હતી. દિવાળીની રજાઓ હતી – ૮૨ છણકો (સગપણની સગાઈ)
- સોનાનો સૂરજ તો રોજ ઊગતો હતો! આજે તો એ અક્ષયપાત્ર થઈને ઊગ્યો હતો – ૯૪ રોટલો
- કાબરી ભિખારીની જેમ અડધી ચોપાડે બે પગ ઉપર બેસી ગઈ. એના છયે આંચળ લીલા ચામડાની જેમ લટકી પડયા હતા. પેટનાં પાંસળા એકબીજાની ભેટવાની અદામાં હતાં – ૨૩ વટનો કટકો (કાશીમાની કૂતરી)
- ચોમાસુ મઝધાર હતું. ઉરના અણકથ ભાવોમાં અંબા માતાની હારે કોઈ સ્ત્રી વાદળીઓ આભમાં વિહરતી હતી. મોલભર્યા ખેતરો ઉપર તડકા પાછળ છાયાં અને છાંયાની પાછળ તડકાની દોડાદોડી ચાલતી હતી. પક્ષીઓ બપોરી ગાળતાં હતાં – ૯૫ વટનો કટકો (ડેંગલ પુરાણ)

- ઉલતો મેળાપ હતો – આભનો ને ધરતીનો પણ ભાદરવાની વાદળીઓ રાંગમાં તરબોળ હતી તો રંગબેરંગી યુવતીઓ ને યુવાનોની લીલા પણ છાકમછોળ હતી - ઘેર જવાની આખરી વેળા હતી. – ૫ મોરલીના મૂંગા સૂર
- એક તરફ પડવાનો ચંદ્ર આછાં આછાં વાદળાં વચ્ચે ચાદરે કદમ આભની ટેકરી ઊતરી રહ્યાં, તો બીજી તરફ આ સાથી શરાબી ઢાળ ઉપરમાં બાંટા ઓથે લપાતો – છુપાતો ગોબરની ટેકરી ચઢી રહ્યાં. – ૧૬૬ ધરતી આભનાં છે યે (બેની એક)
- દરિયો હતો, દરિયાકિનારાની સાંજ હતી, આભને આંગણે ટહેલવા નીકળેલાં છૂટંછવાયાં વાદળાં હતાં, વાદળોમાં સંધ્યાની આછી ગુલાબી છાંટ હતી. આ બધામાં સમંદરવાસી પેલા વાસંતી વાયરાની ભરપટ એવી હાજરી હતી... (જુહુનો દરિયાકિનારો)
- જાર ઉનાળાની બપોરે રણમાંથી ચાલ્યો જતો પથિક, દૂર ઠંડી છાંયડી જોઈ ઉતાવળે પગ ઉપાડે, તેમ કંકુ બાળક સામે જોઈ ઉત્સાહમાં આવતી, હિંમત મેળવતી. – ૧૫૬ લખચોરાસી (કંકુ)

વાર્તામાં સમૂહને દર્શાવવા પ્રયોજાતી ભાષા સ્થળને કેવી જીવંતતા બક્ષે છે તે જુઓ. :

- આખીય ચોપાડ – માથા ઉપરનાં નળિયાં સહિત જાણે – હસી ઊઠી હોય તેમ બોલી પડી : 'ખરી વાત કહી ચંચળ માએ !' – ૧૫૬ મનના મોરલા (ઠંડા પો'રની વાતો)

વાર્તામાં સમયનું નિરૂપણ સર્જક પરિવેશ વડે કરે છે તે જુઓ :

- ચરવા આવેલાં ઢોર ગામ તરફ પસાર થઈ ગયાં અને પક્ષીઓએ પણ પેલા વડ તરફનો પંથ લીધો. ખાણોમાંનાં દેડકાંઓએ તો જાણે રાત જામી ચૂકી હોય આ રીતે અત્યારથી જ પોતાનો અવાજ બમણો બનાવી દીધો. 'ડકાંડ ટર્ર્ ! ડકાંક ટર્ર્ ! ! ' – ૧૩૧ દિલની વાત (જીવતરનો રોટલો)

આ ઉપરાંત બોલીનો વિનિયોગ પન્નાલાલની વાર્તાઓનું વિશિષ્ટ પાસું છે. બોલીનું આબેહૂબ નિરૂપણ વાર્તાને જે તે સ્થળની સઘનતા રચવામાં સહાયક બને છે અને પ્રાદેશિકતા અર્પે છે. તે જોઈએઃ

ભીલ કરતાંય ભીંડો, પુરતનાં લક્ષણ પારણમાંથી, જાળાં પછવાળે રોટલો, કોની માએ સવાશેર સૂંઠ ખાધી ?, તાડુકવું, ભેંસના ડોળા પેઠે આંખો બેહાર, કાળજું કાઠું કરવું, મોતિયાં મરી જવાં, દૈવે દીધેલું રૂપ, પીશું અફીણિયા દોઢે માપ, રણકતા રૂપિયા પેઠે બોલી ઊઠવું, ધરતી મારગ દે તો સમાઈ જાઉં, ફૂટો ત્યારે માથાં, ઓશિયાળી આંખો, ઘોળાયા કરતો પ્રશ્ન, દીવેક પીધા જેવું મોં, કાળામાંથી ધોળા થવા, શ્રદ્ધાનો જાણે કોથળો ફૂટ્યો, હેબતાઈ જવું, ભર્યાં વરાણ ડોલવાં, ચૈત્રની બપોર જેવું હસવું, પૂતળા સરખાં બની રહેવું, ડાઘુઓ જેવી સિક્કલ, ગોફણમાંથી ફૂટેલા પથ્થર સરખો અવાજ, લૂલા મને બચાવ, દબ્યે પગે જવું, છેક નાભિમાંથી હસવું, જાતને ખાસડાં મારવાં, પાંચ પાંચ વર્ષનાં વહાણાંવાયાં, દુણાઈ દુણાઈને જીવવું, ફાળ ભરી આંખ, આંસુઓ પાલવમાં સંતાડવા, હાથને ચીપિયાની જેમ પહોળા કરવા વગેરે...

કેટલીક વાર્તાઓમાં પ્રાદેશિકતા નિમિત્તે આવેલાં ગીતો, પંક્તિઓ, દોહરા વગેરે પરિવેશ રચે છે પરંતુ વાર્તાની ગદ્યગતિને ખોટકાવે છે તે જોઈએ:

- એ...ફાગણ ફાલ્યો ! ફાલતાં વૈશાખી વાવાઝોડાં જો,
  અષાઢે જ્યમ વીજળી, ભાદરવે ગર્જન ઠાલાં હો ! – જોવન હાલ્યો ઓ ૭
  તિલોત્તમા નયના

આણાનો અવસર તાદશ થાય છે.

ભાથીભાઈને સોનાનો સૂરજ ઊગિયો.

સૂને હૈડે, સૂને ઘર – આંગણે,

આજે રમઝમ ઘુઘરીઓ છમકાય રે –

સોનાનો સૂરજ ઊગિયો

૧૮૨ દિલની વાત (ભાથીની વહુ)

આદિવાસી પન્નાલાલનું ધ્યાન આદિવાસી સમાજ તરફ જાય છે અને તેઓ પ્રથમવાર આદિવાસી પરિવેશને એના વન-વગડા-રહેણાંકો-બોલી સમેત પ્રયોજે છે કેટલાંક ઉદાહરણો:

કરગરવું, વાઢી નાખવું, આંસુથી છલકતી લીંબુની ફાડ જેવી આંખો, મ્હોર, કેરી, મઉડાં, ધાન, મઈના, હું મરું પણ આ મઉડોતો -, કૉંગ્રેસ, બેસતો શિયાળો, ખેતરાળુ જમીન, પીળો પીગળેલો સૂર્ય, (ધરતીથી બાથભરી રહેલા શેઢા પર ઘાસની કમર ભાગી ગઈ હતી. ધરતીને ભરેલી બાથ પણ

ઢીલી પડવા માંડી હતી), ટેકરીઓમાં ગોથાં ખાતો સૂર્ય, અંધારાની ઢગલી જેવી ઝૂંપડી, બકરીઓ, દારૂવાળાને દારૂ, દૂધવાળાને દૂધ, છૂટાંછવાયાં ખેતરાં, મડદાલ ટાટાં, અવાજમાં શ્રદ્ધા, કાળનો ઘૂંટડો, દાતણ-પાણી કરીયા, છાપરાં ફરતી નજર, ભીતરે વાગતા ઘૂઘરા, પંદરવીસનું ટોળું, કાગળિયાનાં ડૂચામાંથી કેડિયું કરી લેવું, ટાઢ ચડવી, અંગૂઠો લેવો, ટાટાં વેચવાં, ઘી બકરાં કૂકડાં વેચવાં, છવીસુ જેટલી મોટી રકમ, કાળી કાયા પર ચાંદીની ચૂડ ચમકે, પાછલા ભાગમાં નીકળતો ઘૂમાડો, સુગંધ મૂઠિયાં તળાવાની, ગાદી તકિયે ઓફિસર વગેરે...

વિગતો ઉપરાંત આદિવાસીઓના જીવનવિશ્વને તાદશ કરતાં કેટલાંક વર્ણનોઃ

- જવાબ આપવાને બદલે માથા ઉપરના વૃક્ષને આભને બાથ ભરવા જતી એની વિશાળ શાખાઓ તરફ તાકી રહ્યો. ઝેરનો ઘૂંટડો ઉતારી જતો હોય એ રીતે ગળામાંના આંસુ ઉતારતાં વળી એણે મારી સામે જોયું – ૩૭ વાત્રકને કાંઠે (લાઈન દોરી)
- ટેકરી પરના ઝાંખા ઝાંખા અજવાળામાં અંધારાનું કોઈ વાદળું જાણે ઊગતું હોય તેમ લાગતું હતું. આશા સાચી પડી. ૪૯ બિન્ની (ભિલુડી વાર્તા)
- આંખ ઊઘડતાં જ પેલી સંઘરવાની મૂંઝવણ વધી પડી. ન મલે પેટી – પટારું કે ન મલે કરંડિયો – અરે સાંઠીઓની ભીંતોમાં આળિયા સરખુંય ન હતું ! ૪૦ પારેવડાં નેશનલ સેવિંગ

તેઓ તપોવન, ઋષિઓનાં તપ, આશ્રમવાસીઓ, ઉપવાસીઓ, હિમપથારી, જટાધારી માણસ ઝરણામાંથી પાણીની મટકી લઈ કિનારવચે, વર્ષોથી તપ, તપોગિરિની તળેટી, ખખડધજ વડ, કઠિયારો, ભગવાન, નારદજીની મશ્કરી, વીંટળાયેલાં પાંદડાં, વિમાનમાંથી દરિદ્રનારાયણ, નારદજીના કાને છર્‌ર્‌ર્ અવાજ, ઇન્દ્રિયદમન હિમાદ્રીનો રસ્તો, નારદજી વીણા વગાડવાનું ભૂલી ગયા, સ્વર્ગમાં વધી ગયેલા વસવાટો, વીણાપાણિ, 'સી ક્લાસ કોલોની'નું પાટિયું, માનવઆત્મા આવાસ, યયાતિ, સ્ટૂલ ખેંચી બેસતો જીવાત્મા, પૃથ્વીના હિસાબ, વૈતરણિનો કાંઠો, બોડકું માથું ખંજવાળતા નારદજી, પાંચ લાખનું દાન, ચિત્રગુપ્તનું લાંબુ પહોળુ કાર્યાલય, ખતવણી, દિલની વરાળ વગેરેને કથકની ભાષામાં મૂકે છે કેટલાંક સ્થળવર્ણનોઃ

- રસ્તામાં કેટલાંક તપોવન આવતાં હતાં ઋષિઓ તપ કરતા હતા તો કોઈ આશ્રમ વાસી હતા, તો કોઈ વળી એકલપંથી કોઈ યજ્ઞ-યાગ કરતા હતા તો કોઈ સમાધિમાં લીન હતા. કેટલાક ફળાહાર કરનારા તો ઉપવાસી પણ હતા કોઈ કોઈ

ધૂણીએ ધખતા હતા, તો કોઈ વળી હિમપથારીએ પોઢ્યા હતા. ૧૮૩ મોરલીના...દરિદ્રનારાયણ

- પછી તો નારદજી પણ પાણી પીને ઠંડા પડ્યા. માથા ઉપર ફરી રહેલા પંખાએ એમના ટાલિયા માથાને ઠંડું કરી ઉકાળે ચડેલું મગજ પણ શાન્ત પાડી દીધું મોં ઉપર પ્રસન્નતા આવી. ૭૯ બિન્ની સમજમેં ન આવે.

આમ, પન્નાલાલની વાર્તાઓમાં વિવિધ પ્રકારનાં સ્થળોમાં સર્જાતું સરેરાશ માનવજીવન પ્રગટે છે. મહદંશે ગ્રામીણ પરિવેશમાં વધુ સફળ પુરવાર થયેલી વાર્તાઓમાં સીમ, ખેતર, વ્યવહારો, ખેતી, રાતો-દિવસો, ફળિયાં, પ્રસંગો વગેરેનું યથાયથ નિરૂપણ વાર્તાઓમાં જીવંતતા બક્ષે છે મોટાભાગની વાર્તાઓમાં કથનની ઉતાવળ વાર્તાઓના પરિવેશને ચૂકાવીને વિષયને નબળો બનાવે છે. કેટલીક વાર્તાઓ પરિવેશથી જ સફળ રહી છે.

**ચુનીલાલ મડીયાએ** અઢીસો જેટલી નવલિકાઓમાં મહદંશે ગ્રામ્ય પરિવેશ પાસેથી માનવજીવનના સંઘર્ષો, સામાજિક-આર્થિક અસમાનતાઓ અને તત્કાલિન રાજકીય પ્રવાહોના નિરૂપણનું કામ ચઢાવ્યું છે. 'વાની મારી કોયલ' 'ગળચટાં વખ' 'રોટલાની ઘડનારી' 'રઘડો નતોડ' 'વગડાના વા' 'ભીડેલી ભોગળ' 'ઊજળે લૂગડે' 'અભુ મકરાણી' 'કમાઉ દીકરો' 'ઘૂઘવતાં પૂર' 'અવાવરુ ઓરડી' જેવી વાર્તાઓમાં પરિવેશનો સૂચક વિનિયોગ ધ્યાન ખેંચે છે. મહદંશે પાત્રોને સર્જતા એટલે કે પાત્રગત પરિવેશ આ વાર્તાઓમાં મળે એના ભાવોને એ પ્રાકૃતિક તત્ત્વોના ગ્રામજીવન સાથે જોડાયેલી વિગતોના વાતાવરણમાં રજુ કરી આપીને સૂચક સ્થળકાળ સર્જી આપે છે. પરિવેશની સૂચકતા એ બને છે કે માનવજીવનના કોઈ મહત્ત્વના ભાવનો પ્રશ્નાર્થ પોતાની વાર્તામાં અંતે એ મૂકી આપે છે. 'રઘડો નતોડ'નું જીવન વૈશિષ્ટ્ય અને 'વાની મારી કોયલ'નાં સ્થળકાળમાં ઊભરાતા ભાવો અને જીવનની સમગ્રતાના સંદર્ભો ટૂંકી વાર્તાના નાના ફલકમાં વણાય છે. એ એનાં સબળ ઉદાહરણો છે. આ વાર્તાઓના પરિવેશને ઘડનારી મહત્ત્વની વિગતો નોંધું છુંઃ

કોડીઓ અને આભલાએ મઢેલી મોરલી, ફૂંફાડા દેતું નાગ-નાગણીનું જોડલું, મોરલી ઉપર સૂપડા જેટલી ફેણ, મૂઠ, મંતર, કરંડિયો, રાફડિયાની કોથળી, ટાટનો ચડેલો કોથળો, તૂંબડું, ધીંઘ, કોથળીમાં નોળિયો, એંઠા અજીઠા રોટલા, ઝાંપો, દૂર દૂર વગડો, ઘેઘૂર આંબલી નીચે ચળાતી ચાંદની, અધરણી, કારજ, ડાયરો, નાળિયેરની કાચલી જેટલાં ગળોફાં, ઉંબરે ઉંબરે ચપટી લોટ ભીખવો, ચોપાટ, બીડીઓ ફૂંકી ફૂંકીને કાળામેશ થઈ ગયેલા હોઠ, બાપુની ડેલી, સોડડી ફૂલ,

જમૈયો, કિન્નો, ખસુડિયું કૂતરું, મોટલિયો, મગફળીની ગૂણ, કીટલી, ભળભળ કરતું ભારખાનું, ભોમિયો, હાંટલાં, લોઢાના કારહા, ચોખા પાણીનો ઘડો, ખાલી ખાટલો, રાતા ઘૂંટડા, ડુંગર, ડચકારા, ખેંધે પડવું, કઠવાડિયામાં મીઠાં તૂમડાં ક્યાંથી ઊતરે ?, લીલ પરણાવવી, ઘણખૂંટ, માંકડ, ફરફર ધ્રુજવું, ખેતરની કોઢ્ય, રોટલાના પાણી, કોઢ્ય બેઠેલો સાથી, રાજરોગ, વકરેલી વાસના, ઢોરઢાંખર, ડાકલાં વગડાવવાં, ભૂંગળું, સરકસના તાર, ભાંગ્યાં તૂટ્યાં ડબલાં, ઠીબડાં, છાણના પોદળા, ફેંકાઈ ગયેલો કાટમાળ, ખટારાની રાહ જોવી, ખટારાના શેરડા, પંગત, પીરસેલ થાળીમાં જૂ, લાડવા જલેબી, પારેવાની ચણ્ય, અપાશરાની સંજવારી, ગવંડર, લૂગડાનો ગાભો, દાણાદૂણી, પાંજરાપોળ, અપાશરા, થીંગડાંવાળાં લૂગડાં, ચકચકતા બૂટની ચરડચરડ ચરડાટી, ચા પીવાનાં કાપડિયાં, મોટી પાળ ઢાળેલી, પહેરણ, અન્નદેવનું અપમાન, અધરણિયાત વહુ, નીરણપૂળા, ધારામણ, રાડાં, બોઘરું, છાશ, દુઝણિયાત ઢોર, પરોણો, ખાડું, ફળિયું, ઘોડિયું, નાકોટી, હાંફની ધમણ, બજરનો સડાકો, પીઠિયો ઠોરો, ઘંટીના પડમાં દાણા, બૂંગણ, નવાણનો ઝરો, વાણવાળો ખાટલો, ડાંગ, કુવેડવી, વાવની પગથાળ, ઘઉંનો લીલોછમ પોંખ, ખાટલે મોટી ખોડ કે મૂળ પાયો જ ન મળે, ઘોડિયામાં ભેંકડો, ડેલી, ઢોળાયેલું દૂધ, ખડિયામાં ખૂટતી શાહી, મરણપત્રક, ઢોલ, શરણાઈ, ગીતોનો અવાજ, ઓટલાસત્તા, સૂરજનું પહેલવહેલું કિરણ, ભાંગરો વટાઈ જવો, દારૂ ગાળવો, વલોણાની રવાઈ, માતાનું થાનક, આર્થિક ધોવાણ, નેવાં, વળીઓ, ગાડું, ઓસરી, પંચાયત, પ્રાથમિકશાળા, ધૂપેલ, જમણવાર, પોરો ખાવો, ખોરડું, કાળી ડીબાંગ મેઘલી રાત, ગાભાનો ગાંસડો, ગામમાં ઢુંઢો રાક્ષસ ફરી વળ્યો હોય એવો સોપો, પાણીશેરડે જંપી ગયેલાં જળ, અધખુલ્લાં કમાડ, હલાલ કરેલા પશુઓના લોહી નીંગળતા લોચા, કસુંબાપાણી, દરબારગઢ, ઉંબરે લોહી છંટાયું, ઠીકરા સંસ્કૃતિના ભગ્નાવેશો, રોદો, ઘઉંના કોથળાની જેમ ખડકાયેલા ઉતારુઓ, ખખડાટ્ ભભડાટ્, ગઢની રાંગ ઉપર ગોઠવેલો બૂંગિયો, પેટી-પટારા, ઈસ્કોતરા, ભોગળસોતું કમાડ, દારૂનું પીઠું, હાથમાં ગાંધી થેલી, ચાતક નજર, રગશિયાં ગાડાં, ઓતરા ચીતરતો ઊકળાટ, વાળુ, ચોઘડિયું, કુંભ, ઘર ખાલી કરતાં ચૂલો ભાંગવા, શુકન, કરેણનાં ફૂલ, ખીજડામાં ખવીહ, બાવળ વાવવો, નજર કરો ત્યાં ચોપડીયું ચોપડીયું, ખોદાનાર તળાવની મોજણી, મેલોઘેલો પહેરવેશ, ધાન્યનાં લથબથ ડૂંડા, ઘરના ટોડલે કંકુના થાપા, ગાડાનું પૈડું સિંચાવું, ગીતોના વેધક સૂર, અડાણા, ઘરબેલી ચલમ, ગાડાં મારગ, હટાણું, ટાયડાં ખચ્ચર, ભજનની કડીઓ લલકારતા ભગત, કોરી નોટું ને મોંઘી સિસાપેનું, ભાતભાતના ચીતરવાળી ચોપડીયું, ગ્રામપંચાયત, વરણાગિયા અણવર, કોડીલી જાનડીઓ, અફીણનાં ડોડવાં, મીઠાનો ગાંસડો, લૂગડું, વિકરાળ ડુંગરમાળની રુક્ષતા, ઓભોડે પોયણું, ડુંગરાઓની ઉત્તુંગ દીવાલો, હુક્કાની લાંબી નાળ, ગોઝારાં

પાણી, પોયણાંની પાંદડીએ પાંદડીએ આગ, ભૂતેશ્વરમહાદેવનું મંદિર, ટ્રામ, સ્ટેશનના પ્લેટફોર્મના ખૂણાનો ભિક્ષુક, ચર્ચગેટ પર ફૂલ વેચતો ડોસો, મેરા બાપ મર ગયા કહી પૈસા ઉઘરાવતો યુવાન, લોકલ ટ્રેનની અવરજવર, મૃત્યુ મીંઢી શાન્તિ, વેચેલ ચેવડાનાં એઠાં કાગળિયાં, પરસાળનાં બારી-બારણાં, નોબત, રામલીલા, સનલાઈટ ટાંગવા માટેનો થાંભલો, એંઠવાડ, સામાજિક ચિત્રનું શૂટિંગ, નાતની પંગત, લાડવા-જલેબી, મેળાની બત્તિઓનો ઝાંખો અવાજ, બીડીના કારીગર, કાળું બોકાસું, ઉચાળા, ખોડીબારું, હળ, ઢોલિયો, આથમેલો ચાંદો, દાતરડી, ગિરનારના આરોહણ, માના ધાવણના ધારનો ડાઘ, જુવાળનાં પાણી, ભરતી, સઢ, ભાઠાં, મછવા, ઘીસ્સત, પરમાણો, પાનેતર, ઠુંગાપાણી, લૂટેલી તોપું, હેંડિયો દાબી દેવો, તેલ જોવું તેલની ધાર જોવી, દશેરો, ફટાકડા, માઢનું ઘજું, પોં ફાટવાનું ટાણું, આકાશમાં ઠાંસોઠાંસ ભરેલા તારોળિયા, ડાગળી ખસી જવી, ધરમની ઢીંગલી, સોટીનું શસ્ત્ર, ઘીની નાળ્ય, ગામ ધૂમાડાબંધ જમાડવું, સ્મશાન, માટીના કુંભ, ચોરી, મોજડીઓના પ્રહાર, શિયાળવાંની લાળી, રીંગણી બાળી નાખે એવા હીમ, રોટલાના લોંદા, ઘરવખરીનો ઢગલો, એકઢાળિયા ઘરની ઓશરી, સંધ્યાનું ઝાંખું અજવાળું, માથાઢાંકણ, હિંગડોળિયા રંગે રંગાઈ ગયેલું આથમતું આભ, લાંબા થતા જતા પડછાયા, ઓશરીની થાંભલી, લાકડે માંકડું વળગાળવું, કોઠીઓ, બકરાં, લહવાડ, સાડલો વગેરે વિગતો આ વાર્તાઓમાં પરિવેશ રચે છે.

વાર્તાની વિગતોમાં સ્થળકાળ નિર્માણ કરતી ઝીણી ઝીણી સામગ્રીને ખપમાં લેવાઈ છે. સ્મશાન, નેળિયાં, શેઢાં, રેલ્વે કે બસ સ્ટેશન, પ્રવાસનસ્થળો, ઘર, અંધારું, સંધ્યાકાળ, અડધી રાત, સવારનો પહોર વગેરેમાં જીવંતતા બક્ષતાં પાત્રો એની ભાવક્ષણ રચાતાં વાર્તાનું કાઠું બોરબર બંધાય છે. આ વાર્તાઓના નમૂનારૂપ વર્ણનો જુઓઃ

- બાપ જ્યારે 'જનાવર'નો કરંડિયો ખભે નાખીને ગામોગામ ફરતો ત્યારે જાખરો એની મોરલી, તૂંબડું, રાફડિયાની કોથળી, અલકમલકની ચીજો ઠાંસવા માટેનો ટાટનો સડેલો કોથળો વગેરે સરંજામ લઈને સાથે જતો. રમતમાં બાપની નજર જનાવર ઉપર હોય ત્યારે પ્રક્ષકો તરફથી ફેંકાતાં પાઈ-પૈસો ઝીણી નજરે ધૂળમાંથી વીણી લેવાનું કામ જાખરો કરતો. રમત શરૂ કરતાં પૂર્વેથી તખતાની પ્રાથમિક સજાવટો - જેવી કે ડુગડુગીયું વગાડીને છોકરાંઓની અને પછી મોટાંઓની ભીડ ભેગી કરવાની, પટને વાળી ચોળીને સાફ કરવાની, કોથળીમાંથી નોળિયાને બહાર કાઢીને ભોંયમાં એનો ખીલોઠબ કરવાની વગેરે ક્રિયાઓ જાખરો જ કરતો

- ભારખાનું ભખભખ કરતું ઊપડી ગયું એટલે સ્ટેશન ઉપર અને ત્રણ-ચાર ઘડિયા, એક આંધાવાળો, એક મોટલિયા, એક ખસુડિયું કૂતરું, સ્ટેશન પછવાડે ખડકેલી મગફળીની ગૂણોમાં મોઢાં ખોસતાં બે બકરાં અને એક ખાખી એટલાં જણ બાકી રહ્યાં
- ખડાયું હજુ હતું તો નાનકડું પણ જોયું તો પહેલા વેતરવાળી ભગરીભેંસ જેવું જ લાગે રંગે રૂપે પણ એવું જ. ચારેય પગને મોં ઉપર ધોળાં ફૂલ ચરકડાંને કપાળ વચ્ચોવચ મજાની ટીલડી. આંખ કાળી બોઝ જેવી, ને ચામડીની રૂંવાટી તો મુલાયમ મખમલની જોઈ લ્યો ! ડિલ આખું જાણે કે રૂના પોલથી જ ભર્યું છે ને હાડકું તો ક્યાંય વાપર્યું જ નથી એવું પોચું પોચું ગાભા જેવું. ભેંસ એક તો ભરાઉ ડિલવાળી ને એમાં પાછું ચડતું લોહી; એટલે આંચળ પણ ખોબામાં ન સમાય એવા
- વાંસના કૂબાઓ વચ્ચે એક નાની દેરી જેવું હતું. ફરતું ગોધણનું લીંપણ હતું. દેરીમાં એક લણબચોરસ પથ્થર ઉપર બે આંખો જેવું કોતરામણ હતું અને એ આ વાસનો દેવ,દેવી, મેલિયો જે ગણો તે હતું. દેરીની ચારેબાજુ ખુલ્લી, ફરી શકાય તેવી જગ્યા હતી અને રામનવમી અને ગોળ આઠમના તહેવારોએ સૌ ત્યાં ભજન-કીર્તન કરતાં અને ગરબા-ગરબી લેતાં આડે દિવસે ત્યાં સ્ત્રીઓ રાસડા લેતી
- વીણીચૂણીને ઘરવખરી એકઠી કરી નાખી. ઓસરીની થાંભલીએ બાંધેલી વલોણાની રવાઈ છોડી દીધી. અહીં હવે દહીં-વલોણાં કરવાની જરૂર નહોતી, કેમ કે આંગણે દુઝણું કે દુઝણું ઢોર કશું રહેવા પામ્યું નહોતું. ખપેડા નજીક ખોસી રાખેલી ખંપાળી અને દાંતાળી ઉતારી લીધી, કેમ કે ખેડામણ કે નીંદામણ કરવા માટે ખેતર જ રહ્યું નહોતું. ચૂલેથી તાવડી લઈ લીધી; રોટલા ઘડવા માટેનો બાજરો ક્યારનો ખૂટી ગયો હતો. ઊંચે ટિંગાતાં શીંકાં સંકેલી લીધાં; શીકે ચડાવવાનાં હાંલ્લાં ખાલીખમ રહેતાં હતાં.
- મને પહેલ વહેલું અચરજ તો અકબંધ ચૂલો જોઈને થયું. માણસના ઘર ખાલી કરી જાય ત્યારે ચૂલો તો ભાંગતા જ જાય ને ! પણ અહીં તો એના કાંઠડાને પાળ બધુંય અકબંધ જોઈ લ્યો ! ક્યાંયથી એક કણીય ખસી નહોતી. એના પેટમાંથી રાખ પણ કોઈએ ઉથામી નહોતી. છેલવેલ્લી રસોઈ કરી હશે ત્યારનો ભરેલો ઓબાર પણ કોઈએ આઘો નહોતો કર્યો. તાવડી પર ટકોરો મેલીને સંઘરકું ને રોટલા ઘડી દઉં એટલી જ વાર !...
- આસપાસના પ્રદેશમાં પંકાતા નટ ને વાદકો અહીં એકઠા થયા હતા. અનેક પ્રકારની સ્પર્ધાઓ પણ યોજાઈ હતી. ગામ બહારના ભવ્ય ક્રીડાંગણમાં એક તરફ હસ્તીયુદ્ધો જામ્યાં

હતાં. તો બીજી બાજુ મલ્લયુદ્ધો પણ ખેલાતાં હતાં. સહેજ દૂર ખુલ્લા પટમાં ધનુર્વિદ્યાના પ્રયોગો થતા હતા. પ્રેક્ષકોનાં ટોળેટોળાં મન ફાવે તેમ હરફર કરતાં હતાં.

- માંડવો વધાવાઈ ગયો. ગોતરીજ પાસે પગેલાગણું પતી ગયું. ઘરના ટોડલે વરઘોડિયાએ કંકુના થાપા પાડી દીધા. જાનને શીખ દેવાઈ ગઈ. ધર્માદાના લાગાલેણી ચૂકવાઈ ગયાં. વેવાઈઓએ એકબીજીને વહાલપૂર્વક ભેટી લીધા. રામણ દીવડો પેટવાઈ ગયો. વરકન્યા માફાળા ગાડામાં ગોઠવાઈ ગયાં. સામેથી આવતી પણિહારીના શુભશુકન સાંપડી ગયા...અને ગાડાંનું પૈડું સિંચાઈ ગયું.
- ઘાટની ભીતરમાં એક સ્થળે સામસામા ગોઠવાઈ ગયેલા ડુંગરો જાણે કે એકબીજાના હાથના આંકળિયા ભીડીને વર્તુળાકારે ઊભા હતા. એમની વચ્ચે સેલારા લેતા સરોવરમાં પોયણાં ખીલતાં હતાં. સરોવરની સપાટી પર શેવાળની લીલના એવા તો જાડા થર બાઝ્યા હતા કે ડુંગરની ટોચેથી નજર નાંખતાં તો, નીચે લીલા રંગનો ગાલિચો જ બિછાવ્યો હોય એમ લાગતું અને એમની વચ્ચે હીંચતાં પોયણાં એ બિછાનામાં વેલ-બુટ્ટાશાં શોભી રહેતાં. વિકરાળ ડુંગરમાળની રૂક્ષતા વચ્ચે આવી કોમળતાનું સર્જન સૃષ્ટિની સર્જનલીલાનું કોઈ ગહન સત્ય ઉચ્ચારી રહ્યું હતું.
- મંદિરની ડાબી બાજુએ ચાર વળીને માથે ફાટ્યાંતૂટ્યાં ગૂણિયાં બાંધીને ઊભી કરેલી એક હોટલ હતી. એમાંનું એક ટીનનું તપેલું સાડા ચાર વર્ષથી સાફ નહોતું થયું. મંગળાના ત્રણ ભીમશિલા જેવા પાણા ઉપર એ અહોનિશ ઉકળ્યા કરતું. શહેરની ચોર-બજારોમાંથી ખરીદેલ પાંચ-છ ભાંગેલ ડાંડલાવાળા કાચના પ્યાલાઓને ઝીણિયા લુહારો લોઢાના પતરાની ચીપો જડીને વધારે ટકાઉ બનાવ્યા હતા. એક આડા વાંસને છેડે બેચરના ભાગમાં એલ્યુમિનિયમનો મેલો થયેલ ટોચાયેલો 'ઈસ્લામી' પ્યાલો પડી રહેતો.
- એની આંખમાંથી પેલા રંગફુવારાઓની માદક રોશનીનાં આંજણ ઓગળી ગયાં અને મીઠા તેલની બત્તીના વાસ્તવિક પ્રકાશમાં, પ્રણયચેષ્ટા કરતાં પકડાઈ ગયેલ આ પક્ષીઓ પ્રત્યે એની આંખમાં ઝેરીલી ઈર્ષા અને અસંતોષ પ્રેર્યું ખુન્નસ વરસી રહ્યાં
- વાંહે ઓલી આંબલીમાં ચડચડ ચડચડ કરતી ભેરવના ભણકારા ઠેઠ વાગડ સુધી સંભાળાણા....!
- પરમાણોના તંગ ઢીલા થતાં, ધવલોજ્જ્વલ પાનેતરોમાં સજ્જ થઈને યૌવન સહજ ક્ષોભથી વાંસો વળી ઊભેલ નવવધૂઓની જેમ ખૂવાના ઉપરના ધોળા દોળા બાસ્તા જેવા સઢ શોભી રહ્યા. એમાં માનસુ વાવડો ભરાતો ગયો તેમ તેમ મછવાઓનું ડોલન પણ વધવા લાગ્યું એ

જુવાળ ચિક્કાર થયો ત્યારે તો પુરબહારમાં ચગાવેલ હીંડોળે હીંચકતી પદમણીઓની પેઠે રેંકના ઠેલ ઠસ્સાથી મોરા વાંઠાર હસ્તી શાળામાં આ શ્વેતરંગી જહાજોનું લાસ્ય નર્તન ઈન્દ્રરાજાની હસ્તી શાળામાં ડોલતાં ઐરાવતની યાદ આપી રહ્યું

- પોં ફાટવાનું ટાણું થઈ ગયું હોવા છતાં પાછલી રાતનાં અંધારાં હજી જરાય ઓસર્યાં નહોતા. આકાશમાં ઠાંસો ઠાંસ ખડકાયેલા તારોડિયામાંથી પણ વિલય પામવા માટે કોઈ તૈયાર લાગતા નહોતા. શેરીમાં હજી હાથેહાથ સૂઝતો નહોતો. શંભુગીતીએ ઊંચે ધરેલ ફાનસના કાબરચીતરા કાચમાં બળતો ઝડસ દીવો એમના મોં ઉપર બિહામણાં અંધારાં – અજવાળાં રમાડી રહ્યો હતો.
- સાવનીએ ખામણે ઊભેલાં એક ઢાળિયાં મકાનોની પછીતોને વરસાદના માર સામે રચવા માટે ઝરડાંની આડશો કરી હતી. છૂટેલાં ગાડાં-ગડેરાં રસ્તાનો મારગ રોકીને આડાંઅવળાં પડ્યા હતાં. ગામના સુથારે ઘડી આપેલ ટચૂકડી બળદગાડી લઈને નાગાંપૂગાં પણ ફૂટડાં છોકરાં મસ્તબનીને રમતાં હતાં.

મડિયાની વાર્તાઓનો આ સ્થળ પરિવેશ મુખ્યત્વે પાત્રને સર્જતો અથવા સ્થળસંદર્ભ રચતો જોવા મળે સાંકેતિક કે સૂચક, ભાવની આડશે મૂકાયેલો પરિવેશ વાર્તાને વધુ સઘન બનાવે છે. ગાંધીયુગની નીજી મુદ્રામાં આ પરિવેશ રચાયો, વણાયો છે. 'મૃતવત્સા' 'આઈ જાનબાઈનું થાનકડું' 'સીન નદીનો કાંઠો' વગેરે વાર્તાઓમાં સઘન રીતે આલેખાયેલો વિદેશી ભૂમિનો પરિવેશ છે. 'શેષ-અશેષ' 'વિસર્જન' 'નિલાંજસાં' વાર્તાઓમાં પુરાતનકાળનો પરિવેશ ઋષિ, આશ્રમો, યજ્ઞો, મંત્રો વગેરેથી રચાય છે. એની તત્સમ નિરૂપણ ભાષા પણ અનુરૂપ છે. 'સ્વામીજીનું સ્મારક' વ્યંગવાર્તા બની રહે છે પરંતુ એ વાર્તામાં આવતો સંસદસભાનો સ્થળપરિવેશ અધ્યક્ષ, નિરક્ષરતા, પત્રિકાઓ, અખબારો, સૂચનાઓ, ખાતા ફાળવણી, અંદાજપત્ર, તાળીઓ, ખરડો, સિલેક્ટ કમિટી, વિરોધના પોકારો વગેરે દ્વારા જીવંત થઈ ઉઠ્યો છે. 'તંડેલજી ઘીજો પુતર'માં વહાણવટું કરતા દરિયાઈ મછવારોના જીવનવિશ્વને આલેખતો દરિયાઈ પરિવેશ એની ઝીણી ઝીણી વીગતો વાર્તાના ભાવવિશ્વમાં ક્રિયા સાથે વણાતાં વાર્તા વિશિષ્ટ પરિવેશથી બને છે. 'નાઝિર મનસૂરી'ની વાર્તાઓ સાથે આ વાર્તાની તુલના કરીએ તો વિગતોની ચોક્સાઈ અને સાંકેતિકતા ધ્યાન ખેંચે છે. આ વાર્તાઓમાં મુંબઈ અને અમદાવાદનો નગરપરિવેશ કેટલીક વિચારપ્રધાન, ઘટનાપ્રધાન વાર્તાઓમાં જોવા મળે છે. એકંદરે મડિયાની વાર્તાઓમાં સ્થળ-કાળ સર્જતા પરિવેશમાં પ્રાયોગિક ધોરણે સફળ પુરવાર થયેલી એવી સામાન્ય વિવિધતા જોવા મળે છે. જે આ વાર્તાકારનું ટૂંકી વાર્તા વિશ્વનાં મહત્ત્વનું પ્રદાન.

**ગુલાબદાસ બ્રોકર**ના દસેક વાર્તાસંગ્રહોની ટૂંકી વાર્તાઓમાં જીવનની નાની નાની ઘટનાઓની સાર્વત્રિક એવી કશી ખોજ કરતી વાર્તાઓ મળે. પ્રણયજીવન, દામ્પત્યજીવન, માનવસંબંધો, માનવમનના તરંગો, આર્થિક-સામાજિક અસમાનતાઓને વિષય બનાવતી આ વાર્તાઓ નગર અને ગ્રામ્ય બંને સ્થળોનો સંદર્ભ ધરાવે છે. પરિવાર, સંસ્થાઓ, રસ્તાઓ, મંદિર, સ્ટેશન વગેરેનો સ્થળપરિવેશ એના ગહન ઘટાટોપ સિવાયનો ખપપૂરતો વિનિયોગ ધ્યાન ખેંચે છે. વાર્તામાં આવતાં વિચારસ્થાનો પરિવેશ વિનિયોગ દ્વારા ટાળી શકાયાં હોત એમ લાગે છે. આ વાર્તાઓને સ્થળસંદર્ભ પૂરો પાડીને ઘટના, પાત્ર, પરિસ્થિતિનું સંયોજન કરતી વિગતો જોઈએ :

કોલેજ, જુદાંજુદાં મંડળો, અંગ્રેજીનો અભ્યાસ, કલ્પનાના વિહારો, રસપ્રદ શૈલી, ઊંચો રસપ્રદેશ, અવર્ણનિય તલસાટ, તાવ, અસ્ખલિત પ્રવાહની વહેતી મૈત્રી, ટેબલ ઉપર શેલીના કાવ્યોનું પુસ્તક, દરવાજે તાળું, ગાડીવાળો, ઘી ઢોળવું, ત્રણ-ચાર થીંગડાંવાળાં કપડાં, મગજમાં ઘોળાતા વિચારો, કપડાં અને દાગીના, ફંડફાળાના પૈસા, અંગત મિલ્કત, ન્યૂ થિયેટર્સ કે ગ્રેટાગાર્મોના છેલ્લામાં છેલ્લાં થિયેટર, મુસોલિની અને રૂઝવેલ્ટની રાજ્યનીતિ પરનાં પુસ્તકો, વૈજ્ઞાનિકનિયમો, ગામનાં ટોળેટોળાંનો ખરખરો, પૈસાની મદદ, આંસુથી ન ધોવાય તેવો અન્યાય, પ્રલંબ સ્વરે રોતી, ચહેરા ઉપર ભોંઠપ, મિલનના સ્વપ્નો, મેણાં-ટોણાં-ધાકધમકી, સત્તા જ મારવાના પ્રયત્નો, સાણસી, રસોડું, ક્રોધનું વાદળ, મન ગમતી ચીજ મેળવવા ખુશામત, તોફાન, ગાળ અને મારની રમઝટ, કાઠિયાવાડનું પોતાનું ગામ, બે-ચાર અશ્રુબિંદુઓ, ઘટાડેલા પગાર, યુરોપિયન દુકાન, કબરની ગોદ, મરીનડ્રાઈવ, દવા, અષાડધારે વહેતું સૂર સંગી, ખીખીખીખી-હોહોહોહોના નાદ, દાદરનો ખડખડ અવાજ, વાજાંને પડઘમને ગીતો, લાગ મળી જવો, કમરે વીંટેલો છરો, જમીન પર ખોડાઈ જવું, મોટો ઘાંટો, ઘોડાની માંસલ પીઠ પર ફટકારેલી ચાબુક, કાઠિયાવાડના કોઈ મોટા શહેર જેવું લાગતું રાવલપિંડી શહેર, હુલ્લડ, કાશ્મીર, કલ્પના ચક્ષુ, પંજાબ, મુંબઈ, લાલ ઓષ્ઠ સંપુટ, અનારકલી, શાદી, પૂરા ખીલેલા ગુલે ગુલાબ જેવી, ખાવિંદ, સહરાનપુર, વૃક્ષોનાં વૃંદ, ઘોડાની મહોબ્બત, ઘરની પાછલી ગલી, કસબ, હાલરડાં, ઝગડો, ખાનદાન ઓરત, મોજડી, નેત્રાંનાં સરવર, ભીષણરાત્રી, સ્મરણકોષ, મુંબઈનું પરું, શાળા, આરામખુરશી, લાકડી, ડબામાં ગીરદી, સુતરાઉ કોટનો કોલર, ટેલિફોન, સાડી, પ્રશ્નની ચુંગાલ, સર્વત્ર ગાઢ અંધકાર, માણેકચોકનો થાંભલો, સૂર્યનો મીઠો તાપ, શરણાઈ ગૂંજી, સુંદરી સમૂહનો મીઠો સ્વર લલકાર, ઘોડા, પછેડી, નેત્રોના ભીના ખૂણા, પેંગડામાં પગ, ત્રણ ક્ષણો, ઢોલ ધડુક્યા, ત્રાંસા ગગડ્યા, ચિહટ, સંધ્યાકાળ, પ્રસ્વેદબિંદુ, વણજાર, છૂટી પાટલીનું ધોતિયું, પ્રશંસાના પૂષ્પોની કળા, આંસુની ધારા, રુધિરથી ખપ્પર, દીવાનખાનું, સ્મરણરથ, દીવાલોથી ઘેરાયેલો ઓરડો,

પૂનમનો ચન્દ્ર, ગીત, ધ્યાનભંગ, કમ્પાઉન્ડ, સરનામું કવર, વિચારોનું ઘમસાણ, વિદ્યુત ચમકારો, સુંવાળા-રેશમી-સોનેરી વાળોનાં ગુચ્છ, બેરેક, તાજમહાલની કલ્પના, ટપાલનો આખો એક કોથળો, પરબિડીયાના સુંદર કાગળ પર મરોડદાર અક્ષરોમાં લખાયેલો ટૂંકો પત્ર, રજીસ્ટર્ડ પત્ર, બેદરકારીથી થયેલી સહી, સવારનો પહોર, ચા-નાસ્તો, દાણોદુણી, ઝાકળના બિંદુની જેમ સરી પડેલો આનંદ, આડાઅવળા ગોઠવેલા મૂળાક્ષરોના ટાઈપ, કાનખજૂરાના હજાર પગ, ઘરના ઢસરડા, લિવર એક્સ્ટ્રટનાં ઈંજેક્શનો, કલકલ હાસ્ય ધ્વનિ, બ્રિજપાર્ટીઓ, ક્લબો, કપડાં-લત્તાં, મોજશોખનાં સાધનો, મનનું એકાનત, સાડી-સેલાંના ગંજ, મુંબઈના ગવર્નરે યોજેલ સમારંભ, ડ્રેસિંગટેબલ, સાદી સાડીઓનો ઢગલો, રાજભવનનો વિશાળ પંડો, સ્તબ્ધ શાંતિ, મહાલયના વિશાળ ખંડને બીજા ખંડો જોડે જોડતું ભવ્ય દ્વાર, ઓટોગ્રાફબુક, સેંડલ્સ, છત, પલંગ, આંખોના ઓરડાના બારણામાં કોટ-ટોપી, નાગચૂડ, ટાઈફોઈડ, ન્યૂમોનિયા, મનમાં ભૂત, દરદીનો ખાટલો, સાહિત્યની ઊંડી સમજ, પ્રાસાદના, દવાખાનાનો તોતિંગ દરવાજો, પાંજરામાં સાથી, ગળગળો અવાજ, શ્રોતાગણ, મધ્યકાળ, માંદલી રસવૃત્તિ, કચેરીના મકાનના રાક્ષસી દાદર, પ્રેમનાં સ્વપ્નો, હિસ્ટોરિકલ મુખમુદ્રા, ઝીણામાં ઝીણી વાતનો સૂક્ષ્મમર્મ, ફેફસામાં બેંગલોરની તાજગીભરી હવા, નવી નવી બંધાતી નહેરો, ઈન્ડિયન ઈન્સ્ટીટ્યૂટ ઓફ આર્ટ, માર્કેટ, દીવાલ બહાર ઊભેલ ટોળું, આંખોમાં ભભકતી ખુન્નસભર્યા ક્રોધની જ્વાળા, મેલો ફાટેલો સફેદ સાડલો, લીલી સાડીના ચિરાઈ ગયેલા કબજાના ચીરા, ફટોફટ વીંઝાતા ચાબખા, સુવસ્ત્રો મઢ્યાં ને સફલી સફલો વાતો કરતાં સ્ત્રી-પુરુષો વગેરે...

આ તમામથી રચાતો પરિવેશ વિગતોના ખપપૂરતા વિનિયોગ અને નવા શબ્દોની રચના તરફ ધ્યાન ખેંચે છે. જેમ કે 'કલ્પનાનાં ચક્ષુ'. આ ઉપરાંત બ્રોકરે સરળ વ્યવહારુ વિગતોથી પણ કલ્પનભરી ભાષા સર્જી છે. જેમ કે 'મનનો એકાંત ઓરડો'. આપ્રકારની વિશિષ્ટ ભાષા વડે તેમણે પરિવેશરચના કરીને ભાવોને પ્રદર્શિત કર્યા છે. કેટલાંક મહત્ત્વનાં વર્ણનો પણ સરળ છતાં વિશિષ્ટ છેઃ

- પગમાં પહેરેલી રેશમી ઈજાર, પીઠને ઢાંકતું સફેદ દૂધ જેવું બનિયાન અને ખભા પર બંને બાજુ લટકી રહેલા ઓઢણીના બે છેડા તેની ગતિના ગૌરવથી જ્યાં સંયુક્ત બની ડામરના એ સીધા, લીસા લાવણ્યહીન રસ્તાને કંઈક અદ્દભૂત લાવણ્ય અર્પી રહ્યા હતા.
- નજર સામે દૂર દૂર સુધી અંધકાર પથરાયેલો હતો, આજુબાજુ પાછળ જ્યાં જુઓ ત્યાં માત્ર અંધકાર. એ અંધકારની જ મૂક વાણી હોય એવી ઠંડી પોતાનું વર્ચસ્વ વધારવા પ્રયત્ન કરી રહી.

- એક મૃદુ સ્પર્શે તેમને સ્પર્શ કરતાંયે મૃદુત્તર કલ્પનાની સૃષ્ટિમાંથી વાસ્તવની સૃષ્ટિમાં આણ્યાં
- ધૂમાડાની સેર ઊઠતી રહે છે. આકૃતિઓ રચાતી રહે છે. એક ધડાકો થાય છે અને આખું કલકત્તા, આખું બંગાલ, આખું હિન્દ ધ્રુજી ઊઠે છે.
- વનવૃક્ષઘટામાં ચન્દ્ર ડુબી ગયો, પૃથ્વી ઉપર અંધકારનો પડદો પડ્યો. સ્વર્ગ અને મર્ત્ય, દેશ અને કાલ, દુ:ખ અને સુખ, જીવન અને મરણ, અસહ્ય આનંદ એ મોહમાં અચેત થઈ ગયાં.
- કાગળના સવાસો દોઢસો પાનાંનો જથ્થો, થોડી કાળી શાહી, થોડા આડાઅવળા ગોઠવેલા મૂળાક્ષરોના ટાઈપ, ને એટલામાં તો તમારી સામે શાકુંતલ કે હેમ્લેટ, પ્લેટો કે ગીતાંજલિ ઊભાં થઈ જતાં હતાં. આખી એક મહાનસૃષ્ટિ તમારાં નયન, મન, હૃદયને ભરી દેતી હતી ! માનવજાતનું મોંઘામાં મોંઘું ધન એ આટલા એવા કાગળના જથ્થામાં સમાઈ જતું હતું !
- ચિત્રા તૈયાર થઈ ગઈ ત્યારે તેના ડ્રેસિંગ ટેબલના ત્રણે અરીસા રૂપની ત્રણ શિખાઓથી સળગી રહ્યા હતાં. મંદ મધુર પવન વાતો હતો. ને આખી દુનિયા હસું હસું થઈ રહી હતી. સૃષ્ટિ અજબ સુંદર હતી !

ગુલાબદાસ બ્રોકરની વાર્તાઓમાં મુખ્યત્વે સ્ત્રી-પુરુષ સંબંધોને વિષય બનાવ્યાં છે. એટલે આ વાર્તાઓનાં સ્થળ, સંસ્થાઓ, પરિવાર, જાહેર કાર્યક્રમો, તહેવાર-પ્રસંગો વગેરે છે. મુખ્યત્ત્વે સ્ત્રીના ભાવોને પ્રદર્શિત કરતી વાર્તાઓ હોવાના પરિણામે એ પ્રકારનો પરિવેશ પહેરવેશ, સજાવટ, પરિવારનું રાચરચીલું, પ્રભાવિત કરતી સામગ્રીઓ, મનોહર પ્રદેશો તેમની વાર્તાઓમાં વધુ આપ્યાં છે. વિચ્છીન્નતાના, વિરહના, વિગ્રહના ભાવોને સ્થાને પ્રકૃતિની ભયાનક પરિસ્થિતિઓ મૂકીને તેઓ પરિવેશનો યોગ્ય વિનિયોગ કરે છે. આ રીતે પ્રાકૃતિક પદાર્થો અને જીવન જરૂરી ——— સાહિત્યિક સૌંદર્યભરી ભાષામાં ઢાળીને પરિવેશ વિનિયોગની એમની ખાસિયત બને છે.

**જયંતિ દલાલ** ગાંધીયુગીન વાર્તાનો પરિવેશ જરા વિસ્તારે છે. તેઓ નગરજીવનના એવા પ્રદેશો તરફ પોતાની સર્જકદષ્ટિ લઈ જાય છે જ્યાં બહારથી દેખાતા સામાજિક દબાવની અંદર ચૈતસિક દબાવ પણ પડેલો છે. સામાજિક સમસ્યાઓ, આર્થિકપ્રશ્નો, પ્રાથમિક સુવિધાના અભાવો, રીતરિવાજોથી સર્જાતા પ્રશ્નો વગેરે આ સર્જકે સૂક્ષ્મસ્તરે જઈને આલેખવાનો પ્રયાસ કર્યો. પ્રથમ વાર્તાસંગ્રહ 'ઉત્તરા'માં જ 'લીલાં લીલાં દસ આપ્યાં દસ આપ્યાં'માં સ્વાતંત્ર્ય સંગ્રામની બીજીબાજુ લડતના પરિવેશને સહજ વાતાવરણમાં દર્શાવ્યો તો 'મોહનધુળાની હિસ્ટરી ટિકિટ'માં જેલ પરિવેશ

છે. પણ વાર્તા તારીખના ક્રમ મુજબ રોજનીશીની શૈલીમાં ચાલે છે. 'ફાલ્ગુનીનાં લગ્ન' પત્રશૈલીની વાર્તા છે. 'અનાદિ-અનંત'ના વાર્તા તબક્કા 'બોલો'ની જુદી જુદી પરિસ્થિતિની માનસિક અવસ્થા દર્શાવે છે. 'જગમોહને શું જોવું' બંધ આંખો બહારનું વિશ્વ, 'આભલાનો ટુકડો'નો પ્રકૃતિપ્રેમ, 'ઝાડ ડાળ ને માળો'નો પરિવાર પરવેશ, 'ટપુભાઈ રાતડિયા' કે 'સમડી'નાં મનોમંથનો એમ વિશેષ પ્રકારનાં ભાવવિશ્વો સર્જક લાવ્યા છે. અહીં નગર છે, ગામડું છે અને બંનેની મિશ્ર-સંસ્કૃતિ પણ છે. પરિવેશની ગીચતા નથી પરંતુ સ્થળસંદર્ભ ચોક્કસ જળવાયો છે. કેટલીક મહત્ત્વની વાર્તાઓનો પરિવેશ જે પાત્રોના મનને આકારિત કરે છે અથવા તો ગાંધીયુગની દયાળુ નજરે આલેખાયેલા પરિવેશથી જુદો પડીને માનવીય ભાવોનું જ આલેખન કરે છે એવા પરિવેશની કેટલીક વિગતો જોઈએ.

હજાર હજાર વિષ ઘરના ડંખ જેમ સ્વાભિમાનને કોરતી ક્ષણો, ધન્યતાની મીઠી મહોર, વિજયનો નાદ, વાંકી છટાદારકમાન જેવી ભ્રમરો, નજરમાં રાનીપશુની યાદ, જડતાની ગ્રંથિના ઓળા, નનામાં પત્રો, મનની વરાળ, સ્ત્રીત્ત્વ એ હથિયાર, રૂપ એ શસ્ત્ર, ખદબદતું માલિકીપણું, વિચારમાળા, અંતરમાં વલોપાત, સિનેમાનો છેલ્લો શો, શૃંગારના અંબાર, લજામણીના છોડ જેમ કંપતી ભ્રમર, દાઝના કૂંડાળામાંથી અંધારી રાતના તારલા જેવી ચમકતી નજર, શરાબે આંખનાં પોપચાંપટ હિમાલયનો ભાર મૂક્યો, વર્ષાની પૂનમ આસપાસના ઘટાટોપ મેઘ જેવી સ્વસ્થ-આપરખી-લાપરવાહી આંખ પડછાયાના કલબલાટ વચ્ચે અતિતૃપ્તિના ઘટના જેવો ઘોરવાનો અવાજ, અણીશુદ્ધ નિર્દંશ હાસ્ય, મનની પાટી પર ઘૂંટેલી ફરમાશની બારાખડી, પડીકાં, અંગ્રેજી ભણવું, હળદરના ગાંઠીયા, ગલ્લાવાળો, હટાણું, બરણી, ડબ્બા, ધરાસણા હત્યાકાંડ, ઊંટડીની છાવણીનો પોલીસ કબજો, વિચારસાગરનું તળિયું, છાપાંનો ટુકડો, 'ઈન્કિલાબ ઝિંદાબાદ' ની ગર્જનાઓ, બાવળ-દાભણના ઢગ, ત્રણ વીસું રૂપિયા, ઘૂંટાતો પ્યાલો, બાવળિયે કાંટા ગણાય તો સભાનું લોક ગણાય, તોપોને બંદૂકો વિમાનોને આગબોટો, આંધળી દીવાલ, ધાણી ફૂટે એમ લોકો ઢળી પડે, ગોળી, લાલ લાલ લોહી, વેરાયેલાં દાતં, છાપરે ઠલવાતી અજવાળાની સેર, તાજી અને હરીભરી યાદ, સાગરને મર્યાદા હોય તો પ્રશ્નોને મર્યાદા હોય, સુરખીભરી મોંફાડ, રેલ્વે સ્ટેશન, દસ બંદૂકધારી વચ્ચે હાથકડી અને દોરડેથી બંધાયેલો પાતળો, ઊંચો જુવાન, ચૌદ વરસની કેદની સજા, બોંબ ફેંકવો, શાળાના પ્રદર્શનમાં પારિતોષિક, મૌનનું શરણ, નાનકડા સ્વસ્છ મનમાં જાણે સાતે સમુદ્રનું ઘોર તાંડવ, પ્લેટફોર્મનું કિતાબઘર, ઘરબાર બાળવાં, સિપાઈની બંદૂકનો ડર, વાડી વજીરો, કપાળમાં અસ્સલ ઢબુ પૈસા જેવડો ચાંલ્લો, પસંદગીનો કળશ, અલકમલક અને અગમનિગમના

વિચાર, પ્રાર્થના, ખુરશી, સિગારેટ, દિવાસળી, તેલી તંબોડી, કાવતરાખોરોની યાદી, ફાંસીગરાનો ગાળો દેખાય, ભૂમિશય્યા પર માંકડનું 'છત્રીદળ', અડઘોકશેર ચવાણું, સિગારેટના ઘુમાડા, દોસ્તીનું દોરડું, ષડ્યંત્ર, છાપાંનાં લટકાળાં બીબાંની ખબર, આંખે મોરનાં જાળા, શાંત જળમાં કૂંડાળા, રાજામહારાજાઓની મોભની યાદનું પ્રદર્શન, વિધિ-વ્યવહાર, વિક્ટોરિયા, ચકચકતો ચામડાનો બટવો, જાસુદનું ફૂલ અંબોડામાં, સોનાની નાજુક બંગડી, ફૂલવાળીઓ અને ફળવાળાઓની હાટડી, મોગરાની માળા, નાગપુરી સંતરાં, મીલ વેચવાની હરિફાઈ, નાક ચઢી જવું, ગાડીવાળાની ચાબુક, બાઈના બુટની ઊંચી એડી, આંગળાની કાંસરડી, અકસ્માત, ભાઠાની બાવળી, નદીનો સાંકડો પટ, કોક ઋષિના નામ સાથે સંકળાયેલું સ્મશાન, ધૂળ અને ધુણીની સૂરજ સાથે મંડાયેલી રમત, પારકી પંચાત, વીંટળાઈ વળેલી દષ્ટિ, લાલ કીડીઓનું કટક, બળતી ચેહ, જિંદગીનો બોજ, મૃત્યુનો બોજ, કાળી વાદળી, તમન્નાઓ પર થીજી ગયેલું પાણી રેડવું, તાતાંતીર જેવી મજાક, ગ્રહોની વક્ર દષ્ટિ, જાણીતું જુગારખાનું, ખૂબ ખૂંદાયેલી નદીની રેત, મડદા પર ચીરાયેલાં કપડાં, ખિસ્સામાં માલમતા, ગળે ઉઝરડા, નાકમાંથી વહી ગયેલા લોહીનો કાળોમેશ લિસોટો, પંચક્યાસ, લોહીથી કાળી બનેલી રેતી, લાવલશ્કર વેંઢારવાની આદત, આંખોના માળા મણકાની જેમ વીંટળાયેલા, માથે સૂરજ, પસીનાની બૂ, મીટ માંડવી, આશાની જ્યોત, ગુણીઓના ખડકલા, ફિલસૂફીના કુચા, નિવિર્ય ગુસ્સો, આંખના ઊંડા કુવા, અવાજ ચાલ્યો, ધાનના ઢગલા, ઠઠોઠઠ અદાલત, શિષ્ટ સમાજના સ્તંભો, ટચલી આંગળીએ તોળાયેલા ગોવર્ધનનો બોજો, નદી, હોડી, જાળ, લોકમાતા, ડુંગર જેવડાં મોજાં, સાંકડી ખાટ, માયમૂડી, ઊંડી ઊંડી કોતરો, ચકરડી ઘમરડીમાં હોડી ફેરવવી, જિંદગીની ગાંઠ, નદી અન્નપૂર્ણા, હટાણું, રંગબેરંગી પોષાક પહેરેલી શહેરી નરનાર, ઝાકઝમાળ, ધાન્યના ભંડાર, ભપકાદાર મોટરો, લોખંડી હાથ, ભૂનો રસ ચૂસતો સૂરજ, હાડકાની પોટલી બની ગયેલી નાનીબહેન, મોટરસાઈકલો, બંદુકમાંનું ગરમ સીસું, ભૂખ્યાં માનવધણ, ઝાડને છાંયે ઈંટો ગોઠવી પેટાવેલો ચૂનો, આકાશ સામે મીટ, ધનુષ્યની પણછ ખેંચી હોય એમ દેહની રગો ખેંચાય, ઊબકા-ઊલટીઓ, અડખેનું બજાર ગરમાગરમ, વેરાયેલું ધાન, સરકારની દાઢ, કરતાં જાળ કરોળિયે, પાઠ્યપુસ્તકોના ફેરફાર, અર્થશાસ્ત્રનું જ્ઞાન, સરકારી ટપાલટિકિટો, ચિત્રગુપ્તનો ચોપડો, સ્વપ્નોની ફોરમ, સોણલાંભરી ઝાકમઝોળ, દુર્બલનું શસ્ત્ર, અસહાયનો ધ્વજ, આકાશે બળતો ગોળો, નીકલનાં ચકચકતાં ફાનસ, ઘૂઘરમાળ રણકે, શિયાળાના ટૂંકા દિવસો, કોટ, ઘડિયાળ, હાર્મોનિયમ, પિત્તળના ઘૂઘરાનો રણકારો, ધારદાર તીણા પ્રકાશમાં નાચનારી, શોરગુલ, ઘોંઘાટ, પ્રકાશનો દરિયો, ભક્તોને ધન આપવાની તક, દિલમાં દયાનો ઝરો, દેવમંદિરનાં પગથિયાંની હયાતી, કંતાનનો ટુકડો, ધીખતા તાપમાં આળોટતું ટાબરું, કમાણીના બે પૈસા, કોરાફક્ક દહાડા, ઊજળું

થેપાડું, વીજળીના દીવા, છાપરું, બપોરનો પહોર, બોકાહો, હોર્ન, રોતી હાંલ્લી, ચાર આનાના ભાડાનું બાળક, પ્રફુલ્લ મન, વિચારોની વેગવંતી બનતી જતી આંધી, બિલાડીબાઈની પાટ જેવી વાત, ઈંટને જીભ હોત તો, દાળ અને રસાદાર શાક, રેલમૃછેલ ખરડાયેલા લદબદ ભાતના દાણા, હેતાળ હૈયાં, ભીંતભડકા, હલે પડેલો ચિરાડો, ડંગોરો, તત્ત્વજ્ઞાનની અદા, ઘૂમરીઓ લેતો ખ્યાલ, ખૂને પડેલી ગોળી, નિંદાની ગંધ, મોટી આશાએ મુંબઈ, પૃથ્વીનું પાથરણુંને આકાશનો ચોરસો, ભયના ઘટાટોપ, ફૂટપાથ, સાગરની રેતી, તોતિંગ ફાટક, બળતા બપોરનો તાપ, પોલીસ, ચોકીયાત, પિકેટિંગ, લાલબિલ્લા, મકાનની ટોચે કશોક વાવટો, ખટારા, રોકડા બે રૂપિયા, મોં પર ઊનું ઊનું લોહી, મનમાં આંધીના વેગે વિચારો, કમળને પોતાની જાતનું રખોપું, વરસનો વચલો દિવસ, ભાતીગળ વિચારો, પ્રાગૈતિહાસિક કાળની કોક પળ, આસોપાલવનાં પાનાં, નાવણિયું, ડાંખળી, અળેખડીની ઢગલી, છાબડી, હાફૂસનો કરંડિયો, ચૂનામાં તમાકુ મેળવવાની લલિતકળા, હેલપાટીવાળા, મિલનો ઓર્ડર, વિશ્વાસ દરિયાને તળિયે, ધોતિયું ઝાલીને દોડવું, જાતને ખોતરતું મન, ઘોલકું, ગાંધીજીના હાથમાં કેરી, સુરજમુખી અને કેસુડાં સાથે ધોળ્યાં હોય એવા રંગની કેરી, ચા, લીલા લીમડાની એક ડાળ મીઠી, હોકો ફૂંકવાનો હક, પળિમાં ઢોલિયો, ચાંદની રેલાય, ડાળી જાણે ઝળાંહળાં, કુહાડીનો ઝટકો, ગામના ડાહ્યા-શાણા ગણાતા માણસ, ડીંડવાણું, સાંડસીમાં ભરાવેલી વઘારની વાડકી છટકી, સ્ટેઈનલેસસ્ટીલની વાટકી, ઘૂંટેલી વ્યંજના, ઘટાદાર ઝાડઘટા, મેઘની ખેલદિલી, નાગના ડંખનું ઝેર, પવનની ફૂંક, ફિલમ જેવું, શાંત સરળ વહેતાં પાણી, ઊછળતાં મોજાંવાળાં ધસમસતા પૂર, પરાનું નાનકડું છતાં સુઘડ ઘર, વીજળીના ચમકાર, ધૂળની ડમરી, ભીંતને ટેકો, સુધરાઈના દીવા, બરછીની અણીની જેમ આંખોમાં ભોંકાતા વાંસના છેડા, ચશ્માં, પુસ્તકો, બારીની બારસાખ પર બેસીને ઝુલતા પોપટ, બપોરના તાપનો ચળકાટ, સમુદ્રના તરંગ, વિટામિન, ઓપરેશન, આંખોમાં ઝાંખ, ટેબલ-લેમ્પ, સાઈકલ, આથમતું તેજ, ઉન્માદની ઘેરી અસર, રહસ્યભરી ડિટેક્ટીવ વાર્તા, આંખના દીવા રાણા થવા, વાટકાની કોર પરથી ઊથલી પડતા દાણા, અહિંસક લાઠીચાર્જ, વાંચેલાં-ગોખેલાં-સાંભળેલાં-સંઘરેલાં નામ ધસમસે, કાશ્મીર, તાજમહલ, ફૂલની ફોરમ નાકથી ઝાપટવી, શેરીના પથરા પર ઘોડાના ડાબલા, ગાડીના પુલનો ચુંચવાટ, દૂધનો પ્યાલો, ખિસ્સામાં પરચૂરણ, મેટ્રિક, અવાજની ધાર, ગળ્યો કંસાર, સોપારી પેટમાં ફાળ પડવી, તોળાતો ડુંગર, વીજળી પડી હોય એમ સ્તબ્ધ, સાંજને ટાણે માણસોની અવરજવર, છાપાનો ફેરિયો, ભારે કરવેરા, વરસગાન, બંગડીની કાંગરી, અઢી અબજના કર, પગારની વાર, ગોમુખીમાં માળા ફેરવવી, બંગળીઓ રણકવી, ભાષણ, ઉદ્‌ઘાટન, પૂર્ણાહુતી, ચન્દ્રક પ્રદાન, ગાલી પ્રદાન, ચગડોળ, રામલીલા, સભા-સપ્તાહ-કવ્વાલી, જ્ઞાનભંડાર, વિચારઝોલો, દિવસમાં સવાલ

ઉઠવો, પગથિયાં, ભરઉનાળે ચોમાસું, છાતીમાં શ્વાસનો ધક્કો, છીંક, સ્કૂટર, ઓટોરીક્ષા, ઊંચું લીધેલું ધોતિયું, હાથમાં છત્રી, ઈન્કમટેક્ષ અધિકારી, બેંકબેલેન્સ, બેંક અકાઉન્ટ, ચમચાઓ, ફિલ્મી મ્યુઝિકની દુનિયા, દિલમાં ચણચણાટ, કાનની બૂટ લાલ લાલ થઈ જવી, ઢોલક, ઝંડા ફેરી, ચા-પાણી, ગોળ વહેંચવો, હાથપેટી, સેકન્ડહેન્ડ ઢોલ, ઝંડાઝોળી, મ્યુઝિક ડિરેક્ટરો, પેટ્રોલ, વનસાઈડ વ્યૂ, સ્કેચ મ્યુઝિયમ, લોંગડ્રાઈવ, જેઝના ટ્યુનની વ્હિસલ, સેકન્ડહેન્ડ થ્રીલ, કોલ્ડ શાલ્ડર, સ્પોર્ટગન, મોટર, ઊંડા કુવા, થૂંકદાની, ચમરબંધી, વીજળી, રેડિયો, વોશિંગમશીન, બારીનો તડકો, ટેલિફોન, રેડિયો, લાકડાના ચકચકતા કેસ, બારી, ગાદી, ચાદર, પરદો, બાજોઠ, કાગળ, દોરી, ટેબલનું ખાનું, બે માળનું ઓળિયું, સમડીનાં બચ્ચાં, પોપડાં ઊખડેલી-ધાબાં પડેલી ભીંત, બિલાડી, વરસાદનાં ટીપાં, શ્વાસોચ્છવાસ, ફાનસનો ગોળો વગેરે...

'મોહનધુળાની હિસ્ટરી ટિકિટ'માં જેલનો પરિવેશ છે. નવાં કપડાં, બંડી, અપીલ, આડાબેડી, મરડો, હોસ્પિટલ, ખડાબેડી, તાકીદ, માફી, અપીલ, સજાકાયમ, હવાલદારને પાટું, પાટીકામ કાગળ, કમિટી, વોર્ડર, ૩૦ દિવસની રાતનો પહેરો, પાઘડી-પટો, ભૂખમરાની હડતાલ, બેરેક, વીસ ફટકાની સજા, ભાગવાની કોશિશ, ફાઈલ, ઓડરલી વગેરે દ્વારા તે મૂર્ત થાય છે.

'મૂંગો માગે છે ત્યારે-'માં અદાલતનું દ્દશ્ય છે, મુકદ્દમો, સુનવાઈ, ફાંસીની સજા, સરકારી વકીલનું બયાન, સાબૂત ચોકઠું, ફેંસલો, કાયદેબાજી, કલમો, ધારાનોંધો, ન્યાયાધીશના ચશ્માં, વકીલમંડળી વગેરે દ્વારા તે બંધાય છે.

'ચિત્રગુપ્તના દરબારમાં' સ્વર્ગની ભૂમિ છે. કર્મસચીવ મૃત્યુ પછીનું નિયમિત, યમરાજ, ચિત્રગુપ્તનો ચોપડો, મહારાજનું સિંહાસન, જીવનનો સરવાળો-બાદબાકી, દેવો, રાજમાર્ગો, હવાલો, નરક, મરેલા પામરોનું ઝુંડ વગેરે દ્વારા પરિવેશ રચાયો છે.

આ વિગતોમાં મોટેભાગે જીવન જરૂરિયાતની જીવન સાથે જોડાયેલી વિગતો મળે છે. એટલે કે કલ્પના વિહાર નથી. સ્થળસંદર્ભને ઘાટીલો બનાવવાનો પ્રયાસ નથી 'ખપ પૂરતો' વિગતવાર મળે છે. હા 'સાગરની જેમ ઊભરાતા વિચારો' જેવી વિગત આવે છે ત્યારે ત્યાં જયંતિ દલાલની પોતાની આગવી નિરૂપણ ભાષાનો પરિચય મળે છે. વિકસતાં નગરની અનુભૂતિ થાય છે, આઝાદી આંદોલનનો પરિવેશ છે તો 'ધોતિયું' જેવા પહેરવેશની એ સમયની રસમનો પરિચય મળે છે. ચિત્તના, મનના વિચારોની વિવિધ સ્થિતિઓ એની પરિસ્થિતિઓમાં મૂકીને સર્જકે વિગતોમાં સૂક્ષ્મ વણાટ સાધ્યો છે. એ વિશેષતા ઉપરાંત કેટલાંક વર્ણનો જે વાર્તાના પરિવેશને સર્જે છે તે મહત્ત્વનાં છે. જેમ કે:

- ઝનૂને ચડેલો પવન એક જ ઝપાટે નાનકડા ટમટમતા દીવાને ઓલવી દે છે, પણ એ જ પવન આગને ચામર ઢાળી વડવાનલ બનાવી મૂકે છે.
- ધીરે ધીરે અજવાળું ઓસર્યું. અંધારું આવ્યું અને આદર્યા કામને અધૂરું મૂકી ગયેલા પડછાયા ફરી પાછા એમની ખ્યાલી હયાતીની ઘટમાળમાં લાગી ગયા.
- આખી રાત આનંદપૂર્વક જાગતા આકાશના તારલાની ચમક અને રાતપાળી પરથી પાછા ફરતા મજૂરની નજરમાં વરતાતો થાક અને નિરાધારી આટલો બે વચ્ચે ફરક.
- આથમણે આવીને એક ઝગમગતો તારો રમવા માંડ્યો, શહેર પરની ધુણીની સેર, પાણીમાં બગલો એક પગે ધ્યાનસ્થ થઈ ઊભો રહે એવી, પાતળી સીધી સેર, આકાશે પહોંચવા મથતી રહી.
- સહુ પીંછીની વાચાથી જીવન્ત બનતું હતું. નમણીકન્યા-ઉષાના રંગઃ મોહક મૌગ્ધ્યઃ મનના મેલને જલાવી દેતું તેજ : નિર્દંશરૂપ : ભાવનાની દીપ્તિ
- સવારના પહોરમાં જ સૂરજ પોતાનું તેજ રેલાવવું શરૂ કરે અને પોતાની સો-સો પાંખળીઓ બીડી દઈ સાવચેતીથી આપ-રખોપું કરતું કમળ કેમ ઉલ્લાસમાં આવીને એ સોએ સો પાંદડીને ખુલ્લી કરી આનંદ અને કલ્લોલથી ભરી દેતું હશે ? બિડાયેલું કમળ પવનને ઝુલે ઝૂલે છે ત્યારે તો કોક કેદીને એનો સંત્રી મજૂરી કરાવતો હોય એવું લાગે છે.
- ફલીમાં ઢોલિયો ભજનમંડળી જામી હતી. કોકભગત આવ્યા હતા અને પાછું ક્યાંથીય એ જ આગળ આવ્યું : લીમડાની એક ડાળ મીઠી, હે રણછોડ રંગીલા !
- એક વાદળી પણ આકાશમાં ન હતી. ગામની સુધરાઈના દીવા, મીલનાં ભૂંગળાં પર ઝગમગતી નિર્યાન લાઈટ્સ સિનેમાઘરોની ઝળક જ્યોત – સહુના – પ્રકાશ અંધકારનું મિલન પડખેના છાપરાની ધારે દેખાતી ક્ષિતિજને આછા લાલ રંગે રંગતાં હતાં. – ૯૧
- પેલી બંધ આંખો સદાયની અંધકાર પર જાણે મીટમાંડીને બેઠી છે. પોતે લખવા ધારેલી રહસ્યકથાનો પ્રસંગ આ અંધકારમાં એને દેખાય છે, ખૂન, લોહી, પેલો બદમાશ આપણા ડિટેક્ટીવ નાયક સાથે બાથંબાથ કરે છે. આ અંધકારમાં હવે આવું જ દેખાશે. પોતાને માથે આવી પડેલા અંધકારમાં, એ એનાથીયે વધુ અંધકારમય સમાજનું અદકેરું ચિત્ર દોરશે. – ૧૦૧
- લોકના ચહેરા જોવાનો કંટાળો આવે ત્યારે કાં તો મકાનના માળ જોવા કે પછી સડક પર પડેલા જાતભાતનાં કાગળ, ડૂચા, ઓગળ, પિચકારી કે પછી ડામરમાં ખોડાઈ ગયેલા

લોખંડના ખીલા, ઘોડાની તૂટેલી નાળ, કોક ઠેકાણે ઢળીને ચકચકતું પેટ્રોલ-ઓઈલ નીરખતાઃ આવી કશી આદત કેળવેલી – ૧૬૧

- જોયું તો હવે બારીમાંથી તડકો જતો રહ્યો હતો. ધૂધવાતો ઉજાશ આવતો હતો. બારીનો પડદો બારીના સળિયા જેટલો સ્થિર હતો. ગાદી પરની ચાદર સફેદ, સ્વચ્છ, ડાઘાં વગરની, કરચલી વિનાની હતી.
- કીધી. કીડીની કીધી. મંકોડીની કીધી. પોપટની કીધી. મેનાની કીધી. ખિસકોલીની કીધી. પંખીની કીધી. માણસની કીધી. વનની કીધી. નગરની કીધી. પર્વતની કીધી. પણ...મનું કે 'વારતા કો' – ૨૨૨

જયંતિ દલાલની વાર્તાઓમાં આવતો આ સ્થળ પરિવેશ મહદ્ંશે મનની ઈચ્છાઓ, આવેગો, તરંગોને નિરૂપે છે. ક્યાંક તત્કાલિન સામાજિક, સાંસ્કૃતિક પરિસ્થિતિને એના વિષય-નિરૂપણના સંદર્ભે આલેખે છે. તેમણે પરિવેશના તત્ત્વોના વિનિયોગ સંદર્ભે નોંધ્યું છે કેઃ

- 'લીલી વનરાજીમાં ગમે તેવા રંગનું પંખી જેટલી સરળતાથી ગોઠવાઈ જાય છે, પંખી ઝાડ બને છે અને ઝાડ પંખી બને છે. તેટલી મીઠાશથી આ પ્રતીક મૂળવસ્તુની વ્યક્તિતાને ઉપસાવતું બની જાય છે' – ૨૩૫

અહીં તેમનો કહેવાનો સીધો જ અર્થ વાર્તામાં પરિવેશનું કોઈપણ તત્ત્વ વિનિયોગ પામે ત્યારે તેમાં સહજતાથી ભળી તો જવું જ જોઈએ પરંતુ તે જેના બદલામાં અથવા જેના સંદર્ભે આવે છે એને વફાદાર રહેવું જોઈએ. આ સમાજનો વિનિયોગ તેમની વાર્તાઓમાં થયેલો જણાય છે. તેઓ જે ભૌગોલિક વાતાવરણ લાવે છે તે પણ વાર્તાને અનુરૂપ બને છે. જેમ કે 'મનનો માળો'ના આરંભનો ભૌગોલિક પરિવેશ અને નિબંધાત્મક સૌંદર્ય નિરૂપણ આખરે વાર્તામાં પેલા પ્રકૃતિ અને માનવપ્રકૃતિ વચ્ચેના મનોસંઘર્ષને આંકી આપે છે.

જયંતિ દલાલની વાર્તાઓમાં આ રીતે એ સમયનો સંદર્ભ અને મનનાં વિવિધ ભાવપ્રદેશો તરફની ગતિ પરિવેશ નિરૂપણં વડે સાર્થક થઈ છે.

**જયંત ખત્રી** (૧૯૦૯-૧૯૬૮) ઉમાશંકર, સુન્દરમ્, મેઘાણી વગેરેની વાર્તાઓથી વિષયવસ્તુ અને નિરૂપણભાષાથી જુદા પડે છે. તળજીવનને એમણે માનવજીવનની સામાજિક સમસ્યાઓના પ્રશ્નો તરીકે નથી જોયું. પણ માનવસંવેદનના આલેખન તરફ તેઓનો ઝોક વધારે રહ્યો છે. પરિણામે તાજગીભરી ભાષા તેઓ પ્રયોજી શક્યા છે. માનવસંવેદનોના આલેખન માટે એ પ્રકારનાં વર્ણનો,

ઉપમાઓ, શૈલી વગેરેથી સર્જાતો પરિવેશ ગુજરાતી વાર્તાની નિરૂપણ ભાષામાં જુદો તરી આવે છે અહીં સ્થળ તરીકે નગર પણ છે અને ગામડું પણ છે. મોટેભાગે કચ્છપ્રદેશના સૂકાંભઠ્ઠ વિસ્તારનાં ગામડાં અને એમાં જીવાતા જીવનમાં સરેરાશ માનવ જીવનના પ્રશ્નો, એનો ભાવપ્રદેશ, જીવનનાં ઊંડાણને તેઓ સ્પર્શ્યા છે. 'લોહીનું ટીંપુ'માં અંધારી રાતના ઉપજેલી શરીરભૂખ, 'આનંદનું મોત'માં રોગ, 'ખરા બપોર'ની તરસ-ભૂખ, 'ધાડ'માં માનવ આવેગો વગેરે નવા વિષયોને તેઓએ છેડ્યા છે. આ વાર્તાઓનો પરિવેશ વિષયો પ્રમાણે નગર અને ગામનાં અવનવાં સ્થાનો તરફ લઈ જાય છે. અંધારી ગલીઓ, દવાખાના, ભેંકાર રણ, સાગરકાંઠો, કોલેજ, વાડી, ઘર, ફળી વગેરે સ્થળોમાં સર્જાતી વાર્તાઓ વિશિષ્ટ નિરૂપણ શૈલીને કારણે અજોડ બની છે. આ પ્રકારના સથળ સર્જતો પરિવેશ નીચેની વિગતોથી બંધાય છે. વિગતોનો વિશિષ્ટ વણાટ વાર્તાઓને તેના પાત્રોને વિશિષ્ટ ભાવોને આકારિત કરે છે.

પ્રથમ ગ્રામપરિવેશ રચતી વિગતો જોઈએ.

શાન્ત ચૂપકીભરી અને ગંભીર એવી મેઘલીરાત, વ્યક્તિત્વમાં ભઠ્ઠીના અંગાર અને લોઢાની કઠણાઈ, જેલ, દારૂ, ધાડપાડુઓની જમાત, આંખોના અંગારા, ઝંઝાવાતી પવનનો ઝપાટો, ટપાલનું ઊંટ, ધર્મશાળા, કરમાતાં અજવાળાં, અષાઢ મહિનાની રાતોમાં લપાતો-છુપાતો પૂનમનો ચન્દ્ર, માદળિયું, લોહીના ડાઘ, જીભે તાળાં દેવાય, કસ્ટમ હાઉસ, મેલી ધૂળભરી શેરીઓ, લીંમડા અને પીપળા, મેડીના દાદરા, ઓસરીનાં અંધારાં, રાંધણિયાની બારીમાંથી ફૂંકાતો મહા મહિનાનનો ઠંડો પવન, ધૂપદાનીમાંથી ઉઠતો ધુમાડાનો ગોટો, પીરની દરગાહ, ઘણની છૂટી પડી ગયલી બકરી, ડાબજમણે વાંઝણી ધરતી-માટી-ઢેફાં-પથરા-શણનું છોડવું, સાઈકલો, ભૂખ્યા કાગડા જેવી નજર, ધૂળનાં વંટોળિયા, દોડી જતું સસલું, ધખતીલું, કૂતરાં-ગધેડાં-ગાયો-બિલાડા-આખલા, દિલરુબા, પાંજરામાં પુરાયેલાં, અકળાતા જાનવરોની હરફર, વાતાવરણની ચૂપકી, તળાવ, ખાઈ, મહાદેવનું મંદિર ને ડુંગર, કબ્રસ્તાન, બાવળનાં ઝાંખરાં, વરસાદની ઝડી, ધાબડો, પાણીનો લોટો, ખભે પોટલું, ડાઘુઓ, મુડદું, સીમાડો, વાવ, રોટલો, કુહાડી, મંકોડા, વંદો, ધૂળ ઉડાડતા ગધેડા, સૂકામ પાણીમામ ભાંગેલું વહાણ, ફાગણનો તડકો, રેત-રણ, કોચીનનું ટોપરું, મોહરમ, ભરતી ઓટની ચડ-ઊતર, અરબી સમુદ્રનાં દગાખોર કાળાં પાણી, મોમ્બાસા, ધીરા વાયરા વંટોળ, ધીરું ધીરું સતત રડતો સાગર, વરાણની તૂતક, ચાહની ઉકળતી તપેલી, ધૂળનો ગોટો અંધારું પાથરે, વાવની કુંડી, બીડી, મોઢે ઢમિટાં, છાણ-મૂતર, ગોળની ભીલીઓ, પેટ પર ત્રિશૂળનો ડામ, ખોખરી છાતી, બાવળનાં ઠૂંઠાં, જૂનાં ખાસડાં, ઢોરોમાં ભૂખમરો-રોગચાળો, ધોબીઘાટ, કાનમાં ગણગણતી

માખીઓ, કરોળિયાની જાળ જેવી રાત, આંગણિયામાં ખાટલા, સૂસવતી ઠંડી, ઊડતી ધૂળ, ખુલ્લો કિનારો, કમરમાં કિરપાણ, ટોળાં, સૂર્યોદય, બાળકિરણો, છૂટી-હઠીલી-બેકાબૂને આંખો પર છવાઈ જતી લટ, કેમ્પ, પ્રભાતની ઝાકળ જેવી તાજગી, સંધ્યાનાં અંધારાં ઢળી પડ્યાં, નિસ્તેજ આકાશ અને ઠંડી વહેતી પવનની લહેરીઓ, પાસપોર્ટ, રસ્તાની ગિરદી, ફળિયામાં અંધારું, ફોટો સ્ટુડીઓ, મંદિરના ઓટલે બ્રાહ્મણોની બૂમો, જીવનમાં ઠાંસીને ભરેલી કડવાશ, અસંખ્ય ડાઘવાળાં-મેલાં કપડાં, પસીને નીતરતું અને દુર્ગંધ મારતું શરીર, ખભે લટકાવેલી છલોછલ ભરેલી ભગવા રંગની ઝોળી, પેઢીઓથી ખેડેલા લડાવેલા દરિયાની લીલીઝાંય, ચાંદનીરાત, પરસિયન ગલ્ફ, છાપું, આંસુઓની લગામ છટકી જવી, ચા-સિગારેટ, શીતળ વ્યોમ, કડલાં ચૂડીઓ ગીરવે, મોઢામાં તુલસીપત્ર - ગંગાજળ, તાવથી ધગધગતું શરીર, આંધીની ધૂમરીઓ, રંગબેરંગી ફૂલો, શાસ્ત્રીય રાગો, સંધ્યા પાછળ આવતાં અંધારાંનું દળ, વાડામાં બરાડતાં ઘેટાં-બકરાં, તૂટીને ટુકડા થઈ જતું સપ્તક, કાશ્મીરી શાલ, એરંડિયાનો દીવો, ઉંદરોની ચિચિયારી, અંધારાંની સીમાહીન મોકળાશ, ઊંટ, ચૂલો, દરિયાની રેતી પર ઝાકળનાં વાદળાં, ગાય-ભેંસની ચાકરી વાડીમાં શિવાલય, અંગારા વેરતું આકાશ, લાલ માટીના ગોટા, લીમડાની ટોચ પર સોનાનો કળશ, ઝીણી ડાળખીઓનું તાપણું, નદીની ભેખડે વાડી, અડપલાં કરતી પવનની લહેરીઓમાં કલ્લોલતાં પક્ષીઓ, સફેદ ઘોડો, દૂરની વનરાજીમાં દીપડાની ગર્જના, દૂરના જંગલોમાં અંધારા, ખભા પર કોથળો, બંદર, નોકરીની હૂંફ, કાદવવાળા એરિયાના છોડવાથી છાયેલા કિનારા, ધૂળ-વંટોળિયા-ટાઢ-તડકો-કાંટા-ઝાંખરાં અને નિઃસીમ મેદાનો, નદીઓના રેતાળપટ, ડુંગરાઓની ધાર, ડાળના ઉઝરડા, બારી બારણાંઓ ઉપર ખંતથી કરેલું મોટા આભલા મંડિત માટીનું કોતરકામ, સૂકાઈ ગયેલા ધાવણવાળી ધરતી, બાવળનાં ઝુંડ વચ્ચે ચાર ઝૂંપડાને એક કુવાવાળી વસાહત, ટેકરીની તળેટીમાં ઝીણા બળતા દીવાઓ, ઘાસેટનું કોડિયું, ધૂળનાં દળોનાં વાદળો, તડકા ઉંબરે અફળાયા, અનન્ત ધરતી અને એવાં જ અસીમ મેદાનો, થાકેલા ઢોર જેવી નજર, ધગધગતી રેતી, તંબૂઓની હાર, વિસ્તાર પામતું નિઃશબ્દ નિરાકાર આકાશ, હવામાં હિલ્લોળાતા રેડિયો સંગીતના સૂરો, શિયાળુ સંધ્યાની ફિક્કી લાલ રેખા જેવા હોઠ, વરસોથી બુઠ્ઠી થઈ ગયેલી કોઈ લાગણી, બારેક ઝૂંપડાવાલૂં ગામડું, ખુરશીમાં માંકડ, ટાવરના ડંકા, અંગાર ઝરતો બપોર, ઝૂંપડાનું કમાડ, ઝૂંપડાનું તંગ વાતાવરણ, મેઘલી રાત જેવાં આંખે અંધારાં, બે ખડક વચ્ચે ઘુઘવાટ, ઢોળાવ પર વેરાયેલું રૂદન, ધુમ્મસનાં વાદળો, આંબલીનાં અંધારાં નીચે તીણી હળવી રાડ, સ્ત્રીઓનાં ટોળાની આવ-જા, ભેખડોની બે ઊંચી દિવાલો વચ્ચે વહેતી નદી, ધારિયાની ઠંડી રેતીમાં સરતો નાગ, ને ----સંધ્યાનાં અંધારાં – અજવાળાનું ઊંડાણ,

સાપનો કરંડિયો, મશાલનું અજવાળું, સંધ્યાની ગુલાબી લહરીઓ, નદીની ઘૂઘવતી ભેખડો, ચમેલીની મઘમઘતી વાડ, ટીંબો, વાવ તૂટેલો ખાટલો...

પાત્રોની પ્રાદેશિકતા છતી કરતાં કરતાં એના મનોવિશ્વની ઝાંખી કરાવતી આવી વિગતો વડે ખત્રીની વાર્તાનો પરિવેશ બંધાય છે. આ વાર્તાઓને રચતું રસાળ ગદ્ય એનાં સૂચક વર્ણનોને કારણે સળંગસૂત્રતા અને વાર્તાનું ટૂંકાપણું સિદ્ધ થાય છે. આવાં વર્ણનો જોઈએ જે ગ્રામપરિવેશ રચે છે :

- બે દિવસ અષાઢનો મેઘ વરસી ગયા પછી આકાશ ખૂલ્યું નહોતું, તોય બહુ ઘેરાયેલું નહોતું, પૂનમની અરધી રાત હતી. ક્યારેક કાળાં વાદળાં ચન્દ્રને આવરી કેતાં, ક્યારેક આંખે આંસુઓ ઊભરાય એમ ધુમ્મટ જેવાં વાદળ ચન્દ્ર આડે ફરીવળી એને દૂભવી દેતાં.
- હું રેતીમાં પગલાં પાડતો આગળ વધું છું. એ જ મેલી ધૂળભરી શેરીઓ, લીમડા અને પીપળા, માણસો, ગાડાંઓ, દુકાનો અને ગણગણતી માખીઓ ! પેલો ગઢનો દરવાજો અને એની ઉપર પેલું કેવું ખુલ્લું અને સ્વચ્છ આકાશ !
- કાંઠાની રેતી પર ફાગણનો તડકો આગ વરસાવી રહ્યો હતો. મધ્યાહ્નનો ગરમ સૂસવતો પવન દૂરની રેતાળ ભૂમિ પર આવળનાં પીળાં, પાકાં ફૂલ ખંખેરતો અમારી ઓરડીઓમાં ફક્ત ધૂળ જ વેરી જતો હતોવહાણની કૂંખમાં દેશદેશાવરનામ પાણી અથડાઈ વેરાઈ ગયાં. અરબી સમુદ્રનાં દગાખોર કાળાં પાણી અને હિંદી  મહાસાગરમાં અઠવાડિયા સુધી ઉપર તોળાઈ રહેતું આકાશ ચડ-ઊતર કરતાં પાણીના શ્વસોચ્છ્વાસ વચ્ચે માલમનું દિલ એકલું ગૂંગળાતું રહ્યુંચારેકોર અંધારાં ફરી વળ્યયાં હતાં. ગઢ હવે દેખાતો નહોતો. ચારે તરફ સ્મશાનવત્ ચુપકી છાઈ હતી. વાતાવતણ ગૂઢ અને ગંભીર અને અસ્વસ્થ બનવા લાગ્યું હતું. ઉપર વ્યોમની અસંખ્ય તારલામઢી આંખો સંકોચ અને ડરથી પૃથ્વીના બનાવો નિહાળી રહી હતી.
- 'છગલા' ગગીએ કહ્યું. 'દરિયો કેટલો શાન્ત છે !' અમારી નજર સામે દૂર ને ઊંડે ગુંજતો અને ઘોરતો દરિયો પોતે મસ્તીમાં રચ્યો પચ્યો હતો. ગંગીની નજર એના પાણીની સપાટી પર પ્રતિબિંબ પામતાં તારાનાં તેજકણો સાથે હિલ્લોળી રહી.
- કોઈ અંધારી રાતે - કોઈ અજવાળી રાતે - કોઈ મેઘલી રાતે મારી વાંસળીના સૂરો હું બ્રહ્માંડના તારાઓ તરફ મોકલતો. આકાશગંગાના વદનમાં અનેક રૂપવતી યૌવનાઓ મને નૃત્ય કરતી દેખાતી. મારા સૂરોના બેકાબૂ ઘોડાઓ પર સવારી કરતી અપ્સરાઓ મને હસતી દેખાતી. સરોવરો, વહેતી નદીઓ, નીલકમલ, રંગ અને સુગંધ એવું તો કેટલું બધું

વાંસળીના છેદો પર ધ્રુજતી મારા આંગળીઓ વચ્ચેથી પસાર થઈ જતું ! એ હું હતો. એ મારી વાંસળી હતી – જુવાની હતી- ઉન્માદ હતો. !

- સૂર્ય ઊગ્યો અને તપવા લાગ્યો, પવન વહેવા લાગ્યો, એ જ ધૂળના ગોટા ગગને ચડવા લાગ્યા. બુલબુલ અને તેતરો, ક્યાંય કોઈ ઝાડ પર, કોઈક કાંટાળા થોર પર બેસી ઊડી જતાં, ગાતાં અને ચિચિયારી કરતાં, ક્યાંક સસલાં, ઉંદર અને ક્યાંક નોળિયા દોડધામ કરતાં પોતાના ઘરમાં નાસી જતાં
- સદીઓ પહેલાં આ ભૂમિ પોતાની જુવાની જીવી ગઈ હતી. એની તો હવે યાદ માત્ર ખૂણેખાંચરે રહેલી હતી. પેલાં ડુંગરાઓની ટોચ, ટેકરીઓના ઢોળાવ પરની મોટી શિલાઓ, ગયા યુગની જાહોજલાલીનાં શ્વાસભર્યા મંદિર અને મહેલોનાં ખંડિયેર, મોટા બખોલવાળાં ઝાડનાં થડો અને એ બધા પર ફરી વળતી પેલી જીવન્ત ચૂપકી ! અણશોધ્યા ભૂતકાળની ગુમાયેલી તવારીખ ! કોઈક અર્ધદટાવેલા હાડપિંજરને, કોઈક ફૂટેલા પુરાણા માટીના ઘડાને, ક્યાંક પડેલા કોતરકામવાળા પથ્થરના થાંભલાને – બધાને કશુંક કહેવું હતું – પણ કોઈ કંઈ બોલતું નહોતું ! !
- અનન્ત ધરતી અને એવા જ અસીમ મેદાનો...આથમતો સૂર્ય ધરતીના આ સૌંદર્યને જોવા થંભી ગયો અને જોતો રહ્યો. એની આસપાસ રંગબેરંગી અજવાળાં નૃત્ય કરતાં એકઠાં થયાં. પછી ચૂપકીથી અંધારાં નજીક સર્યાં. સૌ સ્તબ્ધ અવાક બની જોઈ રહ્યાં
- છેક નીચે સાગરનો અભિસાર લઈ એક સરીતા ચાલી જતી હતી. નાના-મોટા પથ્થરો પર કૂદકા લેતું એક ઝરણું સરિતા તરફ દોડી રહ્યું હતું. ઝુલતા વૃક્ષોને બાથ ભીડવા હવા દોડી રહી હતી ! ઝૂકી આવેલી ખભે ચડતી ડાળીઓ પર કેસૂડાંનાં લાલ ઝૂંમખાં...નમી આવેલી લટોની પાછળ આંખને ખૂણે વિલસતી સંધ્યાની લાલ સુરખી ! ધરતીને અડોઅડ થતા મેઘ એક હૃદયને અડીને બીજું થડકતું હૃદય...આનંદની વેદના અને વેદનાની આર !
- જેઠ મહિનાના ખરા બપોર હતા. માટીની દિવાલ અને ઘાસની છતવાળા ઝૂંપડાના છાંયડામાં પણ દઝાડે એવી લૂ વાતી હતી. ચારે દિશાઓમાં જેઠ મહિનાના શૈતાની વાયરાઓ ઘૂમી રહ્યા હતા. સામે વિસ્તરેલા રણના મેદાનોમાં ચકરભમર ફરતી, ઊંચે આભ સુધી પહોંચતી ધૂળની ડમરીઓથી ચારે દિશાઓ ઢળી પડી હતી.
- ધુમ્મસનાં વાદળ જેને નિસ્તેજ બનાવી રહ્યાં હતાં એવો સાતમનો ચન્દ્ર ક્ષિતિજ પર તોળાઈ રહ્યો. ક્યારેક ઝાપટામાં ધસી આતો, વાડીના મોલ પર લહેરાતો, વડ-આંબલીમાં ગૂંજતો અને થોરની ગીચઝાડીમાં અટવાઈ ગર્જના કરતો પવન ઘૂમી રહેતો.

- નદીના પ્રવાહના દર્પણમાં સંધ્યાની લાલી ડોકિયું કરતાં શરમાઈને શરમના લાલ પ્રકાશિત શેરડા આખા પ્રવાહ પર ફરી વળ્યા
- એની લાલ આંખોમાં બુઝાતી સંધ્યાનો અગાધ થાક દેખાય છે તૂટેલા ખાટલા પર એ રંજાડેલા પશુ જેવો પડ્યો છે.

ધીમે ધીમે સૂરજ બુડતો જાય છે. પક્ષીઓ કલ્લોલતાં પસાર થવા લાગે છે અને ફાગણની સંધ્યાની ખુશનુમા લહરીઓ સરતી જાય છે.

આ પ્રમાણે વાર્તામાં રચાતો, વણાતો, ગૂંથાતો પરિવેશ માનવભાવોને સંકેતે છે. 'ઘાડ'ની 'વ્યગ્રતા' સમગ્ર વાતાવરણની, 'નાગ'માં ભય પવનના લય વડે, 'ગોળો'ની નિરાધાર અવસ્થાની ચોમેર પ્રકૃતિની એકલતા, 'હું, ગંગી અને અમે બધાં'માં નિઃસહાય અવસ્થા અશાંત સમુદ્ર નિમિત્તે એમ વિવિધ પ્રકૃતિસ્થાનોને એના તમામે તમામ સૌંદર્યો રચીને સાંકેતિક કરી આપ્યા છે. અહીં ભાવોને રચતી પ્રકૃતિ પણ એને અનુરૂપ ભયાવહ, ઉલ્લાસિત, શાંત, નયનરમ્ય એવી નિરૂપી છે. એટલે જે તે વાર્તાના મૂળ ભાવને સઘન કરતાં પ્રાકૃતિક સૌંદર્યસ્થાનો કૃતિને તો સંવર્ધન કરી જ આપે છે પરંતુ રસસ્થાનો પણ સર્જી આપે છે ત્યારે એ વિશિષ્ટ પ્રકારની વાર્તાઓ જુદી પડી જાય છે.

જયંત ખત્રીએ સ્થળ તરીકે નગર આવતું હોય એવી વાર્તાઓ પણ આપી છે. આ વાર્તાઓમાં પણ માનવભાવો કે માનવજીવનની સાર્વત્રિક સમસ્યાઓને કેન્દ્રમાં રાખી છે. 'આનંદનું મોત' રોગ નિમિત્તે સંબંધોનો હ્રાસ છે, 'અમે બુદ્ધિમાનો' વિદ્વત્તાની દોડમાં ખોવાઈ જતાં પાત્રો છે. 'અમે'માં દુનિયાથી અલગ વિહરતાં પાત્રો. આમ વિશિષ્ટ પ્રકારના વિષયનિરૂપણ નિમિત્તે આવતું નગર પણ ગલીઓ, સ્ટેશન, સાગરકિનારો વગેરેના સ્થળપરિવેશમાં આવે છે. મુંબઈ નગર તરીકે આવે છે ત્યારે ત્યાંનાં વિખ્યાતસ્થાનો ઉલ્લેખાય છે. આ પ્રકારો સ્થળસંદર્ભ રચતી વીગતોમાં પણ સૂક્ષ્મતા છે. નિરૂપણમાં ગદ્યની તાજગી છે

પત્ર, પોટેશિયમ સાઈનાઈડની બાટલી, ખાલી ગ્લાસ, આર્ટ્સ કોલેજ, સ્કોલરશીપ, કોલેજના ક્લાસીસ, 'કેપિટાલિસ્ટ', 'બુઝુર્વા', 'પ્રોબિટેરિયન', કોમરેડ, કાર્લમાર્ક્સ, Interiority complex, ચોપાટી પર બત્તીઓની હારમાળા, બેન્કની નોકરી, જલવંત ભૂતકાળના ભણકારા, સાદડી, આવતાયુગનો ભાર, બિહાર મહાસભાની ગ્રામસુધારણાની યોજના, દરિયા કિનારો, સવારના વગર ધોયેલા પ્યાલો-રકાબી, કલ્લોલતાં પક્ષીઓ સાથે હસવાનાં ફાંફાં, ડીલાઈલ રોડ, આર્થર રોડ હોસ્પિટલ, રેઈનકોટનો કોલર, જીવતું હાડપીંજર, એક આનાની ટિકિટ, ઈસ્પિતાલનો વસવાટ, પાનવાલાની દુકાનનો અરીસો, સાંકળ જેવી ડોક, રસ્તા પર કોહવાઇ ગયેલી શાકભાજી

અને ઈંડા, ગૂણપાટના ફાટેલા પડદા, તુલસી, અજમા અને બારમાસીનાં પાણી નીતરતાં કૂંડા, મસીની ઘડિયાળમાં, ઘાસલેટની બત્તીનાં ઝાંખા તેજમાં ચમકતાં પિત્તળનાં વાસણો, મોઢામાંથી ઉલટીનો ફૂવારો લોહી, દૂર આકાશની નિગૂઢ શાન્તિ, અલબેલી મુંબઈની ભીંડી બજાર, બેડરૂમ, પોલીસચોકી, ગંદી ઓરડી, દીવાનખાનાનું ઘડિયાળ, ચીનીનાં પ્યાલ-રકાબી, કાચની બરણીઓ, દીવાનખાનાના સોફા, એલફિન્સ્ટન કોલેજ, લાઈબ્રેરીની ચર્ચાઓ, ચતુરંગી મેચના તંબૂઓ, નેરલ સ્ટેશન પર ધગધગતી ગરમી, ખીણો, પર્વતો, કોલસા, અનાજ, શાકભાજી, ઘી, માપણનો ભાર, સોંઘાં અત્તર, વ્હિસ્કીની ગુલાબી રંગત, ટીકિટબારી, ફૂટપાયરી, મીઠાઈની બજાર, ચાની હોટલની હરોળો, કટલરીની ફેન્સી દુકાનો, ઝળહળતી વીજળીની બત્તીઓ, દુકાનો પર અને હોટલોમાં વાગતાં રેડિયો, ગ્રામોફોનના બૂમબરાડા, રસ્તા પરની ગીરદીમાંથી ઊઠતો ગણગણાટ, કપ-રકાબી ધોવાની કુંડી, રાષ્ટ્રધ્વજમાં અશોકનું ચક્ર, નદીનાં છીછરાં પાણી, ઝળહળતી બત્તીના અજવાળાં, દારૂનો ગ્લાસ અને ગાંઠિયાનું પડીકું, ઢોલક પર કવ્વાલી અને કાફી, ખંધી લાપરવાહી, હેરકટીંગ સલૂન, કૉંગ્રેસની ઉપરાઉપરી ભરાતી સભાઓ, પ્લેટફોર્મ પર ફેંકાઇ ગયેલી કોદાળી, કેસરિયા રંગના કાગળનાં ટુકડાઓ, વાવની કોટડી, પાંજરાપોળ, એકધારો એન્જિનનો અવાજ, સિગારેટના ધુમાડાને ભેદીને ફાટી નીકળતું બીભત્સ હાસ્ય, પીણાની બદબો, ઉશ્કેરાટભરી ચર્ચાઓ, સંગ શોધતા પ્રણયની ખાનગી ગૂફ્તેગો, વિદાય લેતાં નિઃશ્વાસ, ઓલ્ડમેન વિરનું ગીત, સ્વિંગ મ્યુઝિક, પિવાયેલી વ્હિસ્કીનો ગ્લાસ, વોશબેસીન, બૂટની એડી પર ઠોકેલી પાઈપ, સમયની નિયત સપાટી પર સ્થળવિસ્તાર, 'મુર્દાબાદ'ની લંબાઈ ગયેલી એક ચીસ, બાર-રૂમનાં બંધ બારી-બારણાંને ભેદી આવતી બદબોભરી ગરમ હવા, નિષ્પ્રાણ ત્વચા પર બેઠેલી શરદપૂર્ણિમા, ઘડિયાળનો લોલક, કિચનનો દરવાજો, ડ્રોઈંગરૂમ, સસ્તી કારપેટ, ચેસ્ટરફીલુંસેટ, ટિપોઈ, કોર્નર ટેબલ, મેન્ટલપીસ અને જ્યાં-ત્યાં પડેલી એશ-ટ્રે, અમથાં અછકલાં બે-વસ્ત્ર પહેરીને નાગી દેખાતી સ્ત્રીના જેવી બે-છબીઓને ધારી રહેલી નાગી દીવાલો, પીએચ.ડી.નાં પુસ્તકો, બેસિનમાં પાણી પછડાતું હોવાનો અવાજ, ગતિ-ધ્વનિ-પ્રકાશની રેખાઓ, સિગારેટનો છેલ્લો કશ, ડ્રોઈંગરૂમનો મર્ક્યુરી લેમ્પ, હેલિકોપ્ટરનું ફોર્મેશન, પોર્ચ, મિલિટરી એમ્બ્યુલન્સ, ઓપરેશન થિયેટરની ઉત્સુક ચૂપકી, ટૂંવાતું રૂદન, ડૂસકું, વૃક્ષો, ફૂલો, કળીઓ, બિડાયેલા રક્ત હોઠ, સાંજે ખુશનુમા લહરીઓથી અડપલાં કરતો પવન, બુલબુલ, શહેરની ગલીઓમાં સૂતેલી નીરવ અંધારી રાત, સુંદરીઓનાં જૂથનાં કિલકિલાટ, યાદનો ઢગલો, કઢંગી રોજંદારીની કતાર વગેરે...

આ નગરપરિવેશ વડે સર્જકે નવાખૂણાઓ પર પ્રકાશ પાડ્યો છે. કૉલેજ, કાર્યાલયો, હૉસ્પિટલ વગેરેની પરિસ્થિતિઓને અનુરૂપ પાત્રોને આ પરિવેશમાં મૂકી આપ્યા છે. નગર પ્રથમવાર આ

ભાષામાં આલેખાયું છે. નગરની અંદર ખૂણે-ખાંચરે બનતી ઘટનાઓમાં રહેંસાતા માનવસંવેદન સર્જકે 'ડેડ એન્ડ' 'આનંદનું મોત' 'સિવિલ' જેવી વાર્તાઓમાં આકારિત કરી આપ્યાં છે. મુંબઈ મહાનગરની અંદર વસતા માનવ-વસવાટની વિશિષ્ટ અનુભૂતિઓ, ભાવો, સંઘર્ષો, સંબંધોની તિરાડો આ પરિવેશમાં વણાયેલાં પડ્યાં છે.

સન્ ૧૯૫૨માં પ્રથમ વાર્તાસંગ્રહ આપનાર **કેતન મુનશી** ટૂંકી વાર્તાના પરંપરાગત માળખામાં રહીને નગરજીવનના પ્રશ્નોને આલેખે છે. એમના ત્રણ વાર્તાસંગ્રહો 'અંધારી રાતે'(૧૯૫૨) 'સ્વપ્નનો ભંગાર'(૧૯૫૩) અને મરણોત્તર પ્રકાશિત 'રક્તદાન'(૧૯૬૨)માં જાણીતા સ્થળ પરિવેશમાં ભાવપરિવેશ રચવાનું તેમનું વલણ જોવા મળે છે. મોટાભાગની વાર્તાઓનું સ્થળ મુંબઈ શહેર છે. તેમાં મરીનડ્રાઈવ, કોલેજ, હોસ્પિટલ, ઘર વગેરે સ્થળોમાં વાર્તા વિકસે છે. તો કેટલીક વાર્તાઓની ભોંય જાણીતા પ્રવાસનસ્થળો છે. અન્ય વાર્તાઓ ઘર, પારિવારિક માહોલ, ઓફિસમાં વિકસી છે. તો ત્રણેક વાર્તાઓ ગ્રામપરિવેશમાં પણ સર્જાઈ છે.

મુંબઈના વિવિધ સ્થળોમાં બનતી અને સામાજિક માનવસંબંધોને આલેખતી વાર્તાઓ આ પ્રમાણે છે. શ્રીયુત પુનમ, સંવેદના, લાલ ચીંદરડી, અકસ્માત, પંદરરૂપિયા, જીવનની સૌથી ખરાબ ક્ષણ, ફટકો, કલ્પના, લોગ ઉન્હે જીપ્સી કહેતે હૈ, મરીનડ્રાઈવના દીવા, તારોં ભરી રાત, કલ્પના.

હોસ્પિટલ, ઓફિસ, ઘર કે કોલેજના પરિવેશમાં લખાયેલી વાર્તાઓ આ પ્રમાણે છે. છબી, સૌમિલ અને સરયૂ, સ્પોટલાઈટ, નૈના, પ્રિયાને પત્ર, નીલા, વલ્ગર વાત, વેશ્યાનું લોહી, મંગુની મઝા, વૈશાખીપૂનમ, જાણભેદુ, સ્વપ્નનો ભંગાર, ભૂતનાટક, ઉકેલ વિનાનો પ્રશ્ન, શીલા, આત્માનું અમરત્વ.

વિભિન્ન પ્રવાસન સ્થાનોના પરિવેશમાં રચાતી વાર્તાઓ આ પ્રમાણે છે જેમાં અંધારી રાતો, ચગડોળમાં (રેલ્વેનો પરિવેશ), નૈનિતાલની ઠંડી સાંજે (નૈનિતાલ), જિંદગીનાં સાથી (તીથલ), તાજની છાયામાં (આગ્રા), જળદીવડો, લીઝા (દરિયાનિારો), રક્તદાન (યુદ્ધ), પેરિસની એક રાત, ડાકબંગલામાં રોબર્ટ અને રોબોટ (વિદેશી ભૂમિ), છેલ્લો ઉપાય (સમીક્ષા).

કેટલીક વાર્તાઓ ચૈતસિક સ્તરે વિકસે છે. જેમાં સ્થળ પરિવેશ નહિવત્ છે ભાવપરિવેશ મુખ્ય છે. તેવી વાર્તાઓ ચાળીસ સેકન્ડ, એકક્ષણ, અસંબદ્ધ વાતો, રાત અને ત્રિપગાં છે. 'ટેલિફોન પર' વાર્તામાં સંવાદો દ્વારા ભાવબંધાય છે.

ગ્રામ પરિવેશની વાર્તાઓ ઘેરૈયો, કેદી અને પ્રેમની ભૂકી છે. અન્ય વાર્તાઓમાં ગ્રામ પરિવેશની છાંટ મળે છે.

કેતન મુનશીની વાર્તાઓમાં મુંબઈના વિવિધ સ્થળોમાં નગરજીવનનો વાસ્તવ પ્રગટે છે. જે મહાનગરમાં સર્જાતી સંબંધોની તંગ અવસ્થાઓ પ્રગટાવે છે. આ પરિવેશ નીચેની વિગતો દ્વારા બંધાય છે:

મરીન ડ્રાઈવ, ઝરમર વરસાદ, દરિયો, ઉછળતાં મોજાં, યુનિવર્સિટી, ભૂરો સમુદ્ર, હાર્કનેસ રોડ, મીઠાં જલશીકરો, રૂમાલનો ફરફરાટ, મોટુંગા લેબર કેમ્પ, ગંદકીથી ભરેલાં ઝૂંપડાં, કાતર, પાલવાની દીવાલોના પથ્થરો, વીજળીના દીવાઓ, મુતરડી, હોટલ તાજમહલ, હારબંધ ઊભેલી મોટરો, ઓફિસ, પલંગ, ચર્ચગેટ, ઈરોસનો શો, સમુદ્રનાં ઘૂઘવાટ, ફૂટપાથ, ન્યાયાધીશ, વકીલ, અમેરિકાથી આવતાં લેટેસ્ટ બિસ્કીટ, ચોપાટી, સુંદરાબાઈ હોલ, સમુદ્રનાં કાળાં ભમ્મર પાણી, રેઈનકોટ, મોટર, જુહૂનો સાગરતટ, સૂરો, સાન્તાક્રૂઝ, રેતીનો પહોળો પટ, સપ્તર્ષિના તારાઓ, તારામંડળો, નેપિયન સી-રોડ, ફોટોગ્રાફ, પાછલી રાતે જામેલું ઘુમ્મર, શિયાળાની સવાર વગેરે...

ભારતના અન્ય શહેરો, પ્રવાસ કે પ્રવાસન સ્થાનોના પરિવેશ નીચેની વિગતોથી બંધાય છે. ગોધરા, સંતપુર, ચંચોલાવ, રેલ્વેકેબિન, ફ્રન્ટિયરમેલ, ટ્રેનની વ્હીસલ, મેલ લાઈન, પૈડાંનો ઘરઘરાટ, કેનેડી બ્રિજ, બ્રેકનો ચચ્ચરાટ, ટ્રેક્ટરો, નેશનલપાર્કનાં દશ્યો, સાબુના સ્ટોલ, મેફેર હોટલ વગેરે વિગતોથી રેલ્વેનો પરિવેશ રચાય છે. જે ઘટનાને મદદરૂપ બને છે.

વાદળો, નૈનિતાલ, તેલ્લીતાલ, કોફીઘર, કાચની બારી, મુક્તેશ્વર, વસાહતો, પંખીઓનો મીઠો કલરવ, ફાટતું પરોઢ, તળાવ, ઢોલ અને વાજિંત્રો, તીથલનો દરિયો, શીતળ છાંયડો, આંબાવાડિયો, કોલેજ, ટપાલ, સળગતું તાપણું, પૂનમનો ચન્દ્ર, કાંડા ઘડિયાળ, આગ્રા, લોજ, હોજ, તાજમહેલ, ચાંદરણું, લાલપથ્થર, કોટનું ખીસ્સું, સીગારેટ, લાઈટર, શરદપૂનમની ચાંદની, મિનારા, પાકીટ, મુમતાઝ અને શાહજહાંના ઉલ્લેખો, હરદ્વાર, પાનની દુકાન, હિમાલય, અજવાળાં, કોલાહલ, બ્રહ્મઘાટ, સિગારેટનો બળતો છેડો, પગથિયાં, દીવાસળી, દીવડા, ગંગા નદી, ઈરોસનો દરિયાકિનારો, ખાટલો, ઈફેલટાવર, લક્ઝમ્બર્ગ, પેલેસ, બ્રટોલેલ્સનો બાગ, નેશનલ લાઈબ્રેરી, ખુલ્લી લિફ્ટ, સેન નદી, રેસ્ટોરાં, નીઓનસાઈન, વાયોલિન, સ્ટેજ, ડેન્સ, મ્યુઝીક, નાઈટક્લબ વગેરે વિગતો દ્વારા પ્રવાસનસ્થાનો ઊભરે છે. જેમાં પ્રવાસનસ્થાનોમાં જતા કે જીવતા લોકોનો આલેખ મળે છે. જાણીતા સ્થાનોથી એક વિસ્મય સર્જાય છે. ભાવક અજાણી એવી કેટલીક વિગતો તરફ ખેંચાય છે. પરિણામે તેની સાથે જોડાયેલું પાત્રચિત્ત અને તેના સંવેદનો વાર્તાનું કાઠું બાંધે છે.

'જાણભેદુ' અને 'એકલવ્ય' રાજકીય પરિવેશની વાર્તાઓ છે. તેમાં ઠરાવ, ગોવાળિયા ટેન્ક, રખડપટ્ટી, હિન્દનો ઈતિહાસ, ખુનામરકી, ગોળીબાર, બોમ્બ, પોસ્ટઓફિસ, ક્રાન્તિવાદ, પાવરહાઉસ, હોસ્પિટલ, પોલીસસ્ટેશન, રાષ્ટ્રીય હસ્તપ્રત, સ્વતંત્રતા, લોકશાહી રાસાયણિક

પ્રયોગશાળા, હિમાલયની પર્વતમાળા, વિજ્ઞાનગુલામ, નેહરુજીનું ભાષણ વગેરે વિગતો પરિવેશ રચે છે.

કેટલીક વાર્તાઓમાં ઓફિસ, કોલેજ પરિવારના પરિવેશમાં પાત્ર સંવેદનો ઝીલાય છે. જેમાં ઘડિયાળ, ટેબલ, કાગળો, પોસ્ટર, દીવાલો, આરામખુરશી, સિગારેટ, ટપાલનો ડબ્બો, તારા ગુલાબના ફૂલો, રેઈનકોટ, મોટર, કોલેજ કમ્પાઉન્ડ, વરંડો, નેતરની ખુરશી, બારીમાં દેખાતો દરિયો, રાતરાણીનાં ફૂલ, ટેબલેમ્પ, ઘરનો બાગ, ટૂંકું પાટલૂન, પરસેવો, રસોડું, આથમતા સૂર્યનાં કિરણો, ટાઈપ કરેલા કાગળો, બાન, રૂમનું બારણું, વાદળઘેરી સવાર, વસ્ત્રો, ઝાડું, લાકડીનો ફટકો, કોફીપાન, સામયિક, વાડો, જામફળ, છત્રી, સ્ટેન્ડ, ફિયાટ, સ્ટીયરીંગ વ્હીલ, થિયેટર, દરવાજો, હોસ્ટેલ વગેરે દ્વારા પાત્રના ભાવો મજબૂત બને છે. અને સ્થળપરિવેશ રચાતો જાય છે.

માત્ર સંવાદો, વિચારો કે ક્રિયાઓ હોય સ્થળ નહિવત્ હોય તેવી વાર્તાઓ પણ મળે છે. જેમાં માત્ર ભાવોનો એક પરિવેશ રચાતો આવે છે. જેમાં ભાષાનો વિનિયોગ પરિવેશ રચે છે. ગદ્યનો લય, કાકુઓ, રૂઢિપ્રયોગો ભાવપરિવેશ બાંધતી વિગતો આ પ્રમાણે છેઃ મતનો ઊભરો, ઊંઘવું, માફ કરજો, સેવા, ભાષણ, ઘેલા થવું, કોમળ અવાજ, આખીરાત પથારીમાં તરફડિયાં માર્યા કરવાં, સેવાનો ભેખ લેવો, મિથ્યા પ્રયત્નો કરવાં, વરુએ વેલને મસળી નાખી, વડનું ઝાડ, લીલાં પાતરાં, ધોળાં ફૂલ, પાતાળમાંથી ઊડતી સમડીઓ, ફેંકાતી વીજળી, સત્તા પર આવવું, જોર વધી જવું, ખળભળાટ મચી જવો, નરકમાં જવું, છેલ્લું હાસ્ય, ઢગલો થઈ જવું, આંખ ખોલવાનું સાહસ, કેશ કલાપનું ગુલાબનું પુષ્પ વગેરે દ્વારા પાત્રચિત્તને પ્રગટાવાયું છે. આ પ્રયુક્તિઓ યોજતાં ભાષાનાં ક્રિયારૂપોની શક્યતાઓ પણ મપાઈ છે.

કેતન મુનશીએ ગ્રામપરિવેશમાં પણ કેટલીક વાર્તાઓનું આલેખન કર્યું છે. જેમાં શેરી, ફળિયું, બિલાડી, જૂની પુરાણી હેટ, ઘંટ, પથરાબાજી, મોરપીંછનો ઝુડો, ઢબુક ઢુમ – ઢબુક ઢુમ એવો ઢોલનો અવાજ, ટન્ ટન્ ટન્ રણકતા ઘંટ, ઘૂમરી, પોલીસચોકી, ઓરડી, લોખડના સળિયા, ટેબલ, બીડી, ગીત ગણગણવું, બીડીના ધુમાડા, બીડીનું બંડલ, દામોદરસ્થાન, માટલાનું પાણી, ઝૂંપડાં, શંકરની દુકાન, તપેલાની ઊકળતી ચા, પાવડો-તગારું, ખમીસ, ટનલ, ગરોળી, ધરતીનો પેટાળ વગેરે ગામડાની ભોંય રચે છે. પરંતુ આ ગામડાં કાલ્પનિક અથવા શહેર સાથે જોડાયેલાં (ભૌગોલિક રીતે) હોઈ એમાં ગ્રામપરિવેશની સઘનતા આવતી નથી. કેટલાંક ગીતોનો ઉલ્લેખ અને ઘટનાની રચના વગેરે ગ્રામપરિવેશને અનુરૂપ બન્યાં છે.

આ રીતે કેતન મુનશીની વાર્તાઓમાં પરિવેશ સક્રિય થયો છે. પરંતુ આ વાર્તાઓમાં પરિવેશની વિગતોની ઓછપ અને તેને સ્થાને વિચારો, સંવાદો કે ક્રિયાઓ વધારે પ્રમાણમાં હોવાના પરિણામે

કેટલીય વાર્તાઓ પ્રસંગ બની જથી જોવા મળે છે. મહદંશે મુંબઈ મહાનગરના જીવનની ઘટમાળ, દોડધામ, સંબંધો, રેલ્વેવ્યવસ્થા અને દરિયાકિનારો, વ્યવહારો, સમાજજીવન, હોટેલો અને બજારુ જીવન તથા પારિવારિક જીવન તથા આઝાદીના ગાળાની સામાજિક પરિસ્થિતિ તથા વ્યવસ્થાઓ, રાજકીય અસરો, સમાજવ્યવસ્થા અને વ્યવહારોમાં પડી રહેલી તિરાડો વગેરે એમના સ્થળપરિવેશ અને ગૃહપરિવેશમાંથી તારવી શકાય. મુખ્યત્ત્વે સંવેદનોને પુષ્ટ કરતી અને વાર્તામાં પરિવેશ બાંદવામાં સહયોગી થતી આ વિગતો નરી સરળ ભાષામાં, ભારવિહોણા કથકની ઢબે મુકાયા છે. તેમણે જાણીતા એવા ચિત્ત-પરિચિત સ્થાનોમાં વાર્તાઓ મૂકી હોવાની એક વિશેષતા પણ મળે છે. સરળ બાની અને પરિચિત વિગતો-સ્થળો વાર્તાને વધુ પોતીકી અને ભાવનક્ષમ બનાવે છે.

**બકુલેશ**ની વાર્તાઓમાં મુંબઈ, કલકત્તા જેવાં મહાનગરો, હિમાલયની તળેટીએ ગામડું જેવાં સ્થળપરિવેશ મળે છે. પરિવાર, વેશ્યાગૃહો, બજાર, ઓફિસ વગેરેના વાતાવરણની આ વાર્તાઓ છે. 'કંકુડી' વાર્તામાં ગ્રામપ્રદેશની સ્ત્રી છે, 'જગત જીતનારું કાળમું કાળયંત્ર'માં વૈજ્ઞાનિક પદ્ધતિઓ વચ્ચે સંશોધનું રાજકારણ છે, 'યંત્ર પર નહીં જતાં'માં સુરતનો પરિવાર છે, 'કલાના નિશ્વાસ'માં વેશ્યાબજાર છે તો 'કાદવનાં કંકુ'માં નગરમાં મજૂરી કરતાં દલિત પાત્રોનો જીવનસંઘર્ષ છે. આમ વિવિધતાભર્યા પરિવેશ વચ્ચે પ્રેમ, વ્યવસાય, ધંધો, આપખુદી પાત્રો મૂકાયાં છે. વાર્તાનો આ વિશિષ્ટ પરિવેશ એની આગવી ભાત પાડતી વિગતોથી બંધાય છે.

પ્રભાતની કોફી, સિગરેટ, માચીસ, ટપાલનાં પત્રો, બુક પેકેટ્સ, જર્નલ્સ, ભારત યુનિવર્સિટી, ટેલિફોનની ગડમથલ, અમેરિકન શૈલીમાં વસ્ત્રાચ્છાદન, બેગમાં પત્રોનો થોકડો, 'પ્રજામિત્ર - કેસરી' અખબાર, દિપોત્સવી અંક, તાજમહાલ, હોટેલ, સૂર્યની રોશની, રોબિન્સન અદશ્યયંત્ર, ખિસ્સામાં રૂમાલ, અરવિંદ સ્ટાઈલની દાઢી, અદશ્ય હાડપિંજર, કાળયંત્રના સર્જકે ફેરવેલું હેન્ડલ, ડાયનેમો, બેટરી, ધુમ્મસ, હેડિંગોવાળા રિપોર્ટ, માથા પર ગૂંછડાં જેવા વાંકડિયા વાળ, પ્રયોગશાળાના ડાયનેમાના ભુક્કા, હથિયારબંધ નૌકાસૈન્ય, સ્ટીમરમાં સ્તંભ, મહોલ્લાના મહોલ્લા ઉજ્જડ કરી દેનારું યંત્ર, ક્ષુદ્ર પદાર્થો, વીજળીનો કરંટ, ગેબી વાતાવરણ, મુક્તવિહાર માણવાનાં સ્વપ્નો સેવનારી હવા, તાંડવનૃત્ય, જૂના ખંડિયેરની ઈંટો, અતિશય મેલો ઘડો, ચૂલાની લોઢી, પતરાના ડબ્બામાં થોડું અનાજ, મેલાં ફાટેલાં કપડાં, લોખંડી સરંજામ, હડતાળ, તલવાર જેવી તીખી જબાન, પાણીની છાંટનો છમ્મ્મ્ અવાજ, 'લાલ વાવટો' લઈ મજૂરોની કૂચ, અટકાયત, બિલાડીનાં બચ્ચાંઓનું મિયાઉં મિયાઉં, શરાબના સદ્ગુણો, લેન્ડો કાર, અંધારા મકાનની પ્રકાશ ઢોળતી બારી, કમળની ડાળખી જેવાં આંગળાંનાં ટેરવાં, એકલવાયો ગેસની બત્તીવાળો થાંભલો, કારખાનાનું

સેટિંગ, આંસું, મુંબઈનું આલિશાન થિયેટર, વીજળીનો રૂપેરી ધોધ, બિલાડીનાં બચ્ચાં વિનાની શૂન્યમનસ્ક ડોશી, ગંદકી અને કંગાલિયતના અડ્ડા, રકચિએ મૂતરથી બગાડેલાં ગોદડાં-રજાઈઓ વળગણી પર, કીચડ પરનો કીડી અને મચ્છરોનો ગણગણાટ, ગુલાબી દુનિયા, રેશમ કે ટુકડે, ગટરના ગારા ખૂંદવા, વાંસડાને ગટરમાં ઊતરીને ફેરવવો, લાટ પાટીયા પર ડેન્જર શબ્દ, સિંગલિયા અને એક પટ્ટીપાન, તંબૂરાના તાલમાં ગવાતું ભજનિયું, વેણી, અંધારિયા નળના ખૂણામાં નળમાંથી પડતા પાણીનું બેસૂરું સંગીત, કંકુનો ચાંદલો, ફેરિયાઓનો અવાજ, દૂર મદ્રાસીના હોટલમાં રેડિયોમાં ગવાતા સંગીતનો ખોખરો અવાજ, ત્રીજો માળ- રૂમ નં.૧૨, હાડચામ થીજાવી નાખે એવી ઠંડી પાંખમાં લપાયેલું મુંબઈ, ધોકાના સપાટા, ચુલામાંથી નીકળતો ધુમાડો, ગમગીન રાત્રી, આસપાસ સુંદર બગીચો, બાંકડા પર કાળાશના અને મેલાં ડાઘાઓ, જૂના જમાનાના લોલકના લટકા, ઓરડામાં દવાની વિચિત્ર પ્રકારની વાસ, પાનનાં ડૂચામાંથી થયેલ થૂંક, સબરફથી છવાયેલાં વિશાળ મેદાનો, ગંગોત્રી-જમનોત્રી-કેદાર-બદરી-અમરનાથ-ખોજટનાથ-રાકસતાલ-અમરકંટક-માનસરોવર જેવાં સ્થળો, પહાડી શિલાઓએ સર્જેલી ગુફા, અજવાળા ભર્યું નીલું અંધારું, કાળી-નીલરંગી ખીણ, પગદંડીનો સ્પર્શ, અગનફૂલ, હિમકણોથી થીજી ગયેલું વાતાવરણ, લોકવૃંદ, મૃત્યુમાર્ગ, વર્ષોથી કુંડોમાં ભરાયેલું પાણી, વયોવૃદ્ધ વૃક્ષનાં પીળાં પાંદડાં, અંધારાં ઉલેચવાં, કીચડમાં ખોવાઈ ગયેલી અવાવરુ પગદંડી, પ્રલયકારી ઝંઝાવાત, વક્ષઃસ્થળમાં પરિકંપ, અંધકારની ઘેરી લીલા, ગ્રામોફોનની રેકર્ડ, જીભ પર કાંટા, માનવીઓના શોણિતનું પાન, કાળાં વાદળ, વીજળીના કડાકા, નોટીસ, પરચૂરણ, ચિનાઈ મહોલ્લો, રસ્તા પર પડેલી લાશમાંથી વહેતું ખૂન, મુંબઈ સેન્ટ્રલ સ્ટેશન, સેંથીમાં સિંદૂર, બેગ-બિસ્તરનો બોજો, અષાઢી મેહુલો, પરસેવો, ગાર-લીંપણના ઓટલા, રાંઢવાનો હીંચકો, કૂતરાની કાગાનીંદર, શાંત વનવગડો, નદીના વેકુર છાયા, તાંબડી, ગોદડી વગેરે વિગતો વાર્તાઓમાં અનુકૂળ રીતે વણાયેલી પડી છે. આ વિગતોમાંથી જન્મતો નગર અને ગામડાનો વિશિષ્ટ સ્થળપરિવેશ આ વાર્તાઓમાં આગવો છે આવાં જ કેટલાંક વર્ણનો જોઈએ:

- મોટો રૂમ હતો. તાંબાના તાર ઈલેક્ટ્રીક બેટરી, મોટા લોહચુંબક ઈત્યાદિ વસ્તુઓથી આખો ઓરડો ચિક્કાર હતો. જ્યાં જુઓ ત્યાં યંત્રો પડેલાં હતાં.
- બિલ્ડિંગના ત્રીજા માળ પરથી દાદરાની મદદ લીધા વિના સૂરીલો અવાજ નીચે ઊતરી મારા કાને પડતો. તબલાંની થાપો અને સારંગીના સૂરો મારા કાને અથડાતાં અને કોક...ના ગળામાંથી કોઈક 'ચીજ' છટકતી. સ્વચ્છંદ બની ગયેલી ત્યાંની હવા પણ તે રસ્તેથી જનારના કાન ઉપર ઈશારાની માફક અથડાયા વિના રહેતી નહીં.

- બપોરનું અવસાન થાય અને સૂરજ પશ્ચિમ તરફ ઢળે ત્યારે જ એનાં કિરણો શેરીના ગંદવાડ પર જામી રહેલા કીડા, મચ્છરો અને ઝીણાં ઝીણાં જંતુઓ અને જીવડાં પર ચમકવા માટે આ ગલીમાં આવી, હળવી લટાર મારી જતાં –
- સંસ્કૃતિને ખીણનો ત્યાગ કરી દૂરની ખીણમાં આશ્રય શોધવો પડ્યો. વેલડીઓ રડી ઊઠી. દિશાઓ ડોલીને સ્થિર બની રહી. માનવવૃંદ નીચે મસ્તકે બીજી ખીણમાં એક અજ્ઞાત – વૃક્ષરાજીના આશ્રયમાં, નવાં જ ઝરણાં અને સરિતાપ્રવાહો તેમજ સરોવરના કાંચનવર્ણા-અવાવરુ, સૂરજના પ્રકાશ વિહોણાપ્રદેશમાં આવી પડ્યાં.
- દૂર દૂર સુકાઈ ગયેલી નદીનો રેતાળ, વેકૂરછાયો, લાંબે સુધી પથરાયેલો પટ દેખાતો અને લુખ્ખી ધરતી ઉપર ઊભાં રહેલાં બાખોડિયાં જેવાં બોરડીનાં છોડવાં અને વચ્ચે કોઈક ઠૂંઠા, સાંઠીકડાં જેવાં ઊંચા ઝાડ સિવાયની ધરતી પોતાના હૃદયમાં ને હૃદયમાં ધખ્યા કરતી – ઉનાળાના અસહ્ય તાપમાં શેકાયા કરતી.

બકુલેશ વર્ણનોમાં સર્તક છે. વિજ્ઞાનનો પરિવેશ, પરિવારનો પરિવેશ, કુદરતી તત્ત્વોમાંથી નીપજતી માનવભાવોની શક્યતાઓ વગેરેનો તે વિનિયોગ કરે છે. 'કંકુડી'ની નિરાધાર અવસ્થામાં સૂર પૂરાવતું આસપાસનું વાતાવરણ, તો 'અગનફૂલ'માં સંસ્કૃતિ અને માનવજાતની સમગ્રતા હિમાલયનાં શિખરોમાં વર્ણવી છે એ પરિવેશ નિરૂપણનાં ઉત્તમ ઉદાહરણો છે. અરબી, ફારસી અને સંસ્કૃત શબ્દો શેરો-શાયરી વગેરેનો વિનિયોગ પણ આરંભની વાર્તાઓમાં મર્યાદા બનતો તે પછીની વાર્તાઓમાં સુચારુ રીતે મુકાયાં છે.

આ રીતે પરંપરાગત ટૂંકી વાર્તામાં પ્રયોજાયેલો પરિવેશ મહદંશે સ્થળને સક્રિય કરે છે. ગાંધી પ્રેરિત માનવતાવાદ તેમાં જ્યાં અસર કરે છે ત્યાં પરિવેશ વડે જ સામાજિકતા સિદ્ધ થાય છે. ગ્રામ્યજીવન, ભૌગોલિક દષ્ટિએ પછાત અને જાતિગત એવા અસ્પૃશ્ય પ્રદેશો તરફ સર્જકો વળે છે ત્યારે ત્યાંનો પરિવેશ વાર્તાઓના મૂળ વિષયવસ્તુને સ્પષ્ટ કરવામાં સક્રિય થાય છે. સુન્દરમ્, ઉમાશંકર જોશી, પન્નાલાલ પટેલ અને કેટલેક અંશે ઝવેરચંદ મેઘાણી, ચુનીલાલ મડિયા અને સ્નેહરશ્મીમાં આ પ્રકારનો પરિવેશ છે જે સામાજિક પ્રતિબદ્ધતાથી આલેખાય છે ત્યાં ગામડું સ્થળ છે તળ જીવનનાં પાત્રો છે નારી જીવનની, દલિત પિડીતની અને આર્થિક અભાવોમાં જીવાતા જીવનની વાર્તાઓ છે. જે આ પ્રકારના તળ સ્થળના નિરૂપણના પરિણામે આવે છે.

ધૂમકેતુ પૂર્વેના વાર્તાકારોમાં વિષયવસ્તુના નિરૂપણ તરફ સર્જકોનું ખેંચાણ વધુ હોવાના કારણે સ્થળ પરિવેશ બંધાતો નથી પરંતુ અછડતો આવે છે. ધૂમકેતુમાં પાત્રચરિત્ર અને કથાની ગૂંથણીમાં

રેલ્વે, નગર, ગામડું, હિમાલય, કશ્મીર, કપોળકલ્પિત સ્થળો વગેરે પરિવેશ તરીકે આવે છે જે વાર્તાની રસાત્મકતામાં વધારો કરે છે. દ્વિરેફમાં સ્થળપરિવેશ પર કથકનું ધ્યાન વધું નથી. પરંતુ 'મુકુન્દરાય' જેવી વાર્તામાં સ્થળોનો ટકરાવ જ વાર્તાને ઘડે છે. પન્નાલાલની વિપુલ વાર્તાસમૃદ્ધિમાં ગામડું, સીમ, ખેતર, ફળિયાં, આદિવાસી વિસ્તારો ,ડુંગરા વગેરે આબેહૂબ સર્જાયાં છે. તેમાં ભાષાની પાસેથી કઢાવેલું કામ મહત્ત્વનું ઠરે છે. સુન્દરમ્‌ની વાર્તાઓમાં પરિવેશની સૂચકતા વધું છે. ચુનીલાલ મડિયાની વાર્તાઓમાં પરિવેશ ઘેઘૂર બન્યો છે પરંતુ એ સ્થળની સઘનતામાં ખર્ચાય છે. જયંત ખત્રીની વાર્તાઓ કચ્છની ધરાને વાર્તાના મૂળગત ભાવો સાથે જોડી આપે છે. પાત્રોચિત સ્થળ પરિવેશ વાર્તાઓનો બંધ શિથિલ નથી રહેવા દેતા. ખત્રી અને દલાલની વાર્તાઓએ કોઈ એક વિચાર કે માત્ર વસ્તુના નિરૂપણ કરતાં ઘટકતત્ત્વોના સંયોજન તરફ ગતિ કરે છે. બકુલેશ અને કેતન મુનશી નગર પરિવેશને વધુમાં વધુ સૂક્ષ્મ નિરૂપણરીતિ આપી શક્યા છે.

આ રીતે જોતાં પરંપરાગત વાર્તાઓ ઘર, પરિવાર, રાજકીય સમસ્યાઓ, સામાજિક પ્રસંગો - ઘટનાઓ વગેરે ઉપરાંત માનવ સંબંધોના ઊંડાણો લગી પહોંચવાના પ્રયત્નોમાં રહી છે. આ નિમિત્તે આવતો પરિવેશ વાર્તાઓને પાર્શ્વભૂ પૂરી પાડે છે. વાર્તાઓને આધારરૂપ સ્થળ નિર્માણ કરી આપે છે સ્થળની સૂક્ષ્મ વિગતોનો વિનિયોગ વાર્તાઓને સૂક્ષ્મનિરૂપણ તરફ ગતિ કરાવે છે. જે માનવ સંવેદનને સ્પર્શે છે. વાર્તાઓના મૂળ ભાવને સઘનતા આપે છે.

## પ્રકરણ – ૩ (બ)

## આધુનિક ગુજરાતી ટૂંકી વાર્તાવિશ્વમાં પરિવેશનિરૂપણનું સ્વરૂપ

ગુજરાતી ટૂંકી વાર્તાઓમાં પરિવેશની સૂચકતા પરંપરાગત વાર્તાઓમાં જોવા મળતી હતી. ધૂમકેતુ, દ્વિરેફ, પન્નાલાલ પટેલ, સુન્દરમ્, ઉમાશંકર જોશી અને એ સમયગાળાના વાર્તાકારોએ પરિવેશને ટૂંકી વાર્તાના એક ઘટક તરીકે પ્રયોજ્યો. જે સ્પષ્ટ દેખાઈ આવે, અન્ય ઘટકો સાથે હળીભળી જાય, પાત્રના ભાવસંવેદનને ઉપસાવવામાં સહયોગી રહે એ રીતે પ્રયોજ્યો.૧૯૫૦-૫૫ના ગાળામાં જયંત ખત્રી, જયંતિ દલાલ, ચુનીલાલ મડિયા વગેરે એ પરિવેશને સૂક્ષ્મરૂપે, અનિવાર્ય ઘટક તરીકે, પ્રતીકાત્મક રીતે પ્રયોજ્યો.

૧૯૫૫ પછીના સમયગાળામાં રચાતી વાર્તાઓ ત્રણ-સાડાત્રણ દાયકા સુધી પાત્ર, ઘટના, પરિવેશ, સંવેદન એ તમામ સ્તરેથી આમૂલ પરિવર્તનો સાધે છે. તમામ ઘટકતત્ત્વો એકમેકમાં સંપૂર્ણ રસાઈને આવે, વાર્તાના એક અણીશુદ્ધ રૂપને ઘડે એમાં જ સર્જન મથામણો ખર્ચાવા લાગે છે. પરિણામે ઘટકતત્ત્વોને જુદાં જુદાં પાડીને તાવવાં વિવેચન માટેય દુષ્કર બની જાય છે. વાર્તા-

વિવેચનોમાં 'ઘટનાહ્રાસ', 'સામાજિકતાનો અભાવ', 'ભાષાના અતિરેક', 'માત્ર સાહિત્યિક પ્રભાવથી થતાં સર્જનો' એવી ટીકાઓ, સૂત્રો પ્રયોજાવા લાગે છે. પરંતુ આ સમયની સાંસ્કૃતિક અવસ્થાઓને ઓળખનારાઓ આ પ્રકારની વાર્તાઓને સૈદ્ધાંતિક રીતે પણ મૂલવે છે. આ સમયની વાર્તાઓ મુખ્યત્વે બે રીતે સર્જાતી જોવા મળે છે.

૧) ઘટનાને એના બાહ્ય, સ્થૂળ અને રૂઢિગત સંદર્ભો સહિત ઓગાળવી અને એના ઘટકોના આંતરસંદર્ભોને ખોલવાનો પ્રયાસ

૨) વાર્તાની વ્યંજનાપૂર્ણ અભિવ્યક્તિ માટે તેમાં પ્રતીક, કપોળકલ્પિત, આંતરચેતના પ્રવાહ, પરાવાસ્તવવાદ, સન્નિધિકરણ, પીઠ ઝબકાર, સ્વપ્ન સાદૃશ્ય, પૌરાણિક કથન જેવી પ્રયુક્તિઓ યોજવી આ પ્રયુક્તિઓ વાર્તાકાર યોજે છે.

૩) આ પ્રકારે રચાતી ટૂંકી વાર્તાઓમાં પરિવેશનું ઘટક વધુ સૂક્ષ્મતાથી અને તેની તમામેતમામ શક્યતાઓ સાથે પ્રયોજાય છે. પરિવેશ એક અનિવાર્ય ઘટક, વિશિષ્ટ પ્રયુક્તિ તરીકે આવે છે. આ પ્રકારે પ્રયોજાતો આધુનિક ટૂંકી વાર્તાઓનો પરિવેશ જે રીતે કાર્યસાધક બને છે એમાંથી બે તારણો પર આવી શકાય.

૧) નગર સંસ્કૃતિનું નિરૂપણ

જેમાં તેનો સમાજવાસ્તવ અને ગ્રામસંસ્કૃતિ કે પ્રકૃતિ સાથેની નાળ છેદાયાની વેદના મળે છે સાથે સાથે આધુનિક બનવા દોડતાં નગરોની સંવેદન શૂન્યતા, સંબંધવિચ્છેદ જોવા મળે છે.

૨) ચૈતસિક સૃષ્ટિનું નિરૂપણ

જેમાં સ્વપ્ન, કપોળકલ્પના, સન્નિધિકરણની સૃષ્ટિઓ જોવા મળે છે. આ પ્રકારની વાર્તાઓમાં આધુનિક માનવ મનના ખૂણેખાંચરે વાર્તાઓ પહોંચે છે. અહીં માનવજીવનની છેદાયેલી, ઘવાયેલી લાગણીઓ, ઉપસતા ભાવો સંવેદનો નિરૂપાય છે.

આ પ્રકારની આધુનિક ટૂંકી વાર્તાઓમાં નિરૂપણ પામતી પ્રયુક્તિઓ, નગરનો વંધ્ય પરિવેશ અને વેદના તત્ત્વો એ કોઈ અંગત ભાવોનું નિરૂપણ કે પ્રયોગખોરી કરતાં વધુ તો આધુનિકતાનો આપણો ગુજરાતી સમય બતાવવાની મથામણ હતી. એક નવયુગના એ એંધાણ હતા. એટલું જ નહિ અહીં સૂક્ષ્મતાઓ અને પ્રયુક્તિઓનો પ્રતિનિધિ બનતો જતો પરિવેશ ટૂંકી વાર્તાના સ્વરૂપવિકાસ કે રૂપઘડતર કરતાં વધુ તો આપણી ગુજરાતી ભાષાને જ ઘડાનારો બની રહ્યો હતો. એને અવનવા આકારો આપ્યે જતો હતો. એમાં પણ પરિવેશ અગત્યનું અંગ બને છે. આ પ્રકારની આધુનિકતા પાછળ મહત્ત્વનાં ત્રણ કારણો જવાબદાર હતાં.

૧) ભારતદેશ આઝાદ થયો એની સાથે સાથે જ ગાંધીજીની હત્યા, કોમી રમખાણો અને સત્તાલોલુપ નેતાઓની ખુરશી ખેંચતાણો. આ ત્રણ ઘટનાઓ દેશ પર હાવી થઈ જાય છે. પરિણામે પ્રજાજીવન અસ્તવ્યસ્ત, છિન્નભિન્ન, અરાજક અને અવ્યવસ્થિત બનવા માંડે છે. સામાજિકતા ઓસરવા લાગે છે. હત્યાઓ, રાજરમતો, પક્ષ-વિપક્ષ, મહાવિદ્યાલયો, રાષ્ટ્રીયતા, ભારતીયતા જેવા નવા વિચારકેન્દ્ર તરફ પ્રજા વળે છે.

૨) પશ્ચિમમાં વિશ્વયુદ્ધોને પરિણામે સર્જાયેલાં આધુનિક કળાઆંદોલનો પ્રબળ બન્યાં હતાં. પિકાસો, નિત્શે, બોદલેર, એલિયટ વગેરેના વિચારો સિદ્ધાંતો ને સર્જનો વૈશ્વિક અસરો જન્માવવા લાગ્યાં. અંગ્રેજી શિક્ષણ, વૈજ્ઞાનિક સંશોધનો, યંત્રોદ્યોગો, ડાર્વિનનો ઉત્ક્રાંતિવાદ, ગેલેલિયોની પૃથ્વી ગોળ હોવાની શોધ, આઈન્સ્ટાઈનનો સાપેક્ષવાદ, ફ્રોઈડનો મનોવિજ્ઞાનવાદ વગેરે સમગ્ર વિશ્વના માનવજીવનની રૂઢિઓ, જડતાઓ અને પરંપરાઓ સામે પ્રશ્નાર્થો ઊભા કરે છે. જેનો શિકાર ધર્મ સમાજ અને રાજકારણ બને છે. આ ત્રણેમાં સર્જાતાં પરિવર્તનો સાહિત્યને નવી ભૂમિકાઓ પૂરી પાડે છે.

૩) અંગ્રેજી શિક્ષણ, યુનિવર્સિટીઓની સ્થાપના અને ભારતનાં નગરોનું ઉદ્યોગીકરણ ભારતીય કળાઓમાં પણ નવસંચાર લાવે છે. ફિલ્મોની અસર સમાજ પર પડવા માંડે છે ને તરત જ ચિત્ર, સંગીત, સ્થાપત્ય, શિલ્પ સઘળેથી આધુનિકતાનો નવો અવાજ પ્રગટવા માંડે છે. આ સમયગાળાના ઉચ્ચશિક્ષણમાં વૈશ્વિક અસરો ઝીલનારા સર્જકો વિવેચકોને પરંપરાગત સર્જનો પ્રત્યે ઉદાસિનતા જાગે છે. 'નવલકથાનો નાભિશ્વાસ' 'ઘટનાહ્રાસ' જેવી સંજ્ઞાઓ આવે છે તો સામે છેડે ઘટના વગર ન લખવાની વાત પણ આવે છે. આ પ્રકારના સાહિત્યિક વલણો ક્યારેક અતિરેકમાં તો ક્યારેક સમ પર આવીને અટકે છે. એક તરફ પરંપરાગત પ્રવાહ તો બીજી તરફ જાડો બનતો જતો આધુનિકતાનો પ્રવાહ. આમ ગુજરાતી સાહિત્યમાં પણ આવી વૈશ્વિક અસરો ઝીલાય છે.

આ રીતે દેશની રાજકીય હાલત, પશ્ચિમની અસરો અને ભારતના આધુનિક કલાધરો ત્રણેય અસરો ગુજરાતી ટૂંકી વાર્તાના વિષયવસ્તુ અને નિરૂપણપદ્ધતિ બેયને બદલે છે. બંનેને બદલવામાં બદલાયેલી આ નવ્યસૃષ્ટિનો મહત્ત્વનો ફાળો છે. સર્જકોની નજર બદલાય છે અને સૃષ્ટિ પણ બદલાઈ હતી. ધર્મ, સમાજ અને રાજકારણ ત્રણેય તૂટી પડવાના કારણે તેથી અથવા તેની વિચારમુદ્રા બદલાવાને કારણે તેની સાર્વત્રિક અસરો જોવા મળે છે. આવા માનવજીવનનું નિરૂપણ અવનવી રચના પદ્ધતિઓના સહારે કરવાનું જાણે કે આ સર્જકોની નેમ હતી.

નગર સંસ્કૃતિનું નિરૂપણ દરેક સર્જકે પોતપોતાની આગવી ઢબે કર્યું છે. જેમાં સુરેશ જોષી, રાધેશ્યામ શર્મા, ધનશ્યામ દેસાઈ, જ્યોતિષ જાની, સત્યજિત શર્મા, ભૂપેન ખખ્ખર, પ્રબોધ પરીખ, સુમન શાહ, રઘુવીર ચૌધરી વગેરેએ માનવસંબંધોને સંયોજતા પરિવેશને ખપમાં લીધો છે. જેમાં સામાજિક, આર્થિક, પારિવારિક, ઓફીસ, કોલેજ વગેરે પરિવેશ બનીને આવે છે. અહીં સ્થળપરિવેશમાં ઓફીસની યાંત્રિકતા, ઘર-બાગ-બગીચા-બેડરૂમ વગેરેની વ્યવહારુતા, બજારો-ફેક્ટરીઓ-વિદ્યાલયો વગેરેમાં પ્રવર્તતી વિસંગતતાઓ, ગલીઓ-સોસાયટીઓ-સંસ્થાઓની સ્વાર્થી વૃત્તિઓ વગેરેની વિગતો પરિવેશ રચે છે. જે આધુનિક નગરોના માનવસંવેદનોને નિરૂપે છે.

ચન્દ્રકાન્ત બક્ષી, મધુ રાય, ચીનુ મોદી, ઈવા ડેવ, શ્રીકાન્ત શાહ, સુધીર દલાલ વગેરેની વાર્તાઓમાં આવતો નગરપરિવેશ શહેરનો ઊચ્ચવર્ગ, બૌદ્ધિકવર્ગ, વિદેશગમનો, વિદેશવસવાટ જેવી ભૂમિકાએ આવે છે. આ સર્જકોની વાર્તાઓમાં હોટલો, વિમાનો, સમુદ્રનાં બીચ, વિદેશની સફરો, શહેરોની ભવ્યતા, ઔદ્યોગિક વસાહતો, ભવ્ય સફરો, મોડર્નકાર મોડેલ, એરકન્ડિશન ઓફિસ વગેરે આવે છે. જે આધુનિક માનવજીવનના બાહ્ય ઝાકમઝોળ અને આંતરિક ખાલીપાને નીરૂપે છે.

ગુજરાતી આધુનિક ટૂંકી વાર્તાઓમાં ચૈતસિક સ્તરે પરિવેશ નિરૂપણ બહુ ઓછા સર્જકો સફળ રીતે કરી શક્યા છે. સુરેશ જોષી અને મધુરાયની કેટલીક વાર્તાઓ, કિશોર જાદવ, ધનશ્યામ દેસાઈ, રાવજી પટેલ, ભૂપેશ અધ્વર્યું, સુમનશાહ વગેરેની વાર્તાઓ આંતરચેતનાનું નિરૂપણ કરતાં પરિવેશને ઘટકતત્ત્વ તરીકે નિરૂપે છે. એ માટે તેઓને પરિવેશને જ પ્રતિનિધિ તરીકે સ્વિકારીને નિરૂપણની કેટલીક પદ્ધતિઓ સ્વીકારવી પડે છે. સ્વપ્નસાદશ્ય, કપોળકલ્પના, પ્રતીકાત્મકતા, પૌરાણિક વાતાવરણ વગેરેનું નિર્માણ વાર્તામાં કરવું પડે છે. આ પ્રકારની વાર્તાઓમાં ડુંગરો, પંખીઓના વિવિધરૂપો, માનવઅંગો, હોસ્પિટલો, યંત્રો, માત્ર ઉદ્‌ગારો, અસંબદ્ધ ઉચ્ચારણો, ઘાંઘલધમાલ, માત્ર વાહનો-યંત્રોના અવાજો, ભવ્ય મકાનો, એપાર્ટમેન્ટ, ગંદકી ભરેલા સ્થળો, તદ્દન અજાણ્યા એવા કલ્પિત પ્રદેશો, સમુદ્રો, ટાપુઓ, માનવના વિકૃતરૂપો, પુરાણ કલ્પનો વગેરે કાલ્પનિક અને અસંબંધ લાગતા તત્ત્વો વાર્તામાં પરિવેશ ઘટક તરીકે આવે છે. જે માનવના ચૈતસિક સ્તરને સ્પર્શે છે. વાર્તાનિરૂપણની પદ્ધતિઓ બદલાતી જાય છે. મૂળ સંવેદનને ઓપ મળે છે.

આ રીતે નગરસંસ્કૃતિનો નગરપરિવેશ અને આધુનિક માનવનો ચૈતસિકપરિવેશ એવી બે મહત્ત્વની ભૂમિકાએથી ગુજરાતી ટૂંકી વાર્તાના આધુનિકતાના સમયગાળાને જોઈ શકાય.

## (૧) નગર પરિવેશ

આઝાદી પછીનો આપણા નગરોનો આંધળો વિકાસ માનવ સંવેદનોને ક્ષીણ કરતો જાય છે. સંબંધો વચ્ચેની ખાઈ વધતી જાય છે સામાજિક વ્યવસ્થાઓ તૂટતી રહે છે. પરિણામે સર્જાતો જતો કલુષિત ભાવ અને કૃતક ભવ્યતાઓ ગુજરાતી ટૂંકી વાર્તાઓમાં આધુનિકયુગમાં દેખાય છે. એની પોતાની સક્રિયતા વાર્તામાં જોવા મળે છે. આવો પરિવેશ આધુનિક માનવના ચહેરાને છતો કરી નાખે છે. નગરપરિવેશને સર્જકોએ સ્થળ તરીકે, ભાવપ્રતીક તરીકે, જીવનવિશેષ કે સમાજવિશેષ પ્રગટાવવામાં, સ્થળ કે નગરની રાજકીય-સામાજિક-ઐતિહાસિક ભૂમિકા રચવામાં, માનવ સંવેદન ઉપસાવતા પરિબળ તરીકે એવી એવી રીતે વિનિયોગ કર્યો છે. આ પ્રકારના સર્જકોની વાર્તાઓમાં નિરૂપણ પામતો પરિવેશ જોઈએ.

**સુરેશ જોષી** એક ભાવક તરીકે તથા યુનિવર્સિટી અધ્યાપન અને અધ્યયન નિમિત્તે વિશ્વ સાહિત્યના સંપર્કમાં આવ્યા. જેનાથી તેઓ ગુજરાતી સાહિત્ય પરત્વે વધુને વધુ નિષ્ઠાવાન બનતા ગયા. તેમણે ગુજરાતી સાહિત્યને પૂર્ણકલાકૃતિયુક્ત બનાવવાની સભાન મથામણો કરી. તદુપરાંત તેમના કર્મક્ષેત્ર એવી નગરસંસ્કૃતિ સાથેનો જ તેમનો વેદનાસભર નાતો રહ્યો, વિશ્વયુદ્ધોના પરિણામ રૂપ સર્જાતા સાહિત્યનું વિપુલ વાંચન તેમણે કર્યું. સાથે સાથે અન્ય કળાઓનું પણ રસપાન કર્યું. ઈતિહાસ, પુરાણો, ઉદ્યોગો, રાજકારણ વગેરે વિશે પુરતા જ્ઞાત રહેવાથી તેઓનું ચિંતન આઝાદ ભારત અંગે તો નિરાશામય જ રહ્યું. વળી બચપણથી જ પરિવારમાં ઉતરતા આવેલા મોતના ઓછાયા તેમના સંવેદનવિશ્વ પર હતા. તો એક તરફ સોનગઢની હરિયાળી રમ્યસૃષ્ટિ પણ તેમના ચિત્ત પર અંકિત હતી. આ તમામ પરિબળો એમને પૂર્વસૂરિઓની સાહિત્યસર્જનપ્રવૃત્તિ પ્રત્યે નિરાશા અને ઉત્તમ સર્જન માટેની નિષ્ઠા જન્માવે છે. આથી તેઓ માનવસંબંધો અને સૃષ્ટિના વિવિધ કરુણરૂપોને વિષય બનાવી તેના નિરૂપણ માટે આગવી પદ્ધતિઓ નિપજાવી વાર્તાસર્જન હાથ ધરે છે. આ સર્જન તેમને વાર્તાકાર તરીકે નવો ચીલો પાડનાર તરીકે ચાતરી આપે છે.

તેમના પ્રથમ સંગ્રહની પ્રસ્તાવનામાં ગુલાબદાસ બ્રોકર નોંધે છે કે 'તેમણે નવીન રીતિ સર્જી છે' તેમને વાર્તાઓમાં પ્રતીક રચનાઓ ઘણી છે પણ આ સિવાયની વાર્તાઓની નિરૂપણ પદ્ધતિઓ પ્રયોજવામાં પરિવેશ જ નિર્ણાયક રહ્યો છે. સુરેશ જોષી નોંધે છે કે 'કોઈ વિરહિણી સીધેસીધું એમ કહે કે આજે મારું મન પ્રિયવિરહથી ખિન્ન છે તો એની અસર પડતી નથી; પણ દુઃખની વાતને સાવ ટાળીને એ કહે કે આજે આંગણામાં કૃષ્ણચૂડાની કળીઓ ખીલી નથી તો એના મનની વિષણ્ણ

સ્થિતિની આપણને અસરકારક રીતે પ્રતીતિ થઈ જાય છે. સાચી રીતે જોઈએ તો અલંકાર માત્રનો ઉદ્દેશ આ જ હોય છે. મુખ્ય વસ્તુનું બને એટલું તિરોધાન, બને એટલો પરિહાર.'

અહીં ભાવ નિરૂપણને પ્રકૃતિના તત્ત્વો અને ભાષાપ્રયુક્તિઓની આડશે મૂકવાનું તેઓ સ્વીકારે છે. કદાચ એને તેઓ 'લીલા' માને છે. એમની વાર્તાઓમાં મહદંશે આવા પ્રાકૃતિક, પૌરાણિક કે સાધનસામગ્રીના ઉલ્લેખો વિગતથી ભરપૂર આવે છે. જે મૂળ ભાવને વધુને વધુ સઘન બનાવે છે. એમના નિબંધોમાં આવતી આવી કાવ્યમય વર્ણનોમાં એનાં મૂળ મળે છે. શિરીષ પંચાલ નોંધે છે

– વાર્તાઓના મુખ્ય પાત્રો ભૂતકાળનું અર્થપૂર્ણ વિશ્વ ખોઈ નાખ્યાની વેદના ધરાવે છે.

- તેમની વાર્તાઓમાં ઈન્દ્રિયગોચર કલ્પનોની બહુલતા માત્ર કાવ્યાત્મકતા પ્રગટાવવા માટે આવતી નથી પરંતુ આવા શૂન્યની સામે વિભાવના પ્રાધાન્યની સામે આવે છે.
- આ સમસ્યાઓને ટૂંકી વાર્તાઓમાં આલેખવા માટે સુરેશ જોષીએ બે પ્રકારના સ્થળનો ઉપયોગ કર્યો છે. એક સ્થળ છે સોનગઢનો આસપાસનો પ્રદેશ અને બીજું સ્થળ છે મુંબઈ જેવું મહાનગર. (સુ.જો.સા.વિ-૩)[૧૮]

શિરીષ પંચાલના આ નિવેદનો પરથી સ્પષ્ટ થાય કે આ વાર્તાઓનું વેદનતત્ત્વ 'ઉપજાઉ' કે 'સાહિત્યના પ્રભાવથી પ્રેરાયેલું' એવું નથી પરંતુ સર્જકચેતનાના સ્તરેથી આવતું સંવેદન છે. વળી તેની નિરૂપણપદ્ધતિ પણ સર્જકચેતના સાથે જોડાયેલા 'વનરાજી' અને 'મહાનગર' એવા બે પ્રેરકોના આ સમય અને સ્થળ સાથે અનુસંધાન ધરાવે છે. ત્યાંના જીવનવિશ્વનો જ નહિ સમાજચેતનાનો પણ એમાં અર્ક છે જે પરિવેશની વિગતો પરથી સમજાય. પરંતુ આવા સ્થૂળ સ્થળો તો પેલા લાંબી કૂદના ઠેકપાટિયાની જેમ માત્ર જરા આધાર પૂરતા આવે છે ને પછી સ્થળો ઓગળતાં જાય છે. તેમની વાર્તાઓમાં જેમજેમ પ્રવેશીએ તેમતેમ સમયપરિવેશ બંધાતો જાય છે. આ સમય યુગો યુગો પૂર્વેના કોઈ માનવ સંવેદનને આધુનિક માનવના કોઈ નાના સંવેદનતંતુ સાથે જોડી આપે છે. આ રીતે સ્થળથી સમય તરફ દોરી જતો તેમની વાર્તાઓનો પરિવેશ અનેકાનેક વિગતોના તાંતણે બંધાતો જાય છે.

પ્રથમ વાર્તાસંગ્રહ **ગૃહપ્રવેશ**(૧૯૫૭) માં તેમને વાર્તાકાર તરીકે સાવ જુદા જ અભિગમ ધરાવતા પ્રસ્થાપિત કરે છે. આ સમયે મડિયા-પન્નાલાલનો ગ્રામપરિવેશ, ઉમાશંકરનો સામાજિક પરિવેશ, જયંતિ દલાલનો આર્થિક-રાજકીય પરિવેશ, સુંદરમ્‌નો પારિવારિક અને સામાજિક પરિવેશ વગેરે વાર્તામાં પ્રયોજાતા હતા જ. પરંતુ એમની વચ્ચે નગરના અંધારિયા ખૂણા, કુટુંબજીવનના મહત્ત્વના અને બૂઠા સાબિત થયેલા ભાવોનો પરિવેશ, પૌરાણિક વિગતો, જાહેર માર્ગો, પ્રણય-

વિરહ જેવા ભાવોનો કલ્પનાસભર આલેખ, બિહામણી અને રમ્યસૃષ્ટિ, કાલ્પનિક દૃશ્યો, તંદ્રાવસ્થાઓ વગેરે પરિવેશ તરીકે સુરેશ જોષી પ્રયોજે છે. એ દ્વારા નગરજીવન જીવતા નાગરીકોના આંતરજીવનની વિષમતાઓ આ પરિવેશ પ્રગટાવે છે.બીજી થોડીક (૧૯૫૮)માંની વાર્તાઓનો પરિવેશ ગહનસ્તરેથી માનવસંવેદનને ઝડપે છે. અહીં પેલો નગરપરિવેશ તો છે જ પણ બહુ ઝડપથી એટલે કે વાર્તાની ચોથી પાંચમી લીટીથી જ સર્જક- કથક પાત્રની એકલતાને વ્યક્ત કરવા માંડે છે. અથવા તો વાર્તામાં કોઈ આદિમ સત્યને પ્રગટાવવા કાલ્પનિક પણ કલાસંયત એવી સૃષ્ટિ રચી દે છે. અહીં ઘરની નિસ્તબ્ધતા, અંધકાર, ધૂમાડો, રાનીપશુ, માનવશરીરમાં અનુભવાતા વિચિત્રભાવો, મનના તરંગો, પોતે વસાવેલું છતાં નિરર્થક લાગતું રાચરચીલું, નગરની વંધ્યતા દર્શાવતા કલ્પનો-પ્રતીકો, બાળકો, ઓફીસ, એકલતાના ભાવો, અસલામતી, લઘુતાગ્રંથી વગેરેથી રચાતા પરિવેશ વચ્ચે 'જીવન'ને મૂકે છે જે પરિવેશને વાર્તામાં વધારે ગાઢ અને સૂક્ષ્મ રીતે સક્રિય બનાવે છે. અપિ ચ(૧૯૬૫)ની વાર્તાઓમાં નગરપરિવેશ વિવિધ પ્રયુક્તિઓ સાથે મૂકી આપ્યો છે. અહીં પણ ઓરડાની એકલતા, સંવાદોની સંવેદન શૂન્યતા, ગ્રામપરિવેશની છેદાયાની વેદના, પરીઓની કલ્પના, દરિયો, ઓફીસ, ભાવોથી વિહીન થતો ઘર-કુટુંબનો પરિવેશ વગેરે આવે છે. જે વાર્તાઓને એની રચના પદ્ધતિથી કલાકૃતિ બનાવવામાં ઉપયોગી બને છે. ન તત્ર સૂર્યો ભાતિ(૧૯૬૭)માં મુખ્ય વિષય સ્ત્રી-પુરુષ સંબંધ વૈફલ્ય રહ્યું હોવાથી વિવિધ મિલન સ્થાનો, બેડરૂમ-ઘર વગેરે છતાં અગાઉ જેવી પરિવેશની ગાઢ અનુભૂતિ થતી નથી. સંગ્રહમાંની વાર્તાઓમાં સંવાદોથી સર્જાતો ભાવપરિવેશ બંધાય છે. અહીં ઘર, બેડરૂમ, દરિયો, અવાજો, પ્રાગૈતિહાસિક પ્રાણી, રેલ્વે, ઘોડાગાડી, મૃગ, બજાર વગેરે વિગતો વડે બંધાતો પરિવેશ મુખ્યત્ત્વે સંવેદન શૂન્યતા તરફ ગતિ કરતા પાત્રો, સંબંધવિચ્છેદની વેદના દર્શાવે છે. એકદા નૈમિષારણ્યે(૧૯૮૧)માં પણ નગરજીવનના માનવની કલ્પનાથી રચાતી સૃષ્ટિઓ, માનવની આક્રમકતા દર્શાવતું પંખીપ્રતીક, વિખૂટો પડેલો ગ્રામપરિવેશ, પુરાણકાળનાં કલ્પનો, ઘર, આકાશ વગેરે તથા અસંબંધ હરકતો સુધી પહોંચી જતા, અસમતોલ માનસિકતા દર્શાવતા, પ્રણયવૈફલ્યથી તડપતા, એકલતા અનુભવતા માનવભાવો નિરૂપાયા છે આ વિગતો વાર્તાના સંવેદનવિશ્વને રચે છે.

સુરેશ જોષીની સમગ્ર ટૂંકી વાર્તાઓનો નગરપરિવેશ એની વંધ્યતા દર્શાવે છે. વાર્તાનિરૂપણમાં આગવી સર્જકતા નિભાવે છે. આવો પરિવેશ અનેક વિગતોથી બંધાય છે જેમ કે દુર્ગંધ, ફાનસ, અંધકાર, અવકાશમાં પરપોટા, ઘેરી ભૂરાશ, સૂર્યની આભા, મૃગજળનો સાગર, ઓરડાની હવા, ઢીંગલીઓ, સોનેરી માછલી, ચકલી, બિલાડી, પ્રખરસૂર્ય, ઘડિયાળ, ટેબલ, ફૂલ, મન્દિર, લોહી નીતરતી કોથળી, મઘમઘતી વેણી, તપખીર, ટ્રાફિક સિગ્નલ, દર્પણ, કાંકરો, ઝરણું, મેગોલિયાનાં

ફૂલો, શુક્લપક્ષનો ચન્દ્ર, શાકભાજીની થેલી, મૌનના શ્વાસોચ્છ્વાસનો અવાજ, ખુરશી અને તેના ભાગો, ઘંટડી, ચીસ, બુરજવાળો કિલ્લો, મંગળસૂત્ર, તણખા, દાદર ચડવાનો અવાજ, ગ્લાસ, બરફના ટુકડા, સ્ટ્રો, પંખીનાં ખરેલાં પીંછાં, ચિરાઈ ગયેલી ધજા, ધૂંધળો પ્રકાશ, અદૃશ્ય તારા, મૃગજળનાં સૂર્ય, અગ્નિઘર, શૂન્યકીડી, સાતમાળનું તોતિંગ મકાન, વડવાગ્નિ, ધગધગતો અંગારો, લંબાતા-ટૂંકાતા પડછાયા, અટ્ટહાસ્ય, તોતિંગ લીમડો, સ્થિર જળ, લિફ્ટ, કાંડા ઘડિયાળ, કાળાં ટપકાં જેવાં પશુઓ, લાઉડ સ્પીકર વગેરે...

સર્જકે જ્યાંથી નાડબંધ છેદાયો છે એ ગ્રામપરિવેશ પણ તેનાથી વેડાયાની વેદનામાં સર્જાયો છે. જેમાંનાં તત્ત્વો કાવ્યાત્મક શૈલીમાં આવ્યાં છે. આ વિગતો રોમાંચસભર સ્થાનોએ ઉલ્લેખાયાં છે જેવાં કે :

- અંબોડો, ફાનસ, ધૂપેલની વાસ, માળા, ઝાડની ડાળીઓ, તેજનું કિરણ, ધૂળની ડમરી, પવનની આછી લહેરો, મધરાતનું બુલબુલ, વણઝારાની વાવ, પોઠ, દૂધની પહેલી સેર, તામડી, વાછરડીની કૂદાકૂદ, અંધકારનું તળીયું, સાતસેરની મોતીનો હાર, મૃદંગની થાપ, ઝાંઝરનો રણકાર, ધૂંધળી ચાંદની, ઉગતું ઘાસ, મંદિરનો ઘંટ, પશુઓની ત્રાડ, કૂકડો જાગવો, ડાંગરની ક્યારડીઓ સળવળવી વગેરે...

તેમની વાર્તાઓમાં સર્જાતી પૌરાણિક, કપોળકલ્પિત, સ્વપ્નસાદૃશ્યની વિશિષ્ટ સૃષ્ટિ જે પરિવેશ રચે છે તે 'ચૈતસિક પરિવેશ' ગણાશે. જે આધુનિક ચૈતસિક પરિવેશમાં ચર્ચીશું.

અહીં આધુનિક નગર પરિવેશને રચવામાં સુરેશ જોષીની વાર્તાઓમાં કેટલાંક વર્ણનવાક્યો મહત્ત્વનાં બને છે. જેમ કેઃ

- એકાએક મારી ચારેબાજુ ઘોંઘાટનું નિબિડ અરણ્ય ઊગી નીકળ્યું. – (મહાનગર)
- તરતના વધેરેલા બકરાની કાળી ખાલ હમણાં જ કોઈએ ઊતારીને ફેંકી હોય એવો પથરાઈને પડેલો રસ્તો તડકામાં ચળકી રહ્યો હતો. – (અભિસાર)
- ચિત્રાને લાગ્યું કે પેલા હાથની ગતિથી એના શરીર પર જાણે ચીલા પડી ગયા હતા. (નળદમયન્તિ)
- સ્વપ્નિલ માદકતાના ઘેરને ભેદીને આવતા ઘડિયાળમાં પડેલા આઠના ટકોરાને સાંભળું છું. (વિચ્છેદ)
- અહીં સમય વહેતો નહોતો પણ પ્રત્યેક પળે અજગર જેમ પોતાના શિકારને ભરડામાં લે તેમ વિંટાતો જતો હતો. (સેતુબન્ધ)

- સૃષ્ટિમાં આદિકાળના જળનો ઘુઘવાટ, આદિ વનસ્પતિના મર્મરનો છન્દ, નક્ષત્રોની નિષ્પલક દૃષ્ટિનું સ્થિર તેજ, પૃથ્વીની ધરી પરની ગતિનો લય આ બધું એમાં મળતું જાય છે ને કશોક સંચાર એની નાડીમાં થાય છે. (રાત્રિર્ગમિષ્યતિ)
- જૂના ખણ્ડેરને બાઝી વળતી લીલની જેમ એ અવાજો એમના ઉપર એમના નાના નાના પગ ભરાવીને બાઝ્યે જ ગયા ને પેલી લીલી ઈયળ મૂળાનું પાંદડું કોરે તેમ અણુંએ અણુંમાં ભરાઈને બધું કોરવા લાગ્યા (વર્તુળ)
- જાણે કોઈ નાગણે બટકું ભરી અંધારાના ઝેરની કોથળી ઠાલવી દીધી. એ ઠલવાતો અંધકાર પ્રભાશંકરને પંણ ચારેબાજુથી ઘેરી વળ્યો. (થીંગડું)
- બે-ચાર અસ્પષ્ટ વાક્યો પંખીના ખરેલા પીંછાંની જેમ સરતાં આવે છે. હાસ્યની છોળમાં ભીંજાઈને ખોવાઈ જાય છે. (વલય)
- નિમ્મુ, ચાલ આપણે સાથે ફરીએ, ઘર હવે નથી ગમતું, કબાટનો કાચ મને ગળી જાય છે. બારી-બારણાંનાં ચોકઠાં ફાંસીના માંચડા બની જાય છે. (- અને મરણ)
- વિંડસ્ક્રીન પરનું જંગલ એકાએક વેરાઈ ગયું. (સંકેત-)

આવાં વર્ણનવાક્યો વાર્તામાં પાત્ર-પરિસ્થિતિ, ક્રિયા કે ભાવને ઉપસાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ઉપમાન, ઉપમેય, ઈન્દ્રીયબોધ, પ્રતીકાત્મકતા, પુરાકલ્પન વગેરેનો પરિવેશની ભૂમિકાએ થતો વિનિયોગ ભાષાની ખૂબી બને છે. આ તમામ વિશેષો સુરેશ જોષીના સર્જનાત્મક ગદ્યને પ્રવાહી બનાવે છે અને આ રીતે ખુદ ગુજરાતી ભાષાને જ ઘડતી આ સર્જનાત્મકતા સર્જકની વિશેષતા બને છે. પરિવેશનિરૂપણની મૌલિક પદ્ધતિ જાણે ભાષાને નવપલ્લવિત કરે છે.

**ચન્દ્રકાન્ત બક્ષી**એ આધુનિક નગરોનો બાહ્ય અસબાબ માનવજીવન સાથે સીધી અસર કરતી વિગતોને પોતાની વાર્તાઓમાં વણી લીધી છે. એમના છ વાર્તાસંગ્રહોની ૧૩૯ વાર્તાઓની પાર્શ્વભૂ મુખ્યત્ત્વે મુંબઈ અને કલકત્તા છે. પ્યાર(૧૯૫૮), એક સાંજની મુલાકાત(૧૯૬૧), મીરા(૧૯૬૫), મશાલ(૧૯૬૮), ક્રમશ:(૧૯૭૧)માં કલકત્તા છે તો પશ્ચિમ(૧૯૭૬)માં મુંબઈ છે. આ ઉપરાંત એમની વાર્તાઓમાં નિરૂપાયેલ પરિવેશ અવનવાં સ્થળો તરફ વળે છે. એમની વાર્તાઓને પરિવેશની દૃષ્ટિએ વિભાજીત કરવી હોય તો આ રીતે કરી શકાય.

- ભારતીય નગર પરિવેશ
- વિદેશી ભૂમિનો પરિવેશ
- રમણીય સ્થળપરિવેશ
- યુદ્ધભૂમિનો પરિવેશ

- ➢ રહસ્યમય પરિવેશ
- ➢ એકલતાનો ભાવપરિવેશ
- ➢ ચૈતસિક પરિવેશ
- ➢ રાજકીય, ધાર્મિક, ગ્રામ્ય પરિવેશ

વાર્તાકારે તેમના '૧૩૯ વાર્તાઓ' પુસ્તકની પ્રસ્તાવનામાં વાર્તાને પોષક બનતા પરિવેશની કાર્યક્ષમતા વિશે નોંધ્યું છે :

- મારી વાર્તાનું નામ, ભૂગોળ, પાત્રાલેખન, ઘટના બધાનું નામ છે કલકત્તા.
- મને યથાર્થને પ્રસ્તુત કરવો ફાવે છે. ડોક કે કોલસાની ખાણ, માંસની દુકાન કે પ્લેનની કોકપીટ, ટેંકની ટરેટ કે ચર્ચની પુલપિટ મારા પહેલાં ગુજરાતીમાં આવ્યાં ન હતાં – આટલાં તાદ્દશ આવ્યાં ન હતાં.
- હું યથાર્થની વાર્તાઓ વધારે સરસ લખી શકું છું. ઐતિહાસિક, રાજનીતિક, યુદ્ધવિષયક વાર્તાઓ આવી ગઈ.
- દુકાળ, યુદ્ધ, કાળા-બજાર અને પાયજામાના લોંગક્લોથ માટે રાત્રે બે વાગે લગાવેલી કતાર, અડધી રાતે સાંભળેલી 'અલ્લાહો અકબરની'ની ચીસો, ભાંગફોડ. પિતાનું અવસાન અને દેશની આઝાદી. ગાંધીજીની હત્યા અને સેંટ ઝેવિયર્સ કોલેજમાં પ્રવેશ. સામ્યવાદ અને સેક્સ સાથે જ આવ્યાં.

બક્ષીની વાર્તાઓમાં ગૂંથાંતા નગરપરિવેશના આટલા સ્ત્રોત છે. ચોપાસેથી તેમણે નગરને નિરૂપ્યું છે. તેને તેઓ 'યથાર્થ' કહે છે. સર્જકચેતના સાથે સંધાન ધરાવતો આવો 'યથાર્થ' પાત્રસંવેદનને કઈ રીતે ઉપકારક બને છે. એ માટે એમની નિરૂપણ પદ્ધતિ ખપમાં લેવાય છે. તેમની વાર્તારચના મુખ્યત્વે પરંપરાગત રહી છે. નિરૂપિત વિષય આધુનિક છે. જે આધુનિક નગરોને તેના સાંસ્કૃતિક વિશેષો રહિત આલેખે છે. વિભાગવાર કેટલીક મહત્ત્વની વાર્તાઓ નગરપરિવેશ સંદર્ભે આ પ્રમાણે છે.

નગરપરિવેશની વાર્તાઓ:

ઠંડુ પાણી(રેલ્વે), મેડલ, સ્લીપિંગ પીલ્સ અને સ્ત્રી, અને ૧૦૮-૨-રાસબિહારી રોડ ફ્લેટ નં.૩, આંખ(હોસ્પિટલ), ટાઈપિસ્ટ છોકરીઓ, ઊંઘનો એક દોર, એક ક્યુબિસ્ટ વાર્તા, ચાલવું, અર્જુન વિષાદયોગ, કુત્તી, રાણી બજારની માયા, હું-તમે અને કલકત્તા, ચોરી, નેતિહાસ, મૃતકર્ણિકાઘાટ

(વારાણસી), અમદાવાદ-અમદાવાદ!, નાઈન્ટી ફાઈવ ડાઉન વગેરે...નગરમાં પરિવારનો પરિવેશ ધરાવતી વાર્તાઓ.

નાસ્તિક, એક સાંજની મુલાકાત, ફોટા, કબૂતરનું બચ્ચું, શનિવારની સાંજે, ચુંબન, બાદશાહ, પૂ.સનતિમામીની સેવામાં, અતોંસીયો...અતોંસીયોં, ગો ટુ ટેનહાઉસ, ટેક્સી, આડે લાકડે, ત્રણ, બીજી સોહાગરાત, બે ગુલામ વગેરે...

એકલતાના ભાવપરિવેશવાળી વાર્તાઓઃ

અ-સમય, નવમી રાતે(વેશ્યાના ઘરમાં), પાણીપતનું ચોથું યુદ્ધ, વર્તમાનની બીજી બાજુ, મીરાં, અને મીણબત્તી (માત્ર સંવાદો), સ્પાર્ક્સ (રેલ્વે), વાર્તાકારની વાર્તા, અફેર, ક્રમશઃ, મનોયત્ન, વાળ વગેરે...

વિદેશી નગરપરિવેશઃ

કાળો માણસ, કાળા તાજમહેલો, સંજય વેલમુર ઘોષ, ભગવાનની દુનિયા, આબોદાના વગેરે...

રહસ્યમય પરિવેશઃ

હેન્ડ્ઝ અપ (હોસ્પિટલની પાર્શ્વભૂમાં), નામર્દ, ડોક્ટરની પત્ની, રજ્જોનો પતિ, બે ટંક ખાવું, જબાની, ચુટ્ટી, કાળા માણસો(કોલસાની ખાણમાં), એક આદમી મર ગયા, આમારબાડી તોમારબાડી નોકશાલબાડી, ઘોરતિમિર ઘનનિબિડ નિશિથે પીડિત મૂર્છિત દેશો, આત્મહત્યા, મકાનોમાં ભૂત, લાશને નામ ન હતું વગેરે...

યુદ્ધભૂમિનો પરિવેશઃ

બાર વર્ષે, હવા-જૂની અને નવી, ઓપરેશન ભુટ્ટો, ડોગરાઈ જતા કોન્વોય, મેજર ભલ્લાનો કિસ્સો, બાદબાકી, બિરાદરી, ના, પાર્સલ, આયોગોરખાલી, બ્રવો, ગરુડનું નિશાન, રિપોર્ટ, ઘોડો, ધર્મયુદ્ધ વગેરે...

આ ઉપરાંત રમણીય સ્થળો, રાજકીય, ધાર્મિક, ગ્રામ્ય અને ચૈતસિક પરિવેશની વાર્તાઓ પણ મળે છે.

ઉપરોક્ત વાર્તાઓમાંની કેટલીક વાર્તાઓ પોતાની ટૂંકી વાર્તા તરીકેની ઓળખ પૂર્ણપણે સિદ્ધ કરે છે. ક્યાંક પરિવેશ દ્વારા માત્ર ગદ્ય તો ક્યાંક માત્ર પરિવેશ જ નિરૂપણ પામ્યો છે પરંતુ જુદા જુદા પરિવેશની રચના આ વાર્તાઓમાં કઈ વિગતો દ્વારા થાય છે તે જોઈએ.

SMT. HANSA MEHTA LIBRARY

નગરનું જાહેરજીવન, તેમાં વણાતા માનવ સંવેદનના તંતુઓ અને સર્જકની આત્મીકતા એમના નગર પરિવેશમાં દેખાય છે. બજાર, વહીવટી સ્થળો, પ્રવાસના ઉપકરણો, મોટા બિલ્ડીંગો, વ્યવહાર જીવનની ખાણી-પીણીની વિગતો સર્જક નગરપરિવેશમાં આવરી લે છે.

સ્કૂલ, ટ્રેન, વ્હીસલ, સિગારેટનાં ઠૂંઠા, સ્ટીમર, બેરોમીટર, સ્યાલદા સ્ટેશન, કોયલાની કણીઓ, નવી સડકો, પાવર હાઉસ, બ્લાસ્ટ ફર્નેસ, ચીમનીનાં ભૂંગળાં, વોટરબેગ, ૪૮૦૦ કરોડ રૂપિયા, પ્લેટફોર્મ, તાળીઓનો ગડગડાટ, સ્ટેજ. બત્તીઓ, ઓડિટોરીયમ અને એ.સી., કપડાનું બંડલ, ગરમ હવા, હાવડા સ્ટેશન, નાસ્તો, બાવાઓ, પાનની પિચકારી, પેશાબ, તમાકુ, થૂંક, ટિકિટ, મેક-અપ પર ચોંટેલી ધૂળ, ટેબલ લેમ્પ, મશીનનો શેડ, લીલો પ્રકાશ, ફાઉન્ટેન પેન, આયનો, રેશનકાર્ડ, ખાલી પ્લેટો, સિગારેટનો કશ, એલાર્મ ક્લોક, એમ્બ્યુલન્સ, પ્લાસ્ટરનો ઢગલો, સ્લીપિંગ પીલ્સ, શાંતિ અને વાસ, વરસાદી વાદળો, ટ્યુબલાઈટનું અજવાળું, ટ્રકના ચાલુ મશીનની ધ્રુજારી, લોહીની સાંકળો, શાંત દીવાલો, શ્વાસ રોકીને બેઠેલી રાત, બંધ પાંપણોની અંદર સૂતેલી આંખો, ટ્રાફિક પોલીસ, સ્ટ્રેચર, સાંજનું અંધારું, કોફી હાઉસ, મોટર સાઈકલ, એ.સી. ઓફીસ, ખુરશીઓ, કોલેરા, પબ્લિક હોસ્પિટલ, ઈંજેક્શન, એલાઈનની બોટલ, ટ્યુબ, બૂટના અવાજો, સ્મશાનઘાટ, માઉન્ટ આબુ, કોટેજો, દેલવાડા, ફૂટપાથ, ફિલ્મો, સેક્સોફોન, ખાબોચિયું, ટ્રક, ગોડાઉન, લેવલ ક્રોસિંગ, પેટ્રોલ સ્ટેશન, શરાબ, કપડાં, કાકડા, ડબલ-ડેકર બસ, પોલીસનો ખોંખારો, મનીઓર્ડર, પ્લેટફોર્મ, ગોગલ્સ, છંટાતુ ધુમ્મસ, જૂનો પીપળો, વુડનઓવર બ્રિજ, સાઈકલ, લેવલ ક્રોસિંગ, ખટારાઓ, ઘરઘરાટ, હોર્નના અવાજો, ઝૂપડાં, બાર, સેલડ, મુર્ગો, ઈંજેક્શન, તમાકુની ગંધ, ગંદી સિગારેટો, લાઈમ જ્યુસ, કોર્ડીઅલ, પોલીસ વેનનું હોર્ન, બ્રાઉન પેપર, હેન્ડલૂમનું ટી-શર્ટ, મટનપ્લેટ, ફેબ્રુઆરીનો બ્લ્યૂ, જેલ તરફ જતી બસ, ડેહલીઆનાં નગ્ન ફૂલો પર રવિવારનો તડકો, પીગનાં પાંજરાં, રંગબેરંગી ફૂગ્ગાઓ, ઈડનગાર્ડન, વરસાદી ખુશ્બુ, પિયાનો, પથ્થરની દીવાલો, ગટરની બદબૂ, હોડી, કમ્પાઉન્ડ, ક્વાટર્સવાળો બંગલો, પિત્તળનો બંબો, ટેલિફોનની ઘંટડી, કીટલી, ટેક્સી, ચાઈનીઝ, રેલ્વે કોલોની, એરલાઈન્સ કંપની, જાપાનીઝ ફૂલ, એરકંડીશન્ડ ડબ્બો, રેસ્તોરાં, કાર અને ડબ્બો, નિયોન લાઈટો, હેલિકોપ્ટર, સિગારેટની રાખ, બોટલનું બોક્સ, એર-કન્ડિશનરનો કર્કશ ઘરઘરાટ, મદ્રાસી હોટલ, કુર્લાના સ્ટેશન, સૂર્યાસ્તનાં ચિત્રો, ખાલી બોટલો, રોટીની વાસ, ઈંટ-કોંક્રીટની દીવાલો, દરિયામાં ઊભેલી મસ્જિદ વગેરે વિગતો નગરપરિવેશ રચે છે.

બક્ષીની વાર્તાઓમાં નગરમાં જીવતા પરિવારો નિરૂપંણ પામ્યા છે. એ કેવા પરિવેશમાં શ્વસે છે એ જોઈએ તો તેમાં હોટલ, સોસાયટી, આલિશાન ઘરો, ઉત્તમ પ્રકારની ખાણી-પીણી, મોજશોખ વગેરે નિરૂપણ પામ્યા છે. આ તમામ નીચેની વિગતો દ્વારા આકારિત થાય છે.

ચશ્માં, ટેબલ, સિગરેટ, સીલિંગ, પ્લેટ, શેકાયેલી વરિયાળી, બળેલા તલ, મંદિર, ફોટો, આયનો, ઓરડી, ઘોડિયું, બત્તી, ગાડી, કબાટ, દૂધનો ગ્લાસ, પતરાનું પિંજરું, ફ્લેટ, ભોંયતળીયું, છૂટાંછવાયાં ઝાડ, બદલાતું આકાશ, હાઈસ્કુલ, ડિસ્ટેમ્પરના કૂચડા, ભીના રંગની દીવાલો, ચૂનાની માટી મિશ્રિત વાસ, પલંગ, બારી, બસ, ક્વેન્ટ,જનાનખાનું, એર-કન્ડિશન્ડ હોટલ(નો ઉલ્લેખ), પાણી, રેશમી ચામડી, ગરમી, મધ, એરંડિયું, તેલ, બાલમંદિર, હવામાં ઝુલતાં કરોળીયાનાં જાળાં, ટ્રેન(નો ઉલ્લેખ), છાપું, કોર્પોરેશનની બત્તીઓ, કાચાં ટામેટાં, સૂકી કોથમીર, ટેક્સી, પગથિયાં હોટલ, બાથરૂમ, ટિપોઈ, ઝાડું, સફેદ ઈંડાં, લાકડાના કબાટ ઉપરની કોતરણી, ખુરશી, ચાવલના દાણા, જૂની નોટનાં પાનાં, લીનોલીઅમ, છાપાંનો ટુકડો, પેનસિલ, ભીનો ટુવાલ, તૂટેલાં ઈંડા, સવારનું આકાશ, કાશ્મીરી સિલ્કની સાડી, સફેદ બિલ્લી, ડોલ, ફૂટપાથ, બગીચા, પરીઓ, કોહવાઈ ગયેલાં ઘાસ-પાંદડાંની વાસ, ચણા, ડ્રેસસર્કલ, બાલ્કનીની ટીકિટ, શફેદશર્ટ – સફેદ પેન્ટ અને બ્લ્યૂ ટાઈ, વ્હીસ્કી અને બીયર, રમ, પાયજામો, લીંબુનું શરબત, બેડરૂમ, કોકાકોલા, કેક, કાળો મસાલો, એલાર્મ, બે ટુલ્સ, વિંગ ફ્રેમવાળા ચશ્માં, તણખાં, રમની મીઠાશ, ઈથરમાં બોળેલું બ્લાઉઝ, સીરીંજ, પાણિયારું, ડબલ ડેકર, રંગીન સ્કર્ટ, ધોબી તળાવ, બ્લાઉઝની આરપાર દેખાતી બ્રેસિયર, પાણીની વાછંટ, લીસા-ભીના પથ્થરો, ઓગસ્ટનું આકાશ, ઘોડી, ગટરની બદબૂ, ચા-વાળાની હોટલ, ઘોડાગાડી, લાલ પથ્થરનાં પગથિયાં, ગેસલાઈટ, કોલસાની ખાણો, ટ્રંકકોલ, ઈન્શ્યોરન્સ, ગીચ ઝાડી, સૂવાને કારણે ખરેલો પ્લાસ્ટર, દીવાલો પર જૂનાં લાકડાં, ગેસ્ટરૂમ, રેફ્રિજરેટર, વેઈટિંગ રૂમ, ફ્રોસ્ટેડ ગ્લાસમાં ઘટ્ટ થીજેલા ઓળાઓ, ટેલિફોનની ઘંટડી, ફાઉન્ટેન પેન, ઈથર, આઈસક્રીમ, પત્ર, રોટલો, બ્લ્યૂ નાઈટલેમ્પ, ડેથ સર્ટિફિકેટ, વનસ્પતિ, રિસેપ્શન, આલ્બમ, પ્રેઝન્ટ, હિલ સ્ટેશન, બામ-માલિશ, નિયોન લાઈટો, ધર્મનાં પુસ્તકો, શાલ, કેસર-બદામ-પિસ્તાં-ઉકાળેલા દૂધનાં ગ્લાસ, ડબલ બેડ, ડ્રેસિંગ ટેબલ, બૂટ, જૂઈની મહેંકવાળો માહોલ, સ્ટુડીઓ,શેહનાઈના લીસા-લસરકાના અવાજો, કાચ પર પરાવર્ત થતો પ્રકાશ, ચાલતો આકાર, સ્ત્રી-પુરુષના ઉચ્છ્વાસમાં ઝિલમિલ થતી રાત, ફેંકાતો ધુમાડો, હોર્ન, એકસો આઠ નંબરનું મકાન, ફ્લેટ નં. ત્રણ, સેલ્ફ-કન્ટેઈન્ડ ઘડિયાળ, વાર્ષિક મહેફિલ, કેડબરી ચોકલેટ વગેરે પારિવારિક વાતાવરણ રચે છે જે કુટુંબજીવનને વાર્તામાં સજીવ કરી દે છે. સર્જાતી ઘટનાને ઓપ આપે છે.

બક્ષીની વાર્તાઓમાં અમેરિકા, પેરિસ, ઈંગ્લેન્ડ વગેરેના નગરપરિવેશ રચાય છે. જે ગોળ પાયેલી તમાકુનો સ્વાદ, કેસેટ વાગવાનો સ્પષ્ટ અવાજ, એર-કન્ડિશનરનો કર્કશ અવાજ, ઈરાની રેસ્ટોરાં, બળેલી કોફીની તામસીક કાળી-બદામીવાસ, લાશના ટુકડા, લાઈટોનો રંગ મેગ્નેશિયમ જેવો, શણના જર્જર પડદા, મિલોના ધુમાડા નીકળ્યા પહેલાનું સ્વચ્છ ધુમ્મસ વગેરે વિગતો દ્વારા બંધાતા વિદેશી નગરપરિવેશમાં સર્જકે પરિવેશની વિગતો કરતાં ક્રિયામાં વધારે ધ્યાન આપ્યું છે.

કેટલીક વાર્તાઓમાં એકલાં એકલાં જીવન વિતાવતાં પાત્રો છે. એમની એકલતાને પ્રદર્શિત કરતી કેટલીક વિગતો વાર્તાના ભાવને સઘન બનાવે છે. એકલતાને બિહામણી, કુણ્ઠિત કે મસ્તીસભર બનાવે છે. આવી વિગતો આ પ્રમાણે છે :

નવી બોટલ, હિન્દુસ્તાની શરાબ, વેન્ટીલેશનો, ધૂળ લાગેલો કાચ, ટેબલ પરનું પ્લાસ્ટિકનું કવર, જૂના મોઝેઈક જેવી ડિઝાઈન, બિલાડીઓ, માછલીનો ટુકડો, બોટલની અંદરનો શરાબ એકદમ સ્થિર, બોટલની લીસી સપાટી, સ્વપ્નનાં પાત્રોની જેમ બધું ચકરાય, લાલ લાલ થતું કફન, કાગડા, હોટેલના લાલ નીઓન અક્ષરો, ભીડ, ખિસ્સામાં પૈસાનો અભાવ, સિગારેટનો ડબ્બો, મુગલાઈ બિરયાનીની પ્લેટ, ખુરશીની સીટની કિનારીને બાઝી ગયેલા બે સાથળો, બે-ત્રણ રંગના દહેરાદૂની ચાવલ, બેહતરીન ચીઝ(નો વારંવાર ઉલ્લેખ), ટેક્સી, કોઈના બૂટ, ખાંસી, પોલીસવેન, ભીંત પર લટકતા જૂના ફોટા, ચકરાતા ધૂમાડા, પેશાબ ઘર, તાળું, દરવાજા, ખુરશી, ઠંડા પાણીની છાલકો, નેપ્કિન, ડ્રેસિંગ ટેબલ, ચશ્માનાં કાચ, હાથની ઠંડક, ગરદનની ભીનાશ, કાણાંવાળા મોજાં, સિનેમાની ટીકિટ, પાઈલ્સ, ટ્રાન્ઝિસ્ટર, ભરેલો આયનો.

અહીં પ્રશ્ન થાય કે એકલતાનો ભાવપરિવેશ અને ચૈતસિક પરિવેશમાં શો ફર્ક ? અહીં 'અ-સમય'ને વાર્તાનો 'હું' એકલતામાં જીવે છે. એની પાસે શરાબ, બિલાડી, સામા ઘરની બારી, ત્યાં દેખાતી સ્ત્રીનાં વિવિધ દૃશ્યો અને ભૂતકાળની ઘટનાઓના ટુકડા છે. પણ પોતાની એકલતાનો ઘેરો પાશ અનુભવે છે. વાર્તામાં તે ઉઘડતો જાય છે. સર્જકે આ અવસ્થાએ અટકવું છે અટક્યા છે. 'ઊંઘનો એક દૌર'માં હોસ્પિટલ, ઈંજેકશનો, બાટલા, નર્સ, દવાઓ બધું બેહોશીમાં ભૂંસાતું જાય છે. અને પરિવાર, લાશ, ડાઘુઓ, ડાઘુએ ભૂલથી ફોડી નાખેલો ફુગ્ગો, ફુગ્ગાવાળા છોકરાનું રૂદન – આ બધું પ્રતીકાત્મક રીતે આવતું જાય છે જે ચિત્તની અવસ્થા, ચૈતસિક સ્તર સુધી પહોંચે છે, પ્રસરે છે. આ રીતે સર્જક ક્યારેક સમાજ, પરિવાર બધાથી અલગ પાત્રના સંવેદનને નિરૂપે છે ત્યારે એનો પરિવેશ અને સમગ્ર વિશ્વથી વિખૂટું પડેલું પોતાના જીવાતા વાસ્તવથી પણ પર થયેલાં પાત્રની ચિત્તની અવસ્થાઓ નિરૂપણ પામે ત્યારનો પરિવેશ ભિન્ન પડે છે.

બક્ષીની વાર્તાઓમાં ઉપસતાં ચિત્રો, દશ્યાંકનો કેફી હોય છે. ધારદાર હોય છે. એ ઘનતા રચે છે. પાત્રને ભાવસઘન બનાવે છે. ક્યારેક મૂળભાવથી વિખૂટા પણ પડી જાય છે.

'સ્લીપિંગ પિલ્સ અને સ્ત્રી'માં પુરુષની એકલતાને દર્શાવતું દશ્ય :

- 'આકાશના અંધકારમાં પણ વરસાદી વાદળાં જુદાં દેખાતાં હતાં. હવામાં મોડી રાતની હોસ્પિટલોમાં હોય એવી વાસ અને શાંતિ હતી.'

'અમે' વાર્તાનો શહેરી પરિવાર :

- 'ઘરની બહાર મોડી સાંજ, અંદર એક રાત. ટ્યુબલાઈટનું અજવાળું, બહાર ઊભી રહેલી ટ્રકના ચાલુ મશીનની ધ્રુજારી, રેડિયોમાંથી 'ચાર આંખો' 'કાહે કો'ની વાતો, શેહનાઈના લીસા, લસરતા અવાજો, દીવાલોમાંથી ઝરતું પાંચ વર્ષના લગ્નજીવનનું સુકું સુખ, એક સ્ત્રી, એક પુરુષ, એક બાબો ઉ.વ. ત્રણ, નામ સિંહલ, બાબાનું નામ. સિંહલ એક દ્વીપનું નામ પણ છે.'

દશ્યરચનામાં અંતિમવાક્ય વાર્તાની બહાર નીકળી જાય છે. આ જ વાર્તામાં એક ભાષાપ્રયોગ :

- 'મઝા' શબ્દ વાગ્યો, અખરોટની તૂટી ગયેલી શેલના અંદરના ભાગની જેમ. પછી માછલીના કાંટાની જેમ સુંવાળો લાગ્યો.'

એક આમ આદમી માટે અનુભવાતું શહેર 'ચાલવું' વાર્તામાં :

- પણ શહેર એટલે...એકીસાથે કેટલી બધી વસ્તુઓ અને માણસ એકલો પડી જાય, વારંવાર વાળેલા કાગળ જેવો ટુ-રૂમ ફ્લેટ નામની વસ્તુમાં ભરાઈ રહે. જ્યાં જલદી જલદી ચાલવા માંડ્યો. આકાશ ઘેરાયું હતું.

આ વાર્તામાં જયને ઘેરી વળતું નગર :

- 'રાતના પવનથી ફૂટપાથ સુકાઈ જવા આવ્યો હતો અને પડછાયા પણ વધુ સ્પષ્ટ લાગતા હતા. ઉપર ટ્રામના તાર અત્યારે શાંત હતા અને નીચેના પાટાઓની વચ્ચેના ભીના ઘાસ અને નાનાં ખાબોચિયામાં દેડકાં કૂદતાં હતાં. આગળ જતાં કેટલાંક રેસ્ટોરાંના દરવાજામાંથી હજી પ્રકાશ પડતો દેખાતો હતો, કેટલાંક પાનવાળાઓ દુકાન સામે ખાટલા પછાડી માંકડ ખંખેરતા હતા. એક બંધ આંખોવાળી ગલી ઉપર એક નીયોનલાઈટ હજી ચાલતી હતી કારણકે કોઈ બંધ કરવાનું ભૂલી ગયું હતું.'

નરી વર્ણનાત્મકતા શૈલીની વાર્તા 'હું તમે અને કલકત્તા'માં કલકત્તાના કેટલાંક વર્ણનો :

- જૂના જાનવરો માણસોને જુએ છે જોયા કરે છે. માણસો જેવા માણસો, જાનવરો જેવા માણસો, વાઘ જેવા, હાયેના જેવા, કાચંડા જેવા, ઉરાંગઉટાંગ જેવા માણસો, અને સ્ત્રીઓ, બિલ્લી જેવી, ગોલ્ડ-ફીશ જેવી, ઈયળ જેવી અને છુટ્ટીઓના દિવસોમાં જાનવરો કાંપતાં સંતાઈ જાય છે, અને મોજાંઓમાં, ધક્કાઓમાં, રોળાઓમાં માણસો ઊતરી પડે છે.
- મરેલાં, ભૂંસાઈ રહેલાં ખાનદાનોની સ્મૃતિ દબાવી-દબાવીને સાચવતાં બારોક ચહેરાવાળાં વિરાટ મકાનો ઊભાં છે.
- થર્ર થર્ર ફરતા પંખાઓની હવામાં સુકાયેલાં પેટવાળા માણસો ચુસાયલા માછલીના કાંટાઓ ખાલી પ્લેટોમાં મૂકતા જાય છે.

'ફોટા' વાર્તામાં મુંબઈની રેલ્વે :

- દાદર, માટુંગા, માહિમ, વાંદરા, અંધેરી, બોરીવલી, ઘાટકોપર, વડાલા...તૂટીને હવામાં ઝૂલતા કરોળિયાનાં જાળાંઓની જેમ રેલવેલાઈનો ઝૂલવા લાગી.

પરિવારની વચ્ચે પણ નાયકની એકલતા.

'કબૂતરનું બચ્ચું'માં :

- દિવસનો છેલ્લો તડકો કબાટના કાચ પરથી ઊતરીને બારીઓ પર આવી ગયો હતો અને ટિપોઈ પર કોફીની ખાલી રકાબીના વર્તુળાકાર ઊંડાણમાં થોડી કોફી સ્થિર જામી ગઈ હતી

'શનિવારની સાંજે'માં 'હું'ની એકલતા :

- મારી પાછળ પાછળ જે ઓફિસના ખૂણાઓમાં ભરાઈ ગયેલી સાંજ દબાતા પગે આવી અને કાળી ઘટાઓમાં ભરાઈ બેઠી.

'છોકરીને જીભ વાપરવાં દેવી, આપણે કાન વાપર્યા કરવા' એવો વિચારપટ મુક્યા પછી સર્જકે 'સોડાની ચાર ખાલી બોટલો' વાર્તામાં પરિવારનું શૂન્યતામાં સરી જતું દશ્ય મૂકાયું છે.

- કમરામાં ધુમ્મસ છે, ઈલેક્ટ્રિક વાસ, સોડાની ચાર ખાલી બોટલોની, જયંતભાઈ ખડખડાટ હસી ગયા પછીની શૂન્યતાની વાસ, કાલે રાત્રે વાંચેલી નાઈજેરીયન કવિતાની વાસ.

'તરસ' વાર્તાનું એક દશ્ય 'વ્યંગ' અને 'કરુણ'ને તાદશ કરે છે :

- ઘોડાની ગરદન પસીનામાં ભીંજાઈને સફેદ મલમલ જેવી લાગતી હતી અને એના ફૂલી ગયેલા મોઢાં પર ફીણ જામી ગયું હતું, નવાબે આઝાદ હવામાંથી એક ઠંડો શ્વાસ ખેંચ્યો.

- એક મિસ્ત્રી બકરાના ચામડાની નાની પખાલ પીઠ પર બાંધીને દોડી રહ્યો હતો, અને એની સુકાઈ ગયેલી પિંડીઓ પર નસોની જાળ ફૂલી ગઈ હતી. નવાબે ઘોડી દબાવતાં દબાવતાં સખત થઈ ગયેલી જમણી હથેળી સીધી કરી અને એક બગાસું ખાધું.

'યથાર્થ'ના નિરૂપણમાં રખાતી ચોકસાઈ બક્ષીની 'મકાનનાં ભૂત' વાર્તામાં સરનામા રૂપે આવે છે
:

- મિનન રો ને સેંટ્રલ એવન્યુના ક્રોસિંગ આગળ જ મોટું મકાન નથી ? સામે પેટ્રોલનો પંપ છે અને ડાબે હાથે ફોર્ડ કંપનીની ઓફિસ.

એક વાર્તાનું શીર્ષક જ સરનામું પોતે છે - '૧૦૮-૨, રાસબિહારી રોડ, ફ્લેટ નં.૩'.

'નવમી રાતે'માં 'વેશ્યાબજાર'નાં દશ્યો 'સાહેબ'ની નજરે જોવાયાં છે :

- સામે સેલડની પ્લેટ, લીંબુ છાંટેલા તાજા પ્યાજની ખુશ્બુ. મજૂરી. ભૂખ્યું પેટ. ખુરશીની સીટની કિનારીને બાઝી ગયેલા બે સાથળો. બેહતરીન ચીજ. નામ ખબર ન હતી એ વેઈટરે ફરી આવીને પૂછ્યું, 'પસંદ આઈ, સાહબ ?' 'હાં' વધારે શું કહેવું ? 'પસંદ' શબ્દ ધાર ઊતરતી છરીના કરકરાટની જેમ શરીરમાં ઊતરતો ગયો.
- છતમાં ચાંદની હતી. એણે સામેનાં મકાનોમાં જોયું. સ્લીવલેસ બ્લાઉઝોમાં ઊભેલી સસ્તી છોકરીઓ, બ્લ્યૂ લાઈટો, ક્યાંકથી આવતા સંગીતના અવાજો, મુગલાઈ બિરયાની, વ્હીસ્કી, શીલા, ચાંદની રાત. સામેની એક બારી બંધ થઈ. સોનાગાછીની ગલીમાં ટેક્ષીઓ આવી આવીને ઘરાકોને ઊતારીને સોંસરી નીકળી જતી હતી. પ્રાઈવેટ ગાડીઓ અહીં બહુ ઓછી આવતી, પ્રાઈવેટ ગાડીઓવાળા પણ ટેક્સીઓમાં જ આવતા. વેશ્યાઓના લત્તામાં ટેક્સીમાં આવવામાં જોખમ ઓછું હતું. એ જે તરફથી આવ્યો હતો એ તરફ એણે જોયું. ગલીમાં પોલીસની એક વેન ઘૂસી. પોલીસો રસ્તા પરથી માણસોને ઊંચકતા હતા.

આ રીતે બક્ષીની વાર્તાઓમાં આલિશાન હોટલ હોય કે અંધારી ગલીઓ, વેશ્યાઘરો હોય કે હોસ્પિટલ, દારૂ, માછલી કે સિગરેટનો કોઈ પ્રકાર, કોઈ વિશેષ ખોરાક કંઈ પણ વાર્તાઓમાં સહજતાથી પ્રવેશે છે. કેટલીક વાર્તાઓની સપાટ ગતિમાં અચાનક પ્રવેશતું ચાંદનીનું કલ્પન, 'સાડીમાંથી દેખાતી બ્રેસિયર'નો ઉલ્લેખ, ' એક સાંજની મુલાકાત' જેવો એકાંતના વાતાવરણમાં થતો ઘટસ્ફોટ, ચમકી રહેલાં હાડકાં, રેલ્વે ટ્રેકની બાજુમાં નગ્નસ્ત્રી આવી વિગતો વાર્તામાં ચમક લઈ આવે છે. જે બક્ષીની આગવી શૈલી છે. ખાસ કરીને પરિવેશની રચના બાબતે બક્ષી જેટલા સભાન છે એટલા જ બેફામ છે. ટૂંકમાં એમ કહી શકાય કે બક્ષીની વાર્તાઓમાંથી ઉપસતો નગરપરિવેશ એ

**પાત્રોનું જીવાતું જીવન અંગભૂત તત્ત્વ તરીકે આવે છે. કશાના બદલામાં ઓછું આવે છે. જો આવે છે તો ક્યાંક બક્ષી ખુદ બોલવાના હોય ત્યાં પરિવેશ બોલે છે. બક્ષી 'ગર્દિશના દિવસો'વાર્તામાં જ લખે છે.**

- મને કંઈક બદામી – જાફરાની રંગનો લગાવ છે. ટ્રાફિકના લાલ – લીલાની વચ્ચેના એમ્બરનો, જે હંમેશ હોંશિયાર રહેવાની સૂચના આપે છે. વ્હીસ્કી – બીયરનો રંગ, તૂટેલી ઈંટોનો ખંડિયેરનુમા રંગ, ફિક્કા પડી ગયેલા જૂના ફોટાઓનો સેપીઆ રંગ, શેકાતા આટાનો રંગ, લોખંડના કાટનો રંગ, બળવાનો રંગ, ગધેડાના પેશાબનો રંગ આ પ્રકારના રંગ વિશેષ ગમે છે.

કંઈક આવું જ તેમની વાર્તાઓના પરિવેશમાં બન્યું છે.

એકમાત્ર વાર્તાસંગ્રહ 'ટોળું' આપનાર **ઘનશ્યામ દેસાઈ** ટૂંકી વાર્તાઓમાં માધ્યમના સ્તરેથી પરિવેશનો વિનિયોગ કરે છે. એમની વાર્તાશૈલીમાં અલંકારો, ઉપમાઓ, રૂઢિપ્રયોગો, ક્રિયાપદો વગેરે આવે છે જેમાં નગરપરિવેશની વિગતો મળે છે. 'ટોળું'ની વાર્તાઓમાં નગરપરિવેશ ઉપરાંત કૌટુંબિક પરિવેશ, ગ્રામ્યપરિવેશ અને ચૈતસિક પરિવેશનું નિરૂપણ આમ વિવિધતાભર્યો પરિવેશ એમને 'શુદ્ધ આધુનિક વાર્તાકાર' તરીકે મૂકતાં રોકે છે. ફરી એકવાર, લાલ બોપટ્ટી, કાચિંડો, હૂંફ, ગણગણાટ, લીલો ફણગો, મૂર્છા, પ્રોફેસર : એક સફર, ટોળું, વગેરે વાર્તાઓમાં નગરપરિવેશ છવાયેલો છે. આ વાર્તાઓમાં પણ એકલતા સર્જતો, કૌટુંબિક અને નગરના વિવિધસ્થળોને આલેખતો પરિવેશ જોવા મળે છે. એમની વાર્તાઓમાં માનવ-માનવ વચ્ચેના વ્યવહારોમાં પ્રયોજાતી વિગતો, રહેણાંક, શહેરના ઊડાણનો વિસ્તાર વગેરે આવે છે. આ વિગતો જોઈએ તો...

ભીંત, બીજો માળ, રૂમ નં. એકવીસ, ટુવાલ, મથુરા બાજુનો અંગુઠો, અસંખ્ય થીંગડા, હળવો અવાજ, કાળી બેથી ગાવું, ગાંઠાગાંઠાળી પથારીઓ, ભેંકડો તાણવો, નદીનું પૂર, બેસ્વાદુ ગળફો, દિલરૂબાના તાર થરકે, મૃદંગ પરની થાપ, દારૂનું પીઠું, ઢોલ, નગારાં, તબલાં, તિક્ધામ તિક્ધામ, અવાજ, વાતાવરણમાં થરથરાટી, પતરાની કાટ ખાઈ ગયેલી પેટીમાં સિગારેટનો ડબ્બો, તેમાં પચ્ચીસ રૂપિયા, મગજની નસો ઝણઝણવી, વિચારવાયુ, ધુમાડાની સેર, ઠાઠડી, શરણાઈની પત્તીને થૂંકમાં પલાળવી, બસ, ઘોંઘાટ, વરસાદ, બારીઓ બંધ થવાનો અવાજ, આંખ આગળ લાલ-પીળા કૂંડાળા દેખાવા, ગંધ, નૃત્યનાટિકાની ત્રણ ટિકિટ, થિયેટર, લેચ-કી, સ્વેટર ગૂંથવું, મગજમાં લોહી ધસવું, વિસ્તરતા હાસ્યના પડઘા, લૂચ્ચો વરસાદ, ખુલ્લું આકાશ, છત્રી, રેઈનકોટ, જંગલ, દુકાનનું સાઈનબોર્ડ, કોલરથી ફાટી ગયેલું ખમીસ, વીમાની પોલીસીઓ, પ્રોવિડન્ડ ફંડનો હિસાબ, ઘી-કેળાં,

લાલ બોપટ્ટીવાળી છોકરી, વૃક્ષો પરથી રહી રહીને પડતાં પાણીનાં ટીપાં, ધીમો ધીમો પવન, પૃથ્વીના મોંફાડ જેવી ક્ષિતિજ ઉપર આછું આછું અજવાળું, ચા-પાણી, હાથા ભાંગેલી ખુરશી, રાતોપીળો વિનાયક, જમીન પર મુક્કો મારવો, સ્ટેશન તરફ જતો સૂમસામ રસ્તો, નાનકડી ગલી, વૃક્ષોની ઘટાઓ, ઘાસમાં બેઠેલી ગોકળગાય જેવા બંગલા, બંગલાના બોખા મોં, વાતાવરણની નસોમાં વહેતું લોહી, ચશ્માની જૂની ફ્રેમ, રેડિયાનો કર્કશ અવાજ, પંખાની આછી ઘરઘરાટી, લાલ કરેણની ડાળી, અંદર-બહાર લબલબ કરતી કાચીંડાની જીભ, બિલાડીનું બચ્ચું, પાનનો ફફડાટ, સખત ગરમી, કાળીમાટીનાં ઢેફાં, લાલ મંકોડાનું ઝુંડ, અગોચર પોલાણ, ખખડતા શબ્દો, પાલવ, ગ્રીનીશ ગ્રે કલરનો બુશર્ટ, કાચની બારી પર અથડાતાં વરસાદના ટીપાં, ચારેબાજુ પીળો રંગ, ગણગણાટ, ઈંટેઈંટના સાંધા, સખત ઠંડી, પારધી પંખીનાં પીંછાં ખેંચે તેમ અવયવેઅવયવ ખેંચાઈ જવા, બૂમાબૂમ, આરામ ખુરશી, ભૂરા આકાશનો ટુકડો, ગાયિકાના રૂમમાંથી આવતી તબલા ઉપર કોઈક હાથની ક્રુર થાપ, ચોકમાં રમતાં બાળકોનો તીણો ઘોંઘાટ, હોટલનું ઠંડુ ભાણું, ઈંટ મટોડાનો ભૂકો, પ્યારની ગઝલો, તોતિંગ વૃક્ષ, ગુલમહોર અને પલાશ વૃક્ષનાં લાલ ફૂલો, ઉખડી ગયેલાં સીમેન્ટનાં પોપડા, લોખંડના સળિયા, કરોડરજ્જુના મણકા, ધૂળનું વાદળ, ટોળાની ચીચીયારીઓ, ખાંસી, હાંફ વગેરે....

ઘનશ્યામ દેસાઈની વાર્તાઓમાં આવી વિગતો દ્વારા થતા ભાવસંકેત ઉપરાંત તેમના વાર્તાગદ્યમાં પરિવેશની વિશિષ્ટ છાંટ જોવા મળે છે.

'હૂંફ' વાર્તામાં રોહિત શાહની સ્વગતોક્તિ એકલતાને ઘટ્ટ બનાવે છે. માનસિક અસમતુલા વ્યક્ત કરે છે.

- મને ઈન્દ્રના દરબારમાંથી લઈ જવા હમણાં જ કોઈ ઝાંઝર ઝમકાવતું આવશે અને પછી તો...એણે ઊંડો નિસાસો નાખ્યો પણ બીજી જ પળે મારો આનંદ સાવ ઊડી ગયો. આ બારીનાં કાચ પર સરકેલા પાણીમાં ટીપાંને જોતાં જ મને ભાન થયું કે હું તો હિમશીલાની જેમ અંદરથી થીજી ગયો છું.

'ફરી એક વાર'માં લીલાની સ્તબ્ધતા દર્શાવતો આ પ્રયોગઃ

- ઓરડામાં જાણે મૃત્યુઘંટ ન વાગ્યો હોય, એવી ચુપકીદી પથરાઈ ગઈ.

ઘનશ્યામ દેસાઈ પરિવેશ રચનામાં વિવિધ પ્રકારનાં અવાજોનો પણ વિનિયોગ કરે છે જેમ કે, ' ખરરર ખરરર...કરતું અનાજ ગગડે', વડલાનાં પાંદડાં અથડાવાનો કર્કશ અવાજ, ઠૂંઠવો, ખળળળ છરરર પાણીનો અવાજ, ઘરરર ઘરરર દરિયાનો અવાજ, ઘુર્રાટી, ઠક્ઠક્, ત્રંમત્રંમ, રેડિયાનો કર્કશ

**અવાજ, લબલબ કરતી કાચિંડાની જીભ વગેરે... આ રીતે પુનરુક્તિઓનો માધ્યમ વિનિયોગ ગદ્યલયમાં આવીને ભળી જાય છે પરંતુ બધે સરખો ઉપકારક નથી બનતો.**

આમ પરંપરાગત નિરૂપણ પદ્ધતિઓમાં પ્રયોજાતો આધુનિક નગર પરિવેશ અને ખાસ કરીને રૂઢિપ્રયોગો, અવાજો, સ્થળનાં આછા લસરકા વગેરે તેમના વિશેષ ગણી શકાય.

**મહેશ દવે**ના વહેતું આકાશ(૧૯૭૧,૨૦૦૦) તથા મુકાબલો(૧૯૭૦) બે વાર્તાસંગ્રહોમાં આધુનિક નગરપરિવેશ વણાયેલો જોવા મળે છે. આંચકા, અવાજ, પક્ષીરાજની મુસાફરી, સ્વપ્ન, રક્તલય, ધબકાર, છેલ્લા શ્વાસ, મોડેલ, કિલ્લો વગેરે વાર્તાઓમાં આધુનિકતાના નગર સંવેદનો નિરૂપણ પામ્યાં છે. પરંપરાગત અને પ્રયોગ બંને ધોરણે નિરૂપણ થયું છે. પારિવારિક પરિવેશમાં સ્ત્રી-પુરુષના સંબંધોને નિરૂપતી આ વાર્તાઓના કેટલાંક ઉદાહરણો –

'કિલ્લો' વાર્તામાં નગર ઉપરાંત તદ્દન વગડાઉ પરિવેશ પણ છે. 'ખાન' વાર્તા રહસ્યમય પરિવેશની છે. અન્ય વાર્તાઓ ચૈતસિક સ્તરે પણ પહોંચી છે. એમની વાર્તાઓમાં હવાઈ મુસાફરીથી માંડીને અંધારી ગલી સુધીનાં સ્થળો મળે છે. પરિવેશની વિગતો ક્યારેક કવિતાઈ લયમાં ગૂંથાઈ જાય છે. કેટલીક વિગતો જોઈએ:

વિમાનમાંથી નીચે દેખાતાં શહેર, ગોગલ્સ, રેશમી વસ્ત્ર, મોગરાના ફૂલોનો ગજરો, કેસરી રિબન, મિલનો ઘરઘરાટ, ટ્રાન્ઝિસ્ટર, સ્ટેમ્પ, સ્ટ્રો, કુરકૂરિયું, ફાઈલ, ઘંટડી, કુદરતી શરમ, ગુજરીમાંથી ખરીદેલી ગોદડી, સરસ્વતીચંદ્ર ફિલ્મનું ગીત, ખોપરીનાં મંચ પર ભજવાતું નાટક, પરપોટા, બિરયાની, સ્ટ્રોંગસોડા, મગરનાં આકારના મકાન જેવું સ્ટેશન, સેન્ડલની પટ્ટી, એન્જિનની વરાળ(જે વારંવાર તેમની વાર્તાઓમાં આવે છે), બોજનો ઈન્દ્રિયસંતર્પક આહ્લાદ, અંધકારનું પોલાણ, મૌન, સોફા, એન્જિનની વ્હીસલ, ચીરુટનાં છેડામાં દીવાસળીથી કાણું પાડવું, આસ્ફાલ્ટની સડક, લેમ્પપોસ્ટ, સુતેલાં પડછાયાં, વૃક્ષોનાં હાલતાં ઓળાનું નૃત્ય જોતો બુઢ્ઢો, અંધકારમાં ભળેલી વિજનતા, ચેસનાં પ્યાદાં, ખમીસ, વળગણી, ગેલેરી, સૂટકેસ, દીવાસળીનાં ખાલી ખોખાં, સ્લીપર, બ્રેસલેટ, સીંધી માર્કેટ, હોર્સહીલવાળા બૂટ, બાળકની મૂંગી ચીસો, ધર્મશાળાની ઓરડીઓ, ૪૪૫૬ નંબરની ટેક્સી, ચાર મીનાર, લાઈટર, પીળો પ્રકાશ, આસોપાલવની બે કલમો, ગેરુઆ રંગની મંદિરના મહંતની કાર, પાનનો ગલ્લો, માણસોની ભીડ, બુકસ્ટોલ, પૂઠાં પરનું ચિત્ર, દીવાલ, બાથરૂમનું બારણું, ચા, સાણસી, તપેલી, બળતી ચામડીની વાસ, ઈમારતો, વખડાનું વૃક્ષ, રીક્ષાઓ, ખભે કેમેરાવાળા ટુરિસ્ટો, રાક્ષસકાય ઈમારત, મેલાં હલબલતાં પાણી, કચ્છ બાજુનું ભરવાડોનું ટોળું, ફાટેલી ચિઠ્ઠીનાં ચોરસ ટુકડા, મસ્જિદ, નિબિડ

અંધકાર, ફૂટપાથ, કથ્થાઈ રંગની ધરતી, લીલુંઝમ્મ મેદાન, હટનું પ્રવેશદ્વાર, ગીતાંજલીનું ફાટેલું પૂઠું, બિલકીમની મહેક, ડાઘીયા કૂતરાઓ, આંખોમાં માદક ઝેર, ગોગલ્સ, દીવાસળીનાં ખાલી ખોખાં જેવું એમ્પાયર બિલ્ડીંગ, ઉદ્યાનો, સરોવરો, કૂંજો, પલંગ પર આકાશગંગાની ચાદર, પતંગિયા જેવી ભૂરી સ્ત્રી, હાડપીંજર, હિલના કાળા પથ્થરો, સંગીત આલાપતાં મોજાં, નેઈમપ્લેટ, અંધારો ઓરડો, ચક્રવાત અને પ્રતિચક્રવાત, પવનની ઘૂમરીઓ, મુવિંગ શેઈડ્ઝ, સાયોગ્રાફી, વ્યંઢળની તાળીનો અવાજ, લાલ-પીળાં-ધોળા-કાળા-લીલા રંગોનાં ધાબાં અને આકૃતિઓ, કાળી છાયાઓ, નવા શીશામાં જૂનો દારૂ, પ્રેક્ષકોની હલચલ, બગાસાં, કાળો કાળો અંધકાર, અંધકારમાંથી ટપકતાં વેશ્યાની બગલનાં પ્રસ્વેદનાં બૂંદ જેવા અવાજો, વાહનોની અવરજવર, બેન્કની સેવિંગબુક, ડાયરી, પત્ર, મરેલી માછલીઓ, ચંપલ નીચે એક ફાટેલો કાગળ, થિયેટર, ઠંડી ચા, આકાશને બિંબિત કરતાં જળ, હોસ્ટેલ, માદળીયું, અશ્રુબિંદુ, ઉધઈનાં પડ, મુંબઈ-દિલ્લીનો હાઈવે, અજગર, સ્મશાન, મૃતદેહનો રંગ, આઈનસ્ટાઈન નામનું રબર, મેડીસીનનું પુસ્તક, ભૂરા આકાશમાં રૂનાં પોલ જેવાં વાદળો, ફેદાઈ ગયેલાં વાદળ, ભરતનાટ્યમ્‌નાં સ્વાંગમાં સજ્જ ઢીંગલી, બારીમાંથી આવતાં મંદમંદ પવનનાં મોજાં, પ્રકાશબિંદુઓ, નવાંનવાં મકાનોથી ઢંકાતું આકાશ, રેસ્ટોરાંની વસ્તી, જીન્સ અને સ્લેક્સ પહેરેલી છોકરીઓ, ચેખોવની વાર્તામાં આવતી ઘોડાગાડી, ઘોડાગાડીનાં ઘોડાનો અશ્વમેઘ, બોજ બની ગયેલો સમય, શબ્દોનું ટેપરેકોર્ડર, કાચની દીવાલની બીજી બાજુ પડેલા અનેક મૃતદેહો, દાદર, ફાઈલો, ઈમારતો, ડૂસકાંનો ટેકો, ચીમળાયેલાં પુષ્પોનાં રૂસણાં, એરકન્ડિશન, પેટન્ટ કોર્નર, ડોક્યુમેન્ટરી ફિલ્મ, ઈવનિંગ ઈન પેરિસની ખુશ્બુનો જોરદાર ઘસારો, ટ્રે, સાડીની પારદર્શકતા, કારનું હોર્ન, એક્વેરિયમમાં મરીને સ્થિર થઈ ગયેલી માછલીઓ, રાક્ષસકાય ચીમની પરના બે લાલ વિદ્યુતદીવાઓ, રજાઈનાં સફેદ કવર પરના કુમકુમના ડાઘા, પ્રોગ્રેસીવ સ્કૂલ, મૌન ચીંચકાર, ધનજી દુગ્ધાલય, અગરબત્તીની સળીઓની સુગંધ અને લોહી, ગૌમુખી, ઠાકોરજીની મૂર્તિ, ભીંતો પર લખેલી જાહેરાતો, બ્લાઉઝ, વર્તમાનપત્ર, લાંબુલચક ભાષણ, ત્રમત્રમી ઊઠવું, કાળા રંગનું પ્રાણી, ચશ્માનાં કાચ, લેટરપેડ, કડવા બનાવો, સીરાઓમાં હિલ્લોળા લેતું લોહી, પત્રનો ડૂચો, પ્રસંગોની માછલીઓ, ચિત્તમાં સરકતી રંગબેરંગી માછલીઓ, છેલ્લો પત્ર, નાયગ્રાના ધોધમાં સતત પડ્યા કરતાં પાણી, આકાશની સફેદ ચોરસ પ્લેટ, સ્કાયલાઈન પર ચોંટી ગયેલો સૂર્ય, કેરમબોર્ડ, તાજાં મોગરાનાં ફૂલ, કિરપાણ, અંધારા જગતનાં એકાંત ખૂણા, જગમશહૂર વાર્તાઓ, આરામ ખુરશી, મ્યુનિસિપાલિટીનાં ઝાંખો પ્રકાશ આપતાં દીવાઓ, વિડોલ કેલેન્ડર, જોડેનાં મકાનમાં બાળકના રડવાનો અવાજ, દુર્ગંધમિશ્રિત હવાનું મોજું, વૈશાખની

ધગધગતી બપોર, કેઈનચેર, ભજીયાં, શહેરનો ટાવર, અગાસી, ટિફિન, સિગરેટનાં ધૂમાડા, સ્ટિયરિંગ, સોનેરી દિવસો, અંધકારના ઓળા વગેરે...

આ વિગતો દ્વારા બંધાતો પરિવેશ નગરજીવનની અનુભૂતિ કરાવે છે. ક્યારેક આવતા પરસાળ, વૈશાખ જેવાં શબ્દો નગરજીવન સંદર્ભે કઠે છે, તો અંધકારના ઓળા જેવો પરંપરાગત પ્રયોગ અલગ તરી આવે છે. 'માનવીઓનો કોલાહલ' નગરપરિવેશને એની કુંઠિતતાથી દૂર કરી દે છે, જ્યારે 'સ્કાયલાઈન પર ચોંટી ગયેલો સૂર્ય, મૌન ચીંચકાર, એક્વેરીયમમાં મરીને સ્થિર થઈ ગયેલી માછલીઓ જેવી આંખો, ચીમળાઈ ગયેલાં ફૂલોનાં રૂસણાં' વગેરે કલ્પનો પ્રયોગો ભાવસઘનતા રચે છે પરંતુ સળંગ વર્ણનમાં અચાનક આવતો કવિતાઈ લય ખટકે પણ છે.

કેટલાંક વાક્યોમાં પરિવેશને ઉપકારક-અનુપકારક બન્યાં છે તે જોઈએ તો –

- એમણે સિગરેટ સળગાવી વાતાવરણને કડવું બનાવ્યું.

બે પાત્રો વચ્ચેની અસમાન ભાવપરિસ્થિતિ 'આંચકા' વાર્તામાં આ રીતે વ્યક્ત થઈ છે. જ્યારે 'અવાજ' વાર્તામાં માનવસ્વભાવની જડતા :

– એક ટેબલ આગળ ત્રણ જણ ટેબલ બનીને બેઠાં હતાં.

– જિંદગી ક્લબના આઈસક્રીમની જેમ ધીમે ધીમે ઓગળતી હતી.

– અત્યાર સુધીના બધા દિવસો ભસ્મ બનીને ઊડી જતા જોયાં.

'રક્તલય' વાર્તાના નગરપરિવેશનું દશ્ય પાત્રની વિશિષ્ટ મનોદશા વર્ણવે છેઃ

- આવતાં-જતાં માણસોની સૃષ્ટિ આછાં અંધકારમાં અને વીજળીના વિધવિધ પ્રકાશમાં મૃગજળ જેવી લાગતી હતી. એ મૃગજળનાં રેલાનો પ્રવાહ વધ્યાં કરતો હતો. તેમાં ક્યાંય કશું વિઘ્ન આવતું ન હતું. તેની સપાટી પરથી કાળ લપસ્યાં કરતો હતો. કાળનાં સહસ્ત્ર બાહુઓના કાંટા એ પ્રવાહને કાપવાં મથી રહ્યાં હતાં.

'આંક્રાંત' અને 'મુકાબલો' બંને વાર્તાઓમાં એક જ વાક્ય મુકાયું છે-

- ભૂરા આકાશના ટુકડાને કોઈ ખોલતું નથી.

આ પ્રમાણે પાત્રની સન્નિધિમાં કે મૂળ ભાવના સંવર્ધનમાં મૂકાયેલા દશ્યો પરિવેશની રચના કરે છે. મહેશ દવેની વાર્તાઓમાં પરિવેશ નગરનો છે અનેક વાર્તાઓમાં સમય રાત્રિનો છે. કૌટુંબિક પરિવેશ ક્યાંક ભાવને અનુમોદન આપનાર તત્ત્વ તરીકે પ્રયોજાય છે.

## (૨) ચૈતસિક પરિવેશ

**મધુ રાય**ની વાર્તાઓમાં સમયની ગતિનો ઉતાર-ચઢાવ આવવાના કારણે વાર્તાઓમાં સ્થળ-કાળની નિરંતર ગતિ મળતી નથી પરિણામે સ્થળ સ્થળ ન રહેતાં એક સળંગ કે અવળસવળ ચિત્તની ગતિક્રિયાઓ બની જાય છે. ખાસ કરીને 'હાર્મોનિકા' અને 'હરિયા' જૂથની વાર્તાઓમાં આ પ્રકારે વધારે બન્યું છે. હાર્મોનિકાને મધુ રાય પોતે ગુજરાતીપણાની અનુભૂતિનો 'પ્રત્યાઘાત' કહે છે. આ પ્રત્યાઘાત એ એકી સાથે અનુભવાયો છે એટલે ભાષાનો પ્રયોગ નહીં પણ ભાષાનેય વળોટીને કશુંક અસંબંધ એવું અનુભવાય છે ને જે અનુભવાય છે તે લખાય છે. તેથી તેની અવળસવળ ગતિ છે. 'હરિયા' જૂથની વાર્તાઓમાં તેમને મળેલાં અવનવાં પાત્રો, મન ઉપર થયેલા વિશ્વભ્રમણના સારાનરસા અનુભવોને આ બધાની વચ્ચે એકલા એકલા થતાં મનોમંથનો એટલુ જ નહીં પરિસ્થિતિઓ સાથે જોડાણ થવું, કપાવું, ગતિશીલ થવું, ફેંકાવું જેવી ઘટનાઓ વગેરે નિરૂપાયું છે. પરિણામે એ મનની ગતિ પર નિર્ભર રહી છે. વિદેશી ભૂમિના પરિવેશમાંની તેમની વાર્તાઓમાં સમાજ, જ્હોજલાલી, કામના, લોલુપતા, શરીરોની વચ્ચે કશુંક માનવીય તત્ત્વ યોજતી વાર્તાઓ છે. માનવસંબંધને આ પરિવેશ વચ્ચે કપાયેલી અવસ્થામાં મૂકેલો છે. આ પ્રકારની વાર્તાઓમાં સામાજિક પરિવેશ, વિદેશી પરિવેશ, ઘટનાઓના ખડકલા, જ્હોજલાલી, વૈભવ, ભોગ, જાતિયતા જેવી વિગતોમાં આવનજાવન કરતાં પાત્રોના ચિત્તની સ્થિતિ પર કથકનું ધ્યાન છે. આ સ્થિતિ રચતી વિગતો જોઈએ તોઃ

સોહાગરાત્રિ, ફગુઆ(હોળી), ગાંવની મોજ, બીડેલી આંખોમાં લીલા મકાનની અગાશીની ઓરડીમાંનું દશ્ય, ચિત્રવત વાતાવરણ, 'હું' નામની ચાવી, સ્ક્રૂ ડ્રાઈવરથી શનૈઃશનૈઃ, સોનાનો એક બંગલો,દેસ, પેનમાં શાહી નથી, ચીડ-ક્રોધ-લાગણીની ગંધવાળા સારાં-નરસાં પાત્રો, લિબર્ટી ફાઈલ, ગડબડિયા અક્ષરમાં સરનામું, ટપાલનો ખડકલો, ગેબી તાકાત, 'હું' નામની કાંકરી, બગાસાંની ટોળી, સ્વપ્નલોકની રાજકુંવરી સાતસાત સમુદ્રો અને તેરતેર નદીઓની પાર, ચકલી, ઘનીભૂત એનર્જી, ચાવીઓનો ઝૂડો, સંડાસની ભીંતો પર લખેલાં લખાણો, ઘરમાં ડોકીયું, રવીબાબુના ગીતો, વાતોના સાગર, સપનામાં ઈન્ટરવ્યૂ, હોઠ પર ભીની લાલાશ-બીટના રંગની, શરીરમાંથી આવતી લીલા નાળિયેર જેવી ગંધ, સાદડી, માનનીયતાનું વેક્યુમ, વિચારોનો કાટમાળ, શુદ્ધ ચાંદીના ચાકુ, શેફર્સ પેન, નકશીવાળી ચાંદીની મુરાદાબાદી તસ્તરી, દ્રાક્ષાશવની જાહેરખબર જેવો અંગૂરનો સુરૂચિપૂર્ણ ગુચ્છો, કાશ્મીરથી મંગાવેલા સફરજન, એડિસને પાંચ-છ હજાર વખત પ્રયોગો કરી શોધી કાઢેલો બલ્બ, સંસ્કૃત શબ્દો, અગરબત્તી, સ્પિરિટ લેમ્પ, પગ ઊંચાં કરેલા

હનુમાન, ચાંદીની કોતરકામ કરેલી ફૂલદાની, બંગાળી સિનેમા-માસિકો, હિબ્રુ ભાષામાં અપાયેલા આદેશો, મેરેજ બ્યૂરો, સોનાની સાંકળે લટકતી પૃથ્વી, લાલ દોરીએ બાંધેલું સ્વર્ગ, પીતાંબર, ભગવાનના પગમાં ધૂળ, સ્વર્ગમાં જાતજાતના કાર્યાલયો-હિસાબો-કોષ્ટકો-ચોપડાઓ-દૂરબીનો-જાદૂઈ લાકડીઓ, સૂરા, દેવો, ગાંધર્વો, કિન્નરો, અપ્સરાઓ, પૃથ્વીના ઉત્પાતો, નરક, ચિત્રગુપ્તનો ચોપડો, ડેલહાઉસી સ્ક્વેયર, ફૂટપાથ પર કતારબંધ સૂતેલા માણસો, શીંગડા ભરાવી લડતા સાંઢ, આંખમાંથી વહેતા પાણીના લીરા, ટ્યુબલાઈટોની ચાંદની જેવી રોશની, સી-ટી-સીનું મોટું ઘડિયાળ, ટ્રામ બસ, સાંજની કોલેજ, સાઈકોલોજી, એન્જિનીયરીંગ, પઠાણી પેંડલ, ગુલાબના ફૂલનું ચિત્ર, કલાપીનું કાશ્મીરનું વર્ણન, શાહજહાંનો કલાપ્રેમ, શ્યામબજાર, ફેમિલિરૂમ, પિક્ચરની ટિકિટો, લાકડાના કટોરામાનું વાસી ગંદુ પાણી થરથરે, લડાઈના દારૂગોળા જેવા બુલંદી અવાજો, દાતણ, હીટર, સવાર પડ્યાની ઓફિસીયલ જાહેરાત, ઘડકૂટ ગાળો, રાતના ફૂંકાતી બીડીઓ, બંગાળીઓનો માંસ-માછલી ખાવાનો શોખ; સરસિયા તેલનો વઘાર, બે આનાની માવાની ગોળીઓ, લાલ સુપારીની ઊઘરાણી, ઈંડાના કોચલા, માછલીની કરચો, પિંજરાના કટોરામાં હલતું પાણી, બિકાનેરી ભુજિયા, ગીતની બસૂરી સૂરાવલી, મોગલાઈ ઠાઠની કૂરનીશ, ઠંડા પિત્તળના હાથાનો સ્પર્શ, રેશનકાર્ડ, માટીની બંધ કૂલડી, કાંસાની વાટકી, દશ બાય નવની ઓરડી, કેસરી દાંડીવાળા ટચૂકડા ફૂલ, નમસ્કાર વિધિ, માછ-પરોઠા, ઓવરટાઈમ, ચૂપચાપ આગળ વધતું જતું અંધારુ, જાળવીને થૂંક ગળવું, હલકુ-ફૂલકુ વાંચન, ચોપડીમાંથી આવતી નેપ્થિલિનની ગોળીની ગંધ, નિસ્તેજ રોશની, મીઠી અદ્વિતિય સુગંધ, વાંસળી, પુષ્પકુંજનું એકાંત, અજાણ ઉરસ્પર્શ, લગભગ ડૂબી ગયેલો સૂર્ય, વાંસળીના કટાઈ ગયેલા સૂર, નેપ્થિલિનની ગંધવાળા કાવ્યો, કૂટીલ મુસ્કાન, કોફીનું છેલ્લું ટીપું, ક્ષણભર અર્થહીન બની જતા નિકલના ચમકતા સિક્કાઓ, ખૂણામાં ધીમી વાતચીત, અરીસો બદલી નાખવાનો વિચાર, ભમ્મરની આજુબાજુ દોડતી કરચલીઓ, જૂના આયના, મંદિરે જતી બા, ખાદીનો લેંઘો, ઊંઘમાં બબડાટ, કાળા પ્રસ્વેદલિપ્ત શરીર, લીલા લોહીનો ધોધ, ધૂંધળી છતમાંથી પડુ પડુ થતી પીળી માટીની પોપડી, ગોદડા પર હળદરનો ડાઘ, દરવાજા બહાર વહેતી ખુલ્લી ગટર, ઘોર અનિચ્છાએ થૂંક ગળી જવું, ઊકળાટ ખાવો, ખોટા પગ ઉપર ચડતો કાનખજૂરો, લાળના જાળામાં કરોળિયો, કાનખજૂરો માર્યાનું સપનું, ખચ્ચર કૃત્રિમ પ્રાણી, ભીષણ બોમ્બોના ઝેરી વાયુઓ, મંકોડાવાળો ગોળ, શૂન્ય ડિગ્રીનો એંગલ જમીન સાથે બનાવતી ટ્રેન, તેજાનાની ગુણો, સિનેમાની ટિકિટોની વાતો, ટાલ ઉપર જામેલો પરસેવો, વરીયાળીનો વાટકો, કપડાં પર કીચડ ઉછાળતાં ચાલવું, બીડી પીધેલા મોંનું બગાસું, કલકત્તાની માટીના શકોરામાં મળતી ચા, નીરવતામાં લટકી રહેલાં શબ્દો, પિકાસો અને કમ્યુનિઝમ વિશે વાત, ૧૮ વર્ષ જૂની દોસ્તી, રજાઈ તળે

આળોટવું, દરવાજાની ઘંટડી, બરફના પહાડો, પુલના તોતિંગ બખડજંતર જેવો પડછાયો, ટપક ટપક મધના ટીપાં, લાલ મરચાંની ફૂગ ચઢેલી ચટણી, લશ્કરના સૈનિકોની ટાલ, ખોંખારો, ઠંડા મનની વિચારણા, પ્રાગૈતિહાસિક પ્રચંડકાય પ્રાણીના અસ્થિપિંજર જેવું હાવડા સ્ટેશન, માંસની દુકાનો પાસે ઊડતી સમડીઓ, નળમાંથી ગંગાનું ગંદુ પાણી વહે, રીક્ષાવાળાની રકઝક, કબૂતરોને ઊડવા મોકલવા, જીનની જેમ રાતે દોઢ વાગે પોલીસવાન, ધૂળભર્યું સુકાયેલું લોહી, સરસ્વતીની મૂર્તિ પાછળ લોહી લુહાણ અધકચરું બાળક, ચિતા ચાલુ કરવાનું મૂહુર્ત નવ પિસ્તાળીસ, ખૂબ રડવાની ઈચ્છા, અષ્ટાંગમાં ચંદન, સાડી ઉપાડવામાં હાલી ઊઠતી વળગણી, હોટલની નક્કર ખરાબી, મેન્યૂના પાટિયાથી હતબદ્ધ, લીલા ચશ્માંની આરપાર પારકાપણાની લાગણી, મદારીના વાંદરાની જેમ નાચવાનું મન, ક્ષણેક પૃથ્વી થંભી, બગડેલો રેડિયો, પાણીના નળનો અવાજ, નકામો વાર્તાલાપ, કોમળ કંટાળો, ગોળ વીંટિલા ઊનના દડા જેવો વિચાર, આભ અટારી, ગોખે વાદળ જેવી છાંય, અલ્પવિરામ નિરંતર તોલે, પાણીઆળી આંખો બાડી, આગની પછીતમાં નાચતી વસ્તુ, ધડ્ ધડ્ ધડ્ ધડ્ ધડ્ ફાયરબ્રિગેડ, સ્લોમોશન ફિલ્મ, તળાવને કિનારે ઉડતા ઝીણા જીવડાં, ધરતીનો આછો ગરમાવો, ખણખણાટ જેવું હાસ્ય, ધાતુના ખણખણાટ જેવો અવાજ, ધૂમાડાના ગોટેગોટા, કૂવાઢાંકણ, ૩૦×૨૦ સ્થાપત્ય, નૃત્ય, ધનુષ્ય, પોસ્ટેજ માફ, સુખે કામદેવ(sex), સુખે રામદેવ (god), વાસદ, ઊંઝા, વડનગર, વીસનગર, વ્યારા, નૈરોબી, મુંબાસા, હર્ણિયા, ટાઈફોઈડ, વિચિત્ર બેઠકખંડ, હસવું ટાળવું, કૃત્રિમ ખોંખારો, ક્રિસેન્થેમમ્સ, ઈલેસ્ટીકની પટ્ટીની જેમ ખેંચાતા હોઠ, હોઠના રંગની ઝાંય, વર્નિસ કરેલા સાગના લાકડાનો કબાટ, ડાબી આંખની કીકીની વચ્ચેના ઝીણા મીંડા સામુ જોવું, હીલ્સા માછલીની આંખના રંગનો ઓઈલપેન્ટ, મસળાયેલા ફૂલ, અલ્ટ્રાવાયોલેટ પ્રકાશ, માનસિક હાસ્યના પરપોટા, સાચા સોનાના સાચા પોખરાજ, ગામડાનું ચોખ્ખું મહેંકતું ઘી, ચારેકોર ઘોર કકળાટ, પાઈપાઈ-પૈસો-ખુરશી-ટેબલ-કલમ-શાહી-પેન્સિલ, ભૂતકાળ ઊંડોઊંડો ઢાળ, બાવન પાનનો મહેલ, પિયરના છેલ્લા સમાચાર, આંધળો માણસ ઓરડામાં કાળી બિલાડી શોધે, સાંજની ટપાલ, ઓફિસના દૈનંદિન અવાજો, ફૂલદાનીમાં મૂકાયેલા ફૂલો જોવાં, ઈનવોલ્વ થયાં વિના પત્રો ફાડી નાંખવા, પત્રોનું ગુપ્ત વહેણ, ગળા ઉપર નાચતી પાણીની અગણિત ધારાઓ, રૂંવે રૂંવે ભરતીના મોજાનો નિનાદ, પશુની ત્રાડ જેવા સૂર, તીક્ષ્ણ ઊંહકાર, તક્ષકોના તગતગતા સ્તનોના પાષાણ, ઈંડુ ફોડી બહાર જોતી મરઘીની ચકચકતી નજર, પર્સનલ ફોન, સાઈકલની લાઈટ, ત્રિકોણ વાર્નિશડ કમાડો, કાલ્પનિક ડાયરી, ગોઠવાયેલી જિંદગીના ઢગ નીચે કંઈક સળવળે, ચહેરા ઉપર લાલ રંગનું થૂંક પથરાઈ જાય, હિંસક ભાવની તીણી ધારનો સ્પર્શ, સંબંધ ડચકા ખાય, પાકેલાં ફળની જેમ વૃક્ષ સાથેનાં તમામ સંબંધો કપાય, વીંટા લેતી વાતોનું

પોલાણ, લાકડા પૂરા થતાં હાડકા લેવા, પ્રત્યયોની ધૂળવાળા હાડકા, આંખોમાં ચમકતાં ટ્યુબલાઈટના પ્રતિબિંબ, જ્ઞાનતંતુઓની ભીડ, નિરર્થક ફફડાટ કરતા શબ્દો, નિશ્વાસોના કંપે અમળાતી માંસની જીહ્‌વા, નૈઋત્યના પવનમાં ફફડતી ધજાઓ, સુખના ઉચ્છવાસોના કુદરતી આંદોલનો, કીટલીની ચાના પાંદડાં સૂંઘવાનો નશો, બારણાંમાં ગંધ છે પંખી આંખે અંધ છે, નાગણના શરીરમાં વાસનાનાં મોજાં, હરણનાં શૃંગના વળાંકે વળાંકે ધૂળના ગુબ્બારા ડોલે, વખતની સાંકડી શીશીઓ, સાપોલીયા જેવી બસ, ઉંદરડી જેવી ગાડીઓ, રંગ વગરનો અંધકાર અને બપોર, મોજાં વિનાના તોતિંગ મકાનો, કાગડા વિનાનું આકાશ, રેતી ચણાઈ ગઈ છે પહાડ જેવા મકાનોમાં, વાદળીનું માંસ, ખેતરના મોલ પર તૂટી પડેલા હજારો તીડ, ફીણની બનાવેલી સ્પર્શની લિપી, પાંખ પાંખ નથી રૂ છે, જયઘોષ જેવી અરેરાટી, બૂટ નીચે કચડાતું વંદા જેવું જીવડું, ધોવાઈ ધોવાઈને જાંબુડી રંગનું બનતું જતું આકાશ,છાણ-માણ-દાણ-ધાણ-વહાણ-ભાણ-પાણ-ગણ-ક્રૂ-ક્રેહ્રીં-પ્રે-પ્ર-પ્રેમ-ચીછેણ શશશ..., બીડી કા બિઝનેસ, કાલના પડેલા ચાના વાસણો જેવી ચીજ, પાંદડાંવાળુ દાડમનું ઝાડ, તાડીનું ગોડાઉન, શબના દુર્ગંધની લહેરખી, ગ્રુપ ફોટામાં ખોપરી જેવું હાસ્ય, શક્તિની દવાની આઉટડેટેડ બાટલીમાંથી એક ફૂગ ચઢેલી ગોળી ગળી જવી પડતી હોય એવું લાગવું, ઈન્દ્રીયોના તરજૂમા મનમાં, કોઈ ફૂલની સુગંધી કલ્પના, હાડપિંજરને થપ્પડ, ખાદ્ય ગળે ઊતરતું હોય એની રાહ જોવામાં અટકી રહેતા શબ્દો, ઘડિયાળ રીપેર કરતાં હોય એટલી કાળજી, સોનેરી સફરજન પાછળ દોડતાં હોય એમ દોડી જવું, છીંક ખાવાની ઈચ્છા, શેવીંગનો સામાન બાથરૂમમાં ભૂલી જવો, છીંક ખાવાના પ્રયત્નો, ખૂન કરવા કોઈ છરો કાઢીને ઊભું હોય એવી સાવચેતી, પર્વત પર વીંટેલા રસ્તાની જેમ સાડી વીંટીને ઝુંડમાં ફરતી સાન્થાલ છોકરીઓ, સાન્થાલ છોકરી જેવો ઊભેલો પથ્થર, વર્ષોથી વ્યવસ્થિત ગોઠવવાના રહી ગયેલા સર્ટિફિકેટો-કાગળો-પુસ્તકો-કપડાં, એક્વેરિયમમાં બેઠા હોય એવું લાગે, છૂપી છૂપી ગંધ, સૂર્ય-ચન્દ્ર વચ્ચેના અંતરની સત્તાવીસ વિભિન્ન સ્થિતિઓ એટલે સત્તાવીસ યોગ, સૂરજનું તાપણું, તારલા ભેગી હુતુતુની રમત, બૃહસ્પતિના દુંદાળા પેટમાં મોઢું ભરાવી બાવો બોલાવ્યો, પરીઓની પાંખો પર સવારી, શુક્રની બાડી આંખની મશ્કરી, કોપીરાઈટ ગરમ શ્વાસ, ગ્લાનિનું મોજું, ક્ષોભનું ખાબોચિયું તળાવ બની જાય વગેરે...

મધુ રાય ભાષા વડે રચાતા વિવિધ સંકેતો વડે ભાવસ્થિતિ કે ચિત્તની ક્ષણનું કે ક્ષણોનું નિર્માણ કરે છે. આ પ્રકારની ભાષા ગુજરાતી ભાષાની પણ વિશેષતા બને છે તો ભાષા ઘડાઈ પણ છે આ રીતે મધુ રાયની વાર્તાઓમાં ચૈતસિક ક્ષણોનું નિર્માણ થાય છે. 'હરિયા જૂથ'ની વાર્તાઓમાં ક્રિયાઓ સાથે ભાવ જોડાતા દુર્બોધતાનો ભય નથી રહેતો. ભાષાની અનેક શક્યતાઓ પણ ઊઘડે છે અને

'હાર્મોનિકા' પ્રકારની વાર્તાઓમાં તો માત્ર ભાષા પ્રયોગો અને ક્યાંક તો અસંબંધ નિરર્થક શબ્દપ્રયોગો પણ મૂકાયા છે જેમાં ચિત્તની અસમતોલ, સ્વપ્ન, અસમંજસ જેવી સ્થિતિઓને શબ્દસ્થ કરવાનો પ્રયાસ છે તો ક્યાંક ભાષાને જાણીનાણી જોવાનો પણ પ્રયાસ છે. અંતે તો પરિવેશની આ વિગતો વાર્તાને સંવર્ધન કરે છે. આવી વિગતો ક્યારેક સ્થળ-કાળની ગહનતા સિદ્ધ કરતા વર્ણનોમાં પણ સરે છે.

- સોહાગરાત્રિએ કાશ્મીરના ડગડગતા શિકારમાં, તાજની સાક્ષીએ મુંબઈની આલિશાન હોટલોમાં, દિલ્હી, જયપુર, બેંગલોર...ક્યાં ક્યાંની વાત યાદ કરવી...પુષ્પાના પ્રેમ નિતર્યા મુખડા એની સાડીઓમાં, રેકોર્ડોમાં શોધતો શોધતો ચૂંથતો ફાડતો ફેંકતો લવ્યે જાય છે અને...
- ડાબી બાજુ નકશીવાળી, ચાંદીની મુરાદાબાદી તસ્તરી પડી હતી. એમાં દ્રાક્ષાસવની જાહેરખબર જેવો અંગૂરનો સુરૂચિપૂર્ણ ગુચ્છો પડ્યો હતો અને અત્તર છાંટેલા સંસ્કૃતનામવાળા ફૂલો હેંડીક્રેફ્ટની શોવિન્ડોમાં પડી હોય એવી રીતે પડેલી ફૂલદાનીમાં પડ્યા હતા. અંગૂરની તસ્તરીની બંને બાજુ રંગીન કાચના વાસણમાં ખાસ કાશ્મીરથી મંગાવેલા સફરજનો અને શુદ્ધ ચાંદીના ચાકુઓ પડ્યા હતા. મી.વ્યાસની ઉપર એક એયર સર્ક્યુલેટર આનંદથી ફરતો હતો. સામે એક રેડિયોગ્રામમાં 'કમરિયામે લચક હય બેકરિ' વાગતું હતું
- સોનાની સાંકળે લટકતી લાલ દોરીએ બાંધેલું

  પૃથ્વી અને સ્વર્ગ — પર
- ઓફિસનું ફર્નિચર અત્યારે ભેંકાર લાગતું હતું. આખો દિવસ અવાજ કરતો ટેલિફોન અત્યારે ચૂપચાપ પડ્યો હતો અને ટ્યુબલાઈટનું અજવાળું એની ચમકતી કાળી પોલિશમાં ચળકતું હતું. ફાઈલોના ઢગલા અત્યારે રેંકમાં ગોઠવાઈ ગયા હતા. ટેબલ ઉપરના કાચ નીચે દબાયેલ ગુલાબના ફૂલનું ચિત્ર રિફ્લેક્શનમાં ઢંકાઈ જતું હતું. કોલબેલ એક ખૂણામાં પડ્યો હતો. એની કોન્વેક્સ સપાટી ઉપર પંખાના પાંખડાનું પ્રતિબિંબ માયાવી લાગતું હતું.
- કાનાઈને લાગ્યું કે એના મગજમાં એક એન્જિન ચાલે છે, નાકમાંથી વરાળ નીકળે છે અને એન્જિનના અવાજ તરીકે રાય ચૌધરીના શબ્દો રીતસર સંભળાય છે.
- જંગી મેદાન છે, ટ્રામબસનું ટર્મિનસ છે. ઉપર ટ્રામોના તરોનું ગૂંચવાયેલું જાળું છે. અહીં કેલકટા ટ્રેમવેઝ કંપનીનું બંધાવેલું મૂત્રાલય ગંધ મારતું ઊભું છે. સિનેમાના અસંખ્ય

થિયેટરો ઊભા છે. ભગવાનના ફોટો ટાંગી, મદારીના ખેલ કરી, રેસની ચોપડીઓ વેચી, પોકેટ મારી...કોઈપણ રીતે પેટ ભરતા લોકો અહીં રખડે છે.

- દિવસ ને રાત કપાતા દોરડાની જેમ જિંદગી કપાતી હતી. પુરાણોના પેલા વૃક્ષની જેમ એ પોતે નીચે પડવાનો છે તેમ છતાં મધપૂડાનું મધ ચટખાટા બોલાવી બોલાવી ચૂસ્યે જાય છે.
- હોડીની રાહ જોઈ એનું ધોતિયું ફાટી ગયું હતું. નળમાંથી ગંગાનું માટીવાળુ પાણી ડહોળાઈ ડહોળાઈ, ઊછળી ઊછળી, પડી પડી વેરાઈ ગયું હતું. ગટરો એનાથી વેગવંતી બની ગઈ હતી.
- હોટલની ભીંત ઉપર મેન્યૂના પાટિયાની અડોઅડ એક બંદૂક લટકતી જોઈ સાફ-સરસ અને ગોળી ભરેલી. એના વિનાશક પોલાણમાં એક આંચકાની રાહ જોતાં વિભિષણ દ્રવ્યોના અણુઓ ટાંપીને બેઠા હતા.
- કોઈપણ વસ્તુ, વ્યક્તિ કે વિચારનો ન સમજાતો ગુબ્બાર ગોળ વીંટેલા ઊનના દડા જેવો હતો. ઊખેડી ઊખેડીને ખોલી નાખવાથી એક શૂન્ય-એક અવકાશ જ રહેતો હતો.
- આ અંધારામાં પણ તળાવ પાર કરી થાકી ઊતરેલું ધીમું અજવાળું એના શરીર ઉપર પડતું જ હતું
- વરસાદ પડે છે. વપડે સાર છે. વપરડે સા છે. દવ પરસા છે દ. વૌ રૌ સૌ દૌ પૌ છૌ વૈ રૈ દૈ પૈ ડૈ છૈ. વુરુસુદુ ગેડુ છુ સુસુસૂસૂ પૂપૂપૂપૂ પુપુપુ પૂપૂપૂપૂ...
- ઘૂસરીઓની ચળકતી ઝીણી ગોળ સપાટી ઉપર અતુલ-રમાનું એકબીજા સામે જોતું પ્રતિબિંબ. અનેક ઘૂઘરીઓના અસંખ્ય પ્રતિબિંબો હીંચકી ઊઠે છે.
- કાચની સામે કાચની સામે કાચની સામે કાચની સામે કાચ...
- આડેધડ ઊગી નીકળેલા મકાનો, એમની અગાશીઓ, દૂર દૂર ભૂરી લીટી જેવો દેખાતો રસ્તો બધું મૂરખા જેવું લાગતું હતું. એકેએક મકાન, આજુબાજુનાં મકાનોની ડિઝાઈન, રંગ કે એવી કોઈ બાબતનો ખ્યાલ કર્યા વગર જાણે ઊગ્યું હતું.
- કેટલાંક દર્દી જીવી જાય છે અને જીવતે જીવ ઊંદરોને આંખો ફોલવા દે છે.
- પતંગિયાનો સંગ્રહ આટલા વર્ષો પછી બાળી મૂક્યો.
- વૃક્ષો એના ઉચ્છ્‌વાસમાં મહાવેગે ખેંચાઈને સ્વપ્ન નેપથ્યમાં ગૂંગળાઈ મરતાં, ફરહાદો ચન્દ્રના પહાડ તોડી, મજનૂઓ લોહી નદી વહેવડાઈ, રાજાઓ રાજપાઠ છોડી, સંન્યાસીઓ અપ્સરાને હડસેલી, ઈંદ્રો ઈંદ્રાસનોનું લીલામ વહોરી એની પગલી ઉપર પોતાનું નામ

ખોદતા, શીરીં, લયલા, સામ્રાજ્ઞીઓ, અપ્સરાઓ પાલવ બિછાવી બિછાવી ભીખ માગતી, એની પાંપણના ઉદય અને અસ્તની સાથે કરોડો સૂરજમુખી ખીલતાં કરમાતાં લાગતાં.

- અનુપમને થતું દિવ્યાના નિતંબ ઉપર એક વીંછીનું છુંદણું છૂંદાવું.
- પગલું ભરતા પૃથ્વીની બહાર ગબડી પડાય છે અને એથીયે આગળ કલ્પના જતી નથી, સૂર્યનો પ્રકાશ પણ જતો નથી, કોઈને અનુભવ પણ નથી. અવાજો સિંહના, ચોકીદારના નસકોરાંના, માળીના રંધાતા સસલાની ચીસોના, ટપ ટપ કેરીઓના પછડાવાનાં, ફાટવાના, આંબાના પાકવાની ઊતાવળના.
- જાળીના છીદ્રોમાંથી નરમ પ્રકાશની રેખાઓ, હોડીના ડોલતા હલેસાંથી કપાતા પાણીના પ્રતિબિંબોની જેમ પળપળ ડોલે છે.
- બારણામાં ગંધ છે, પંખી સામે અંધ છે, અંધ એટલે આંધળું આંધળું એટલે અંધારું અંધારું છે ગંધારું, ગંધ થઈ જાય વાસી, લીલા હંસની માસી...
- માંસ, માંસ, માણસનું માંસ,ઘેટાંનું માંસ, મરઘાનું માંસ, બતકનું માંસ, તીડનું માંસ, ચીડનું માંસ, ‘ના’નું માંસ, ઘેટું ખાય ઘાસ, માણસ ખાય ઘેટાંનું માંસ, તળાવના જળમાં ઊપડે પડે મુલાયમ મોજાંઓના મુલાયમ ચક્રો.
- દુર્ગંધની બીજી લહેરખીથી મારા શરીરની અંદરથી જાણે આંતરડાંની ઊલટી થશે એવું થઈ ગયું.
- મકાનની નીરવતા અને એની સાથે સંકળાયેલા રોમાંસથી રહેવા આવવાની ઈચ્છા થઈ હતી.
- ૨૫૦૦૦૦૦૦૦૦૦ માણસો, પતંગિયાં, ઝાડપાન, નદીનાળાં બધાને મારૂ મન, મારી ઈંદ્રીયોએ કરી આપેલા તરજુમાથી હું ઓળખું છું.
- મને થયું મારી વેદના, મારા સંવેદનો કરોળીયાના જાળામાં ફસાયેલા માચીસના ફેંકી દીધેલાં ખોખાની જેમ ગુજરાતથી ભાગી આવેલા આંધળા છછુંદરની જેમ તરફડતા મારામાના ‘હું’ને આ લોકો મજાક સમજે છે.
- મેં કાગળના ચૂરેચૂરા કરી નાખ્યા, ઘડિયાળ ટીક ટીક થતું હતું એની તૂટેલી મૃત આંગળીઓ ટાઈપ ઉપર પડી રહી હતીઃ ‘ખટખટ’

- એના પૈડામાંથી બિલોરી તણખાં ઝરે છે એના એન્જિનમાંથી સોનેરી ધૂમાડો, એની સીટીમાંથી કોકિલનું ગાન, એના હાંફતા શ્વાસમાંથી પ્રીતિયોગમાં લીન બે યુવાન નાડીઓના રક્તસંચારનો શબ્દ પડઘાય છે.
- મંદિરના પાણાં ભેગાં થઈ ભાગી ગ્યાં ડુંગરમાં અને લાકડા સટાસટ જોડાઈને સમાઈ ગ્યાં સાગવનમાં

આ રીતે 'હરિયા જૂથ'ની અને 'હાર્મોનિકા'ની કેટલીક વાર્તાઓમાં ચિત્તની અસરો સુધીનું નિરૂપણ મધુ રાયની વાર્તાઓમાં જોઈ શકાય છે. મુખ્યત્ત્વે ભાષા અને વિસ્મયકારક વિગતો ભર્યાં વર્ણનો વડે આ વાર્તાઓનું નિરૂપણ થયું છે. વાર્તાઓનો આ પરિવેશ વેદના, વિચ્છિન્નતા, યાંત્રિકતાથી અનુભવાતું ત્રાસમય જીવન વગેરે વ્યક્ત કરે છે. શરીરની ભૂખની પણ પરાકાષ્ઠા આવી જાય છે અને અધ્યાત્મ તથા ભોગવિલાસોમાંથી આશ્વાસનો ન સાંપડતાં આ પાત્રોના ચિત્તની વિશિષ્ટ ગતિઓને સર્જકે પરિવેશ વિનિયોગના સહારે વ્યક્ત કરી છે.

**કિશોર જાદવ**ની વાર્તાઓમાં સ્થળ-કાળ કોઈ નિશ્ચિત ભૌગોલિક સપાટી પરનાં નથી. પાત્રોના મનોસંચલોને ક્રિયાને વળગેલી એવી વિગતો વડે એ બંધાય છે. ભારતનાં ઉત્તર-પૂર્વી રાજ્યો અને ખાસ કરીને નાગાલેન્ડની કર્મભૂમિના સ્થળની વિગતો વચ્ચે વચ્ચે ઉલ્લેખાય પરંતુ ચોક્કસ ભૌગોલિક સીમામાં ઊભેલું પાત્ર ન ઉલ્લેખાય એનો ઝલમલતો ભાવપ્રદેશ એને એક કાલ્પનિક સૃષ્ટિમાં દોરી જાય છે. પરિણામે એ વાર્તાઓ કોઈ એક ભૂમિની ન રહેતાં ચિત્તભૂમિની બની જાય છે. 'મહોદ્દગાર' વાર્તામાં રિવોલ્વર છે, વાદળો છે અને લોહીના ટશિયા પણ છે સ્થળ પ્રત્યેની જુગુપ્સા અને ઝંઝાવાત છે તો 'સોનેરી માછલીઓ'માં ધુમ્મસના ગોટા અને શૂન્યતાના ગર્ભમાં કશોક આકાર જેવા સંકેતો વડે વ્યક્તિની પોતાની વ્યક્તિ તરીકેની શોધ છે. 'ચિન્હ્કાંડ'માં સ્ત્રીનું ઝંઝાવાતી ભ્રમણ, ભૂખ, અન્યાય વગેરે ગતિશીલ ચિત્રાંકનોમાં નિરૂપાયું છે. 'અભિસરણ' વાર્તાના લંબાણમાં ન્યૂ જલપાઈગુરી, ભાગલપુર, કાનપુર, દિલ્હીના સ્થળસંદર્ભો સહિત ચિત્તની ગતિ છે. તો 'વાડી' જુદી જ પ્રકારની પરિસ્થિતિમાં ઊભી છે. પ્રાકૃતિક તત્ત્વોને પરિવેશ તરીકે ખપમાં લેતાં સર્જકે લોભ, ઈર્ષા, શંકા, સંઘર્ષ વગેરે દ્વારા ચિત્તના પલટાતા ભાવાનુભાવોને આલેખી આપ્યા છે. કિશોર જાદવ નોંધે છે કે 'સ્વપ્ન'ના પૃથક્કર્તાની જેમ સર્જક તેના કળા સર્જન – વ્યાપારોમાં એવી શોધ પ્રક્રિયા સિદ્ધ કરતો હોય છે. જે નિર્જ્ઞાત સ્તરની ચૈતસિક પરિસ્થિતિઓમાં તેમનાં આદિમ રૂપોનાં ઈંગિતો પ્રગટ કરતી હોય.

આમ અહીં ચિત્તના કોઈ 'આદિમ' એવા તત્ત્વને શોધતી આ વાર્તાઓનો નિરાળો પરિવેશ પણ 'જીવનવિશ્વ' બને છે. આ વાર્તાઓમાં જે વિગતો લેવાઈ છે તે એક જુદી પ્રકારની સૃષ્ટિનું નિર્માણ કરે છે. પરિણામે આપણા જગતથી દૂર એક વાર્તાજગત રચાય છે જ્યાં ભાવકને એના અર્થલયમાં ડૂબવાનું હોય છે એ વિગતો આવી હોય છેઃ

મર્મર ધ્વનિ, મનમાં બધું ધૂંધળું અને ગૂંચળા વાળતું, ફૂલ ભરી ટોપલીઓમાં સુગંધનો પમરાટ, અંધકારમાં આંટા મારતો કબૂતરોનો ફફડાટ, તિરાડોની પ્રકાશ રેખાઓ, અશ્રુપ્લાવિત લટો, દૂર્ભેદ્ય અંધકાર, તરફડતું મૌન, ભીષણ મૌન, પવનની ફરફરાટી, આખા શરીરમાં તણખા, વરસાદના પડદા, ઘોડાગાડીની તડેડાટી, નૂપુરનો ઝંકાર, તાપણામાંથી ઊઠતા ભડકા, પૂજાની સામગ્રી, રાજમાર્ગ, વાતાવરણના ઘમઘમાટની ભીંસ, જૂની પુરાણી હોટલ, નિઃશબ્દતા, કોઈનો અગોચર દોરીસંચાર, દુગ્ધહિણી ડીંટડી, રાત્રીની પાંખડીઓ વચ્ચે બીડાઈ ગયેલો અંધકાર, સૂકું ઘાસ, ભીષણ યુદ્ધ, ઉત્ક્રાંતિકાળની પૃથ્વી, મૂંગી ગતિ, હવાનું બાઝી રહેલું પડળ, અવાજમાં ભારોભાર દબાયેલો ઊકળાટ, ખીણોની મોંફાટ, ધુમ્મસના મોજાં, ચરકથી ગંધાતા બોક્સ, ઊંડી કોતરોમાં દૂર દૂર વિલાઈ જતી રેડિયો સંગીતની આછી-પાતળી સૂરાવલી, અસંખ્ય ક્ષણોનો ભાર, હતપ્રભ મૌન, બોદા પહાડોની ભેંકાર નિર્જનતા, પહાડો પરથી રહી રહીને ઘસી પડતી-ગબડતી ભેખડોનો અવાજ, રૂપેરી ખ્યાલ, વિંઝાતી કુહાડીનાં ઠચાકા, વાયોલિન, સાંચાના રાક્ષસીદાંત, પીરામીડના બારી-બારણાં, મહોરાંઓમાં અરાજકતા, ચાંચ વિહોણા પક્ષીઓ, પડળ જેવા ધુમ્મસની છત, લપસણી જીભ, અવાવરુ વાવ, બોબીનનું કારખાનું, વગડાઉ ઝાડ, થોરની ઊંચી વાડવાળું નેળીયું, હીંકાહીંક કરતાં વાનરોની ચડ-ઊતર, હવડ કૂવાનું ભાંગેલું થાળું, હેંડબેગમાં વાસી નાસ્તો, ભૂખરી છાયા, ગંધારી વાસ, પર્વતની દિગંત વ્યાપી ઉન્નત દિશા, ઊગતો તાપ, કૂમળું તેજ, ભેજાળા ભીંતડા, સાંજની ધૂસર, પહાડો પર ઊતરતા દેવદૂતો, શાલની ઊજવણી, પહાડોની ભાત, વક્ષપીંડની મસૃણતા, મેડીબંધ મકાનોની ચૂપકીદી, ધુંઆટી ખાધેલ ક્ષીણ થતી બરાકો, ધુમ્મસની ભૂખરાશ, આવડનું નર્યું પીળું વન, અંધારીયા પહાડ પરનો હેમાળો પવન, સૂકાં માંસનો છુંદો, નેવાની ધાર, ખાલી બોટલ, મધુથી છલોછલ ડોઘણું, ઘણઘણતા એન્જિનનાં ફૂંફવાટા, ફૂલોની સેજ, સીસોટીઓ વાતાવરણને ચીરતી, અતિમાન અંધકારનું જંતરડું, અવાજોના આટાપાટા, પડઘાના ઘમસાણ, મજલાબંધ ઊંચી ઈમારતો, મીલોના ભૂંગળાઓ પર ઝરતી લાલબત્તી, કાનપુર સેન્ટ્રલનાં આલેશાન મકાનો, મુઘલશરામાં દહેરાદૂન એક્સપ્રેસ, ફૂરસતની પળો, મનોમંચ, પગોની દડબડ, પીળી કાળી ટેક્સી, જલવંત પ્રકાશપ્રપાત, ભૂરા કૂંડાળા, તેજશિરોટા, જલદ પીણું, પોથીમાંનું પોપટપાઠ, મદિરાપાન, અકબર રોડ, પાલિકા બજાર, જડ-ચેતન આકારો, વસવાટ વિહોણો પરિસર, પશ્ચાદભૂમાંથી ઊઠતા

અજવાળા, અંધારી ગહ્વરો, બત્તીનું ક્ષીણ અજવાળું, ઝુમખાબંધ બેઠેલા ગ્રાહકો, સિગારેટના ધૂમાડાનાં ગૂંચડા, રંગબેરંગી તેજના ફૂવારા, કાચની દીવાલ પાછળ નિર્વસ્ત્ર નર્તકીનું હળું હળું નર્તન, અંધારા અંચળાથી ઢંકાયેલાં આવાસ, મોટા કદની ભારેખમ સૂટકેસ, મનોપ્રપંચ, આદમકદનો આયનો, સિક્સટી નાઈનનો ભોટવો, શરાબ, દુઃસ્વપ્નોની અનંત હારમાળા, દીવાલો પર અફળાતા આર્તસ્વરો, ઓળા, શરાબમાં ઊંઘની ગોળીઓ, ટ્રોમેટીક સ્ટ્રેસ ડિઝોર્ડર, ફિઝિયોથેરપી, કાગળીયા પર સહી-સિક્કા, અજગર સમો ભરડો, બાથરૂમમાં ધધૂડો, થરકતી તીણી પાસાદાર આંખો, આંખની ફાડમાં સંશય, ચોતરફ ઘેરો ગૂંજારવ, રાતની ભવ્ય મિજલસ, કંકણોનાં રણકાર, ગાભાં-ડૂચાં, પસ્તી, ભાંગ્યાંતૂટ્યાં ખાટલાનાં ખડકલા, રેસ્ટોરાંની ભઠ્ઠીઓ, ગાઢ અંધકારના થર પર થર, રીંછને નાથેલી રસ્સી, પત્રનાં ટુકડાઓ, અરાજક ક્ષણોનું ખંડન, યાર્ડનાં ગંજારવ બુગદા, ખાળની દુર્ગંધ, ઉત્તુંગ દીવાલ, બત્તીઓનું વામણું અજવાળું, બંધબંધાકાર કારતીયું, વાદળી ધૂમાડીનું આછું આવરણ, લીલોતરી જાજમમાં સર્પાકાર લસરતાં પાટાઓ, ઊંચાણના ટેકરા પર શેરડીના છોડાનો ઢગ, કઠપૂતળી, ઓટોરીક્ષા, ચોમેર આછો-પાંછો વસવાટ, જાફરો કૂતરો, અદ્ધર શ્વાસ, ખાંડની ગુણોની ખેપ, ભારેખમ રિવોલ્વર, છાતીમાંથી વહેતી લોહીની ધારાઓ, યંત્રણાદાયી ઘોંઘાટ, નખનો ઊઝરડો, ઢાળીયા, તરબતર લીલોતરી, દાટેલો ચરુ, સૂકી રોટલીનાં ટુકડાંઓ, માયાવી પુરુષ, અંધારીયા ઢેકાઓ, વહેતાં પાણીમાં લોહીની ધારાઓ, સૂસવાટા મારતો પવન, વાવંટોળનાં ચકરાવા, ઢુવાઓની લાંબી-પહોળી હારમાળાઓ, તપતો-સળગતો સૂર્ય, વાવાઝોડાંનાં લગાતાર રમખાણ વગેરે...

આ વાર્તાઓમાં આ પ્રકારની વિગતોથી એક કાલ્પનિક સૃષ્ટિ રચાય છે પરિણામે એ જગત વાસ્તવની આપણી સૃષ્ટિ અને ઘટનાઓથી દૂર રહે છે, ત્યારે તે દૂર્બોધતામાં ખપી જાય છે. પરંતુ આ તમામ વિગતો આ સૃષ્ટિનાં પ્રાકૃતિક અને આધિભૌતિક તત્ત્વોના મિશ્રણથી રચાયેલ છે જે માનવભાવોને સરળ સીધી ભાષામાં યથાયથ રીતે ઘટનાઓના આંકડામાં ગોઠવીને આપી શકતા નથી. એ માટે એક અલગ વાર્તાની અંતર્ગત સૃષ્ટિ સર્જક દ્વારા રચાય છે. પરિણામે એમાં એક મનોવિશ્વ સર્જાય છે. આ વિગતોમાં આવતાં સ્થળનામ, સંબંધો, પ્રવાસ વગેરેના નિર્દેશ વડે જે તે ઘટનાઓના આંકડા મેળવીને એક નવા જ ભાવપ્રદેશને અનુભવી શકાય. વાર્તાઓમાં આવતા વિશિષ્ટ વર્ણનો પણ સૂચક છે.

- મકાનોની છત પર થઈને ધુમાડાના ગોટાઓ હવામાં ફંગોળાતાં જતા હતા અને અનેકવિધ વર્તુળો રચતા ફૂલવાડીનાં વૃક્ષોમાં ગૂંચળાઈ જતા હતા.

- કેટલાંય રમ્ય પ્રસંગોની હારમાળા એ કાળના ઊંડાણમાંથી લંબાતી આવતી એની આંખોમાં જાણે એના નહોર ભેરવી ટીંગાતી હોય એમ લાગતા હવામાં હાથ વીંઝવા એણે પ્રયત્ન કર્યો પણ ત્યાં કશું જ નહોતું.
- બહારનાં પ્રગાઢ અંધકારમાં ઝાંખી બળતી બત્તીઓ ધીમું ધીમું વરસતા વરસાદના આછાં-પાતળા પડદાને લીધે નિ:શેષ બનતી જતી હતી.
- વાહનોનો ઘોંઘાટ શમી ગયો. પેલા મેદાન તરફ જતી સડક હવે સાવ નિર્જન બની ગઈ. ઝાડવાંના કાળા ધાબળા જેવાં પડછાયાં સડકને વીંટળાઈ વળ્યા હતા. બત્તીનો ઉજાશ ઠંડીમાં જાણે ઠીંગરાઈ ગયો હોય એમ અંધકાર આગળ તદ્દન ઝંખવાઈ ગયો હતો.
- સામસામેના થાંભલા પરની બત્તીઓનો પ્રકાશ અન્યોન્ય છેદાઈ રહ્યો હતો.
- પગથિયાં પર હારબંધ બેઠેલાં પોર્ટરો લાલ ડોકવાળા ગીધ હોય એવું નથી લાગતું ?
- રાત્રે આજુબાજુની નિ:શબ્દતાને જાણે ફંફોસતો અગાશીમાં સતત આંટા માર્યા કરતો.
- બહાર હવામાં તરફડ્યા કરતી હોય એમ પેલી માછલીઓ ત્યાં પાણીમાં તરી રહી.
- દૂર દૂર ધૂંધવાઈ રહેલો પવન ક્યાંક હોડીમાં ફૂંકાતો હિસકાઈ ઊઠ્યો હોય એમ એને લાગ્યું.
- ટેકરી પાછળથી કપાઈને આવતાં પ્રકાશમાં કટાઈ ગયેલાં પતરાં જેવા પ્રકાશના ટુકડા પર જોયું તો આજુબાજુ ઊંચા મકાનોની વચ્ચે ભફ્ફાઈ ગયેલ હવસનાં મૂક ખંડિયેરો વચ્ચે એ આવી ચડ્યો હતો.
- નિ:શ્વાસ વીજળી બનીને ક્યારેક કાળપર્યંતના ખડકોને ફાડી નાંખવા ત્રાટકે છે, ક્યારેક ભૂગર્ભમાં જ્વાળામુખીની જેમ ઊકળતો પૃથ્વીને હચમચાવે છે. પવનરૂપે આવીને સમુદ્રને જાણે ઊથલાવી નાખવા તાંડવ સર્જે છે.
- સૂમસામ અંધકારમાં એમની આકૃતિ ગંઠાઈ ગયેલા સૂકા પાંખાળા મૂળીયા જેવી લાગે છે.
- એક...બે...ત્રણ...ચાર અસંખ્ય ક્ષણોના ભાર તળે દબાઈ જવાનું. હવે તો આપણે બધાએ કરોડો એવી ખાલી ક્ષણોના ખડકલા નીચે દટાઈ ગયા છીએ કે એકબીજા કોઈકોઈની નજરે પણ પડી શકતા નથી.
- પહાડોની હારમાળાઓ, નિ:સીમ આકાશ આખા વિશ્વમંડળનાં પ્રલયની રાહ જોતો એ છોડ હવામાં લહેરાયાં કરે છે.
- બોદા પહાડોને નાથીને ઊંચાઈએ વસેલા છૂટાંછવાયાં શહેરોને એકબીજા સાથે સાંકળી લેવા જતા પહાડો પરથી માટી ખર્યા કરતી હતી, ભેખડો લપસી પડતી હતી.

- સાંચાઓના રાક્ષસી દાતાઓ વચ્ચે ઝલાઈ ગયેલા કચડાઈ – પીલાઈ ગયેલા એક જીવની મરણચીસ સંભળાય, કાળી ચીમનીઓનો અંધકાર ઊડી જાય ત્યારે વિદ્યુતનાં ગોળાને ગળે લપેટીને પોઢવા મથતાં એક જીવની હર્ષ ચીચીયારિ સંભળાયને અજાણી ભોમકામાંથી ઊતરી આવેલા બે ઓળાઓ, બરફ પહેરીને અતૂટ ઈંતેજારી કરતા હોય, સૂકાં પાંદડાં ખખડતા હોય ત્યારે એમનો પગરવ સંભળાય. ને એમની સાથે અજાણ્યો સંદર્ભ સ્થપાય.
- ચોપાસ ઊમટતા મૃગજળનાં અજગરી ચટપટા જોઈને દિશાશૂન્ય બનેલું ઊંટ ગાંગરતું હતું, દોડતું હતું, ભીની માટીને પગના ચાંપકાં પર દાબી રચેલાં નાનકડા ઘરોથી ખીચોખીચ શહેર ક્ષિતિજમાં તરતું દેખાતું.
- લપસણી જીભ કોઈ અવાવરુ વાવ જેવી હતી.
- દૂરથી થરકતી દિશામાંથી એક ડિબાંગ ગોળો રણરણતો આવી રહ્યો હતો. ધીમે ધીમે એનો આકાર સ્પષ્ટ થતો ગયો. અંધાધૂંધ ઝડપે એક ટ્રેન રણ-વગડાંને ચીરતી ધપ્યે જતી હતી. એણે એક આંધળી દોટ મૂકી હાથોલાં કરી ચીચીયાટા નાખ્યા. વગડા વચાળ થંભતી હાંફતી ટ્રેનની સાંકળ ઝાલી એણે છલાંગ ભરી એને ઊપાડીને આ વિરાટ ઉજ્જડતાને વળોટતી, પાટા વગરની ટ્રેન...ટપકું...
- અંદરના ભાગમાં કશાક પડની ત્વચાને જાણે અડીને માછલી રેલાતી હોય, સરક્યા કરતી હોય એવા સરસરાટની સેર દોડી જતી અનુભવાતી જતી હતી. ને પછી આસ્તે આસ્તે ઊંડાણમાં મસૃણવેદનાનો કતરાટ થયા કરતો હતો.
- ચોદિશ વિસ્તરતા વગડા વચ્ચે આંખો આગળ જિરાફી ડાંફો પ્રસારતું મહાકાય પશુ ઉટપુટાંગ દોડ્યે જતું હતું.
- ઊંચા વૃક્ષોની ટોચ પર સૂર્યની અગણિત પાંદડીઓ ખીલી ઊઠી હતી અને પહાડો પર ઝૂલતા પારદર્શક નીલા વર્ણની પાંખ અદ્ધર ઉડ્યે જતી.
- ક્ષિતિજમાં ઉડ્યે જતા અજ્ઞાત પખીની પાંખમાંથી જાણે ખેરવાયેલાં તેજનું પીંછું હવામાં તર્યા કરતું ઋજુ ઋજુ અહીં ઊતરી રહ્યું હતું.
- ભોંયમાં લપાતા-છુપાતા પડછાયાઓ કાળસર્પની જેમ દર ગોતતા ફરતા હતા.
- તોતિંગ થાંભલાઓ પરના પાટીયાઓની જાહેરાતો, મજલાબંધ ઊંચી ઈમારતો, મિલોના ભૂંગળાઓ ઉપર ઝગતી લાલબત્તિઓ, બજતી સાયરન, કાળામેશ કારખાનાઓનો ધણધણાટ... શહેર ધમધમતું હતું.

- આખી રાત ટ્રેન બેફામ વેગે અડાબીડ અંધકારને વીંધતી ધસમસતી રહી. સવાર થતાં એ ભાગલપુર સ્ટેશનમાં ફૂંફાડા મારતી દાખલ થઈ.
- ક્રોસિંગ પર બંને બાજુના ફાટકો આગળ વાહનોની ભરમાર ભીંસ હતી; વીજળીના અસંખ્ય થાંભલાઓ, તેમના પર તાણેલા તારના દોરડા ઠેરઠેર લટકતા દોરડાના ગૂંચળાં; વિસ્તૃત પટમાં ફેલાયેલાં અગણિત પાટાઓના વાંકચૂક; તેમના પર ઘસરકા લેતા પૈડાંઓ, યાર્ડમાં ધૂંધવાતાં એન્જિનો, વિશાળ પ્લેટફોર્મ પર આગળ-પાછળ ધકેલાતા ઊતારુઓની મેદની અને ઠેલાઓ પર લદાયેલો માલસામાન.
- બગલને ઘસાઈને કોઈ ચટાપટાવાળા પશુએ લાંબી તરાપ મારી; અદ્ધર છલાંગ ભરીને અધખુલ્લા બારણાંમાં એ લપક્યું. અંધારા ઓરડામાંથી ઊઠતા ઘુરકાટા, હાંફ અને વારંવાર ગર્જના સંભળાતા રહ્યા. ત્યાં નીચે છો પર સરી પડેલી ફૂલછડી મેં ઊઠાવી લીધી.
- કાચની દીવાલ પાછળ નિર્વસ્ત્ર નર્તકીનું હળું હળું નર્તન થતું હતું; ખંઝરીના ખઝકાર સાથે લસલસતાં નિતંબ વારંવાર અર્ધવર્તુળાકારે ઘૂમીને ઠમક લેતા, ઝૂમતા હતા, કમ્મરથી ઉપરનો ભાગ કશીક આડશમાં ઢંકાયો હોવાથી દેખાતો નહોતો નાચતા પગ ગોળાવા લેતા હતા.
- ઓરડાના એક ખૂણે કોઈકનું શબ જાણે પાથરે નાંખેલુ હતું શબની ચોગરદમ પરસ્પર અસંખ્ય મીણબત્તીઓ સળગતી હતી.
- વંડીના લોખંડી ફાટકમાંથી સિગારેટની રાતી કણી પસાર થતી અદ્ધર આડીઅવળી રેખાઓ આંકતી દાદરના પગથિયાં પર સ્થિર અટકી ત્યાં વારેઘડિયે પ્રજ્વળતી તો હોલવાવાની અણીએ વળી રાતીચોળ બની ભભૂકી ઊઠતી.
- વીજળીબત્તીનો ગોળો ગુલ થયેલો હતો તેથી કશાક ગહ્વરનો શૂન્યાકાર સામે ખડો હોય એમ લાગતું હતું એટલામાં હવાનું પડળ એના મોં પર ઘેરાઈ વળ્યું.
- છત પરના ચંદરવાતળે ઝગારાની ઝાલઝમાળની લાલ-લીલી-ભૂરી તેજરાશીઓની ટીપકીઓ ચોગાનમાં ચક્રાકારે ઊડાઊડ કરતી હતી તેમાં નર્તકીઓના ઓળાઓનું ટોળું ત્યાંથી લંબાઇને રસ્તાને ઓળંગી જઈ શહેરને વટાવતું એણે આકાશની ઊર્ધ્વ દિશામાં જતું ભાળ્યું ટમટમતા તારાઓ ખચીત ઝિલમિલ આકાશમંડળ વિરાટ છત્રનો આકાર ધરતું હતું પેલા નર્તનનો થડકારો લાગતો એમ તારાઓમાં અવારનવાર તેનો કંપ વર્તાતો હતો.
- સામે ગાઢ અંધકારના થર પર થર બાઝ્યા હોય એવું અડીખમ પડળ ખડું હતું તેને વીંધીને ગતિભેર ધસી આવતા વાહનોનાં તીક્ષ્ણ પ્રકાશસિરોટાઓ આંખોને આંજી નાખતા હતા

તેથી અવારનવાર અવકાશમાં કરોળીયાંના જાળા જેવા પણ ઝગમગતા ચકામાં રચાઈને તૂર્ત જાણે આંધળો પડદો પડી જતો હતો.

- જ્યાં સૂર્ય ઢળતો ને તેની રક્તિમ અસ્તરેખાઓ પશ્ચિમનાં આકાશને તેનાં સ્ફુલિંગોથી મઢી દેતી ત્યારે એની વાડી લાલાશ પડતી તગતગતી ચળકચળક થતી દેખીને એ ખુશખુશાલ થઈ ઊઠતો.
- અગણિત આગિયાંઓના ઝુંડ ફરફરતા હતા પછી તેમના આકારો મોટા થઈને દીવડાઓની જેમ ઊંચે લસરતા રહ્યા જાણે અંધકારના કાળા જળ પર તરતા મૂકેલા દીવડાઓની જેમ. જાણે અંધકાર એક પ્રકાશપુંજમાં ફેરવાતો અસ્ખલિત વહે જતો હતો. અગમનિગમમાં. પ્રકાશના પરાવર્તનમાં આહ્‌લાદની લહરીઓ દોડી રહી હતી.
- સૂસવાટા માતો પવન ફૂંકાયો ધીમેધીમે વાવંટોળ ચકરાવા આવી આવીને અદ્ધર ચઢતા ગયા જોતજોતામાં દૂરની રણરેતની ઊપડેલી આંધી સમગ્ર વિસ્તારને ઘેરી વળીને ઊંચે અવકાશમાં કાળી ડમરી થઈને મંડરાતી ગઈ. રેતના ઢગ પવન ઘોડાઓ પર બેફામવેગે ઠલવાઈ આવતા હતા. શહેરમાંની બધી હિલચાલ, વાહનોની સઘળી અવરજવર સ્થગિત થઈ ગઈ.

આ રીતે નિરૂપણ પામતો પરિવેશ જ્યારે વાર્તાઓમાં આવે છે ત્યારે ભાવકને અટકાવે છે ઊકેલાવે છે અને તેમાં એમણે સ્વીકાર્યું છે અને નિરૂપ્યું છે તેમ આદિમતત્ત્વ કે કોઈ સ્વપ્નનો ભંગુર ખૂણો કે ચિત્તનો કોઈ પ્રદેશ સાંપડે છે. અહીં વાર્તાઓમાં જે પ્રતીકો, કલ્પનો, કલ્પનશ્રેણીઓ છે તેમાંથી ઉપહાસ, ક્રોધ, ઘવાયેલી લાગણીઓ, અધકચરા સ્વપ્નાં, વિચ્છેદ, પ્રકૃતિ સાથે સતત અનુસંધાન સાધવા મથતા ચિત્તના વલણો, સંબંધોની અસમંજસતા, વેરવૃત્તિ, પોતાના જ ચિત્ત વડે પોતાને જ પીડતી વૃત્તિઓ, પરપીડન વગેરે પરિવેશના તત્ત્વો વડે જ સિદ્ધ કરાયું છે. પાત્રની વિસ્મયકારક ક્રિયાઓ અને સ્થળહિનતામાં અવકાશ પૂરણી માટે થયેલો પરિવેશ વિનિયોગ આ વાર્તાઓના રચનાબંધમાં મહત્ત્વની ભૂમિકાએ છે.

**રાધેશ્યામ શર્મા**ની વાર્તાઓ બિચારાં (૧૯૬૯) પવનપાવડી (૧૯૭૭) વાર્તાવરણ (૧૯૮૬) રાધેશ્યામ શર્માની શ્રેષ્ઠ વાર્તાઓ (૧૯૮૪) અને રાધેશ્યામ શર્માની વિશિષ્ટ વાર્તાઓ (૨૦૦૦)માં સમાવિષ્ટ છે.

જાતિસ્મરણ, વીમો, સાડા ત્રણ ફૂટની ઘટના, સળિયા, ચર્ચબેલ, હાથીપગો, રણ વગેરે વાર્તાઓમાં નગર પરિવેશ, આદિમ પરિવેશ પરિવાર વગેરે પ્રયોજાયાં છે. નગરજીવનની વિષમ પરિસ્થિતિઓ, સંબંધોની ઉબ અને સ્વાર્થવૃત્તિઓને લક્ષમાં રાખતી આ વાર્તાઓ ચિત્તની અસરોને પરિવેશ વડે નિરૂપી આપે છે. પરિવેશનો સર્જનાત્મક વિનિયોગ કલ્પનો, કાવ્યાત્મકતા અને

ભાષાશૈલીની વિશિષ્ટતા સુધી પહોંચતાં વાર્તાઓમાં ભાવપ્રદેશ ગહન સ્તરે પહોંચે છે. આ વાર્તાઓમાં ખપમાં લીધેલી કેટલીક વિગતો જોઈએ:

ઊંટે રખેવાળનો સ્કંધ કરડી ખાધાની વાત, બેલબોટમ – અશ્વની કેશવાળી, સો સૈકાની દૂધ ચા, સેંથામાંથી રજસ્ત્રાવની નીક ઝમે, જંતુ જીવડું, હરિયાળી વરિયાળી કે સજીવ મૃત્તિકા માર્ગ, વ્યાઘ્ર શો માણસ, વાડી, રીક્ષા, ઢોંસા, બિરયાની, ટાઈ, પાટિયું, તુંબડું અને પાથરણું, ગુફાઓ, ચીરૂટનો ધુંવાડો, આગળા – દરવાજા, વહાણનાં પડખાં, છિદ્રમાંથી પ્રલય જેવું જળ ધસમસે, ડૂબકી, લોન્ચના સંચાની ઘણઘણાટી એકદમ સ્ટાર્ટ, ઊડાઊડ કરતી માખીઓ, છીંકણીની ડબ્બી, પૂતળીનો નિરાવરણ દેહ, ગુફા રૂપી મુખ, ઉપવનો રૂપી નિઃશ્વાસ, તોફાની ખિસકોલીની ચડઉતર, વિરહ ગાતો પહાડ, તાપથી નરમ થયેલા હિમકણ, ઝરણાંઓનો ઉદ્‌વેગ, અરૂચીકર ભૂખરારંગની રજાઈ, ગાંઠાવાળી લાકડી અને છત્રી, ગિરનું નઘણિયાતું જંગલ, આભલા જેવો કંટાળો, પીળાંતડક ફૂલો, તડકાની ગેરહાજરી, કબાટનો આયનો, મોગલ દરવાજા, સાઈકલ, ટી.બી. હોસ્પિટલ, સાડાદસની સાયરન, કાળી પીળી રિક્ષાઓ, સ્કૂટરોનું ઘણ, ટ્રાફિક સિગ્નલ, સેકન્ડ કાંટો, ભાંગેલી ખુરશી, બરણીઓનો કિંકણ કિંકણ ધ્વનિ, બરછટ વખડીનું થડ, દોડાદોડ કરતી ખિસકોલીઓનો વિવિધ ચિત્રો, ભૂખરાં કબૂતરો, શોણિત ભીનાં કંકુઆળાં કપાળ, ખીંટી પર બ્રા, રામસીતાનું કેલેન્ડર, ખિસકોલીના ધોળા કાળા પાટા, દર્પણ, લાલ સોફા, એશ ગ્રે ટેબલ, ફોલ્ડિંગ ખુરશી, ચાડિયો, બકરીની ખોપરી પર શ્રીફળ, નાડાછડી, લાલ લૂગડાના પૂંઠાવાળી ડાયરી, કાગડાઓનું ટોળું, જળમાં ઘરાશય થતો બંગલો, ભદ્રકાળી મંદિર, બદબૂ, ધાબળો, ફૂડપેકેટ, નેળિયા ભણી નાસતા રાની બિલાડા, રેલપાટે દોડી જતી ચાંદની, કંઠમાં સીસા જેવું મધ, સલ્ફ્યુરિક એસિડનો પ્રવાહ થીજી જતાં કાળો ભૂરો સ્તંભ થઈ જાય તેવો એક ડામરનો રાજમાર્ગ, પાડાના ઢેકા પરની ફરકતી ત્વચા, સમુદ્રતટે વિચ્છિન્ન મૃત્કણો ઉપર પડેલી છીપ જેવી કરિયાણાની દુકાન, ગોળના પ્રસ્વેદશીલ રવાનો સમાગમ સાધવા માખીઓની ચણભણ, બહાર વાયુવેગે પહોંચેલું ડૂસકું, રિલ્કેના ફોટાવાળી ચોપડી, નાકમાં ગડાકુની વાસ, બેડલે બેઠેલો મોર ઉડાડ્યો, કાચિંડાની ત્વચામાં ચામડી પલટે, રોબિનહૂડ સાઈકલનાં ઘસતાં ટાયર, અંધાર ઘેર્યા દાદરનાં પગથિયાં, કાળી ફ્રેમમાં કાકાની તસવીર, કચર પચ કચર પચ કાગળ, ઘી, સ્ટેથોસ્કોપ, ગંગાજળ, મહાત્માની પવનપાવડી, બ્રા અને ચણિયાભેર શાવરબાથ, તમસૂ મિશ્ર આકાશ, ધારદાર કાંસકી, કોલ્ડક્રીમની ચોંટેલી ચીકાશ, કાવડ, સફેદ ચૂનાથી ગળીબંધ ધોળેલી છત, વેન્ટીલેશનના બાકોરામાં ચકલાંનો કલબલાટ, દોણીમાં છાણાની ગંધવાળી ધૂણી, પાલીસ વગરનું ખરબચડું મેજ, ખાલી શીશીઓથી ભરેલું તગારું, બૂશકોટનાં તૂટેલાં બટન, ધારદાર બ્લેડ, સાબુની ફીણે રચેલી દીવાલો, મસ્જિદની મરઘી, વિષ્ણુવૃંદા, અર્ધ અંધકાર ઓરડો, સ્ટ્રો, કાળા વાદળો,

લોલક વગરનું ઘડિયાળ, ફર્શ પર ઢોળાયેલું જળ, કચુડાટ, શૂન્યાવકાશી ઘાબુ, તાંબા પિત્તળનો સિક્કો, અંધારભરી ઓરડી, ઝાંખુ પરોઢ, તાળીઓનો ગડગડાટ વગેરે...

આ પ્રકારની વિગતોનો વિનિયોગ કરીને વાર્તાનાં પાત્રો – પરિસ્થિતિ – ભાવને સર્જવામાં સર્જક સફળ રહ્યા છે. વિગતોમાં કલ્પના અને વિવિધ ક્ષેત્રોની માહિતીનો વિનિયોગ વાર્તાઓને વિશિષ્ટ પ્રકારના પરિવેશમાં મૂકી આપે છે. પરિણામે ભાવોનું નિરૂપણ કરવાની આગવી રચનારીતિનો અનુભવ તેમની વાર્તાઓમાં થાય છે. આધુનિકોએ પ્રયોજેલી ભાષાની શક્યતાઓ રાધેશ્યામની વાર્તાઓમાં વધારે ખીલી ઊઠી છે. આવી વિગતો અને સ્થળ – કાળ તથા ચિત્તના આવેગો – આંદોલનોને વ્યક્ત કરતાં કેટલાંક વર્ણનો :

- પંખીઓનો કોલાહલ ફોટોગ્રાફરના લાંબા કાનની બૂટે કાનસની જેમ ઘસાયો (તરંગની નેગેટિવ)
- સવારની ચા પી લીધા પછી પ્યાલામાં ગળણીને છેતરીને આવેલી સોમાભાઈની આસમાની ભૂકીને કલેશમાં જતી કરે (જાતિસ્મરણ)
- પંથ વકરેલો આખલો, હિપોપોટેમસ, સિંહ, વાઘ, દીપડો દેખીને ઝાડ પર ચઢી જવું (જાતિસ્મરણ)
- લતાવેલાતૃણગુલ્મગુચ્છા ઝાડઝાડવાં જેવી વનસ્પતિને ઝાલી જાળવી જળાશયમાં બગ ડગે. (જાતિસ્મરણ)
- ઊડાઊડ કરતી માખીઓને તંદ્રિત અવસ્થામાં આડાં પડેલાં કૂતરાં પંજાથી વેરવિખેર કરતાં હતાં. (માર્ગ)
- વૃક્ષના ગુચ્છોરૂપી નેત્રોમાંથી દિવસે તાપથી ગરમ થયેલાં હિમકણરૂપી આંસુનાં ટીપાંઓ ધરા પર ટપ ટપ પડ્યા જ કરે છે. (માર્ગ)
- દીવાલને માથે મૂકાયેલા વેન્ટિલેશનનાં ત્રણ નાનાં બાકોરાંમાં ચકલીઓના માળામાં ગરોળીઓની લાળના અદશ્ય લીટા ઈંડાને વીંટળાય છે (સિગ્નલ)
- ફેનની પાસે સિલિંગની વચ્ચોવચ ઝરણાંની શુષ્ક શય્યામાં હોય છે એવી તિરાડની ત્રણ રેખાઓ, ત્રિકોણ રચ્યા વગર, આખા આ ઓરડા પર ઝળુબી રહી છે. ખંડની છો કશુંક બનવાની અકળતાને કારણે નિસ્તબ્ધ હોવાથી સપાટી પર એક પણ તિરાડને ઉપસાવી શકી નથી. (સિગ્નલ)

- મોટર – રીક્ષા - કાર – સાઈકલ – મિલ્કવાનનાં હોર્ન - ગાર્ડ – દર્પણ અને ગવર્નર પર ઘડિયાળના પ્રભાતી દસનો સૂર્ય સુદશ્ય કિરણોથી ત્રાટક્યો હતો. ચમક ચમક ચળક ચળક. ચળક ચળક ચમક ચમક. ચપીક ચમક ચમક ચળક. કબાટ, જાળી, તીણા નહોર, ગરબો, તોસ્તાન, હોર્ન, મસ્જિદમાં પઢાતી નમાઝ અને ગૂંબજ પર અર્થહિન અવાજો કરતાં કબૂતરોની હરફર આકર્ષક ચિત્ર ઉપસ્થિત કરતી હતી (સિગ્નલ)
- ધોળાકાળા કાળાધોળા પટા કાળા કાળા ધોળા ધોળા પટા ધોળા પટા કાળા કાળા પટા એન્જિનની એક તીણી વ્હીસલ અને લોચન તૃતિયમાંથી પડતું ફોકસ (વીમો)
- દેવીદેવતાના ફોટા ઊતરેલી કોરીકટ ભીંતો પર ગીધ જેવો સિલિંગ પંખો પવનની ઝાપટો મારતો હતો (પરિવર્તન)
- હું પેઈન્ટિગ કરતી હતી ત્યારે જે હલકથી કેન્વાસની શૂન્યતા વિખેરતી પીંછી ફરતી તેમ (બ્રેક)
- પવનથી પેદા થતા જળના તરંગો નાગના ઊના ઊના શ્વાસોચ્છ્વાસની યાદ અપાવી ગયા. કાંઠે આવેલાં વૃક્ષો, પર્ણો નાગની મૂછોની જેમ ફરકી ગયાં. (જ્વાળામુખી)

પરિવેશમાં વણાયેલો ક્રિયાકાંડ જુઓઃ

- બાની શ્રાદ્ધવિધિ અર્થે નદી કાંઠે ગયા ત્યારે પાતળી સેરમાં વહેતી સરિતા, એકલદોકલ અપૂજ દહેરું, હાઈ – વે પર ઝૂંપડીની હોટલ, ચાની રકાબીનો કીટલી સાથે ટકરાવાનો અવાજ, મૂછને ચામાં પલળતી રાખી ચાને લગભગ ચૂસતો શ્રમિક, ઉન્નત ઉરોજવાળી ભરવાડણ, અને અર્થજ્ઞાન વગર મંત્રો ગણગણતા પુરોહિત બધું જ ડોક્ટરને સુંદર સુંદર લાગતું હતું. એટલું જ નહી, સામે ઘાટે સ્મશાનમાં જલતી ચિતાની પાછળ પાછળ આજુબાજુ ઊડાઊડ કરતા કાગડાની જમાતો ગગનભેદી અવાજ નાતમાં જમતાં મંત્રગાન કરતા બ્રાહ્મણોના ધ્વનિ જેટલો સરસ સરસ લાગતો હતો. આ આખું દશ્ય વિવિધ કોણોમાં મૂવી કેમેરા વડે રાજે ક્રિયાકર્મની અધવચમાં કચકડે મઢી લીધું (રમણભ્રમણ)

પાત્રસર્જન માટે પ્રયોજાતો પરિવેશ ઝીણી ઝીણી વિગતોથી બંધાય છેઃ

- અબરખિયા પોતની છીંકણી સાડી, અરધા ઉપરના બાહુ પર અઢારમી સદીમાં પહેરાતો એવો ખુલતી બાંયવાળો કબજો, કોણી પર સરી પડતું દોરા વીંટેલું જમણા

હાથે, લોકિટ, ગળામાં સોને ગંઠેલી તુળશીની માળા, ભરી ભરી જણાતી મેદસ્વી ઊંચી ગરદાન ગોળમટોળ ચહેરો, બિડાયેલા બંધ હોઠ, સ્વચ્છ નિર્મળ ચક્ષુ, જમણા કાનને ઢાંકી ડાબા કર્ણને ખુલ્લો છોડતો સાલ્લાની કોરનો સોનેરી પહોળો પટ્ટો, રૂપિયા જેવડો મોટો ચાંદલો, આકાશ શા કપાળ પર ઝૂકેલા વાદળ જેવા વાળની એક આછી વાંકડી લટ (પરિવર્તન)

આ રીતે વાર્તાઓમાં વણાઈ ગયેલાં વર્ણનો વાર્તામાં તેના પાત્ર – પરિસ્થિતિને સઘન બનાવીને ચિત્ત સુધી ગતિ કરે છે. ભીડ, ઘર કે ક્રિયાનાં વર્ણનો આ વાર્તાઓમાં મુખ્યત્ત્વે વેદના તરફ ગતિ કરે છે એટલે કે ચિત્ત પરની અસરો ને જ વ્યક્ત કરે છે. પરિવારની વિચ્છિન્નતા, સંબંધોનું વૈષમ્ય, નરી યાંત્રિક ક્રિયાઓ વગેરેમાંથી જન્મતી વિચ્છિન્નતા વાર્તાઓમાં પરિવેશ વડે, સૂત્રાત્મક અને ચિત્રાત્મક શૈલી વડે વ્યક્ત થાય છે.

## કેટલીક વિશિષ્ટ પરિવેશની વાર્તાઓ

આધુનિક ગુજરાતી ટૂંકી વાર્તાઓમાં મહદંશે નગર પરિવેશ અને ચૈતસિક પરિવેશ માટે પ્રયોજાતાં તત્ત્વો, વિગતો મળે છે. પરંતુ આ સ્મયગાળામાં કેટલાક વાર્તાકારોએ ટૂંકી વાર્તાની રચનારીતિના પ્રયોગો કર્યા જેના પરિણામે પૌરાણિક કથા સ્વરૂપો, કાલ્પનિક સ્થળ-કાળ, ગતિચિત્રો વગેરેને પરિવેશ તરીકે પ્રયોજીને તેમાં આધુનિક જીવનસંવેદનને મૂકવાનો પ્રયાસ થયો છે. આ પ્રકારની કેટલીક વાર્તાઓનો પરિવેશ અહીં ઉદાહરણ તરીકે જોઈએ.

**સુમન શાહ**ની ટૂંકી વાર્તા 'કાચની બારી'માં 'હું'૧ બસમાં છે પરંતુ તેના મનોપ્રદેશની ગતિ અનેક સ્થાને વિહાર કરે છે. એના મનોપ્રદેશમાંથી પસાર થયેલી વિગતો એને ત્રસ્ત કરી નાખે છે. એવી અવસ્થા રચતી વિગતો;

વિશાળ સફેદ લંબચોરસની ભીંસ, ડુંગરાની વાટ, આંગળીની વીંટી જેવું વતન, લીલો પાંખાળો સાપ, બોચી પરના વધેલા વાળની લટો, નીરવ ચચરાટ, એન્જિનના તોતિંગ અવાજો, નર્યા અંધકારનું બનેલું બોગદું, પીળો લાંબો પુલ, ઝમતું લોહી, કાળુ અંધારુ ઘૂઘવે, ટ્રાફિક પોઈન્ટ, થાક, બગાસાં, પેન્સિલથી લખેલા કાગળો, કાગળનું પેકેટ, મનની અંદરનો ખંડ, મોટા આકાશમાં ખોબા જેવો ચન્દ્ર, કાળો ઘૂંટેલો માર્ગ, મકાનોની દીવાલોમાં પેઠેલું પાણી, લીંપણવાળો ઓરડો, સૂક્કા હોઠ વગેરે...

વાર્તામાંનાં વર્ણનો નાયકના ચિત્તની ઘવાયેલી હાલતને નિરૂપે છે તે જોઈએ :

- ઓહ, બારી...મારા વિચારોની ડાળ પર ક્યારની કુહાડા મારે છે...કાચની પેલી બાજુ પાંખાળો સાપ છે.
- ઝમતા લોહીની દરકાર કર્યા વિના મુઠીઓ વાળી દોડતો હતો; લીલો મારી પાછળ ફૂત્કારતો દોડતો હતો, ને બસ, એની પાછળ, છીંકોટતી દોડતી હતી.
- બસ બે મોટા આંસુની જેમ નીચે પડી ફૂટી જાય તો ?
- નિયમિત ફરતું બસનું વાઈપર, ને ચિડાયેલી દોડતી બસનું તોતિંગ ઘૂ ઘૂ ભોં ભોં ખોં ખોં શીશી ફીફી સૂસૂ....જંગલી વરસાદના, દોડવાના, ને બસના છાપરા પર તૂટી પડવાના, આકાશ ગગડવાના, ચિત્રવિચિત્ર અવાજો વચ્ચે, અમે દોડતાં હતાં; પણ પછી, રસ્તો ખૂટી ગયો હશે; જમીન, ખૂટી ગઈ હશે.
- આ પરસાળ, કેમ ખૂટતી નથી ? ઓરડામાં પ્રવેશ અપાવનારો આ ઉમ્બર તો ઓળંગ્યો, પણ આ ઓરડો, કેમ ખૂટતો નથી ? હું ભાંખોડિયાંભેર જાણે દોડું છું.
- બારીના લમ્બચોરસનો એક ખૂણો વળવા માંડ્યો અને એની અણી, વિસ્તરતી વિસ્તરતી મારી કીકીની વચ્ચેના બિન્દુમાં તીણી ભીંસ બનીને ભોંકાવા કરતી હતી....

આ રીતે સમગ્ર વાર્તામાં પોતાના વિચિત્રકલ્પના વિહારના કારણે ત્રાસ અનુભવતા 'હું'ની ગતિ ચિત્તની છે.

**રાવજી પટેલ**ની વાર્તા 'એક ઘડીના પંચોતેરમાં ભાગનો ઉન્માદ'માં સેનેટોરિયમ સ્થળપરિવેશમાં મૃત્યુનું સંવેદન છે. મોસંબી પૃથ્વીનું પ્રતીક બની જાય છે. તો દર્દીઓનાં પલંગનંબરો જાણે આખું જીવનવિશ્વ કે જીવનચિંતન. વાર્તામાં વણાતી આવી અનેક વિગતો વાર્તાબંધને રચીને મૃત્યુના સંવેદનને સઘન બનાવે છે.

રેંકડીવાળાનું ચપ્પુ, મૃગલાની જેમ ટોળે વળેલા દર્દીઓ, નીચે ગબડી ગયેલી મોસંબી, બાથમાં મોસંબી, શેતલને કાંઠેની વાર્તા, મોસંબી જેવો ડચૂરો, મોસંબીના રંગવાળું લોહી, સલ્તનત રાંડે, સેનેટોરયિમ, જીવતું શબ, મૂંગી છીંક, નાકમાં ત્રાહિત પદાર્થ, ચાદર ઓઢીને ફેફસાંને આરામ, પાંજરામાં પાતળી પૂંઠાની ડબ્બીમાં લીલા દોરે બાંધેલું થર્મોમીટર, થેલીમાં હનુમાન ચાલીસાની ચોપડી, ચોપડીમાં વનલીલાનો ફોટો, બે બાલદી લોહી, બાવળના રંગ જેવો નં.૩ વગેરે વિગતો વાર્તાના પરિવેશને રચે છે. તો કેટલાંક વર્ણનો ખાસ કરીને મોસંબીની આસપાસ રચાતી પ્રતીકાત્મકતા વાર્તાને વ્યંજનાના સ્તરે પહોંચાડે છે.

- ખાટલા નીચે ગબડી પડેલી મોસંબી પર નં.૩નું ધ્યાન.
- મોસંબી બાથમાં ઝાલીને ગબડતી અટકાવી બેસી રહ્યો.
- મોસંબી પરના કુદરતી રંગ જેવા મૂંગા મૂંગા મશીનગનની ગાડી જેવા અવાજવાળો ઓક્સિજનનો ઢસડાતો બાટલો
- હું મોસંબી જેવો ડચૂરો છું.
- બધા જ અવતારોમાં મોસંબી મળવાની છે આપણને ?
- આવડી મોટી દુનિયા ઈશ્વરે ઘડી. મોસંબી જેવા જ આકારની છે આ દુનિયા એને રંગ ન આપ્યો. રંગો ન આપ્યા.
- બધા જ જાણે અટકી પડેલી મોસંબી જોતા હોય એમ કિંચિત હર્ષથી આ તાયફો જોતા હતા.
- મોસંબીની ડાળીઓ વાયરામાંથી હીંચોળાતી હીંચોળાતી હાથમાં પ્રવેશી ગઈ હોય એમ તે જરી હસ્યો.
- નાકમાંથી ગાડાનું પૈડું ધરી ભાંગીને નીસરી પડ્યું.
- ભીંત પર ફોટા ચોડચા ખીલી ઠોકતી હોય એમ એણે જમણા કે ડાબા હાથમાં સોય ઘોંચી.
- મને ખાટલા નીચે ગબડેલી મોસંબીથી માંડીને સેનેટોરિયમમાં દાખલ થયો ત્યારે કારકુને પાંચ રૂપિયા મંદિરની પાળે મૂકવા માગેલા ત્યાં લગીનું યાદ આવી ગયેલું.
- નર્સને મોંએ નાકે રૂમાલ નહોતો છતાં ચાલીસ હજાર રૂમાલની થોકડી એના નાક પર મુકાઈ ગઈ.
- એ લુચ્ચો મારી મોસંબી લઈને નળે ધોવા ગયો તોય એને અટકાવી શક્તો નથી. એને એક અડબોથ મારીને સમજાવી શકતો નથી કે ઉલ્લુ મોસંબી તો મારા બાપની છે !
- ખાટલા નીચેથી મોસંબી લેવા વાંકા વળવામાં વધારે દુ:ખ પડે.
- બે બાલદી લોહી જેના પેટમાંથી નીકળી પડ્યું એનો જીવ કેવો કષ્ટાતો હશે.

આ રીતે વાર્તામાં મૂકાયેલાં વર્ણનો વાર્તાના મૃત્યુ સંવેદનને ગાઢ બનાવે છે. દર્દીઓની દયાજનક હાલતની વચ્ચે અધૂરા અરમાનો અને જીવનવિશેનાં ચિંતનો ગાઢ થતાં જાય છે. મૃત્યુની કરુણતા અને અધૂરી ઈચ્છાઓનો અસબાબ બંધાય છે.

સત્યજિત શર્મા 'મોજું' વાર્તામાં કપોળકલ્પનાનો વિનિયોગ કરે છે. ભયના વાતાવરણમાં કેટલાંય દશ્યો નાયકના ચિત્તમાંથી પસાર થાય છે આવાં અસ્તવ્યસ્ત દશ્યોનું ગૂંછળું આ વાર્તામાં છે. 'રિવોલ્વરની લાંબી નાળ' માથાની ડાબી તરફ કાનની આગળ મૂકાયેલી છે અને એ સ્થિતિમાં પસાર

થતી ક્ષણોને ...ચિત્તના આંદોલનોને સર્જકે શબ્દસ્થ કર્યાં છે. આ ક્ષણોમાં થતી અનુભૂતિ પંખી, સ્ત્રીનો આકાર, અણિયાળું ખંજર, વસ્ત્રો, પવન, લોહીનો ફૂવારો, ઘોંઘાટ વગેરેથી રચાતી વિગતો વડે દર્શાવી આપ્યાં છે. કેટલાંક દશ્યોનાં ઉદાહરણો:

- આંખને છેડે ડોળો ખેંચતા કોઈ શ્વેત હાથમોજું દેખાય છે હાથમોજું લીસું હોવાથી મારા ડોળા લપસે છે.
- મારી ખોપરીના બાકોરામાંથી કોઈ શ્વેત પંખી ઊડે છે.
- આકસ્મિક સ્પર્શથી બાઈએ એવી તો ચીસ પાડી કે સમગ્ર શેરી નિસ્તબ્ધ બની ગઈ.
- શેરી બહાર ઊડતું પેલું પંખી ધ્રુજતું ધ્રુજતું રાખમાં ફેરવાઈ ગયું.
- ડાબા હાથમાં પૂંછડેથી પકડેલું મૃત સસલું અને જમણા હાતમાં લાંબી ને મધ્યમાં વળેલું તેમજ અણિયાળું ખંજર છે.
- મારાં વસ્ત્રો એનાં વસ્ત્રો પર પવન ધક્કએ ઠેલાય છે.
- શ્વેત મોજું બાજુમાં પડેલ સ્ત્રીનું ખંજર ઊઠાવી સસલાના પેટમાં અર્ધું ભોંકી દે છે.
- અંધારામાં જમીન પર પડેલું રૂ પવનમાં હાલતું હોવા છતાં જરા પણ અવાજ કરતું નથી તેવા આ શાંત શહેરમાં એની ચીસ ઓગળી જાય છે.
- આખા ઓરડામાં મૃત સસલાનો શ્વાસોચ્છ્વાસ સંભળાતો હતો.
- હાથમોજું વેચવા માટે બજારની અંદર અહીં તહીં ભટકું છું.
- સંધ્યાના ખભેથી કૂદકો મારવાની તૈયારીમાં રહેલા અંધકારને નિહાળતો હું બેઠો રહ્યો.

આમ, વાર્તામાં રચાતાં દશ્યો 'હું 'નાં સંવેદનોને વ્યક્ત કરતાં જાય છે. 'હું'ની ભય અવસ્થામાં પોતાની અંદરનું વિશ્વ અને આસપાસનો, આખા નગરનો પરિવેશ વાર્તામાં વણાતો જાય છે.

**ભૂપેશ અધ્વર્યુ**ની વાર્તા 'હનુમાન લવકુશમિલન' પણ તેની રચનારીતિને કારણે વિશિષ્ટ પરિવેશ રચી આપે છે. વાર્તામાં લોકકથાનાં તત્ત્વોનો આધાર લીધો છે. અને કથાનક પૌરાણિક છે. નગર, રામ, લવકુશ, હનુમાન, જોષી, ખેડૂત, પોપટ, તુલસીમાનું વ્રત વગેરેથી રચાતું કથાનક વાર્તાને વિશિષ્ટ પરિવેશ આપે છે. વાર્તાને રચતી પરિવેશની વિગતો આ પ્રમાણે છે:

અજોધા નગરી, હાથી, ઘોડા, ફાંસીના દોયડા, સામદરિક શાસ્ત્રના પાઠ, ઉંબર, સાતગ્રહો, અજવાળિયું, અંધારિયું, ઝાળાં – ઝાંખરા, પાદર, નદી, ઓધાન, પીપળ થડિયે વઢ, દીવો, સેંથીનું કંકુ, ભોજનનો થાળ, પ્રાછન, દેશવટો, પતરાળે બસવું, દૂધ ને ઝાડથી ગરેલાં ફળ, ઝૂંપડી, ગાયનાં ધણ, તુલસી માનો ક્યારો, સાધુ – સન્યાસી – બાવા, પરધાન, કાગળિયો, જોગણનું વન, સોણલાં,

વાટ, ઢોલિયા, ચૂડલાની જોડ, ચૌદ દિ'ના અપવાસ, સૂરજનું તેજઢળે, પાંચ કોડિયાં, કિલાનો દરવાજો, હડુડુડુ હડમાન ધસે, આંખો ડળક... ડળક... વગેરે...

વાર્તામાં તળપદ બોલી અને કથનની સળંગ એકસૂત્રતા મહત્ત્વની બને છે પરિણામે વાર્તા વધારે રસાળ બને છે. તળપદ કથનમાં મૂકાયેલાં કેટલાંક વર્ણનો પૌરાણિક પરિવેશને વિશિષ્ટ કથનરીતિમાં વણી લે છે તે જુઓ :

- દિ'આખો વનવગડો રખડું, ગુરુને કાજે પાકાં – મીઠાં ફળ વીણું, માટીના ઘડે જળ ભરું ને ગુરુનું દીધું ખાઉ-પીઉં ને રાતે સામદરિક શાસ્ત્રની પોથી ભણું.
- તેં પાંચ દીવા કીધા એક દીવો મે'લના ટોડલે મેલ્યો, બીજો દીવો મે'લના ઉંબરે મેલ્યો, ત્રીજો કૂવાને ગોખલે મે'લ્યો, ચોથો દીવો પીપળના થડિયે મે'લ્યો ને પાંચમો ગામને દેરે મે'લ્યો, પંણ તુલસી મા ભુલાણાં ને રાત આખી અંધારિયામાં આથડ્યાં ને દુભાંણાં.
- ગલાબના પાણીડે અસનાન કરે છે, સોમણ રૂની તળાઈમાં પોઢે છે, ઘેર ચારણ, બારોટને દશોદી મલાવી મલાવીને વારતા માંડે છે, કસુંબા થાય છે ને ગલોફે તંબોળ લેવાય છે પણ રામને ચેન નથી.
- કાલ સવારે સવાશેર ચોખા લેજે. એને ચૂલે ચડાવજે. પાકા થાય એટલે એના ત્રણ ભાગ કરજે. વચલા ભાગમાં ગોળ નાખજે ને આગલા – પાછલામાં ઘી નાખજે ઘીવાળા ભાગમાંથી ગાયને દે ને, ચકલાંને દેજે, પારેવાંને દેજે, રાજા રામને ઘેર પાંજરે સામદરિક પોપટ છે તેને દેજે.
- એક દિવો વનની ઘાસછાયી વાટે મેલ્યો. એક દીવો ઝૂંપડીની માંયલો મેલ્યો. એક દીવો આંબાને થતિયે મેલ્યો ને જ્યાં બે દીવા તલસી માને મેલવા જાય ત્યાં આભમાં ચાંદો ખીલ્યો. પૂનમનો ચાંદો ખીલે ને અજોધાની નદી ખળભળ કરતીક રેલાવા માંડે.

આ રીતે તળપદની બોલીનો વિનિયોગ, વ્રતકથાનાં વિધિવિધાનોનો વિનિયોગ, પૌરાણિક કથાવસ્તુ અને તેની સૂક્ષ્મ વિગતોનો વિનિયોગ વાર્તાને વિશિષ્ટ પરિવેશ બક્ષે છે. એ એના રચનાબંધને આગવી નિરૂપણ શૈલી આપે છે. કથનની વિશેષતા પ્રગટાવે છે.

**ચિનુ મોદી**ની વાર્તા 'ફીફાં કુંવરી' પૌરાણિક નગરના સ્થળપરિવેશમાં રચાય છે. 'ફીફાં કુંવરી હસ્યાં' ની ઘટનાની આખા નગરમાં જે અસરો છે તેને સર્જકે નિરૂપી આપી છે. અહીં પણ અલગ પરિવેશને રચતી કથકની સળંગસૂત્રતા વાર્તાના ઘટકોની એકસૂત્રતા રચી આપે છે. નગરનું વાતાવરણ અને તેમાં નાનકડી ઘટનાની અસરો નીચે પ્રમાણે નિરૂપણ પામી છે.

- મહોલ્લે મહોલ્લે જાણ કરાઈ કે ટોડલે ટોડલે દીવા પેટાવો. ઘેર ઘેર ઢોલ-ત્રાસાં-નઘરાં વગડાવો.
- ગમાણે ઢોરાં ને ખોયડે છોરાં બાંધી દીધાંતાં તે આજ જાતાં છોર્યાં છે.
- ફીફાંકુંવરી એકલાં એકલાં ઊભા છે સામે મસમોટો આરસો છે આરસામાં જોઈનેય ફીફાં કુંવરી તો ફડાક ફૂસ.
- પોપટનું પાંજરું ને પાંજરું લટકે અટારીએ. જોનારને તો એટલું જણાય, બીજું કૈ તો જણાય જ નહીંને. એમને શી ખબર પડે કે પંડિતજીનું લાંબુ લચરક નાકને આજ સળેખમ ભરેલા એમના અવાજે લેવાતાં રામસીતાના નામને કારણે આપડે તો પંડિતજીને પિંજરામાં...
- જાહેર જગ્યાએ હસાવા મખ્યું. હસી હસીને બેવડ વળવા મળ્યું.

આ રીતે સત્તાની અસરોને નીપજાવતી વાર્તા નગરપરિવેશમાં રચાય છે. પરંપરાગત કથનરીતિમાં અને તળપદ શબ્દો, કહેવતો, રૂઢિપ્રયોગો વગેરેના વિનિયોગથી રચાતો નગરનો પરિવેશ અહીં વિશેષતા બને છે.

**સુધીર દલાલ**ની 'વ્હાઈટ હોર્સ' વાર્તા આધુનિકતાના તમામ લક્ષણો નથી ધરાવતી પરંતુ વિદેશી પરિવેશમાં આધુનિક જીવનજીવતા નાયકનો વતનરાગ એના ખાલીપણાને દર્શાવે છે. એ અભાવથી પીડાતા નાયકની વ્યથા એને પીડાની વાર્તા બનાવે છે. વાર્તામાં આવું નગર જેમાં નાયક વેદના અનુભવે છે તે નીચેની વિગતોથી બંધાય છે.

માન્ચેસ્ટર યુનિવર્સિટી, કોકેજની કોરીગેર, વ્હાઈટ હોર્સનો બિયર, કાળા લેબલનીને ગોલ્ડ લેબલની થ્રિકોઈનવાળી નાની મોટી બાટલીઓ, બાર મેઈડ, કાબરચીતરા વાળ, ચોકઠું, કાઉબોય, ટુર, ડીનર, બોઈલ્ડ કોલીફ્લાવર્સ, કેરટ્સ, પતંગ, વ્હિસ્કી, બ્રાન્ડી, જીન, શેંપેન, મસાલા, ફૂલવડી, દૂધી ચણાનું શાક, પોટેટો બડા, બિયરના પ્યાલામાં પોતાનું પ્રતિબિંબ, બસ – સ્ટેન્ડ, ચણાનો લોટ – તેલ – મરચું વગેરે વડે વિદેશી નગરમાં અમદાવાદનો વર્તાતો અભાવ ભવ્યતા ને વેદનામાં પરિવર્તીત કરી આપે છે. અમદાવાદ અને માંચેસ્ટરનો સ્થળ પરિવેશ નીચેનાં વર્ણનોથી સર્જાય છે.

- ઘર બધાં કાઉન્સિલનાં હોય છે એવું જ હતું. જમણે હાથે હેટ, રેઈનકોટ લટકાવવાના ઘોડા. પછી દાદરા, ડાબા હાથે દીવાનખાનું, એના પછી ડાઈનિંગ રૂમ - કમ- લિવિંગરૂમ, પાછળ રસોડું ઉપર બેડરૂમો, બાથરૂમ વગેરે...

- તમે લોકો બટાકાવડાં ખાઓ છો ? અને ઓસાવેલી સેવો ? અને...અને ઘારી મગસ...હજુય નાતમાં ફૂલવડી ને દૂધીચણાની દાળનું શાક ને લોચાપૂરી ને...બધું હોય છે ? તું નાતમાં જાય છે ? પેલી વાડી...શું એનું નામ...સરં...સરંગ ? ...
- અમદાવાદ કેવું છે ? બદલાયું છે ? મારી પોળ – મામુ નાયકની પોળ હજુય એવી જ છે ! હજુય પેલો ચબૂતરો છે ? અને પેલો...પેલો શિખંડવાળો...અને...ઊત્તરાયણ ? હજુ ;પલપ પતંગ ચડાવે છે ?

પ્રશ્નાર્થો, વિસ્મય, યાદો, સ્મરણો અને વર્તમાનની ઉદાસીનતામાં સ્થળપરિવેશની જ અહીં મહત્તા છે. સ્થળફેર થતાં અનુભવાતી જુદાઈ જીવનવિશ્વ ખંડિત થયાનો ભાવ – વાર્તામાં ઘેરી અસર ઉપજાવે છે.

**ભૂપેન ખખ્ખર**ની 'વાડકી' વાર્તામાં પરિવાર અને સોસાયટીનો માહોલ છે. જમના અને જમનાદાસના દામ્પત્યમાં શિવલાલ વિશિષ્ટ પાત્ર છે. ભૂપેન ખખ્ખરની વાર્તાઓમાં આવતું સજાતીય સંબંધો ધરાવતું પાત્ર શિવલાલ અહીં પણ છે એટલે વાડકી પ્રતીકાત્મકરૂપ ધારણ કરે છે. સવિતા, વિમળા વગેરેના ઘરપરિવેશનો ઉલ્લેખ સોસાયટીનો સ્થળપરિવેશ રચે છે. સમાજની વચ્ચે એક વિશિષ્ટ સોસાયટીનો સ્થળપરિવેશ રચે છે. સમાજની વચ્ચે એક વિશિષ્ટ પાત્રનું જીવન અહીં છે. વાર્તા અનેક વિગતોથી બંધાય છે જે વિગતો સંવાદો. ડાયરી, ઘટનાના અંકોડા બાંધવામાં વણાઈ છે.

ઝાડુ, વાસણ, કપડાં, ચેનચાળા, રતિક્રિડા, ચુંબનો, બાહુપાશ, દસ્તાવેજ પર સહીં સિક્કા, બુધ-શનિ શારીરિક સંબંધ, રવિવારની રજા, ઉપવાસ ગુરુવારે, ડબલબેડ, ખિસ્સામાં કેવેન્ડર, ધૂમાડાના ગોટેગોટા, બદ્રીકાશ્રમ, ડાંગે માર્યાં વેર, રાંધણિયું, શીશામાં ઉતારવો, ઠામડાં ઉટકવાં, કૂલા હલાવવા, ગરમાગરમ દૂધ ને જલેબી, નાસ્તો, પેન્સિલની અણી ધારદાર ચપ્પુથી છોલવી, હીંચકો, લેંઘાના બટન સીવવા, સત્નારાયણની પૂજા, ચપટી ધારવાળી વાડકી, આંખ આડા કાન, હાથમાં ભમરડો, ઘાસની ગંજી, પિપરમીટ, ચિઠ્ઠી, અંબોડેવેણી ઢોકળીમાં મોણ, દૂધી બટાટા, છ વાડકીનો સેટ, તેલની કંજૂસાઈ, સાંડસી, શાક, દૂધ, ભાત, બટાકા પૌંઆ, ચોકડી, તપેલી, બરણી, તલના ડબ્બા, ઘીનો વાડકો, અનાજની કોઠી, લેમ્પ, ચોપડી, ફાઈલ, કાંડા ઘડિયાળ, સંડાસ, બાથરૂમ, સ્ટોરરૂમ, ટી.વી., વીંછીનો ડંખ વગેરે વિગતો વડે બંધાતો સોસાયટી 'બદ્રીકાશ્રમ'નો સ્થળપરિવેશ સ્ત્રી-પુરુષ સંબંધો અને સજાતીય સંબંધોની વિશિષ્ટ પરિસ્થિતિઓ રચે છે. વિગતોનો સૂક્ષ્મ વણાટ વાર્તામાં નાનકડી વાડકી ખોવાયાની ઘટનાને સમગ્ર વાતાવરણમાં પ્રસરાવીને જમનાદાસના જીવનવિશ્વને ઉઘાડી આપે છે.

**રમેશ પારેખ**ની 'ચૂડ' વાર્તામાં મુંબઈની લોકલ ટ્રેનની ભીડ છે. ભીડમાં અટવાયેલાં અનેક પાત્રોની અસહ્ય ક્ષણોનું આલેખન છે. નગરજીવનની ભીડ ભરી જિંદગીને આ વાર્તાના નાનકડા સ્થળ પરિવેશને અનુભવતાં અનેક પાત્રોની વિશિષ્ટ ક્રિયામાં આલેખી આપી છે.

ખીચોખીચ ડબામાં પૂરાયેલાં માણસો અને તેમની ક્રિયાઓને સર્જકે આ રીતે વર્ણવ્યાં છે.

- મોટા ખોખામાં ઉંદર પૂર્યા હોય એવી ગિરદી હતી.
- વિવિધ વાસ અને પુષ્કળ બફારો. ભીંસોભીંસ.
- મારું પડખું એના પરસેવાથી ખદબદી ગયેલું.
- બંગડી રણકતી હતી છતાં ચીતરી ચડતી હતી.
- એણે લસણની ખોબોક ગંધ મારા ફેફસામાં ઠલવી દીધી.
- બાકસમાં પણ દીવાસળી ઉપર અંધારું તો કુંડલી મારીને બેઠું હશે.
- એક અબળાની ચીસ અંધારાને જનોઈવઢ કાપતી ગઈ. અશરીરી અંધારું પાછું જરાસંઘની જેમ સંધાઈ ગયું.
- અંધારામાં ડબામાં દુનિયાદારી પ્રવેશી મોઢે મોઢે વિહરવા લાગી.
- બાફ. એમાં વળી ધાધર, મૂતરવાળી ચડી બારીએ મૂક. એવો પુરુષ સ્વર સંભળાયો - ઘડીકમાં વવઠાઈ જાશે...છોકરું સબડ રોતું તું.
- ધાધર, ખણજ, ભીડ, કમર સુધી ઝડાકુ દેતી થાકોડી, અંધારું, સખણાં ર્યો ને, મૂતર, ખરજવું, અવાજો બાફ ને આંચકા ખાતો ખેંગાર.
- કળશયે જાવાનું કેણી કોર્ય છે ? પીડામિશ્રિત, ઊંહકારાભર્યો અવાજે કોઈ પૃચ્છા કરી રહ્યું...
- મારી ચામડીમાં ધનૂર – ધનૂર એવી રીડિયામણ મચી છે.
- મારી મૂતરવાની જગાને જોતો આખું બાકસ ખાલી કરી દેતો ભડવો

વાર્તામાં ટ્રેનની ભીડમાંના અવાજો, બફારો, સંવાદો, ઊંહકારા, વેદના વગેરે એક પરિવેશ રચે છે સાથે સાથે 'હું'નો ખેંગારની પત્ની સાથેના સંભોગ ક્ષણોને યાદ કરતો મનોપરિવેશ પણ રચાય છે. આમ, બાહ્ય અને આંતરિક પરિવેશમાં અવરજવર કરતી આ વાર્તા બોલી સમેતના તત્ત્વોથી આધુનિક - અનુઆધુનિક બેયની નિરૂપણ પદ્ધતિઓમાં પણ અવરજવર કરે છે.

આધુનિક ગુજરાતી ટૂંકી વાર્તાઓમાં આ રીતે મુખ્ય તો ત્રણ પ્રકારનો પરિવેશ જોવા મળે છે. નગરપરિવેશ, ચૈતસિક પરિવેશ અને નિરૂપણ પદ્ધતિઓમાંથી નિપજતો વિશિષ્ટ પરિવેશ. નગર પરિવેશમાં નગરજીવનની માનવજીવન પર થતી અસરો એ અસરોમાં બદલાતી તમામ પ્રકારની

જીવન વ્યવસ્થાઓ છે. ઐતિહાસિક પરિવેશમાં આધુનિકતાની દોડમાં બદલાયેલા જીવન પરિવેશની ચિત્ત પર થતી અસરો છે. આ અસરોના નિરૂપણ નિમિત્તે આવતી ભાષા છે. જેમાં વિશિષ્ટ પ્રકારની ઉપમાઓ, કલ્પનો, કલ્પનશ્રેણિઓ, ભાષાની પ્રવાહિતા અને વ્યવધાનમયતા સુધી નિરૂપણ પામતી ભાષા પણ છે. વિચ્છિન્ન ક્ષણો નિમિત્તે આવતી વિચ્છિન્ન ભાષા પણ છે. જ્યારે વિશિષ્ટ પરિવેશની વાર્તાઓમાં પૌરાણિક પરિવેશ, લોકકથાનું માળખું, અગોચર સ્થાનો, કપોળકલ્પના, રસ્તાઓ, ગતિ, ગતિચિત્રો, પ્રવાસો, વિહાર વગેરેનો વિનિયોગ છે જે વિશિષ્ટ પરિવેશમાં આધુનિક જીવનસંવેદનને વણી લે છે. આમ, આધુનિક ટૂંકી વાર્તાવિશ્વમાં પરિવેશ નિરૂપણનું સ્વરૂપ અવનવા આધારો, અનુભૂતિઓ, સંવેદન વિશ્વો અને ભાષાકીય અને માળખાકીય ક્ષેત્રોમાં વિહાર કરાવે છે.

# પ્રકરણ – ૩ (ક)

## અનુઆધુનિક ગુજરાતી ટૂંકી વાર્તાવિશ્વમાં પરિવેશનિરૂપણનું સ્વરૂપ

૧૯૫૫ પછીના ગાળાની ગુજરાતી ટૂંકી વાર્તામાં 'નગરપરિવેશ' અને 'ચૈતસિક પરિવેશ'ને આલેખતી આધુનિકતાવાદી વાર્તાઓ મળે છે. ત્યારબાદ' વિ', 'ખેવના' 'ગદ્યપર્વ' અને 'એતદ્'માં પ્રગટતી નવી દિશાની વાર્તાઓ, અન્ય સામયિકોમાં અનુવાદો, વાર્તા – આસ્વાદના લેખો વગેરે પરિબળો ટૂંકી વાર્તાને નવો વળાંક આપવા સક્ષમ બને છે. આ બદલાવના ગાળાનાં કેટલાક વિચારવિમર્શને જોઈએ તો બદલાવની વધુ સ્પષ્ટતા થાય તેમ છે. આ ગાળામાં મહદંશે પરિવેશના ઘટકતત્ત્વ સંદર્ભે થયેલી ચર્ચાઓ અહીં નોંધું છું.

અજિત ઠાકોર નોંધે છે કે:

- પરિષ્કૃત ગુજરાતી વાર્તા ઘટનાહ્રાસ કે સ્થૂળ ઘટનાનો નહીં પણ ઘટનાના વાર્તારૂપે થતા રૂપાંતરનો પુરસ્કાર કરે છે. સ્થળ, કાળ, વ્યક્તિ, સમાજ, પરિવેશ, પરિસ્થિતિ, કથનરીતિ અને વ્યંજનાગર્ભ વાર્તા રચવાની મથામણ પરિષ્કૃત ગુજરાતી વાર્તાઓમાં પ્રતિત થાય છે.[૧]
- આધુનિક વાર્તાની ભાષા વર્ણનાત્મકતાથી મેદસ્વી બની જઈ કથાભાષા તરીકે મહદંશે બિનકાર્યક્ષમ બની જતી લાગે છે. તો પરિષ્કૃત ગુજરાતી તરફ પાત્ર, પરિવેશ આદિની મૂર્તતા અને સંકુલતા તો બીજી તરફ ઘટના – પરિસ્થિતિના વિવિધ પરિમાણો પ્રગટાવવાની ક્ષમતા પ્રતીત થાય છે.[૧૯]

મણિલાલ હ. પટેલ નોંધે છે કે:

- તળ કે નિશ્ચિત સ્થળ પરિવેશમાં બોલાતી બોલીને સામગ્રી – સંવેદનાની 'નીડ' પ્રમાણે પ્રયોજતો આ વાર્તાકાર ભાષિક ચેતનામાંય નવસંચાર લાવ્યો છે એ પણ યાદ રાખવું પડશે. પાત્રોચિત ભાષાભેદ સાથે નેરેટરના કથન – વર્ણનમાં સંવેદન / સ્થિતિઓ પ્રમાણે બદલાતાં ભાષાસ્તરોની જુદી જ ભાતને આપણા ભાવકોએ અને વિવેચકોએ નવેસરથી પ્રમાણવી પડશે.
- વ્યક્તિનું આંતર્‌બહિર્ વાસ્તવ એના જીવન, પરિવેશથી અલિપ્ત રહીને નથી વર્ણવાતું, બલકે એના વાસ્તવજીવનના પરિવેશનો અહીં મહિમા થયો છે.
- આસપાસના પરિસરનો, રોજિંદી બોલાતી ભાષાનાં વિવિધ સ્તરોનો, કહેવતો, રૂઢિપ્રયોગો અને લોક/તળજીવનનાં અન્ય સંકેત શાસ્ત્રોનો ઉપયોગ કરે છે. આ દષ્ટિએ જોતાં આજની વાર્તા પન્નાલાલીય જાનપદી વાર્તાઓથી સાવ જુદી લાગશે, ત્રીસી પછીના જાનપદી સાહિત્ય પછી તો એક મોટું આધુનિકતાવાદી આંદોલન આપણા સાહિત્ય ઉપરથી પસાર થયું છે.[૨૦]

જયેશ ભોગાયતા નોંધે છે કેઃ

- આધુનિકોત્તર વાર્તામાં માનવવાસ્તવની સીમાઓ પણ વિસ્તરી છે. પોતાની આસપાસની માનવસૃષ્ટિ જીવંતતાઓ તરફ દષ્ટિ કરીને એટલે અંશે વાર્તાકાર બહિર્મુખ બન્યો છે. આધુનિક વાર્તાઓમાં માનવસંદર્ભો 'અધ્યાહૃત' એટલે કે elliptical હતા તેને સ્થાને આ વાર્તાઓમાં સ્થળ – સમયના ભૌગોલિક સંદર્ભો સહિતનાં પાત્રો સાથે ભાવકચેતના જોડવામાં જરા પણ વિલંબ થતો નથી.[૨૧]

મોહન પરમાર નોંધે છે કેઃ

- પરંપરિત વાર્તામાં ઘટકતત્ત્વો, આધુનિક વાર્તાના ઘટકતત્ત્વો અને તે પછી લખાઈ રહેલી આજની સાંપ્રત વાર્તાના ઘટકતત્ત્વોમાં પ્રથમ દષ્ટિએ સામ્ય હોવાનું વરતાય. કોઈક આજની સાંપ્રત વાર્તાને પરંપરિત વાર્તા માની બેસવાની ભૂલ કરે. આજની વાર્તામાં કલ્પન, પ્રતીકોનો વિનિયોગ ભાળીને તેને આધુનિક વાર્તા ગણી રાજીના રેડ થઈ જાય. પણ આજની વાર્તા જુદી જ ધારા પર વિસ્તરી રહી છે. તેને આધુનિક પરંપરાના વિસ્તારલેખે ગણીને આપણે અત્યારે એવું કહેવાની સ્થિતિમાં આવી ગયા છીએ કે સાંપ્રત વાર્તા આધુનિક વાર્તાને અતિક્રમીને ક્યાંક કશીક નવી વિભાવના રચતી હોવાનું ભળાય છે.

- સામાન્યપણે આજની સાંપ્રત વાર્તા ત્રણ ભાગમાં વહેંચાઈ ગઈ છે. ૧) દલિત પીડિતોને શોષણ, આક્રોશ, વ્યથા, રીતરિવાજોને રજૂ કરતી વાર્તા, ૨) પરિષ્કૃત વાર્તા : તળપદ, આરણ્યકની ભોંય પર રચાતી વાર્તા, ૩) નગર - ચેતનાનાં સૂક્ષ્મ સંવેદનો પ્રગટાવી નવાં નવાં સમીકરણો રચતી વાર્તા, આમાં પણ તળપદી પરિવેશને અવકાશ છે. આ ત્રણ ધારા ઘણું કરીને આધુનિકોની સામે છેડેની છે.૨૨

અનુઆધુનિક ગુજરાતી ટૂંકી વાર્તામાં પરિવેશ નિરૂપણનું સ્વરૂપ બદલાય છે. એ સંદર્ભે આ ચાર વિવેચકો / વાર્તાકારોના મતને સાંકળીએ તો અજિત ઠાકોરની દૃષ્ટિએ નૂતન પરિવેશ અને તેને રચતાં સ્થળ-કાળ વગેરે 'ઘટનાહ્રાસ'ની સામે ઘટનાને વાર્તારૂપ આપવા આવે છે. ભાષાના 'મેદસ્વીપણા'થી બચીને ભાષા વડે જ પાત્રો અને પરિવેશના વિવિધ પરિમાણો પ્રગટાવે છે. મણિલાલ હ. પટેલ વાર્તામાં આવેલા સ્થળસંદર્ભો અને તેની સાથે જોડાયેલા બોલી વગેરે તત્ત્વો સમયની 'નીડ'ના કારણે આવ્યાં છે. પાત્રના અંદર – બહારના જગતને પ્રમાણવાનું હવે જરૂરી હતું. મહત્ત્વની તેમની નોંધ એ છે કે આ વાર્તાઓ પરંપરાગત વાર્તાઓ કરતાં પણ જુદી છે. કારણ કે વચ્ચે આવેલા 'આધુનિકતાવાદી' આંદોલનોએ નિરૂપણરીતિઓને બદલાવી નાંખી છે. એટલે કે આધુનિકતાના અંશો નિરૂપણરીતિમાં હજું છે. જયેશ ભોગાયતાનો મત છે કે માનવ સંદર્ભો હવે સ્થળકાળના આવરણો લઈને આવે છે પરિણામે ભાવકચેતના પણ એ ઝડપથી પામી શકે એવાં પરિવર્તનો થયાં છે. મોહન પરમાર કલ્પનો – પ્રતીકો - ઘટકતત્ત્વો હોવા છતાં કશીક નવી વિભાવના છે એમ જણાવીને વાર્તાના નવા વિષયોની વાત મૂકે છે જેને નિરૂપતી રીતરિવાજો, તળપદ, નગરનાં નવાં સંવેદન વગેરે વિગતો નૂતન હોવાનું નોંધે છે.

આ તમામ મતો અનુસાર ટૂંકી વાર્તામાં આવેલા આધુનિકતાના આંદોલને ઘટકતત્ત્વો, નિરૂપણરીતિ, મનોસંચલનો સમેતના રૂપ પ્રત્યેની પ્રતિબદ્ધતાની જડતા શિથિલ કરી છે. બીજા શબ્દોમાં ઘટકતત્ત્વોનો વિસ્તાર સાધ્યો છે. નિરૂપણ વિષયોમાં એકવિધતા પ્રવેશી છે. આ મુક્તાતાનાં ઉત્તમ પરિણામો પણ મળ્યાં છે. પરંતુ જ્યાં ઘટકતત્ત્વોનો સમુચિત વિનિયોગ થયો છે ત્યાં જ. નહિતર પાત્રના આધારે રેખાચિત્ર કે વર્ણનના આધારે નિબંધો પણ સર્જાયા છે. જેની વિસ્તૃત નોંધ આગળ કરી છે. પરંતુ અહીં જે ઘટકતત્ત્વોનો વિસ્તાર સધાઈને જે વાર્તાઓ આવી છે તે દલિતવાદ, નારીવાદ, નગરચેતના, ગ્રામચેતના, દેશીવાદ, અતિજીવનવાદ, ડાયસ્પોરા જેવા અનેક વિસ્તારો લગી વિસ્તરી છે. એ આ વાર્તાઓને જુદી પાડતું પ્રમુખ પરિબળ છે. આ નાવિન્યને કારણે નિરૂપણ પામતો પરિવેશ પણ વિશિષ્ટ છે.

આ પ્રકારના પરિવેશ માટે જવાબદાર સામાજીક - સાંસ્કૃતિક ઘટનાઓ છે. વૈશ્વિકતાની દોડમાં મોબાઈલ, ટીવી, ઈન્ટરનેટનો વપરાશ, આર્થિક - સામાજીક અસમાનતાઓ, અનામત આંદોલનો, ધર્મ આધારિત વિવાદાસ્પદ ઘટનાઓ અને આંદોલનો, રાજકીય હસ્તક્ષેપો, ગ્રામોદ્ધારની લડતો, નવી નવી કંપનીઓ, વિદેશી વસ્તુઓના વપરાશની સમાન્તરે સ્વદેશી તરફનો નકાર અને સ્વીકાર બંને તરફી વલણો વધ્યાં, ફિલ્મોમાં જાતીયતાનાં દશ્યો વધ્યાં, એક તરફ વસ્ત્રો, ખાણી–પીણી, રહેણી-કરણી વગેરેને લગતાં પુસ્તકોનો પ્રચાર-પ્રસાર થયો એ બાબતોનું માર્કેટીંગ કરવા કંપનીઓએ હોડ બકી તો બીજી તરફ પરંપરાગત સાંસ્કૃતિક બાબતો તરફ સરકારો અને સંશોધકોનું ધ્યાન ગયું. ભારત સરકારે ૧૯૯૧માં જાહેર કરેલું ગ્લોબલાઈઝેશન પ્રક્રિયામાંથી મૂર્તરૂપે આવ્યું તે મહત્ત્વનું પરિબળ બન્યું. જેની ત્રણ મુખ્ય અસરો હતી - વૈશ્વિકરણ, ખાનગીકરણ, ઉદારીકરણ.

આ તમામ પરિસ્થિતિઓના પરિણામે ગુજરાતી સાહિત્યમાં ચાલતા મુખ્ય પ્રવાહ એવા 'રૂપ' કે 'ટેક્નિક' આધારિત સર્જનોને નવા દષ્ટિકોણથી મૂલવવાનું શરૂ થયું. સાંસ્કૃતિક બાબતો સાહિત્યકૃતિમાં ક્યાં છે તેની શોધ આરંભાઈ અને એ તરફ સર્જન અને વિવેચન વળ્યાં. નવ્યઇતિહાસવાદે કૃતિનાં બાહ્ય પરિબળોની કૃતિ પર થતી અસરોને આધારે ઇતિહાસલેખન તરફ ઝોક વ્યક્ત કર્યો. બહુસંસ્કૃતિવાદે અનેકાનેક આયામોથી સર્જન વિવેચનને મૂલવવાની નેમ વ્યક્ત કરી. પરિણામે નગરચેતનાને નગરસંસ્કૃતિ તરીકે અને ગ્રામ્યચેતનાને સંસ્કૃતિના પાયાના પરિબળ તરીકે સ્વીકાર્યું. ગ્રામ્યજીવનમાં જ રહેલી વેદના, વિચ્છીન્નતા, વિવમિષા, ભેદભાવ વગેરે 'દલિત' અને 'નારી' સંજ્ઞાઓની પાછળ પ્રગટ્યાં. તો એક તરફ વતનરાગનો વર્ગ ગ્રામચેતનાને અહોભાવથી અને એન.આર.આઈ. દેશને સન્માનથી નિરૂપવા લાગ્યો. રાજકીય આંદોલનોએ ધર્મ અંગેના વિચારોને સેળભેળ કરી નાખ્યા. પરિણામે ધર્મની સ્વચ્છ છબિની શોધ તરફ ચિંતકો અને કલાકારો વળ્યા. આ ઉપરાંત કોમી રમખાણો, ભૂકંપ, પૂર, સુનામી, દુકાળ, પર્યાવરણના પ્રશ્નો જેવી કુદરતી આફતો અને અનામત આંદોલનનો ભડકો – આ બધામાંથી માનવસંબંધોની આગવી છબિ સાહિત્યમાં પડઘાવા લાગી. પરંતુ આ તમામને નિરૂપતો ગુજરાતી વાર્તાસર્જક આધુનિકતાના રૂપ આધારિત વલણને પણ ન ચૂક્યો. ટૂંકી વાર્તામાં એના ઘટકોનું સમાયોજન તો સધાતું જ રહ્યું. નિરૂપણ વિષયોમાં વિભિન્નતા આવી પણ ટૂંકી વાર્તા તો ટૂંકી વાર્તા જ રહી. બદલાતા સામાજીક સાંસ્કૃતિક પરિવેશને પરિણામે બદલાયેલી જીવનશૈલીએ ટૂંકી વાર્તાના મહત્ત્વના ઘટકતત્ત્વ પરિવેશને વધારે કાર્યસાધક માન્યો. આ સમયે બદલાતું સાંસ્કૃતિક વાતાવરણ એને રચનારી વિગતોથી વધારે ઉપકારક બનીને આલેખાતું જોવા મળે છે. ગામડું, નગર, ઓફીસ, સમાજ, સીમ વગેરે પરિવેશનાં

મહત્ત્વનાં તત્ત્વો બનીને આવ્યાં. તેથી જ પરિવેશ અનુઆધુનિક ટૂંકી વાર્તામાં નિર્ણાયક પરિબળ રહ્યું. આ ગાળાની ટૂંકી વાર્તાઓમાં આલેખાયેલા પરિવેશને સમજવા તેને આધારે વિવિધ વિભાગોમાં વર્ગીકૃત કરીને તપાસી શકાય :

- સ્થળ પરિવેશ : જેમાં ગામ ને નગર મુખ્ય સ્થળો છે. આ સ્થળોને રચતાં ખેતર, સીમ, શેરી-ફળીયું, ઓફીસ, કોલેજ, બજાર વગેરે છે.
- સામાજીક પરિવેશ : અહીં દલિત, નારી, જ્ઞાતિ, સમાજના પ્રશ્નો વગેરે રજૂ કરતો પરિવેશ છે.
- ભાવ કે વિચારનો પરિવેશ : પ્રેમ, જાતિયતા, સિદ્ધાંત, રાજકારણ વગેરેને લગતી સંજ્ઞાઓ, ભાષા વડે રચાતો પરિવેશ.
- સાંસ્કૃતિક પરિવેશ : જેમાં વિજ્ઞાન, પુરાણ, પ્રાચીન કે પુરાતન, વિદેશ વગેરેની વિગતોથી પરિવેશ રચાય છે.
- ચૈતસિક પરિવેશ : અહીં સ્વપ્ન, તરંગો, સંઘર્ષ, ભીડ, એકલતા વગેરે રચતો પરિવેશ છે.
- બોલીવિનિયોગથી રચાતો પરિવેશ : જે વિવિધ પ્રદેશોની ઓળખ લય-લહેકા, કહેવતો, રૂઢિપ્રયોગો પરંપરાગત ચીજોના નામ વગેરે દ્વારા અલગ સક્રિયતા દાખવે છે.

અનુઆધુનિક ગુજરાતી ટૂંકી વાર્તામાં સક્રિય ઘટકતત્ત્વ તરીકે આવતા આવા વિવિધતાભર્યા પરિવેશને મહત્ત્વની વાર્તાઓના ઉદાહરણો દ્વારા જોઈએ તો સમજાય કે નિરૂપણ પામતો પરિવેશ વિવિધ ભૂમિકાએ જુદી જુદી રીતે કાર્યસાધક ઘટકતત્ત્વ તરીકે આવે છે.

## પ્રકરણ – ૩ (ક)

## (૧) સ્થળ પરિવેશ

ગુજરાતી ટૂંકી વાર્તામાં આધુનિકતાના સમયગાળા દરમ્યાન ચૈતસિક અને નગરજીવનના સ્તરેથી પરાકાષ્ઠાઓ સુધીનું નિરૂપણ થયું છે. જેમાં ચિત્તના ખૂણેખાંચરે પડેલી વિવિધ સમસ્યાઓ, છૂંદાયેલા ભાવો, એકલતા, સંબંધોની તિરાડો વગેરે વ્યક્ત થયાં, પરિણામે કેટલીક વાર્તાઓ સામે દુર્બોધતાની બૂમ વધી. એવાં વિવેચનો થયાં તો માત્ર 'રૂપ' કે 'ટેકનિક' આધારિત વિવેચનો થયાં. બીજી તરફ સામાજીક સમસ્યાઓ, દેશની આર્થિક સ્થિતિઓ, ગ્રામ્યજીવન તરફનો અહોભાવ, કૌટુંબિક સંબંધોમાં વધતી જતી સ્વતંત્રતા, માર્કેટીંગ અને સંદેશાવ્યવહારના સાધનોમાં વધતો જતો

વેગ અને સ્પર્ધાત્મક વલણો, ઈલેક્ટ્રોનિક સાધનોનો વધતો વપરાશ, યુઝ એન્ડ થ્રોનો જડ બનતો જતો સિદ્ધાંત આ બધાનાં પરિણામે ક્યાંક લાગણીથી તો ક્યાંક માત્ર અહોભાવથી વાર્તાના ઘટકતત્ત્વ તરીકે સ્થળપરિવેશ વધુને વધુ સઘન રીતે ઊભરી આવ્યો. સ્થળપરિવેશ નાના નાના વર્તુળોમાં વહેંચાતાં જતાં અખબારો, તહેવારો, ધર્મો, માન્યતાઓ, ચિંતનો, ટી.વી. ચેનલો વગેરેમાં સૌ પ્રથમવાર આવ્યો. તો સાહિત્યના સર્જકે પોતાની સર્જનાત્મક દૃષ્ટિથી આલેખ્યો. ટૂંકી વાર્તાના પાત્રો અને પરિસ્થિતિને હવે કશા આધારો વગર ન મૂકતાં એને કોઈ ચોક્કસ સ્થળ પર મૂકીને સ્થળ સંદર્ભોથી જ સંચયિત કરવાનો અભિગમ મક્કમ બન્યો. મુખ્ય બે વિભાગોમાં આ સ્થળપરિવેશ વહેંચાયો છે.

- ગ્રામ પરિવેશ
- નગર પરિવેશ

ગ્રામ પરિવેશમાં ખેતર, સીમ, ફળીયું, લગ્ન સમારંભો, મૃત્યુ પ્રસંગો, ઘર, પંચાયત, કોતર, નદી, નહેર, ડુંગરા, વગડો, રીતરિવાજો વગેરે આવ્યા, પરંતુ આ તમામ વિગતો પોતપોતાના પ્રદેશની આગવી ખાસિયતો લઈને આવી જે આ પ્રમાણે વર્ગીકૃત કરી શકાય.

- પંચમહાલ, દાહોદ, વડોદરા, ખેડા, આણંદ વગેરે જીલ્લામાંથી આવેલા સર્જકો.
- ડાંગ, વલસાડ, નવસારી, સૂરત વગેરે જીલ્લાના સર્જકો.
- પાટણ, પાલનપુર, બનાસકાંઠા, સાબરકાંઠાના પ્રદેશોના સર્જકો.
- કચ્છ અને કાઠિયાવાડના સર્જકો.
- દરિયાકાંઠાના પરિવેશને નિરૂપતા સર્જકો.

આ તમામ પ્રદેશમાંથી આવતા સર્જકોએ પોતપોતાના વતન પ્રદેશના રીતરિવાજો, ખેતીવાડી અને પશુપાલન, નોકરી-ધંધો, બોલી, લોકકથાઓ, ઉખાણાં, જ્ઞાતિવિશેષો, ધાર્મિક રૂઢિઓ, સંઘર્ષો, સમસ્યાઓ, બદલાતા કૌટુંબિક અને સામાજીક સંદર્ભો, રાજકીય સંદર્ભો વગેરેને ટૂંકી વાર્તામાં સ્થળ સર્જન માટે ખપમાં લીધાં છે. જેના વડે એક વિશાળ સામાજીક - સાંસ્કૃતિક સંદર્ભ રચાય છે અને વાર્તાની સમગ્ર અસરમાં મહત્ત્વની ભૂમિકા અદા કરે છે.

બીજી રીતે જોઈએ તો અનુઆધનિકતાના સમયગાળામાં બદલાયેલાં વાર્તપ્રવાહો પરિવેશ નિરૂપણની દૃષ્ટિએ મહત્ત્વનું પ્રદાન કરતા વાર્તાકારો આ પ્રમાણે છે. જેમાં અનુઆધુનિકતાનાં યુગચિન્હો જોવા મળે છે.

- આગવી અનુઆધુનિકતા વડે પરંપરાને વધુ સઘન બનાવવાની મથામણ કરતા વાર્તાકારો – મોહન પરમાર, કિરીટ દુધાત, નાઝીર મનસૂરી, મણિલાલ હ. પટેલ, અજિત ઠાકોર, રમેશ ર. દવે, કાનજી પટેલ, રઘુવીર ચૌધરી વગેરે...
- આધુનિકતાને નિરૂપણ શૈલીથી સંવર્ધન કરતા અને અનુઆધુનિકનાં પણ લક્ષણો ધરાવતા વાર્તાકારો – શિરીષ પંચાલ, સુમન શાહ, હરીશ નાગ્રેચા, બાબુ સુથાર, રાધેશ્યામ શર્મા, કિશોર જાદવ વગેરેની કેટલીક વાર્તાઓ.
- ઉપરોક્ત બન્ને છેડાથી અલગ પડીને માત્ર દલિત આંદોલનનો જ સૂર પ્રગટાવતા વાર્તાકારો – હરીશ મંગલમ્, દલપત ચૌહાણ, ધરમાભાઈ શ્રીમાળી, પ્રવીણ ગઢવી વગેરે.
- માત્ર નારીવાદી પ્રશ્નોને રજુ કરતા વાર્તાકારો – હિમાંશી શેલત, ધીરુબેન પટેલ, ઈલા આરબ મહેતા, કુંદનિકા કાપડિયા, બિંદુ ભટ્ટ વગેરે
- ઉપરોક્ત તમામ વાર્તાકારોએ આરંભેલી અનુઆધુનિકતાને સઘન રીતે આલેખતા વાર્તાકારો – દશરથ પરમાર, માવજી મહેશ્વરી, સંજય ચૌહાણ

આ રીતે અનુઆધુનિક વાર્તા સાહિત્યમાં સ્થળ પરિવેશની સક્રિયતાનું નિરૂપણ વિવિધ રીતે જોઈ શકાય. પરંતુ અહીં સ્થળ પરિવેશને ગ્રામ પરિવેશ અને નગર પરિવેશ એવા મુખ્ય બે વિભાગોમાં વહેંચીને જોઈએ.

## ગ્રામીણ પરિવેશ

**મણિલાલ હ. પટેલે** ચારેય વાર્તાસંગ્રહોમાં વાર્તાસ્થળ તરીકે નર્યું ગામડું આલેખ્યું છે. નગર આવે છે ત્યાં પણ ગ્રામપરિવેશ તરફનો ઝુરાપો કે અભાવ વ્યક્ત કરતું નગરસંવેદન આવે છે. ખેતી, સામાજીક સમસ્યાઓ, જાતીયતા, શિક્ષણના પ્રશ્નો, ગામ છોડી ગયેલા પાત્રોના વતન ઝુરાપા વગેરે વિષયો પંચમહાલના ખાસ કરીને ખેતી અને પશુપાલન સાથે જીવતી પટેલ જ્ઞાતિના વિશેષો આ વાર્તાઓમાં જોવા મળે.

'રાતવાસો' (જાન્યુઆરી ૧૯૯૪)ની તમામ (૧૯) વાર્તાઓનું સ્થળ ગામડું છે. વ્યક્તિગત સંવેદનની ધાર કાઢવા તેમણે પ્રતીકાત્મક બનતી કોઈ એક વિગતને વણી છે. જેમકે, પીપળો, જાંબુ, ચીડો વગેરે જ્યારે આખા સમાજની વિશિષ્ટ સમસ્યા આલેખવા ઘર, ખેતર, ફળીયું, સીમ લગી પહોંચ્યા છે. જ્યાં મુખ્યભાવની પુષ્ટિ થતી જાય છે. ત્યાં વિગતો ઉમેરાતી જાય છે અને ગામડું સ્થળ પરિવેશ તરીકે ઉપસે છે.

'પીપળો' વાર્તામાં પીપળાના વૃક્ષના વિવિધ રૂપોની આડશે સતિયાનાં જીવનનો ચઢાવ-ઊતાર મળે છે.

ચાળીસ ઘરનું ગામ. ગામ છેવાડે ઘર. ઘર પછીતે ટેકરી. ટેકરી નીચે ચરો. ચરામાં મોટું પીપળાનું ઝાડ, પેઢીઓથી ઊભેલો એ ખખડધજ પીપળો એક રાતે અચાનક પડી ગયો. આડોસોત, ધરાશાયી યોદ્ધા જેવો એ પીપળો પડી ગયો.

અહીંથી આરંભાતો પીપળો ભૂતકાળ, વર્તમાનમાં ગતિ કરે છે, જે સતિયાનું જીવન – દર્પણ છે.

પીપળો, પેઢીના ઘણીઘોરી જેવો, ચત્તોપાટ, પીળા પરચક તડકામાં એની કૂંપળો ચસકતી, આકાશના પેટમાં ઘોંચાતા તીર જેવી એની ટોચ, પીપળામાં ફડફડી રહેતાં પાંદડાં, પીપળા નીચે અંધારામાં બે ઓળાની બાઝંબાઝી, પીપળાની ટોચ અંધારામાં હાલે, પીપળાની ટોચે ઘૂવડ, પીપળો તડકામાં વૃક્ષ જેવું વૃક્ષ, રાતે ચૂડેલ વંતરીનાં ઝાંઝર ખણકે, પીપળા પર સફેદ વસ્ત્રધારી માણસ, મરણ સરાવવામાં વપરાતાં એનાં પાંદડાં, એક જ ડાળખી ને ત્રણ પાંદડામાંનું વચલું ટટ્ટાર ભાલાની જેમ તાકતું, ગીધોની કાળી કાળી હગાર, અડોસાતો પીપળો, પીપળાના થડમાં રાફડા, પીપળાના માથે ગીધ ચકરાવા લે, ટોચે ધીમું ધીમું ક્રંદી રહેલાં ગીધો, સૂંડલીમાં પોદળા વીણતી શીતલી, અંગે અંગે આગ, પીપળા પરનાં ગીધોની ક્રિડા, પીપળાના પાન ખોબામાં લઈ દૂધ-દહીંની ધાર, દર્પણમાં મૂંડેલુ માથું, આડા પડેલા પીપળાના થડ પાસે બીજો ફણગો ઊભો સોટા જેવો ચમકતો.

સતીયાના બાળપણના, પ્રેમના, કામેચ્છાના, પિતાના મૃત્યુથી નિરાધારતાના અને આશાના ભાવો વાડાના પીપળા સાથે વણાયા છે. 'જાંબુ'માં જાંબુના વૃક્ષ અને ફળ સાથે જોડાયેલું રાજીનું સંવેદન નારીવાદી નહીં પણ નારી ભાવને અરમાનો, એષણાઓ સહજ દુઃખો, અકસ્માતો વગેરેને વ્યક્ત કરે છે.

- આંગણ, ઓટલો, પડસાળે, ફળીયે ઊભું રહી ગયેલું ગામ ટાઢુંબોળ અને ઢીલુંઢસ પડી ગયેલું.

જાંબુના ઝાડ નીચે ઘરમાં જડવા માટે આણેલા પથ્થરોની થપ્પીઓ, રોટલા, દાદાના વાડામાં આંગણાની પડખે કૂવાની ધારે ને ઉકરડે જાંબુના લહેરાતાં ઝાડવાં, મીઠા ઊતરતાં પાકતાં જાંબુ, ઝીણાં પણ સ્વાદમાં સાકર જેવાં જાંબુ, પહેલે આણે લાવેલી મીઠાંમધ જાંબુની પોટલી, સાસરીની વાટ ખાસ્સી લાંબી લાગે, કાળાં કલદાર જાંબુ પોટલી, કૃષ્ણ માટે સુદામાની તાંદુલની પોટલી, જાંબુમાં પશાનો ભાગ, કંકુ, ચોખા, સવા રૂપિયો, ખારેક, સોપારી અને જમાઈ માટેનું માદળિયું (ગામમાં રીંછ લઈને આવેલા બાવા પાસેથી લીધેલું, મંતર મારેલું), મેળામાંથી પતિ સુખાએ વ્હોરીને પ્રેમની

પ્હેલી નિશાની રૂપે ભેટ આપેલા ફૂલાળા રૂમાલમાં જાંબુ, પિયર પોટલી, જાંબુ જેવી લાગતી રાજી, હેત હાર્યે વધતો ફાલતો વાડાનો જાંબુડો, કૌરવ-પાંડવની આંબલી પીપળીવાળી રમત જાંબુડાના ડાળે, મૂળસોતું થડીયું ખોદાવ્યું, ખાલી જગામાં ઘાસફૂસિયા મેડી, જાંબુ નહીં ખાવાનું વ્રત, વાસીદાં, વાસણ કપડાં, વગડોને સીમ વ્હાલાં, બાર બાર વરહથી વરત, ઘેલાના સોગનનાં જાંબુ, હોકો, સુખાના કરે પડેલાં જાંબુડાનાં વરસો જૂનાં લાકડાંની ચેહ, જાંબુના ઠળિયામાંથી જાંબુ ઊગવાની આશા.

વાર્તામાં જાંબુના બદલાતા અર્થો સાથે ભાવોનું સંધાન રચાય છે. એક પરિવાર સાથે વણાયેલું વૃક્ષ 'વૃક્ષાલોક' લખનારને ફળે છે. કૃતિ સંઘેડાઊતાર બને છે.

'ચીડો' વાર્તા મા-દીકરીની જાતિય ઈચ્છાઓના વિવિધ રૂપો પ્રગટાવે છે. ચીડા સાથે જોડાયેલું ખેડૂ જીવન એ સંદર્ભે જાતિયતાના વિવિધ રૂપોને... સૂક્ષ્મ આવેગોને પણ પ્રગટાવે છે.

ટેકટરથી શેડાય તોય ના જતો ચીડો, માટીમાં અમી હોય તાં હુદી ના હૂકાતી એની ગાંઠ, દેવતાને એનો ભોગ, તાચીને બેઠેલાં લોક હૌનાં હેતરોમાં ચીડો, ઉપર ગરમી ભોંયનો બાફને માંહ્યના બળાપા, મનમાં કાંક ફૂટે, નીંદામણ બોકન્દાનો છોડ, નકામું ખહલું, બારે મઈના ચીડો, ચીડો ઘોઈ ઘોઈને નીતારવો, કરવડી વડે ચીડો ઉખાડી આલે, માથોડું મકાઈમાં ચીડો ઉપાડે, અણીદાર ચીડો પેન્સિલ જેવું ભોંકાતો, છટાદાર અણિયાળી લીલીકચ પાનઠો વગેરે વડે સંદર્ભાતા જતા શારીરિક ભાવો. ઉપરાંત સંવાદો અને વર્ણનવાક્યોમાં પણ જાતિય ભાવોનું યોગ્ય નિરૂપણ થયું છે. કેટલાંક ઉદાહરણો :

- કરવડી મેલાઈને બે વારકો તો કરપાયો, પણ માથેથી વરહાદ મટે તો હુકાયને ? ભેંનામાં તો એને ફાવતું જડે. છાંટે અડ્યો નથી કે ફૂટ્યો નથી. ઉં તો નેંદી નેંહી ને થાયી
- ખહલાની જાત્ય આદમી જેવી. ભેજ ભાળ્યો કે તરત મૂળ નાશ્યું જાણો, આપણે તો નેંદાય તાં હુદી નેંદવાનું. લીલીહુકી તો સાલ્યા કરવાની
- મૂળ હોતો ઊપડી જાય એમ પકડીને ખેંચી કાઢવાનો, ટુંપાઈ જાય તો ફેરવારકો ફૂટ્યા વના નઈ રહેવાનો
- ભૂરીને તાજા લીલાછમ ટટ્ટાર પાનઠોવાળા ચીડાના છોડની હારોમાં કસરત માટે ઊભેલા છોકરાઓની ભ્રમણા થઈ. ટટ્ટાર ચીડાની ભણી અણી પર એણે ઓચમતો પગ દાબ્યો... અણી ખૂંચવાને બદલે વળી ગઈ. શરીર પરસેવે તર. તડકો કરડતો લાગે છે.
- શેઢાના ઘાસને પંપાળતી પસવારતી ઘાસમાં ખોવાઈ જાય છે. વાડે, પડતરે, વગડે, પથરાળી ટેકરી ને માથે પણ ઘાસ ઘાસ...ભૂમહું, બાવચી, ગંધીલું, લાંબડું, કરકડિયું,

ગોબરકલાર, લોય – ભાત – ભાતનું ઘાસ. દરેકનો તોર જુદો. રૂપ, રંગ, ગંધ નોખાં. એય મનેખ જેવું.

- હમણાં જ પીવાઈ ગયેલી બીડીની વાસ ફરી વળી. ઝાંખા અજવાળામાં ટોપલાનો ચીડો ચીમળાયેલો ભેંસની ગમાણમાં અડધો ખવાયેલો વેરવિખેર તંદ્રામાં ક્યાંય સુધી ચીડો ટૂંપતી રહી.
- પશાભૈ એ ઉખેડેલી ચીડો તથા એની ગાંઠો ખોળી ખોળીને બા ભેગાં કરતી'તી. નવી નવી ગાંઠો નીકળતી જતી'તી.

'નાગપાંચમ' વાર્તામાં પતિવિરહ ભોગવતી તખલીને સસરો ભોગવે છે પણ તખલીની કામેચ્છા દર્શાવતી વિગતો વાર્તા સ્થળને જીવંત બનાવે છે.

શેઢાના ઘાસ પર સપાટામાં ફરતું દાતરડું, ટાઢો થવા અકળાતો તાપ, ભીની ભોંય, તરસી, ફેંણ માંડીને બેઠું થઈ જતું લોહી, મધરાતથી બેફાટ રેંકતી ભેંસ, પૂળેટી, પડખામાં બાજરીના ખેતરમાં હાથહાથ લાંબા ડોલતાં બાજરિયાં, સસરાની ભૂખી ડાંસ નજર, ભીંજાઈ ગયેલા ડુંગરોની પેલે પાર મહીસાગરને કાંઠે એનું પિયર, ધોધમાર વરસાદમાં પલળવાનું એનું મન, હાડા, વરસાદથી ધરાયેલી ધરતી, ફુંગરાતો જીવ, ડેરો, સીમમાં દોડાદોડ કરતા બપોરના તડકાછાંયડા, અમદાવાદની બંધ મીલ, અમદાવાદમાં લ્હેર પાણી ભજિયાં ભેળાડ, પથ્થર વાગે ને લોર આવે, નિસરણી, દાતરડું, મકાઈનો છોડ તખસીના ભાવોનું નિરૂપણ વર્ણનવાક્યો અને સંવાદોમાં સરસ થયું છે.

- ફળિયાને ત્રિભેટે ચોમાસની ભીની માટી પગ પર થાપીને બેઉ રૂડું રૂપાળું ઘર બનાવતાં, સાંજનાં પીળાં સગડીઓથી એને શણગારતાં ને વરવહુની રમત રમતાં
- તરસે પારેવાની જોડ...મેહુલો ગાજે સમી સાંજનો.
- બાજરિયે રેડ લાગી રે જોવનપરનું બાજરીયું.
- ચારેબાજુ લીલછાઈ ગયેલાં સીમસીમાડો. વરસાદથી ધરાયેલી ધરતી નિરાંત જીવે સૂતી ભળાઈ. આ પાસેની ટેકરીઓ અને ખાળ ભરતું વાઘું ટેકરીઓના ભીના ઘાસમાં ગબડી ગબડીને વાંઘામાં આળોટવા આજે તખલીનો જીવ ફૂંગરાતો હતો. પલળેલાં ઝાડવા, રળિયામળું ગામ – તળાવ ને આથમણી નાગધરા... નાનકડી નદી.
- પારકા ડોડા ખાવામાં ચ્યાંક તમારા હેતરનાં ડોડા ભેળાઈ ના જાય એ જો જો ખાસ, આ તો ખાખરિયું ગાંમ સે.

- સાપના ઝેર જેવી લીલીકચ મકાઈના છોડ કચરાઈ ગયાહતા. ડોડા તૂટી ગયાને ભોંય વલૂરાઈ ગોડાઈ ગઈ હતી.

'કાંચળી' વાર્તામાં ઠકરાણીની કામવાસના ઘર, ગામ અને બાથરૂમમાંથી દેખાતા દશ્યોની પડછે ઝિલાઈ છે. ભેંસ, પાડો, પાણીદાર ઘોડી અને સાપની કાંચળી બળકટ ઉદ્દીપકો સાબિત થયાં છે.

સીસોટીના લયમાં ઊંચોનીચો થતો અવાજ, નાભિની પણછ, લાલહિંગળોક કાચની બંગડીઓ, તારસ્વરે વાગતી સિસોટી, પડાળની વળીઓમાં ભરાઈ ગયેલી કાળીડિબાંગ સાપણ, ભાલાની અણી, ભાલાનો ફણો, કાયામાં દબાઈ જવાની કસક, નાવણિયાના જાળીયામાંથી અંગો તંગ કરતો દેખાતો પાડો, દવાખાનું, પાલતું ઘોડી પર પણ ચઢવાનું મોડી વાળતા બાપુ, શણગારેલી ડમણી,ઘમ્મરઘટ્ટ થયેલી લીમડી જેવી કાયા, વળ ખાતા સાપ જેવો ચોટલો, દર્પણ પર પડદો, હાપના લીહોટા, આભલા ભરેલી લાલચોળ કાંચળી, પવનમાં ચક્કર ભમ્મર ફરતા મોર, ચૂને ધોળેલી ધોળીબખ મેડી, નળિયાંવાળાં પડાળિયાં ઘરો, તાંબા પિત્તળ કાચ અને ચિનાઈ માટીના વાસણોથી છાજલીઓ – પીડો અને અંદરના ઓરડા- મજૂસોનો ઝગમગાટ, ભીતો – તળિયાં – માળિયાં – જાળિયાં ચોખ્ખું ચણાક, સોનેરી રૂપેરી રંગોમાં હસતી ઝાકઝમાળ મઝૂસોમાં ચળકતી જણસો, મેડીની મહેફિલો, બે પા-ની ગરમી ભોંયની અને માંયની, ખંડિત થતી વાસણોની હારમાળાઓ, તલવારો મ્યાન, ખેતરો ખતપત્રે, મેડીની ભીંતો પરથી ખરતા જતા પોપડા, રોટલા, છાતીમાં ગળુ ફૂલાવી ઘૂ ઘૂ કરતો કબૂતર, કાંચળીમાં જાગેલો સળવળાટ, ચચરાટ, બેનાળી બંદુક, હવે કૂવા કાંઠે પટલાણીઓ જોડે ખનકતાં નવાં બાનાં કંકણ – ઝાંઝર, નાવણિયું, ચૂલાની રાખ ઠલવાતીતી ત્યાં જાનવરના લિસોટા, ગામગોંદરે શિવમંદિર, રાતું કાળું અંધારું, ઊંડે ઊંડે હણહણતું તળાવ, ગૂંદાતું અંધારું, સાપે ઊતારેલી કાંચળી...

નવાં બાના શારીરિક તરસની તૃપ્તિ સુધીના નાના નાના ભાવોને સર્જકે આ વીગતોથી સુપેરે વણી લીધા છે.

'બદલી' વાર્તામાં માસ્તર અને અંબાના સંબંધો માત્ર શારીરિક ન રહેતાં હૂંફ બને છે. ગામ અને સીમ અહીં સ્થળ છે.

બપોરિયું ગાળવા ખેતરેથી ઘર ઢાળું થતું ગામ, પાકવા આવેલી મકાઈ ઓતરા - ચીતરાના તડકા દેમાર, પછોતરી મકાઈના કુણા - કાચ છોડ આકરા તાપમાં વિલાયેલા, કોક ભાંગી પડેલા અડધેથી, દાતરડું – બન્ધિયો, ભેંકાર વગડો, સીમાડે મોકળો થતો ઘરમાં ગૂંગળાતો જીવ, મોસમ આવે ને ઝાડ ફૂટે, ઓલવાઈ જતું હસવું, નંદવાતું મન, પથ્થર કાળજાં, ચપટીક પુણ્ય, ભાંગતું ઘર, પાકવા

આવેલી સીમ માથે વેરાયેલો તડકો, ચત્તોપાટ પડેલો સૂનકાર, પીખી પડવા આવેલી મકાઈના છોડની પાનઠો, ફૂટ્યા કરમ, બસનો ઘમકારો, ખરે તડકે વિલાપ...

અને આ બે દશ્યો –

- તડકા વચ્ચે ઢગલા જેવી પડેલી અંબા.
- આંસું રૂંધાવાને બહાને મકાઈના અડધેથી ભાંગી પડેલા છોડને ટટ્ટાર કરવા મથતો રેવજી.

'રાતવાસો', 'ખડકી' અને 'ડમરી' ગામડાના પરિવારની સમસ્યાઓ સાથે જોડાય છે. એટલે ઘર, ફળિયું, સીમ-ખેતરના પરિવેશમાં મૂકાય છે.

ચોપાડ, છાણામાં ઠારેલો ને ધૂમાડે ચડેલો દેવતા, પરાયા ગામ જેવું લાગતું પિયર, કજળતું અજવાળું, દીવાની ટોચ જેવો આઘોપાછો થતો જીવ, મોઢા પર લીંપાતું અજવાળું, વાઘણના ખોંખારા, થોરની વાડમાં મોટાં મોટાં છીંડાં, વાડો પર શોભી રહેતા વેલાઓ સુકાયેલા, ચૂલે તબડતી કઢી, નર્યા ઘીનો શીરો, છોડ, ડબ્બા, લીલ બાઝેલા પાણીમાં સાપ, પોદળા, આંબે મ્હોર, મરવા, આંબલીઓની કતારો, અંધારું ગરમ લ્હાય, દાતણ, છીંડાં, વાડો ઉજ્જડ વેરાન, શાંતાની આંખોમાં દીવા જેવા આંસું, નેળિયું, માથે ચૈત્રનો ચકચકતો તડકો, બારી બારણાં, મોતી, પાટડા, કુંભીઓ, ભેંતા, રોવટીઓ, ચોપાડ, પરસાળ, છાંટાંમાંથી છાંટો ઘી-દૂધ, ફાડમાંથી ચોથિયું રોટલો, થાપેલી ભેંત્યો, ઉતારેલા ઓયડા, ઉબકા આવે એવી ગંદકી, જૂના ઘરના કરામાં તીરાડ, સરપંચનું ટ્રેક્ટર, ભેલાઈ ગયેલી આંબા પરની કેરીઓ, સાડલો, સીમની વાવ, ડુંગરામાં ખાડા, ઘનના ચરુ, કરમ જેવાં કાણાં ખિસ્સા, નવી ભાતે સીવેલાં લૂગડાં, ચઢતી આંધી, ઉડુ ઉડુ થતું છાપરું,ફળિયામાં દેકારો, વિલાયતી નળીયા, રેલવે સ્ટેશન, ખટારો, વિમાનો અને વાહનોની વાતો વગેરે...

આ વાર્તાઓમાં આવતાં વર્ણનવાક્યો પરિવેશ રચવામાં મહત્ત્વનાં પૂરવાર થાય છે. વાર્તાના ભાવને ધીરે ધીરે પુષ્ટ કરતાં આવાં વાક્યો ભાષાને પણ સંવર્ધન આપતા જાય છે.

- આથમતા સૂરજનાં રાતાં રાતાં અજવાળાં બારણે બારીએ થઈને ડુંગરા એવડા ઘરમાં ફરી વળ્યાં હતાં.
- પીળું અજવાળું ઘરમાં લીંપાઈ ગયું.
- પરાળની ઓગલીઓ અંધારાના ડુંગરાના ડુંગરા થઈ થઈ વાલીને ઘેરતી હતી.
- રાતી ગારથી લીંપેલી ભીંતોવાળું ઘર. ભોંયતળિયે મોટી મોટી ઓકળિયો. માના હાથનું હેત એમાંથી જાણે પગને અડકેને અંદર પેસે. કાળજે જઈ બેસે. મોટી ચોપાડ, મક્તાવાળું ત્રીજ્યું ભેંત્યું, લાંબી પડસાળ, આગળ પાછળ બબ્બે, રસોડાંનીઓ, નિશાળવાડો,

ઢોરભર્યું આંગણું. સામે ત્રિભેટે કૂવો, ઘરને કરેથી નીકળે ધોરીવાટ. ગામના નાક જેવું, પેસતા જ પાધરું ઘર, ઘર મોભાદાર, રસ્તાને માથે, ને ચાની તાવડી ને હુક્કો બીડી કાયમ તપરાં ને તાજાં.

- ઝાંખા કાચમાંથી આવતો બપોરનો તડકો પણ દઝાડતો હતો. સીમ સૂની હતી, કાગડો વેરાન. ફૂલો ખર્યા પછીની શીમળાની ડાળો પાંસળીઓ જેવી લાગવાથી એ વૃક્ષો હાડપિંજર જેવાં દેખાતાં હતાં.
- શટલ ખીચોખીચ ભરાઈ ગયું હતું. ઝાંખા ચ્હેરાઓને મેલાં લૂગડાં. મોટેથી થતી વાતો. શ્વાસ અને પરસેવાની દુર્ગંધ. બસનો કાન તોડ ખખડાટ. ટેકરીઓના ચઢતા ઊતરતા ઢાળમાં લાગતું હતું કે બસ હમણાં ફંગોળાઈ જશે. (ગામડાની નજરે નગર)
- પાદરનો કૂવો વપરાશ વગર અવાવરુ તૂટેલી વંડીને ભાંગેલું ઉરું...પાસેનો વડ પણ પાંખો થઈ ગયેલો.
- દરેક ભર્યાં ફળિયામાંથી એકાદ એકાદ ઘર ઊઠી ગયું છે. કોઈ મોભી સ્વજન ગુજરી ગયા પછીના જેવું ઘર. ફળિયાં ઉદાસ છે. સૂતી ઘરથાળે આકડિયા ઉગી નીકળ્યા છે. દોઢીનો દરવાજો જમીનદોસ્ત થઈ ગયો છે. દરબારની ડેલી બેવડ વળીને પડવાને વાંકે ઊભી છે. હવે અફીણ કસુંબા નથી ઘોળાતાં. વચલે ફળિયે ભાયરામનાં ઓટલા, પડસાળો ખાલીખમ પડ્યા છે. બેઠકો નથી થતી, ઢોલ નથી વાગતા, ટોળીના વરઘોડા નથી નીકળતા ઊભી વાટે, ફૂલેકાં ફળિયા વિના ક્યાં ફરે હવે ? ધૂળ, ધૂળેટીને ઘારો રમનારાં ક્યાં છે, પત્તે રમતાં છોકરાંને રાતની મંડળીઓ.
- મોભ ઊતરી ગયા હતા. વર્ષોએ ઢાંકેલી દીવાલો ઉઘાડી પડી ગઈ હતી. પાટડા જતાં કુંભીઓ એકલી નિઃસહાય રક્ષકના પાઠમાં ઊભી હતી. બારી બારણાં નીકળતાં હતાં. દીવાલોમાં ગાબડાં, માળાઓ વીંખાતા હતા. ખાલી કોઠારો ખુલ્લા થઈ ગયા હતા. રસોડામાં કાળમુખો, ચૂલા બળતા હતા. ભેંસોના ખાણનાં ગોરિયાં ભાંગી ગયેલાં પડ્યાં હતાં. જૂનાં પેટીઓ, પટાર, કબાટો, મજૂસ, કોઠલા, ખાટલા, ધૂળ ખાતી ગોદડીઓ, થાળું ભાંગી ઘંટીઓ, કાનતૂટ્યાં એંઠવાડનાં કૂંડાં, દહીંની દોણીઓ, ચીકટાં થયેલાં શીકાં, જૂના કુલ્લા, આલિયા, ગોખલા કોઢિયાના ખાડા, ઝંખવાયેલા ખડપૂળા, રોટલાઓ ઘડી ઘડીને કાણી થઈ ગયેલી જાડા લાકડાની કથ્થાની કથરોટો..
- બારીમાંથી સૂસવતો વાયરો રામજીની છાતીમાં ચાબખાની જેમ વાગતો રહેલો
- ફૂંકાતા વાયરામાં ગામ તણખલું તણખલું થઈને ઊડતું હતું

- રડ્યા ખડ્યા એકાદ બે પેસેન્જરો પણ ઠૂંઠાં વૃક્ષના છાયા જેવા બેઠેલાં હતાં

આ વર્ણનવાક્યો દ્વારા ગામડું, ગ્રામજીવન, સમયના બદલાવ સાથે વિખેરાતાં ઘર-ગામ અને તેની સાથે જોડાતા નાયકનાં લગાવ, સંવેદન, વેદના વગેરે વ્યક્ત થતાં જાય છે.

'પી.ટી.સી. થયેલી વહુ' 'ફારગતી' 'અંતર' 'બાંધી મુઠ્ઠી' 'દોઢીમાં' આ વાર્તાઓ સામાજિક વ્યવસ્થાઓ સામે ઊભી છે. સમાજ બહાર રહેતા અને સમાજમાં રહેતા માણસોના જીવનસંઘર્ષ ગામડાનાં સીમ-ખેતર-શેઢે અથવા નગરમાં રહીને સમાજસંઘર્ષને અનુભવાતા બતાવ્યા છે. સ્થળોને જીવંત બનાવતી વિગતો વાર્તાને ઘડે છે.

ઘર-ખેતર, કોડિયામાં બાંધેલા બળદ, ખહલું, ભાથી ખતરી, થડથી વળગેલો વેલો, ફળિયામાં ભેંકાર તડકો, છાણમાં કીડા, કૂવેચની જાત, ઘઉં-ચણાના ખેતરોમાં ફરતાં દાતરડાં, નેંહાળ્યો પર પૂળો, તળાવનું પાણી, ઘાઘરી પોલકાવાળી છોકરીઓ, મધવાસના મેળા, સાઈકલ કે લૂના પર ડબલ સવારી, લુણાવાડાનું બજાર, સિનેમા, અંધારામાં ગલીપચી, વગડાવાટ, સ્કુટર-ટ્રેક્ટર, ગુંદર, લીલી ગોદળીઓ, રાતાં લૂગડાં, ચાના પ્યાલા, બબ્બે મણના લાડવા, ગાંધી ટોપી, હળોતરું, ડુંગરોની પાર પન્નાનું ગામ, પાંચમું પડસાળ, ગરમાળા - ગુલમહોર જેવાં 'શહેરી તરુવરો', ચાર ચોપડી, માટીના વાહણ, નાટકસિનેમા, ચાબુક, રૂપેરી હુક્કા, જળોની જેમ બધું વળગેલું, ઓશિયાળો રોટલો, પાણીમાં બાફેલો લોટ, ચૂલો ફૂંકીને રાતીચોળ થઈ જતી આંખો, શૂળની જેમ ફરતું ગામનું સ્મરણ, રેતીમાં સુવડાવેલાં શબ જેવું ગામ, આંગણે ઓટલો થઈ જવું, આથમતા સૂરજનાં આછાં અજવાળાં, શિયાળાનું ઉંવા એ ઉંવા, પાટડા પર ટીંગાતી છબીઓ પાછળ ચકલીઓના માળા, ભેંસ માટે ખાણ, ગોરિયામાંથી નીકળતો ધૂમાડો, કાળી કંથેરના કપાઈ ગયેલાં જાળાં, બળતણમાં વેખલાં ત્રાજવાં, ફાટવા આવેલા દૂધની ખટાશ, ઘર લીંપવાની આંગણું પૂરવાની માટી, પારિજાત વગેરે......પાત્રસંવેદનને એની સંસ્કૃતિનું બનાવે છે. જીવનશૈલી દર્શાવે છે. પાત્ર ભાવને ઘડે છે.

આ વાર્તાઓમાં આવતા સંવાદો અને વર્ણનો દ્વારા પાત્રની મનોદશાને આકાર મળે છે.

- શિયાળો ઊતરીને બપોરી વેળામાં ઉનાળો પેસતો હતો. ઘર પાસેનો શીમળો રાતાંગલ ફૂલોથી ખળભળી ઊઠ્યો હતો.
- ચોપાડમાં અનેક ખાલી ખાટલાઓ પથરાયેલ પડ્યા હતા, જ્યારે કાંતિ એક ખાટલાના ઓશિકે રકાબીમાં મૂકેલા કંકુચોખા અને રોકડ રૂપિયાની આરપાર એકીટસે તાકી રહ્યો હતો..

SMT. HANSA MEHTA LIBRARY

- પડસાળ - ચોપાડને ઘાબું, તથા પાછળ થોડું નળિયેરી, રસોડું કોઠાર- ઓઢિયું ને ઘાસમાળો માટે પડાળિયું પાછળ ખેંચેલું.
- ચરામાં ફૂલે ચડેલા શૂળિયા બાવળ મારી આંખોમાં અણિયાળું સળવળે છે. કાલે ત્યા કળશ્યો ઢોળવા ગયેલો ત્યારે કેટલી બધી સુગરીઓને માળા બાંધતી જોઈ રહ્યો તો. એમનો કલ્લોલ સાંજને સુંવાળી બનાવતો અનુભવાયેલો.
- ગિલોડીનો વેલો એની ઋતુ આવી કે તતડી ઉઠ્યો છે. એના લીલાછમ વેલાને ચઢવા માટે ખેડૂ ફળિયાં રોપે છે. વાલોળ પાપડીના વેલા સુકાઈ ગયા છે, હવે એની મોસમ ગઈ. એ વેલાઓને ખેડૂએ તાંતડે નાખ્યા છે. એનાં કળિયાં હવે ગિલોડીનો આધાર બનશે.
- ઊંચી શેરીનાં હારબંધ મકાનો શાંતિ ગાતાં ઊભાં છે. એને ચીરતો મોટરસાઈકલનો વકરેલો અવાજ ઉગમણે બારણે આવીને બૂઝાઈ જાય છે. -
- સામી દીવાલે તડકા ચાબુક સબોડતા આંટા મારે છે -
- હું ઘૂઘવતા દરિયા વચ્ચે ટાપુ જેમ શાંત બેઠો છું. લાકડાં કોરનારો કાળો ભમરો કુંભીમાંથી અચાનક નીકળી ઘરમાં ગૂનગૂનતો ઊડવા લાગ્યો છે. પેલી ટેકરી પાછી મારામાં આઘીપાછી થઈ રહી છે.
- બીજ-ત્રીજના ચંદ્ર જેવી ઊજળી અને હારબંધ હસતી ઓકળિયો હવે રહી નથી. ઘરમાં જડાઈ ગયા છે સપાટ પથરા, દરેકના ચહેરા ઉપર પણ.
- વરસ પહેલાં કરામાં પડેલી નાની અમથી તિરાડ હવે ખાસી મોટી થઈ ગઈ હતી એને પુરાવી ના લેવાય ?
- ગોળ ચણેલા ચોરા વચ્ચે પીપળ ઊભેલી. એનાં ઘરડાં લાકડાનો જીર્ણ ગલ્લો, ખવાઈ ગયેલાં પાંદડાં ચત્તાપાટ પડેલાં.
- ખાલી ઝરુખાઓનાં કમાડો ખટાક ખટાક કરીને ડરાવતાં હતાં. ઉડતાં પતરાં રાક્ષસની જેમ ખાઉં ખાઉં કરતાં અથડાતાં કૂટાતાં રહેલાં.

વાર્તાસંગ્રહ હેલી (ઓગસ્ટ – ૧૯૯૫)ની અઢાર વાર્તાઓમાંથી સાતેક વાર્તાઓ ગામસ્થળમાં આકાર લે છે. નગરવાસીના પાત્રોમાં ક્યાંક ગ્રામસંવેદનો વર્તાય તો લેખકની નિરૂપણ શૈલીમાં પણ નગરસ્થળની વાર્તા હોવા છતાં કથક ગામડાનો લાગે એવું બને. ગામસ્થળમાં નિરૂપાયેલી વાર્તાઓમાં મોટેભાગે એકાકી પાત્રોની વાર્તાઓ છે. 'હેલી'માં પડસાળે બેઠેલા મથુરકાકા

'અશ્રુઘર'ના ગલાકાકાનું જાણે પૂર્ણ રૂપ છે. ભૂતકાળમાં સરી પડતા મથુરકાકાની જીવનચેતનામાં ગામડું હાડેહાડમાં વણાયું છે.

ઝરમરિયો વરસાદ, પડિયા-પતરાળા, નીંદવા-ગોડવાનું, વાઢણા, ઢોર માટેની લીલી ચાર, ટંકનો રોટલો, હળનો છેડો, હેલીમાં હવાઈ ગયેલાં ખાખરાના સુકાં પાન, સળીના ટાંકા, કટાઈ ગયેલું ચપ્પું, હોકલી-હુક્કો-હોકો (એવાં જુદાં જુદાં નામો કથકની મર્યાદારૂપ), જીરણ લૂગડાં, ખાલી પડસાળ, જૂના કાકમનો ભોટવો, અવાવરુ વાસ, કોઢિયું, પછીત, તાકા, આળિયા, ગોખલા, શીકાં, પડસાળમાં ખંડાતી તમાકુની જુગ જૂની વાસ, જેજીનાં પાનની બીડીનું ગજું નહી, ધુમાડા – ઝરમર હેલી અને પેલી વાદળીઓ બધું એકાકાર, કાદવ-ગારા, લીલાઉબ ને કાળા લાળા, બુન્દી – જલેબી, મુખમાં મૂકવાનું ગંગાજળ,કબાટની જણસો, ચાંદી અને રોકડ રૂપિયા, ઘાસ-પાણી, મોટું જીર્ણ-જર્જર ઘર, ખાંયણી-આંબેલીને હોકલી, હવડવાસને ખંડાતી તમાકુ ગડડગડ...ગડડગડ, ભીની માટી જેવાં લથબથ અંધારા વગેરેમાં વૃદ્ધાવસ્થાની કરુણતા, એકલતા, નિરાધારતા, સમગ્ર જીવનસંઘર્ષની પરાકાષ્ઠા વગેરે વ્યક્ત થાય છે.

કેટલાંક સૂચકો પણ આ સ્થિતિને વધુ ઘેરી બનાવે છે.

- હેલીમાં હવાઈ ગયેલાં ખાખરાનાં સૂકાંપાન એ જોઈ રહ્યા. આ પાન ખાખરીએ હતાં ત્યારે કેવાં લીલાંછમ હતાં. ઉનાળે તોડ્યાં, હારડામાં પરોવી કરાની ખીંટીએ લટકાવ્યાં ત્યારે ચીમળાઈને સૂકાઈ ગયેલા, બરડ, અડીયે ને ફાટી જાય, તૂટી જાય.
- ચૈત્ર વૈશાખના તડકામાં નાગધરાની ભૂલભૂલામણીવાળી ટેકરીઓ વળોટી ઘેર આવવાનું. પછી રોટલા-છાશ-મરચું, ઉપર બે કળશ્યા પાણી...સાથલગો હુક્કાનો સપાટો. ઘાનને ધૂણીને છેટું ન પડે. તમાકુનો કેફને બપોરી ઘેન. ઉપરખોલા ખાટલામાં આડા પડવાનું, ઉઠીએ એટલે પીઠ પર ખાટલાની દોરડીઓનું ભરત છપાઈ ગયેલું હોય
- તમાકુને કાકમ મસળાય એમ મહેકે ને ખંડાય એમ સ્વાદે ઘટ્ટ પછેડી જાણે. એની ધૂણીની ફૂંક મારો તો થેપાડે પીળો ડાઘ ઉઠી આવે. ગલ-ખચ અચ-કચ, અબ-કબ ! ખાંડો મારા સવાદિયા જીવ !
- મથુરકાકા લાં...બી ને લાં...બી થતી પડસાળને છેક વાદળીઓના મલક લગી આઘી-ઓરી થતા જોઈ રહ્યા.
- માટી ધોવાતી જાય છે. ભીંતોના ઊખડી ગયેલા પોપડા ! લાકડાં-મોભ-કુંભીઓ-વળીઓ કાળાં પડી ગયાં છે. ખવાઈ ગયું છે ઘણું ઘણું. નળિયાની લીલ ફુગાઈને કાળી ભમ્મર થઈ

છે. મોભ પર ઝૂકેલો પતરાનો મોર કટાઈ ગયો છે. પડું પડું થતા આ બેઉ મકાનો, એની બેવડ બની ગયેલી દીવાલો, ને ગોબા પડી ગયેલી પડાળો, ઝૂકી ગયેલી મેડીઓ, હવડ રવેશો... એકધારો વરસાદ થપાટો મારી મારીને બધું ભોંયભેગું કરવા મથે છે વર્ષોવર્ષ આ માટીના રેલાઓ, દડબાંઓ

- માળિયા પરનાં પેટી-પટારાં, મજૂસ; વાસણકૂસણ ભરેલો માળો, કૈંક ને કૈંક વસ્તુઓથી ભરેલાં પીપ, કોઠીઓ. ખાટલા પર, ગાદલાં ગોદળીઓ રૂપિયાનો પાર નહી...હમણાં લથડી જવાશે
- પલળી ગયેલો સૂનકાર જાડોપાડો થઈને પડસાળ આખી રોકીને પડ્યો છે. પેલી અંદરના ઓરડાની અવાવર વાસ સોડે છે.
- બેસી પડવાને વાંકે ઊભેલાં ઘરડાખખ્ખ મકાનો ઉપર વરસાદનું જોર વધે છે... અને અંધારાના જળ ચારે દિશાને આંબી વળે છે...

નિરાધાર અવસ્થામાં...ભવ્ય ભૂતકાળને સ્મરતાં...સ્મરતાં મૃત્યુ પામતા મથુરકાકાના જીવનવિશ્વને આ વિગતો સાકાર કરે છે.

'સીટીબર્ડ'માં સ્થળ ગામડું છે. પાટીદાર સમાજના વિશિષ્ટ વ્યક્તિ બિહારીનું કૂવામાં પંખી બચાવતાં થયેલું મૃત્યુ ઘટનાપ્રધાન વાર્તામાં પણ ગામને ચોપાસથી નિરૂપ્યું છે.

ડાંગર, બાજરી, બટાટાની ખેતી, આંબાની વાડી, સાથલગાં ખેતરો, કારેલાં, ગુવાર, ભીંડા, પરવળ વગેરે શાકભાજીની ખેતી, પાડાની કાંધ જેવી જમીન, કાળી ચીકણીને પાસાદર, કાળ જૂનો કૂવો, લીલાંકાચ પાણી, પરોઢે પંખીઓ બોલે, દાતણપાણી, દિશાલોટો, જુવાર-બાજરીની ચણ, મોરઢેલની બેલડી, કાળી બિલાડી, ગ્રીનકાર્ડવાળી છોકરીઓ, ભાગોળ સોડ સાથરો, ફૂલ્યાં ન સમાતાં ગુલમોર અને ગરમાળાનાં ઝાડ, ફળિયે માંડવાને વાડીએ ભોજન, પલંગ-ગાદલાં, બિકાળવું ઘૂવડ, ઢેફું, ભાગોળે મંદિર, છાબડું, કંદોરિયો, લાકડાની પાટડીઓ, કબૂતરનાં બચ્ચાં વગેરેમાં બિહારીનું ગ્રામજીવન સમાવિષ્ટ થયું છે. વાર્તામાં પ્રતીકાત્મકતા ઓછી ગતિ વધારે.

'માવઠું'માં લીલીની કામેચ્છા વિવિધ પ્રતીકોની પડછે મૂકાઈ છે. કેસરી રંગ, ખાખરો કેસૂડાંથી લપડાયેલો, છાનાંમાનાં ઉભેલાં ભર્યાંભાદર્યાં કેળનાં ખેતરો, શીમળાનાં રાતાંચોળ ફૂલો, શીમળાનાં ફૂલો જેવું લાલ હિંગળોક પાનેતર, ઘોડીનો હણહણાટ, ફૂલમાં સ્ત્રીકેસર-પુંકેસર-ઠંડો વાયરો, પરાયા જણ જેવી વેળા, ખોબામાંનાં કેસૂડાંમાં મ્હોં, રૂમલતા ઊંટનો અવાજ, વેરાંતાં વાદળાં, વધતા છાંટા, લીલાં વખ જેવાં કેળનાં ખેતરો, પગવાટ, પગ કાદવ કાદવ, પગ પર રેડાતું જ જતું પાણી.

આ વાર્તાના સંવાદો અને વર્ણનવાક્યો મહત્ત્વની કડીરૂપ બને છે.

'આંબે કેરીઓ મોટી થવા આવી છે'લ્યાં '

'તને મોમાં પાણી વળતું હશે નઈ ?'

'નારે, કાચી કેરીઓ તો ખાટી હોય'

'કેરી તો ખાટી સારી, નઈ તો મજા શેની આવે ? હા, દ્રાક્ષ ખાટી હોય તો... '

'તે કેરી ક્યાં વાટમાં પડી છે ભાઈ ! '

આખો સંવાદ પ્રતીકાત્મક છે.

- ઊભી કેળ, નાખી નજર પહોંચે ત્યાં લગી એકધારી ! ને આ બાજુના ખેતરમાં કેળ એવી તો ફાલી છે કે હાથી મેલો તોય પાછો પડે. ઉગમણીયા, જરા પાછોતરી. તોય વયમાં આવી હોય એવી સુંવાળી, ફાલુ ફાલુ થતી કાંક આંબવા અધીરી... એમાં થાળી રમતી મેલો તો નીકળી જાય પાધરી પેલી પાર !
- લીલાં ખેતરો વચ્ચેની સડકે દોડતી બસ શનીને આજે ભૂરાંટા થયેલા ગામના પાડા જેવી લાગતી'તી
- ખોળામાંનાં કેસૂડાં શેઢા પર વેરાઈ ગયાં. પાછો વાયરો પડી જતાં બધું સ્તબ્ધ બની ગયેલું.
- માથાબૂડ કેરીના ચાસમાં લીલી પ્રવેશી ચુકી... કેળીનાં પાંદડાં અંગે અંગે અડતાં ને એને ગલીપચી થતી...
- બે ચાસ વચ્ચેની જગામાં બેકોથળા પાથરીને પાથરણું કરેલું... પછી તો વરસાદ સાથે વાયરોય વધેલો. ચકરાવા લેતાં લીલા વખ જેવાં કેળનાં ખેતરો, આડાં સોત થઈ ગયાં હતાં. કપડાં ખંખેરતી એ ખેતર બ્હાર આવી ત્યારે માવઠું મોળું પડી ગયેલું

'કીડી મંકોડાનાં જળ'માં અવાવરું એવું ગામ કૌશીની ચેતનામાં ઝીલાયું છે. તેમાનાં કેટલાંક વર્ણનવાક્યો સ્થળને જીવંતતાથી નિરૂપે છે.

- વનરાઈ ભર્યા પહાડોની ખીણમાં અવાજ ગાજતો રહે, એમ મનના ગોળ ગૂંબજમાં ગૂંજતો રહેલો પ્રેમોચ્ચાર
- ખળખળ વાણી અને વનવાસીઓના તળ બોલ બધું આદિમ, સહજ વનરાજીનો મૂંગો પણ ભેદી ન શકાય એવો શબ્દપટ.
- ભીતરનાં જળ, પાળા તોડીને પહાડી જળને મળવા કદીક વલખી ઉઠતાં

- પહાડીઓની ટોચેથી તળેટીઓ સુધી અને મેદાનોની પેલ`પાર લગી ઊગી આવતું ઘાસ, વળતા વરસાદે સુકાઈ સુકાઈ જાય.છે પણ મટી જતું નથી.
- વનમાં વાઘ છે કે આગ ? શાનો ખળભળાટ છે આ પહાડ જેવા પડખામાં ? આ પાઘરા સંભળાતા પાણીના ઘૂઘવાય.
- કીડી આવે ડાબેથી, મંકોડી આવે જમણેથી
- પછીના ચોમાસે કીડી – મંકોડી છલબલી ઉઠેલી. બે કાંઠે બેઉના સંગમ સ્થાને વચ્ચેના ત્રિકોણિયા પ્રદેશમાં મેદાન...વૃક્ષો...બાગ...ત્રીજી બાજુને રૂંધી ઊભેલો શૃંગેરી ડુંગર...
- કોરીધાકોર કૌશી સુનમૂન.
- પથ્થરો પણ લીલ પહેરીને સુંવાળા થયા આંગણાના વૃક્ષ ઉપર કેટકેટલાં પંખીઓનો કલરવ.
- વરસાદ પ્રથમપુરુષ થઈને કુંવારિકા ધરતી ઉપર ...સૂરજ ચૂસાતો હતો ઓષ્ટ્ય દ્વારા
- ઋતુઓના રગ, પૂષ્પોની ગંધ અને પંખીઓના શબ્દને પરખતાં – પામતાં શીખવ્યું સાનિધ્યે !
- છાપરે છાપરે ભૂખ લઈને આવેલી રાત.
- વખત-પુરુષ ચાલ્યો ગયો હતો પણ ઘરમાં એક રંગબેરંગી પતંગિયું ઉડાઉડ કરી રહ્યું હતું.

કૌશીની એકલતા અરમાનો અને યાદો આ વગડાઉ ગામની ભૂમિકામાં આકાર લે છે. જીવાકાકા સુખી છે વાર્તામાં આવતો ભૂતકાળ એક સામાન્ય માણસના જીવનસંઘર્ષને ગ્રામસ્થળમાં આલેખે છે.

- કાળે ઉનાળે ખાતરનાં ગાડાં જોડવાનાં. છાણિયા ઉકરડા ખેતરે ઠાલવાના. વળતાં તળાવનાં કાંપવાળાં ખેતરાઉ ઢેફાં નાખવાનાં બીજી ક્યારીમાં થોડાં ઘરના કોઢિયે લાવવામાં ચોમાસે ખાડા પૂરવા. શેઢા વાળવાના જેઠના તાપમાં. આંબલિયામાં જોડી સરખી કરવાની મોસમ. પેંપળિયામાં વાડ કરવાની. બામણિયામાં છીંડાં પૂરવાનાં, મોવડિયામાં પથ્થર વીણવાના, માળની દાંતી ગોઠવવાની, ભટિયામાં કાંટા ઝીંકવાના, ભાઠોડમાં ઉછરતાં ઝાડ જોયા - કરવાનાં......

આજેય ખેતર શેઢે જવાનું, ઉછરતાં ઝાડપાન સાચવવાનાં વાડેથી કકોડા વીણી લાવવાનાં, વાડામાં કોળી-કંટાળી-નૈયામાં વેલા ઉછેરવાનાં...બીજાં સારું વાલોળ ગિલોડીનાં કળિયાં રોપવાનાં, મરચીરીંગણીમાં ગોડ મારવાનું, હુકો ભરતાંય હાથવગું જે છે ભાઈ ! ફેલાં આમળી પરસંગ થતા નથી, રાશ-દામણાં મેળાતાં નથી....પણ બેઠેબેઠે ટાઈમ જતો નથી.

જીવાકાકાના જીવન સાથે જોડાયેલો આ જીવનક્રમ જીવનસંઘર્ષ બનીને આવે છે.

'બાપાનો છેલ્લો કાગળ' (જાન્યુઆરી ૨૦૦૧) વાર્તાસંગ્રહની વાર્તાઓમાં પરિવેશ સઘન થયો છે. સ્થળ એની ખરી ભૂમિકા અદા કરે છે. અઢારે અઢાર વાર્તાઓમાં ગામડું છે. મોટાભાગની વાર્તાઓમાં નગરજીવન ભોગવતા નાયક/નાયિકાઓને ગામવિચ્છેદની વેદના છે. ક્યાંક સામાજિક સમસ્યા છે તો ક્યાંક મનોભીંસ. અહીં મહત્ત્વનું છે તે સ્થળની જીવંત અસર. ચિદાકાશમાં આકાર લેતું ગામ સ્થળ હોય કે ઘટનાની ભૂમિકા તરીકે આવતું હોય પણ તંતોતંત ઝીલાયું છે. કહેવતો, ગીતો, રૂઢિપ્રયોગો, નાની નાની આડકથાઓ અને ખેતી પશુપાલન સાથે જોડાતી ક્રિયાઓમાં સ્થળ જીવંત બનતું જાય છે. સંવેદન રસાતું જાય છે.

'ખેંચાયેલો વરસાદ'માં તડકો ચડતાંમાં તો વિલાવા માંડતો સીમખેતરનો મોલ, પસાર થતાં વાદળો, કુણા કાચા મોલ, વગડાની વાટે બેઉ બાજુ કલાંકલાં કરતી સીમ, ધરતીની તરસ અને હવાનો બાફ, વાયરે ચઢેલા દોસ્તદારો, હીરા ઘસવા ગયેલાં પતિ, ગાલે રાતા રાતા શેરડા, ટકોટક બરોબર કાંઠોકાંઠ ભરાઈ આવેલી તલાવડી, સિગારેટ, ઘોડી,વાટમાં વાડે ચરતાં બકરાં બકરીઓના ટોળામાં એક જ બકરો, વિયાયેલી ભેંસ, બપોરિયા નાસ્તામાંથી વઘારેલો તીખો રોટલો, તરફડતી માછલીને મુઠ્ઠીમાં બંધ કરી હસતાં ટાબરિયાં, પાણી ઝુલતી વાદળીઓને બદલે ફોદા થઈને વેરાઈ રહેલાં પથ્થરિયાં વાદળો, ડોડાનો ઉનો ઉનો સ્વાદ, ક્યારીની ડાંગર ભેળતો ગામ પાડો, અવાવરું કાંઠે ધરૂંગડાંના ઘટાટોપ, શાંત જળમાં લાલ પોયણવેલ,વાટની બેઉ બાજુ ઉગેલા વગડાઉ ઘાસ પર લચી આવેલાં ઝીણાં ઝીણાં ફૂલોને પંપાળવાનો ઉમળકો, વડમાં ઉછરેલી ડોડી વેલનાં ફૂલો, થોર પર ડોક કાઢી રુઆબથી જોતાં કકાસિનાં ફૂલો, ખેતરને માળેથી વહેતું ગીત – ઝેંણી ઝેંણી મોરલીઓ વાગે સે, કંથેરમાંની ઉડતી હોલી, મકાઈના હારબદ્ધ છોડવાઓની કેડ્યે ફૂટેલા ડોડા પરની કથ્થાઈ પીળી મૂછો, ડાંગરની ક્યારીમાં નીંદામણ, સુકાવા આવેલા પોદળા પણછ જેવી પોતાની કાયા, છાતી પરથી ખસી ગયેલો પાલવ, લૂગડાં પલળે એટલાં જ છાંટા, વાવકૂવાનાં તળિયાં, ખાવા જોગ ધાન ને ઢોર જોગ ઘાસ, વાડામાં શરદનાં રંગબેરંગી પતંગિયાની ઉડાઉડ, તળાવનાં નીતર્યાં પાણી, ચાંદીનો કંદોરો, નહીં ચૂંટેલાં ગુલાબ વગેરે દ્વારા પશીનું આણું મોડું આવ્યાની ઘટનાની આસપાસ વીંટાતા સ્ત્રીના મનોભાવ દર્શાવાયા છે. અરમાનો અને આર્થિક સંકડામણ સીમ અને ફળીયામાં પ્રગટ્યાં છે.

'પડતર'માં નવરી ભોંય, ઝીણા ઝીણા ઘાસને આવેલા ફૂલો, ખહલું, ઠેઠ ટેકરી સુધી લંબાતું પડતર, ટેકરી જેવડા નિશ્વાસ, કુણા કુણા કાંડા ઉપર બે દિવસથી કાચની નવી રંગીન બંગડીઓ, શેઢાના મહુડાતળે જઈને બેસવાનું મન, ભારો ચાર, શાક હારુ ગવારો ને શેંગો, વાડની પેલેકોરનો જણ, ડાંગર વાઢતાં દાડિયાં, ગોખલે દીવા, ફૂટતા ટોટા, લાંપ, તરણાં, રૂંછાળું, કાંટાળું,

ગુવારશીંગ, ટાઢો થતો છાંયો, મહુડા નીચેની ટાઢી અને કઠલાઈ ગયેલી ભોંય, પરસાળના કોલામાં ભારો, ઘાસ વાઢતાં કપડામાં ઘૂસેલા લાંપ, ભોંકાયા કરતી લાંપની અણીઓ, એકલ દોકલ દીવા, કાયાનો મનગમતો થાક, ભેંસ દોવી, ખાણપાણી, કચરોકૂટો વગેરે રૂપાનો પતિવિરહ દર્શાવે છે સૌથી વધુ તો એમાંથી શરીરની તૃષા જ પ્રગટે છે. વાર્તામાં આવતાં વર્ણનવાક્યો વડે આ વાત વધુ સ્પષ્ટ થાય છે. સાહિત્યિક બને છે.

- ટેકરીઓની પેલ`પાર નદી ઉપરવાસમાં પુલ અને એ પુલને પેલે પાર ઉતરીને ગાડી પકડીને જવાય મુંબઈ
- કાળીચૌદશની આંધળીરાત ઘેરી વળી. ઘરના અંધારા કોલામાં કરોળિયાના ગોળગોળ ઘોળાઘોળા જાળાં ચળકતા હતા, જાણે હીરાના અજવાળાના ભણકારા ભીંતે આવીને જડાઈ ગયા ન હોય.
- ઓઢાતી ડાંગર ક્યારીઓ વચ્ચેથી જતી નીકળતી વખતે રૂપાએ કાલે જ પહેરેલી ઝાંઝરી રણકતી હતી. એ દાણાઓના ભારથી લચી લળી પડેલી ડાંગરની કંટીઓ જોઈ રહી
- રાત ઉતરી – લાડુદાળનાં જમણ, નોકરીયાતોના ટેટા, સિગારેટોના દમ ને ઠઠ્ઠામજાક ચારે તરફ હજી સંભળાતાં હતાં. છેલ્લી બસ ચૂકેલો દલાકાકાનો નગીન પણ પાટિયેથી ચાલતોં આવી ગયો હતો
- બહાર દિવાળીની રાત પૂરી થઈ જવામાં હતી ને ઘેર આવેલા નોકરીયાતોના ઓરડાઓમાં બંગડીઓ – ઝાંઝરીઓના ઝીણાઝીણા અવાજો પછીતની બહાર જાય એ પહેલાં જ ઠરી જતા હતા.
- વણખેડાયેલી ભોંયમાં હળ ફરતું હતું ને ખેડાયેલાં ભભરાં ખેતરોમાં ધણી ડુઆટી ને સમાળ દેતો હતો. માટી ફોરતી હતી.
- પડતર ભોંયને જરાક હાચવીને ઉખાડવી પડે. તું ઉફરા પાહેથી શેડ્ય મેલજે – બેત્રણ શેડ્ય થતાંમાં તો તું જોજે ને ભોંય એવી હુંવાળી થઈ જાય તે
- ભોંય ખેડાય એટલે એનો શક્કો જ ફરી જાય, ભૈ

રૂપાના સસરા સાથેના સહજ સંભોગની ક્ષણોને સર્જકે ખૂબ સમતોલ રીતે આલેખી છે. જેમાં પરિવેશના તત્ત્વોએ શોષણ કે દર્દને સ્થાને સાહજીક શારીરિક તૃપ્તિને પ્રગટાવી છે.

'બાવળનાં ફૂલ'માં ચરામાં ફૂલે ચઢેલા બાવળિયા, હાઈસ્કૂલ, ઘરના ખાલીખમ વાડા, ખરા બપોર, સાસરીની શાળા, ઘર-પછીતમાં બેઉં ઘર વચાળે નાની વાડ, મીંઢળની ગાંઠો, વીંટળાઈ

ગયેલું ફળીયું, વાડાની વાડ ઉપર અને અનૂરીઓ પર નમેલી વેલ, કૂણા થોરની ડોક ઉડાડી, શિબિર, કથલું વેણ, જાગીરી, દવાખાનું, ઈડરગઢ, જીવને ચસ્કા ભરતા મંકોડા, વરસાદી વેલા, ભાદરવાની બપોર, સીમ-ધરતીનો તપારો, બાવળનો કંજૂસ છાંયડો, કુવા હવડના હવડ, ડુંગરા જેવડો વાદળનો ગડારો, ઓતરા ચિતરાના આકરા ઉત્તાપ, દાર, સરકારી મંડળીઓ, શીરો, આદમીના ડિલમાંથી આવતી સાબુની સુગંધી, વેલો વધ્યો વગેરેમાં બાળક ન થતી જીતીનો માસ્તર સાથેનો શારીરિક સંબંધ સહજ બને છે.

- ગુલાબનો ગોટો મળે પછી આવળ-બાવળનાં ફૂલોને કોણ પૂછે ?
- આ ઈંજેક્શનના જમાનામાંય પારકા પાડા ખોળવાના ?
- ચરાના અને સડકધારના બધા બાવળિયા ફૂલે ચઢ્યા હતા. તળાવનાં પાણી અને સડકવાટની ધાર બાવળનાં ખરેલાં પીળાં ફૂલોથી શોભતાં હતાં.
- છાંટા મેલ્યા ના મેલ્યાથી હવે મોલ થોડા પાકવાના છે ?
- પાટીદાર પણ બાવાની જમાતમાં ચાલી નીકળે એવી નઠારી વેળામાં વાંઝિયાં વાદળો ઘડઘડાટીઓ કરતાં હતાં.
- સહેજ ડમરી જેવો પવન વાતાં રાહત લાગી, આભલે છાંટા મેલ્યા ના મેલ્યા ને વાત વસુકી ગઈ. વરસનારાં વાદળો ફોદાં જેવાં થઈ ગયાં
- પડતરને ફેરવીએ જ નૈ તો નકામું ઘાસ ઊગે...એનું બી ગરે તે પછી જન્મારો જાય નૈ...ઊંડા ચાસ કરવાને તાપે તપવા દેવા...ખેડ અને તાપ તો ખાતર જેવા...
- કન્યાએ કેડે બાળક તેડ્યું હોય એવાં ડોડા ઝુલાવતા મકાઈના છોડ લ્હેરાતા હતા.

અહીં, જીતીની બાળઝંખના, શોક્યને કારણે થતી એકલતા અને માસ્તર સાથેનાં શારીરિક સંબંધ ઘરખેતરના પરિવેશમાં સહજ બનતો જાય છે.

'કોળ' અને 'મગનસોમાની આશા'માં વયમાં આવેલી કુસુમ અને આશાના ભાવોને વ્યક્ત કરતી ભૂમિ નગરની ઓછી અને ગામડાની વધું છે. 'ખારોપાટ' અને 'વિચ્છેદ'માં ગામ ઝંખના છે. નગર નજરે જોવાયેલાં ગામ છે.

હીરો-હોન્ડા, ગોગલ્સ, હાઈ-વે માથેની હોટેલ (ઘડીક-સંગ), રેસ્ટોરાં, ચોગાનમાં છાંટેલું પાણી, હોટેલની ફરસ, ગાલીચા, ટાઈલ્સ, ગંદી ચીકાશથી તરબતર વોશ બેસિન, ચા-કોફીની મિશ્ર વાસ, ગરમાગરમ ફફડા, કોહવાઈ ગયેલું કૂતરું, બિસલેરી(પાણીની) બોટલ, વતનઘર, શ્રીફળનું તોરણ, સાફો, ખૂણાના પાનને ગલ્લે વાગતા ટેપ, ઉનાળુ તડકાની તલવારો, કાળઝાળ ગરમી, એસ.ટી.

બસ, ખારોપાટ, કોચ, બલડરેડ કલરાનાં કપડાં, બારીઓના ઘેરા જાંબલી પડદા, ઉષ્ણસ્પર્શ, ક્રૂર તડકો, ભરચક વૃક્ષોવાળો વિસ્તાર, રેશમ રેશમ પીઠ, નિર્બંધ તડકામાં ઠેકતાં ઠેકતાં દોડતાં બે સસલાં, ગામ તળાવની પાળે પાળીયો, બે સરખી તળેટીઓની તળેટી, ગામ વચ્ચે ટટ્ટાર ટાવર, ટેકરીઓ વચ્ચે આથમવા જતા સૂર્યનું બિંબ બાના મુખ જેવું, ટેકરીઓ ઉરજ, વનરાઈ વહેળો, છાપરિયાં ઘરોનું ગામ, ત્રિશૂળ – સાથિયા - ધજાપતાકા બધાય રાતાંરાતાં વરસતો અનરાધાર તડકો, ઉબડખાબડ સડક, લૂઝર નીચે બ્રા નહીં, પાણીની બોટલ, વંધ્ય પ્રદેશ, ચૂક્ષ પરની ટેકરીઓ, ચણાદાળનું પેકેટ, અફાટ ધરતી વેરાન, મરેલી કૂંજડીનું પીંછુંય નહી, ભીલી માતા, સિગારેટ, ડીઝલ, દઝાડતો વાયરો, મહીસાગરમાં પૂર, મંદિરો, ઝાઝી જમીન, લીલીવાડી, તલપાપડ થતું મન, ડૂમો બાઝવો, ગોઝારા સમાચાર, કોમન પ્લોટમાંનાં વૃક્ષ, કમ્પાઉન્ડ વોલ, વાવના ગોખલાઓમાં સ્ત્રીઓનાં શિલ્પો, તેમનાં ઉપસેલાં અંગઉપાંગો, હવડ વાવમાં આવતી કશીક વાસ, હિડિમ્બાવન, ગોળ-ઘીના પાયાવાળી સુખડી, ગામ – ફળિયું - ગોંદરો - મહિસાગર મા, ડાયવર્ઝન, પાણી – નાસ્તો – થેપલા -શાક ને ચા-કોફીનાં થર્મોસ,ગાડીમાં વાડાઓની વાડો, રસ્તાનું નાકું, વલ્લીનું ઝાડ હજુ ઘેઘુર, હાઈસ્કૂલનું ભાડૂતી મકાન, ડુંગરીઓની હારમાળા, કાંઠા પાસેની એકલી અટૂલી ટેકરી, માના મંદિરની ધજા ફાટવા જેટલી જીર્ણ, કીટલીમાંની ચા વગેરે નગરવાસી થયેલા પાત્રોની નજરે જોવાયેલા ગામસ્થળમાં આવે છે. સ્થળની જીવંતતા અને પાત્રોની વતનઝંખના કેટલાક સંવાદો અને કથકના નિરૂપણમાંથી વ્યક્ત થાય છે.

- ક્યારેક થોર સાથે ઉઝરડાઈ જવાની તીવ્રતા જાગતી તો ક્યારેક ઊંડાણોના ખોદાયા વિનાના થરના થર વલખી ઊઠતા. સોનગઢના હવડ કિલ્લાની વાવ અને એના ભોંયરાના ઊંડાણોનું અગોચર વિશ્વ જાણે એની ભીતરમાં આવીને વસી ગયું હતું.
- કોટકિલ્લાની હવડતા, સુકાતું ને પૂરાતું જતું તળાવ, ડેમથી બંધાઈ ગયા બાદ હેઠવાસમાં ખાલીખમ થઈ ગયેલી નદી, વઘઈના જંગલોમાં લાગેલો દવ, પાનખરના પહાડો, કોલુમાં પિલાતી શેરડી, ઈમારતોનું અણધાર્યું આક્રમણ, સડકો-બજારો-સ્ટેશનો-ભીડ, ખંડેરોની લીલ, વીખરાતા મેળા, ઊલી જતી સીમ,
- તાંબાનાં હારબંધ વાસણો ઉપર કાળા ડાઘા ઊભરાતા હતા. લાલપીળાં કપડાંમાં બાંધેલી બાપુજીની પોથીઓ અને પુસ્તકો પર ધૂળના થર હતા. અભરાઈ અદશ્યના ભારથી વાંકીચૂકી થઈને ઢળી પડવા ધસતી હોય તેવી ભળાતી હતી. થાંભલીઓ બેવડ વળવા ઝુકતી હતી. છાપરામાં સળ પડેલા.

- હળ લાકડા, કુંવારકા ભોંયને ખેડી ખેડીને કંસાર સરખી સુંવાળી બનાવે, પછી વવાય બીજું !
- મણિયારો તે કળાયેલ મોરલોને ; કાંઈ હું તો ઢળકતી ઢેલ રે...
- હોળીના દિવસોમાં સિદ્ધવડની ડાળે કેરી – મહુડા - ઘઉં - ચણના અને શીમળાનાં ફૂલોના તથા ઓખૈયાંના હારડા ઝિલાયા હતા. દર વર્ષે પાદરની આશાપુરામાનાં પ્રતીક...
- વર્ષો તો પપૈયાનાં પાંદડાં ઉપર ચોમાસાનું પાણી પડે ને સરી જાય એમ સરી ગયાં; ભર્યાભાદર્યા ફાટુફાટુ તળાવ જેવાં જાવનાઈનાં વર્ષો ડિલમાં લોહી ફૂંફાડા મારતાં, મેઘલી રાતો ડંખતી ને લીલાંકચ વખ ચડતાં.
- ખોડી કંસારીને ઝાઝી કીડીઓ વળગી હતી ને એ તરફડતી હતી.
- બહારની અફાટ પ્રકૃતિ, વૃક્ષો, ખેતર, શેઢા, ઘર, ગામ, પંખીલોક સમેતનું વિશ્વ બારી વાટે ઠેકી ઠેકીને મારામાં ભફાંગાતું ને કૃતિની બારીએથી કૂદતુંકને ભાગી જતું હું નિઃસહાયપણે જોઈ રહ્યું છું.
- વૃક્ષો ઘટવા લાગ્યાં છે. સીમ પાંખી પડતી જાય છે. વસતિનાં સોનમોરનાં ફૂલો અહીં તડકો થઈને ધગધગી ઊઠ્યાં છે
- સૂર્યની સ્પર્ધામાં ઊતરેલો સૂમસામ અવકાશ ને ખારી ખારી માટીની રુક્ષ પીળી પોપડીઓનો તડતડાટ, ક્યાંક સુકાઈ ગયેલો કાળિયો કાદવ...જળ વહ્યાના સફેદ ખારા આંકાને ભૂખરી ભુખાવળી ધરા પર સુક્કી તરસી જ્વાળાઓ –જિહ્વાઓ !
- માત્ર ઊના ઊના આક્રમક વાયરાઓ, ખારાદવ, લમણાં ફાડતાં તાપ, અચેતન પટ નિર્જીવ ઉપર, હવામાંય મૂત્રની ગંધ.
- બાપુજીનો ઓરડો....વર્ષોનાં વર્ષોની ખારીખારી હવાઓથી તરબતર, વિલાયતી ને દેશી...ગંધ ને કેફ બેઉ ચત્તા પાટ !
- આખો દિવસ તપેલો ખારોપાટ ખારો ખારો તૂરો તૂરો બેસ્વાદ...ને આ એવો જ અંધકાર...મહૂડાની રાત જેવો...રેશમિયો ! ખારાશ.
- 'ગોઝારો જીપ અકસ્માત'ના કાળા કાળા અક્ષરો મારકણા પાડાની જેમ સામે ધસી આવતા, મોટાને મોટા થતા જતા એને ઘેરીને ઘૂમરીઓ લેતા હતા. દીવાલે ઊડતા 'અમિત એન્ટરપ્રાઈઝ'ના કેલેન્ડરમાં, માથે છાબમાં બાળકનૈયાને મૂકીને જમુના નદી

ઓળંગતા વસુદેવને પાણીની પહાડી થપાટો તાણી જતી દેખાઈ...મોજાં ઘૂઘવી ઘૂઘવીને ગર્જતાં હતાં, જળના લોઢ જાણે કે નાગફણાઓ થઈને ફૂત્કારતા સંભળાતા હતા

- સીમ છેવાડે પેલી ઝાડ વગરની નોંધારી ટેકરીઓથી ઘેરાઈને ઊભી હોય એમ ઊભી છે.
- ટેકરીઓના લીલાંછમ ઢોળાવો, ભરજોબનમાં ઝૂલતાં મકાઈનાં ખેતરો, હમણાં જ આવેલી કળીઓથી લચી પડેલીને હવામાં સોઢાતી ડાંગર ક્યારીઓ...એને બારી બહાર ઝુકીને જોવાનું મન થયું. વર્ષ પહેલાંની ભીની ભીની સીમનો કુણા શેકેલા ડોડા જેવો હૂંફાળો બોલાશ પીવા એના કાન તરસી રહ્યા.
- સવારનો સૂરજ બગીચાની લોન ઉપર પથરાઈ ગયાં છે. જંગલી મેંદીની વાડ ફૂલીફાલી છે અને એના ઉપર ચઢેલા અજાણ્યા ફૂલ-વેલા હવે ઋતુ ઉલવા સાથે સુકાઈ જવા માંડ્યાં હતા. સામેનાં મકાનોની ભીંતો ઉપર બાઝી ગયેલી ચોમાસુ લીલ પણ હવે તો કાળી પોપડીઓ બનીને ખરવા માંડી હતી.
- લેંબોળીનેય વરસાદનાં ઝાપટાં ટાઢવે, ભીના વાયરા ટાઢા લેપ કરે... એમ હવામાંન હારું બંધાય ત્યારે કડવી લેંબોડી જરાક મેંઠાશ પકડે.
- જૂના ઘરઆંગણામાંના, તારી ઘોરી નસ જેવા, તેં પાણી પાઈને ઉછેરેલા લેંબડા કાપતાં-કપાવતાંય મારું કાળજું કાંપેલું

આ વાર્તાઓમાં આવતા આવાં વર્ણનવાક્યો પાત્રોની ક્રિયાઓને ભાવ સાથે જોડી આપે છે. અહીં નગરવાસી થયેલાં પાત્રો નગરમાં રહેલા ગ્રામતત્ત્વો સાથે ચેતના જોડી રાખે છે. નગરવાસી થયા પછી વતનમાં આવતા કે વતનને યાદ કરતા રતિલાલ, નૈના, રતનસિંહ બારીયા, આશા કે કુસુમ ગામડાને ઉત્કટતાથી અનુભવે છે. ગામસ્થળોનો રોમાંચ અને વિચ્છેદભાવ એની સાથે જોડાયેલી યાદોમાં પ્રવર્તે છે.

'ન્યાત બહાર' 'ઉફરું ફળિયું' 'નવા ખાંધિયા' અને 'પડસાળનો ધણી'માં બદલાતો ગ્રામીણ સમાજ ઝિલાયો છે. અવસરપ્રસંગો, ન્યાતમેળાવડા, પાટીદાર સમાજ સંગઠનો વગેરે દ્વારા ગામભૂમિ જીવંત બને છે. આ રીતે સક્રિય થતો પરિવેશ ગામભૂમિના વિવિધ તત્ત્વો દ્વારા સમાજની ઓળખ ઊભી કરે છે.

નાતની કારોબારીની મિટીંગ, સ્કૂટર, પોતિયાં પલટણ, પપડાટ, ડુંગર, નૂગરીનાત, શહેરની હાયર સેકન્ડરી, નવી પેઢી, અંધારા કૂવા, છાશ, દૂધ-દહીંમાં પગ, સાપ આભડે, મોલ લચેલું ખેતર, ભર્યોભાદર્યો કૂવો, મક્કમ સ્વાદ, ટાઢમાં સૂમસામ સીમ, ઘેઘૂર થવા આવેલું ને સૂકાતું ઝાડ, રણકતા

શબ્દો, હોસ્પિટલ, મેઘનો બફારો, ગામનું કમળ તળાવ આંખ સામે કલાંકલાં, કદંબનું ઝાડ, હૂંડલી ભરીને પાકી કેરીઓ, ન્યાતનાં પંચ, ખાટલે ખાટલે ખોડ, લોટો ઢોળવા જવું, દંડના રૂપિયાનો કોથળો, ફૂલેકું ખાવું, પડસાળનું લીંપણ ઉખેડતી વહુ, વેરાન-સૂનું ફળીયું, ઢળતી બપોરની બસ, ખળામાં હુલું, આકરો તડકો, પરથમીના પોઠીનો જુલમ, ગોબરા રિવાજો, પાડાનું પૂસડું, દ્વારકાની કંઠી, ભજનમંડળી, જાળીવાળી પડસાળ, સગડીમાં જીવતો દેવતા, અંદરના ઓરડાની હલચલ, ખાતમૂરત, વાસ્તુપૂજન, પડસાળે ઘરડો બળદ, શિયાળે ટાટિયાંનો ઓઘાડ, ખેતરની થોરવાડમાં છીંડો, ભોંયભાગ, ઊતરતા શિયાળાનો તડકો, મહીપૂનમની ન્યાત મિટીંગ, તમાકુનો તૂરો સ્વાદ, અઘોરીબાવા જેવી કેફલ આંખો, ખાટલેથી પાટલે, એઠવાડ પાડવો, વાઢીના ધણી, ઢેફાંઘૂળને તડકા-લૂ, પતરાળે પતરાળે કંસાર, ચણાનાં ખેતરો, આકરા તડકાનો વખત, કૂણીએ ગોળ, ડેરી પંચાયત-સોસાયટીની ચૂંટણીઓ, કારજકાયટાં – જીયાણાં-તેડાં, લગનગાળોને લાડુનું જમણ, હુક્કો...ગડુડુડુ..ગુડ...ગડુડુડુ...ગુડ.

બદલાતા સમાજને વ્યક્ત કરતી વીગતો ઉપરાંતનાં કેટલાંક વર્ણનવાક્યો બે પેઢીઓના સંઘર્ષ, સામાજિક નિયમો-બંધનોમાં પીસાતા માણસો વગેરેને વ્યક્ત કરે છે.

- અંધારું ઊતરતું હતું. પાણી સુકાતાં તળાવડીના તળમાં તિરાડો ઉઠતી હતી. સીમ ટાઢમાં પાછી સૂમસામ લાગવા માંડી
- બારી સુધી વહી આવેલી આંબાની લીલીછમ ડાળને દાસ જોઈ રહ્યા છે. નવાં પાન, કૂંપણના જાંબલી-કથ્થાઈ રંગો ચળકે છે પહેલાંનાં પાંદડાં જાણે બધામાં ભળી ગયેલાં. જ્યારે આ ચમકતા ને તાજાં, વાદળિયા દિવસનો ખંડિત તડકો કૈંક જુદું જ ચિતરામણ કરી રહ્યો છે
- રસ્તો ડરામણો, ટેકરીઓ ભૂતાળવી. વાટનાં થોર-છોડવા ભૂતડાં વંતરાં બનીને ચમકાવતાં હતાં.
- બારી બહાર દેખાતાં ટલિફોનના લાંબા તારને હું જોયા કરું છું. એક મંકોડો એ લાંબા વાયરે માર માર જાય છે, અડધેથીય આગળ જાય છે. પણ છેડો ન હોવાથી એ પાછો વળે છે, વળતાંય છેડો ના આવતાં રઘવાયો થઈને જાય છે. પાછો – રોષમાં ઝડપથી. ડાળ પર બેઠેલો પતરંગો હવે એને ઝાઝી તક નહી આપે – ને પેલે છેડે પહોંચી જશે તોય થાંભલાને જડેલી એંગલ પર ગળું ફૂલાવીને બેઠેલો કાચિંડો – રાતી કાળી ડોકવાળો – એની રાહ જોતો બેઠો જ છે.

- પેલા સુકાતા ઝાડની કોરીધાકોર ડાળીઓ ઉપર થોડા પોપટ સુડા આવીને બેઠાં છે. ને આ પાસેના આંબા ઉપર કેટલાય પરોપજીવી વાંધા ઊગી આવ્યા છે...આંબો અકાળે ઘરડો ને વરવો લાગે છે.
- વરસાદના ભારે એકધારું બોલ્યા કરતા કંસારાનો ટુકટુક અવાજ મારી છાતીમાં ચૂભ્યા કરે છે. દરવાજાની ભીતર સૂતું પંખી ક્યારેક કળાય છે...એનો સળવળાટ થાય છે ને મન અકળાય છે.
- પેલું સુકાઈ ગયેલું ઝાડ પંખીઓથી છલકાઈ રહ્યું છે.
- ચારેબાજુ કાદવ ને ગારો છે.
- તડકામાં તગતગતાં નાળિયેરી ઘરોની ફળીબદ્ધ હારો, વાડેવાડે પરાળમાં સોનેરી લાગતા કૂધવાં, મોર લચેલા આંબાને ઘઉં-ચણાનાં ખેર પડેલાં ખેતરો...
- બેઉબાજુ ઘરોની પડસળોવાળી હારો, વચ્ચે લીમડાની લાઈન. બેઉ તરફ ગાડાં છૂટેલાં હોય ને ઢોર વાગોળતાં હોય. બળદ-ભેંસોય ચૂંટી ખણીએ જે લોહી દદડે એવાં. ઘેરઘેર ઝૂલતી ઠીબોમાં ચણતાં ન્હાતાં ચકલાં.
- આ લીમડાય હવે ઠુંઠા, છાંયડાય ખંડેર જેવા. સામેની આ ટેકરી ઉપરની નિશાળ પણ ખંધોડિયા થઈ ગઈ. ત્યારે તો આ વડના નીચેની ધોરી વાટ જતા. પરબો બેસતી. રાવણાં ને પંચ વડથી પોતાની પડસાળે આવતાં જતાં. કોઈનુંય ફૂલેકું પહેલાં વાઘજી પટયોલની પડસાળે બેસી કસૂંબા લઈ ગોળધાણા ખાઈને પછી ગામમાં જતું...ને આજે ? તો ધારીવાટ તળાવપાળે સડક નીકળતાં ત્યાં ગઈ. નિશાળ ને ઘાંચી-વોરાની દુકાનોય બે. ત્યાં ઉકરડાઓ વચ્ચે ગયાં. જે પાદર હતું તે પછીત થઈ રહ્યું !
- પડસાળના કોલામાં પાછલો જન્મારો કાઢેલો. બે ખાટલા; એક એક ગોદડીઓના તકિયા, કાંબળી, હુક્કો, પછેડી, પાણીનો ઘડો.બધું ત્યાં જ. વચ્ચે સગડીમાં દેવતા જીવતો હોય !
- સીમનાં ઝાડવાંય પાંગરવું ભૂલી પડવા માંડેલાં
- ઘસડાતી કાયા, ફાટેલી આંખો ને લબડતી ધૂળવાળી જીભ...ત્ય ત્ય ત્ય ત્ય....
- ચોપાડ વીંધાતાં-વળોટતાં જાણે સીમ-વગડો વીંધતા હોય એમ લાગ્યું. આખું જીવતર પગમાં સીસુ બનીને વળગતું હતું... ઉંબરો ઠેસવાથી, પડે એ પહેલાં કલુખડું પકડી લીધું...પછી ભીંતનો આધાર લીધો.
- પટલાઈ કાંઈ ખોડીબારું થોડું છે તે ના ગમે તો હૌ કોઈ ઉપાડીને નાંખી દે...એ તો ઘોડાના પગની નાળ્ય છે – જડી તે જડી. ઘોડો મરે તાણે જ મેખ ઉપાડવાની ભૈ !

- ખભે નાંખેલી કાંબળ એમ ખીંટીએ થોડી કાંઈ ઝટપટ ટાંગી દેવાય છે ?
- ન્યાત કંઈ ગજવામાં ઘાલી રખાય એવી નથી રહી...આ વાળ તડકે ધોળા નથી થયા ?

અહીં બદલાતો સમાજ વિવિધ સંકેતરૂપો દ્વારા વ્યક્ત થયાં છે. મંકોડો, ખોડીબારું, ફૂલો, કાંટા, આંબો, વગેરેના ધારદાર પ્રતીકો દ્વારા બદલાતા સમાજની રૂઢિચુસ્તતાઓ અને પરંપરાગત લોકોની કરુણતાઓ તથા નવા વિચારોના સંચાર, પરિવર્તિત થતા નિતીનિયમો વગેરે વ્યક્ત થયાં છે.

આ સંગ્રહની 'વરાપ', 'બાપ-બેટો', 'માસ્તરની વહુ', 'અતૃપ્તિ', 'મહેશ મૂળજી', 'વીસમી સદીનો શાપ' વાર્તાઓમાં વ્યક્તિચેતના ઝિલાઈ છે.

'વરાપ'ના રતિભાઈ સમાજ-ઘર-વતનથી વેડાઈ ગયો છે, 'બાપ-બેટો' ને બે પેઢી વચ્ચેનું અંતર છે, 'માસ્તરની વહુ' અને 'અતૃપ્તિ'માં શારીરિક તૃષા કે બાળઝંખના તો 'મહેશ મૂળજી' અને 'વીસમી સદી'માં વતન ઝંખના છે. 'વીસમી સદી'માં વિદેશમાં રહેતો વિદ્યાર્થી સરને પત્ર લખે છે. ગામડું યાદ આવે છે. ડાયસ્પોરા છે. આમ આ વાર્તાઓમાં સમસ્યાઓના મૂળમાં અને નિરાકરણમાં ગામડું છે.ગામડું એની નાની નાની વિગતો સાથે વાર્તામાં વણાયું છે.

આંબાની લીલીછમ ડાળ, વાદળિયા દિવસોનો ખંડિત તડકો, ખેતર-ડુંગર, ભૂતાવળી ટેકરીઓ, અંધારામાં સુતેલું ગામ, હળ લાકડાં, આભ માણસની સાદડી કરી નાખે એવી લૂ વાય, ગુજરાતી ચોપડો, ઢોલ પીટવો, પાંસળીએ પાંસળીએ કોતરાઈ ગયેલાં વેણ, ધાબાવાળું ઘર, જૂના ઘરના મોટા આંગણામાં હાથીઓ જેવા ઝુલતા લીમડા, મોભ-ટેકા-કુંભીઓ, પાટડીઓ ને વરીઓ, ઊની લ્હાય કોશ, લુહારની કોઢ, ધમણ, આંખમાં બાઝેલું પરોઢનું ઝાકળ, ખાટલાની ઈસ, ઉંબર, કુણા માખણિયા પથ્થર, કોતર-નદીના ઢાળ, શેઢાઓના ઉના ભીના કરકરા સુંવાળા સ્પર્શો, કેડીઓની મખમલી ધૂળ, લક્કડિયા માતાનું થાનક, મકાઈના ડોડા, તાપણીમાં શેકેલા, ભીનાભદ વાદળ ઘેર્યા લીલાછમ પહાડો, મહીસાગરના ચમકતાં પાણી, મકાઈના મોલ ઝૂલે, ઝાડી ઝાંખરાથી આંધળો ફેરકૂવો, વસતિ વગરનું પાદર, કાળની થપાટ, ખંધેડિયો, કાશીમથુરા હરદ્વારનાં મંદિરોને બાવા જમેતીના મઠ, તીખાં થેપલાં, સનલાઈટ સાબુ, લાઈટર-સિગારેટ, ખોરડાંય ધોવાં, સરકારે ફાળવેલી ઘરથારો, વચલી ફળીમાં કાયમી ચોરાનું વાતાવરણ, લૂંગી, શિવાલય બિલેશ્વર, પાણી પહેલાં પાળ, ટાન્જાનિયાનું મુખ્ય શહેર-દારેસલામ, કોતરોનો ઢાળ, ઉનાળાની ટેટી-તરબૂચની વાડીઓ, નદીકાંઠાનું ઘર-વતન, ભીતરની નદીનાં પૂર, વિશાળ પટ-જળ-રેત-ઢાળ-બંને કાંઠા-કોતરો-ભેખડો, મહીમાતા, ઋતુ ઋતુનાં ઝાડ-પાન-તડકા-ટાઢ-મેઘ!, ઢળતી સાંજના તડકામાં વહી જતા માર્ગનું દશ્ય, માનવ વિદ્યાલયના સ્કેવર ગાર્ડનમાં નવા ઉછરતા ઝાડ નીચે થડમાં નામોના

પ્રથમવાર કોતરેલા, ગામો-પહાડીઓ-નેળ-કોતરો-પાદરો-પાળિયાઓ, અનાજના કોથળા, ભીતરનાં અનેક ભંગાણો, હજારો પીળા દીવાઓનો પ્રકાશ, કાલીકટમાં તમાકુનો વેપાર, પાંદડે પાંદડે કપાતો જીવ, જળની વાણી, ક્યારેક આભ વધુ આસમાની, રઝળાવે રાન રાન અને સતાવે પાન પાન, વતન-સ્વજન-ખેતર-માટી-મહીમાતા, અજાણી નદી પછાળા નાખતો પ્રાણ, ઉકેડો, ભજિયાં, દહી વલોવવું-છાસ તાલવવી, પડતર ખેતરના શેઢા જેવો ચહેરો, ગોરિયું, કોઠા-કબલા, હેતરોની મકાઈ-બાજરી, પંખાની સ્વીચ, ઈંજેક્શન, ઘાસપાણી, ઊંચી ટેકરીઓના પડખામાં ગામ અને સામે ઊંડી નદી, સ્પેશ્યલ ટ્રેનોના રિઝર્વ્ડ કોચ, તીખાં ટેસ્ટફૂલ થેપલાંને ચોકલેટ, વગડા વચ્ચે સાંજનું દીવાવાળું, રાતાં કાળાં ગળાં ફૂલાવી ફૂલાવીને કામક્રિડા કરતા કાચિંડા, ઘઘરી વેળાની કાચી કેરી, ટેકરીઓનો ઢાળ, મણનો છશેર કરવો, પ્લેટફોર્મ...વગેરે આ વાર્તાની વ્યંજનાને ધારદાર બનાવે છે.

આ વાર્તાઓમાં આવતાં વર્ણવાક્યો સર્જકે યોગ્યસ્થાનોએ મૂકીને વાર્તાના મૂળસંવેદનોને આકારિત કર્યાં છે.

- ધૂળમાં રહેવું ને ઘૂપેલના શા સવાદ ? આપડે તો જાડાં લૂગડાં, જાડું ખાવાનું ને આખું બોલવાનું
- પંચમહાલનાં મજૂરોનાં ગંદા ડિલોની, પરસેવાની, ઉલટીઓની અને વણધોયાં મેલથી ફાટી ગયેલાં લૂગડાંની વાસ બસ ઊભી રહેતી કે નાક-માથું ફાડી નાંખતી હતી; છાતીમાં ગોટો વળતો.
- બંધ ઘર સામેના ગરમાળામાં ખરેલાં ફૂલોની પીળી જાજમ બપોરિયા તડકામાં વધુ ચમકતી હતી. નાનાના ઘર આંગણાનો ગુલમહોર રાતાં ચટ્ટાક ફૂલે લચેલો તે લગ્ન સરખી યાદ આપતો.
- કોક ખાડા-ટેકરાવાળો, નદી-નાળાં, પહાડો-નદીઓ, સીમ-વગડા, ગામોનાં ગામો, મનેખ ટોળાં, મોસમી ઋતુઓવાળો આખો ઈલાકો અમીતના મનમાં તળે ઉપર થઈ રહ્યો.
- કૂતરાંએ રડારોળ કરી મેલી. ચરાના પીપળે ઘૂવડ બોલતું'તું. કરાની કણજીઓ પર ચીબરીઓ ચીખતી'તી. વ્હેલી પરોઢે વાયરો વધેલો.
- વ્હાલુકડીને વળગી પડતી સીમ વયમાં આવેલી છોકરીની જેમ એનાથી વસ્ત્રો સંકોરીને આઘી ચાલતી, તાકતી ભળાઈ. પોતાનાં ભેરુઓ જેવાં ઝાડવાંય ક્યાં હતાં ? લાડવો

આંબો અને ટીંબાની રાયણો, મારગવાળો મહુડોને માતાની માલગુણની બીલીઓ - કણજીઓ બધું જ ગાયબ હતું

- કુણા સુંવાળા માખણિયા પથ્થરમાંથી કોરી કાઢી હોય એવી ઢબૂ
- ભીતરની ભરીભાદરી નદીને પણ કેટકેટલી તરસ લાગે છે પોતાના પ્રગટરૂપ જોવાની
- ધીમે ધીમે ભેખડો તૂટતી ગઈ, નદી પૂરાતી ગઈ, કોતરો સપાટ થતાં ગયાં...નદીનાં પૂર વૃક્ષોને ઉખાડી ગયાં...ઘર પણ તણાયાં...થોડાં ગામ ઉખડ્યાં...પછી તો ઉપરવાસમાં ડેમ થતાં નદી સપાટ થઈ ને ઓસરતી ગઈ
- મહીસાગરની ભેખડોની ધૂળ માથે (જે હું અહીં એના કાંકારા સાથે લઈ આવ્યો છું) માથે ચઢાવીને ઉતરી પડજો ઢાળ; રેતીનો પટ વીંધીને જતો છેક વ્હેતા જળ પાસે જરા મુકજો, ને જોજો આપણી ચિર પરિચિતતા સભર સલિલા મહીમાતાની સજળ આંખોમાં; આપણું તો એ જ સ્થાનકદેવ ને જાત્રા બધું ત્યાં જ !
- પોતાના પેશાબમાં આળોટીને સડસડાટ દોડતા આ કાચિંડાઓ નાનશીક કાચિંડીને વીંટળાઈને એવી તો ભીંસે છે.
- સામેના અવાવરુ ઘરની ભીંતે એકસામટા પીપળા ઉગી આવેલા દેખાયા – પોતાની કાયામાંથી તો નથી ફૂટી નીકળ્યા ને આ પીપળા ! એવી ભ્રાન્તિ થતાં દાસની બેઉ હથેળી એમને પીપળાના પાન જેવી ફરફરતી લાગી હાથપગ જાણે ડાળીઓ...એમના ઘરમાથે પીપળો પલપલતો સાંભળી રહ્યા દાસ...

આ સંવાદો, વર્ણનવાક્યો, ઉદ્‌ગારોમાં વતનપ્રેમ, એકલતા, કામેચ્છા, ઝંખના, ઘૃણા જેવા ભાવોને વણી લેવામાં આવ્યા છે.

વાર્તાસંગ્રહ 'સુધા અને બીજી વાતો'(૨૦૦૭)માં ગ્રામ્યતત્ત્વો, કહેવતો, રૂઢિપ્રયોગો વગેરેમાં નોંધપાત્ર ઘટાડો દેખાય છે. અહીં કથકની વ્યક્તભાષા પણ શિષ્ટ બની છે. વાર્તા ગતિ પણ થોડી ઝડપી રહી છે. મોટાંભાગનાં પાત્રો નગરમાં બેઠાં છે વતનઝંખના વ્યક્ત થાય છે.

નગરવાસી પાત્રો વતનને યાદ કરે છે ઝંખે છે એવી 'સુધા', 'સેજલ', 'ચિનગારી' અને 'વારસદાર'વાર્તા છે. 'મહીસાગરની સાખે'નો નાયક વતન ગયો છે. આ વાર્તાઓમાં સક્રિય થતાં પરિવેશનાં તત્ત્વો સીમ - ખેતર – નદી -.ઘર - ગામથી જોડાયેલાં છે. નગરવાસી પાત્રોની વાર્તાઓમાં ગામ - નગર સંયુક્તરૂપે આવવાનું. સ્મૃતિમાં રહેલું ગામ તીવ્ર ઝંખનાથી કે વિચ્છેદાયાની વેદનાથી આવે છે. એટલે ત્યાંના વિશિષ્ટ સ્થાનોના ઉલ્લેખો મળે છે. રિસીવર,

રસોડું, પેટીપટારાં, વાસણ, ઘૂમરો, શહેરી હોસ્પિટલ, આઈ.સી.યુ., કાગળ-પત્તર, ભાણાં, ફોન જેવાં મૂંગા, કૃષ્ણવેલનાં સો સો પાંદડીવાળાં ફૂલ, બચ્ચાં ખાવા આવેલી કાબરી બિલાડી, કમ્પાઉન્ડવોલ ઉપર ઉધઈ, તૂટેલાં ફૂટેલાં કૂંડા, લીંપાતો અ-ભાવ, ઠંડા પાણીની બેગ, પારકાં ઘરો, દબાણોથી સંકળાયેલાં ફળિયાં, વૃક્ષો ભરી ટેકરીઓ, સદીઓ જૂનાં ઝાડવાં, ડાળી ફસડાયાનો અવાજ, દિલ્હીની સ્કૂલ, બંગલાનો પોર્ચ, એક-બે પેગ, ઊઘડતા ફૂલની જેમ ઊઘડવું, હૂંફાળી હથેળીઓ, ઓરડીમાં સંકેતબેલ, માળીની કાતરનો અવાજ, હિલસ્ટેશનોમાં મેળાવડા-પાર્ટીઓ, ખાલી ઘરમાં વાગતી રીંગ, છાતીમાં નહી વહી શકતાં પાણીનો ઘુઘવાટ, બંગલામાં અંધારા ઉતરે એ પહેલાં દીવાઓ, દઝાડતી ઝુમ્મરોની રોશની, અંદર તૂટતી ભેખડોના અવાજો, ચંદ્રના તેજમાંથી ઘડી કાઢી હોય એવી શીતલ દવે, સીમવગડો, મોગરાંનાં ફૂલો જેવી આંખો, જૂના મકાનમાં ભાડે રહેવું, દળવાની ઘંટી, ટગરીનાં ફૂલ, બારીના સળીયે ચકલો-ચકલી, રોટલા-કઢી, લાંબા ગૂંથેલા બબ્બે ચોટલા, રીબીનમાં ફૂલો, માથામાં સુગંધી ઘૂપેલ, દૂધ-રોટલો તીખો, ડોડે ડોડે રાતી-પીળી-કથ્થઈ મૂછો, મેદાનમાં પી.ટી.નો પિરિયડ, કાળી ગતિ ને મંડાતી ફેણ, એક-મેક પર ચોંટી ગયેલાં દેડકા ને તીતીઘોડા, મૂતરડી, કળશ્યો, ઘંટી, દયણું, જમીનના બે ટુકડા માટે કોર્ટમાં કેસ, પેટના જણ્યાનું વેણ, કુળગોત્ર, ઘરેણાં-દહેજ, હવા વંટોળીયો, ધંધાની ટ્રીક્સ, બિલિમોરા બેન્ક, સુખડી, લોહી ફેણ માંડે વગેરેમાં નગરવાસી થયેલાં ગામડાનાં પાત્રોની ચેતનામાં ઝિલાતું વતન છે.

- ઘરમાંનો સન્નાટો મને બગીચામાંય છવાઈ ગયેલો ભાસ્યો.
- જંગલમાં કોઈ સતત કુહાડો લઈને ઝાડ કાપતું હોય એમ મને ટચકા સંભળાયા કરે છે. ક્યારેક તો શાંત વાતાવરણને ભેંકાર બનાવી દે એવા ટચકા – મોટેથી પડઘાતા ટચકા. કોઈ અજાણ્યું પંખી ભયભીત સ્વરે બોલ્યા કરે છે – હું એને શોધ્યા કરું છું...થાકી જાઉં છું – જે ઝાડ નીચે એનો બોલાશ પાસે વર્તાય ત્યાં પહોંચું છું ને એ પાછું દૂર સંભળાય છે. પેલા ટચકા વધારે ઘેરા અને પાસે આવતા સંભળાય છે હું જાગી જાઉં છું
- પુરુષ તો પહાડની ભૂમિ જેવો ખરબચડો
- ઉઘડતા ફૂલની જેમ ઉઘડવા મથું છું.
- ખરબચડા વડને વળગેલી વેલી થવા ઝૂર્યા કરતી
- સીમ - વગડે છોડ – પાંદડાં - તરણાં પર જળ - ઝાકળની બૂંદોને જાઈ રહેતો
- ઈસ્ત્રીટાઈટ મન પાછું ભીના લૂગડા જેવું થઈ ગયું
- દુભાયેલું મન કાંકરાને ઠોકર ચઢાવતું રહ્યું

- વરસાદ પછીના ખેતર જેવું મન ગારો ગારો થઈ ગયું
- અંદર તો ડુંગર જેવો દવ બનતો હતો
- ડાંગરમાં ખેતરો મઘમઘી ઊઠ્યા હતા. મકાઈ વઢાઈ ગઈ હતી. બાજરિયાં ડોલતાં હતાં.

આ આ વાર્તાઓનાં રસસ્થાનો છે જ્યાં પાત્રોને વતનઝંખના ઝંકૃત થઈ ઊઠે છે. અહીં જીવન સાથે જોડાયેલી ખેતી, ખોરાક, પોષાક, ગામડાના ભોળા ભાવો પ્રત્યેનું અદમ્ય આકર્ષણ વગેરે ઝુરાપારૂપે આવે છે

'રાતાં પોયણાં', 'અંજળ' અને 'મહીસાગરની સાખે'માં ગામભૂમિમાં વાર્તા સર્જાય છે. એટલે ગામડું તંતોતંત ઝિલાયું છે. પૂર્વેની સંગ્રહોની વાર્તાઓનું અનુસંધાન અહીં વર્તાય છે. આ વાર્તાઓનો કથક ગામડે બેઠો છે પણ જરા શિષ્ટ તો બન્યો જ છે. લઢણ થોડી બદલાઈ છે. 'હેલી' કે 'પડતર' જેવો અનુભવ એ નથી કરાવતો.

કમોસમી વાદળો, કધોવાણ, માદરપટના થેપાડા જેવું અજવાળું, ગોરંભાયેલો દિવસ, કંકુ જેવું પોયણું, ભીતરની ભેખડો, અવાવર દુર્ગમ કાંઠો, ગાયત્રી પાઠ, સ્કૂટર, ટ્રક, જાજરૂ-બાથરૂમ, રોકડું પરખાવી દેવાની ચળ, કૂણી કૂણી હયાતી, ડુંગરા જેવડો ઉપાડો, આંગણામાં તુલસીક્યારો, કોરું ચોમાસું, ઘર સામેનો પીપળો, ભાગોળનું તળાવ, ઝાડવાંને ધુણાવતો પવન, મઝધારનાં તોફાનો, ગળા ફાંસો, ચોપાડ, ડાકોરનો પ્રસાદ, સીમ-તળાવની માટી, વંટોળીયાની જેમ ઘસતો ભગો, બારસાખ, હળાહળ કળજુગ, બોડી બાંમણીનું શેતર, વાંટ વાડનું નેળિયું, પૈંડા નીચે કચરાતી ધૂળ, ફેલાતું જતું અજવાળું, ઝાંખુ ઝાખું પાદર, ઝંખવાયેલાં ખેતરો, ભીંજવી દેતો તડકો, તડકે નહાતું પાદર, નદી પારનો વિશાળ રેતાળપટ, તડકામાંથી ઘડી કાઢી હોય એવી છોકરી, ધમધમતા પાદરમાં સૂતેલો સૂનકાર, પીપળનાં પહેલાં પાંદડાંની જેમ ઉડતાં વર્ષો, કાળિયાં દેરાં વગેરેમાં ગામ-સ્થળ સર્જકની નવી કલમે, નવી સદીની નજરે આલેખાયું છે.

- શિયાળું તડકામાં સોડાતા તમાકુનાં ખેતરો છાતીમાં ભરી લેવાની તડપ જાગતી. ખામોશ ઉભેલાં કેળનાં ખેતરોમાં ખોવાઈ જવાનું મન થતું અને યાદ આવ્યા કરતાં કેળનાં ડોડાં જેવાં રાતાં ફૂલો...મુઠ્ઠીમાં મસળી નાંખવાની કસક ઉઠતી. બસની બારીમાંથી ગામ-ભાગોળનું તળાવ દેખાતું. આંખો દરવખતે પેલાં કંકુવરણાં પોયણાંને શોધ્યા કરતી. આસોમાં ઉઘડતાં એ પોયણાં હવે તો તળાવની છેક સામે કોર ભળાતાં હતાં. જ્યાં ઝાડી-કાંટાળાં ઝાંખરાંનો પાર નહોતો. એ અવાવર કાંઠો દુર્ગમ હતો. આખરે ત્યાં સાપ-એરુને અવગણીનેય પહોંચાય કેમ ?! ને તોય મનના મલકમાંતો

રાતું પોયણું ઝલક્યા કરતું. મોટીને થતું કે આખા મલકને સફેદ પોયણાં ને મારા ગામ-તળાવમાં રાતાં પોયણાં. મન તલસે તો ના તલસે કેમ ?

- ઘરમાં સુખની ચકલીએ ઊડવા માંડ્યું હતું
- લોહી બળીબળીને ઉના શ્વાસ સાથે વરાળ થઈને બહાર આવતું હતું.
- આંખ સામેથી પંખી ઉડે એમ દિવસો ઉડતા હતા
- સામે કાંઠે વિશાળ પટ રેતીવાળો...આ કાંઠે પથરાળ આરો. ભેખડો-થર-મંદિરો, સામે મળતા ત્રણ રસ્તાઓ વચાળે વિશાળ પાદર, વચ્ચે વલ્લી, પાસે ચબૂતરો... ને પડખાની બેઉ ભેખડો પર ઊંચાઈએ નિશાળ અને હાઈસ્કૂલ...નદી અને પાદર વચ્ચે ધક્કા પર જૂની હવેલી, નીચે હોટલ અને ઉપર 'રાધા કા મકાન' જેવું.
- જૂનાં નળિયાંને તૂટેલો દરવાજો ! તૂટી તૂટીને સમથળ થવા આવેલી ભેખડો...નેળિયાં...! નદી ઊછળે છે ને શાંત થઈ જાય છે - ધોરી નાડીમાં એના થડકારા વાગે છે
- શરદમાં સીમ પાકતી. મકાઈ-ડાંગર વઢાતાં. તડકો ડૂંડાં-કંટીઓ-ઘાસ જોડે ભળી ઓગળી જતો અને સોનેરી નીરવતા છલકાઈ જતી
- વરસાદ પડતાં જ વેલાઓથી છવાઈ જતી વાડ લીલીછમ થઈ જતી...બકરાને ઘણી ભૂખ ભાંગતાં. વાડવેલાની જેમ અમનેય પાંદડી ને પાંખ, ડાંખળી ડૂંખ ને કળી-ફૂલ ફૂલતાં – પતંગિયાની જેમ સીમવગડો ઊડાઊડથી ભરી દેતાં આ...વર્ષો એમ જ સરતાં
- મહીસાગર રેશમી રિબિન જેવી અંગે અંગે વીંટળાતી હતી જાણે...ને લોહીમાં એના જળતરંગો લહેરાતાં હતા.

અહીં માનવભાવો સાથે ગામપ્રકૃતિનાં તત્ત્વો સેળભેળ થઈ ગયેલાં અનુભવાય પણ નિરૂપણ ભાષામાં આવેલી નૂતનયુગની ઉપમાઓ અને લઢણો લુપ્ત થયેલી દેખાય છે. સંબંધોમાં આવેલો બદલાવ સાથે સીમ-ખેતર, તળાવ, નદીમાં પણ બદલાવ જોવા મળે છે. તહેવારો, મેળા વગેરે આર્થિક-સામાજિક સમસ્યાઓથી પીડાય છે. નગરમાં ગયેલા પાત્રોની સાહ્યબી અને ગામઝુરાપો છે તો સાથે સાથે ગામડામાં વસતા લોકજીવન પર નગરજીવનનો દાબ અને બદલાવનો કચવાતા મને સ્વીકાર-અસ્વીકારનો સંઘર્ષ છે.

મણિલાલ હ. પટેલની વાર્તાઓ પાત્ર અને પરિસ્થિતિને અનુરૂપ એવો પરિવેશ રચે છે. ખાસ તો ભાવોને જ દર્શાવતો પરિવેશ ચીડો, કાંચળી, પડતર, જાંબુ, હેલી, બાવળના ફૂલ વગેરેમાં વધુ

સક્રિય બન્યો છે. પરિવેશ નિરૂપણમાં ક્યાંક કથકની સળંગસૂત્રતા ન જળવાતાં મુશ્કેલી પણ થઈ છે. જેમ કે એક જ વાર્તામાં કથક વતનઘર, ઘરવતન, વતનઘેર જેવા જુદા જુદા શબ્દો પ્રયોજે છે – ૧ . હોકો, હોકલી, હુક્કો, હુકો એક જ ચીજ માટે પ્રયોજાયેલા શબ્દો છે – ૨. 'ઢેડ ફજેતા' જેવા શબ્દ કથકની નિરૂપણ ભાષામાં આવે જે સામાજિક લાગણીને દુભાવી શકે છે – ૩. સાંજ ઢળે, કુંવારી ભોંય, બાજરીનાં ડૂંડાં, લચેલો મોલ વગેરે વર્ણનો, વિગતો મોટાભાગની વતનરાગની વાર્તાઓમાં આવ્યાં છે – ૪. એક જ પાત્ર માટે પ્રયોજાયેલો શબ્દ 'ડોશી' અને 'બા' અંતે સુધરે છે – ૫. સંસ્થા માટે એક જ વાર્તામાં આવતા શબ્દો 'શાળા' અને 'હાઈસ્કૂલ' વિગતદોષ છે – ૬. આવું જ 'ડૉક્ટર' અને 'દાક્તર'માં પણ બને છે .

આ રીતે કેટલીક વિગતોની મર્યાદાઓ બાદ કરતાં આ વાર્તાઓમાં પરિવેશ, પાત્ર અને પરિસ્થિતિ ચોક્કસ સંગઠનસૂત્ર રચવામાં કામિયાબ રહે છે. સમગ્ર પરિવેશમાંથી સર્જાતો પ્રાદેશિક સંદર્ભ મણિલાલની વાર્તાઓની વિશેષતા બની રહે છે. જે વિશેષ 'સ્થળસંદર્ભ'ના અનિવાર્ય ઘટક નિમિત્તે પ્રગટે છે.

**મોહન પરમાર**ની વાર્તાઓમાં સ્થળ તરીકે મોટેભાગે ઉત્તર ગુજરાતનું ગામડું જ છે. 'કોલાહલ' (૧૯૮૦) વાર્તાસંગ્રહની વાર્તાઓ આધુનિકતાના ગાળાથી પ્રભાવિત રહી છે. બારમાંથી પાંચ વાર્તાઓનું સ્થળ ગામડું છે. જે નીચેની વિગતો દ્વારા સર્જાય છે.

બજરની ડાબલી, દાતણ, સ્મશાનવત્ શાંતિ, ભીંતો પર અથડાતો અવાજ, ઉકળાટ, ઝાકળવર્ષા, ઓસરીની આજુબાજુ પથરાયેલાં લીમડાનાં પાંદડાં, આવરણો, પિયર, રોટલો વાળુ, પાઘડી, ઊંટ, ઢોલિયાની પાંગથ, પાકીટ, ફેક્ટરી, ગલ્લો, સાઈકલ, મનીઓર્ડર, બીડી, ડબામાં પ્રસરતો ધૂમાડો, ત્રાંસી ટોપી, ધૂળિયો રસ્તો, બેઉ બાજુ થોરની વાડ, ખેતરના શેઢા, ગળામાં માદળિયાં, સૂસવાટા મારતો પવન, ચીસથી ચીરાતી હવા, માખીઓના બણબણાટ, ડૂંડાં, ભાલા, ફળફળાદિની વાડીઓ, તૂટેલ ફૂટેલ ખાટલી, ઘાસ વગેરે...

'ખચકાટ', 'તોડ', 'કોલાહલ', 'વિમાસણ' વગેરે વાર્તાઓમાં આવતા ગામસ્થળમાં મુખ્યત્વે પરિવેશ દ્વારા આર્થિક સંકળામણ, નગર અને ગામ વચ્ચે ઝોલા ખાતાં પાત્રો, માન્યતાઓ-પરંપરા વગેરેની નીચે દબાતા ભાવો વગેરે નિરૂપવાનો પ્રયાસ થયો છે. વિષય તરીકે પ્રયોજાતી વિચ્છીન્નતામાં પરિવેશ ખાસ મહત્વનો ભાગ ભજવતો નથી. આ વાર્તાઓમાં પરિવેશની સ્થળસર્જનની અછડતી ભૂમિકા જોવા મળે છે.

'કોલાહલ' પછી એક દાયકા સુધી ચાલેલી મોહન પરમારની વાર્તાસર્જન પ્રવૃત્તિમાં આમૂલ પકડ આવતી ગઈ. આ દરમ્યાન અનુઆધુનિકતાના વલણો પણ સ્થિર થવા જતાં હતાં. પરિણામે મળેલો વાર્તાસંગ્રહ 'નકલંક' (૧૯૯૧)માં સાધુ, વાડો, હીરવણું જેવી આ ગાળાની મહત્વની વાર્તાઓથી ખુદ ગુજરાતી ટૂંકી વાર્તા સાહિત્ય સમૃદ્ધ થયું છે. 'નકલંક'ની વાર્તાઓમાં સ્થળ તરીકે આવેલું ગામડું પ્રાદેશિક તમામ વિશેષતાઓને લઈને આવે છે. કથકનું તાટસ્થ્ય પૂર્વકનું નિરૂપણ પરિવેશને ચોક્કસ રીતે કાર્યદક્ષ બનાવે છે. આ પરિવેશ ઉત્તર ગુજરાતના મૂળ ગ્રામીણ રંગરૂપે આવે છે. ભાવસંવેદનોની સૂક્ષ્મતાને ઉપકારક બને છે.

'નકલંક'માં ગામપરિવેશને સ્થળ તરીકે પ્રયોજતી અને પ્રદેશવિશેષો ચીંધતી (દલિતસંદર્ભ સિવાયની) વાર્તાઓ તણખલું, રેચબો, ભારો, નમાલો, ચૂવો, જળાશય, વાડો છે. જેનો સ્થળ પરિવેશ વિવિધ ગામસંદર્ભને ઉઘાડતી વિગતોથી બંધાય છે.

અરીસો, તપેલી દૂધ, તડામાર વરસાદ, નાગાંપૂગાં છોકરાની કીકીયારીઓ, ચા, તપખિરીયા રંગના થર,છીંકણી, બારણાની આડશ, કુંભીએ ટેકવેલો હોકો, પદ સંચાર, ભાંભરતી ગાય, ગમાણ, બૈરાંના ટોળાનો ગણગણાટ, કપડાં અને ઘરેણાંનો થાળ, પાણીનો રેલો, ધોતિયાનો છેડો, લાકડીનો ટેકો, ઝાબ, થોરની વાડ, છાણાં થાપવાં, વાહણ, લંગીસ, લીમડો, ઘુરકીયું, ખાટલી, દીવાસળી, મનમાં ખટકો, કાદવ, કોઢાફાડ બોલી, રૂનાં કાલાંની ઘડી, ઘડિયાળના ટકોરા, સુક્કા થોર, નેળિયાની વાડ, કંથેર, તડકામાં ઝગારા મારતું મેળ, કોઢી વડે કાળો વાન ઊતરડી નાખવાનું મન, ડોડીની વેલ, બળદનાં પૂંછડાં, આમળતો ગજુભા, શૂળની માફક છાતીમાં ભોંકાતા શબ્દો, સીમ, નેળિયું, બોરડી, લોહી ઉકાળા, ઓસરી, હાડકાં ખોખરાં કરી નાખવાં, પિયર, ભાયડા, ધજાગરો, કંતાનનો નેડો દોરી, નાનકડું સ્ટુલ, કૃશકાય દેહની જેમ લબડી પડેલું કંતાન, તડામાર વરસતો વરસાદ, ડામચિયું, વાછટ, ચરરર કરતું ચિરાતું કંતાન, નળિયાં, વાંસ, ચૂલાગર, તળાવ, પવનના હડદોલા, કાગળની હોડીઓ, ટુવાલ, સીમ, અવાવરું કૂવો, ગાયોનાં ઘણ, ઘણમાં ખળભળાટ, યથાવત્ મહીનાં કોતરો ગીચ ઝાડી, ચોખ્ખું પાણી, લહેરાવું, નોળિયો, વાડ, લીંપણ, ખાલી ચડી હોય એવા પગ, ગૂંદી, કંથેરની વચ્ચે છીડું લૂમખે ઝૂમખે ગૂંદો વેલ પર બેચાર કંકોડાં, ગલકું, તૂરીયું, ભીંતમા ંદર, ફૂંકી ફૂંકીને ભીંતનાં પોપડાં ખોતરે, સોંસરવો નાહસ, બોડીયું વાડ, ગજવામાં બીડીઓ, નોળિયાનો ભો, ખખડાટ, વાડાનાં ફૂલઝાડ ધૂણતાં હોય એવું લાગવું, ફગફગતા કપડાંના ડૂચાને રામાપીરની ધજા માનવી, બદામની ક્યારીમાં પાણીનો રેલો, જાળામાં શીંગડું લપેટાતું જાય, ગૂંદી પર કાગડાની કાગારોળ, ઢેખાળો અટવાવો, હાસ્યના ફૂવારા, ટોપલીમાં કચરો,

ગૂંદીની આડશ, વાડો વાપરવા જુગ પૂરો કરવો, મમતાનો ફૂવારો, દવાની ગોળીઓ, ઢોર વગેરે વડે આ સંગ્રહની વાર્તાઓમાં ગામસ્થળ રચાય છે. ભાવસંકલન સધાય છે.

- ગમાણમાં ગાય ભાંભરતી હતી. વાછરડું ધાવવા માટે કુદાકુદ કરતું હતું. લીમડાનાં પાંદડાં વેરણછેરણ પડ્યાં હતાં.
- પૂરા કદનો અરીસો ફફડી રહ્યો હતો, અરીસાની પાછળ ચકલાંએ કરેલા માળામાંથી એક તણખલું ઘૂમરાતું ઘૂમરાતું થાળમાં પડ્યું. એક બૈરાએ અવળા હાથે તેને થાળમાંથી બહાર ફેંકી દીધુ

અહીં હીરાની પરપુરુષ પ્રત્યેના આકર્ષણ નિમિત્તે મનોસંઘર્ષ અને અંતની એકલતા દર્શાવાઈ છે.

- વહુ તો દાંતમાં સાડલાનો છેડો ભરાવીને બેચરદાના હોઠ સામે જ જોઈ રહી.

વેર સામે અવેરનો ભાવ છે એક પ્રકારની નિસ્પૃહતા વ્યક્ત થઈ છે.

- રીસમાંને રીસમાં એક કાંટાળું જાળું ધારિયા વડે સોમાએ ઉલાડી મૂક્યું, જાળું દૂર જઈને પડ્યું, ને તેમાંથી સૂકાં પાંદડાં ખરી પડ્યાં. સોમો વિખરાઈને પડેલાં પાંદડાં સામે જોઈ રહ્યો. કપાળની તંગ થતી રેખાઓ પર આંગળી ફેરવી. કંટાળો લાવીને ખભા પર ધારિયું મૂક્યું હફડક હફડક પગ ઉપાડ્યા.

વાર્તાના આરંભે મૂકેલા આ દશ્યમાં પાત્ર સાથે જ વીંટળાતાં આવતાં પરિવેશ તત્ત્વો સ્થળને મૂર્ત કરે છે.

- વરસાદની હેલી ચઢી. આકાશ મેઘ ગર્જનાથી ગાજવા માંડ્યું હતું. જોર શોરથી વાતા પવનને લીધે સીધી દિશામાં પડતાં વરસાદનાં ફોરાં હાલતાં હતાં. નેવાંની વાછટ ઓસરીમાં ભરાતી હતી. આ વાછટને કઈ રીતે રોકવી, તે શનાની સમજમાં આવતું ન હતું.

અહીં નગરનજરે નિરૂપાયેલ ગામસ્થળમાં સ્મૃતિશોધ ચાલી રહી છે.

- ડોડીનાં પાંદડાં વાડામાં ફંગોળાવા માંડ્યાં એ પણ ફંગોળાયા હોય એમ મેંદીના થડ સાથે અથડાયો.
- નાનકડું છીંડું મોટું થઈને ખેમાની આંખમાં સમાયું, નોળિયો બારી સોસરવો નાઠો

ખેમાની અસમંજસ મનોદશા, કશું હાથમાં ન આવવાથી છતાં શંકા મજબૂત થયા કરવાનો ભાવ સઘન થાય છે.

'નકલંક'ની વાર્તાઓમાં આવતાં આવાં વર્ણનવાક્યો માત્ર સ્થળ સર્જતાં નથી પરંતુ પાત્રની ક્રિયા સાથે જ જોડાતાં, વીંટળાઈને આવતાં જોવા મળે. જેના પરિણામે ગામસ્થળ જીવંત બની જાય છે.

વાર્તાસંગ્રહ 'કુંભી' (૧૯૯૬) અને 'પોઠ' (૨૦૦૧)માં ગ્રામપરિવેશને સ્થળ તરીકે વેધકતાથી નિરૂપે છે. અહીં માન્યતાઓ, પ્રસંગો, રૂઢિઓ વગેરે વિશેષ પ્રમાણમાં પ્રગટ્યાં છે. આંગણું, વાવ, રઢ, અશ્વપાલ, પીંગળા અને કાનાજી, લૂણો વાર્તાઓમાં ગામસ્થળ પૂર્ણરૂપે સક્રિય બન્યું છે. જે વિવિધ વિગતોથી બંધાય છે.

ચલમનો કસ, વાસીદું, ખાટલો, ડોશીનાં ફૂંફાડા, લાકડીનો ટેકો, ટુવાલ, લાજનો છેડો, દફ્તર, શિયાળાનો મીઠો તડકો, તડકાછાંયડી, આરતીની ટોકરીઓ અને પંચારતીનો તાલ, ઘટાદાર લીમડા પર કાગડાના માળા, સંતાકૂકડી રમતી હાસ્યની રેખાઓ, ભોંય પર જેડીઓ ઠોકવી, ભફભફ કરતું ફાનસ, પોઢણ આરતી, ઊભરાતી ઓસરી, ભેદરેખા એકાકાર થતું આંગણું, ધાબા પરના પૂળા, આ સદીમાં આઘી પાછી થતી ગચરી, લીમડા નીચે પડેલાં બીડી-બાકસ, છણક ભણક, ઘૂરકીયું, ખાટલી, ઉનાળાનો બપોર, લૂ, ખેતરના એકપટામાં હિલ્લોળા લેતી ઉનાળુ બાજરી, આંબા લીમડા અને બદામનાં વૃક્ષો, ખેતરની ઝાંપલી, ધોળા બરફ જેવા બળદની જોડ, લીલીછમ લીબુડીઓ, બાજરીનો લહેરાતો પાક, સૂમસામ ખેતરો, કપાળ પરથી ટપકતો પરસેવો, મનમાં ઉકળતો ચરુ, ગરમ ગરમ પવન પગ પર વાગવો, દીવાલના ગોખલામાં કબૂતર અને ચકલીના માળા, મધુર અવાજ, દુકાળની પરિસ્થિતિ, સતિમાતાની બાધા આખડીઓ, અવાવરુ વાવ, ગોખલાની બહાર ગમ્મત કરતા કબૂતર, તેજ લિસોટા, આભ, ડબલું, ચાર, કાળિયાની હોટલમાં તાજાં તળાતાં ભજીયા, ઘૂમરિયે ચડેલો ઘોડો, ચામડી પર, ચરચરાટી, ખેતરો, હાકોટો, ભીંત પર ટીંગાળેલી બંદૂક, જંગલની વાટ, સાંકડી કેડી, ફરરરર ફરરરર ઉડતી મૂછો, અંદરથી ખડખડાટ હસવું, કાંટાળા માંચા જેવો લાગતો સાગ-સીસમનો ઢોળિયો, આશ્રમનો દરવાજો, ભાલો, ભોંય, હાહાકાર, પૃથ્વી પર પથરાતું ઝાંખું પાંખું અજવાળું, દીવાલ પર ટીંગાળેલી તલવાર, ગોદડું, કૂતરું, ધારિયું, ગામતળાવ, ચોતરો, વડલો, ધોતિયું, ધારિયાનું ફળું, કેડમાં ઘડો, ઝાંપો, રંગબેરંગી પડદો, નેળિયું, પહેરણ, રણકતી ભૂંગળ, તૂરી વાસ, ટોડલો, કંથેરના જાળામાં મૂકેલો દારુનો બાટલો, ઠાકોરવાસ, તૂરીએ પહેરેલાં વસ્ત્રો (ઘમ્મરિયાળા ઘાઘરા, ઝગમગ થતાં વસ્ત્રો, સિલ્કની સળ, બ્લાઉઝ) ઘરમાં ભપ ભપ થતી પેટ્રોમેક્ષ, ઘેઘૂર આંબા નીચે ખાટલા, વરઘોડો વગેરે...

આ વિગતો દ્વારા બંધાતું ગામડું વાર્તાના પાત્રોના જીવનસંદર્ભોને ઉઘાડે છે તથા પ્રાદેશિક ઓળખ આપે છે. તૂરીના ખેલ, રામદેવજીનો વરઘોડો, કામતૃષા જેવી સાંસ્કૃતિક વિગતો આ વાર્તાઓમાં

પરિવેશ બંધારણ વડે ઉઘડે છે. આ વાર્તાઓની પરિસ્થિતિઓને જોડી આપતી અને ભાવોને પુષ્ટ કરતી વર્ણનશક્તિ જોઈએ.

- એ એવા મોટા અવાજે બોલ્યા કે વાતોએ ચડેલાં બંને આંગણાં ભડકી ઉઠ્યાં. બંને આંગણાંની વચ્ચોવચ હારબંધ ઘાલેલાં ઈંટોના રોડાં ઊંચાંનીચાં થઈને ખિખિયાટા કરવા લાગ્યાં આંગણાંને રોડાં પર દાઝ ચડી. પણ રોડાં તો મોતી ડોશીની પ્રતિકૃતિ જેવાં હતાં.

અહીં વાર્તા તો બે પરિવારો વચ્ચેનો સંઘર્ષ ખુલ્લી જાય છે 'પ્રતિકૃતિ' શબ્દ કથકને ખુલ્લો કરી નાખે છે.

- વાયરાને લીધે હાલતા વૃક્ષોમાં ભળી જવાનું દલપતને મન થયું ખેતરોમાં દેખાતી લીલીછમ વાડીઓની આસપાસ ઠંડક હશે કદાચ એવું દલપતને લાગ્યું.

પરિવારમાંથી વિચ્છિન્ન થયેલો ઈર્ષાભાવથી પીડાતો નાયક પ્રકૃતિમાં આશરો શોધે છે. 'વાવ' પરંપરાનું પ્રતીક બની જાય છે.

- હરખાતા હરખાતા એ ઝાંપે આવ્યા ત્યારે ભૂંગળ શોર મચાવતી હતી. કાનાજીને પાનો ચઢ્યો. રંગબેરંગી પડદા ચીરતી નજર કશુંક શોધતી હતી. ઠાકોરવાસના ભાયડાઓ વચ્ચે કાનાજી મૂછો આમળતો બેઠો. ગામલોકોની અવરજવર ચાલુ હતી. ખેલ શરૂ થાય તે પહેલાં તો ગામ આખું આવીને હડકે ઠઠ ગોઠવાઈ ગયયું.

આ પ્રકારના સરળ વર્ણનવાક્યો ને કારણે વાર્તાકથકની ગતિ ઝડપી લાગે છે. 'પોઠ'ની વાર્તાઓમાં પરિવેશ નિમિત્તે આવેલી વીગતોમાંથી રીતરિવાજો, માન્યતાઓ, પ્રસંગો, ખેલ, તમાશા, ઘરકંકાસ વગેરેથી બંધાતું ગામડું જીવંતપણે નિરૂપણ પામ્યું છે.

'અંચળો' (૨૦૦૮)ની વાર્તાઓ ઝડપથી બદલાતા ગામડાને લઈ આવે છે. આ બદલાવને પરિણામે સંબંધો અને પરંપરાગત જીવનરીતિમાં આવેલા પરિવર્તનોને વિષય નિમિત્તે મુખ્ય માનવભાવોને નિરૂપવાનું તેમનું નેમ રહ્યું છે.

અંચળોની વાર્તાઓમાં નકરું ગામડું અછડતું છે પરંતુ નગરસ્પર્શથી બદલાતું ગામડું અને નગરવાસીના જીવનમાં વણાયેલું ગામડું બે રીતે ગામસ્થળ નિરૂપાય છે જે બદલાવ છે. આ પ્રકારનું ગામસ્થળ નિરૂપતી વિશિષ્ટતાઓ વાર્તાને ઘડે છે.

અહીં ગામસ્થળમાં નિરૂપણ પામતી વાર્તાઓ ટોડલો, વરસાદ, અવઢવ, ગવરી અને નાથ ટેકરી છે. 'નાથ ટેકરી'નું સ્તર ચૈતસિક છે પરંતુ ગામસ્થળ તેની ભૂમિકા બન્યું છે. 'ભ્રમણા' લોકકથાના રૂપમાં આલેખાયેલી છે જેમાં નગરવાસીની નજરે જોવાયેલું હેરતભરી નજરે જાવાયેલું ગામ છે.

જંગલ, ટેકરા પરનું એક મારું ગામ, સૂર્યનો તડકો, રસ્તાની આજુબાજુ આછેરાં વૃક્ષોની હારમાળા, ધીમો પવન, વૃક્ષોની લયબદ્ધ હાલચાલ, હરિયાળી સીમ, કાપડનું પોટકું, ઝાડ, રોટલાનો ટુકડો અને મરચું, ધૂળિયો રસ્તો, ઘેઘૂર રાયણનાં વૃક્ષો, ખખડતાં પાંદડાંથી ભારેખમ થતું વાતાવરણ, નગ્નપૂતળી, સોનાનું મંગલસૂત્ર, એક વીંટી, બે બંગળીઓ, દુર્વાસા ઋષિનો શ્રાપ, તળાવ, ભોંય, ઢેખાળો, ધૂમ્રવર્તુળ વગેરે પરંપરાગત કથનરીતિનો વિનિયોગ સાધે છે.

ગરીબાઈના જીવનસંઘર્ષની વાર્તા 'ટોડલો'માં લીંપણવાળી ઓકળીયો, વાટકામાં શાક, બાજરીના કડક રોટલા, ખાલી ખખડતી તપેલી, તળિયા ઝાટક લોટનો ડબ્બો, ચુલાગારમાં હોકો ભરવો, સાડલાની ખોળવાળા ગોદડાં, ઓસરીની ઓટલી, પ્લાસ્ટિકની જાડી થેલી, શીરાની કઢાઈ, વાડામાં ખૂટવા આવેલા ઈંધણ, કુહાડીથી કપાતાં બાવળનાં ઠૂંઠાં, ઝાંખરામાં છીંડું, તડકો છાંયડા જોડે સંવનન, થોરના વાડનાં સુક્કા ડેડાં, થળી, ટોડલો, ઘરનો મોભ, તૂટેલાં નળિયામાંથી પથરાયેલાં જાળી બાવાં, ઠંડોગાર ચૂલો વગેરે દ્વારા નર્યું ગરીબ પરિવાર ઉપસે છે. આ વાર્તાનાં વર્ણનો જુઓ.

- વગડાનું વાતાવરણ ક્ષણભર થંભી ગયું થોરની વાડ અને બાવળિયાનાં ઠૂંઠામાં સળવળાટ થયો. લીમડાના ઝાડ પર ઉડાઉડ કરતાં ચકલાં ઉડવાનું ભૂલી ગયાં કા કા કરતા કાગડાઓની કાગારોળ હવામાં લટકી પડી. નેળિયામાં જામેલા ધૂળના થરમાં તિરાડો પડી ને રસ્તા પર રમતે ચડેલો તડકો છાંયડા જોડે સંવનન કરવા લાગ્યો.

અહીં ગરીબાઈના દુઃખમાં થોડી હૂંફ અને મણિનો જીવનસંઘર્ષ છે.

ઓસરીની કિનાર, પવનનો સૂસવાટો, કાળુંડિબાંગ આકાશ, ફળિયાની રેત ઊંચીનીચીં થઈ લીમડાના થડ સાથે અથડાય, હિલ્લોળાઈ હિલ્લોળાઈને ઊંચાંનીચાં થતાં ડાળાં, ચોકડીમાં વાસણનો ઢલગો,રેતનો મંદ સરસરાટ, હળવો પવન, ગાજવીજ, ફૂલીને ફૂગ્ગા જેવો થયો સાડલો, ફોરાંનો મારો, માથામાં તડતડ, દીવાલોના પોપડામાં આંગળાથી ખોતરવું, છતરી, બધે પાણી પાણી લીમડા નીચે કોરું કોરું, ખળખળ વહેતા પાણીની નીકમાં પગ, છાંટા, વાયેલા પવનના સૂસવાટા, ચોકમાં નણધિયાતું એકલું અંબેમાનું મંદિર, વગડામાં જવાની ઈચ્છા, ગામનો ઝાંપો, વીજળીનો ચમકારો, અંતરમાં ચીરાડો, તપખિરીયા રંગનું ખળું, વરસતી હેલી વગેરે વડે કલેક્ટર થયેલા નાયકના વતનરાગને 'વરસાદ' વાર્તામાં વણ્યો છે.

અહીં ભાભીનું સૂચકવાક્ય સરસ ગોઠવાયું છે.

- હવઅ પલળ્યા વના છૂટકો સે ! ચ્યાં હુંદી કોરા રેશો ?

મોહન પરમારની વાર્તાઓમાં આ પ્રકારાના જૂજ પણ સચોટ કથનો કથકને યોગ્ય દિશા આપે છે.

- ખળખળ વહેતા પાણીને હાથ વચાળે ઝીલ્યું ઊભો થયો., પાણીમાં પગ પછાડ્યા, પછી દોડ્યો, ઝાંપા સોંસરવો ને હું કાંતિ તભાનો કાંતિડો – પેલો લીમડો ખસેડવા ભેગા થયેલા ટોળા ભેળો ભળી ગયો.

વરસાદની મોસમનો વિનિયોગ પાત્રચિત્ત ને વતનરાગના ગાંડપણને સમાયોજીત કરી લે છે.

'અવઢવ' વાર્તામાં લીમડાના થડ સરસી પીઠ, દાતેડું તડકાનાં નખરાં વગેરે વીગતો ઉપરાંત વર્ણનવાક્યો વાર્તાને ઘડે છે.

- પણ આ તો તનના ઉઝૈડા, મનના ઉઝૈડા ઋ્યાં જંપવા દેઈ  છઅ અને ઘાઘરાનો ઘમરિયાળો ઘેરાવો હવામાં ફરફર્યો.
- શંકરના ત્રિખુણીયા ખેતરમાં બાજરીના ટટ્ટાર ડૂડાંમાં ગવરીનો ખાલીપો પેઠો.
- તડકો હવે હવે વગડામાં આળોટી આળોટીને થાક્યો હતો.

મોહન પરમારની વાર્તા નિરૂપણશૈલી અહીં  પૂર્ણરૂપે ખીલી છે. સ્થળ પાત્રભાવ સમેત જીવંત બની જાય છે.

'ગવરી'માં હાલકડોલક મન, આંખમાં સળવળતાં સાપોલિયા, બળીને ખાખ થયેલું અંતર વગેરે દ્વારા આર્થિક અને પારિવારિક સંઘર્ષ છે.

'નાથ ટેકરી'નું સ્થળ ગામડું છે ભયનું સર્જન ગામસ્થળના પાત્રમાં થાય છે.

ફળિયું, સીમ, આડીઅવળી-ઊંધીચત્તી-સીધીત્રાંસી જતી નદી, સૂર્ય પર ખડકાયેલાં વાદળો, વાદળની જમીન પર ઝાંય, ઝાડીમાં અદશ્ય થતા વાંકાચૂકા રસ્તા, વનરાજી વચ્ચે લહેરાતો નોંધારો પાક, ઓસરીમાં પડેલા બેત્રણ ખાટલા, વૃક્ષને બાથ ભરવી, નદીનો વિશાળપૂર્વ કિનારો, રાજાનું રાજ્ય, માતાજીનું મંદિર, સુક્કી ભઠ્ઠ રેતી, ચપ્પુથી નવાણ કાપવા, સૂર્યનાં કિરણોનો ઝાંખો ચળકાટ, સરસ મજાનો ઓટલો, એકલી માટલી, આકાશમાં ટમટમતા તારા, જંગલ પર હીમ, બાકોરામાંથી આવતો ચંદ્રપ્રકાશ, જળકુંડો, પથારીમાં રાની પશુ, હાકોટા-છાકોટા, નાનાં નાનાં વૃક્ષો, વચ્ચે ગુફાઓ, પશુની ગગનભેદી ચિચિયારી, ખંડેર,ચામાચિડીયાની ઉડાઉડ, મૌન ધરેલાં કબૂતરોની ઉડાઉડ, કાળું ઘબ્બ થતું ખંડેર, પશુની ત્રાડ, ખડખડાટ હાસ્ય, હૃદયમાં હાહાકાર મચાવીને પાંપણની ધાર પર લટકેલાં રાણીનાં પગલાં વગેરે ધીરે ધીરે ઉદ્દિપ્ત કરે છે.

મોહન પરમારની વાર્તાઓમાં ગામસ્થળ સક્રિય બન્યું છે એ વર્ણન અને ક્રિયાને એકમેકમાં સેળભેળ કરીને નિરૂપે છે. પાત્ર ભાવોને અનુરૂપ આવતો પરિવેશ વાર્તાને ઢાળે છે. વાર્તાની કથનરીતિમાં મોહન પરમારે કરેલા પ્રયોગોમાં એને અનુરૂપ પરિવેશે લોકકથા, પુરાકથા જેવા

કથારૂપોને સફળતા અપાવે છે. ગામસ્થળને માત્ર અહોભાવ, ઘેલછા કે તીવ્ર ખેંચાણને કારણે જ ન નિરૂપતાં પરિવાર, પારિવારિક સંઘર્ષ, વર્ગસંઘર્ષ, જાતિયતા, વતનની વિશિષ્ટ પરિસ્થિતિ વગેરે ભાવો પરિસ્થિતિઓ સર્જવા આ વીગતો ખપ પૂરતી વપરાશમાં લેવાઈ છે. જે ક્રિયાઓમાં વણાતી આવે છે. વાર્તાઓમાં ઘટાદાર લીમડો, રામાપીરની ધજા, વિવિધ જ્ઞાતિવાસ વગેરેની વારંવાર આવતી વીગતો, ક્યારેક સંપૂર્ણ સ્થળસંદર્ભ અસ્પષ્ટ રહી જાય તો ક્યારેક ક્રિયાઓમાં સ્થળનો અભાવ રહે એવી મર્યાદાઓ બાદ કરતાં આ વાર્તાઓનું સ્થળ વાર્તાનાં અન્ય ઘટકો સાથે પૂર્ણ સમાયોજન સાધી લે છે.

**અજિત ઠાકોર**નો વાર્તાસંગ્રહ 'તખુની વાર્તા' (૨૦૦૬)માં રજપૂત સમાજનો બદલાયેલો સામાજિક વાસ્તવ નિરૂપવા માટે ગામસ્થળનો આધાર લે છે. સમગ્ર વાર્તાઓનું નાયક પાત્ર 'તખુ' મોટાભાગની વાર્તાઓનો 'કથક' છે એના બાળ અને કિશોર માનસમાં ઝિલાતા ફળી, ગામ, સીમ, ટ્રેનની મુસાફરી, સામાજિક રીતરિવાજો વગેરે દ્વારા આ સમાજની આર્થિક, સામાજિક સ્થિતિની કરુણતા વેધક રીતે પ્રગટી છે. તેથી આ સ્થળપરિવેશ વધુ સક્રિયતા પામ્યો છે. સ્થળપરિવેશ સર્જતાં સાદાં વર્ણનવાક્યો, કલ્પનો અને બેસુમાર ઉપમાઓ કથનભાષાને વિશિષ્ટ ઓપ આપે છે. આ રીતે સર્જાતા ગામસ્થળને સર્જતી વિગતો જોઈએ જેમાં નગરનાં કેટલાક ટૂકડાઓ પણ ગામડાના કેન્દ્રથી જ નિરૂપણ પામ્યા હોવાથી તે જુદી જ કથનકળા પ્રગટાવે છે.

ટેશન, ગોકીરો, જૂનો ટી-સ્ટોલ, ગાળ, દાડા-પાણી, બિલ્લા, ભમેડા, કોઠી, લખોટા, છાપરે ચણાની પોટલી, વાંદરા, ઊંચાંનીચાં આડાંઅવળાં નળિયાં, ઉડતાં કાગળિયાં, પાનની પિચકારીથી રંગાઈ જતી કફની, પાટા, પથ્થર, પોયરાનો ભેંકડો, ટોળે વળેલી દહ-પંદર બઘાઈઓ જેવી કેરીની – ભજીયાની શાકભાજીની એવી તેવી લારીઓ, બણબણતી માખીઓ, બોટી-બટાકાનું શાક, બકરીની આંખો, પેટમાં ઉઘાડબંધ, બગલમાં શીંગડાં, ખોપરીમાં ઘસાતા વેરાતા તણખા, મેઘપર્વત, વાડે ઝીંટાવું, જૂઈની કળી, મઘમઘતો લીમડો, મોગરાની વેરાતી કળીઓ, ચામાચીડિયાની ઉડાઉડ, કરોળિયાનાં જાળાં, ડામરના રસ્તા પરથી ફૂંકાતી ગરમાગરમ લૂ, ધૂળ-કચરો અને કાગળિયાંની ઉડાઉડ, દુકાનોની હાર, પાકટ બાયડીઓ, મોમાં-ગળામાં પતંગિયાની જેમ ખરી પડતા હાથ-પગ, ચામાં માખ, પેટમાં માખીઓની ઉડાઉડ, ગાવડીના ફાટ્યા ડોળાની જેમ પડેલું તળાવ, ખવાયેલા પતરાનું ઢાળિયું છાપરું, મેંદીની નેળ, માની આંખમાં પૂરાયેલું અંધારું, કાળાં કાળાં પતંગિયાંનાં ઝુંડનાં ઝુંડ, ઝબક ઝબક અંધારું, માંખની પાંખ જેવું થરકતું અંધારું, ભોંયે ઊખડેલું લીંપણ, અંધારાનાં ખાબોચીયા, ભીંતે દેવદેવીઓના ફોટા, પીળું અજવાળું, ભીંતે લૂણો, ઝમકઝમક હસતું

કલેડું, બળતો રોટલો, ડોહીનો કકળાટ, કાતરિયામાં ધૂમાધૂમ, નકૂચો તૂટલી મજૂસ પર ભૂકો, છેક તળિયે તલવાર, મા જાણે અંધારાનો ટીંબો, સૂસવાતો પવન, પોપડાના કટકાનો ભરભર ભૂકો, કાળી ધૂળ ઉડે, મોઢામાંથી ખરતા વીંછી, બારહાખ, છાણમાંના ભીંગાર, ખૂણે કાથીની પલંગડી, ધોળો ધોળો લીસ્સો લીસ્સો લોટો, પાણિયારું, કાળોતરો મંતર, આગિયાનું ઝુંડ, આમલીના પોપટા, ગુલાબી કાગર, ઘીરકીની દૂંટીમાંથી ખરતો ભીંગારો, પડસાળમાં વલવલ વલવલ, ઘરકુકડી, બૈરાંની છતરી, બારીના ફટકિયા, દાતણ, દૂધ, મગને પગ, ધોળા પાયજામા પર ચાનાં છાંટા, જાળિયામાંથી જોતી ભાભી, ઝાડીમાંથી રાણી બિલાડી તાકે, ઊંઊં અવાજનો ભૂખરો લીંટો, પરુનો પરપોટો, ખાટલા પર બારમાનું ગણિત, સોફ્રામાઈસીમની ટ્યુબ, 'અટિયુ લાઈગુ' 'અટીયુ લાઈગુ'નો શોરબકોર, રાતુપીળું અંધારું, ઘરના પોપડા ખણતા પાંચ સાત કુરકુરીયાં, વાડો, હેઠની ગાંણે ફોલ્લો, ગિલોડાં, ભાભીએ પછાડેલો દાળના તપેલામાં કડછો, દાળના છાંટા, કાનજીમામાના કોગળા, ઝણઝણાટી, પેન્ટ-શર્ટની ગડી, ખાટલાની ધાર, અણિયાળા બૂટ ચમકે, સ્પ્રેની વાસથી બધું મઘમઘતું, ગંધાતાં ગૂમડાં, લોહીની ફૂલક્યારી, રતુમડાં ફૂલો પાકીને પીળાંપચ ગૂમડાં, પીંજરાને ટેકે બેઠેલી બાનું ઘૂંટણ ને છાપરિયું ઘર, ખુશ્બુ અને બદબૂ, ભ્રમરની પણછ, ટપાલમાંનો કાગળ, ચણોઠીવાળો ઈલાજ, ચારેગમથી ઊબ ને બાફ બાફ, ભીનીભદ માટી પગ મૂકતાં પચકાય, પગે ઊતરતા થાકના રેલા, આંખનું અંધારિયું ખાબોચિયું, જીભ જાણે પાંખમાંથી ખેંચી કાઢેલું પીછું, હીંચકો, બાફેલી બટાકી જેવી વાસ, કાનખજૂરો, કોથળાનાં કાણાં, તપખીરીયું અંધારું, ઢોળી નાખેલાં તાંબાનાં ઢાંકણ હથેળી ભાગે દાઝી ગયેલું જુવારનું બી ( હું શેકાઈ ગયેલો ઘઉંનો દાણો છું ) ઈન્દ્રધનુની વરમાળા, હથેળીમાં મોગરો, કપાઈ ગયેલા થડ જેવું મોં, ઓવારીને ઢોળી દીધેલો કળશ્યો, આંખ કાળો કાદવ, મોં પર ફૂટેલાં ઝાડીઝાંખરાં, સફેદ રૂવાંટી ચળક ચળક, રેશમી કાપડું, સામો પવન, ભોંકાતો અવાજ, મહાદેવની ફરફરતી ધજા, સિમેન્ટનાં થીંગડાં, ધોળા દોરા, સાપોલિયાં જેવાં મૂળિયાં, કાળો ટીલવો કૂતરો, ભૂંસાયેલું સ્વસ્તિક, પાણીનો રેલો, અંધારું ઝમીઝમીને ખાબોચિયામાં જાય, નેળી ને બાજુ તુવેર-કેળની વાડ, લીલું લીલું અન્ન રણઝણે, ખાડી ચોથના ચંદ્ર અને તારલે લખલખતું આભલું, ધૂળના ગોટાથી ઘેરાવું, ધૂળના આછાભૂખરા ચપોચપ તાંતણે બંધાવું, પારસ પીપળાના થડે વીંટાળેલા ધોળા દોરા, કંકુના ચાંદલા કાળા પડી જવા, થડ નીચે શિવલીંગ સામે ઉખડેલા પ્લાસ્ટરના ખાડામાં એક નંદવાયેલું કોડીયું અધુકડું, પીપળે ચડતી કીડીની લંગાર, હથેડી પર ચડે થૂંક, ભૂખરું ફળિયું ફડફડતું વીંટાયું, છેડે વાળેલી ઢીલી ગાંઠ જેવું ઘર, ધૂળમાં ઉપસતો આકાર, ઢીલી પાટીને લીધે,ઘોડિયા જેવો લાગતો ખાટલો, કાબરચીતરા થરવીથર

વાળ, રાખોડી ચહેરા પર કંકુનો ચાંદલો, પલળેલા રૂનો લોદો, સિંદૂરના ઓશીકા પર ડાઘા, હાઈ-વે પર ચળકતા સાઈનબોર્ડ, દાંતનો રાખોડી ખૂણો, ખાટલો સળવળે, ચૂંચવાટ થાય, ભમરીની પાંખ થરક થરક, પરસાળમાં ગૂં ગૂં ગૂંનો ભૂખરો લિસોટો, ફાટેલા દૂધની જેમ ફોદા ફોદા થતું સૌજન્ય, ધૂમાડિયા ચા, કડૂચમો, લોટો, અધમૂઈ ગોકળગાય, ભૂખરી પથારી, કફનીની બોંય સહેજ સુમન, કોઠરિયું, જલેબી, વાછરડાનું થાન, રૂંવે રૂંવે ઘૂઘરી વાગે, રાયડાના તેલ જેવી વાસ, નંદવાતો દીવો, આંખે કરોળિયા વળે, સળગતા છાણાથી અંગૂઠે અગ્નિ, અંગૂઠો ભડભડ, ટેબલ, તવેથાની અણી ચમકે, ભમરીના ઘરની પોપડી ઉડે, ઈયળનું અમળાતું બચ્યું, પગથિયું, ગિલ્લીની અણી, કરેણ, દંડૂકો, પલાસ્ટીકની કોથળી, ભીંત, રોકકળ, ભોંયરીંગ, વેરછેર પડેલા ફૂલ, ચાંદલામાં ઝીંક, નિગંધા ફૂલ ઉંબરે પૂજાય, તૂઈટું ફૂઈટું ડાળખું, ઘઘરીવેળા, પિયોર મહુડાનો દારુ, નાળિયેર, ઘી, લોબાનને હુખડીનો પરસાદ, બળતા અડાયા પર ધીરે ઈંડું, નાકમાં તણખલાની જેમ ગંધ પેઠી, બાટલી પરથી બૂચ ખોલી રેઈડો દારુ, પીળોપચ ભડકો, દેવલામાં ઓમકારની વચમાં કમળ પર મા કાળકા, ડાબા હાથમાં મુંડ, જમણા હાથમાં ખડ્ગ, ગળે મુંડમાળ, રાતીચોળ જીભ લપકારા લે, ભૂરું ડીલ, કૂકડાને ડોકથી પકડ્યો, કટાર ચમકે, જોત થરકે, કો-ક-કો-ઓ કૂકડાની ડોક તરફડ-પાંખ ફડફડ, દાણાની ઢગલી, ભૂખરા થતા દાણા, દખણાદી દળે રાતી ચુંદડી, પાયજામો હુકાય, ઘાણીની જુવાર, કરેણનાં ડાળમાં આમ-તેમ વેર-વિખેર, થડની જગાએ ખાડો, બોંયમાં ગોબો, અંધારું ઝરીઝરીને થીજી ગયું, મૂળિયાં તૂટીને ઊંચા થઈ ગયેલાં, લીહી લીહી બદામ, ઢમઢોલ, ઉંબરના ઠોકર ખાંધ પર મૂતરની દદૂડી, લખોટા, પાડાની પાછેટ ખરીમાં દાહના કૂંદવા, ગણોતધારામાં આવરી લીધેલી બદ્ધી જમીન, કોરટકચેરી, હૂંણથીયાની ગાડી, પતલી પતલી દળી, પઈડાં, આરો, ગવનુર, ગુજરાત એકાત પટેલ, લોઈનો રેલો, કાનમાં રાતાપીળા કૂંડાળા, ડોડિયો, હાંબેલું હાથનો કણો, ચુલાના રાખોડામાં કોલસો, મિલનું ભૂંગડું, ગટરનું ભૂંગળું, કેવેન્ડર-માચીસ, ઝણઝણ અંધારા ઓહરે, અગિયારસના ચાંદામામા જેવડો નખ, લૂંગીની ગાંઠ, ચારસો, ખાટલીની કાથી, હોસ્ટેલની લાકડાની પાટ, પતરું, ઊંદર કૂદીને કોઢારિયાની ભીંતના દરમાં, ઉંફાંદે ચઢેલા ગાય-વાછડાં, ઝીણકા પીલુડાનું ઝુમખું રાતું રાતું ચળકે, બ્રશ-કોલગેટ ને લોટો, નાયલોનિયા દાંતિયાવાળી પંજેઠી, વાડામાં મેંદીની ડાળખી, કડૂચ મારતો તૂટો બોંબ, પેઢામાં ઝાળઝાળ, વાસી મોં, તંબૂરાની જેમ ઝણઝણે, મરીયાળી છાસની ખટુમડી ગંધ, ચા ઠરીને ઠીકરું, ચાની રાતી રાતી તળાવળીમાં મંકોડો પગ હલાવે, ઝીણા ઝીણા નાકની જડના રાતા નંગ જેવાં પીલુડાં, પીયાલીમાં કસુંબો, ઘૂળિયો ગબ્બારો, ઓરાદી મેર ઝરમર, ફેરફુદરડી ફરતી ખપ્પર જોગણીનો ઘાઘરો ફૂલે ફાલે, કપડાંનો વેરણછેરણ ઢગલો, લૂગડાનો પાલવ ફસાય, નાભિની અંધારી ગુફા, બગલ કે લાલઝૂમ પીલુડી, તાંબાનું લિંગ ઉછળે,

કાથીની ખાટલી ખૂંચે, ભીનાભટ્ટ ઘાસના પૂળા, તળાવની પાળ, પારસ પીપળો, ભૂખરા પડછાયાના થેકડા, કાળી વજ્જર ચાંચ, થ્રેસર શામળી શામળી રેશમી દોરી વમળાય, બળદ, ફિણોટા, જૂ, રોટલો, પરાણી, ફળિયામાં ધમધમતું ગાલ્લું, વરંડાવાળા ફળિયે ખુરશી, આંખની જગ્યાએ કરોળિયાનું જાળું, કોરા કાગળ, ઈન્ડિપેન, થૂંક, કાચના પગ જેમ સંકોરાતી આંગળી, ગાંગડું, ધણિયામાંનાં મધઝરતાં મહૂડાનાં ફૂલો, શિકાર ફસાવતું ચોમાસું જીવડું, વડના ટેટા જેવી રાતી ઘેઘૂર, પહેલવાનછાપ બીડી, ગાલ્લા ફરતી બળદની ડોકમાં ઘૂઘરમાળ, ખાતાવહીનો રાતો માતો ચોપડો, બીડીનું ટોચકું તણખાઈને ઝગે, લાલવાવટાવાળા છાપરી સૂંઘતા આવે, ખેડે એની જમીન રે'એનું મકાન, ખાદીના ધોળા લેંઘા ઝભ્ભાવાળા, ખૂંટો, થૂંકથી પરપોટો, કપાસ કાલા જેવું મોં, ગાલ્લાની પીઠે ખૂંધવાતું ખેતર, વર્નિશિયા ગંધ, ચામડી પીળચટી લીસ્સી, વાંસે ત્રાંસી બખોલ, ફળીયે ફળીયે ટોચ ને તળીયે ધૂળ ઉડે, કપાળે ઉધઈ, દાઢીના ખૂંપરા, કાચીંડાની ડોક ઊંચીનીંચી થાય, મગતરું, દૂધે ધોઈને પૈસા આપવા, વાસીદુ, નાળિયરી, થ્રેસર પર જલ, અજીઠો પ્રસાદ, ડાંગે માર્યા પાણી જુદા ના થાય, સ્પ્રિંગની જેમ ઊભા થવું, દારૂનો શીશો, ઓઢણી, અખાત્રીજ, ખુરશી, મોહેં-જો-દરો, પાન-બીડીની ટ્રે, ધૂપ, કેવેન્ડરના કસ, વાદળી સાડલાનો છેડો, ટોપલાભર કણસલાં ભૂસું, રજોટીનો ગુબ્બારો, નાભિકમળે ઘોડહં ઘોડહં નાદ, જઠરાકાશે વાયુમંડળ વલોવાય, શનિવલય શા ગુદા મંડળેથી બે વીસુ ને ઉપર નવ મરુત વછૂટે, ધૂવાંઉ ઉઠે તડ તડ તડ ચિંગારા ઉડે, પાંપણ ખરેલી ચુડેલ, ઊનાઊના રોટલા, થ્રેસરનો ઘર્ર ઘર્ર અવાજ, ફૂંકાતી સફેદ મસી, નિંઘલવા બેઠેલું ગામ, નસનું દોરડી જાળું, હેન્ડલ, ધોળોફગ જિન્માત જેવો તખો, પ્લાસ્ટીકની ડબ્બીમાંથી હથેડીમાં તબાકુ, સળી, દૂધ ફાટે ને ફોદા તરે એમ લોક બે-ચાર બે-ચાર ઝૂમખે આઘું-પાછું, રૂમાલ, પીઠે તવેથો ચંપાય, ઘીનું પડતું પૈડું, થાંભલો, દેડકાના પેટની પેઠમ ફૂલીને ડેબરાઈ ગયેલો અંગૂઠો, કામરુદેશના પોપટની પાંખ, વાઢી નાખેલા કુકડાની કલગી જેવું દાતણ, ધોતિયું, ચંપલ, કાચીંડાની ટટ્ટાર ડોક જેવો છાણીયો ખૂંટો, મસ્તકની જાળ, આકળાના ફૂલ, ગરોળીનું મો-તપખીરિયા અંધારે અમળાય, સિલેટના પાટિયાના ચારે ખૂણે જબરી રિવેટ ચમકે, અધપાકેલા ટામેટા જેવી હથેળી, ઢોચકું, ટેલર, કંકુ-ચોખાના ચાંદલા, ગલોફે પાનનું એકેક બીડું, કાતર, ઢગરા, દોરા, કાળો દોરો, જન્મારો ધનધન, મેશના ચળકતા લિસોટા, લોઢાનું કડું, રબરની ઢીંગલી, પેશાબની કમાન જેવી ધાર, તડકામાં મેઘધનુષ, દીવાની જ્યોત જેવા ટેરવે ટીપું, કુવેચ, રૂપેરી પતંગિયાંની પાંખ, ગોબરનાં છાંટા, કટાયેલી ગોળમાથાળી ખીલી, વાંસલો, ફરસી, કોણીયું, રંદોને કરવત, ડી.ડી.ટી., સાગ, લીમડો, આબ્લાના થાડિયાની બખોલમાં એકીની ધાર, ઉકરડામાંથી આવતી ખટુકડી વાસ,

પ્લાસ્ટીકનો હાથ, તીખો તડકો, રાખોડી પડછાયાઓની કતરાયેલી સ્ત્રી, પડછાયા એકમેક પર ડોલે, હડફડ હડફડ પડછાયો, કરોળિયાના જાળાં જેવું કાલરાતનું દશ્ય, છાણિયાં ઘરનો ગંધવાર, દાઝી ગયેલા દૂધ જેવો ભાભીનો અવાજ, વંકુડી કટારા બારસાખે જડેલી ઘોડાની નાળ, થાંભલી, માટલી, આસોપાલવ, કુળદેવી કાળકામાનું ત્રિશૂળ, દૂરબીન, ગુલફી, અંધારિયો કૂવો, પેટ ફૂલીને કૂઓ, દૂધ મંડળી, ખોયડું, થૂંક એન્ટી બાયોટીક, ફૂંગરાયેલો અવાજ, આંગળીની પાજેઠી, છાણિયા શૂઝ, સુકા પાંખા, ઘાસવાળી રસ્તાની ધાર, રાણીછાપ રૂપિયા જેવડી પીપરમીટ, ઈંજેક્શન, થરકતી દીવડી જેવી બ્રા, શતરંજની ચોપાટ જેવું ઘર, ધૂપ-દીપ, પેટ-પાટિયાનું છાપરું, બાપદાદાએ બાંધેલી રાખીની ગાંઠ, ઘટાદાર વડલા જેવી વેપારી પેઢી, કૂતરડો, સ્ટીયરીંગ, એલ્શેસીયન જેવો કૂતરડો, બાલાપીપરનો મેળો વગેરે...

આ તમામ વિગતો વડે અજિત ઠાકોરની વાર્તાઓનો પરિવેશ બંધાય છે. અન્ય ઘટકતત્ત્વોથી આગવી શૈલીમાં એ રસાય છે. પરિણામે સર્જાતું ગદ્ય પ્રવાહી બની જાય છે. વિશિષ્ટ પ્રકારની ઉપમાઓ, સર્જાતાં ગદ્ય કલ્પનો, બોલી અને લઢણોનો વિનિયોગ આ પ્રકારના ગદ્યલયને સાધે છે. જેનું મુખ્ય કારણ કથક જે પરિવેશ સર્જતી વિગતો ગૂંથે છે તે છે.

અહીં આઝાદી પછીના રજપૂત કોમના માનહનનની કથા છે. બદલાતો સામાજિક સંદર્ભ છે. આ સમાજ સાથે બંધાયેલું સ્થળ જીવંત રાખતી આ વિગતો ઉપરાંત ક્રિયા કે પાત્ર અને ચિત્ત સાથે અનુસંધાન ધરાવતાં અભિન્ન એવાં સ્થળચિત્રો પણ સર્જકે મૂક્યાં છે.

- ટેશન ચાલવાના, ચા ઊભરાવાના, હસવાના,' બાટલી ફોડવાના, ગાવાના, ખાવાના, પ્રાયમસના, ધક્કામુક્કીના, ગણગણવાના, ઊતરવાના, પિચકારી મારવાના, હમાલોના, ભેંકડો તાણવાના, ફેરિયાઓના, બોલાચાલીના, ચા પીવાના, 'આવજો'ના, કસ ખેંચવાના, 'જજો'ના, દોડવાના, વાતોના કોલાહલથી ખદબદે છે.
- ઊંચાણે કાબરચીતરા રાતાપીળા ઘાસલેટિયા પસીને રેબઝેબ ધુમાડિયા ફીણાણાં તીણાં બુઠ્ઠાં આખ્ખા ચક્કર-ભમ્મર ડુબાડતું પૂર મારા ચહેરા પર ફરી વળ્યું, તે મારોય ચહેરો જાણે થોડોક ઓગળી કણકણ થઈ ઘસડાઈ ગયો ઢેફાની જેમ.
- પ્લેટફોર્મ ફાકી હાંફી ગયેલા ઊંટની જેમ પગવાળીને બેઠું છે.
- ગોફણમાંથી પથરો વીંઝાય એમ હું નીકળવા મથ્યો.
- કૂતરું ભસ્યું. કાબરચીતરું કૂતરું. કાન ચીંધરા કરી, સાવધાન તાકતું કૂતરું ભસ્યું. ઘર હસ્યું. ખવાયેલા પતરાનું ઢાળિયું છાપરું, સિત્તેરમાં વાવાઝોડું ફૂંકાયેલું. ઊંને ભાઈ રાત

આખી છાપરે હીંચોળાતા હડસેલાતા ઘરને પકડીને બેસી રહેલા. ઠેકઠેકાણે ચુનાળા પોપડા ઊખડી જતાં છાણથી સંધાયેલું. કાબરચીતરું ને તેથી કોઢીયું – મેં પાનની પિચકારીથી બગડેલી કફની ભણી જોયું.

- આ અંધારામાં પતંગિયા પર બેસીને જ પહોંચી શકાશે
- અમારી વચ્ચે હજાર હજાર વરસથી ઝરમર ઝરમર વરસાદ વરસતો હતો, મેઘધનુષ રચાતાં હતાં. ધરતી ફોરતી હતી. ઝરણાં ખળભળતાં હતાં. પંખી કલરવતાં હતાં, ઝાડ ઝુલતાં હતાં.
- એ તાકી રહી – ને તડકો પડવા લાગ્યો, રેતી ખરવા લાગી, કલરવ બળવા લાગ્યો, પીછાં ખરવા લાગ્યાં, હાથલિયા થોર ઊગવા લાગ્યા.
- બધાની નજર ભાલાંની જેમ આરપાર ઊતરી ગઈ. એમની કોઈની ભાલો, કોઈની ગુપતી, કોઈની છરી, કોઈની ગોફણથી છૂટેલો ડગ્ગર, કોઈની કાનસ તો કોઈની કાચ કાગર.
- મારા ડિલે મંકોડા ફરવા માંઈડા. એક મકોડો અંગૂઠે ચોંઈટો એક મકોડો જાંઘની બખોલે ચોંઈટો, એક પુપલીને દીંટે વરઈગો, એક દૂંટીમાં, એક ખભે, એક ઓઠે મેં મંકોડા ઝંઝેરી કાઢવા કઈરું.
- પ્રવૈમમં સ્વાહા આગિયાનું ઝુંડ કોન્જાને કાં'થી ઊડાઊડ કરતું આવી પોંઈચું.
- 'અટિયુ લાઈગુ, અટિયુ લાઈગુ'નો શોરબકોર ચાના ઊભરાની જેમ ઊઠી ઊઠીને બેસી જતો. પાંચ-સાત કુરકુરિયા ન્હોરથી ઘરના પોપડા ખણતા.
- છાપરું હૌ પોપડાની જેમ ઊખડીને ઊભું પડ્યું. મારી પૂંછડી દબાઈ ખેંચી તો મૂળસોતી નીકળી ગઈ. બધા ઘુરકતા ઘૂરકતા પોપડા ચાવવા લાગ્યા. ખાઈ ખાઈને ઓકે. મેં હૌ એક પોપડો મોઢામાં મૂક્યો. મોઢામાં સમથળ સળવળ થયું. જોઉં તો અળસિયું લટકે. ત્થૂ ત્થૂ.
- કોક લ્યૂના ઘૂરકતું ઘૂરકતું ખાબોચિયું વલૂટીને દોડી ગયું. ગરનાળાના ઝુમ્મર જેવો દુપટ્ટો મારા પર લપેટાઈ ગયો. પેન્ટ પર ઉડેલા છાંટા ગમી જોતાં ખાબોચિયામાંથી ઊછળીને ફેંકાયેલું અળસિયું જોયું તપેલા રોડ પર દોરીની જેમ ઊછળી ઊછળીને અમળાતું અળસિયું.

- બધા જ રસ્તા કોયલી દોરીની જેમ પગમાં લટકતા હતા. એને છેડે સદુનું ઘર – કાળા માદળિયા જેવું.
- પુષ્પીના ઉજળા ઉજળા શંખ જેવા પગ પર આછી ચાંદની ઢોળાય, અવાજમાં કેવડો મહેકતો હતો.
- વેદનાની નાની નાની ઘુઘરીઓથી હું રણકી ઊઠ્યો એના ઝીણા ઝીણા કાંટાથી હું ઉઝરડાયો. બાવળની ઝરમર છાયામાં ચણોઠી જેવું લાગે. રાતાપીળા ગુલમલ શરબત જેવો અવાજ સાડા નવની બસ, અંગુઠે શાકનો રસો ચચરતો રહ્યો, ખાલી શામળી શેરીની જાંઘ પર વરાતું કાળું ખરજવું !
- ફળિયું ફાટમાં ફસાઈને ફાટી ગયેલા પાલવની જેમ બટકી પડ્યું હતું
- હવારે મઈડાઈ ગયેલી કરેણની વચલી ડાળખી યાદ આવી ગઈ.
- મને કરેણનું કાપી લાખેલું થડ દેખાયું.
- બાના કપાળૈ લોપનો છાંટો. ચાંલ્લો ચમકે જાણે કો-ક-કો-ઓ-કુકડાની ડોક તડફડ-પાંખ ફડફડ. કાકા અડાયે કુકડાની ડોક ધરી લોયના છાંટણા કરે; ખમ્મા ખમ્મા ! મા, ખમ્મા ! મા અમે તારા છોરું.
- વડની મૂળીએ ટીંગાઇ તલાવડીમાં ઘુબાકા મારવાની જબ્બર જબ્બર જામ જામ જામની ડે પડે.
- પીહોટી વાઈંગીને ટેશન ચાલીગિયું. દાદાના સાફા જેવા પને પથરાયલું. ગામ ચાલીગિયું, એક્કી નજરે જોયા કરતું તળાવ ચાલીગિયું, ધજા ફરકાવતી ડેરી ચાલી ગઇ. બાના પાલવની જેમ ફરફરતા ખેતર પાદર ચાલીગિયા, અ'વે કીમ નદી આવહે. કીમલી તો હડી કાઢતી હામે આઈવીને કંઈ ? અ'ઈથી દપતર તરતું મેઈલું ઓ'યતો ગામને છેક પાદરે ગેઈને અટકે મરવા દે. ગામ ગામ કઈરા કરુમ છો તે ગામને મારી કંઈ પઈડી છે ?
- કરાંઠીની શામળી પટ્ટીમાંથી ઉજળાવી કાયા મુહે. ઝરેરે કાયાનો મીઠો મધપૂડો. ઝરતી કાયાની ઉડે ઝેણટે. ઊડીઊડીને વાગે ઝેણ હોઠને
- વંટોળ ચઈડો પણ માવઠું ના થીયું, જુવાર તો બચી ગઈ.
- ગાલુ કાંકરા કચડતું પાળ ચડ્યું.
- તપકીરિયાં પીળિયાં ફોતરાં હવામાં તરતાં ફૂંદડી ફરતાં ફરસ પર ઊતર્યાં.

- મકાનોના પગમાંથી પડછાયા ફૂટયા ફૂટયા તે એવા ફૂટ્યા તડકે તગતગતી શેરી પર રાખ વાળી.
- માખી, મંકોડા, વંદા, પતંગિયાં, ઈયળ નિર્જીવ ખાલીખમ ખોખાં હળુ હળુ ઝુલ્યા કરે, ઘોળુંફગ હસ્યા કરે.
- વૈશાખી વાયરે ખળીમાં પરાળ ઉડે એમ ગામ વીખરાઈ ગયું.
- વાતનો ઘાઘરો તો એયયય વૈશાખી વાયરે ફરરરર જાય ફૂલ્યો ને એયયયય ફડફડ જાય ફફ્ડ્યોને એમ વા એ કચરું ઊડી આવે એમ લોક શેરીમાં ઘસડાઈ આવ્યું.
- કડી પતંગિયાંના અંગે અંગને તોડી તોડીને તાણી જાય એમ શેરીઓ કડકે કડકે રાફડા ભણી તાણી ગઈ.
- આંખની લખોટીમાં ચંપાયેલા પતંગિયાની રૂપેરી પાંખ ધ્રુજવા લાગી .
- ચૂનિયાની પૂપી. નાનું ડેડવું ઝીણું રેશમિયા ચળકે. કાચિંડાની પેઠ ડોક ઊંચી થાય...નીચી થાય... ફૂલે...ચીમળાય...ફૂલે
- નવરાતની આઠમે લાલચૂંદડી ફરફરાવતી કોઈ છનછન કરતી આંબલાન બખોલથી નીકળતીક ને તળાવમાં ઊતરી જતી.
- કરોળિયાના જાળ જેવું ઘર ધ્રુજી ઊઠેલું.
- ગામમાં દાખલ થતાં પાદરે જ વાસીદાના છાણમૂતરથી વધાવતો ઉકરડો, નીક-નેળીની ગટરગંગાને ઓળંગતાં ગમે એટલી કેર રાખો પણ ફળિયામાં બાંધેલા એકાદ ડોબાનું છાણિયું પૂંછડું તો ભૂવાની પીંછીની જેમ વાગે વાગે ને વાગે જ.
- આખા હાઈ-વે પર ચાંદીની રેપરના ટુકડા જેવાં ઝાંઝવાં આમતેમ ઉડતા રહ્યા. થળ, જળની જેમ લહેરાયા કર્યું.
- ઉજ્જડ ખેતરોને એકલદોકલ ઝાડવાં હાતૂ દોડતાં રહ્યાં. વંતરીની અવળી પગલી જેવા ઝાંઝવાં નાકની દાંડી લગી દોડતાં આવી આવીને ચાલ્યો.
- સિક્કાના ખણકાર જેવા કોલાહલથી ઝળહળી દુકાનો.
- દૂંટી પાકે એનું હું ઓહડ, તખા ?

આવાં આવાં અનેક વર્ણનો, સંવાદો, પીછી સમા સ્હેજ અમથા લસરકા સ્થળને જીવંત બનાવે છે. ક્યાંક પ્રશ્ન થાય કે બાળકથક રેલ્વેસ્ટેશનને સમગ્ર રીતે પોતાની ચેતનામાં કઈ રીતે ઝીલી શકે ? અથવા ઝીલે તો વ્યક્ત કઈ રીતે કરી શકે ? આવી કાવ્યાત્મક ભાષામાં તો ન જ કરી શકે ?

પરંતુ બાળ કથકના સંવેદનમાં ચાલતા અભાવો જેવા કે, લખોટી, રમકડું, ફૂલો રકઝક વગેરેમાંથી સર્જાતા કશુંક ખોવાઈ ગયાના, ઝૂંટવાઈ ગયાના ભાવો સમગ્ર રજપૂત સમાજના ભાવ બનીને વાર્તાની સમગ્ર અસર સર્જે છે. એ અહીં મહત્ત્વનું બની રહે છે. નરી કાવ્યાત્મકતા બની જતી કે અતિપ્રવાહી બનતી કથકભાષા બોલીના મૂળરૂપથી પણ દૂર જતી રહે છે ત્યારે વાર્તા જરા અટકે છે પરંતુ આ વાર્તાઓના કેન્દ્ર પાત્ર 'તખુ'ની આસપાસ સર્જાતું ગામસ્થળ ને એની સાથે જોડાતાં ગામ, ઘર, સમાજ, સિમાડો, રેલ્વે સ્ટેશમ, કીમ નદી, કોતરો, શાળા, રમતો, તોફાનો, વ્યવહારો, વિધિવિધાનો વગેરે એક ચોક્કસ પાત્રો અને સ્થળ-કાળ-સમાજની આગવી સાંસ્કૃતિક ઓળખ આપી જાય છે.

**કિરીટ દૂધાત**ના પ્રથમ વાર્તાસંગ્રહ 'બાપાની પીંપર' (૧૯૯૮)ની વાર્તાઓનું સ્થળ કાઠીયાવાડનું ઊંડાણનું ગામ છે. મુખ્યત્વે કથકની ભાષાની વિશેષતાઓ અને બોલી કાકુઓ વડે સર્જાતી પ્રાદેશિકતાને ગામસ્થળની ભૂમિકામાં જીવંતતા મળી છે. સમાજ, સામાજિક પ્રસંગો, પરિવારો, ગામ બજારો, ખેતી પશુપાલન વગેરેની વિગતો પ્રથમ પુરુષ કાળુના કથનમાં વણાતી આવે છે. કાળુ કિશોર છે એટલે એની સહજતા વાર્તાઓને વિગતોના બોજમાં તણાવા દેતી નથી. પણ સહજ આવતી પરિવેશને ઘડતી વિગતો પાત્ર કે ઘટનાને સંવર્ધન કરે અને એવી જ સરળ ભાષામાં વાર્તા ગતિ કરે જેમાં કશો વાદવિવાદ સિદ્ધાંત રજૂ ન થાય પણ આખો પ્રાદેશિક અસબાબ ઉઘડે એવાં જ પાત્રો, પરિસ્થિતિઓ અને ક્રિયાઓમાં પરિવેશ વણાતો જાય એ કિશોર કથકની નજરે દેખાય છે. અગિયાર વાર્તાઓમાં ગામસ્થળ ઉપસાવતી અને નિર્ણાયક બનતી કેટલીક વિગતો પ્રદેશવિશેષને કઈ રીતે પ્રગટાવે છે તે જોઈએ.

પીંપર્યનું ઠુંઠું, ઓસરી, બારસાખ, ત્રીકમ, કાહટી, તડકો, માદણું, ખમીસની છાળથી મોઢું લૂંછવું, કચવાટ, ભીંગોર્ય, બોકડો, છોકરીઓના વ્રત, મકાનનું વાસ્તુ, પિયાલી પીવરાવી, કથરોટ, ડોળાં પાણી, ચકલીનો ઘા, પાનની પિચકારી, ઘૂંવાડો, ચારેય કોર વાડ્ય, ગિલિન્ડર, ગોરંભાતાં વાદળાં, વીજળીનો કડાકો, પાટા પર કાન માંડીને આડો પડેલો છોકરો, સ્ટેશન, રેડિયોમાં આવતાં ભજનો, ગાજ બટન, ઈસ, કાથી ભરેલા પલંગ, ઊનો રોટલો, ખરજવું, ખુણામાં ખુરશી, રામદેવપીરનો હેલો, લવ લેટર, ફાટી ગયેલો અવાજ, અત્તરની આછી સુવાસ(લવલેટરમાં), દીવાસળીની બોણીના પાંચ રૂપિયા, ડેન્જર માણહ, સવેડાની પાળી, ટેભા, પાસપોર્ટ સાઈઝના ફોટા, અર્જન્ટ વર્ધીવાળા, જાહેરમાં પટ્ટી પાડી, વરઘોડો માંડવે, લીલા તોરણે જાન, ન્યૂ એસ.એસ.સી., ઝભલાના પૈસા, ડંકો વાગે, પાદરનાં પગથિયાં, આગળિયો, ડેલી, ઓલ ઈન્ડિયા

રેડિયો, દુઝણું, રોટલા, ચૂલા, ખેતર, માંગડાવાળાની ને દેવરો-આણલની કે શેણી-વિજાણંદની વાતો, અથાણાનું આખું મીઠું, ડૂસકું, લીલ પરણાવાની, મોક્ષ, ઘરસંસાર, થાંભલી સાથે બાંધેલી વાછરડી, નેજવું, વેહવાર, ટાઈમટેબલ, પિરિયડ, દુહા, નજરની કાતર, જટિયાં, બેંચ, તેલ, સોસાયટીનો ઝાંપો, રસાયણનાં સૂત્રો, કેમેસ્ટ્રીની ચોપડી, પબ્લિક કેરિયર, અમરાઈવાડીવાળું મકાન, કાઠીયાવાડી પટેલો, સોમનાથ મેલની ટિકિટ, ખીલી ખોડે, નદીપાર પિક્ચર, ચણિયોને ટોપ, વાડજ, ફરાળ, રૂપિયો-નાળિયેર, પાણિયારું, લીલીવાડી, ડોબાં, લાદી પર વતરણાની ત્રણ કુકરી, ફળિયામાં ખાટલો, કામરુદેશના સેનાનીઓ, મગજમાં મફતની બીડીનો ધૂમાડો, પતરાનો કાટ ખાઈ ગયેલો પટારો, દશ પૈસા, સાથળ પર કોઢ, અંધારિયો ભેજવાળો ઓરડો, ઘરની લક્ષ્મી, નઢિયો દબાવવો, મોઢામાં ભૂંડી ગાળ, ડાચું રંગે, ફટકિયું મોતી, અક્કલનો એન્ડ, તમાકુ ખાવાની, તાવડીમાં રોટલો બળીને કોલસો, અણીચ, સંચળ, ઘખો, આંબરડા, પચવી-પચવી લખોટી, પોસ્ટ ઓફિસની બારી (પેન્ટની ચેન) કેવેંડર, ખળું હાલે, ખાલી ગાડું, ખટારા, ધોંગારી, પાંચિયાં દસિયાં, કાપડની ફેરી, ગીરમાં, પૌંવાનો ચેવડો, મોળા મૂતર જેવી ચા, કાપડ ને ઘઉંનો હિસાબ, વાવલવું, લગનગાળો, કાગડા ઠેકા ઠોબે, ઓપનેરની દિશા, વાહર, બોકારા, લીંબડા, ભીની ચોરણી, પનિયાનો કછોટો, પડી ગયેલો પવન, હનુમાનજીની દેરી, ઝગારા મારતા બે રૂપિયા, પેશાબનો હેલો, ખિસ્સામાં રણકતી લખોટીઓ, ડેલીની સાંકળ, ઉડાઉડ, થૂંકની પિચકારી, લીમડાનું થડ, કોલર, કાવલી ગાય, મોટા પાદર, દરહણ, મહાણ, કોટવાળું ફળિયું, ઢોર-ઢાંખર, ચાડિયાં, ગડારવાડો, પીંજણ, ભવાડો, સનકારો, જળજળિયાં, ટુવાલ, ચિઠ્ઠિ, ટોપ, સ્નો અને બોપટ્ટી, નિરેડનું પેન્ટ, ફૂલડાંની મોટી ભાતવાળું ખમીસ, કેવેન્ડરું, પાઉડરની સુગંધ, ચોરાનો લીમડો, ચમચમતા બૂટ, નેલપોલિશ, હવન, કાવલીનું રાંઢવું, ઓખર, આલાગ્રાન્ડ બંગલો, ઘમણની સાંકળ, ભડકીનો લાલચોળ પ્રકાશ, કમઠાણ, શ્વાસઘમણ, બુશકોટ, લુહારની કોઢ્ય, ખુલ્લી તલવારે ચિક્કાર પીધેલા બાપુ, ડામચિયું, ચારધામ જાત્રા, લેંઘો, ખિખિયાટા, સાડીયું, પીપરમીટ, વાંસામાં ઢીંકો, ફૂંફાડ્યા, ઘરેણાનો ડબરો, ઘબઘબાટી, કોઠાડાયા માણસો, બોકારા નાકમાંથી ધૂંવાડા નીકળે, દિવાહળી ઝગવે, જૂના ભાવનગર રાજ્યની શિષ્યવૃત્તિ, દિતવાર, જાટલીમેન, વેકરો, નેપોલિયન બોનાપાર્ટની અદા, ચાનું છાલ્યું, કુંવળનો ઢગલો, ઝાડાની કડ, ખંપાળી, પીળા બડખા જેવો તડકો, પરિયણ, ડેફરું, ખરખરો, ધરમશાળા, રાજકોટ, લેંઘો પલળે, ત્રાજવું પછાડવું, વડકું, માણવદના જીનમાં મજૂરી, નરકમાંય હાડ્ય હાડ્ય, ચોહાણ, વરદી, લીલાધોળા દોરા, આરતીટાણું વગેરે વીગતો વડે બંધાતો આ વાર્તાઓનો પરિવેશ ચોક્કસ પ્રાદેશિકતા સર્જે છે. પાત્રોની અલગ ઓળખ આપે છે જેમાં પહેરવેશ, વર્તનો, વ્યવહારો, આર્થિક અસમાનતાઓ, વ્યવસાય વગેરે સમાઈ જાય

છે. આ વાર્તાઓને ઘડનારાં પાત્ર માનસને કે વાર્તાના ભાવને સઘનતા આપતાં કેટલાંક સ્થળનિર્દેશ કરતાં વર્ણનવાક્યો મહત્ત્વનાં છે.

- એનો એક હાથ લેંઘાના ખિસ્સામાં હતો. બીજા હાથે જનોઈ રમાડતો રમાડતો કાકીને કંઈક કહેતો હતો.
- કથરોટનું પાણી ધીમે ધીમે મેલું થવા માંડયું. એ પાણીમાં કાકીના મોંનો પડછાયો ઝાંખો પડવા માંડ્યો.
- કોક ઘમે તો બે-ચાર ટીપાં પડે ને કોઈ ઘમે તો ધળકાના ધળકા છૂટે, સમજ્યાં ?
- વીજળીનો કડકો થયો. નક્કી કોઈની લીલી મોલાત ભડથું થઈ ગઈ હશે.
- (પીંપર) મૂળિયાં સોતી ઉખડી ગઈ, ડાળીએ ડાળી પીંખાઈ ગઈ, પાંદડે પાંદડાં વીંખાઈ ગ્યાં.
- સંચાનું પૈડું પહેલાં ધીમે ફરવાનું શરૂ કરે અને પછીથી ઝડપ પકડી લે તેમ ટપુબાબા પહેલાં થોં-થપાટ કરતા હતા.
- અમરેલી જઈને પાસપોર્ટ સાઈઝના ફોટા પડાવી આવ્યો. સાથોસાથ અત્તરની એક શીશી અને શાયરીની એક ચોપડી પણ લાવ્યો. ચોથા દિવસે અર્જન્ટ વર્ધીવાળા ફોટા આવી ગયા.
- કકુ મા'રાજ ડાબા હાથની પહેલી આંગળી ઉપર બીજી આંગળી ચઢાવી એને ધનુષ્યની પણછ જેમ ખેંચીને ભોળાને બતાવીને બોલે; ભોળા, ગીલીગીલી
- દસ ગાડાં જોડીને ટપુબાપાએ જાન કાઢી.
- ગાડી અમરેલીના સ્ટેશને પહોંચે એ પહેલાં ભોળો ગામમાં પહોંચી જશે. પણ એ ઘેર કે દુકાને નહીં જાય. ઉતારાની પાળીએ જ્યાં અમે દરરોજ સાંજે જતા ત્યાં જ જશે. જો ગામમાં વિનુ મહારાજ હાજર હશે અને જો એણે ઉતારાનો રેડિયો ચાલુ કર્યો હશે તો ભોળો પાળી પર પલાંઠી મારી ભક્તિભાવે ભજનો સાંભળશે. પાળી પર બેઠોબેઠો એ માથુ ધુણાવશે, હાથથી પાળી ઉપર તબલાં વગાડશે અને ભજન સાંભળશે; સાધુડાના ઘર મા'રે માલદે, ચોરી નવ કરીએ હોજી.
- ઓલ ઈન્ડિયા રેડિયો પર પકડાયેલા પાકિસ્તાની યુદ્ધકેદીઓના એમના ઘરનાં લોકોના પ્રસારિત થતા સંદેશા સાંભળતો.

- તાજા ઠરેલા ચૂલાનો ધુમાડો જાળિયામાંથી ત્રાંસા પડતા તડકામાં તરતો હોય. ગાર્ય કરેલી ભોંય પર માખીઓ કશા હલનચલન વગર બેસી ગઈ હોય. બહાર બજારમાં લોખંડના પટાવાળું એકાદું ગાડુ ધણેણાટી કરતું નીકળે અને ઘરમાં કાંધી ઉપર રાખેલાં બધાંય ઠામ ધ્રૂજવા મંડે. બહાર પાણિયારામાં એ નહાતી હોય. કયારેક પૂછવાનું મન થતું, વાંહો કરી હતું ?
- ચૂલા અને ભીંત વચ્ચેની સાંકડી જગામાં દબાઈને બેઠો બેઠો હું અલક મલકની વાતો કરતો.
- હું તો હવાનો ગોટો, ઈ સડવા જાય ને હું ધૂંવાડો.
- એક હાથથી કથરોટ પકડી બીજા હાથે જોરથી લોટ કણસે ત્યારે એમની કાચની બંગળીઓ એકબીજી સાથે ખનકારા કરતી હોય કરતી હોય ચૂલામાં હુંભાણા ઉડતા હોય અને એના પીળા પ્રકાશમાં એનું ઝગારા દેતું મોં જોતો ત્યારે રોટલાના ભીના લોટની અને રોટલો શેકાવાની વાસ વચ્ચે પેલી સુગંધ ફોરી ઊઠતી.
- પવનની ઝાપટથી મોલ સાવ જમીન સરસો થઈ જાય એમ ડૂસકું ભરતી વખતે પ્રભાભાભી કમ્મરમાંથી વળી જતાં હતાં.
- બેય હાથ ધોવાઈને સાવ ચોખ્ખા થઈ જાય એટલાં આંસુ એમણે પાડેલાં
- હાંડામાં કળશ્યાનો ડખોળાટ પાણીની ડોલમાં કળશ્યો ખખડ્યો હોય એવો લાગ્યો.
- ચામડી જોરથી ધ્રુજાવી શરીર પર થયેલો સ્પર્શ ખંખેરી નાખ્યો.
- આ બપોરનો તાપ, શરીર જાણે પાણકોરાનું થાપડું હોય તેમ ગરમી થાય છે હોમનો ધુમાડો બૂંગણમાં અટવાતો, ધૂમરતો આંખમાં આવે છે.
- વાછરડી પરાણે ખેંચી લાવ્યા છે. આટલા બધા માણસોને જોઈ એ ગભરાઈ ગઈ લાગે છે. ઘણીવાર એનો પગ સ્થિર નથી રહેતો. ભાંભરડા નાંખે છે. માંડ માંડ કરીને મા'રાજે એના ચારેય પગ ધોવડાવ્યા. પૂંછડા ઉપરેય થોડું પાણી રેડાવ્યું. કપાળે ચાંદલો કરવા ગયાને એણે માથું ઉલાળ્યું.
- માથા નીચે કંકોતરીનો જાડો કાગળ સખત ઘસાતો હતો.
- ચાર-પાંચ દિવસની ચોખાની પીઠીની પીળાશ લાદી પર ઘસાતી હતી.

- સારું એવું પાણી રેડ્યું છતાં તમારા કોઈ અણસાર ન વરતાયા. ફરીથી જોરથી પાણી રેડ્યું અને જોરથી શ્લોકો બોલાયા. હાકોટા પડકારા વધ્યા બધાં મૂંઝાઈ ગ્યાં થોડો ગણગણાટ થયો.
- લાલકાની લખોટી આપડા ખિસ્સામાં પડી ગઈ હોત તો અટાણે આ બારી ખોલવાની કાહટી નો લેવી પડત, લખોટીના ભારથી જ પોસ્ટઓફિસની બારી ખુલ્લીને ખુલ્લી રહેત.
- પછી હું અને જંતી સરસર ભીંતે એવા મૂતર્યા કે ભીંતની ગાર્યમાંથી ઢગલો એક પૂતળિયા નીચે પડ્યા. મે કહ્યું જો જંતી, તારા ઢગલા કરતાં આપડો ઢગલો મોટો થ્રયો.
- તલસરાની એક સાંઠી લઈને દીવાથી જેગવવાની, પછી જે ધીમો સર...સર... અવાજ આવે, ધીમો તડાક એવો અવાજ થાય તે સાંભળ્યા કરવાનો. લાલ, પીળો, કિરમજી રંગ થયા કરે. આપણને ફૂલ ખરણી સળગાવ્યા જેટલી મઝા આવે.
- સીમમાં પવન પડી ગયેલો. વેકરા પર ગાડાનાં પૈડાંનો અવાજ કાન પાસે કાનસ ઘસતું હોય એ રીતે આવતો હતો.
- ચોરાનું વાતાવરણ સાવ સૂનમૂન હતું, પાંચ-સાત ડોસા-ડગરા ભીનાં પનિયાં ઓઢી ઘારોડતા હતા.
- છાપાનાં પાનાં આમતેમ ઊઠતાં હતાં. સામે પાન-બીડીના થડે બેઠો વિનિયો ઝોલાં ખાતો હતો.
- અમદાવાદના મિલોવાળા સારા. બિચારા, બહુ ફાંફા ન મારે. એ તો પીળા પટ્ટાવાળા લેંઘા પહેરી ગામમાં બધાંને ઘેર ચા-પાણી પીવા નીકળી પડે.પણ હીરાવાળા તો પેન્ટ-શર્ટ અને હાથમાં કેવેન્ડરું લઈ આંટા મારતા હોય. ત્યાં સુરતમાં મારા દીકરા, આખો દિવસ લૂંગી અને બોડિસ પહેરીને ભાખરી અને ડુંગળીનું ખારિયું, દાબડી, હીરા ઘસતા હોય. પણ ગામમાં આવ્યા પછી દિશાએ જાય તોય બૂટ-મોજાં પહેરી ઈનશર્ટ કર્યા વગર ન નીકળે.
- ગટરમાંથી એક કૂતરું ઊઠ્યું. એણે આખું શરીર હલાવી ડિલ પર ચોંટેલું મેલું પાણી ખંખેર્યું. હનુમાનજીની દેરીનો ઓટલો અને બજાર એ પાણીથી ગોબરાં થઈ ગયાં પછી ઊંચું જોઈ કંટાળાથી લાંબુ બગાસું ખાધું અને ચોરા બાજુ ચાલતું થયું.

- આ ભરબપોરે કોઈ નહોતું. હનમાનજીની દેરીએ બેઠો. સામે ભૂપત બાબર એની દુકાનમાં ઘરાકની ખુરશીમાં બેસી ઝોલા ખાતો હતો. એક કૂતરું ગટરમાં સંતોષથી હાંફતું હતું. મેં આકાશમાં જોયું. એક સમડી ધીમે ધીમે એદીની જેમ ઊડતી હતી.
- ચંપા ભીંતને ટેકો દઈ કાપડના ટુકડા ઉપર મોરનું ભરત ભરતી હતી. એને પણ કંઈ ન સૂઝતાં રડતાં રડતાં મોર પર ઠપકાભરી નજર નાખતી હતી.
- ભઠ્ઠીનો લાલચોળ પ્રકાશ એકદમ વધી ગયો. એ પ્રકાશમાં ગોરધનનું મોઢું કુમાશભર્યું લાગતું હતું.
- જોરથી ઘણ મારવાના પ્રયત્નોમાં મોટેથી હેં...હ હેં...હ બોલતો. એ સાંભળીને મને ઘણી મજા પડતી.
- સાંકડી નવેળીમાંથી એના ઘરમાં સૌ પહેલાં કોઢ આવે. એનાં બારણાં અધખુલ્લાં હતાં. લોઢાને પાણી ચડાવવાની કુંડીમાં મેલાં પાણી ઉપર ઝીણી રજનો આછાં થર બાઝી ગયો હતો. અંદર મરેલા મંકોડા તરતા હતા. ધમણના ડાંડિયાની સાંકળ કો'ક કાઢી ગયું હતું. અજાણતા જે વસ્તુને અડાઈ જાય ત્યાંથી ધૂળના ગોટા ઊડતા હતા. અમે બહાર નીકળી એના ઘર બાજુ ગયા. એનાં બારણાં પણ ઉઘાડાં હતાં. રસોડામાં જાળિયામાંથી રજકણો તરતાં હતાં. બાજુના ઓરડામાં ભોંય ઉપરથી ગારના પોપડા ઊખડી ગયાં હતાં. એક ખૂણામાં ખાડા જેવી બખોલમાં નાગ ગૂંચળું વળીને પડ્યો હતો. અમારા બોલાશથી એણે ફેણ ઊંચી કરી ફૂંફાડો માર્યો. જતા રહેવાની કોઈ હિલચાલ ન કરી.
- ખિસ્સામાંથી બીડી કાઢી દોરો બરાબર તપાસશે.
- ભેંકાર સીમમાં એમનું દાઝભર્યું મૌન અને ગાડાનાં પૈડાં નીચે કચડાતા વેકરાનો અવાજ સાંભળી સાંભળીને કાનમાં એવી ધાક બેસી ગઈ કે મને બાપા પર દાઝ ચડી.
- સિગારેટ આપો તોય આપડી બીડી પીવે તંઈ કો'રો ચડે. સવારથી સાંજ સુંધી ચાંદરણાં ધીમે ધીમે ખસતાં જોયા કરવાનાં. બીડી વાળ્યા કરવાની.

આ રીતે પરિવેશ સર્જતી વિગતો મોટે ભાગે પાત્રોની ક્રિયાઓ સાથે વણાતી આવે છે. પરીણામે એમાંથી જે જીવનચર્યા પ્રગટે છે તે પ્રાદેશિકતા બને છે. વાર્તાઓમાં કરુણ વેધક બનતો સ્થળપરિવેશ વાર્તાને તંતોતંત બાંધે છે. 'ભાય'માં પુનરાવર્તન પામતો ચોરો, ભજન વગેરે , 'પાવચ' વાર્તાના અંતનું દશ્ય, 'લીલ'નો વિધિગત પરિવેશ, 'વી.એમ'માં કિશોરનું પ્રણયકાવ્ય સર્જતો પરિવેશ, 'એક બપોર'માં આર્થિક સમસ્યાને રજુ કરતી સીમ આમ લોકજીવન સાથે, વ્યવસાય, પરિવાર અને

સામાજિક વ્યવસ્થાઓ સાથે જોડાતું ગામસ્થળ આ વાર્તાઓમાં અછડતું પણ ચોક્કસ સ્થળ-સમયને કાંતતું અને જીવંત બન્યું છે.

બીજો વાર્તાસંગ્રહ 'આમ થાકી જવું' (૨૦૦૮)માં તાલુકા-જીલ્લાના ઉચ્ચ હોદ્દા પર જીવતા 'સાહેબ' કથક છે. એ નિમિત્તે ઓફિસનો સ્થળ પરિવેશ આવે છે પરંતુ ગામડાના વિસ્તરમાં કાર્યક્ષેત્ર હોવાના પરિણામે ગામડું વધુ પ્રમાણમાં તેના તળસંદર્ભો સહીત આલેખાયું છે. એનુ કારણ કથકની નજર 'વહીવટી' કરતાં 'માનવીય' વધુ છે. પરિણામે વાર્તાને સર્જતું ગામસ્થળ વધુ જીવંતતાથી આલેખાયું છે. જેને સર્જતી વિગતો જોઈએ.

ફાઈલ, લીટા જેવી સહીં, કલમ ૩૭(૨), બારી, સરકારી જમીન, કેમ્પ, થોભળા ગામ, સ્ટાફ, આવકના ખોટા દાખલા, ટપાલ, તાલુકો, જીપ, પગારબિલ, તિજોરી, જીપનું બોનેટ, ફાળિયું, બૂટ, ફાટેલું રેશનિંગ કાર્ડ, ધૂળ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું મકાન, તડકો, સુકાંભઠ ખેતરોની પસાર થતી હાર, લૂ, ચશ્માંની તપી ગયેલી ફ્રેમ, ફાઈલના પૂંઠા પરની ધૂળ, પરોઠા-હાઉસ, સ્ટીલના ઓઘરાળા ડબ્બા, જળી ગયેલો ગાલીચો, લાકડાની છાજલી પર ધૂળ ખાતાં પોટલાં, પ્રાથમિક શાળાનાં બાળકોની પ્રાર્થના અને ગીતોનો અસ્પષ્ટ ઘોંઘાટ, પવનની લહેરખીમાં આવતી મૂતરડીની ગંધ, સચિવાલયનાં તોરણ રેસ્ટોરાંની અને હવા ઉજાસ તથા ચોખ્ખાં ટેબલોની યાદ, ચર્ચાપત્ર, હાંડવો, કરંટ એંગ્લો-ઈન્ડિયન લિટરેચર, છાપાં, ઓડિટ, ઢાંકીને મૂકેલી થાળી, સી.એલ, પડતર, માપપટ્ટી, ગાડાનાં ટાયરનાં ચપ્પલ, સુતરાઉ કાપડની ગંજી અને લેંઘો, પાદર, ખુલ્લો વગડો, દુકાળ, હવામાં માટીની ભીની સુગંધ, લીમડાની સૌથી નીચી ડાળ પર પીંછાં વગરનો મોર, ગાયનાં ઘણ, ચોપાનિયાની ચર્ચા, એસોસિયેશનની પ્રવૃત્તિ, લેખની ઝેરોક્ષ, જાહેરખબર, આશ્રમ, વિઠ્ઠલગઢ જીલ્લાનો છેલ્લો તાલુકો, અવાવરુ રેસ્ટ હાઉસ, સરપ્રાઈઝ ચેકીંગ, વીસ કી.મી.નો કાચો રસ્તો, ખારાપાટવાળી જમીન, સરકારી ખરાબા પર આશ્રમ, પ્રાન્ત અધિકારી, સર્કલ ઈન્સ્પેક્ટર, આશ્રમના આંબા, ફણસી અને જાંબુડાંનાં વૃક્ષો, ભભૂકતી ધુણી, પરસાળ, લાલ લાઈટવાળી ગાડી, બંજરમે હરિયાળી, કાવડ, રામગિરિની ચા, ચાંચવાળા જોડાના ખબડક...ખબડક અવાજો, મંતરેલું મૂળિયું, સિમેન્ટની લીલપ, ચણતર ભાંગેલી ઈંટો, ત્રણ-ચાર તગારાં રેતી, મેદાનોમાં ચરતાં ઘેટાં-બકરાં, સ્ટેન્શિયલ કરેલો કાગળ,માળા અને પાણી ભરેલો પીતળનો લોટો, મંત્રોચ્ચાર, લાકડીનો ગોદો, ઠરેલી ધૂણી, ફોળાઈ ગયેલી રાખમાં કાચિંડા, ખરીઓનાં નિશાન, લીલાસુકા પોદળા, પરદેશી બાવળ, હોલા, લલેડાં, કામઠા, બસ, અંતરિયાળ તાલુકો, રેસ્ટહાઉસની અવાવરુ જેવી રૂમ, પ્રવાસ અને દૈનિક ભથ્થાનું બિલ, ખુરશી, ઓફિસ, કર્મચારીઓ, આંગણવાડી કાર્યકરો અને

મધ્યાહ્ન ભોજનની સંચાલિકાઓનો પરસેવો, ચેમ્બર્સ, ટિફિન, ચૂનાનો કૂચડો, ખુલ્લાં ખેતરો, ઝાડી-ઝાંખરાં, બે ખુરશી, ચાના કપનાં કુંડાળાંવાળી ટીપોઈ, સુવા માટે એકલો ખંડનો પલંગ, તેલની વાસ મારતાં ગાદલાં – અને ઓશિકાં, ડોરબેલ, માટલું, ગ્લાસ, વાસી પાણી, ઝાડું, ફળિયું, અરીસો, કોટ, સોફા, ખાટલી, માથામાં નાખવાનું તેલ, ફૂલોની લારી, સસ્તા કોસ્મેટિકના ગલ્લાવાળી, ફરસાણવાળા, ધૂળ અને માખીઓ, બ્લાઉઝના હુક, ફેરવેલ, શ્રીફળ, સાકરનો પડો, સ્ટીલના ચમકીલા અક્ષરો, ટ્યુબલાઈટનો ધીમો સતત અવાજ અને પંખાનો હવા કાપવાનો અવાજ, શેઢાડીનાં પીંછા જેવા કાબરચીતરા વાળ, કાટ ખાઈ ગયેલો પલંગ, ખુણામાં બાવાં, માથામાં નાખેલા ધૂપેલની અને નવાં કપડાંની આછી તાજી વાસ, વેન, બજાર, ડોબાં, દફતર, પાદર, સડક, ખાદીનો રૂમાલ, દવાખાનાંના ખાટલા, ખરખરો, નવ નેજાં પાણી, કપાળે કાળી ટીલી, પોક, નવ કુકરી, આડાઅવળા લીટા, બીડીયું, બેગ, કેવેન્ડર, પલંગની ઈસ, સાવ ખેંખલી શરીર, આંખોમાં પાણી વગરના ભમ્મરિયા કૂવા જેવું ઊંડાણ, સો રૂપિયાની નોટના છુટ્ટા પૈસા, ટ્રેન, પતંગિયાની ઊડાઊડ, વાનગીઓનો ઓર્ડર, રિક્ષા, બગીચામાં કે ખેતરાઉ જગા, પાણીના અભાવે ચીમળાયેલું ઘાસ, ચશ્માં, ઈન્સ્પેક્શન, સસ્તી હોટલ, શિનાખ્ત, બૂટ-મોજાં, કોન્ટેક્ટ લેન્સ, ભેજ, ધૂળ, ઝાંખો પ્રકાશ, અવાવરુ મકાનો, ઢીંગલી-પોતિયાં, ખાટલો-ગાદલું, ખેતરે ચા, ભીની ચડ્ડી, ખળે બાજરી, કરિયાણું, ચાંદલા-કાંસકા, તેલ-ગોળ, કટપીસની દુકાન, મેલાં અને કધોણિયાં કપડાં, દુઝાણું, દક્ષિણ ગુજરાતની નોકરી, રસોડું, ઓસરી, ચીંથરા જેવી લોન, હીરાઘસુ, શિરામણ, ગળામાં ઘુરકાટ જેવો અવાજ વગેરે દ્વારા બંધાતો આ વાર્તાઓનો પરિવેશ ગામસ્થળને ખપમાં લે છે. આ વાર્તાઓનાં કેટલાંક મહત્વનાં વર્ણનવાક્યો સંવેદનને તીવ્ર બનાવે છે.

- પૂજા કરતાં કરતાં પેલા માણસને કફ આવ્યો. એણે બેઠાં બેઠાં જ બાજુની દીવાલ પર 'ફૂઉઉ' કરીને કફ કાઢ્યો. જોયું તો ત્યાં અગાઉ થૂંકેલા કફના બળખા સુકાઈને ધાબાં પડી ગયાં હતાં .
- એક આંચકા સાથે બસ શરૂ થઈ, તાલુકા વિકાસ અધિકારીવાળું ક્વાર્ટર સૌ પહેલાં અદશ્ય થયું પછી તાલુકા પંચાયતની કચેરી પણ, ચાર રસ્તા ઉપર ઊભેલું સયાજીરાવનું બાવલું પણ પસાર થયું અને એમ બસ ગામ બહાર નીકળી ગઈ. થોડીવાર પછી પીળા અક્ષરોમાં 'મુલાકાત બદલ આભાર' લખેલું કાળું પાટિયું પણ નજર સામે આવીને જતું રહ્યું ખેતરો શરૂ થઈ ગયાં હતાં. શરીરમાં જાણે કોઈ બંદૂકની નળીમાં દારૂ ભરે એમ

ઘરબી ઘરબીને ક્રાક ભરતું હતું. હું બંને હથેળીઓ આંખો પર દાબીને બેસી ગયો. ધીમે ધીમે આંગળીઓનાં ટેરવાં ભીનાં થતાં ગયાં. બસની ઘરઘરાટી ક્રમશઃ અસહ્ય થતી ગઈ.

- એની અને વિધિ વચ્ચે કોઈ પારદર્શક આવરણ પણ નહોતું ! એણે બારીએ માથું ટેકવ્યું. સવારનો ભેજ લોખંડની ફ્રેમ પર ચોંટીને જુગુપ્સા પ્રેરક ગંધ પેદા કરતો હતો. બહારની ગંધનો આજના દિવસનો આ પ્રથમ સ્પર્શ હતો.
- એને વિચાર આવતો કે પ્રશ્ન પૂછનાર વ્યકિત માણસ ન હોય પણ એક ઓરડો હોય અને તેની અંદરની સ્પષ્ટ તસવીર પાડી હોય તો તસવીરમાં એ વ્યક્તિનો ચહેરો નહીં પણ ભેજ, ધૂળ, ઝાંખો પ્રકાશ અને ચારે તરફ બાઝી ગયેલાં જાળાં ઠેરઠેર દેખાઈ આવે .
- એ ઊઠીને ઘર તરફ ચાલતો થયો. સામે જ અંધકારમાં લપાઈને એનું ઘર ઊભું હશે .
- રાવજી આતા ખેતર ન ગયા હોય તોય ચોરે જઈ તડ કા માટે કે આડાઅવળા આંટા મારે એવું નહીં. હાલતાં-ચાલતાં રાંઢવું ગૂંથતા હોય કે ખાટલાને વાણ ભરતા હોય કે બળદોને ઘીની નાળ્ય પિવરાવતા હોય કે પછી બાતલ પડી ગયેલા કરાને દીવાળીમા પાસે ગાર્ય કરાવતા હોય કે મથુરામામા અને ગોદાવરી માસી પાસે ગાર્ય ખૂંદાવતા હોય અને એ લાવ, તમને નો ફાવે, કહીને જાતે ગાર્ય ખૂંદવા મંડી પડતા હોય .

આ રીતે પાત્રો સાથે વણાતો, પ્રસંગોને ઉપસાવતો, સામાજિક રીતરિવાજો બતાવતો, કથક ભાષાની વિશેષતાઓ પ્રગટાવતો આ પરિવેશ વાર્તાના બંધારણમાં યથાયથ સમાયેલો છે. 'તું આવજે ને !' વાર્તામાં અંતનું કરુણ વેધક મકાન, 'પ્રવાસ' વાર્તામાં ખેડૂતજીવન ઉપસાવતાં વર્ણનો, 'ઉઝરડો' વાર્તામાં બે જુદા જુદા દષ્ટિકોણથી દેખાતાં આશ્રમનાં દશ્યો અને અંતની વિચ્છીન્નતા, 'આ સવજી શામજી બચુ કોઈ દી સુખી નોં થ્યા હો...'માં સર્જાયેલો ગામડાનો અને પારિવારિક પરિવેશ વગેરેથી પાત્રોના ભાવોમાં સઘનતા આવે છે. માત્ર ખપ પૂરતી જ વિગતોના વિનિયોગની ચીવટ એ આ સંગ્રહની વિશેષતા બની રહે છે.

**રામચન્દ્ર પટેલ**ની વાર્તાઓમાં પ્રતીકાત્મક સ્તરેથી રચાતો-રસાતો પરિવેશ આગવી ઓળખ વાર્તાકાર તરીકે સર્જે છે. લગભગ તમામ વાર્તાઓનું સ્થળ ગામડું અને સમય ઈલેક્ટ્રોનિક સંસાધનો હજુ આવ્યા નથી એવો. એમાં ખેતી-પશુપાલનની સૂક્ષ્માતિસૂક્ષ્મ વીગતો વણાતી જાય. પાત્રને સર્જે એની પરિસ્થિતિઓને ઘાટ આપે ક્યાંક ચૈતસિક સ્તરે જઈને માનવમનની ઉથલપાથલોને પણ અંકે કરી આપે એવો વાર્તાનો પરિવેશ રામચન્દ્ર પટેલની વાર્તાઓમાં બોલી ઉઠે...કશુંક કહે...સૂચક બની

રહે એવી પ્રતીતિ આપે છે. આ પરિવેશને બાંધવાની તેમની મથામણને તેઓ 'બગલથેલો'ની પ્રસ્તાવનામાં નોંધે છે કે...

...વાર્તા માટે પરિચિત વ્યવહાર, વાસ્તવિક થતો અનુભવ લોટ પ્રકારનો. લોટને પલાળી વાખ લાવવી જરૂરી છે, એ અનુભવમાં પ્રકૃતિસૌંદર્ય ઉમેરી કળાના રસાયનથી, જેમ રોટલાનો આકાર હથેલીઓથી ઘડાય, હાથ. હથેલીઓની ગતિ ચાલ લાગણી સાથે જોડાય તો એનું બંધારણ સારું બને. એમ વાર્તાકર્મ પણ એવું. ભાષાશૈલી-માવજતથી ઘાટ બંધાય. વસ્તુસંયોજનમાં હૃદયભાવ હોય તો વાર્તા સંપન્ન થાય ખરી પરંતુ જીવચેતના-રહસ્ય વગર કથા ઘી-ની જેમ ફોરમ મારતી સજીવ બની શકતી નથી. મારી દરેક વાર્તાઓમાં માનવ અસ્તિત્વ મૂક્યું છે સાથે સૃષ્ટિનો અર્થ.[૨૩]

સર્જક સ્વીકારે છે કે 'અનુભૂતિ'માં પ્રકૃતિસૌંદર્ય ઉમેરી એનો આકાર સર્જવાનો હોય છે. એની સાથે એવી જ ભાષાશૈલી હોય છે અને તેઓ 'જીવન'ની અનિવાર્યતા પણ જુએ છે. આ રીતે સર્જકના મતે પ્રકૃતિસૌંદર્યરૂપ 'પરિવેશ'ને વાર્તામાં 'વાખ'રૂપી સંયોજન સિદ્ધ કરવું જરૂરી લાગે છે. આમ તેઓ પરિવેશની અનિવાર્યતા અને સર્જનાત્મકતા જુએ છે. સર્જકે ભાષા સંયોજનમાં ગામસ્થળની વિગતોને વણી લીધી છે. પરિણામે સર્જાતી આગવી શૈલીનાં કલ્પનો, પ્રતીકો, ઉપમાઓ વાર્તાની આગવી કથનાત્મકતા સિદ્ધ કરે છે. આવી ખપમાં લીધેલી વિગતો જોઈએ.

સમી સાંજની ઝાંખપ, મારગ કાંઠેના ટેકરા, ચરેડીનું ઝાડ, છૂટાં-સૂકાં ઝાંખરાં, સોનાના ઘૂઘરા, ભાદરવાની મેલી વાદળી જેવું ઘટાટોપ રૂપ, ધાન, સુગરીના માળા, કૂવામાં ઊંઘેલી અવાવરું દુર્ગંધ, ભીની ભેખડ, સાંકળ, તડકામાં તપતું છાબડાવાડા, કોરોકટ હાથરૂમાલ, કાચ તૂટેલી ફાનસ, દારૂની તીવ્ર વાસ, ભેંસો આગળ ઘાસના ઢગલા, પાછળ ઉકરડા, ઉકરડાઓ આગળ નાગાંપુંગાં મેલાં રખડતા છોકરા, સવા રૂપિયો, ઉબડખાબડ જમીન, ગમાણ, ઘાસવાડો, છાપરાનું છજું, છીંકામાં મૂકેલું ગોળ-ઘી અને રોટલાનું ભાથું,માવલામાં ઢાંકેલી છાશ, શેરડીના કોલાનું મશીન, બોગનવેલિયાનાં લીલાં પાન, તાંબા-જસતની ખાણોવાળા, એલ્યુમિનિયમનું તપેલું, કેનવાસની કોથળીમાં બરફ, જાળાં, ઝાંખરાં, દાભડાનાં ભોથાં, બપોરે ખાખરાના છાંયે માટલાં, ગબ્બરની ટોચ, સવાર-સાંજ, દૂધ-દહીં, તાંબા-જસતની ખાણો, ગોખમાં બળતાં ઘીના દીવા જેવું અજવાળું, ખાલી ખટગઢી, મોઢામાં બાવળનું દાતણ, ખાટલો, દાગીના, અંબાજીના મંદિરમાં થયેલા ઘંટનાદ, કરિયાવરનાં ઘરેણાં, મસમોટું રાખોડિયું વાદળ, દોડતી દેવ ચકલી, ગોરજ ટાણું, બાવળનાં ઝુંડ, ગાડાવાટ, મંગલપરાનું ગોંદરું, ડામરની સડકો, ખાંપણ, ધરોમિશ્રિત રસ્તાનો સંગાથ, સતી દેવડિય, લટકતી વાગોળો, બળતી ચેહ, સૂપડાં, સાવરણીઓ, આડિયાં, ઈંઢોણીઓ, ઢગલાબંધ

રાખ, ચિતા પછીના ફક્ત અંગારા, સુઘરીઓ, મૃત દાદાનો ડંગોરો, બકરી, તાજુ જન્મેલુ લવારું, રોપેલાં છટાદાર આંબા, શીતલ ધુમ્મસનાં મોજાં, લોટો પાણી, કાળું કાળું ગીધ, ગોઝારા બારણાની તિરાડ, કાળીચૌદશની જેવી કાયા, અહાલેક બોલી, તિરાડમાંથી દેખાતી ટેકરી, કાંબળો, સીમાડાનો વેરાન થતો દેહ, માણેકસ્થંભ, મંગળવિધિ, ઢોલ-શરણાઈ-ત્રાંસાના મીઠા અવાજો, ઝોબડ લાકડું, ઊડતાં કબૂતરોથી ચીતરાઈ ગયેલું વ્યોમ, સોનારૂપાના તેજથી મઢેલી ઝગમગ શુક બારી, પરોણો, માથે ફાળિયું, આથમેલો સૂરજ, કાળાં કાંબલ નીચે લપાઈ ગયેલો આખો વગડો, ઘઉંનું ખેતર, પાડાની કાંધ જેવું વડ ખાતું બે વીઘાંનું ખેતર, કડલાં, કાંબી, હાંસળી, રહ્યો સહ્યો દહાડો, ઘેરવાળા ઘાઘરાનું ઊંડાણ, ભેજવાળું ઠંડું ઊંડાણ, છાતીમાં બાઝેલાં રોડાં, ઘીનો દીવો, કંકુનાં છાંટા, ચાંદરણાંના ઝભ્ભો, સાંબેલું, છાપરાનો પછવાડો, બોગનવેલિયા છાયા, નોળિયાની જેમ ટટ્ટાર આંખો, પાન-બીડી-સાબુ-માચીસની ઘરાકી, કાગળ, પાવડો, ઘરઆંગણે ખાટલો ભરવો, પરણાયામાં જલતી દીવેટો, સ્નાયુઓમાં ભભૂકી ઊઠેલો દેવતા, ડકોડક ઢીંચેલો દારૂ, રાંદલમાને ભોંકાયેલા કાચના ટુકડા, ઉઘાડા કાળા શરીર પાછળ અંધારું, કડિયાળી ઝીંકાય, ધૂળનો રાતો ઢગલો, કરવત-કુહાડા, જંગલની પહાડી વાંકીચૂંકી પથરાળ, સાગ-હડદવાના દોરિયા, તજ-લાકડાની ફાડ મઢ્યો ભંવરીનો દેહ, ચલમ, બુકાની, છુટાંછવાયા છાપરા, વડપીપળાને બાવળોની ઝાડી, બંધ કમાડ, વાયરાનું તોફાની ઝોલું, નવું નકોર ગવન, ભાદરવા મહિનાનો દહાડો, આછા અંધારામાં શ્રદ્ધાનાં રાંધણ, જીરૂં વરિયાળી પકવે, ઉનાળે ડુંગળી-લસણ, છીડું, ઢાળિયો, અંગરખામાં ચલમ, તમાકુનો દાબડો, પરોણાની આગતાસ્વાગતા, ઝોબેડું, હણહણે, થોરવાડ, નગરિયું(આછોકાળો, કથ્થઈ રંગની કિનારીવાળો સાડલો), ડાકણ-વાઘણ, પગવાટો ઝાંખી, ઘર પરનો ધજાગરો, ડાબા-જમણે બેઠેલી ટેકરીઓ વર્તુળબંધ ફરે, મલક, કાળો કાળો ધુમાડો, જ્યોતમાં થડ પાસે કોક બેઠેલું, ભાગોળ, ખરબચડો અંધકાર, સીડીની ટોચ પર ચાંદો, પાવઠડું, ધ્રુવતારક, ધૂળગોટા, મીઠો વનરસ, હોલા-કાબર-ચકલાં, પો ફાટે, ઘંટનાદ, ભરભાંખળું, મુખરિત વડ, અટ્ટહાસ્ય, થોર-કાંટ્યનું પોલાણ, દૂધથી શેરીયો લોટો ભરેલો, હવા-પાણી-વાદળ-વૃક્ષો બધું શ્વાસમાં જંગલ-પહાડ-ખીણ ટેકરા, માટી-છોડ-ઝાડ-તાડ-અંબર બધું વહાલભર્યું, પહોળું-પહોંચતું છાપરું, નાળિયેર ઝાલરો, ઘોડિયું, ઘંટી-વલોણું-ચૂલો, કુરકુરિયાંનું ઉંઆ...ઊંઆ...આ...ઊંઆ... તુવેરની શીંગોના લીલવા, આલોપાલો પાનોઠ-પાંદડાં, સિમેન્ટ-પથ્થર-ઈંટનું બે બારણાવાળું મકાન-ઉપર પતરાં, ગીધ-સમડી-કાગડાનાં ટોળાની ઉડાઉડ, બારસાખ, નેસડા, ખારેક-જરદાળુ-અખરોટ-અંજીરનો સુકોમેવો, રાતરાણી ઝરે, બપોરનો આકરો તડકો, વેલાઓમાં બાઝેલાં ગિલોડાં-કંકોડા-ગલકાં, ત્રિભેટે ઊભેલી રાયણ વીજ-ગગડાટ, લીલાં ઝરઝાંખર જાળાં, જાળિયામાંથી ભોંય પર પથરાતો

તડકો, બગલથેલામાં કુહાડી, બૈરાની સોનાની નથણી, અડખે પડખેની જમીન રચના ઉબડખાબડ, ખારાપાટ, ભારણું-પારણું, ચૂલો-ચોક-કોટડું અને મેલડીમાનો ધજાગરો, જાંબુગૂંથી ડાળ, ચિતરામણ જેવો ઉધેઈ, સીમ-વગડાનાં લીલાં ઝાડ વાઢ્યાં, શ્રાવણનો ઝીણો ઝીણો ચાંદ, હાથી-બળદ-સિંહની ચાલ શીખવાડતું જંગલ, ટેકરી-ટીંભા, મજૂસનો ખૂણે ખૂણો તરબોળ, શાંત ચોખાનો દાણો, ચડે ઊતરે તેજમોજાં, અઢળક વરસ્યું આભલું, મેંદી છોડ જેવડી જેવડી છોકરીઓ, પાડાં-વાછરડાં નદી, પારસ ટેકરી, ગામ રસ્તા, ગોંદરું, ઘરછર, ચોકચોગાન, શાળા, કમળ પાંખડીઓ...

- સીમ લીલી-હરિયાળી બની ગઈ... મોલ પહેલા ખેતર એની આંખોમાં ઊભરાઈ લહેરવા લાગ્યાં. દુધાળા ડૂંડા ઉપર કરેલાં ચકલાં-બપૈયાં બે પળ માટે એ નિહાળી રહ્યો. થોરિયાળી વાડ, વાડ વચમાં રમતી દેવચકલીઓ ઉરાડતો. એ તેડતાં તેતર પાછળ અમસ્તું થોડુંક દોડી પાછો અટકી પડ્યો.
- ચરેડીનું આડ વટાવતાં વટાવતાં પગમાં કેટલાંય કાંટા ભોંકાઈ ગયા હતા
- આમ તો બાજપરા છાબડી જેટલું. પાંચસો ઈંટ-માટીનાં છાપરાં. વર્તુળબંધ ગોઠવાઈ જતાં વિકસી ગયેલું. દરેકના ઉપર વળીઓ-નળિયાં. ઢોર પછીત પાછળ બંધાય. એનાં રૂપાળાં ખંડોલિયાં હતાં. ઘણાંખરાં આંગણાં લીંપણ માટીથી રંગેલાં. ભીંત ઉપર તુલસીના દીવાનાં ચિતરામણ અને છજે છજે ઓીબો, પંખી નિરાંતે ચાંચમાં પાણી લતાં હતાં.
- રેવતીની કોસુડીઓ જેવી મોટી આંખો કપૂરના બે દીવા થઈને તતડવા લાગી હતી.
- આછા લૂખા અંધારા સિવાય કશુંય ગંધાઈ ન ઊઠ્યું. ચારેપાથી સૂકીભઠ્ઠ ધરતી કરડવા ધસતી હતી. વળી સંધ્યાકાળ તો ધૂણતા રીંછ જેવો. ગામ મારગની થોરની વાડો કંથાર કાંટ્ય ખખડી ગયેલી અને ક્યાંક બે-ચાર આકડા-અફીણિયા વાંદરાની જેમ ધૂણી ઊઠતા એટલું જ બાકી બધું વેરાન. વાયરોય રહી રહીને ફૂંકાઈને પાછો ભોંયકાચબાની જેમ ચૂપચાપ થતો, ત્યારે ભેંકાર ઉબડખાબડ જમીનને પોતાના નહોર વડે ખોદ્યા કરતો હોય એવું લાગી આવતું હતું. સૂપડા સરખું ચરેડનું આડ, મધ્યમાં એક તલાવડી હતી.
- હળવો ઠંડો વાયરો જાણે ભેટી પડ્યો હોય એવું લાગ્યું. ક્યાંક ઉતાવળું તમરું થતાં જ સર્વત્ર વ્યાપેલો ચુપકીદીનો ભાર તડાક તૂટી, સાંજૂક  તડકા સમો બની લહેરાવા માંડ્યો.
- કૂવામાં ઊંઘેલી અવાવરું દુર્ગંધ પૂરજોશમાં ઊછળી.
- ઘર ઘર સૌ જીર્ણ, કોઈની બારી તૂટેલી, તો કોઈનું બારણું, વળી કોઈનું ઢળતું છજું વેરણછેરણ થયેલું દેખા દેતું હતું. પછીતોય ઘસી પડી નીચે જમીન પર ચોંટી ગયેલી, તો કેટલીય ભીંતો પરથી માટીના પોપડા ઊખડી ગયા હતા. થાંભલીઓ રોડાંઓના

ઢગલાંઓ ઉપર, હાથીની સૂંઢ સમા ઘર પરનાં ઘેરિયાંઓ ઉધઈ ખાતા હતા. તૂટેલાં આંગણાનાં રહ્યાં સહ્યાં લીંપણ પર ખેપર ચડી બેઠી હતી. રસ્તો કચરાવાળો લઘરવઘર, આલોપાળો, ધૂળ-છાણ-રોડાં-ફોડાં જ્યાં ત્યાં વેરાયાં હતાં.

- આખું ઘર મલમલી ઊઠ્યું હતુ. એનો ખૂણે ખૂણો કસબ ભરેલો. ઘરમાં પડતાં ચાંદરણાં તો ચાંદીના રૂપિયા .
- આખું ઘર ખાલી ખાલી ખખડી ઊઠ્યું.
- અંધારું થતાં તો બહારથી આવીને આખો વાસ છોકરાં-બૈરાંથી જાગતો બની ગયેલો. છતાં કોઈના છાપરામાં દીવો થયો હોય એવું લાગ્યું ન હતું. .
- ઝીંઝીં નીચે બાંધેલી ભેંસો અંધારાના ઢગલા જેવી લાગી આવી .
- તાંસળીમાં ડોડાની મરચાભેર ભાજી અને જુવારનો રોટલો હતો. ઘર લીંપણવાળું ચોખ્ખું . રાચરચીલામાં ઝાઝુ કાંઈ નહીં. માટીના પાણિયારા ઉપર પાણીનું બેડું, બે લોટા, એક એલ્યુમિનિયમનું કાન વગરનું તૂટેલું તપેલું. લાલ મરચું ઘૂંટવાનો ખલ, તવી, શીકું અને ખાડા પડતા ઓરડાની આગળ ઊભેલી બે કોઠીઓ. એકના ઉપર પિત્તળની ચરૂડી હતી. ઓછી વસ્તુઓ છતાં ઘર વ્યવસ્થિત.
- અચાનક પાંખો વીંઝીને પંખી ઊડી જાય એમ એ ઊભી થઈ ગઈ.
- જરાક ઊંચકાયેલી સડક વધુ કાળાશવાળી બનીને પાછી હતી એમ ચૂપચાપ ઠરવા લાગી હતી.
- ડામરના રોડ ઉપર બળતરાના સિસકારા ચાંપી ચાંપીને વાહનો બેફામ દોડતાં હતાં.
- બોગનવેલિયામાંથી ટપકતી ભીનાશ એને ઝેર જેવી લાગી. બહાર વરસાદ વરસી રહ્યો હતો. આખું અંબાજી પલળી બેઠું હતું. ઝાડ, પહાડ બધુંય વરસાદના પ્રેમમાં ડૂબ્યું હતું.
- મસમોટું રાખોડીયું વાદળ આકાશની જાંઘમાં બરાબર બાઝ્યું હતું
- નજીક નજીક ઊભા રહેલા બે બળદ સમાં ખેતર. વચ્ચે થોરની ભાર ઝુલ્લી લીલીવાડ. પાછા શ્રાવણ –ભાદ્રના દહાડાઓમાં વાડનો દેખાવ ઘાટીલો બને એમાં ગિલોડાં-કંકોડા, ચણી ચીભડી અને ગલકાં લૂમેઝુમે. પંખ-પંખીઓ સાથે સૌં રણકતાં હોય, હવા સાથે વેલાઓના પાંદ-પાંદડાં.
- જમણીકોર ઊભેલા ખાખરાએ ખૂંખારો ખાધોને ડાબી તરફના ટીંબાનો વળાંક લેતાં લેતાં મને અંધેડીઓના સમુદાયે પકડી પાડ્યો.

- સામે આભમાં એક વાદળ સુઘરીનો માળો બનીને લટકતું હતું. એવામાં ચાંદો જાણે નર સુઘરી હોય એમ પૂર્વ ક્ષિતિજમાંથી ઊડી આવીને એમાં છુપાઈ ગયો. હું ધરતી તળિયેથી એ વાદળ નીડને માણી રહ્યો.
- દાભંડિયાં મરોડદાર સિસમનાં કમાડ. સ્થિર સ્વસ્થ અણિયારાં. કમાડ વખાય એટલે દૂધના કટોરામાં ચાર ચાર પતાસાં ઓગળતાં હોય એવાં લાગે. ઊઘડે તો બહારનું ગળપણ ઘરમાં. રવેશની પીઠપીઠ પલળી ઊઠે. ચોક, પાણિયારું તેજમાં ફાટું ફાટું...ઓરડે ઓરડા તંગ, રાચરચીલું સાકર સાકર છાંટ્યું. મજૂસ જોયું હોય તો મયૂરાસન. હું એના પર ચડી બેસતો. ગોખ ગોખમાં ક્યાંક આસપાસ કોહિનૂરનો હીરો ઝગમગી ઊઠે. હીરો પકડવા આખા ઘરમાં દોડતો, થાકીને પછી પાછલા ઓરડાના બંધ કમાડોની તિરાડ-ફાડમાંથી આઘે સતત બસ તાક્યા કરતોતો પશ્ચિમ ઢાળ ઊતરતો સૂરજ. દેખાય પાછું ઝાંખુંપાંખું લીલાપર્ણ સરખું આભ. એમા કાળી ઈયળશી બેઠેલી હોય ટેઢીમેઢી એક ટેકરી પૂંઠળ ઊડે ધૂળ. ખરતાં પો ડાં બનીને સરતાં હોય વાદળાં.
- મારા હાડ હાડમાં રૂપેણ, વહેવા માંડતી હતી. આંગણા પર ઠલવાઈ જતું હતું અઢળક સોનુ
- આખો ઓરડો સુગરીનો માળો બની ઝુલવા લાગ્યો હતો. સાકર સાકરની ચાસણી થઈ ઊભરાઈ ગયું હતું ઘર. પાકાં રાતાં ચટ્ટાક બોરથી કેડસોતી લચી પડતી હતી બોરડી, અને હું રાજગરાનો છોડ !
- હું સેકાઈ ગયેલો મગફળીનો લીલવો દાણો. (રાવજી)
- એક કાળો ઘોડો પૂરપાટ દોડતો જાતો હતો પેલી ટેકરી તરફ જાગતા હતા એના ખરી-નાળ પડઘા.
- મારા કોઈ કુળદેવતાએ ઓરડાની એક ખીંટીએ ભરાવેલો બગલથેલો ઝટપટ ઉતારી ખભે ભરાવી દીધો, એટલું જ નહિ, એમાંથી તપસિદ્ધ અજાતબાહુ બાહુબલિ બહાર કાઢીને સામે ધર્યા.
- આખો વગડો કાળા કાંબળ નીચે લપાઈ જશે.
- મગફળીનું ફોફું ફટ ફોલી દાણો બહાર કાઢીએ એમ સહજમાં ખેતર જુદાં કરી આયો.
- ઘઉંવાળા ખેતર ઉપર વરિયાળીનું ખેતર ચડી બેઠું હોય એવું લાગી આવ્યું ને પોતાના બે હાથ લાંબા કરીને માટીમાં દાટેલો બાટલો શોધી કાઢી મોંઢે ઝટપટ ચડાવી દીધો. બધો જ દારૂ પેટમાં. મગજ બરાબર ચગચગ્યું. એ આડેધડ આખા ખેતરમાં દોડવા લાગ્યો..

- દુકાન આગળ લટકતું ફાનસ ઓચિંતું લોહીનો પરપોટો બનીને ફૂલ્યું. પાછું ફડાક દઈને ફૂટી જતાં એના અજવાળાની કરચો પાનના ગલ્લાની આસપાસ ચક્કર ચક્કર ઘૂમવા લાગી .
- શ્વાસ અંધારું વીંઝવા માંડ્યાં .
- ગોદરું કોઈ મંદિરનું આંગણ લાગ્યું.
- ઘરમાં ભમ્મભમ્મ ચૂલો સળગે એના ઉપર તપેલું, તપેલામાં ઊકળતું હતું લોહી...ચૂલા આગળ ઉઘાડા માથે છૂટા વાળ મૂકી બેઠી હતી ભંવરી. ચમક્યો, એ દેવતાના અજવાળામાં ચુડેલ બેઠી હતી કે શું ? વાળેલા પગ, ઢીંચણેથી ઘાઘરો ખસી...ને નીચે. બંને સાથળો ધારિયાની ધાર બની ચૂક્યા હતા .
- બળદોના આંતરે આંતરે ખખડી ઊઠતા ઘૂઘરાઓના અવાજમાંથી આખી રાત ખખડતો રહ્યો હતો ખરબચડો અંધકાર..
- ખેતર ખેતર ઈશ્વરના હજાર ચહેરારૂપે ઝગમગી રહ્યાં હતાં .
- લાલજી મંદિરના ઘંટનાદથી પરોઢ ઊંચકાતું, તળાવનું જળ ઝબકી ઊઠતું .
- પશ્ચિમમાં સૂર્ય નમી ચૂક્યો હોવા છતાં સાંજની શોભા વહેતા જળ ઉપર ચળકી રહી .
- કૂવો પોતાનો કાંઠો તળાવમાં ઝબોળી ઝબોળીને રડતો હોય એવો લાગ્યો.વડ ઉપર મોરને બદલે ગીધ બેઠેલું.
- મોર લોઢાની વાડના કાંટાઓ વચ્ચે લોહી લુહાણ શરીરે નિશ્ચેષ્ટ પડ્યો હતો. કંઠ-કલગી-પીઠ-પાંખો-પગ-પીંછાં બધું છૂંદાયેલું.
- આકાશ કોઈ ઉડતા જતા એરોપ્લેનના કર્કશ ઘુર્રાટ ભર્યા ધ્વનિમાં ધ્રુજી રહ્યું હતું .
- તરાપો ચાલે છે કે જળ સમજી શકાતું નહોતું .
- હાથી મારા મનનો ઉઘાડ હતો.
- મ્હારાં ઘર પછવાડે મરેલાં બાળકોને ગોદી છાલવાની જગ્યા. એક-બે દિવસ થયા નથી ને કોઈ છોકરું ઊપાડીને આપ્યું હોય. ખાડો ખોદાતો. મીઠું પથરાતું એમાં નાગુપૂગું બાળક ભંડારાતું ઉપર માટી વળાતી, ખાસ્સો ઊંચો, લાંબો ઢગલો થતો એના પર કાંટા-કેર-કંથારના આવી બેસતા. પાછા થોર, બોડીના જાળાં સાથે બાળોતિયાં - ખાંપણ — ફફળ્યા કરતાં વાયરામાં .

- મંડોવરનાં શિલ્પો, ગોખકુંભીઓ, કંદોરા, નકશીનો નાજુક. મેંદીના પર્ણ પર્ણ શી કોતરણી એમાં ઉડતા યક્ષ-યક્ષીઓ, નૃત્યમુદ્રામાં અપ્સરાઓ, એમાં એક સર્પકન્યા, એ નાગ સાથે નગ્ન નગ્ન થઈ નાચે, જેમ સતુ મારી સાથે.
- જળતરંગ પર તરતો હંસ – હંસ જોડે તરતી ખોપરી .
- વેલાઓમાં બાઝેલાં ગિલોડાં - કંકોડાં - ગલકાં કો'કની રાહ જોઈ જોઈને થાકેલાં .
- મહુડાની છાયા બગલથેલો ભરાય એટલી .
- તામ્રથૂલછાયાં બાજરી પાકનાં બાજરીયાંની શોભા અને ઘટાટોપ વાદળાંનો ચઢાવ બંને ઈશાન દિશાને મજબૂત બનાવી મૂકતાં હતાં .
- ગળામાંથી ટહુકો બહાર નીકળી પડે એવો ટહુકો જ ભીંજાઈને કાચબો .
- ઘર તો ઘણા દિવસે આવેલો જાણીને ખેપટ ખેપટ છાંટીને વળગી પડ્યું હતું ઘરમાં હર્યો, ફર્યો આળોટ્યો... છેવટે મનથી, કેવળ મનથી હાથે-પગે-માથે-શરીરે ચોળી લીધી રાખ. જટા-ઘટા બાંધી, કમરમાં વીંટી દીધું કંતાન – ટાટિયું. ખભે ભરાવી લીધી હતી ભૈરવ ઝોળી. એમાં મૂક્યું પડાળરસી માટીનું ઢેફું.

'સ્થળાંતર'ની વાર્તાઓ આધુનિક વાર્તાઓના છેક છેલ્લા છેડેથી આરંભાતી હોય એવી લાગે છે તેનું મુખ્ય કારણ એ છે કે જે સ્થળ-કાળમાં પાત્ર કે પરિસ્થિતિ સર્જકે મૂકી આપ્યાં છે એ સ્થળકાળ કાં તો સૂક્ષ્માતિસૂક્ષ્મ વીગતોથી ખીચોખીચ કર્યાં છે. અથવા એ સ્થળકાળ કપોળકલ્પિતની પ્રયુક્તિ પર અવલંબે છે. આ રીતે 'સ્થળાંતર'ની વાર્તાઓ વધુ વિશિષ્ટ પ્રકારની બને છે. અહીં ગામડું છે પણ સર્જકની આગવી દષ્ટિએ જોવાયેલું અને કથકની વાતમાં સળંગ ભાવમાં વણાયેલું ગામડું છે. જે નાની નાની વિગતો સ્થળ-કાળ સર્જી આપે છે એ વિગતો સર્જકચેતનાને કઈ રીતે અસર કરે છે એ જોઈએ તો –

...વાર્તાઓ પર કામ આરંભ્યું તો વનસ્પતિ, જંગલ-રણ, સૂર્ય-ચન્દ્ર-તારા, ધુમ્મસ, ઘાસ આમ સકલ પ્રકૃતિ સાથેનો એકાત્મભાવનો એટલો બધો મારા લખાણમાં ચડાવ આવતો કે એક પાત્રરૂપે ગોઠવાઈ જતો. જો એને હું ટાળું તો સંતાપ. પ્રકૃતિવર્ણનની વિગત મૂકી મૂકી પાત્રના ચારિત્ર વિશે, પરિસ્થિતિ પ્રસંગ વિશે તથા પાત્રની મનોદશા વિશે ઓળખ આપું. એમાં મારી ભાવનાત્મક ક્રિયા-પ્રતિક્રિયાઓ મહત્વનો ભાગ ભજવે છે.

અહીં સર્જકની નજરે પ્રથમ આસપાસનો પરિવેશ બંધાય છે જેમાં પાત્ર મૂકાય છે એની પરિસ્થિતિ આવે છે ભાવ-મન બધું ક્રમશઃ બંધાય છે. એમણે આગળ પણ પ્રસ્તાવનામાં નોંધ્યું છે કે મેં જન્મ

SMT. HANSA MEHTA LIBRARY

પછી હાથમાં પ્રથમ પીપળાનું પાન પકડેલું પછી પિતાએ મોરપિચ્છ આપેલું. અહીં સંપૂર્ણ પરિવેશપ્રધાન વાર્તાઓ 'મોર', 'ટેકરી', 'શિલાજિત', 'શ્રીફળ' વગેરેને સામે રાખીએ તો સમજાય કે આ સર્જક માટે પરિવેશ વિના તો 'સંતાપ' જ છે. ક્યારેક આ નિરૂપણ પ્રવાહમાં સર્જક કથકને વધુ પરિવેશ નિરૂપણ પ્રત્યે નિરર્થક ખેંચાણ કરતો કર્યો છે. નિરર્થક ઊંડાણો આવ્યાં છે એ બાદ કરીએ તો પાત્ર ને પરિસ્થિતિઓ આ વાર્તાઓમાં નર્યા પરિવેશને વીંટળાઈને ઊભી છે એમ નોંધી શકાય. આ પ્રકારની સર્જનપ્રક્રિયામાં વાર્તા રચનામાં વણાતી વીગતો તપાસીએ તો તેમાં અનેકાનેક ઘરવખરી, ખેતી-પશુપાલન, ખોરાક, પૃથ્વીતત્ત્વો, પ્રકૃતિતત્ત્વો એટલું જ નહિ કપોલકલ્પિત અને પુરાકલ્પનોની વિશિષ્ટ વીગતો મળી આવે છે. જે વાર્તાઓમાં વણાયેલી પડી છે.

વિસ્તારવાળો ડુંગર, કિલ્લા, ઈયળ, કમાડોમાં અણિયાળા ખીલા, લક્કડખોદ, સિંધવરંગી શેવાળ, કાળચંડિકા જોગમાયા, કમલદલની કોતરણીવાળો ઝરુખો, આંબલીઓના શીળા છાંયડા, અધ્ધર લટકતી ગોફેણ, ઝાડવાં, આંબા, વાવ, કેર-બોર-ઝાંખરાં, વૃંદાવનની રાસલીલા, શંખ-મૃદંગ-ડમરું-ઝાંઝપખાજ-વાંસળી, સિતાર-જંતર-ખંજરી, ઢોલ-નરઘાં-ભૂંગળ-શરણાઈઓ, સુવર્ણમયુર પંખ પાંજરાં-દીવડીઓ, ઝુમ્મરો, ક્રિડારત ખાટ, નર્તકીઓનો નાચ, સિંદૂરરંગ્યા આરસમા કૂંડાળાં, ઊજળા ઊજળા ઘોડાઓ, પૂર્ણા નદી, સુકાં ઝાંખરા, મેરુ પર્વત, કેરડાઓનું ઝુંડ, પ્રભાતિયું, શિકોતર, નદીની ભેખડો, રીંછની તરાપ, ડોડીવેલ વિંટળાયેલો થૂવર, દીવાસળીનું ખોખું, ગાયગોબરનું લીંપણ, ગગન ધૂમે બાવળ-બાંચી-ખેર, ખડક વળાંક, પાષાણમાં બાકોરો, કંદરા, ભેખળ, નિસર્ગ ઝબકે કેરડાનાં ઝાંખરાં, તારક ઝૂમખું, અફીણિયા વાંદરા, પહેરણ, આંગણાનું રહ્યું સહ્યું લીંપણ, ગોદડું મરેલા વંદા જેવું, વરરાજા, આમ્રપણોવાળું મુલાયમ તોરણ, મોભ, તામ્રકુંભ, રોટલા ટીપવાનો રણકાર, લોળિયાં-હાંસડી-કંકણ-કટીમેખલા, ઉંબર કાચબા જેવો, ઈંટ-માટી-સિમેન્ટનો વરંડો, ઘોડાગાડી, ટ્રક, ટેમ્પા, સ્કૂટર, હાથલારીઓ વાળા, લથર પથર કિચ્ચડ, જૂની હવેલીઓ, ખાદીનો ઝભ્ભો-લેંઘો, અજાણી ફૂટપાથ, ટીનનાં પતરાં, માટી-શણિયાં, નળિયાં, મેંદી-ગુલમોર, ઘાટીલી ટેકરીઓ લીલીછમ, ગંગાજળ, નવખંડ રોશની, રણકતી ગાયોની ઘંટડીઓ, દોરિયો-વળિયો-વાંસ, સરયુનું જળ, ઝાડ-પહાડ, ખાડા, ટીંબા, પાણિયારું, સાંકળ, વેદીની ભઠ્ઠી, ચંદનનાં કાષ્ટ, કાળમીંઢ પથ્થર, નળિયાં, વળિયો, વાંસ, ધૂણીની રાખ, ઝાડ-વાડ-ઘાસ-પશુ-મેદાન, શિલાજિત, તરાપો, સોયની અણી, બેસુરા કંઠ, રાયણ વૃક્ષ, પાંખો વીંઝતો ઘુવડ, રુદ્રકુંડ, કપાળ કંઠ કટિ ચંદન લીંપ્યાં, માધાવાવ, નપાણિયો પ્રદેશ, અબીલગુલાલ, પશુ-પંખી, લીલવર્ણું પાણી, તડકામાં ઊંચકાતો સૂર્ય, દાભડાની અણી, પથરાની ધાર, વાડ-વેલાના તોરણની લીલછોઈ

વીંટળાઈ વળે, ધૂળ-ધુમ્મસ, નારિયેળીની ઘટા-જટા, રાખોડી, વળાંક-ઠેબો, રળિયામણી દિશાઓ, ઝાંઝર-કલ્લાં, અંગૂઠે વિચ્છૂઆ, આંગળીએ વેઢ, અંબોડો ચક્રાકાર, બે પગ વચ્ચે રાગ અને સમુદ્રની ભેદરેખા, રણનું રૂંવાટે રુંવાટું, સમંદરનું જળ, આકરો સૂર્ય, બાણમારો, કળણ, ભેરી ભૂંગળ, શંખમૃદંગના નાદ, સૂર્યતણખા, ગરૂડ, નાગફણા, દાદુર-મોર-બપૈયા, બગલથેલો, મોરપીચ્છ, ગુફા, ઉઝરડા, ઠાઠડીઓ, ચેહ બળતી, કાબરો ચક્રાકારે ઘૂમતી, શ્વાસમાં શંખનાદ, વાવ-કુવા-તળાવ-નદી-નાળાં-જંગલ-પહાડ-ખીણ-ગટર-ચોક-ચોરે-ચોતરા, થડ પોલાણ, રેતવર્ણ, હાથી-ઘોડા-ઊંટ, ક્ષિતિજ, રણ વચ્ચોવચ ઘર, જળ ભરેલું છાલીયું, સોય જેટલી તિરાડ, રેતીના ઢગ, ચામાચીડિયાની ઉડાઉડ, રસ્તો જાણે અંધારો-કૂવો, પથરાયેલાં વેંત વેંત-આંગળ-આંગળ-વેંઢાવેંઢા જેવડાં અસંખ્ય પીંછાં, ઝીંઝી બદબૂ, બગલાંનાં બચ્ચાંનો વલોપાત, તાજી કૂંપળ, ધામણ સાપ, હાડખોખું, ચર્મછાયા, પો ફાટ્યું, તેલ-સિંદૂર, ચારેખૂણે બાઝેલા બાવાંમાં સૂનકાર, વાવ, ભૂગર્ભ, પિશાચની પીઠ, સૂક્કી ભડક વાવ, વસંતપૂર ડમરી, ગગનનો નીલવર્ણ, ભાગોળનું તૂટેલું તોરણ, ઊડી ગયેલી લીલાશ, તમિસ્ત્ર, ખરહડિયોનાં ઝાંખરાં, ભૂતઆંબલી, અગરબત્તિ વગરનાં ખાલી ખોખાં, પાંદડાનાં ઝુંડ બાઝેલાં, ગામનું સ્મશાન, મંકોડો, જળ-પવર-વન-ગગન, ભેખડનું તળિયું, ફર્નિચરમાં સાગસીસમની ફ્રેમમાં ગોઠવાયેલા બેલ્જિયમ કાચ ઝગમગે, કીડી-મંકોડા-જુવા-ભૂવા-જૂ-ઊધઈ જેવાં જીવાણુંઓ, હરણ-રોઝ-સસલાંની રમતિયાળ ઠેક, કામરત ગીધોની કિકિયારી, થાકેલું જંગલ, નેત્રોમાંથી ઝરતું મધ, શરીરમાંથી સરકતું નાભિ નીચેનો ઢાળ વટાવી છેક ઢીંચણો સુધી નીકળી પડેલું કાબરચીતરું અજગરનું પૂછડું, લોઢાની ખીલી, કણજીનાં વૃક્ષોની કૂંપણ, આવળનાં ઝુંડોમાં કેશરવર્ણી ગલપચી, વાદળના પાલવમાં કિનખાબી ઝાંય, સુખદ આબોહવા, કલકલિયાનો કિલિ ઈઈક...કિલક...ચિરઈક...નો બળતરાભર્યો તીણો વિલાપ, ઘાસની અંદર અંદર રમતી ખિસકોલીઓ, ઝળુંબેલી શિલાઓ, ભરવાડણ સમી ક્ષિતિજ, બુલબુલનો રેશમી પીંછલભાર, પતંગિયાં બનીને બેઠેલાં પીતફૂલો, વાંદર કુટુંબ, રોહડી-ચીપેટોનું લીલું-અર્ધલીલું ઘાસ, સૂર્ય ઝાંયમાં મધપૂડો, આંબાઓની ઉખડેલી છાલ, રામરોટી, કાળો કોશી છાલિયું, કૂલડી, ગુલાબમોગરો, કરેણકમળ, ધતુરો, આવળબાવળનો ખૂંપ, વીજનો આછો ગુલાબી રંગ, અષાઢી જળ, ઝાંઝરમાંથી વિખૂટી પડેલી કોક કન્યાની ચાંદીની ઘૂઘરી, પનીર-મોજાં, ધૂળ-ડિઝલની વાસ, સરવર કાંઠો, બારણાં આંધળાં, છૂંદાયેલા સાપ-કાચબા, હણહણતો ટાવર, ટપક ટપ ટપકે ચણોઠીઓ, બતક-તેતરનું મિષ્ટ માંસ, ગુંદર, જસત-નિકલનો વરખ, કંપતી વનરાજી

આ રીતે વિગતોનું સૂક્ષ્મ નિરૂપણ રામચન્દ્ર શુક્લની વાર્તાઓમાં વિશેષ જોવા મળે છે. આ નિરૂપણ વીગતોને ભાષા વડે સર્જકે સર્જનાત્મકતા સર્જી છે. કથકના નિરૂપણમાં વણાતી ઉપરોક્ત

વીગતોમાં સર્જાતાં આવતાં કલ્પનો, પ્રતીકો વગેરે દ્વારા આગવી સર્જકભાષા નિરૂપાય છે. અંકુરની ટોચ, વિવિધ ફૂલો, નાનાં ઝાડવા, પંખીઓના અવાજો, ઘરવખરીની ચીજવસ્તુઓ વગેરે જે અન્ય સર્જકોમાં નથી આવ્યું એવી આગવી વિશિષ્ટતાથી આ વાર્તાઓમાં આવ્યું છે. વળી એ સસંદર્ભ કથનમાં નિરૂપાતું જાય છે. વાર્તાપ્રવાહને ક્યાંય ખોટકાવા દેતું નથી એ વધારે ઉપકારક બને છે. આવી સૂક્ષ્મ નિરૂપણપદ્ધતિથી પાત્રો કે પરિસ્થિતિ સર્જતાં કેટલાંય વર્ણન-વાક્યો પણ જોવા મળે છે.

- હું મહેલને જોઈ રહ્યો. આકર્ષક પ્રવેશદ્વાર, એના આગળ અર્ધચક્ર નવેક પગથિયાં. એના ઉપર ચાર ગજમંડિત સ્વચ્છ સ્તંભો, ટોચે કિચક ટોડલાના આધાર આપી ભારપટ ઠરાવ્યો હતો, એમાં દેવ-દાનવોનું સુમદ્રમંથન શિલ્પમાળા અંકિત હતી.
- સંગીત-નાચગાન-ભક્તિનાં અનેક પ્રકારનાં વાજિંત્રો એક સાથે વાગવા માંડ્યાં હોય એવું લાગ્યું. શંખ-મૃદંગ-ડમરું-ઝાંઝપખાવજ-વાંસળી, સિતાર-જંતર-ખંજરી-ઢોલ-નરઘાં-ભૂંગળ-શરણાઈઓ-રણશીંગું અહાહા ! કેટલું બધું જળવાયું હતું ઓરડામાં
- પૂર્ણા નદીનો નિર્જળ દેહ સૂકાં ઝાંખરાં વચ્ચે વહેંચાયેલો પડ્યો હતો
- હું ઝબક્યો. જોયું તો બખોલ મને સોડમાં લઈને બેઠી હતી. જોડે પેલો થોર કોઈ સીમારેખાની જેમ ખડે પગે હતો. એને ખાડો ખોદી રોપી દઈ બહાર નીકળ્યો
- સામે મેરુનું ધીર ગંભીર શૃંગ ઝળહળતું હતું. નીચે ખીણમાં અંધાર છે કે કાળો આરસ !
- અવકાશ પોતાના માંસલ સ્નાયુઓને વારે વારે ફુલાવી અંધારાને ખંખેરવા લાગતાં ધરતીએ ઊંડો શ્વાસ ખેંચીને પડખું બદલી લીધું.
- ચારેપાથી ધરતી અંધારાનાં શીંગડાં વીંઝતી મારવા ધસતી હોય એવું લાગતું
- સુખડવંતી શોભી ઊઠેલી કોતરોના ઊંડાણમાં બેઠેલું અંધારું ફોરમવાળું બની જઈને આગળ દોડવા લાગ્યું હતું.
- ઘણાં વરસો પછી મારા ગામમાં પ્રવેશતો હોઉં એવી લાગણી ઊભરાઈ આવી. ભાગોળ તોરણની કોઈ નિશાની જડેલી નહીં. ગામમાં જતાં વચમાં પડેલું એક રોડું અડફેટે ચડતાં હું પડું પડું થઈ ગયેલો. આખી ભાગોળ ખડખડ હસી ઊઠી, ને ઘર ઘર પર ચોંટેલી ચાંદની ડહોલાઈ ગઈ હતી. આખું ગામ નષ્ટ, મૃતઃપ્રાય થયેલું હતું.
- ચોક ચોખ્ખો, એમાં ભરેલી કોરી માટલી કાંઠે બેઠેલો લોટો, ચૂલા પર તવી, બેળે ઘીની વાડી, વાડી ઉપર તાંબાની પાટુડી, જોડે કથરોટ, ઉખેણું, સાણસી, ચીપીયો, ભૂંગળી, સૌ સુધબુધ પડ્યાં હતાં.

- એક સવારે ખેતર આવ્યું એની પાંખો લીલી, એને ભેટવા જાઉં એ પહેલાં છલકાતું મલકાતું મારી પીઠ પર ઠલવાયું. એનો ભાર ફોરોફૂલ. ખેતરને પડખે બેસાડું ત્યાં તો એ ઘરમાં હરવા ફરવા માંડયું. લીંપણમાં દીવા ઝગમગ્યાં. ભીંતોમાં ચણોઠી. ગોખમાં ડૂંડાં, મોતી મોરપીછ બની ગયો. મેં આસપાસ જોયું, દાણાઓના ઢગલેઢગલા. ખેતર આવ્યું એવું અદૃશ્ય થઈ ગયું.
- મકાનોનાં માથાં પરથી અંધાર કૂદી, ઊછળી ઝટપટ પગથિયા ઉતરી ના ઉતરી આખા તળાવકુંડને બાથમાં પકડી ઊંચકવા લાગ્યો. જળ, જળમાં ડૂબ્યું. આકાશ મૂંગું મંતર
- કપાળ-કંઠ-કટિ ચંદન લીંપ્યાં. સુખડ મહેકે ચાખડિયોમાં. જળનારી ચામર ઢોળતી હતી. એ તો નરી કંકુ ઢગલી. એની ઢળે અઢળક બાંધણી બંધ કાયા
- કરોળિયાના જાળા જેવી ધૂંધળાશમાં ડૂબેલા આભમાંથી તડકો ભોંય પર ચોળાઈ આવ્યો. એને તેડી લેવા ધૂળ-ધુમ્મર બંને ઝગડી પડ્યાં. શરમાઈ ગયો વગડો
- અંતરિક્ષમાં કાળો ભમ્મર બહુમુખી ફેણફણાં તાણી ડોલતો સહસ્ત્રગજો કાલિનાગ. એની અગણિત રક્તિમ જિહ્વા વીજ ફૂત્કાર નાખે. આગળ-પાછળ શંખ-છીપલાંઓના ઢગલે ઢગલા ગોઠવાતા જતા હતા. શંખશંખમાં અંધારું અને છીપછીપમાં અજવાળું.
- પાણીમાં કોઈ સ્ત્રી સાથે સારસ પંખીની રતિક્રિડા ચાલતી હતી. લહ લહ ઉડતો હતો મેઘ મલ્હાર .
- સૂર્ય મધના ટીપાની જેમ આથમણી દિશામાં ટપકી પડી ઓગળી ગયો..
- વરસોથી નાભિમાં સોનામહોર થવા મૂકેલા ચામાચીડિયાની ઉડાઉડ આરંભાતાં ભૂખરી રજોટી પુષ્કળ વછૂટેલી એટલી કે નજીક ગાતાં ઝરણાં જ જળલિપિ ન ઉકેલાઈ .
- મેં બગલથેલામાં હાથ નાખી જોયો. અંદર પ્લાસ્ટિકમાં વીંટળાયેલું ખાલી બાક્સ જેવું કાળજું અડેલું..
- બંને દેહ પર વેકૂર ચોલી, ઉઘાડાં લિંગ-યોનિ. એમાં ખારાશ-ફીણ-શંખછીપલાં ભરાઈ બેઠેલાં. ઢળતાં સૂર્યની લાલિમાં, એક કિરણ સ્ત્રી-પુરુષની પગ પાની વચ્ચે થઈને સીધું નિતંબોને અજવાળતું માથા લગ પહોંચતું હતું. ખીલ ખીલ થતો મધ્યાંતરનો અવકાશ .
- વાવમાં ઘુવડ ! એનો રાજવી ઠાઠ એનું ચિત્ર-વિચિત્ર કદ આછા અંધારામાં ભયને વારે વારે ખંખેરતું હતું. કૂવાના મથાળેથી એક વનવેલ ઝરુખાઓના અડધા ભાગ સુધી લબડતી નિષ્પ્રાણ થઈ ચુકી હતી. એને વાયરો હળવે ઝુલાવતો હતો..

- અંધારું શરીર સાથ ભીંસ લેવા તત્પર થતું હતું ને ક્યાંક ઊડેઊડે કામરત ગીધોની કિકિયારીઓ થાકેલા જંગલ પર લીંપાતી .
- રાત્રિના અંધકારની સાથે તારકો વાણી પ્રહારે ચડેલા, એમાંથી તમસની રજોટી ભોંય ખરતી હતી.
- ક્યાંક કોયલ ટહુકી એના રણકતા અવાજમાં આઘેના ત્રણેક આંબાઓનું તેજ ખેંવાઈ આવ્યું .
- વેકૂર-શોભાએ મને ઊંડાણમાં લઈ ભીનાશ છાંટી, ઉપરથી સારસ પંખીઓના ટહુકા આપ્યા.
- ટોડલે તાજું આમ્રતોરણલટકતું હતું. ઉંબરના દીવાનું અજવાળું પછીતની બારીમાંથી આવતા સૂર્યપ્રકાશને મળતું હતું. બારણાની જમણીકોર તુલસીછોડ તો ડાબીકોર કુંવારપાઠું; બંને લીલાંછમ. છજા સુધી વિસ્તરેલી ડોડીવેલ તાજપને છલકાવી રહી હતી.
- પહાડ, પથ્થર-ઢોળાવ- ખીણો, ખાંદરાં. નાની મોટી લીલીછમ ટેકરીઓ, ઘટાળાં, તરુતરુવરો. ઝાંખરાં-ઝૂંડ, ક્યાંક નદીના જળવળાંક. ક્યાંક તળાવ-પોયણ પેટ, પછડાયો ધોધની. ટોળાબંધ ઉડે પંખી. ફરે પશું, હરણાં. બોલે તેતર, ડોલે ખેતર, છાપરાં, ઊઠે ડણક સિંહની, છુપાતો સૂરજ, લપાતો જાય તડકો, જાગે જમીન. ઊંઘે રસ્તા. બળે પગ કેડી. ક્યાંખ મંદિર-દેરું. ક્યાંક દેખાય રૂપાળી કન્યા. ફેંકે પાસા પવન, જાસા બાંધે વાદળાં. બસ ચોખૂંટ ચડે-ઉતરે લીલી આંધી .
- એકલો ડામર બેઠો બેઠો પેટ્રોલથી નહાતો હતો .

રામચન્દ્ર પટેલની વાર્તાઓમાં પરિવેશ નિરૂપણ નરી કાવ્યાત્મક શૈલીમાં થયું છે. ક્યાંક માત્ર સ્થળનિર્દેશ માટે, ક્યાંક પાત્ર ઘડવા માટે, ક્યાંક પરિસ્થિતિ સર્જવા માટે, ક્યાંક ભાવો સર્જવા માટે તો ક્યાંક ચિત્તના ઉધામા દર્શાવવા વાર્તાઓમાં આવતો પરિવેશ કારગત નિવડે છે. પરંતુ વર્ણનોમાં પ્રવાહિતાની સાથે અતિપ્રવાહિતા ભળે છે ત્યાં વાર્તા નબળી પડે છે. કારણ કે અરણ્ય, ઘર, મહેલ કે સમગ્ર નભોમંડળના વર્ણનમાં સર્જક વીગતોમાં એટલા ઊંડા ઊતરી ગયા છે કે સૂક્ષ્માતિસૂક્ષ્મ વીગતો સમેતનું વર્ણન તેઓ મૂકી આપે છે. વાર્તાના મૂળ ભાવને એમાંની કેટલીય વિગતો ઘૂંટવાને બદલે રોળીરોળી નાખે છે. જેમકે ‘ગંધ’ વાર્તામાં સમુદ્રવર્ણન, ‘સહચર’ અને ‘તરસ’માં અંધારાનું વર્ણન વગેરેમાં ખૂબ જ ઊંડાણ છે. જે મૂળ વાર્તાપ્રવાહને અસ્પષ્ટ કરી નાખવા પૂરતો છે.

બંને સંગ્રહની વાર્તાઓમાં પરિવેશ દ્વારા ગામસ્થળ અને બદલાતા ગામડાનો પરંપરા તરફનો ઝુકાવ-ખેંચાણ એના સાંસ્કૃતિક સંદર્ભો સહીત આવે છે. યોગ્ય રીતે આવે છે. તદુપરાંત અનેકવાર મનુષ્યજીવનના આદિમભાવો-આવેગો વગેરેને પણ પરિવેશની-કપોલકલ્પિત સૃષ્ટિ રચીને તેઓ સાર્થકતાથી નિરૂપી શક્યા છે.

**નાનાભાઈ હ. જેબલીયા**ની વાર્તાઓમાં કાઠીયાવાડનો ગ્રામપરિવેશ છે. એની બોલીના લયલહેકા, લઢણો, કહેવતો, રૂઢિપ્રયોગો વગેરે સમેત ગામડાનાં સીમ, ખેતર, શેઢા, ફળિયાં, ખેતી, પશુપાલન જોવા મળે છે. વાર્તાઓ મોટેભાગે સ્ત્રીપુરુષ સંબંધો, બદલાતાં ગામડાં, સામાજિક સમસ્યાઓને તાકે છે. તડકાની મહત્વની વાર્તાઓ છટકું, ભડકો, હટાણું, 'ણ'ની ખાંભી, પોક, ચીંથરાં વગેરે છે. જેમાં સ્થળ તરીકે ગામડું છે અને બદલાતા સાંસ્કૃતિક સંદર્ભોની માનવજીવન પરની અસરો દર્શાવતો સમય પણ નિરૂપણ પામ્યો છે. આ વાર્તાઓનું સ્થળ-કાળથી કાઠુ બાંધતી વિગતો આ પ્રમાણે છે.

લોચો કરીને મૂકેલું ગોદડું, સાતરશ(સપ્તર્ષિ), બળદોના નાખોરાં, રાશ, રેલગાડીનાં રાક્ષસી અન્જિનો, ભમરિયા કૂવા, હક્કપત્ર, પત્નીનું લોકિટનું અડાણું, બગાઈઓ, ભારખટારો, ગાડાના પાટામાં છૂંદાયેલો સાપ, પરબ, ધોવાનો ધોકો, અઢીનો પાઈપ, સિમેન્ટની બાંધેલી વાડીની કૂંડી, દશેક વીઘાના શેરડીનો વાઢ, વાદળીની છાયા, માંઢચના પાટિયાં, ધરતીના પડ, માથાનું પાકેલ તેલ, દોળી દાઢી, દશની નોટ, ચંપલ, ઝૂપડી પાસે જાંબુડો, વાઢ, ઝાડવાં, ખેતરો, ડુંગરો, નદીઓ-બધું ભેળસેળ, ગાંસડી, મશીનની ઓરડી, ધનના દાટેલા ચરુ જેવી ધરપત, સુદર્શનની ફાકી, ક્રોધાર લલકાર, ઝભલું, નવી ચોરણી, દફ્તર, શુકનિયાળ કંકુનો ચાંદલો, દફ્તર-પાટી, શાળાનાં કાળાં કાળાં મેલા નળિયાં, ધૂળ-પવનના આંચકા, કાગળમાં ચીતરેલ ઘર જેવું નાનકડું શાંત ઘર, મોમાં સાડીનો ડૂચો, ખાટલાની ઈંસ, મોભાર, ઉંબર, ઓસરી પછી બે પગથિયાંને તરત ફળિયું, કાળાં-સોગિયાં વસ્ત્રોથી છલકાતું ફળિયું, ધોતિયાનો ફરફરાટ અને એ ફરફરાટનીય ઉપર મર્દાનગી ભર્યા ખોંખારા, ઓરડાના ખૂણાની કોઠી નીચે બિલાડી, પથ્થર-શો ચહેરો, લાભ-શુભ લખેલા ઓરડા, અણફળ્યો પીપળો, અણફળ્યું જાસુદ, ગાંઠ્યો ગાંઠ્યો પપૈયો, તલવારની ધાર જેવી ધ્રુજારી, દવાખાનું કમ્પાઉન્ડ, કડકડટી નોટ, બે-ચાર તોલા રકમો, ઊધઈ, કાળી ભમ્મર મૂછો, મૂછોના છેડે કૂવો ગાળ્યો હોય એવા ખાડા, ઘરમાં ઉડતા કાચના ટુકડા, ફાનસ, રૂમાલ, બોરડીનાં સુકવેલ પાન જેવાં ખીમા'તાનાં પોપચાં, આકાશ, આભ, ટોપરા જેવું બગાસું, ઝાડ, પંખીઓ, દૂઝણી ગાય પરની બગાઈઓ, હાટડીના ઓટલે કોથળો પાથરેલ, ધૂળ-ઝાપટીયું ફળિયું, તડકામાં તગતગતી ટાલ,

મંદિર, ગુલાબી રાતોપીળો મુંગટ, ખસલેલ કૂતરું, દેવળના ઈંડા, કાગડો, હુતાશણીનો હાયડો, પારેવાના પગ જેવી રાતી ચોળ્ય આંખ્યું, કાળી રોટી ને ધોળી દાળનાં જમણ, તુંબડી, ભેંસો, ખાપણની લીલાશ, વાંદરવેડાં, ધૂળધૂળ, આંબલીવાળી શેરી, ખૂણામાં તુલસીક્યારો, વરસાદનાં ફોરાં, ટીનનો ગોબાગોલા વાટકો, કાપેલા વાળનાં ઠુંઠાંવાળું માથું, વરાળ, ઘઉંનાં અંકુર જેવો રાંક, ભયાનક વાવાઝોડા સાથે વરસાદ, ટ્રસ્ટો, ધર્માદા સંસ્થાઓ, સરકાર, ડુંગરા જેવા અડીખમ દેહ, ભીંતો, કાટમાળ, કોડીના દાણા, સ્ટીલનાં વાસણો, ઈંટ, પથ્થર, ચૂનો, લીમડાવાળો ચોક, લોટરીની ટિકિટ, લોખંડની ભઠ્ઠી, રેલ્વેસ્ટેશનમાં ફર્સ્ટ ક્લાસનો ડબ્બો, ધર્મશાળાનો સ્થાપના દિન, ફળિયું, સાળ ખાતું, કાપડના ફેરિયા, રીક્ષાઓ-મોટરો-બસોને માણસોના ઢગલા, દીવાલ વગરની ટોપી-ટૂંકું-મેલી ચાદરનું ધોતિયું-કોથળા જેવી બંડીને પગમાં દેશી ચામડાનાં ચંપલ, ભંગારનો કોથળો, મકાઈ ઉપર તૂટી પડેલા ભૂખ્યા ઉંદરો, આડાંલાકડાં, પવનનો જોરદાર સપાટો, કાળાં-ભૂરાં વાદળો, ઊંચી મેડિયું, વિલાયતી નળિયાં પરની ઉનાળુ ધૂળ, રેડિયોનું ગાણું, કાળાપાટિયા પરનું ચોકનું લખાણ, ખોબો ભરેલી ધૂળ, બાજરાનો શેઢો, ખડ, પગરખાં, કૂતરું ડાડાવ્યું, ખડકીનું બંધ કમાડ, ઝીણા ધોતીયાનો પોલારો, હાટડીના ઉંબરા માથેથી થૂંકનો લેલો ફગાવ્યો, સારા અવસરનું કંકુ-ગુલાલ, ખમિસનાં ખિસ્સામાં –રજકો-મૂળા-ગાજર અને આદુકોથમીર, છીંડું, શેરડીનાં રાડાં, વાઢમાંથી ભાગેલો મીંદડો, અષાઢી વાદળી, કંકૂના રૂડા સાથિયા, માદળીયું, ફાટેલો પરોણો, અષાઢી આભ જેવો સળવળતો વડલો, રાસડો, ચીંથરેહાલ થયેલ સવદા મુખી, ઘરની વઢવેડ, ત્રણસેં વીઘાંની વાડી, ચમરબંધીની મૂછનાં લીંબુ, હરદેવની દેરીની ધજા, પાણીનો કળશ્યો...

આ વિગતોના તાંતણાઓ વાર્તાઓને ઘડે છે. વિગતોમાં સૂક્ષ્મ નિરૂપણ આ વાર્તાકારમાં જોવા મળે છે. 'બગાઈ' નો સંદર્ભ 'દૂઝણી ગાય' સાથે જોડાતાં શોષણની વાત વધુ વાર્તાક્ષમ બને છે. અણફળ્યાં વૃક્ષો-જાસુદ, એરંડો વગેરેમાં વંધ્યતાના સૂચકો વાર્તામાં વણાતાં પાત્રોનાં ભાવોને વધુ સબળ બનાવે છે. આ રીતે આ વાર્તાકારના વાર્તાવિશેષ તરીકે વિગતોની સૂક્ષ્મતા અને તેની યોગ્યતા ગણાવી શકાય. કાઠીયાવાડી પ્રાદેશિકતા ઉપસાવતા અને વાર્તાવિષયમાં વણાયેલાં કથનશૈલીનાં વર્ણનો વાર્તાના સબળ સૂચકો અથવા વાર્તાપ્રવાહને વેગીલો રાખનારાં રહ્યાં છે. કેટલાંક મહત્વનાં વર્ણનવાક્યો નીચે પ્રમાણે પ્રયોજાયાં છે.

- દસનું એન્જિન ધોધબંધ પાણી ખેંચતું હતું. અઢીનો પાઈપ સિમેન્ટની બાંધેલી વાડીની કૂંડીમાં ઢગલાબંધ પાણી ઠાલવતો હતો. ધાવતા બાળકના હોઠના ખૂણાઓમાં દૂધના ફોડા ઊભરાય, એમ આખ્ખીય કૂંડી પાણીના ફોહાથી ઊંભરાતી હતી.

- પાણી કલરનું એનું બ્લાઉઝ ઊડેલા છાંટાથી ભીનુ થઈને ચોંટી ગયું હતું અને ચાસિયા ઘઉંના લોટના પિંડા જેવો ઊજળો ઊજળો વાસંતી આખોય વગડો હેલારે ચડ્યો'તો...! –
- પશવો આવે એ પહેલાં પીઠ-છાતીનો મધમધતો આખોય મધપૂડો ગૌરીએ વેચાણ બજારમાં મૂકી દીધો...!
- બળૂકાં કાંડાંમાંથી ઢગલા મોઢે નીકળતી તાકાત વાઢ આખાનાં પાંદડાં કે પાવતી ઝાડ પરનાં પંખીઓને ઉડાડતી ઉડાડતી, જેઠ માસની વાદળછાયી ક્ષિતિજોમાં અંજાઈ જતી હતી...!
- ઊંધે માથે પડતી અષાઢની નદીની જેમ એ ડહોળો, ફીણ ફીણ થઈને ખળભળી ગયો...
- એણે રમલાના રૂમની આજુબાજુ વગડાઉ બિલાડાના નહોર જેવી નજર નાખી .
- એની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. ઝળઝળિયાંમાં મુકાદમનો ખાટલો ચિતરાઈ ગયો. મુકાદમના ખાટલાની આસપાસ રાખના ઢગલા, થૂંકદાની, માખીઓ, ઉધરસના ઠસકા, ઠસકામાં કફ, કફમાં લાલચોળ ધ્રાગા, ધ્રાગામાં મોતના ધ્રાસકા .
- બાપનાં ફેફસાં સોવાઈ રહ્યાં હતાં, કદાચ નિચોવાઈ રહ્યાં હતાં. કદાચ એ પરપોટા જેવી બારીક ફુગ્ગાઓમાં આખા અમદાવાદની મીલોનો કાર્બનિયો ધમધમાટ ફેલાઈ ગયો હતો, કદાચ મિલનાં દાંતાવાળા ચક્રો, પુલીઓ, પટ્ટાઓ, રૂની ગાંસડીઓ, રાતપાળી ભરવાના ઉજાગરાઓનો લોહીચૂસ થાક એમાં રેડાઈ ગયો હતો. બાલુનું સર્જરીનું છેલ્લું ખર્ચાળ વર્ષ, મુકાદમના લોહીના કણોને વીણી વીણીને વાળી ચોળીને બધું ઉસેટતુ જતું હતું. કદાચ હવે મુકાદમની જીવન-મિલનો 'પાવો' થઈ ચૂક્યો હતો...!
- સવિતાનું ફળીયું અત્યારે કાળાં, સોગિયાં વસ્ત્રોથી છલકાતું હતું. ફળીની વચ્ચોવચ્ચ, નવા ખરીદેલા પલંગની નવી પાટી ઉપર 'સજ્યા' ગોઠવી હતી. એકાદ મણ રૂ ભરીને તૈયાર કરાવેલું ગાદલું. ગાદલા ઉપર ટરીકોટનનાં કવરવાળાં બે બાલોશિયાં, ગાદલાના બીજા છેડે સંકેલીને મૂકેલી નવી રજાઈ અને પછી રજાઈ – બાલોશિયાં વચ્ચે ખાલી જગ્યામાં, બાટા કંપનીની ભારે માયલી મોજડીઓ, બોમ્બેડાઈંગનું આછું, મોંઘું ધોતિયું, નવો કોટ હરજીવન રામજીને પસંદ હતું એ બદામી રંગનું ખમીશ, કેસરી કોરવાળો ઉપરણો, કથ્થઈ રંગની ટોપી, મૂછો રંગાવાના 'કલપ'ની શીશી, તમાકુની ડાબલી...
- સવિતાના પથ્થરશા ચહેરાની ડાબી-જમણી દીવાલોએ સૂનકાર થઈને લટકતા બન્ને કાન આ બધું ઝીલતા હતા.

- ઓરડાના ખૂણાની એક કોઠી નીચે બિલાડી એનાં હમણાંનાં જન્મેલાં બચોળિયાંને ચાટતી હતી. બચ્ચાં મા સાથે નોખાનોખાં નખરાં કરતાં હતાં...
- સવિતાએ કાળા ભંભોર એના રંડાપાના સાડલાના વીંટણમાંથી ઘૂસી ગયેલી માખીઓને હાથ હલાવીને ઉડાડી અને પછી આસપાસમાં જોઈ લીધું.
- ણ રહેતો આંબલીવાળી શેરીમાં, બરોબર ઠાકરમંદિરની ધજાનો પડછાયો એના આંગણામાં પડતો, એની વંડીના છજામાં કાબરો ઈંડાં મૂકતી અને ખૂણામાં તુલસીનો ક્યારો હતો, નાહવાની છીપર તુલસીની સુક્કી મંજરીઓ ખર્યા કરતી ણની વહુ ત્યાં દીવો કરતી, આંગણીના ટાચકા ફોડીને સવાશેર માટીની આરદા કરતી.
- વરસાદના ફોરાં જેવું ભીનું ભીનું ફોરમનુ કેવું હતું અમારું બચપણ ! સીતાફળીઓના ઝુંડમાં, આંબાની કુમજોમાં, કપાસના ખેતરોમાં, ભથવારીઓની કાંબલી રણકાવતી સીમની લીલીછમ કેડીઓમાં, ગાયોના ધણવંતા ડુંગરાઓના પેટાળોમાં, નદીઓની ભેખ્યોમાં, કુંણા ભીના વેકરામાં, વીરડામાં, પાદરમાં, ગામમાં, મંદિરના ઓટલામાં- જ્યાં જુઓ ત્યાં મારી અને ચમનની ચાડીઓ ફડફડતી હોય...
- એક જ ઝાડની બે ડાળીઓ જેમ જીવતા. અમારી વચ્ચેથી સમયનો એક દગાબાજ ધક્કો પસાર થયો. એ ધક્કામાં ચમન પાછળ ફેંકાઈ ગયો. હું આગળ નીકળી ગયો.
- વરાળ નીકળી, ધરતી સુકાણી, રસ્તા ચાલુ થયા. સરકાર તરફથી, ધર્મસંસ્થાઓ તરફથી અને ટ્રસ્ટો તરફથી રાહત લઈને વાહનો શરૂ થયાં. પૂરગ્રસ્ત ગામ માટે અનાજ તેલ, ગોળ, કપડાં જેવી વસ્તુઓ લોકોને વિનામૂલ્યે મળવી શરૂ થઈ. પીડિતોની કતારો લાગી. નુકશાન નોંધાવવા લાઈનો લાગી, રાહત લેવા માટે પડાપડી થઈ. પણ એમાં ક્યાંય દામલો નહોતો. દામલાને ચાહીને બોલાવવામાં આવ્યો, પણ દામલો ન આવ્યો.
- શિવજીભાઈની આંખો આસ્તે આસ્તે આશ્ચર્યથી પહોળી થતી. એની આંખ સામે મોટો ડુંગર દેખાતો. એ ડુંગર ઉપર પેલા ટીકાકારો જોરશોરથી હસતા હતા...ત્યાંથી મુંબઈનો પેલો મિસ્ત્રી નીચે પડીને છૂંદો થતો હતો...ત્યાં લોખંડની ભઠ્ઠી પણ હતી અને ટોચ ઉપર લીમડાના ઝાડે પેલો ગામડિયો પણ પાગલપણામાં દુહા લલકારતો હતો...!
- જે માણસ ડુંગરાળ ભોમકામાં દીપડા અને નારના ભોંયરા પાસે રાત ગાળવાની ગુંજાશ લઈને સૂઈ જાય અને ધ્રાસકા ભરી રાતના ચારેય પહોરમાં આંખ ન ઉઘાડે, એ માણસ અહીં કોલાહલ અને વસ્તીવાળા વસવાટમાં, રાતમાં ચાર ચાર વખત ઝબકીને જાગી જતો; એના લોંઠકા, છીપર જેવા હૈયામાં ખાલીપો વ્યાપી જતો.

- ઊંચેથી પડતા ધોધ જેવો, સાવ નોંધારો, ખળખળતો, ચીસાતો દાદીનો અવાજ કનકની પથારી આસપાસ પછડાયો, વીંખાયો અને ફીણ થઈને જૂના, અવાવરુ સરખા જીર્ણ એવા બેઠાઘાટના ખોરડામાં લીંપાઈ ગયો .
- નાનકડી એવી વંડી, ઝીણકું ફીળયું, ટચૂકડી ખડકી, જમીન સાથે ચોંટેલી પોતાની ઓસરી – આ બધું જોઈને એને મહાનિરાંત થઈ. મકાનના આવા આયોજન માટે એણે પોતાના પૂર્વજોનો આભાર માન્યો. પછી એ ઝડપથી પલટી રહેલા આકાશ સામે જોઈ રહ્યા અને અંદાજ કાઢ્યો કે જખ મારે છે વાવાઝોડું !
- રામાવીરાના ધારિયાનો એક જ ઘા – હાંડા ઉપરથી ગાગર પડે એમ જુમાનું માથું ધડ ઉપરથી પડી ગયું – રામાવીરાને એ વખતે નવાઈ લાગેલી કે એના તમંચાને કેપ ચડાવીને મને ફૂંકી મારવા તૈયાર થયેલો જુમો, મારા એક જ ઘાએ 'રામ' થઈ ગયો ! સાવ આમ ! ચકલીનું ઈંડું ફૂટે એમ !
- રામાવીરા કોટડીની કાળી અવાવરુ દીવાલોમાં તાકી રહે. દીવાલોમાં ખેતર ચિતરાય, બાજરો ચિતરાય.
- બંદુકના ઘોડા ઉપર બેઠેલો જગુભાઈનો હાથ હજી થોથવાતો હતો... જગુભાઈ ટગર ટગર આસપાસ જોતા હતા, એકાદ કાગડો આવીને સામેનાં નેવાં ઉપર કકળી ઊઠયો. કાગડાની સામે એક કાચીંડો ડોકને લાલચોળ કરીને ઉપર-નીચે ઝુલાવતો હતો. ફળીમાં વેરાયેલો તડકો તપીને હવે હાંફતો હતો .
- ફાટેલો પરોણો જ્યારે એણે વડલાના ખામણે ટેકવ્યો, ત્યારે આખોય વડલો અષાઢના આભ જેમ સળવળતો હતો; થોડીક કાંકણહારી, થોડાક કાગડા, સૂડા-પોપટ અને કબૂતરો, ઊગતા સૂરજને ઢોળાતા તડકામાં પાંખો ઝબોળતાં હતાં – આખુંય પ્રભાત ઝાકળમાં લહેરાતાં ઘાસનાં તણખલાં જેમ કૂણું કૂણું મરકતું હતું .
- એણે ડાબા હાથે વડલાના ઓટલાને ચોખ્ખો કર્યો – થોડાંક ચરકનાં ભીંગડાં, થોડાંક પીછાં, થોડોક ટેટીનો એંઠવાડ, ઠીકરાં, કાંકરા અને બીડીઓનાં ઠૂંઠાં એણે ડાબા હાથે દૂર કર્યાં. બીડીનાં ઠૂંઠાંમાં થોડાંક સિગરેટનાં ઠૂંઠાં એણે જોયાં.
- એને બીડીઓનાં ઠૂંઠાંમાંથી હાસ્યનો જોરદાર ઠિઠિયારો સંભળાયો .
- તાલુકા પંચાયતનાં દશ જેટલાં ટેબલો આગળ, અં.ચી.જોશી કરોળિયાનાં તૂટેલાં જાળાં જેવા થઈને, રવડી-રખડીને આખરે પોતાને ગામ આવતા રહ્યા હતા !

**દશરથ પરમાર**ની ટૂંકી વાર્તાઓનો વિષય માનવજીવનના પારિવારિક સંબંધોની વિશિષ્ટતાઓને એના તમામ પાસાઓથી આલેખે છે. પ્રસ્તાવનામાં સર્જકે નોંધેલી વિગત આ વાર્તાઓના પરિવેશને, એની સક્રિયતાને, એના વિશેષોને સ્પષ્ટ કરી આપે છે.

સમયના શેઢે ઊભો રહી સહેજ પાછળ નજર કરું તો ઉત્તર ગુજરાતનું મારું નાનકડું ગામ- ત્રીવીસ-ચોવીસ વરસ વિત્યાં હતાં એ ઘર – ભર્યોભાદર્યો વાસ – અભાવો વચ્ચે સતત ઓશિયાળું જીવતર જીવતા લોકો - ખુલ્લો વગડો – લીલાં તરુવરો – બળબળતી બપોરી વેળાઓ - કાળીમેશ રાતો – વાર-તહેવારે થતી ઉજાણીઓ – પાટ-કથાઓ – સામાજિક વ્યવહારો અને બીજું ઘણું બધું રોકડું દેખાઈ રહ્યું છે. દેખીતી રીતે હું આ બધાથી હંમેશાં અળગો રહ્યો છું એવું સૌને લાગ્યા કરે, પણ ભીતરથી એ સઘળામાં મારી સીધી સંડોવણી રહી છે. એની સાબિતી કઈ રીતે આપવી ? બાહ્યાચારોથી જીવ જ્યારે જ્યારે મૂંઝાયો છે ત્યારે ત્યારે માંયલીકોર ચકલીના માળા જેવું કશુંક અસ્તવ્યસ્ત ગોઠવાતું મેં સતત અનુભવ્યું છે.૨૪

આ વિગતોમાં ઉત્તર ગુજરાતનો પ્રદેશ છે, ગામ છે, ઘર છે. સર્જકની મથામણોમાં જનજીવનના અર્ક છે. આ અર્ક સાથે અનુસંધાન ધરાવતું એવું કશુંક માળા જેવું ગૂંથવાની મથામણ છે. એટલે કે જીવનના કોઈ અંશને આ પ્રાદેશિક એવી ઓળખ સાથે પરંતુ સમગ્રતાથી સર્જકને વાર્તામાં ગૂંથી લેવો છે. આ માટે ગૂંફનમાં ખપ પૂરતી બધી વિગતોથી એનો વણાટ કરવો છે એટલે સર્જકને મન એ પરિવેશ ઉપકારક છે. સંગ્રહની એકવીસ વાર્તાઓમાં 'યૂવા' માં બે પેઢી વચ્ચેનું અંતર ઘરના નળિયાં ચાળવવાની ક્રિયા સાથે મૂકાયું છે, 'ત્રીજું ઘર', 'અંધારું', 'ગંધ', 'પાટ', 'અભરખો', 'છૂટકારો', 'જોડાજોડ', 'જાકારો' વગેરે વાર્તાઓમાં સ્ત્રી-પુરુષના સંબંધોની સંકુલતા દર્શાવવામાં આવી છે. તમામ વાર્તાઓમાં ગામસ્થળ છે. 'ખેંચાણ'માં મિલમજૂરની વેદના છે, 'થેપડો' માં બોલી વિનિયોગ છે, 'થપ્પો'માં બાળપણનો પ્રેમ છે તો 'મુસાફરી' માં સ્ત્રીની સ્વછંદતા છે. તમામ વાર્તાઓની વસ્તુગૂંથણી ગામસ્થળનાં બોલી, રીતરિવાજ, ધાર્મિકક્રિયાઓ, ફળિયાં, ઘરરચના, ખેતી, પશુઓ વગેરેની વિગતો ખપમાં લઈને થઈ છે. એના તંતુઓ એકમેકમાં જોડાતાં વાર્તાઓ પરિસ્થિતિ સર્જી શકી છે. અને મૂળભાવને પોષી શકી છે. આ ગૂંથણીમાં ખપમાં લીધેલી વિગતો જોઈએ તો –

નેળિયું, વાડમાં કશોક ખખડાટ, નોળિયો, વાસ, માખ, ગોદડાં, પરોઢ, ખાટલી, વાસણ, ખુલ્લું આભ, ઓરતા, ખુલ્લો વગડો,અંધારાં, ભોંયવાળીયાના બબ્બે મણના ભારા, કડાકા-ભડાકા સાથે લબુકા લેતી વીજળી,, લીલછોયું જળ, છાતીનું આખું છત્તર, ભાઠાંની ગરમલાય રેતમાંથી ઊઠતી

વરાળ, આભલું  આખુંય ડોસાના મેલાદાટ રૂમાલ જેવું, ઓળો, ઉધામા, ચાંદીનાં કડલાં, અખાત્રીજ, આણું, કુંભી, માથે બાંધેલો રૂમાલ, ખૂંટીએ લાકાવેલા ભભ્ભાના ખિસ્સામાં ચોળાઈ ગયેલી ચિક્કી, વળીઓ, દદૂડા, ઓસરી, ભફ્ ભફ્ થયું ફાનસ, ગોળની રાખ, ચોમાહાના દાડા, તણખા, ફારગતી, ચૂલાગાર, જાળી, પિયર, થેલી, ચોપાડ, ગોદા, ત્રિમકસાહેબનું ભજન, પેટીમાંથી કાઢેલાં નવાં નક્કોર લૂગડાં, ચોખ્ખા ઘીનો શીરો, રમઝટ બોલાવતો વરસાદ, વાયરાનો સૂસવાટો, પીળો ચટ્ટ ઉજાસ, કંતાઈ ગયેલી કાયા, બે'ક દા'ડા પહેલાં જ વરસેલા વરસાદની ગંધ, ખાટલાની પાંગત, બીડીના ધુમાડા, કમાડ, ગરીબડી હોલી જેવી સ્ત્રી, ઈડરના કાળા હાથિયા ડુંગર, આંખમાંનાં ખારાં પાણી, પતંગિયા જેવી, દવાની કડવાશ, ભરશિયાલે વૈશાખની લૂ, સાલ્લાનો ડૂચો, ઓતરા-ચિતારાનો તાપ, બબ્બે માથોડાં ઊંચા થુવેર,  ભરવાડ, વાસનો ઝાંપો, ખાલ્લી ડબલું, ઊડાઊડ કરતાં ફૂદાંની રમત, પાટનો સામાન, કુહાડીના ઝટકા, વરસુંદિયો પાટ, ગોખલાવાળી ભેંત, ઢોયણી, હોકલી, ઓસરીની ઝેર, જવાર, નરઘાંને કાંસી જોડ, હિંદવાપીરનાં ભજનો, બારસાખ, વનરાવનનો મેળો, વાસને અડીને આવેલી ખરવાડ, કાંસાનો થાળ, ફળફળતી રોટલી, પ્રસાદ-પાણી, ખુલ્લા ગળે રેલાતાં ભજન, ચાની હોટલ, સમી સાંજનો મડદાલ તડકો, ચિતરામણ, મૂતરડી, તુવરની સાંઠી, સદરા, રોટલાનાં સાંસાં, શીવણશાળા, ભવનાથના મંદિરનું નીરવ એકાંત, ભિલોડાના ખખડી ગયેલા થિયેટરનું અડાબીડ અંધારુ, ભાવનગર, માંયરામાં ચાર ફેરા, ટાકાટુકા, મીઠાનું કારખાનું, ખખડી ગયેલું સ્કૂટર, હાઈ-વે, વરસાદી સવાર, ચિઠોડા હાઈસ્કૂલ, ચમારવાસનું નેળિયું, મદારીની મહુવરનો અવાજ, પાણિયારું, ઓસરીની ઝેર, ગઢી, ડબલું, ભીંત, ગેસ્ટહાઉસમાં જલસો, મેશ્વોડેમ, ડેમની નિર્જીવ દીવાલો, અરવલ્લીના બોડા તડાક ડુંગરની ટોચ પર આવીને બેઠેલો ચૌદશનો ચાંદો, ઢોલ ઢબુકવાનો અવાજ, ખટારો, આથમતા સૂરજના પીળાચટ્ટ પ્રકાશમાં ઊડતી ધૂળની ડમરીઓ, બસ-સટેન્ડ, બોમ્બ, વરઘોડો, વરવાઘા, વૈશાખના  કાળઝાળ બફારા, મગજમાં સૂનકાર, રેંકમરેંક, કોલસા વતી દોરેલું કૂંડાળું પંચાયતઘરની પછીત, શાળાની બપોરી રિસેસ, ગાલ પર પાકુ પાકુ થતા ખીલ, છેલ્લા ઓરડામાં મોટા કદનો આયનો, રંગીન ફોટો, દાતરડું, માથે બે મણનો પોટલો, બારસાખ, અંબુડાની કાયા પર સટાસટ પડતા ફટકા, કાને ભરાવેલી બીડી, રાશ, બાજરીના બાથ ભરાય એવડા ચારપાંચ પૂળા, ખીંટીએ લટકાવેલી સૂંડલી, લાજના આછા પાતળા આવરણ, બાધાઓ, વાડના વેલાની માફક વધતી અંબા, કંથેરનાં જાળાં, માંયલીકોર અંગારા જેવું કશુંક દઝાડતું, વહેલી પરોઢનો આછો અજવાસ, પોદળાનું છાણ, જૂનાં લૂગડાં, લૂગડામાં લપેટેલી ચોળાઈ ગયેલી નોટો, છીંડું, રાડારાડ, લીલોછમ્મ ગવાર, થુવેરની વાડ

પાસે ઝેંટેલા બોરડીના સુક્કા જાળા, શાખના થાંભલા, રાશનો ટુકડો, ગવારભીંડાના કૂણા-કૂણા છોડ, ગુંદીનું થડ, ચુલા પર ચાની તપેલી, ચા-ગોળ, ગારનાં બીજ, વલોપાત, રેલ્લા ભાંભરવાનો અવાજ, ટાઢ-તડાકા, સરકારી જાજરૂ, દુકાનોમાં લટકતાં ગાય-બકરાંનાં લોહી નીતરતાં હાડપીંજરો, સાણસી, તંબૂરો, વેરો-આંતરો, મિલની વ્હીસલ, લાઉડસ્પીકર, ઓશીકું, બુધાલાલની પડીકી, ઘઉંના છોડ, ફૂલદેવીનું વાંધુ, નટખટ વાયરો, વાયરામાં હળુ-હળુ થતી બાજરીવાળું ખેતર, સાડલાનું આવરણ, ઢાંસો ને તાવ, ગળામાં લાકડું ઠોલતા લક્કડખોદિયા, ઢગલાબંધ ફોટા, ધૂળ-શેપટ, ચિઠ્ઠી, આઠમે સિવડાવેલાં નવાં નક્કોર લૂગડાં, સ્ટેશનનો દરવાજો, નાનકડી ચાંદી, ઉધરસ સાથે રક્તમિશ્રિત ગળફો, છાણનો સૂડલો, મુઠ્ઠીમાં રહેલું તાજું ગુલાબ, પાવડા જેવો હાથ, રામજીમંદિરનો બગીચો, કાળીમાનાં મંદિર, સળગતી બીડીના લાલઘૂમ ગલ, ટ્યુબલાઈટનું દૂધિયું અજવાળું, થયેલો ફૂલોનો બાચકો, કોદાળી, ઓસડિયાં-બાધા-માનતા, ટ્રકનાં તોતિંગ ટાયર, રામાપીરની ધજા, ઠેરઠેરથી પોપડા ઊખડેલી ભીંતો, દોઢસો મહુડા, કુંવારી કાયાતળે કચડાતાં જતાં મહુડાંની ગંધ, કૂતરાંના હાઉકારા, નીરાંતની નીંદર, જૂનાગઢની તળેટી, ગબ્બરનાં પગથિયાં.

આ વિગતોનો વણાટ આ વાર્તાઓમાં સુપેરે પાર પડ્યાં છે. ક્યાંક માત્ર સ્થળનિર્દેશ કરવાના આશયથી તો ક્યાંક ભાવોની આડશ આ વિગતો વડે બંધાઈ છે. ગામડું અહીં સ્થળ તરીકે સક્રિય થયું છે એ આવી અનેક વિગતોને પરિણામે. ઝીણીઝીણી બાબતોને એ પ્રદેશ, રીતરિવાજો, તહેવારો, વહેવારો વગેરેને અનુલક્ષીને નિરૂપવાનું સર્જનકૌશલ અહીં દેખાય છે.

વાર્તા હંમેશાં ભાવ વડે બંધાય છે. એ ભાવ માત્ર વિગતોના ખડકલાની નથી સર્જાતો એવું દશરથની વાર્તાઓમાંથી તારવી શકાય. એ વીગતોને પાત્રની ક્રિયાઓ સાથે જોડતું કથન મહત્વનું સાબિત થાય છે. આવી કથનશૈલીને પ્રદર્શિત કરતી તેની ભાષા પણ વાર્તાસ્થળને આકારિત કરે છે.

- બબ્બે માથોડાં ઊંચા થુવરોથી લચી પડેલું નેળિયું નોંધારું બનીને ઘોરતું હતું. વદ એકમનો ચન્દ્રનો ઉજાસ બે થુવરના વચ્ચેના મારગમાંથી જમીન પર પડતો હતો ને એના લીધે રેત પર અવનવી આકૃતિઓ રચાતી હતી. નેળિયાની ઠંડી રેત સ્લીપરની સરહદ ઓળંગીને નરોત્તમના પગની પાનીને પોતાની ઠંડકનો પરચો બતાવવા માંડી. આડાંઅવળાં પડતાં પગલાનાં અનિયમિત ધબ્બધબ્બ અવાજ અને વાડમાં ઠેર ઠેર ભરાઈ રહેલાં તમરાંના નિરંતર તમતમાટ સિવાસ નેળિયું શાંત હતું.
- આ વગડો-વગડાનાં એકેએક તરુવર-ખુલ્લાં ખેતરાં-બધુંય એના લોહીમાં આજની તારીખેય ધબકતું હતું.
- ખુલ્લા-કોરા વાળને તે વાળ કહેવા કે નેંબળેલો નાગ ?

- એક સારસ પક્ષીની જોડ એના માથા પરથી પસાર થઈ ગઈ. એણે માથે હાથ ફેરવ્યો. પેલી માખ હવે ક્યાંક પાછળ રહી ગઈ હતી. વિવિધ પક્ષીઓના અવાજો એની આસપાસ આંટા મારવા લાગ્યા પૂર્વદિશા થી ચોખ્ખી થતી ભળાઈને ચન્દ્ર-તારાઓનું સામ્રાજ્ય સલેવલે થવા માંડ્યું.
- દર મહિને દેખાતો એક આછો-ભૂરો ડાઘ એની આંખોમાં વિસ્તરવા લાગ્યો.
- લીલું કાચ જેવું પાણી-સડી ગયેલાં માછલાંની જેમ ગંધાતી લીલ... એમાં ઠેકડા ભરતાં દેડકાં – કૂવાની ઠેરઠેરથી ખવાઈ ગયેલી ભીંતો. એ ભીંત ફાડીને ઊગી નીકળેલા નાનકડા પીપળા- સુગરીઓના ઝાકળભીના માળા – કબૂતરોનું ઘટરઘૂ...
- મહા-ફાગણની વહેલી પરોઢે મહુડા પરથી ખરી પડતાં મહુડાંની જેમ એની આંખેથી ટપ્પૂ-ટપ્પૂ આંસુ પડવા લાગ્યાં.
- વગડાના સૂનકારને ચીરતા એના શબ્દોને સાચા ઠેરવતો હોય એમ અવાવરુ કૂવોય પડઘાઈ ઊઠ્યો.
- બાપા સૌથી પહેલાં ભીંત બાજુની ઓળ ઉખેડતા. ઉપરનાં નળિયાં ઉવેખીને એક બાજુ ગોઠવતા. પછી નીચેનાં નળિયાં ઉઘાડાં થઈ જાય, એમાં ભરાઈ રહેલું કટપીટ આગળનાં નળિયાંમાં ઠાલવીને એ નળિયાંય ઉપાડી લેતા એમ કરતાં કરતાં આખીય ઓળ ઊખડી જતી. પછી બાપા સાવરણીના ઠૂંઠીયાવતી શેપટ ઝાપટી નાખતા. ને જોડે લીમડાનું એક હાથ ભરીનું સોટું રાખ્યું હોય એનાથી વળીઓ ખંચેરતા. રહ્યો રહ્યો શેપટ પણ ખરી પડતો. ઘરધણી પાસે તગરું ભરીને છાણ મંગાવી રાખ્યું હોય. ક્યાંક ઝોલ પડતો હોય તો ત્યાં સંગથરાનો સાથરો કરવાનો જેથી નળિયાંનો ઢાળ સરખો થઈ રહે ને પાણી સડસડાટ કરતું આગળ નીકળી જાય. નેવાંનાં નળિયાં નીચે છાણના લોયા મેલી નળિયાં ચોટાડવાનાં જેથી નેવાં પર કાગડો કે કોઈ કોઈ પક્ષી આવીને બેસે તો નળિયું ઊથલી ન પડે !
- ઠેરઠેરથી પોપડા ઊખડી ગયેલી ભેજવાળી ભીંતો-રાંટા પગવાળો ડામચિયો શાળના થાંભલા. વાંકાચૂકા અંગોવાળાં દોરિયાં-ચૂલાના ધુમાડાને છાતી પર સંઘરીને બેઠેલી વળીઓ : ક્યાંકથી ખખડાટનું કારણ જડ્યું નહિ. એની થાકી-પાકી આંખો છેવટે મોભારા પર ઠરી. મોભાર પર પડેલી નાની – મોટી અસંખ્ય તિરાડો એકબીજીમાં ઓગળી જતી ભળાઈ અને થોડીવારમાંતો મોભ આખોય એક મસમોટી તિરાડ બનીને એની આંખોમાં ઘેરાવા માંડ્યો.

- અંધારું બરાબરનું જામતું હતું. ઓછામાં પૂરું વચ્ચે વચ્ચે લબકારા મારતી વીજળી આંખો આંજી નાખતી હતી.
- એની નજર આખા ઓરડામાં ઘૂમરાતી રહી. પાણિયારાની પાળ પર બળતો દીવો ઓરડાના અંધારા સામે ઝઝૂમતાં પીળચટ્ટોપ્રકાશ પાથરતો હતો એ દીવાની આથમણી દિશાની ઊઘાડી બારીના સળિયા પાછળનું અંધારું દાડો આથમી ગયાની સાક્ષી પૂરતું હતું અને છેક ખૂણામાં ડામચિયા પાસે ઢળેલા ખાટલાને અડીને ભોંય પર કંતાનનો કકડો પાથરી સૂતેલી - કાંતા...
- સામેના મહુડા પરની ચીબરીએ ચરચરાટ કરી મૂક્યો .
- વાડોય બીચારો ઓતરા-ચિતરાના તાપમાં શેકાઈને ભડથું થઈ ગયો હતો. બબ્બે માથોડાં ઊંચા થુવેરની વાડ પર વીંટાળાઈ વળેલા અસંખ્ય વેલાઓ પર છાતી કાઢીને મલકતાં વાદળી – પીળાં ફૂલોય હવે વિલાઈ જવાની તૈયારીમાં હતાં ને આખોય દાડો માથું ધુણાવી ધુણાવીને ઢગલાબંધ કસ્તર ઝેરતો ખખડધજ વગડોય સાવ સૂનમૂન બનીને ઝૂરતો તો .
- ભાદરવી દશમની એ રાત એટલે વાસ આખાયને મન તો એ મજિયારો અવસર હતો. પાટ ઓધરાય ત્યાંથી માંડીને તે ફેં ફાટ્યા લગી નરઘાંકાંસીજોડનો તરબોળ કરી દેતો તાલ અને ભજનિકોના ગળામાંથી રેલાતાં હિંદવાપીરના ગરવાઈ ભર્યાં ભજનો ! આખાય દાડા નો થાક વિસારે પાડીને લોક પાટમય બની જતું.
- ગૂગળધૂપના ધુમાડા ભેગો હોકાનો ધુમાડોય ઘરમાં ઘૂમરાતો રહ્યો .
- કાનમાં ધાક પાડી નાખે એવા નરઘાંના અવાજમાંય ઠેર ઠેર ભરાઈ રહેલાં તમરાંનો તમતમાટ એના કાનમાં ભોંકાતો રહ્યો.
- વગદાની ટોચ પર બેઠેલી ચીબરીએ ચહચહાટ કરી મેલ્યો.
- કો'ક અળવીતરાએ કોસાવતી વાંકા-ચૂકા, ગરબડિયા અક્ષરે મૂતરડીની ભીંતે લખેલું : 'હસુબેનનું હોન્ડા !' એની નીચે કાર્ટુન જેવા બે આકાર – સ્ત્રી અને પુરુષના દોરેલાં ને એટલું ઓછું પડતું હોય એમ નીચે એક સ્કૂટર દોરીને મોટા અક્ષરે વળી નંબરેય ચીતરેલાં: GJ 2 D2624. ભીલોડાના બસસ્ટેશનમાં અનુભેલો પેલો રોમાંચ, પાનખરમાં ઝાડ પરથી ખરી પડતા પાંદડાંની પેઠે ટપ્પ દઈને ખરી પડ્યો.

- દેશી દારૂનાં બે 'વાસણ' ટકટકાવીને લથડિયાં ખાતો ખાતો ઘેર આવે ત્યાં સુંધીમાંતો હસુબેન નોકરીએ ઉપડી ગયાં હોય .
- બેય આંખો જાણે ભિલોડાના પાદરે વહેતી આથમતી .
- આંગણામાં પગ મેલતાં જ ધનજીનો ખોંખારો સંભળાયો ને સાથોસાથ મદારીની મહુવરનો અવાજ પણ .
- લીટીવાળું શર્ટ-જીન્સનું પેન્ટ-સનગ્લાશ-કપડાંમાંથી આવતી અત્તરની ઓળઘોળ કરી મેલતી સુવાસ .
- ખાંસી ખાંસીને બેવડ વળી જતા ધનજીનો દેહ આથમતા સૂરજના પીળા ઉજાસમાં ઘાટ્ટોપીળો બનવા માંડ્યો..
- અરવલ્લીના બોડા તડાક ડુંગરની ટોચ પર આવીને બેઠેલો ચૌદશનો ચાંદો..
- ધનજી નિરાંતે ઘોરતો હતો. એનાં નસકોરાંનો અવાજ સામેના વાડામાં પડેલા વણજારાની પોઠમાંથી આવતી ઘેટાં-બકરાંના અવાજમાં ભળી જવા લાગ્યો..
- ખાટલા પર ગોદડાને બદલે કો કે રાતી-ઝીણી કીડીઓ પાથરી હોય એમ આખી રાત કશુંક સતત ચટકતું રે'લું.
- ધુમાડાની સાથોસાથ ઓસરી આખી બળેલી તમાકુની ગંધથી ભરાઈ ગઈ હોય અને......ગામલોક વાતો કરતું કે બાને નારણકાકા સાથે...
- વચલી શેરીમાંથી આવતા લગી ગીતનો સ્વર તીવ્ર બનીને ભળી જતો હતો. ધૂળમાં રગદોળાઈને પીળો પડી ગયેલો વૈશાખી તડકોય હવે ઉશેટવા માંડ્યાં હતો.
- વચલી શેરીમાંથી આવતું ગીત અંધારામાં એની આસપાસ અટવાતું રહ્યું:

  ચડ લાડી, ચડ લાડી મેડીએ,

  દેખાડું તારું આસરું રે...!
- વાલો ભેંસે છોડેલી મૂતરની ધાર સામું ડોળા કાઢીને તાકી રહેતો.
- કાળઝાળ તડકામાં એની કાળીભમ્મર ચામડી ઝગારા મારતી હતી. એક કાગડો એની કાંધ પર બેઠો બેઠો કોચતો હતો.
- બારીના સળિયા પાછળથી ભુખાળવી નજરે એ ફટાફટ ઊડતા અંબુડાને તાકી રહેતી..
- અધરાતે મધરાતે અંબા ડોલ ભરીને ટાંકાનું ટાઢુંહેમ પાણી માથે રેડી નાહી લેતી. ને તોય ખાટલોને કાયા બેઉ કરડવા દોડતા.

- તપેલીની કોર પર થઈને ચા ચૂલામાં ઢળતી હતી. ચૂલાનો દેવતા હોલવાઈ ગયો .
- લાઉડસ્પીકર ચોક વચ્ચેના લીમડાના ટોચના ફાંસલા પર બાંધેલું હતું. ને એના ફાટી ગયેલા ગળામાંથી ખોખરા અવાજે કો ક હિન્દી ફિલ્મનું ગીત વહેતું હતું.
- બળતા દીવાના મજરા અજવાસની મેડાની સરહદ ઓળંગવાની મથામણને એ તાકતો રહ્યો.
- બાબુની નસોમાંનું લોહી ધોરિયામાંના આખા રેલાના પાણીની જે મહોર મૂકવા માંડ્યાં આટલા અંધારામાંય એના દાંત મકાઈના દૂધમલ ડૂંડાની જેમ ચમકી ઊઠ્યા.
- શાંતાના પોચા રૂ જેવા હોઠ એના રૂક્ષ હોઠ પર ચોંટ્યાં
- હવે તેલની નહિ જાણે ગુલાબની સુવાસ આવતી હતી. પેલા લાલ-લાલ ગળફામાંય એને ગુલાબ તરવરતાં દેખાતાં .
- વિચારો એના મગજને, એરંડાના લીલછોયા પતિને કાતરી ખાતી ઈયળની જેમ કાતરવા લાગ્યા .
- નેળિયામાં અંધારું આંય-આંય કરતું હતું. સુદ આઠમનો માંદલો ફિક્કો ચન્દ્ર આથમવામાં હતો. ઠંડી રેતમાં પગ પાની સુંધી ખૂંપી જતા હતા. વાંધા વચ્ચોવચ કંથેરના એક જાળા પાછળ એ બેસી પડ્યો. છાતીમાં શ્વાસ માતો ન હતો. દૂર, ફૂલદેવીના મંદિરની ટોચ પર સળગતા મરક્યુરી લેમ્પનો પ્રકાશ ઠંડીમાં ઠૂંઠવાતો ચારેકોર ફેલાઈને પડ્યો હતો. એ અજવાળામાં નેળિયામાંથી આ બાજુ આવતા બે ઓળા ભળાણા .
- બંધ પોપચાં પાછળ એક હળુ-હળુ ચોરી ચિતરાઈ જાય છે. બેનપણીઓનાં ગળાફાટ ફટાણાં...જાજરમાન જાનૈયાં... મા રાજના મંત્રોચ્ચાર...મંગળફેરા ફરતાં વર-કન્યા...અને અચાનક વીસ-પચીસ માણસોનું એક ટોળું માંડવામાં ધસી આવે છે. કચકચાવીને બંધાયેલી છેડાછેડીની ગાંઠ છોડી નાખે છે.
- હજીય ડાળીએ ડાળીએ ખોબે ખોબા મોર મીઠું —મીઠું મલકતો હતો. પણ હમણાં હવાનો એક હળવો હડદોરો વાગ્યો નથી કે ટપોટપ..
- બાવળિયા પીઠી ચોળીને પરણવા નીકળેલા આદિવાસી રાજા જેવા લાગતા હતા. અવસ્થાએ પહોંચેલો કો ક જૈન સાધુના બોડાતડાક માથા જેવો ડુંગર અત્યારે જુવાન વહુવારુની અદાથી લીલો સાડલો ઓઢી ઊભો હતો.
- આખીય ઓસરી તાજા જ ગાળેલા દારૂના ગંધથી મઘમઘી ઊઠી.

- ખીલેલાં રાતાંબંબોળ કેસૂડાં એમની આંખોમાં અણીદાર ભાલોડાં બનીને ભોંકાતો. તણશની માફક ખેંચાઈ ખેંચાઈને તંગ થતા દાડા તો જેમતેમ પસાર થઈ જતા પણ રાત ?
- ચણાના લોટ શો તડકો અરવલ્લીની ભૂરી-રાખોડી ટેકરીઓ પરથી હળવે-હળવે ઉશેટાઈ રહ્યો.
- બંધ પોપચાં પાછળએ બળબળતી રાત બેઠી થઈ ગઈ. પૂરાં પાંચ ચોમાસાં આવી આવીને જતાં રેલાં .
- બપોરે આભ ચાંદી-રંગે ચળકતું. માંડ ક્યાંક સૂરજ દેખાતો. કાંટાળા થોરિયાની વાડ વચ્ચેથી સહેજ રેતીવાળી ગાડાવાટમાં એ ટોપલો ઊંચકતી નીકળી. થોરિયાનાં જાળાં વચાળે પીળાંકેસરી રંગનાં ફૂલો જામેલાં. નીચે લાલ ચટ્ટક ટેટા. થોરિયાની વાડ જાણે હરખઘેલી. ઝાંખીપાંખી વાડમાં થોરિયાનાં ફૂલો ચળકચળક. રેતીવાળી ગાડાવાટમાં નેળ આરપાર વીંધી સાપ, ચાકળાના આડાઅવળા લીસોટા પડેલા .
- લસણના ક્યારામાં લાંબા-લાંબા પાંદડાં ચળક-ચળક. ગદબને શાકભાજીના ક્યારા ફાલેલા એમાં કાળી-ધોળી કાંકણો ઊતરી આવેલી. લાછી એને જીવડાં વીણવા હડી કાડતી જોઈ રહી. .

**નાઝીર મનસુરી**ના વાર્તાસંગ્રહ 'ઢાલકાચબો'(૨૦૦૨)ની વાર્તાઓનું સ્થળ દક્ષિણ ગુજરાતનો સમુદ્રકિનારો, ડુંગરા અને અરણ્ય છે. મોટાભાગની વાર્તાઓમાં સમય રાત્રીનો છે. પાત્રોનો વ્યવસાય માછીમાર અને ફળાઉ ખેતી, દારૂ વેચવો વગેરે છે. ઈ.સ.૧૯૫૦ પછીનાં વર્ષો એટલે કે આઝાદી પછીના ગાળામાં આ વિસ્તારના લોકોની જીવનશૈલી, આર્થિક સામાજિક હાડમારી, સ્ત્રીઓની બેફિકરાઈ, પુરુષોની જોહુકમી અને પશુની જેમ કૂટાતું વૈતરું, વિશિષ્ટ પ્રકારની પારિવારિક વ્યવસ્થાઓ, વ્યસનો, ખોરાકી, ઘરરચના, વાડી-વજીફા, દરિયાઈ સાહસો આ બધા વચ્ચે જીવનની અલ્લડ મસ્તી અને તળે કચડાતી કરુણ-વેધક પરિસ્થિતિઓ વગેરે ગુજરાતના દક્ષિણ છેડાના તદ્દન તળના ગામસ્થળોમાં આકાર પામ્યું છે. તમામ વાર્તાઓ બંધાય છે આ વિશિષ્ટ પ્રકારના પરિવેશના વણાટથી. આ પરિવેશ વિના આ પ્રકારનાં પાત્રો અને એમની જીવનશૈલી, ઘટનાઓ અને વિચિત્ર ભાવસંકુલો શક્ય ના બને. આવા પરિવેશને રચતી કેટલીક મહત્ત્વની વિગતો જોઈએ.

કરો, આમલીનો ઠળીયો, હાંઠીકડો, રેંટીયો, કૂવો, દીવાદાંડી, ખાંભી મંડાણ, પીળચટાં તીડ, કૂકડો, ઓથાર જેવી રાત, ધોળાધફ દાંત જડેલી કવરત, આથમતી સાંજ, ઝાકળ વીંટળાયેલું

મળસકું, કાંટાળા હાથલા થોરિયા, લીલ બાઝેલી કુંડી, ધાબાઝરીયું, શણના કોથળમાં પાકાંસૂકાં નારિયેળ, કૂંધલાં, નાળિયેરીનાં પાનાંનો ફફડાટ, અડાબીડ વાડ, અરણીનાં જાળાં, ચૂલા ઝોલું વળેલી ખાટલી, ઝરખનાં ધુલરાં, ચીરફાડ કરેલા મઘરા-ગોવાળાની ચીરીઓના લાલચોળ ઢગલા, મહાણિયા ભાઠોડા, પાઘડો, ડાંગને જોડા, ગાળના ગલોલા, હાડકાંના દલાલ, જુવાળ જેવું ખદબદતું મન, ઢીંહાના તાડિયાનાં જંગલો, છીપલા-ગુલબા ચોંટેલા રેતીના ભૂખરાં પાંઠા, જુવાળના જીવતાં પાણી પરથી ટાઢો ટમ સૂસવાતો વાવડો, ગીરકાગડા, કૂતરા, ગીધડા, ફદફદતાં પાણી, હેલારા મારતી દરિયાઈ મછાકની તીણી સિસોટી, હાડકાનો ઢગલો, ઢોલ-શરણાઈ, ધૂળની ડમરીઓ, હાડમાંસની ગંધથી જનાવર છીંકોરે, જેઠના અંધારિયામાં અમાસનો કાળઝાળ જુવાળ, તીખીતમ્મ નજર, રોંઢાટાણાની નકરાદૂધની એલચી ફૂદીનાવાળી ચા, સરગવાનાં ફૂલો, વાંસવા ચડેલો સૂરજ, તડબૂચ-સક્કરટેટીનો વિચાર, મધરાતનો અઘોર પહોર, મહૂડાના દારૂના પડિયા, ખળાંમાં ટીંટાનાં છોલા, વાંસડાની કાઠી, વલસાડી ખોલાં, ધુળ-ધુખાર, ઝરખની સળગતી આંખો, મધરાતનું અઘોરટાણું, ખદબદતાં દરિયાનાં મોજા, ટાઢ-તડકો ને વરસાદ વેઠીને લીલ બાઝેલાં કાળાભઠ્ઠ નળિયાં, વાવડાના સુસવાટા, ગારમાટીમાં ચાંદાનો પડછાયો, મેલી ઝાણ ટૂંકી ચડ્ડી, હાથ પર મોટલા-ફૂલવેલ-પાંદડીઓ ને દાણાદાર ઝીણીભાત, પલીતાં, પાઠાની શૂળ, કેવડિયા ખાડી, કેવડાનાં ઝુંડમાં રાત-મધરાતના ઓછાયા, ધૂળધમારાથી રજોટાયેલાં થોરિયા, તાંબાનો કળશ્યો, રાઢના ટાણે છંટ, બદામડી તળે ખાટલાનો ચૂંચવાટ, રણકતું-ખણકતું હાસ્ય, કંટોલાનાં ફૂલ જેવાં કૂણા સંબંધની ગંધ, મનના સૂનકારમાં ચીરહાણ, ટપરાં-ઈંધણાં, ચાવીનો ઝુડો, કમરે કાળી તસોતસ ઝીમીમાં સોનાનો ઝુડો ઝગમગ, બીજો કુકડો બોલવાનું ટાણું, કુંભારકાગડો, કાળા કોપના તડકામાં ચકરાતી મછાક, કાળાકોહીનો માળો, સાગડાનો પહોળો ખાટલો, રાંધણિયું, ચૂલા પર ઉકળતી કાળી ચા, અષાઢના આરંભે ગોરંભાયેલાં વાદળો, સૂરજનો અગનગોળો, ભાઠકોર, રગરગમાં રણઝણાટી, બદામડીનાં પાંદડાંનો ચળકાટ, વાડના વેલા કોળાય, હમેલની ગાંઠ, સુવાવડ, રૂપ ઝળહળ, કાળી સુલતાની ચાનો ડુંહણિયો, તવેરિયાનાં ઝુંડમાં ઝીણાં ઝીણાં ધોળાં-પીળાં ફૂલો, ખીંટી પર ચોખ્ખીચણાક ચીમનીવાળું ફાનસ, વરાપ-વાવણી, આગળો, વરસાદની બધડાટી, કંડારીમાં ભેરવાયેલાં માછલાં, ભાઠોડીયા કરચલાના લાલઘોલ્લા જેવા કાતિલ લાંધાનો ડંખ, મેહના વાવડામાં હિંચોળાતું ફાનસ, નેળમાં રૂદનનાં રાગડા જેવી રવાડ, શેઢાઈ, કાંકીટીંટા, પહોળા ફલકની પડીના સથ્થા પર મેલીઝાણ ગોદડી, ઝાકળપડળ, આકરો ઠાર, દીવાદાંડીનું સાયરન, નીલમ-માણેકના દાગીના, ખારીઝેર નજર, ફૂંફાડા મારતા ધરતીનાં પાણી, વાવાઝોડાં, ખાડી-હરીના

તવેરિયાં જંગલ, વલસાડી લાકડાના બીમ, ભંડકિયું, ઘામટનું પાણી, દીવ ટાપુ, ડોઝ ખટારી, ડોઢિયા, લીલીછમ વાડી ઢોરઢાંખરને મરઘાંકુકડાંથી ભરચક, કાળાંભઠ્ઠ લશ્કરી વિમાનોને કાળીડિબાંગ આરમર, ફદિયાં, ફળફળતા રોટલામાં ઘી-ગોળને તલનું તેલ, જંગલી તેતર, ગાય-બગલા, કોડીનારનો કસબો, દરિયાઈ દેવતા, તાડી-નીરાનાં ઘડું, કામઢો જીવ, ધોળા બાસ્તા જેવા લૂગડાં, ડિલમાં કાંટો, ગદબમચ્છી-શાકબકાલું, કુંભીનો ટેકો, કેવડિયાનાં ફૂલ, કાળા ભાઠાળા ઝાંખાં ઝીણાં ફૂલ, તાંબાની થાળીમાં શીરો, મુંબઈની નાનખટાઈ, કાજુ-બદામ-અખરોટ, ખારેક-ખજૂરની ગુણો, તાપણું, સૂરજનો અગનગોળો વાંસવા માથે, સાનખપર છૂંદણાની લસબસતી ચળકતી ચામડી, રાવણતાડિયાના થડિયા પર તાડીના ખડિયાનો ઘા, ઝાકળપડળમાં ખોવાયેલો સૂરજનો અગનગોળો, રાતમધરાતના દારૂનો તોર, લાલઘોલ્લા જેવાં બદામડીનાં પાનાં, જાડું ભમ્મ મોટા સરગવાના ખામણા, કાળો મસમોટો કુકડો, માથા કરતાંય મસમોટો અંબોડો, નાંદ, પાળેલો કૂતરો, સુલતાની ચાનો કાળો કાવો, ચીહારણ, બારામાં સાઈબેરીયન કલ્લાંનાં ઘુલરા ઊડાઊડ, મશીનની ઘરઘરાટી, મધદરિયાનાં અગાધ ઊંડાણ, જાડાભમ્મ આગળા, હોડીઓ-પડીયો-પિલાણા-હોળાં, તવીરિયાની ખાડી, યાનમાર મશીન પર ફરી વળેલા ઘામટનાં પાણી, પાનખર, ઘાવરનો વાવડો, પહોળાં ફળાંની પીળીધમાલ ગોઝારી ઊંડી ખાડીમાં પાણી વલોવાય, વાડીમાં તાડિયા ભરચક, લોઘમાંથી આવતી હોડી, ઓશરીમાં કુંભી, ખાડીઓના જાળામાં ભાઠનાં ભોણ, છંટના કાંઠે ઘાતકંડારી દોરતંગી, તવેરીયાના ઝાળા, મેલી નજર, ખોબામાં ભેરવાયેલાં માછલાં, દરિયાઈ કાગડા, ગાળોની સટમારી, મહા મહિનાનું અજવાળિયું, માદાપટારીનાં ગોળ મોઢા જેવો ચાંદો, દીવા બોવાનું ટાણું, ગોકીરો, બારાના કાંઠે ડંગાઓમાં પેટ્રોમેક્સો ઝળહળ, ઢાંગરા- રાજારાતડ, ગુલાબિયા-ટીંટા-કીસી-છબાડ ભરેલાં ખોલા, ઘરમાં અંધારપટ, રાંધણિયું, ઉકરડો, હુકાઓના બોહાકા, સુવાના ઘોલકાં, મેલા ઘાઘરા-ચોલીના ડૂચા, નારિયેળીનાં પાનાનો ફફડાટ, ઉધરસના ઠોહા જેવો ખોંખારો, ભરતીનાં થર ,પાણી ધાવરના વાડામાં હાલકડોલક, છંટમાં મોજાંની આકરી પછાડ, ખાલીખમ્મ ખાડીઓ, રાતનો ઓથાર, તાગલીની જાળ, છબાડનાં શાક, ઝરખમીંદડાં, કાળો મીંદડો, લાકડાની લાટી, મંતરેલો કાળો દોરો ગાંઠ મારીને ખાટલે બાંધેલો, પલીતાં, બેરનાં પાંખ-પીછડાને આંટ, ફાટેલા જાળમાં ભરાયેલો માલ, ખજૂરીઓનું ભાઠના રેતાળ તળનું છએક વીઘાંનું ખેતર, તોતિંગ સરગવા, ગોરીઝાણ મછાક જેવી, સુસવાતો વાવડો, કાંટી-બાંગડા-તુરા-ચાક્સી-ખાગી-ખાગા વગેરે માછલાં, ઢોલિયાની પાંગત, ડેબાળાને પાંખાળા કરચલાનું રસાદાર શાક, તળેલાં લેમટાં, ધમીલ-ઢીમર-ચાંદણ ભાઠની માછલીઓ, ડેગણ ડાકણાનાં પલીતાં, ચાંદના ખોબલા-મઢેલો

ડંગોરો, ચુંગી, પાંબીડાની ખોલીને તંગી-પથ્થર-બીડી-બાક્સ, ભેજથી પલળેલાં અડાયાં છાણાંને લાકડાંને લીધે ગોરંભાયેલો ધૂમાડો, ભીનો મસાલો, ભૂતદારાની માનતાનો રાખેલો કાળો ડોકા-કાપલો મરઘો, ભડકિયો દીવો, ભીંતડાનું ગળતું પાણી, બસરા-ઈરાન-મોઝામ્બિક-મેંગ્લોર ને કાલીકટ-કોચીન વચ્ચે આંટાફેરા, કાળઝાળ મોજાંની થપાટો, કાળા બોકાહા, છ'રાતનાં ઘોર ભણકારા, કોતરોમાં માછલાંઓએ ટોચી નાખેલ રાતુંચોળ મડદું, તાંબાના કાંસિયામાં કરચલા-પાંબીડાનું રસાદાર શાકને બાજરાના રોટલા, રસોડામાં ઢાંકાંઢુંબો, ઝૂંપડાઓનાં ધૂલરામાં ધૂણતું કોક, ભાતભાતના લૂંગડાં, અખરોટ-ખજૂરને કાજુના ગુણચા, ભાઠમાં પછડાતાં મોજાં જેવી ધખજા, ચૂલામાં પાલવાની આથેલી કલેજી શેકી, તગારું, કાળા લૂગડામાં કલેજી, પાંચ-સાત ભડકિયા દીવાનું ટોળું, ઝરખ મીંદડા જેવો ઘુરકતો ડાકણો, બોરડીનાં જાળાં, તવેરિયાનાં વનમાં સુકાચિખલ, રાંધણિયાની ખપાટિયાંની બારી, કાળી માટીની તાવડીમાં શેકાતા રોટલા, કરાથી લાગેલું તોતિંગને ઊંચા સરગવાનું ઝાડ, રાવણ તાડિયા ને રામ તાડિયાનાં ઝાડ, ઘોડાખાણના ટેકરા, ચિખલિયા રંગનાં તોતિંગ જળસાપ જેવા કાળાં, ગાજતો છંટનો ગોરંભો, જળસાપ, કળણમાં હાથબત્તીનો શેરડો, અંધારઘબ છોલકામાં ધીમા સાદે કાલોબોલો, ખાખી ટંગિયા, લેમટાનો હાંડો, કૂતરાની વાડ, કૂકડાંમરઘાંની ચિહારણથી સૂનકાર ખળભળ, સામાકાંઠે તવેરિયાના મૂળ તળે તોતિંગને જાલીમ ભોણ, ટાઢના ટાણાનું ગાઢું ઝાકળ-પડળ, મનનો છાનો અંધારિયા ખૂણો, લાકડાના કોતરણીવાળા મ્યાનવાળું અંજારથી લીધેલું અસલી પાનું, પહોળા પાનાનું ખંજર, કળાં પકડવાનું દોરડું-હાંસિયા, ભરતીનાં જીવતાં પાણી, રવાડ અને લાળીની સામસામી એકધારી ચીહારણ, ગાંધિયા-ડેબાળાં પાંખાળાં કરચલાં, બારાનાં કાંઠે ડંગા, ભાદરવાની બપોરનો તડકો, ગળા પર ફૂલવેલની ભાત ઠેઠ ચોલીના ઊંડાણ લગી, કાળાં પૈરણાં, રંગીન છીંટના સાટીનના ઘાઘરા, માંસલ પીંડીઓ પર ઝીણીઝીણી પાંદડીઓ, રોંઢા ટાણું, ભરથર-પટારી-બેર-કનેર-ગોવાળા-બૂટ-કારજ, મઠીયાને દવાદારૂ, ચૂલા પર રસાદાર ધુરકાનું શાક ફદફદે, તાંબાની દેગડીમાં કસાયેલું શાક ચાવલના ખાડામાં નાંખ્યું, ક્વિોરિયાના ઝાળા, કરા, તાડિયાનાં પાનાંની ગૂંથેલી સાદડી અને ગૂંથેલો પંખો, રસાદાર શાક, બાજરાનાં રોટલાને ચાવલ ચોળી ભરેલાં ડેબાં, તાજછાપ સીગારેટ, સદસદ થરો ઘાઘરો, ભાદરવાના અજવાળિયાની રાત, ટાઢોહીમને છંટમાંથી ફૂંકાતો ખારોઝેર વાવડો, મૂંછના કાતરા, રવાડના રાગડાથી અને ચીહરણ કરતો કાળી આંતરડીના બોકાહા, મેહટાણઅની પાકેલી દેશી બદામ જેવી લાલ ઘોલ્લા જેવી સૂઝેલી આંખો, અષાઢી બીજ, જાફરાબાદી બતેલો, દેશી ઓહડીયાં તો અગનઝાળને કડવાં

વખ, મણમણનાં ધુસ્તાં ને ઢીંબાં ખાધેલાં, અગનબળતરા, જાફરાબાદી વહાણનો કૂવાથંભ, ગામમાં ગોકીરો, ઢીંહાકોરથી ભહુડી શિયાળની ઉઠતી લાળી, કાળી મોટી લોઠાની જાડીભીમ પેટી, તાંબાના ચાપડાને ખંભાતી તાળું, ઢીંહાનાં તળાવકાંઠે ભૂંકાભૂંક કરતાં ઘેરી વળેલાં ઝરખને કૂતરાં, તરોપાની લૂમ, તવેરીયાનાં જંગલ, ઝાકળ પડળમાં ભીંજાયેલી નાળિયેરી, તાડિયાનાં ટાઢોહીમ છાંયો, કૂકડો બોલવા ટાણું, પોરતુગીસ થાણું, જંગલકોરથી કરચલાં ગોતતાં શિયાળિયાનાં ઘુલરાં લાળીના રાગડા ગજવતાં, હલવાનીયું, છીતરી, ઢાલકાચબાનાં ઈંડાં, હોક્ચને હાલ્ય જેવું ઘરઘણું, છંટની હાલકડોલક થતી સપાટી પર ટાઢિયા શેરાં, મરચીના ક્યારામાં પાણત, ઘાવરના વાવડામાં ધૂણતી નાળિયેરી, છંટની ઊડતી ઝણ ખારીઝેર, ઢલકાચબા જેવી કડવીની પીઠ.........

નાઝીર મન્સૂરીની વાર્તાઓના સ્થળને સક્રિય કરતી આ વિગતોમાં સચવાયેલું જીવનવિશ્વ વાર્તાઓની વિશેષતા છે. અહીં માંસાહાર જેવો ખોરાક એને બનાવવાની રીતની વીગતો, એનો સ્વાદ, દારૂ-તાડીનાં અહર્નીશ બેફામ સેવન, બેફામ-સ્વતંત્ર મિજાજની સ્ત્રીઓના એવા જ પોષાક અને રહેણીકરણી, વાડીઓ અને દરિયાના ખેડૂ એવી આ પ્રજાના સમાજ જીવન અને કૌટુંબિક પરિસ્થિતિઓના સંઘર્ષ, જુદી જ પ્રકારની લાગતી આ ગુજરાતની જીવનશૈલી વાર્તાઓમાં આ વિગતો દ્વારા વણાતી આવે છે. આ વાર્તાઓમાં સ્થળને વધુ સક્રિય કરતી, વાર્તાબંધને ગોઠવતી અને પાત્રો-પરિસ્થિતિને સાંકળતી વિગતોનાં વર્ણનવાક્યો વધુ ભેંકાર, વિશિષ્ટ સ્થળકાળ દર્શાવતાં અને પાત્રોની વિશેષતાઓ છતી કરતાં આવે છે. પરિસ્થિતિઓને ઘડનારાં આ વર્ણનવાક્યો ઠેરઠેર વાર્તાને એની પ્રાદેશિકતા પૂરી પાડે છે. કેટલાક મહત્ત્વના નમૂના વાર્તાની વિશેષતા દર્શાવતા જોવા મળે છેઃ

- વીસ વીઘાંમાં દેશી નારિયેળી ને ફળાઉ ઝાડવાં. સરગવા, બદામડી, ખજૂરી વગેરે. દશેક વીઘાંનો ઢીંહો ગમીનો ભાગ ઉજ્જડ જેવો. નકરાં રામતાડિયાં ને રાવણં તાડિયાંથી ભરચક, અગોચર જેવું લાગતું બધું. તાડિયાંના ઝુંડમાં નકરી મછાક રહેતી. ગોળ રંગની પાંખો, ધોળા કાંઠલાવાળી મધખાઈ મછાક, ધોળી ઘફલાં જેવી કાળાં ધોળાં પીંછાવાળી દરિયાઈ મછાક, ને ભૂખરાં રંગની વગડાઉ મછાકના માળા...માળા...
- દીવાદાંડીનો મછાકની આંખ જેવો લાલઘુમ્મ દીવો સળગતોતો. તોતિંગ શેરડાં ચકરાવે ચઢેલાં. થોડી થોડી વારે ઝબાક ઝબ...અજવાળું પથરાતુ તું.
- જાનુંની લંબાઈ ધ્યાન ખેંચતી. ઊંચી તાડિયા જેવી સોનેરી રૂવાંટીવાળો બળુકો માંસલ દેહ. પણ મેદ ક્યાંય પરખાતો નહિ. મલ્લ જેવું બદન. સહેજ લંબાચું મોઢું. મછાકની

ચાંચ જેવું લાંબું વાંકુ નાક. માંજરી આંખો. સોનેરી ઝાંયાળા લાંબા ઘાટા વાળ. કમર તળે લ્હેરાતા. ચાલતી ત્યારે જાણે હેલીકહુંબો......

- ટાઢના ટાણાની એંધાણી પરખાવા માંડી. મોડીરાતના ટાઢોડું ફરી વળતું. બપોરે તડકો ચામડાં તતડાવી નાખે એવો. દેશી બાજરો પાકવા આવી ગયો. નીચેથી પીળો ધમાલ. તીડ પણ પીળચટાં.
- તાડિયા વચાળે ઢીંહાનાં ધાકવેરનાં જાળાં ગમી ઘર જાણે ડાંડલિયા થોરીયાની વાડ વચાળે મૂંઝાઈ ગયું હોય એમ સૂનમૂન. કાળા ભાઠાડાં કાના મેંગ્લોરી નળિયાંના છાપરા પર ડાંડલિયા થોરિયાનાં ઝાબા લટકતાં. પીળચટા આછાલીલા રંગનો કોળ. ઢીંહાના લીધે થોરિયાં ફાલેલાં. અંધારઘબ ઘોલકામાં સીદી કઢામ ખાટલે પડ્યો તો.
- કારતકનું અજવાળું ચાલતું તું. બાજરો વઢાઈને ઓઘા મંડાઈ ગયેલા. માંડવીના દૂંદળાં ખડકાઈ ગયાં. ટાઢો સૂકો વાવડો દરિયા ગમીથી સુસવાટા મારતો સવારનો. ધાવરનો વાવડો હતો એ. રાત પડતાં ટાઢ વધતી. અરણીનાં ડાળાં-ડાખળાંમાં ઝીણાં ઝીણાં ફૂલ...ડાંડલિયા થોરિયાની વાડો મઘમઘતી. ઢીંહાકોરથી ગાજતી.
- ઝાકળપડળ ધાવરના વાવડામાં હટી જતું ત્યારે જરાતરા કળાતાં ઝરખની રાતીચોળ ચળકતી આંખ જેવાં. બારાના કાંઠે છંટના રેતાળ ભાગે માછલાંના ડંગા પથરાયેલા. ઢીંહાના જંગલમાં રામતાડ, રાવણ તાડિયા, ખજૂરીઓ, કવારલાબા ને કેવડાનાં ઝૂંડ કંથારા ચણી-બોરડી આડાં અવળાં ફાલેલાં. ઢીંહાના તાડિયા જંગલમાંથી અવારનવાર ઢાંઢા ભાંગલા ઝરખનાં ધલરાં બારાનાં કાંઠાકોર નીકળી આવતાં ખિખિયારા કરતા.
- ચમારવાસ હતો. વણકરવાસ હતો. પણ તોય જાણે એ હતા તોય ઠીક ને નહિ હતા તોય ઠીક.
- હમીરાએ ધોળી ચોરણ, પાકેલી બદામના રંગ જેવો ઘેરો લાલ-ગુલાબી ઝાંયવાળો ખજાસ, એના પર ચાંદીનાં સાંકળીવાળાં બટન, માથે કાળોકોટ. ટાઢ તાપણે ગામનાં ખારાં પાણી ગમી ધુલરાબંધ વહી આવતા બણાની ઘેરી ગુલાબી પાંખના રંગવાળી પાઘડી...!
- પગથી ઠેઠ સાથળ લગી ને આખા દેહ પર છૂંદણાં ખીચોખીચ. બલોયાં વગરના ગોરાઝાણ હાથ પર મોરલા, ફૂલવેલ, પાંદડીઓને દાણાદાર ઝીણી ભાતથી બાંઠાને બળુકાં કાંઠાં ભારે રૂપાળાં લાગતાં...

- લાડુઆઈને એનાં કંટોલાનાં ફૂલ જેવા કુણા સંબંધની ગંધ આવી ગયેલી. મનના સૂનકારમાં જાણે ચીહારણ મચી.
- કાનમાં સોનાના મોટાં ઢેચકાં બે બે જોડ બનાવેલા. ચુડલાંને વેઢલાંય સોનાનાં. માથાની સેરથી માંડીને ચાવીનો ઝુડો, સાંકળી, સોનાની બનાવેલી. લાભુની બે બે વીટા વળેલી કમરે કાળી તસોતસ ઝીમીમાં સોનાનો ઝુડો ઝગમગ. લચકાતી કમર ઝળાંહળાં. લાલચટક રંગની ઝીમીઓ, કમળાં એક ભાતીલાંને બે ભાતીલાં .
- ચાંદો આથમણી દિશાએ ઊતરી ગયો. ડાંડલિયા થોરિયાની વાડ કાળા ઓછાયા જેવી લાંબી થઈ ગઈ. બીજો કૂકડો બોલવાનું ટાણું થયું.
- જુવાળથી આખરનો દરિયો ખદબદતો ગરમ થઈ ગાજવા માંડ્યો.
- વરસાદની બઘડાટી બોલવા માંડી. ધરતીને ધોધમાર વીંટળાઈ વળ્યો. કરાની બારી પાસે લટકતું ફાનસ મેહના સુસવાટા સાથે ફૂંકાતાં ટાઢાટમ વાવડામાં હિંચકાવા લાગ્યું.
- બેય ગામ વચ્ચે બારાની પહોળી ખાડી તોતિંગ મગરની મોં ફાડ જેવી ઊઘડતી.
- ડંગાઓની આગળપાછળના ખુલ્લા ઢીંહામાં બૂમલા તૂરા, મેંદલીને મઘરાંગોવાળા, ટીંબરા, કારજ વગેરે ચિરાણમાલ સૂકવવા માટેની કાઠી બંધાયેલી. ડંગાઓ પાછળ ગોલ-વામના પોટા, મઘરાંના પાંખપીછડાં વાંસડાના ઊંચા માંચડાઓ હતા.
- બારાની પહોળી ખાડીઓમાંથી ભરતીનાં પાણી કાંઠાળ ગામડાંના કાદવિયા મેદાનમાં ફરી વળ્યાં. શિયાળિયાં મરેલાં માછલાંને કરચલા ગોતવા નીકળી પડ્યાં. ખારાપાટમાં ખાડીનાં જાળાં આડાંઅવળાં ગૂંચવાયેલાં
- ટાઢના ટાણાની ગમગીન નિરસ બપોર હતી.
- આગળાની ગડગડાટી જેવી ચીસ ઉઠીને ખોવાઈ ગઈ.
- અંધારું થતાં એના કામ ઘેરા વિચાર નિશાચર જેવા રઝળવા માંડ્યા.
- કરા પાછળ ખુરક મરઘી ખાડો ખોદી બેઠી બેઠી લાંબાઢાળે કકળાટ કરતી હતી એનો કકળાટ બપોરમાં સંભળાતો રહ્યો.
- ધાવરના વાવડાથી બપોર વધારે નીરસ હતી.
- બારસની રાતના કાળાડિબાંગ અંધારામાં લોધ કરતી હોડીઓના ભડકિયા દીવા ટમટમ થતા હતા. દીવાદાંડીનો તોતિંગ શેરડો ચકરાવે ચઢી ગયો. સથ્થા પર આડાંઅવળાં ગોદડાં પાથરી ભાણિયા ટૂટિયું વાળી ગયા.

- ઘરના રસોડે બાસિયામાં રેશમના ખોલામાં જીવતી તરફડતી બે બે છબાડ આખો દેહ ઝકઝોરી નાંખવો હોય તેમ ફફડાટી કરતી હતી.
- શિયાળની લાળી રાગડા જેવી ઊઠી. ભૂથરની કાળીડિબાંગ પીઠ પર ચડીને પાંખ કાપતી હોય એમ લખમ આવેશમાં ખોવાઈ ગયો.
- ભાદરવો બેસતાં દેશી બાજરોને જુવાર લેલુંબ ડાંડલિયા થોરિયાની વરસો જૂની વાડ લીલીપીળી ધાબાળી કોળાયેલી. વાડ વીંધી એની નજર ઊંચી બદામડીને વાડ પાછળની સાંકડી નેળમાં મધખાદડ મછાક જેવી ચકળવકળ.
- ભાઠના ભોણમાં ઢાંઢા ભાંગલાં ઝરખ રહેતાં. એકાદ ઝરખ સાથે મધરાતે ઝપાઝપી થઈ ગયેલી. ઢાંઢા ભાંગલાં ઝરખને મારી નાંખ્યો. પણ છાતી, સાથળને મોઢા પર ઝરખના નખોરીયાના ઊંડા ચાસ જેવા ઉઝડા રહી ગયા. મોઢા પર ઊંડી તડ-ઉડીને આંખે વળગે એવો ચીરાનો ડાઘ રહી ગયેલો.
- ડાંડલિયાની નેળમાં કૂતરાં ભૂંકાભૂંક. મેહટાણાની રાતમાં ઢાંઢાં ભાંગલાં ઝરખ ઢીંહાના જંગલથી લાગેલી વાડીઓમાં રઝળતાં. ઘેટાંબકરાં...કૂકડા-મરઘાં...જે હાથ આવે તે ઢસડી જતાં.
- ભાદરવાનો તડકો ચોખ્ખોચટાક. ધોળાધફલાં જેવાં આભલાનાં ગોટેગોટા લહેરાતા ડુંડા પર થુલી બાઝી ગયેલી.
- પડવાના અંદરનાં ઉજાસમાં ડાંડલિયા થોરિયાની વાડનો પડછાયો. નાળિયેરી –તાડિયાનાં પાનાંના લાંબાલાંબા ઓળા...કોક જોબનવંતી બાઈના વાળ જેવાં ઝુલતાં તા. ટાઢના ટાણાની એંધાણી આવી લાગી તી. મોડીરાતનાં જરાક ટાઢોડું લાગતું. ખારાપટમાં સાઈબેરિયન કુંજડાંનાં ધુલરાં, બણાનાં ટોળા, જળકુકડા, જંગલી બતકાં વગેરે આવી લાગેલાં. કુંજનાં ધુલરાં ગોકીરા કરતાં વાડીઓમાંથી આવરોજાવરો કરવા માંડ્યું. વિસામો ગોતવા નીકળેલાં યાયાવરી પંખીઓ...!
- શરદઋતુના ટાણાની બપોર સૂનમૂન. મરઘાં-કુકડાં પણ કરા પાછળ ખાડા ખોદી પાંખોથી ધૂળ ઉડાડતા જંપી ગયેલાં. ગીરકાગડા પાંખ-પીંછાં સમારતાં...નારિયેળીને તાડિયા પર બેઠાતાં સાવ નિરાંતવા.
- રાત કાળો મલીનવેશ પહેરી ઊતરી આવી.

- મરઘાના કળેળાટથી વાડ પાછળ રઝળતા શિયાળિયાં ચૂંચી આંખે તાકી રહ્યાં. મુગતા 'ભૂરી' ગદબના ક્યારા ખૂંદતી ઘાઘરાની સડસડાટી બોલાવતી આવી
- ગામ પછવાડે દાડમાદાદાના થાનક કોર ઢીહાના ઊંડણમાં આવેલ વાડીમાં ફાનસને દીવા ટમટમવા માંડ્યા.
- બારામાં, દીવટાપુની ચોફરતે પોર્તુગીસ સિપાહીઓ રોન મારતા રાતના. લડાઈની ઘડી આવી પહોંચી હતી. નાકાબંધી કડક થઈ ગયેલી. રાતના મશીનવાડી રોડી લઈ આંટા મારતા બારામાં. નાકું ઓળંગતા પકડાતાં એને નાગો કરીને હોડીના સથ્થા પર સુવડાવી ચાબુકથી ફટકારતા. પછી લોહી ઝાણ થઈ જાય એટલે વાંસા પર ઘગઘગતું ખારું પાણી રેડતા. વાંહાની ચામડી તતડીને ફરી જતી. ગડદાપાટું નેતરની સોટીનો મુંઢમાર ગાંઠાગડબા કરી નાંખતો. ક્યારેક માછીમાર મરી પણ જતો.
- ગામ પોણા ભાગનું ખાલી થઈ ગયું. ગાડાં, ખટારા, ખટારિયું વગેરે ભરાઈ ભરાઈ માછીમારો ગામ છોડી જતાતા. કેટલાંક હોડીઓ, પડીઓ, પિલાણી લઈને એમાં ઘરવખરી ભરીને ગામ છોડી દરિયાવાટે અડખેપડખે બંદરોએ ભાગી છૂટ્યાંતાં. કાળાં ડિબાંગ રંગનાં પોરતુગીસ લશ્કરી વહાણો દીવટાપુની અડખેપડખે લાંગરેલાં જોવા મળતાં. એકાદ આરમર લાંગરેલી. એ જોઈને તો ગામ થથરી ગયું.
- ગદબનાં ફૂલોની ગન્ધ અરણીના ઝીણા સફેદ ફૂલ સાથે ભળી ટાઢા વાવડામાં વહી આવતીતી.
- ભનુના ડિલનો પમરાટ વાડાકોરથી વહી આવતી અરણીની ગન્ધ સાથે ભળી ગયો.
- બારાની એકકોર ઢીંહાના ટીંબા જેવા પટ પર ઝૂંપડાથી ભરચક ગામ. કાના મેંગ્લોરી નળિયાંનાં છાપરાંને નારિયેળીના ગુંથેલાં પાનાંના કરા. વળાંને બામ્બુ- વાંસડાનાં ટેકાની બનેલ બારાની સામે ભાઠ ગામ. દેશી નળિયાં ને કાનમેંગ્લોરી – એમ સેળભેળ નળિયાંનાં છાપરાં. બેઠાગાટનાં ઝૂંપડાં ભાઠગામ પર તાડિયાને દેશી બદામડીઓનાં ઝાડવાં વચાળે પડેલાં. કાંટાળા ભુંગરાથોરિયાની વાડ. ભુંગરાના થોરિયાની વાડ વચાળે નાનાં ખેતર શાકબકાલાથી ભરચક.
- તોતિંગ મોટું આરબ વહાણ હતું...બે-બે મોટા જાલીમ બગ મશીન...ત્રણ-ત્રણ કુવાથંભ. બગલાની પાંખ જેવાં જાલીમ ધોળા ઘમાલ શઢ...કાલે મોડી રાતે ભરતીનાં પાણી ફુંફાડા મારતાં તાં. એવા ટાણે આરબ વહાણ બારામાં ભરતીનાં પાણી

ઊછાળતું...ધમસાંગ. ધમસાન સાગડા – સાદડનાં જાડાં ભમ્મ લાકડાનાં બીમને મલબાર કાંઠાનાં કાનમેંગ્લોરથી વિલાયતી નળિયાં ભરી બારામાં લાકડાની લારી આગળ લાંગરેલું બાર પંદર વરસે ભીખો માલમ પાછો દીવ કાંઠામાં આવ્યો તો.

- કાળાં ભઠ્ઠ લશ્કરી વિમાનો ને કાળી ડિબાંગ આરમર, મનવારો પાછી થી એકાએક જાણે અલોપ.
- સૂરજનો અગનગોળો વાંસવા માથે ચઢી ગયેલો. ઝાકળના લીધે ઠાર ને ટાઢ વધેલાં, તડકો હજીય કળાતો નો તો.
- તાજી શાકમાંથી શેગાનવાળી ચાકસીકે પાલવો કાઢી લાંબા લાંબા કાપા પાડી મીઠું ભભરાવી લોઢાના સળિયા પર માથે મૂકી શેકી નાંખતી. મહુડો પીતી.
- સૂરજનો અગનગોળો ઝાકળ પડછીમાં ખોવાયેલો
- ઉકાએ કાળો કૂકડો કાપી ટપૂરામાં મૂક્યો. વાંકિયુંને હાથપગ લોહીઝાણ.
- કાળાધોળા પીંછાળી લાલ-ચટાક ચણોઠી જેવી આંખવાળી દરિયાઈ મછાક ઝાકળપડળ બની ભૂખરા થયેલા આભમાં બારા માથે મંડરાતી હતી...!
- હેમન્તના છેવાડાની ટાઢની ભૂખરી બપોર જાણે થર થઈ ગયયેલી. ગામ પણ આંખનું ઝેર ભાંગવા જરાક આડેપડખે થયેલું. વાડીમાં સોપો પડી ગયેલો.
- બારામાં બપોરના બેએક વાગ્યે ચીહારણ મચી ગઈ. બારામાં સાઈબેરિયન કલ્લાનાં ધુલરાં ઊડાઊડ. કલ્લાનાં ધુલરા પાણીમાંથી તુરામેંદલી જોવાના મળતાં કાંઠે પડેલાં ખળાંમાંએ ખાવા માંડેલાં. જળકુકડાનાં કળેળાટ મચી ગયેલો. દરિયાઈ મછાક પડી તી. જળકુકડાનાં ધુલરાંમાંથી એકાદ જળકુકડી ઝાલી દરિયાઇ મછાકે પીંછા પીંછા કાઢી નાખ્યાં તા. એને ઝાલી દરિયાઈ મછાક ખાડી હરીઓનાં ખલિયા પટકોર તવેરિયાનાં જંગલમાં ઊતરી ગઈ. જળકુકડીનાં કાળાં-કાબરાં પીંછાં ધાવરના સુકા ઠરડ વાવડામાં લહેરાતાં ઊઠતાં તા. જળકુકડાને બતકાનાં ધુલરાં કળેળાટી કરતાં તાં
- રાજી પણ મેહટાણે કોળાતા કેવડાનાં ઝુંડ જેવી કોળાઈ ગયેલી.
- આરબ વીંછુડા, પાલવા, ચાક્સી, ડારા ગોલ, વામ, સુરમાઈ, છાપરા-છાપરી ગોલનો તાજોને ટાઢનો માલ ભરચક.
- બારાનાં ભરતીનાં ફળફળતાં ખારાઝેર પાણી. રાતનાં ગાઢા અંધારામાં અંદરનાં ઉજાસમાં તોતિંગ આરબ વહાણનાં બે મોટાં મશીન ઝમઝીમ...ઝમઝીમ...કરતાં ગાજતાં તાં એકધારાં. પીતળનાં ચોખુણા મોટા ફાનસ ટીગાતાં તાં આરબ વહાણ પર. દરિયાનાં

તળ-પાતાળમાંથી નીકળેલા કોઈ દૈત્યના ડોળા ઝગમગતા હોય એવાં મોટાં ફાનસ ટમટમતાં તાં.

- રાજી માટી ઉકાના આવવાની વાટ જોતી ઘામટથી ભરચક રોડી તાગ બેસવા માંડે એમ થર થઈ પડી રહી..
- આંગણામાં બે-ત્રણ બદામી વચાળે એકાદ મોટો બદામડો. ખાટા ચુના જેવાં ફળ થતાં એનાં. એનાં જાડાં ભમ્મ થડિયા તળેના ખામણામાં બાયુંઓ મીઠાનાં તગારા ઠાલવતી. મછડું ટન પાણી નાંખતી માછલાં ધોઈને. પણ બદામડાનાં ફળ ખાટાં જ રહ્યાં. બાઈઓ થાકીને કવરાઈ ગઈ. 'પોરતુગીસના પેટનો ઈ બદામડો સે ભેનશોદ' દખણાદી ગમી ઢીંહો તાડિયા-ખજૂરી કવારણાબાનું નકરું જંગલ. બોરડી કંથારાની ઝાડીઝખોર વાડીની પાછળ ઢીંહામાં ઊંચો - કાતિલ ઊંચો...જૂનો રામતાડ. કેટલાક એને ભૂતતાડ કહેતાં. ગામ આખાને કનડતો.
- વિસરામ બાંડાની ઘરવાળી ---ની ભૂરી. શીળી મોઢાળી. તીખોતમ્મ ચહેરો. ચાલીસેકની ઉમર. લથબથ પહોળા બાંધાનું ડિલ. ભરાઉદાર પડઘમ બદન. સીસમિયોવાન. ચળકતી કાળીડિબાંગ ચામડી તસતસે. જાણે ડિલ પર ખેંચીતાણી બાંધી'તી.
- કાના મેંગ્લોરી નળિયાં છાજેલું બેઠાઘાટનું ઘર. વાંસવાળાને ખપાટિથી બનાવેલું. ગારમાટીથી લીંપેલું આઠદસ ઓરડાનું પહોળું ઘર. વાડામાં બે મોટા રાવણ-તાડિયા તોતિંગ ઝાડ. ડાળ ઘરના છાપરા પર ચડીને પથરાયેલી. આંગણામાં કરા લગોલગ તોતિંગ સરગવો. નાકાગમી. સરગવા-બદામડીનાં લાલઘુમ્મ ને સરગવામાં પીળાં-ચટાક ઝીણાં પાનથી લદબદ. ચોખૂણાં કૂવો ઢીંહાના લીધે ચોમેરથી આણવો પડેલો. મધમીઠાં પાણીમાં એકાદ નાનો કાચબો, પાંબીડા ને ગુંગણીઓ, કણસ ગેરે તરતાં રહેતાં. ઝાડવાની ગીચ વાડીમાં આમેય તડકો બહુ ઓછો આવતો.
- દરિયાઈ દૈત્ય બોકાહા પાડતો હોય એમ દરિયાના ઊંડાણમાંથી ગોરંભો વહી આવતો'તો. દીવાદાંડીના શેરડા નકામા ચકરાતા તા. ઝબાક...ઝપ...ઝબાક...ઝપ !
- છંટમાં મોજાંની પછાડ આકરી થઈ ગઈ'તી. પહેલા કુકડાની લાંબી...સૂનકાર ચીરતી ચીસ જેવી બાંગ ઊઠી. થોડીકવારમાં ગામકોરથી ને વાડીઓમાંથી બાંગ ગોકીરા જેવી...ચીરહાણ મચી.

- ડાંડલિયા થોરિયાની વાડ ભીંજાઈ ગઈ'તી. બદામડીના રાતાચોળ થયેલા પાન પર ઝાકળના રગેડા દદડતા'તા. તડકો ચઢ્યો.
- ગુલાબી પરવાળા જેવા હોઠ દરિયાની ખાગીના હોઠિયા જેવા વંકાઈ ગયા
- ટાઢ રાની પશુ જેવી જેવી આળસ ખંખેરી અઘોર ગુફામાંથી નીકળી આવી છંટના કાંઠે.
- મીંદડો ડિલ પર પડેલાં માંદલાંનાં લોહીનાં ટીંપાં ચાટતો'તો .
- કાળાભૂરા રંગનું પૈરણું ને કાળા સાટીનનું ચોસોચસ પોલકું. કાળો સીસમવાન ને એમાં કાળા લૂગડાં. નરદમ દરિયાઈ કાગડા જેવી લાગતી'તી..
- કાળા કુકડાની લાલચોળ માંજ, કાળાં પીંછાં, વિસરામની લંગોટી, વગેરે ઉતારો ઘરના કરા પાછળ દાટ્યો'તો. ગાંઠ મારેલો મંતરેલો કાળો દોરો પોતાના ઢોલિયાની પાંગતે બાંધ્યો.
- સીદી ઝનૂને ભરાયો...જાળના ખોલામાં માછલાં ચગળવા આંધળો ભીંત ધુસ્તો...કાગડો... જાણે .
- પડખેનાં બેય ઘોલકામાંથી ચોખ્ખો સંભળાતો સાદ... એને જાળ જેવો જાણે વીંટળાઈ વળ્યો'તો.
- ખજૂરીઓનું ભાઠના રેતાળતળનું પાનીનું છ એક વીઘાંનું ખેતર. કાંટાળા ભૂંગળા થોરિયાની વાડ લગોલગ લાગેલી ગડગડિયા પાણાની કોઠડી ખેતરની ચારેકોર હતી. ખેતરની આથમણા કોરની વાડ પાછળ ભાઠનાં કોતરોમાં મોનાં પછડાતાં રહેતાં. ચોમાસાના ટાણાના લીધે આખરના જુવાળ પછી તો દરિયો વિફરી બેઠો હતો. ભાઠમાં પછડાતાં મેલાંઘેલાં મોજાંનો ભખામ...ભખ..ભઉપ...છણાંગ...જેવો ઘોર રાત-દિવસ ગાજતો. આથમની કોરની થોરિયાની વાડ ખારીઝેર જેવી વાછંટના કારણે કાળી પડી ગઈ હતી...ચણોઠીને ગળોના વેલા ય બળીઝળી ગયેલા.
- કાળોડિબાંગ ગોરંભોને ગાજવીજનો ઘોરનાદ...માછીમારની વસાહત જેવું ભાઠ ગામ ગમગીનીના ઓળાતળે કાળું ઘબ્બ થઈ ગયું.
- કાળમુખી ભેખડોમાં પાશવી બળથી મોજાં અથડાઈને વેરવિખેર થઈ જતાં હતાં. ભાઠના પોલાણમાં ડેબાળા કરચલા જેમ ચારપગે શેવાળ બાઝેલી ભાઠે ચોંટી ગયો. પીઠ પર થોડી થોડી વારે રાક્ષસી મોજાની પછડાટ આવતી. વેઠવી આકરી હતી. અચાનક ભેખડ પરથી

છટકીને પાશવી મોજાં સાથે ફંગોળાયો...દરિયાઈ દૈત્ય જેવા મોજાંમાં બળ કરીને પાછો પાછો કરચલાની જેમ વળગ્યો. કોતરમાંથી બહાર નીકળવું શક્ય ન હતું. વળી તોતિંગ મોજાની પછાડમાં કોતરનાં ઘુમરી ખાતાં પાણીમાં પછડાયો. પગ ભાંગી ગયા મારથી. આખરે મરણચીસ જેવા કાળા બોકાહા પાડવા માંડ્યા. અનરાધારમે, તોફાની વાવડો, ને પાશવી મોજાનાં ઘોરમાં તેના બોકારા ક્યાંય ખોવાઈ જતા હતા.

- ભૂતપાઠના કોતરોમાંથી માછલાંઓએ ટોચી નાંખેલ રાતુંચોળ મડદું મળ્યું.
- દૂરદૂર ભાઠની સામે છેડેનાં ઝૂંપડાંઓનાં ધુલરામાંથી કોક ધૂનતું હતું એના બોકાહા ઊઠતા હતા. મરચાંની ભૂકીની તીખીવાસ સાથે લોબાન ભભકતું હતું. ભૂવાના હાકલા-પડકારા ઊઠતા હતા
- મેઘલી રાતોમાં આખરના જુવાળ જેવાં બેય હેલે ચડતાં. ધોધમાર વરસાદમાં ઘર આખું પલળે તેમ પલળતાં ને ઘર આખું ચૂવે તેમ...હરખથી ગળતાં !
- થોરિયાની વાડ તળે કાળો ડોકા કાપલો કુકડો પલળતો ઊભો હતો. આંખોમીંચીને એણે પાંખો ખંખેરીને પાછું ડોકું નીચે ઘાલી દીધું.
- કુકડાની કાળી આંતયડીની ચીસ અંધારું ચીરતી વહી આવી.
- ઝાકળીયા તલ, ઘઉં, મરચીને શાકબકાલાનાં ખેતરોમાં તાપણાં ભડભડતાં રહેતાં રાતના ટાણે ટાઢના ટાણાની રાતનો પહેલો પહોર પૂરો થવા આવતો કે કાંઠાળ ગામડામાં સોપો પડી જતો. સાંકડ-મુંકડ શેરીઓ સુમસામ થઈ જતી. પડખેના માઢવાડના ડંગામાં જતાં-આવતાં મઠીયાઓનાં ડાંગાના ખડાકા ને હાથબત્તીનાં શેરડા, મઠીયાઓનાં ઘોઘરાને ઠરડ ઘાંટાથી સૂનકાર જાણે ખળભળી જતો.
- કાસમ પહેલાં ગોદડાં-ગાદલાં ભરતો પણ ખાડી-હરીઓમાં કે સોડમ માતાના ખારામાં પાંબીડાં પકડવા, તવેરિયાનાં જંગલની ખાડી-હરીઓમાં લેમટાં પકડવા, ભાઠમાં-છંટમાં દોટવા જવાનું કે ભાઠમાં ભોણકોર ટીંહાનાં જાળ માંડવા, ટાઢના ટાણામાં ખારાપાટમાં ભરાયેલાં છીછરાં ખારામીઠા પાણીમાં પરદેશથી આવી પડતાં બળા, કુજડાં, લાખાજામ, કાળીધોળી કાંકણ, જળ-કુકડાં વગેરે પકડવા ફાંહલાં માંડવા કે તેતર, જંગલીકાગડા, સસલાં પકડવાનાં ઝીણા જાળ માંડવામાં એ પાવરધો. રાત-દાડો ખારાપાટમાં, ખાડીહરીઓના તવેરિયાના જંગલમાં, છંટમાં કે ભાઠમાં રઝળપાટ કરતો.
- ચિકીનનાં નવાં નકોર લૂગડાંમાં ફાતુ ટાઢનાં બળાં-કુજડાં જેવી કલબલાટ કરતી.

- તાંબાનો હાંડો, પાંચેક મસાલાની હાથબત્તી, બીડીની ઝડી, કાંકરીવાળું લાઈટર, તમાકુનાં પાનનાં બીડાં વગેરે ભેળું કરીને તવેરિયાનાં વનમાં ખાડી-હરીઓમાં લેમટા પકડવા તે જતો.
- ખારાપાટ કોરથી નારના રાગડાનો ઘેરો સાદ વહી આવ્યો. રાતનાં ટાઢાંહીમ સૂનકારને ખળભળાવતો.
- ટાઢના ટાણાનાં ઘુલરાબંધ પંખીઓ ગુલાબી ઝાંયળાં બણાં, રાખોડી કાળાં સાઈબેરિયન કુંજડાં, લાખાજામ જળકુકડા, જંગલી બતકાં, કાંકણ...વગેરે પડી રહેતાં. – ૨૨૩
- સૂરજનો લાલ છોલ્લા જેવો અગનગોળો નારયેળિઓ-તાડિયાઓની ભરચક વાડીઓ પાછળ કો'ક અગોચર ભોણમાં ઊતરી ગયો. ચિખલીયા રંગનાં અંધારાં પથરાવા માંડ્યાં. રાની પગલે. ચોમેર સૂનકાર પથરાયેલો.
- રાત કાળોમેલો વેશ પહેરીને ઊતરી આવી. ટાઢનો વાવડો સુસવાટા મારવા મંડ્યો'તો.
- ભૂતખાડીના કળણમાં ભરતીનાં જીવતાં પાણી ઘસારા સાથે ભરાવા માંડ્યાં.
- ગામ ભોણ જેવું જ ગરકરતું અંધારાની ભરતી તળે.
- ભાદરવા સુદ અગિયારસના લીધે લોઘ બંધ હતી. બારાનાં કાંઠે વહેલી પરોઢના માછીમારો નીરો તાડી...મહુડો ઢીંચતા. જાળનાં મંડલા ગુંચવાયેલા, એને ઉકેલતા. જાળમાં પડેલાં ફાંફાં...કણ ચીતરાયેલા એને પૂરતા. ભૂંડી ભખરી મશ્કરી કરતા બેઠા'તા.
- વાડામાં ખૂણે ખાંચરે સફરી બતેલાનો જૂનો સરસામાન... શઢના ચીંથરા, કૂવાથંભનાં સડેલાં લાકડાં, લાકડાની જાડી-ભમ્મ ગરેડીઓ, લાકડાનાં ગોળ પેટામાં ઢોલકી જેવાં પીપડાં લોઢાના ચાપડા મારીને બનાવેલાં. વાડામાં એકાદ જૂની પુરાણી લોથારી સદતી-કટાતી પડેલી .
- ડારો, રાવસ, ઘમીલ, ઢાંગર, ઢીમર કે મરઘી-બણાં-કુંજડાંનું રસાદાર શાક હોય ત્યારે તાંબાનો કાંસિયો ભરી છેલ્લે રસો પી જતો.
- કારતકનાં અજવાળિયાની એ ટાઢની રાત રણકતી બંગડીને ઝણકતી ઝાંઝરી જેવી રણઝણતી રહી. મોડી રાતે નારિયેળી કે બદામડીનાં પાન પર બાઝતા ઝાકળના રગેડા જેવી રાત...એ રાતે તડના જૂના બાપુએ લગાડેલ અત્તર..
- રાતભર એ ઘોલકામાં એકલી સૂતી આંખોમાંથી ખારાંઝેર ને ગરમ--- પાણી વરસતાં રહેતાં. મધરાતે બધા સૂઈ જતાં ને એનાં રુદનના ઝીણા રાગડાને કોઈ સાંભળતું નહીં.

ગામકોરથી રવાડના ઝીણા રાગડા એકધારા વહી આવતા'તા. અચાનક પડખેની વાડીમાંથી નેળમાંથી લાંબા ઢાળે રાગડા ઊઠ્યા. હાંસી ફફડવા માંડી 'અલ્લારસૂલ...વીલ્લાહોલ્લ વીલ્લાંકુવ્વત...ઈલ્લાવીલ્લા' તરત જ પઢવા માંડી મનોમન.

- માછલાંની પેઢીનાં, ડગાવાળાનાં, લાકડાની લાટીનાં...સફરીવહાણો...બતેલાઓ કોટિયાઓ...પોર્તુગીસ વહાણોને ફતેમારી જતી આવતી...દીવથી ગોવાને લીસ્બન જતાં પોર્તુગીસ વહાણોને બતેલાઓ...તોતિંગ ઊંચા કુવાથંભી પર જાલીમ મોટા શઢ ફફડાવતાં...લાકડાની લાટીનાં કે ડંગાવાળામાં સફરીવહાણો...મુંબઈ,શીવરીને મલબાર-કાંઠાની દિશા કોર બહી જતાં. ક્યાંય ઓઝલ થઈ જતાં, ગુલબાનુની આંખોથી. દરિયાની છાતી માથે દિશા ઊતરી જતાં.
- આંખોનાં ખારાંજળ સુકાઈ જવા આવેલા. રાત-દાડાના વલોપાતમાં આંખોનું નૂર ઊતરી ગયેલું.
- વાડીની પાછળ તાડિયાનું ઢીંહાનું જંગલ. છાકવેર ને કેવડાનાં અડાબીડ ઝુંડ. કેવડાના ઝુંડમાં મેહટાણા પછી ફૂલોનાં લાંબાગોટા ખીલી ઉઠતા, તાડિયાના જંગલમાં ઢીંહામાં મેહટાણાનું લીલાભૂરા કાચ જેવું પાણી ભરાતું ! કાસિયું તળાવ કહેતાં...ઢીંહાની વચાળે ચોખ્ખું ચટાકપાણી ચોમેર હાથીઘાસ ને કાસથી લીલુંછમ્મ.
- વેલણની દખણાદી સીમમાં વાડીઓના સાવ છેવાડેના ભાગે રેતાળ ઢીંહા પર રાવણ તાડિયા, રામતાડને ખજૂરીનાં છૂટાંછવાયાં ઝુંડમાં ગીધડાંને દરિયાઈ મછાકના માળા હતા
- સૂરજ આથમતાં શિયાળવાંની ટોળી જેવી રાત ને ટાઢ ચોર પગલે નીકળી આવી.
- સોડમ માતાનાં પુલ પછી એકતરફ માઢવાડ વેલણ તરફના કાદવિયા મેદાનમાં ખાડીઓ છલોછલ હતી. બીજી તરફ ખારોપાટ છીછરાં પાણીથી ભરાયેલો હતો. ટાઢમાં વિદેશીપંખીઓ કલ્લાં, બણાં, કુંજમાં ટોળાં, બતકાં, જળકુકડી, બગલા, સારસ છીછરાં પાણીમાં બેઠાં હતાં.
- નવા-નકોર કાળા પાટિયામાં લીંબુ, સોય ઘોંચેલા ઈંડાં, કાળો મંતરેલો દોરો, સુકાં મરચાં, કાંચળી વગેરે પલીતાં ગોઠવી કાળા કાપડાથી ઢાંકીને કડવી પથારીમાં પડી. ક્ષિતિજથી રાતોચોળ ચાંદો નીકળ્યો હતો. નારિયેળીનાં પાનાંનો ફફડાટ, છંટનો ગોરંભોચીંતી ખાતો

હતો. ખપાટિયાની બારીમાંથી વહી આવતો ટાઢો વાવટો ગદબની અને જંગલી ફૂલોની જૂગજૂની ગંધ ભેગો ઘરમાં ફરી વળ્યો હતો.

- સાગના ઢોલિયામાં ઊંધી પડેલી કડવીની પીઠ ઢાલ કાચબાની પીઠ જેવી લાગતી હતી.

આમ, નાઝીર મનસૂરી વાર્તાઓમાં આ વર્ણનો વાર્તાને પ્રાદેશિક ભોંય પૂરી પાડવાનું મહત્ત્વનું કાર્ય કરે છે. તદુપરાંત આ પ્રકારના પરિવેશમાંથી સર્જાતી પ્રતીકાત્મકતા પણ જૂદી પ્રકારની છે. 'કાળો ઘોડો' સત્તા નીચે દબાતા આદિવાસીનું પ્રતીક બને છે તો 'દરિયાઈ મછાક' સ્ત્રીની વેરવૃત્તિ કે બેફિકરાઈનો સંદર્ભ લઈ આવે છે. 'ઢાલકાચબો' વેડાઈ જતા આ પરિસરના જીવનવિશ્વને ઊઘાડે છે આમ, જે તે પ્રદેશની વિગતો વડે સર્જાતી પ્રતિકાત્મકતા અહીં વિશેષ બને છે. વાર્તાઓમાં સમયનો સંદર્ભ પણ ઝાકળ પડળ, સૂર્યના કિરણો વગેરે કુદરતી તત્ત્વો દ્વારા દર્શાવાય છે. વાર્ષિક સમય પણ વૈશાખ, ભાદરવો એવા માસથી ઉલ્લેખાયો છે. આ રીતે યંત્રો જ્યાં પ્રવેશ્યા જ નથી એવા પ્રદેશની આ વાત બને છે. એટલે અહીં કથનની સળંગ સૂત્રતા જળવાય છે પરિણામે વાર્તાની આગવી સૃષ્ટિ પરિવેશ વડે જ સર્જાતી જાય છે માનવમનનાં અને આદિમતાનાં તત્ત્વો પણ ઊઘડતાં જાય છે.

**મોના પાત્રાવાલા**ની આ પંદર વાર્તાઓમાં આહવા-ડાંગ-વાંસદાનો દરિયાકિનારો અને જંગલો સ્થળ તરીકે આવ્યાં છે. પ્રાદેશિક ઓળખ ધરાવતાં અહીં જંગલમાં જીવતાં આદિવાસી લોકો છે. તેમના ઉપર શાસન કરતો પારસી વર્ગ છે. પારસીઓની ઐયાશી અને લોહી રેડીને મજૂરી કરતાં છતાં શારીરિક માનસિક ત્રાસ ભોગવતા ક્યારેક વિદ્રોહની જ્વાળામાં હોમાઈ જતાં આદિવાસી પાત્રોનો આખો કાળો ઈતિહાસ અહીં જોવા મળે છે. દક્ષિણના આ અંધારા ખુણાને પ્રકાશમાં લાવવાનું કાર્ય પણ વાર્તાના ભોગે કે કળાના ભોગે નથી થયું. સ્થળ સર્જતી વિગતોમાં સંપૂર્ણપણે સાર્થકતા છે. વિગતોનું લંબાણ પણ પાત્રને, પાત્રના સમાજને, પરિસ્થિતિને ઘડવા માટે જ થતું હોય એવું અનુભવાય છે. આ વાર્તાઓનો સમય પણ મોટેભાગે રાતનો છે. ગાઢ અરણ્યો છે, ઘેઘૂરને ઘટાદાર ઊંચાં વૃક્ષો છે, ઝેરી નિશાચરો છે, ખૂંખાર પ્રાણીઓ છે અને એવા જ લોખંડી શરીરો ધરાવતા આદિવાસી મજૂરો, ભાગિયા, ખેડૂતો કે વહાણવટીયા છે. સતત દારૂ, તાડી પીતા અને આદિવાસીની સ્ત્રીઓના શરીરો ચૂંથ્યા કરતા પારસીઓ છે. આ સમગ્ર ઘટકો મળીને સર્જાતો પરિવેશ ક્યાંક ભેંકાર, ક્યાંક જુગુપ્સક, ક્યાંક મદીલો, ક્યાંક મસ્તીનો, ક્યાંક કામુકતાનો તો ક્યાંક પીડાનો અનુભવ કરાવે છે. વાર્તાકારે સ્થળ અને તેના સંદર્ભો સર્જવા માટે ઝીણી ઝીણી પણ ખપ પૂરતી વિગતોનો વિનિયોગ કર્યો છે. એ વિગતોમાં મહત્ત્વની વિગતો આ પ્રમાણે છેઃ

રાની પગલે ઊતરી આવતી સાંજ, કાંટાળા ભૂંગરા થોરિયાની વાડ, ચૂલે ચડાવેલું તેતરનું શાક, મહુડાનો દારૂ, બાર બોરની બંદુક, વાંસનાં ઝુંડ, સીસમની લાકડીના સપાટા, નાની ખજૂરીઓ, સીસમના પલંગ, પ્હો ફાટે, તાડફળ, રેંટીયો કૂવો, દોરડાં અને માટલાં, એર-ગન, રામતાડિયા, મહુડાનો નશો, રાતીધૂળ ઉડે, ગારમાટીની ટાઢક, ધીમી વાટે ટમટમતું ફાનસ, બીડી, લોહીના ખાબોચિયામાં તરફડતા કૂકડા, વાડામાં નરાધમ શાંતિ, મિજાજથી વિફરેલો હોત એવો આકરો તડકો, કથ્થઈ રંગનું પાઠરું મરઘું, રાત-મધરાત રાનીપશુ મરઘા તફડાવવા આવે એવી ફડક, તોતિંગ વૃક્ષોનો અંધાર, ઈંડાંનો ટોપલો, અષાઢનો વરસાદ, આંખો ગોરંભાયેલા વાદળા જેવી કાદવિયા, મરઘાનું શાક અને જુવારના રોટલા, રોંઢાટાણું, પરાળ છાજેલા ઢાળિયાં, અઘોર રાનામાં મહુડાની બખોલ, કાદવનાં ટાંટા, કાળોતરાના ડંખનુ ઝેર, બકરાની ગોશ્ત, હટવાડું, મ્હોંમાંથી નીકળતાં ફીણના ગોટેગોટા, આરામખુરશી, ભૂંજેલી કલેજી, ગમાણમાં કબૂતરનો માળો, પગના તળિયે ઝરેળા, ગદળ, તાપણું, વાંસડાના ઝુંડમાંથી ચેહુંડોળાની ચિચિયારી, ·તાડિયાના પાનની ગૂંથેલી સાદડી, સ્તબ્ધ ઘર, છાપરામાં ખોસેલો ધારદાર કોયતો, દુકાનનો થડો, કાળા ઓળા, કલકત્તાની કોલસાની ખાણ, રગશિયા ગાડા જેવો ધંધો, નદીનું ભાઠોળું, પેટ્રોમેક્સનો ઉજાસ, માઝમરાત, ભૂવા અને ડાકણો, દોરાધાગા, ભરભાંખરું, એકધારો વરસાદ, તાજછાપ સિગારેટ, દારૂડિયાઓની ચહલપહલ, ચાર બાટલી સ્કોચ વ્હિસ્કી, રસોડામાં અંધારુંઘબ્બ, કાળીભઠ્ઠ ખુરશી, પરોણો, ઉનાળાના વાંસવન જેવું ઉજ્જડ, ગારમાટીમાં તાડિયાનાં પાનાની ગૂંથેલી સાદડી, ટાઢો વાવડો, વીજળીના કડાકા, ચેહુંડોળો, નેતરની સોટી, નાની ખાટલી-પાતળી ગોધી, હળદર-ખારાનો લેપ, રોગની ગાંઠ, નીરવ સન્નાટો, ભોંયફોડ ભરેલી ટોપલી, શિયાળાની ટાઢી હીમ, કાળી ડિબાંગ રાત, મોટો નખોરિયા આભમાં ચક્કરભમ્મર ફરતું મસમોટું વાળું, કોઠાકબાડાનો મેલો સંબંધ, સાગ સાદડનાં જૂનાં તોતિંગ ઝાડવાં, ખટારો વાડ ઝારતો, સરગવાનાં ઝાડ નીચે ખાટલી, ભૂંડી ગાળો, નદીમાં શિયાળાનાં પાણી ચોખ્ખાં ચટાકને થર, જંગલ ખાતાનો અંગ્રેજ, વાગળાંની ચીસોથી બધું કલબલ કલબલ, અંધારાનું કાળું મેલું પડળ, બંદુકનો ભડાકો, શાકભજી કે ફળના ટોપલા લઈ જતું ગાડું, ગલગોટાના ફૂલ, હોળીનાં ગીતો, વાગળાંએ કતરેલાં ફળો, આંખે કાળા કૂંડાળાં, બારણે આગળો, ભાતની પરાળ, શેવાળનો જાડો થર, મશીનનાં જાડાં ભૂંગળાંમાં, વાગળાં જેવો ખટારો, વડ-સાદડા ને વાંસનાં ઝુંડ, કાવેરીના કાંઠાને ઢાંકી દેતું રાક્ષસી અંધારું, રાત ઊતરી પડેલી સાવ ચૂપચાપ, સીત્તેર-એંસી વીદડાની ફળાઉ વાડી, કોળી-કૂંકણા-ઢોડિયા તડબૂચ-સક્કરટેટીના ક્યારા, જળકુકડીનાં ટોળાં, દોરાધાગા કરનારાની માટલી – તાવીજ-માદળિયું, મરચી-શાકભાજી ને ભાતની ખેતી, રંગબેરંગી છીંટનાં કાપડ, વાડાના કૂવેથી તાંબાની મોટી દેગડી, ચોખ્ખા ચટાક રંગીન સાડલા,

ફણસડી, ધોળાં જાંબુડા, કમરખડી, સરસલાં, તાંબાની થાળી, રોઝ-હરણ-સસલું-ડુક્કર, બારણાંની તિરાડ, અષાઢી પડવો, અનરાધાર ઝીંકાતો મેઘ, નદીનાં ફૂંફાડા મારતાં પાણી, ઢોલિયાનો ટેકો, તરાપો, ઘણ, આરામગાહ, મુક્તાદ, વાંસ-બામ્બુનાં જંગલ, લાંબી પહોળી વાડીનો પથારો, રાતમધરાતના બંદુકના ભડાકા, ગળેરૂમાલ, આંગણામાં ડોઝ-ખટારા, પાઠરા મરઘાનું શાક, ઘઉંની રોટલીઓ, તકલાદીને સડી ગયેલાં સાદડનાં બીમ, માંસલ બદનની જંગાડ બાઈઓ, કાળાં-ધોળાં જાંબુડાં, સીતાફળી, રામફળી, આંબાને ચીકુડીઓ, ધામણ, નાગ ને કાળોતરા, વાડીમાં ઝરખ-કોલીને રાની બિલાડા, બૂમલાની ચીનાઈ માટીની પ્લેટ, મહુડાના પડિયા, કાળી ડિબાંગ રાત, વાડી પાછળનાં વાંસ, સાગડાના જંગલ ગમીથી શિયાળની લાળી, ભૂત, લોહીલુહાણ થયેલું કોલું, અફીણની ગાંગડી, અષાઢી અમાસનો સૂનકાર, રુંઝવાળી પૂછડીઆમાં ભણ, નદીકાંઠાનું અફાટ જંગલ, ડાંડલિયા થોરિયાની પહોળી નેળ, અનીસેવંતી તીખીતમ્મને ખારીઝેર, કાવેરીનાં મેલાં ખદબદતાં પાણી, રૂદનના રાગડા, ઓરડાને કટાયેલા ખંભાતી તાળાં લટકતાં, કાળા પાણીની સજા, કાળાડિબાંગ સીસમના પહોળાને ઊંચા ઢોલિયા, જૂનાપુરાણા નક્શીદાર પટારા, પાનખરની બપોરનો તડકોને ટાઢો વાવટો, લાટી ને બેન્શો, સીસમના ચળકતા ડાઈનિંગ ટેબલ, અઘોર પ્રહર, ઘોડાના પગમાં વાગેલા ચણીબોર ને કંથારના કાંટા, ધાનશાક-ગોશ્ત-મરઘી, ડાંગરને શેરડીનાં ખેતરો, નદીના પાણીમાં જળકુકડી ધુબાકા મારે, ઝાકળ વરસેને જળકુકડાને ટાઢનાં પંખી શોરબકોર કરે, ધોળા-પીળા રંગથી રંગેલાને સાગની નક્શીદાર જાળીવાળા ઓટલા, ઝાકળનું ગાઢું પડળ, હિસાબ કીતાબના લાલ ચોપડા, ઓરડાના રાતા ભૂરા કાચમાંથી આવતો પ્રકાશ, ગારમાટીથી લીંપેલું બેઠાઘાટનું ઘર, સીસમનું નક્શીદાર દોલાબ, ઘાસલેટ છાંટી ઈંગાળા પાડવાની જહેમત, કાળા ભઠ્ઠ સાગના પેઢિયા પર રવડતાં પાણીનાં ટીંપાં, કાળા ડિબાંગ પગ, ગામ વચાળે આવેલા ટાવરમાં રાતના બારના ટકોરા, નોળિયાના દર, સરગવાનાં ઝાડથી ઘેરાયેલું પંદરેક ઓરડાનું ઘર, બોડા થઈ ગયેલા શીમળાને મહુડા, પાંદડાથી ભરચક નાંદ, લેલુંબ જુવાર, કંથારો – ધામણ કે નોળિયાનો ભય, દારૂનાં પીઠાં, તળેલી મચ્છીને જુવારના રોટલાનું શાક, ચૂંગી, ચોમેર ભાતનાં લીલાંછમ ખેતરો, કલેજાના કટકા જેવી પચાસેક વીઘાની વાડી, ધામણા નાગ જેવા ફૂંફાડા, ઢોલિયાના અરાણે પડેલી બંદુક, ભાઠામાં ભૂત-ખવીસને ચુડેલની બીક, રાણીછાપ તાંબાના મોટા સિક્કાની કે તાંબા-પીત્તળાના પહોળા માથાળા ખીલાના ડામ, દેશી ઘીનો શીરો, બગલાંના માળા, પથ્થરથી ચણાયેલ કૂવાની દીવાલ ફાડી અંદર ઊગેલા પીપળાની ડાળીઓ પર લટકતા સૂગરીના માળા, ભાઠની વખારનું પાછલું જાડા-મોટા ખીલાળું સાગડાના પાટડાનું બારણું, બારણે લોખંડના મોટા ચોપડા, માગશરની ટાઢીટમ રાત, બીડી પી ઝરખ જોવા ગયેલો શેઠ, કૂવાકાંઠે રાણીછાપ સિક્કાની દેગ,

કળશ્યો પાણી, ઘડિયાળ સમારવું, લાકડા ચોરો, સૂનકારમાં તમરાનો એકધારો અવાજ, કાળા ફાટેલા ધાબડા, મરઘીના બચ્ચાનો સૂપ, વાઘ-દીપડા જેવી મૂછ, કાવેરીની ભેખડો વચ્ચે જંગલ, કોપતા-છરાની ખટાખટીને ઠકાઠકી, ભોંકિયા બિલાડાને હિયાળવાં, રેફામાં પડેલાં રોઝડાનાં છીછડાં ને આંતરડાં, નદીના ભાઠોડ, ફાટેલી ખોપરીનો માણસ, ભૂંજેલી કલેજી અને તલીથી ભરેલી થાળી, તાંબાની ડબ્બીમાં વાઘનખ, સીસમના મોટા પટારામાં ચોરખાનું, રાક્ષસના કાળાભઠ્ઠ ડિલ જેવો ગોરંભો, સોનામાં મઢાવવાના વાઘનખ, તાંબા-પિત્તળનાં જાડાં-પડળ, વાઘ છીંકારતો હોય એવું હાસ્ય, ભૂંગરાના થોરિયાના જાડા મૂળિયાં, કાળોતરાની ફેણ જેવી પછડાટ મારતાં નદીનાં પાણી, ડાઘાળો કૂતરો, બેસુમાર ઝાકળ, સૂરજનો ગોળો વાંસવા, કાંટાળા, થોરિયાની વાડ વચ્ચે સહેજ રેતીવાળી ગાડાવાટ, કોશિયાનો રાગડો, હોળી-ટાણું, ગામડે ભરાતો મોટો હાટવાળો, ગરમ ચા, કાળી ટોપી, મોરપીંછાં, આદિવાસીઓનાં ઢોલ કે તાપરાના અવાજ, લાછીનું માંસલ બદન, આમલી-ખેરને આંબાનાં ઢીમચાં, કાંટાસર વાંસનાં ઝુંડ, ચાકણ, પીળા દાંત, વગડાઉ સમડીઓ, બળદને મોઢે ફીણ, વાંસના સોટાના સપાટા, કાવેરીની ભેખડોની નેળમાં કંથાર-બોરડી, ઉનાળાની બપોરનો લૂ જેવો વાવટો, સદરો-લેંઘો, લોહીઝાણ ચાકળા, દેશી નળિયાં પર ગીરકાગડા, ડીઝલ, કાંદા-બટાકા, ભાંગી-તૂટી સાઈકલ, તીખીતમ્મ હેડલાઈટના ઝબકારા, ધૂમાડાથી ભરાયેલું આંગણું, ધમધમતી પેટ્રોલની વાસ, શાકભાજીનાં પોટલાં, કમરે ખોસેલી કાપડની થેલી, પિત્તળ ભેજું, સફેદ ચાંદા જેવી ચાદર, ચાંદીનો ચાવીનો ઝુડો, દારૂની દુકાન, પહેલા કુકડાની બાંગ, ઠારનો વાવડો, નાનકડા ડુંગર જેવો રાફડો, સીમાડિયા, મસમોટું પહોળું ઘરનું આંગણું, ભીંજાયેલા ગુણયા, ખેતરના નાકે કાળમીંઢ પથ્થરનું થાનક, પીળું ધમરક ભાત, શિયાળિયાં – ઝરખનાં ટોળાં, સાગની મોટી ઝાંપાબારીની આડશ, ગધેડા જેવું ને સાવ માંદલું દેશી ઘોડું, દારૂની જ્યાફત, તાડિયા ટપરાની ફાડી નાખેલો બરડો, ઓરડામાં ઘોડાની ગમાણ, ધૂપ-લોબાન-ફૂલો, બાવળની ઝાડીં, બંદુકના કૂંદાથી ફટકારવું, માથામાં ડંગોરાના ફટકા, કાળમીંઢ પથરા, જાડાં ખાસડાં, એંશી વીઘાંની જમીનની બક્ષીસ, મહા સુદ પૂનમનો ગોળમટોળ ચાંદો ખવીસની ઝબકતી આંખ જેવો મંડરાયેલો, ચીમનીમાંથી નીકળતી ધુમાડાની પાતળી સેર, લાપીના રાગડા, ધુમાડાના ગોટા જેવું ઉડતું ઝાકળ, રાખોડી રંગના સાડલાને કાળી સાટીનની ચોલી, કાગડાની ચીરહાળ...

આ વિગતોથી બંધાતો આ વાર્તાઓનો પરિવેશ પરિસ્થિતિઓને સર્જે છે. પાત્રોને સર્જે છે. ભાવોને વળ ચડાવે છે. એનાથી વિશેષ તો ડાંગ-વાંસદાના જંગલજીવનની વિશેષતાને આંકી આપે છે. અહીં જીવાતા જીવનની રહેણી-કરણી, રીતરિવાજો, ખોરાક, શોષણની વિગતો, ખેતી-પશુપાલન વગેરે વિશિષ્ટ છે. જે આ વાર્તાઓમાંથી પ્રગટે છે. દારૂ-તાડીનું સેવન, માંસને ખોરાક

તરીકે કાયમ ઉપયોગમાં લેવાય છે ત્યારે તેને બનાવવાની રીતો તેના સ્વાદ આ બધાની મહેફિલોમાં જાતિય શોષણ ઉમેરાય છે. પરિણામે ઘટતી ઘટનાઓ આ વાર્તાઓની વસ્તુવિશેષતા છે. આર્થિક ખેંચતાણ અને શરીર-મનની ભૂખને સંતોષવા જતાં ઊભી થતી પરિસ્થિતિઓને સર્જકે વાર્તા રસને તૂટવા દીધા વિના અને વાર્તાના ઘટકતત્ત્વોને સમરસ કરીને નિરૂપ્યાં છે. ડાંગ-વાંસદાનો સ્થળ પરિવેશ આ પાત્રોને અને પાત્રો નિમિત્તે સર્જાતી પરિસ્થિતિઓને જીવંત કરી આપે છે. મુખ્યત્ત્વે થયેલું પીડાનું નિરૂપણ અહીં સંપૂર્ણ ભયાવહતા સાથે આ તત્ત્વો વડે જ નિરૂપાય છે. જીવંત બની જાય છે. સંવેદનો નિરૂપાય છે. વિગતો ઉપરાંત પરિસ્થિતિને આકાર આપતાં અને વાર્તાઓમાં મહત્ત્વની નિર્ણાયક ભૂમિકાએ મૂકાયેલાં કેટલાંક શબ્દચિત્રો પરિવેશ ઘડે છે. એ પ્રચુરમાત્રામાં હોવા છતાં સ્થળસંદર્ભ રચી આપે છે. કેટલાંક ઉદાહરણો જોઈએ:

- મહુડા, વાંસ, ખેર અને સાગ વચ્ચે પરાળ નાંખી ગારમાટીનાં લીપેલાં ગૂંથેલાં એકલ-દોકલ ઝૂંપડાં ઊભાં હતાં. કાંટાળા થોરિયાની વાડોથી ખેતરો બંધાયેલાં હતાં. ફરતે કાંટાળા ભૂંગરા થોરિયાની વાડને વાડો પહોળો લાંબો હતો. એમાં મરઘાં, કુકડાંને બતકાં એની માવજત તળે મોટા મોટા ઝીલામાં પૂરાતાં-ચરતાં રહેતાં. ઘરને અડી વાંસનું મોટું અડાબીડ ઝુંડ, આંગણે મહુડાનું તોતિંગ ઝાડ એની છાયામાં ધનીનું ખોવાઈ ગયા જેવું ઘર હતું.
- કારતકની સાંજ થતાં સાગ-વાંસના જંગલમાંથી શિયાળયાં અને રાનીબિલાડા ઝૂંપડાંની વસાહત તરફ નીકળી પડતાં, ટાઢની રાતો ભારે ચુપકીદીથી વીતતી. મધરાત પછી અચાનક સન્નાટો ભેદી કૂકડાં-મરઘાંનો કકળાટ નિર્જનતા ભેદી જતાં. રાતે અચુક કોઈકનાને કોઈના ઝૂંપડાંમાંથી મરઘાં-બતકાં ઊપડી જતાં.
- જેઠનો આકરો તાપ.અગનવર્ષા થતી હતી. બપોરે રાતી ધૂળ ઊઠતી રહેતી. તડકામાં ઝૂપડાં ઘેનઘેરાં પડી રહેલાં લાગતાં હતાં. ભરબપોરે વગડો સન્નાટી ગયો હતો.
- તડકાથી ચળકતા આભમાં રાનવગડાની ભૂખરી સમડી ચકરાવે ચડી હતી.
- ક્યારેક વરસાદે વીફરેલાં નિશાચરોની ત્રાડ વાદળના ગડગડાટમાં ભળીને વહી આવતી હતી.
- ઘોર સન્નાટામાં વરસાદનો છમછમ અવાજ એકધારો વહયે જતો હતો.
- રાત-દિવસ એકધારો પડતો વરસાદ આગલા કોઈક ભવને યાદ કરીને રડતો હતો.
- કાળી રાતનું આવરણ વનને વીંટળાઈ વળ્યું હતું. એકધારો વરસાદનો નાદ બધું રહસ્યમય બનાવતો હતો.

- કાળઝાળ વૈશાખી વાયરા વહી રહ્યા હતા. ભરઉનાળે ગામ આખું આગના ભઠ્ઠા જેવું બની ગયું હતું. ગીચ હરિયાળાં જંગલો પણ આકરા તાપે આંખને ન ગમે એવાં ભૂખરાં પડી ગયાં હતાં. માત્ર ખાખરા કેસરિયા વાઘા સજી વાંસ, મહુડા, સાગ વચ્ચે ઊભા હતાં. કેસુડાં બપોરે વનઝાડીમાં જ્વાળા જેવાં ભાસતાં હતાં. પવનના સૂસવાટામાં નીચે બેસી જતી. નિરવ બપોરે આકાશ ગીધ, સમડીની ભણી ચીસથી ગાજી ઊઠતું.
- ઘોડાએ ચાવી નાખેલો કુકડો ચૂંથાયેલા દેહે ગમાણને છેવાડે પડ્યો હતો.
- ઉનાળો તપી-તપીને પૂરો થયો. બપોરે આભમાં ચકરાતી સમડીને ગીધડાના ચકરાવા પણ હવે દેખાતા નહોતા. અષાઢના અંતગાળે ભાતની રોપણી થઈ ચુકી. ખેતરો ડહોળા પાણીથી ભરાઈ ગયાં. માટીનું પડ ફોડીને જંગલી ઘાસ ઊગી નીકળ્યું. એની માદક ગંધ હવામાં વહેતી રહેતી. ગરમાળાનાં વૃક્ષો પીળાં ધમાલ ફૂલોથી ઝળુંબતા હતા. વરસાદના ઝાપટામાં ફૂલોના ઢગલાની પીળી સોનેરી બિછાત બિછાઈ ગઈ હતી. ચારેકોર ભીનાશનું ભારઝુલ્લું વાતાવરણ પથરાયું હતું.
- નિશાચર જેવા રાતના ઓળા ઊતરવા માંડ્યા વાંસ-ગારમાટીનાં ઘરોમાં ફાનસને દીવા ટમટમી ઊઠ્યા. ક્યાંક-ક્યાંક પારસીઓનાં ઘરોમાં પિત્તળનાં મોટી ચીમનીવાળાં ફાનસ ચમકતાં હતાં. ગામના બીજા નાકે પથરાળ, નદીના ભાઠાવાળા ભાગે આછી વસ્તીમાં દારાબશાની દારૂની દુકાને પેટ્રોમેક્સ સળગતી હતી.
- કાવેરી નદીનો પહોળો પટ ઊંચી આડી-તેડી ભેખડોમાં લપાતો-છૂપાતો નીકળતો.
- અંધારામાં પેટ્રોમેક્સનો ઉજાસ ભડકાવી નાખતો હતો. વરસાદી ઝણ ઓછી થઈ ગઈ. વાંસ-મહુડાના ઝુંડોમાં પરાળ છાજેલાં નિમાણાં થઈ ઊભાં હતાં.
- શબ્દો મનની ભેત્યમાં ગાંઠ જેવા ભંડારાયેલાં તે જાણે સળવળ થવા લાગ્યાં.
- માઝમરાતે બારના ટકોરા ટાવરમાં ગાજી ઉઠ્યા ઘનઘોર વરસાદમાં ટકોરા ક્યાંક ખોવાઈ ગયા.
- વીજળીના કડાકા લોઢાના ઘા જેવા ગાજતા હતા.
- વરસાદમાં ભીંજાયેલાં વાંસડાના ઝુંડ જેવો એ મલકતો હતો.
- નેવાંનાં અવાજ સૂનકાર વીંધી સંભળાતો હતો.
- શિયાળાની ટાઢીહીમ કાળીડિબાંગ રાત ઊતરવા માંડી.

- કાવેરી નદીના ભાઠાની લાંબી લચક વાડી ફળાઉ ઝાડવાંથી લેલુંબ. મોટાં કાળાં જાંબુડાં, સફેદ જાંબું, ચીકુડી, દાડમ, સીતાફળી ને જમરૂખડી, ફણસ, રામફળી ને આમળાં, ખટુમડાંનાં ઝાડવાં નદી કાંઠાનાં ભાગે લાગેલાં.
- બધું અગોચર જેવું લાગતું. વાગળાં એમાં ટીંગાતાં રહેતાં. એની હગારથી ધોળાકાળા ચાઠોળાં પાંદડાં સડી જતાં. નદીના કાંઠાળ ભાગે વનવાગળાનો ત્રાસ હતો. વાડીઓનાં ફળાઉઝાડનું એ નખ્ખોદ કાઢી નાંખતાં. ભળભાંખરે, બપોરના સૂનકારમાં કે રાત ઊતરવા વખતે એની ચિચિયારીથી બધું ગાજી ઊઠતું.
- કારતક બેસી ગયેલો. શિયાળાની ટાઢીહીમ રાતો સાવ ચૂપચાપ વહેતી હતી.
- રાતનો કાળો વેશ જાણે ભીંજાઈ ગયેલો કાંઠાળ. વાડીઓમાંથી વાગળાનાં ટોળાં ચામડાની પાંખો હિલ્લોળતાં ડિલ ફેલાવી ચુપચાપ ઊઠી નીકળ્યાં. કાળા ભઠ્ઠ ને ઝાકળ પડળથી વધારે કાળા થયેલા આભમાં એ બધાં મંડરાતાં હતાં.
- કાળા ધુમાડા ખટારાના ધુમાડિયામાંની ટોળા બંધ નીકળતા અને ઝાકળ મઢેલી સાંજમાં આભમાં ઘૂમરાતા કોઈ જંગલના અગોચર ખૂણામાં રહેતા રાક્ષસની પાંખો જેવા અંધારામાં લહેરાતા. નેળમાંનાં વિદેશી આંબલીને ખટુંમડાનાં ઝાડ લટકી જતાં.
- વાવની બાજુમાં ઘેઘૂર વડલો. એની વડવાઈઓ વાવમાં ટીંગાતી. એની સાથે નાથુને ઊંધા માથે બંધાતો. કાળુંડિબાંગ બે મોટાં પૈડાંવાળું મશીન બૂમરાણ કરતું હોય. મશીનની ઘરઘરાટી, ફરીફરીને પૂકપૂક પૈડા સાથે લાગેલા પટાનો અવાજ વાડીમાં વાગળાંની ચીકારણ સાથે ભળી જતો કાનમાં તમરાં બોલી જતાં.
- આભનાં અમાપ અગાધ ઊંડાણમાંથી ગામને ઢાંકી દેતા જાલીમ દૈત્ય જેવી કાળીડિબાંગ રાત કાવેરી કાંઠાના જંગલ વચ્ચેની વાડીઓ પર ચૂપચાપ ઊતરી આવી. કાળાડિબાંગ આભની દિશાઓ જાણે એની પાંખો હોય, લાલચોળ મોટી આંખ જેવો સૂરજનો ગોળો જંગલની પાર ઝળકીને ઊતરી જતો ને બરફના મોટા ટાઢાહીમ ગોળા જેવી ચાંદાની બીજી આંખ ઊઘડતી.
- વાગળાંની ચીસોથી બધું કલબલ...કલબલ. ઘાથી તરફરડતાં વાગળાંને જોડાથી કચડી નદીના ભાઠા ગમી થોરિયાના ઝુંડમાં ભેગાં કરી ફેંકી આવતો.
- રાતના પહેલા પહોરના સૂનકારમાં બંદુકના ભડાકાથી કાવેરીના કાંઠાની વાડીઓ ગાજતી રહેતી.
- આંગણે ટીંગાડેલું ફાનસ કેરોસીન ને મેશના ડાઘાથી કાળું ભડક થઈ ગયેલું.

- ગોદડા નીચે સાગડાના પાનમાં ડોકું વીંટાળીને મૂકી દીધું.
- મશીનના જાડા ભૂંગળામાંથી પાણીની જેમ વાગળાં સડસડાટ પાણીના ધોધ જેમ બહાર ફેંકાતાં હતાં ને ચામડાની પાંખો ફફડાવી ઊઠવા લાગ્યાં.
- વહેલી સવારનાં કે સાંજ ઊતરતાં કાવેરીનાં કાંઠાની વાડીવાળા કે સામે કાંઠેના ગામના પારસીઓ બંદુકના ભડાકા કરતા જંગલી સસલાંને તેતરનો શિકાર કરવા ઘોડા પર દડબડાટી બોલાવતા
- કાવેરીની પાછળનાં અગોચર જંગલમાં સૂરજ ઊતરી ગયેલો.
- કાવેરીના કાળા, મેલા પાણીમાં માંડેલા જાળમાં જંગલી બતકાં, જોરથી ઊડવા મથતાં જાળને ઉપર ખેંચી જતાં, ને વળી ગૂંચવાતાં, પાછાં પાણીમાં પડતાં નદીના થર પાણીમાં ખળભળાટ મચી ગયેલો. તાડિયા પર વાગળાં પાકેલી ગેદલી ખાવા તાડફળ પર ટીંગાયેલા, તીણા દાંતથી પીળો કેસરી ગર કાઢતાં ચૂપચાપ ચીરફાડ કરતાં હતાં.
- તાંબાના કાળા ભઠ્ઠ ફ્લાવરવાઝમાં શેવરીની ગંધ ઘમઘમતી હતી. નહીં નહીં તોય દસ-બાર ઓરડાનું મોટું ઘર. નીચેના ભાગે સાગોળ છાજેલા આઠેક ઓરડા. ઉપલે માળે નરદમ લાકડાનાં ચારેક ઘોલકાં. સાગ-સાદડના લાકડાની દીવાલો આગળના ભાગે ઝરૂખો કાઢેલો. બન્ને કરા સાગોળથી બનાવેલા. બાકીના ઓરડાના વચલાકરા લાકડાંનાં જાડાંભમ્મ પાટિયાંના. આરપાર દેખાય એવી કાચની બારીઓ. બારીની ફ્રેમ કાળી. બધી બારી ખુલતી ત્યારે ઓરડાનો એક કરો ખુલી ગયો હોય એમ લાગતું.
- કારતક બેસતાં જળકુકડીનાં ટોળાં ઊતરી આવતાં નદીની ભેખડો બાજુની વાંસડાની ઝાડીમાં એ કાદવના માળા બનાવતી ને કલબલતી રહેતી. રોંદાની વાડીના છેવાડે ભેખડો નાની થતીને પછી પટ બનતો. ઊંડા કાળા-ભમ્મર પાણીમાં ઊગેલી ઝાડી કોહવાતી રહેતી. જાડા વાંસનાં ડળી-ડાળખાંને લીધે અંદર ઘબ્બ હતું. આગળ વાડીને કાંઠે ઊંચી ભેખડો ચોમાસામાં વળ ખાતો, વલોવાતાં ભરતીનાં પાણીથી ધોવાતી રહેતી એટલે જ ભેખડો ઊંચીને સીધી ધારવાળી થઈ ગયેલી.
- ઘુવડની જાતનાં વગડાઉ ચેહુડોળાનાં હાડકાંની પોલી નાળીઓના ટુકડા કરી મંતરી રાખતી. નદીના ભાઠા પાછળ વડલાને પીપળાની બખોલમાં છેહુડોળાં પડી રહેતાં.
- રાત-મધરાત ભટકતું ઝરખ અંદર પડી કોહવાઈ ગયેલું. એનું ફૂલેલું શબ બહાર કાઢ્યું. પણ પછી ગામવાળાએ કૂવેથી પાણી ભરતાં બંધ થઈ ગયેલાં. કૂવો પછી ક્યારેય ગળાયો નહીં.

- બાવાજી ગુજરી ગયેલાં ત્યારે બાવાજીની બાર બોરની બંદુક લઈ, કૂવા પરને પડખે મીઠાની ગોળી પર એણે અંધાધૂંધ ગોળીઓની રમઝટ બોલાવેલી
- તાડિયાવાળા ભાગે પાણીનાં જોરને લીધે ભેખડ નમી પડેલી. એ એકાએક ગબડી. માટીના લોંદેલોંદા નદીમાં પડ્યા. એમાં રોદાએ પોતાને કોઢ ન નીકળે એવાં માદળિયાં - તાવીજ મૂકેલાં એ ક્યાંય તણાઈ ગયાં.
- પેઢિયાં પાટિયાંને ભાર વટછણીથી ચીતરાયેલાં. વાંકા-ત્રાંસા અળશિયા જેવા લીટા પડેલા, ઘણ આખા ઘરમાં ઊંડે લગી બેસી ગયો હતો.
- મોટે ભાગે જંગલમાં શિકારે નીકળ્યા હોય ને સસલાં, હરણ, રોઝડું લાવ્યા હોય એના તાજા-તાજા શેકાતા કબાબની જ્યાફત દારૂ સાથે ઉડતી હોય.
- ધામણ, નાગ કે કાળોતરાને એના નાળ જડેલા પગે છૂંદી નાખતાને માથે નાચતા
- સૂમસામ ઘર અનરાધાર વરસાદમાં ઊભું હતું.
- કાળીડિબાંગ રાત જામી હતી. વાડીની પાછળનાં વાંસ, સાગડાના જંગલ ભણીથી લાળીના રાગડા ઉઠ્યા. શિયાળિયાંનું મોટું ટોળું સસલાંને કાવેરી નદીના કાદવમાં નીકળેલા ધોળા કરચલા ખાવા નીકળી પડેલું.
- નદીકાંઠાનાં ગામડાઓમાં રાત-મધરાત રાડ છૂટતી. કાળા મોઢાળા, ખીલા જેવા રાક્ષસી દાંત ને કાળા-ભૂરા રંગમાં કોલુ ગામમાંથી મરઘાં-કુકડાં ને બકરાં ખેંચી જતાં. રાત-મધરાત જંગલમાં લાકડાં ચોરવા જનારા કોલુના ભૂતથી ફાટી પડતા. ફાનસની વાટ મોટી કરી બંદુક લઈ એકાદ જણ ચોરી કરતો ને બાકીના લાકડા કાપવામાં મચતા.
- અષાઢી અમાસનો સૂનકાર પથરાયેલો એમાં કોલુનાં રૂદનનો સાદ બીક લાગે એવો હતો.
- સીસમના દોલાબ પર જૂની પુરાણી નકશી હતી. ને ખાસ આફ્રિકાથી મંગાવેલા જાડા લંબગોળ કાચ હજી એવા જ ચોખ્ખા ચટા કરતા. દોલાબ બંધ કરતાં ડામરની ગોળીની વાસ ફરી વાળી.
- ચાવીનો ઝુડો સાવ કટાઇ ગયેલો હતો. કેટલી બધી ચાવીઓ ! ઘરના ઓરડાની, દારૂની દુકાનોની, દારૂનાં ગોદામની, ખેતર-વાડીનાં ઘરની, ઘોડાઓના પરોળા-મોટા તબેલાની. બધી ચાવીઓ કટાઈ ગયેલીને નકામી, પીરોજશા બાવાની જેમ
- ગરમાળા પરથી ભૂખરી સમડીની તીણી ચીસ વહી આવી.
- અસલ બ્રિટીશ કંપનીનું જાડા પૂંઠાનું આલ્બમ ઉંદરે થોડું કતરી નાખેલું.
- પટારાની પાછળ સંતાયેલો, કાળા રંગની ઝાંયવાળો ગરોળો દીવાલ પર ચડી ગયો.

- સફેદ ઘોડો એમની સત્તા સમૃદ્ધિ, સાહ્યબીને રુઆબનું રૂપ હતો. ગોરિયા અમલદારોની એમના ઘરે ઉઠક-બેઠક રહેતી. દારૂ, તાડીના ગ્લાસ ને મચ્છી - ગોશ્ત તળાતાં, રંધાતાં રહેતાં. જાતજાતની વાનગીઓ બનતી. પારસી વાનગીઓથી ઘર ઘમઘમતું.
- ગુજરાતમાં દારૂબંધી આવીને રાતોરાત દારૂની દુકાનનાં લાઈસન્સ જપ્ત થઈ ગયાં ત્યારે મૂંછોનાં આંકડા ચડાવીને ઘોડા પર ફરતા પારસી બાવાજીઓ નવરાધૂપ થઈને ઘરે બેસી ગયા, આઝાદી, દારૂબંધીને ગાળો દેતા !
- કબર પર ડાળો ફેલાવતા ખેરને સાગડા લીલાઝાણ રહેતા.
- કારતકમાં અજવાળિયામાં ચોમેર ટાઢનો વાવડો ફૂંકાવા માંડેલો. નદીના ભાઠા ગમીથી શિયાળિયાની લાળી માંડ શમી હતી. વાંસના ગાઢ જંગલમાં ઝાકળના રગેડા રેલાવા માંડેલા. ઝાકળથી જંગલ સાવ ઝાંખું-પાંખું થઈ ગયેલું. વાંસનાં લાંબા-પીળાં પાંદડા ઝાકળથી ભીનાંભદ. હજુ માંડ ત્રીજા કુકડાએ બાંગ પોકારી હતી.
- દેશી નળિયાના છાપરા પર સાદડ, આમળાંને રામફળીનાં પાંદડાં સુકાઈને ચીવડ વળી પડેલાં. ભળભાંખર ઝાકળના ધુમાડા અલોપ થઈ ગયેલા ઘર પર જંગલી કાગડા ઊતરી આવેલા ને ખાક્ ખાક્ કરતાં પાંખ-પીંછાં સાફ કરતા બેઠેલા.
- સંઘેડા ઘાટનાં, ઝીણી નકશીદાર, મોઝામ્બિકના કાચ-મઢેલ કબાટમાં અહુરમઝદાની છબી, શેષનો ખુમચો, શુકનવંતાં નારિયેળ, બહેરામજીનું મોટું તાવીજ એવું બધું પડેલું હતું. એના બાજુના ખાનામાં સાવ ચીમળાઈને કાળી પાંદડીઓવાળું ઘણા જૂના વખતનું વાંસફૂલ પડેલું હતું.
- સૂરજ ધુમ્મસના ગાઢા થર વચ્ચે અટવાઈ ગયો લાગતો હતો.
- નદીના પથરાળ ભાઠાના વાંસનાં જંગલ ભણીથી ઊઠતી લાળી ટાઢના ટાણે સાંભળતાં રહેતા મેર ટાણે નદીના ભાઠા ભણીથી ઊઠતો પૂરનો ખળભળાટ સાંભળતાને ઉનાળે રવાડના રાગડા સાંભળતા.
- તાપણાના ભઠ્ઠા ખેતરવાડીમાં ઝડઝડવા માંડ્યા. ઝાકળિયાં તલને શાકભાજીનાં ખેતરોમાં રાત ઊતરતાં રેંટિયા કૂવા ચૂંચવાવા માંડેલા.
- ઉનાળામાં ધોમ તડકામાં ફાટી જતા બામ્બુ જેવી કે કેર-ટાણે નદીનાં ભરતીનાં પાણીથી ધોવાઈને ઉખડી જતાં વાંસનાં ઝુંડ જેવી થઈ ગયેલી .

- ગામના વસાયતા ફળિયામાં લોઢાના થાંભલે ઘાસતેલના રગેડાવાળા કાળા-ભાઠાળા જૂના –પુરાણા ચોખૂણા ફાનસ ટીંગાડી ગયેલા એ ઝાકળના ધુમાડા વચ્ચે વાંસનાં ઝુંડમાં વાંસ – ફૂલ લટકે એમ ઝાંખાં – પાંખાં ટીંગાતા હતાં.
- અંધારાનું ગાઢું પડળ ફાડીને ઉગમણી દિશાએથી અજવાળિયાનો ચાંદો નીકળી આવેલો. ચોમેર બરફની આછી ઝાંય જેવું અજવાળું પથરાયેલું. વાગરાંનાં ટોળાં નદીનાં ભાઠાના વાંસના જંગલ ભણીથી ચુપચાપ પાંખો હિંચોળતાં નીકળી પડેલાં.
- કાવેરીમાં પાણી વધતાં જ કરચલા, દોકડા, મળિયા, લેવટાને ભાત મચ્છી વધી પડતાં.
- વરસાદના ઘેરા નાદમાં અંધારપટ તળે ગામ ગરકરતું. બાયજાના ઝૂંપડાના કરાને અડીને વાંસનું ઊંચું, લીલુંછમ ઝુંડ ઊભું હતું. એની ડાળીઓ પવનમાં ઝુલતી, ઘરના છાપરે ઘસાતી. આંગણે ઊભેલો મહુડો વરસતો હતો.
- ત્રીજા પ્રહર શરૂ થઈ ગયો. ધોધમાર વરસાદ ઝીંકાતો હતો. ધનમાયે છેલ્લો શ્વાસ છોડી દીધો. ધનજીશા આગલા ઓરડામાં સૂનમૂન બેઠો. અંદરથી ભયંકર દુર્ગંધ આવતી હતી. ધનજીશા એનાથી ચિડાઈ ગયા હોય એમ બરાડી ઊઠ્યા : 'ચાલ જલદી સોક્ખું કરી લેની. કેતલી વાસ આવેચ' બાયજાએ ધનમાપનાં મેલાં લૂગડાં કાઢી લીધાં. જતનથી એણે ડોશીનાં કપડાં બદલ્યાં, ને પથારી પણ બદલી. વાડામાં ધનમાયનાં ગોદડાં - ગાદલાંને લૂગડાં કરા પાસે મૂક્યાં. વરસાદમાં પલળતી બાયજા વરસતી આંખે કામમાં મચી.
- પચનને લીધે બારીનું વાછટિયું ખસી ગયેલું. ઝણ વહી આવતી હતી. એને સખત ટાઢ ચડી આવી. શરીર ધ્રુજી ઊઠ્યું. એણે સવજીને બૂમ પાડી પણ વરસાદમાં બૂમ ભળી ગઈ. બાયજાને અવાજ દીધો પણ છાપરે ઘસાતા વાંસડાના કરડ્ કરડ્ અવાજ સિવાય કશું સંભળાતું નહોતું. ટાઢથી એ થથરી ઊઠી. માંસના લોચા જેવું છોકરું ઊંઘતું હતું.
- વહેલી પરોઢનાં લંગોટી મારી, અડખે-પડખેનાં ઝૂંપડાંનાં લોકો સહ્યાદ્રીના છૂટાછવાયા ટેકરામાં ભોંયફોડ ને આળીમ ગોતવા રઝળવા માંડ્યાં.
- નેવાંનો અવાજ ઘરમાં બેઠેલા લોકોના સાદમાં ખોવાઈ ગયો હતો. બાયની કરાને અઢેલી વાડમાં સુનમુન બની ઊભી. ધનમાયનો વાસ મારતો દેહ ઉપાડવા કોઈ તૈયાર થતું નહોતું.
- વાંસના ઝુંડમાં ગીરકાગડો હજુ બેઠો હતો. વરસાદના સૂસવાટાથી એ હલબલી જતો. એનાં વિખરાયેલાં પીંછાં નીચેનું ધોળી ઝાંયાળું રાતું બદન દેખાતું હતું. રસોડામાં

ગોરંભાયેલો ધુમાડો ઊંચે ચડીને વાંસડામાં આડોઅવળો થતો ગીરકાગડા પરથી વહી જતો હતો. વાડાની ઓશરીનાં કરા પાસે વરસાદથી બચતો કાળિયો કૂતરો ટૂંટિયુંવાળી પડી રહ્યો.

- ઝાકળપડળમાં નોળિયાનાં ટોળાં જોઈ જંગલી કાગડા કાવેરીના કાંઠામાં કાગારોળ મચાવતા રહેતા
- કાવેરી નદીના સા કાંઠેથી ગાઉએક લાંબુ ખજૂરી-તાડિયાનું જંગલ વળોટતાં નોળિયાના દર જેવું ગામ આડું-અવળું પડેલું
- ખેતરમાં જુવાર લેલુંબ થતી. નદીના ભાઠા ગમી નોળિયાનાં ભોણ ઘણાં હતાં. જુવારનાં ખેતરના શેઢે રાફડામાં કંથારા, કાળોતરાને ક્યારેક ચાકળા ભરાતા રહેતા. એકાદ કાળોતરો જૂના વખતથી નીકળતો. સાવ બુઢ્ઢો નાગ. ધોળી મૂછો ને માથે વીંછી બેઠેલો. બે-અઢી વામ લાંબો. આજુબાજુનાં ખેતર-વાડીવાળા ખેતરનું રખોપું કરનાર નાગને માનતાને પૂજતા. ક્યારેક બપોર પછી વાડીવાળા ઘડીક જંપી જતા ત્યારે નોળિયાને કાળોતરા વચ્ચે ફૂંફાડા મારતાં કંકાસ થઈ જતો. ત્રણેક નોળિયાનું આખું કુટુંબ ત્યાં રહેતું.
- આભ ફાટ્યું હોય એમ મેહ ઝણઝણવા માંડ્યો. નેવાનો ખળભળાટ એકએક વધી પડેલો. વાંસ ખપાટિયાંને દેશી નળિયાંનાં છાપરાવાળાં ઘર ગાજવા માંડેલાં.
- કાળોતરાને નીકળતો જોયોને ઘોડાના જીનમાં ખોસેલી બાર બોરની બંદુક લઈને એ ઝાંપા બારી ભણી કુધ્યો. કાળોતરા પર ભડાકો કરી ચૂંથી નાંખ્યો. અમળાતો, વળ ખાતો કાળોતરો ગોળ વીંટો વળી ગયો.
- બેપ્સી શેઠાણી હતા. આકરા ને ખારાઝેર મિજાજની. જાણે કાળોતરાને માથે ભાઠોડિયો ઝેરી ડંખીલો વીંછી બેઠો હોય એવો.
- તૂટી પડેલી ઝાંપા બારી નીચે કાળોતરો લોહીલુહાણ થઈ પડેલો ત્યાં કીડીઓનાં ટોળેટોળાં ફરી વળેલાં.
- ઢોલિયાની ઈસ પકડી નખોરિયાથી ઉઝરડી નાંખવી હોય એમ ગૂંચડું વળી વળ ખાઈ ગોટપોટ થતો હોય એમ કે પછી લોહીઝાળ થયેલા કોઈ રાક્ષસી નોળિયાના અવતાર જેવો ધૂળમાટીમાં રગદોળાતો ને નોળવેલનાં મૂળ શોધતો એમ પડી રહ્યો. બામ્બુ-વાંસને ડાંડલિયા થોરિયાની વાડ વચ્ચેથી જૂનું ઘરને વાડી, વાડામાં સરગવાની ડાળે ટીંગાડેલું ફાનસ ભોંણમાં સંતાયેલા કોઈ રાક્ષસી દૈત્યના, જાનવરના ડોળા જેવાં ટમટમ થતાં રહ્યાં અંધાર પડળમાં...

- મધરાત થવાને વાર હતી તોય ગામ સાવ સૂનકારી ગયું. માગશરના અંધારિયાની ટાઢીટમરાત. સાગ, મહુડાને વાંસના અડાબીડ જંગલ વચ્ચે ગામ જાણે ઠરીને ઠીકરું. ગામના ઝાંપાગમીથી રાતના ક્યારેક જંગલમાંથી ચોરાઉ લાકડું ભરી ડોઝ-ખટારા ખોંખારા ખાતા વલસાડ-બીલીમોરાના રસ્તે દોટ મારતા જતા. એની ઘરઘરાટીથી ગામ ધણધણી ઊઠતું. વળી પાછો ઘોર સન્નાટો.
- કણબીએ પારસીનાં વાડી-ખેતર વેચાતાં લીધાં પણ પેલો 'ઈંગ્રેજનો તબેલો' કોઈએ ખરીદેલો નહીં. રાતે ત્યાં ભૂતનો ભો હતો. સ્મશાન ભણી કપડાં ધોનારી તબેલા ભણી લોઢિયા પથ્થર પર કપડાં સૂકવતી. કાંતાને સપનામાં સાદડનું તોતિંગ થડવાળું ઝાડ કળાતું. થડ નીચે રાણીછાપ સોનાના સિક્કાની મોટી દેગ દેખાતી. તાંબાની કાળીભઠ્ઠ મોટી પહોળી દેગ પર તાંબાનું મોટું ઠાંકણું રેણ કરી ચોંટાડેલું ને ઉપર ચોકડી જેવા મારેલા ચાપડા. સાદડના પોલાણમાંથી લોઢાના પથ્થરનો ભાગ હોવાથી સાપ, વીંછી નીકળતાં રહેલાં.
- ભળભાંખળે આભ ફાટી ગયું હોય એમ લાગતું હતું. વરસાદનાં કાળાં ભઠ્ઠ વાદળાં ઊગમણી ભણી ગોરંભાયેલા, આથમણી ભણી ફાટેલા કાળાડિબાંગ આભમાંથી પડવાનો ગોળમટોળ ચોખ્ખોચટાક બરફના મોટા ચકતા જેવો ચાંદો ડોકાતો હતો.
- તાડિયાના જંગલમાં વગડાઉ મોટી ચીબરીઓ ને ચેહુંડોળાનો વસવાટ, રાતમધરાત એમના કર્કશ ઘાંટાથી તાડિયાનું વન ચીસાચીસ કરતું...
- વાડી ભણી આવતાં નદીનાં પટનો ઉઘાડ થયો ઊંડાં કોતરો તળે સફેદ રેતીનો પટ પથરાયેલો, નદીમાં ચોમાસાનાં મેલા રંગના પાણી ફળફળતાં હતાં. બંને બાજુ લીલી-પીળી નેતરનાં ઝુંડનું ઝુંડ પાણીમાં પથરાયેલાં. નેતરનાં ઝુંડ પાર કરતાં સામેની બાજુ ભાતનાં ખેતરો પથરાયેલાં
- માંજરી આંખો જાણે અંધારઘબ જંગલઝાડી વચ્ચે વાઘની આંખ સળગતી હોય એવી હતી. ગોશ્તની થૈરી સુગંધથી બધું તરફડતું ને જીવતું લાગતું હતું.
- રેફામાં રોઝડાના છીછડાં, આંતરડા પડેલાં. ભરભાંખળે ગજરા નાખી ગઈ હશે.
- છેક બીજો કૂકડો બોલ્યો ત્યાં લગી કોયતા-છરાની ખટાખટીને ઠકાઠકી સંભળાતી
- ભીખો હસતો એટલે જાણે વાઘ છીંકોરતો એવો લાગતો.

- ત્રણે બાજુ ઊંચી ભેખડ હતી ને એક ભણી નદીનાં પાણી કાળોતરાની ફેણ જેવાં પછડાટ મારતાં હતાં.
- ડાઘાળો કૂતરો ઝાંપાબારી પાસે વાડીમાં જઈ નહીં શકાતાં ઘર ભણી ટગરટગર જોતો બેસી રહેલો
- લાંબા, મોટા નખોરિયાવાળો જાડો પંજાનો પડછાયો કરા પર પથરાયો ને કરા પરથી લંબાતો એ ગળા ભણી આવ્યો. નખોરિયાવાળી આંગળીઓ ગળામાં ભોંકાઈ. જાડા, બરડને નખોરિયાવાળા પંજાથી ગળચી દબાઈને લોહીના રગેડા ઊતરવા માંડ્યાં. થોડીવાર ટાંગા તરફડીને ઠરી ગયાં. ભીખો લથડતો વાડા ભણી ગયો. ઢોલિયા પર ફસડાઈ પડ્યો. દૂરદૂર કાવેરીના પાણીમાં માટીની તોતિંગ ભેખડો ગબડી પડીને વાઘની ત્રાડ ગાજે એવા ધડાકા સંભળાવાતા રહ્યા

પાનખર – ટાણે કાંટસવેલ વાંસનાં ઊંચાં અડાબીડ ફાલેલાને આડેધડ ઊગેલા ઝુંડમાંથી પાતળી સોટા જેવી ડાળી લટકાતી રહેતી. એનાં લાંબાં તીણાં અણિયાળાં પીળાં પાન ખરતાં રહેતાં. ટાઢ સૂકો કરડ વાવડો જરાક સૂસવાતો કે પીળાંચટ્ટ પાંદડાંનો ઢગલો થઈ જતો.

મોના પાત્રાવાલા વાર્તાઓનો પરિવેશ આદિવાસીના જીવનવિશ્વનો પરિચય આપે છે. અરણ્યની ઘેઘૂર અનુભૂતિ અહીં થાય છે. ડાંગ-વાંસદાના જંગલમાં રહેતા લોકો ઉપર ત્રાસ ગુજારતા પારસીઓની અમાનુષ ઘટનાઓ અહીં આલેખાઈ છે. સાથે સાથે વિશિષ્ટ પ્રકારનાં દામ્પત્યજીવનનો પણ અહીં અનુભવ થાય. વિધિવિધાનોને અહીં માનવભાવોના નિરૂપણ માટે ખપમાં લેવાયાં છે. વાગળો, મછાક, ગીરકાગડા, રાની બિલાડા, અંધારાં, વરસાદ, આકરો તાપ વગેરે વાર્તાઓમાં રસાઈને એ પ્રદેશના લોકોની મનોસ્થિતિને નિરૂપી આપે છે. અહીં જુદા જુદા સમયની, જુદા જુદા સ્થળપરિવેશની વાર્તાઓ અનેક આયામોથી બંધાય છે. પાત્રો અને પાત્રોચિત પરિવેશ તેમજ પરિસ્થિતિમાં વણાતી ઝીણીઝીણી વિગતો વાર્તાના પોતને બાંધી આપે છે.

**જિતેન્દ્ર પટેલ** ઓછા સમયમાં વધુ સંખ્યામાં વાર્તાઓ લખનારા સર્જક છે. ત્રણ વાર્તાસંગ્રહો અને પોતાની જ વાર્તાઓનાં એક સંપાદનમાં ગ્રામપરિવેશ ખૂબ સહજ, આયાસ વિના આવ્યો છે. સ્થળ-કાળના પરિણામોમાં રહીને સ્થળ-કાળથી પર જવાની, માનવીય વૃત્તિઓ અને વિશિષ્ટ જીવનસંદર્ભો આલેખવાની તેમની વાર્તાકળા નોંધપાત્ર બની રહેશે. 'પાવો', 'પાદરનો કૂવો', 'રંડાપો', 'ગોકીરો', 'ઘર' જેવી વાર્તાઓમાં ગ્રામસમાજજીવનના પ્રશ્નો આલેખાયા છે. ઘર,

ખેતર, મેળા, સીમ, તહેવારો, પ્રસંગોમાંથી સર્જાતો પરિવેશ વાર્તાઓને આકાર આપે છે. આ વાર્તાઓનો પરિવેશ સર્જતી વિગતો આ પ્રમાણે છે :

સડક, ભરાડી વાડી, ઠેસ, ખટારાના ઠાઠે ટીંગાઈ જવું, દાઢે ચોંટેલ ફોતરું, ગળે ડચૂરો વળે, પાનો વાગ્યો, કાચંડા જેવો ઢોંગી, સાડલાના છેડે બાંધેલો રૂપિયો, ગૂંજમાં રૂપિયો, સાઈકલ, થેપલાંને મરચાનું અથાણું, ભૂંગળાવાળી આઈસક્રીમ ને પાણીપૂરી, ધોળી ચામડીના કેમેરાવાળાએ પાડેલો ફોટો, બિસ્કુટનું પડીકું, પાવાવાળો, બજરની ડાબલી, ઈંઢોણી, પાવો બઠાવી લેવો, ભાથું, બાજરીની કોઠી, કેડીનું છીંડું, ઢીંચણ ઉપર માથું ટેકવીને ગોખલામાં બેસવું, બાયણાં પર ટકોરા, ઝરમર ઝરમર વરસાદ, સુસવાટાથી ઓલવાતી ફાનસ, વીજળીના ચમકારા, ઓસરીની થાર, આકાશમાં વાદળાંનો ગડગડાટ, બારસાખ, મેલી વિદ્યાનો પ્રયોગ, વાસ નાખવો, ગૂમડું, દોણી સળગાવવી, પરસાળ, ભવભવ બળતી ચિતા, ઉંબરા ઉપર સાણસો ફેરવવો, ફળિયામાં ગણગણાટ, તળાવે ડોબાં પાવા જવું, કેનાલ, આથમણી પા, લાખોની મિલકત તણાઈ જવી, વૈશાખમાં લાંબા ગાળાની રજા, હીરાની ઘંટીઓ બંધ, હાથખરચી, ગંજીપો, તીનપત્તી, ગાભા વીંટી નાનકડી ઓરડીમાં પડ્યા રહેવું, ઓસરીમાં ખાટલો ઢાળવો, ઘર નીરણ ભરવાના ખંડેરિયા જેવું લાગે, ફળિયામાં વસુકેલી ગાય, ઘરે ઘરે માટીના ચૂલા, દળામણાં, મંદવાડ, પાટલાવહુ, શાક-બકાલું, બળદને આફરી ચડે, બળદની રાશ ઢીલી મૂકવી, રસ્તામાં કોઈનો સંગાથ, વગડામાં સોંપો, તુલસીને પાણી પાવું, રેતીના કારણે થાકેલા બળદ, વાંહે ચડેલી ધીસત, હૈયાવરાળ, એરુ કરડે, સદક પરના કાળમીંઢ પાણા સાથે પૈડાંની પાટ ઘસાવવાનો ચિત્કારભર્યો અવાજ, ધીસતના ભણકાર, સાતેય વહાણ ડૂબી ગયાં હોય એમ પડી ભાંગવું, પગલાંના ધબકાર, કાળું ભમ્મર અંધારું, ગાંડો ભરપવન, મેઘલિયા આભમાં ટમટમતા એકલ-દોકલ તારોડિયા, કાળી ચૌદશની રાતનો ઉચાટ, સમી સાંજનો ભુરાયો પવન, વોંકળીની રેતી, પીરસેલ ભાણેથી ઊભા થઈ જવું, ધોરિયામાં ફરતી લાકડી, તમરુંય ન સળવળે એવી શાંતિ, માથું ફાડી નાંખતો પારેવાનો શોરબકોર, કૂવાકાંઠે અંધારું ખદબદે, આડેધડ ગોફણ ઉલળે, ગમાણ, વરાળ નીકળી ગયેલી ખીચડી, વંડી, બોઘેણું, ડેલે ડોબા, ભેંસ દોવી, ફળિયામાં ભેંસું હગે-મૂતરે, દૂઝણું, જીરુંનો પાક, ધડાધડ ધૂળમાં તગારો, કંબોઈને કંકોડાની વડે વીંટો લીધો, બાવળનાં ઝરડાં, ખહલેલ કૂતરો, ગળામાં ગાળિયો પેંરોવી દેવો, ઘોડિયામાં છોકરાનું ‘ઊંવા ઊંવા’, ગાડાનું આડું ઘોડિયા પર રમરમાવવું, ખોયામાંથી પડતાં લોહીનાં ટીપા, મળસકે ખખડેલી ખડકી, ગરાહ લૂંટાઈ જવો, ઠાવકી જગા જોઈ બેસવું, આંખમાં કણાની જેમ ખૂંચે, ગામ આખું ખૂંદી વાળવું, ઘરની ખીલીય વધવા ન દેવી, ફળીમાં ખાટલો, પાદરમાં ધૂળની ડમરી, પટારો ભરાઈ જાય એટલાં લૂગડાં,

રાંધણિયું, નાક સંકોરવું, ગામથી અલાયદું ખોરડું, ખેતરવા છેટે વરુડી માતાની જગા, સોણાં જોવાં, ઝાંપલી, ચોથીનો કાગળ, ઓરડી વગેરેથી જિતેન્દ્ર પટેલની વાર્તાઓમાં ગ્રામ પરિવેશ રચાય છે. તેમની વાર્તાઓનાં વિશિષ્ટ વર્ણનો વાર્તાનાં પાત્ર કે પરિસ્થિતિ રચે છે. તે જોઈએ તો –

- પારકી પંચાત કરવામાં અમારું ગામ આખા પંથકમાં જાણીતું. આમેય મચ્છુકાંઠાના ગામડામાં ખટપટ તો સૌની નસોમાં વહે. એમાં પાછું અમારું ગામ તો કામધંધા વગરનું. કોઈને વાડી નહિ. બધા સૂકી ખેતીવાળા, એટલે દિવાળી આવતાં તો બધા નવરા ધૂપ. તે ત્યાંથી ઠેઠ અષાઢ સુધી મારામારી કરવામાં સમય કાઢવો પડે. સારું વરસ આવ્યું હોય ને પટારામાં નાણું હોય તો બધાં સાગમટે ગંજીપો લઈને તીનપત્તી રમવા બેસી જાય. નહિતર પછી ઓટલા ઘસવા સિવાય બીજું કાંઈ કામ ન મળે. ગમે તેવી જાતવાળી બાઈ હોય, પણ એ રાંડી એટલે એનું આવી બન્યું કોકે તો એને ગામના કોઈ ઘરભંગ આદમીના ચૂડલા પહેરાવી દીધા હોય.
- ઘર અત્યારે નીરણ ભરવાના ખંડિયેર જેવું લાગતું હતું. મોટાભાઈના ગયા પછી ઘર ઘરતો રહ્યું જ નહોતું. પણ એમાંય અત્યારે તો ભીંત સિવાય મને કાંઈ દેખાતું નહોતું. ફળિયામાં એક વસૂકી ગયેલ ગાય બાંધી હતી.
- સડક પરના કાળમીંઢ પાણા સાથે પૈંડાની પાટ ઘસાવવાથી ચિત્કારભર્યો અવાજ આવી રહ્યો હતો. તો ક્યારેક વળી છોકરાઓના રડવાનો અવાજ.
- એકાએક એ સ્તબ્ધ વાતાવરણ ધબક્યું. ઝાંપાકોરથી કોઈનો હાંફળાં ફાંફળો પગરવ સંભળાયો. અવાજ કૂવાની દિશામાં દોડી રહ્યો હતો. પગલાં અગણ્ય હતાં. જાણે કોઈ માતેલો ઘોડો કૂવા તરફ ન દોડ્યો હોય.
- વીજળી પડે તોયે આઘુ ન રહે એવું કાળું ભમ્મર અંધારું ને મૂળસોતાં મોલ ઉથલાવી દેતો ગાંડોતૂર પવન, માથે જાતાં ગોળાનું પાણી ખખડાવી નાખતી ટાઢ ! રાત બાપડી આજ વગર વાંકે ઘામાં આવી ગઈ હતી. મેઘલિયા આભમાં ટમટમતા એકલ-દોકલ તારોડિયાની જેમ, અઢારેક વીઘાના અંધકારમાં એક નાનું એવું તાપણું છેલ્લા શ્વાસ લઈ રહ્યું હતું.

'પાવો'માં બાળમાનસને છતું કરતાં, 'ભાભી'માં સંબંધોની ગલીકૂંચીઓમાં, 'પાદરનો કૂવો' રહસ્ય ગૂંથતાં, 'દર' 'રંડાપો' વગેરેની સામાજીકતામાં સતત સર્જકે કાઠીયાવાડના ગામવિસ્તારમાં ખેતર,પાદર, પંખા, ઘર, સીમ વગેરેને શબ્દસ્થ કર્યાં છે. આ તમામે તમામમાં સ્થળને પાત્રોના મૂળભૂત સંદર્ભોથી તેના ભાવો રચીને પરિસ્થિતિઓનું સર્જન કર્યું છે. ગ્રામ પરિવેશમાં રચાતી આ

વાર્તાઓમાં મનુષ્યજીવનના સંકુલવિશ્વને સહજતાથી નિરૂપવામાં ગ્રામપરિવેશનાં તત્ત્વો એને અનુરૂપ કથકના નિરૂપણની ભાષા અને સથળસંદર્ભો વધુ કારગત નિવડ્યા છે.

**રઘુવીર ચૌધરી**ની વાર્તાઓમાં ગ્રામપરિવેશ સ્થળ તરીકે આવે છે ત્યારે તેમાં બહુ ઓછી વિગતોનો વણાટ હોય છે. વિગતોમાં મુખ્યત્ત્વે ખેતી પશુપાલન જેવો વ્યવસાય, રહેણીકરણી, વતમપ્રેમ નિમિત્તે સૌંદર્યસ્થળો વગેરેનો ઉલ્લેખ મળે છે. ગ્રામજીવનની સમસ્યાઓ મુખ્યત્વે આર્થિકપ્રશ્નો અને સામાજીક અસમાનતાને વિષય બનાવતી આ વાર્તાઓમાં પાત્રગત પરિવેશ ધ્યાન ખેંચે છે. આ પ્રકારનો પરિવેશ જેમાં છે તેવી કેટલીક વાર્તાઓ 'ખેતરમાંથી ઘરમાં' 'તખતી' 'સૂરાજીના સંસારની શરૂઆત' 'રવજી બચી ગયો' 'જીતુનું દુઃખ' 'સાંજનો છાંયો' 'ભગતની માયા' 'ભણેલી વહુ' વગેરે છે.

ખેડ, નવેડી, કાબરી કૂતરી, વરંડો, ચૂલામાં અંગારો, દાધારંગો, વગડો, ઠૂંડી, વાઢી રાખેલી ચાર, ગાયો દોહવી, કુમળી કુમળી ધરોની વાસ, ગમાણ, બત્રીસ કોઠે દીવા, ભેંશ રેંકી, વસૂકી ગયેલી ભેંશ, સંકર ગાયોનું છાણ, કોદાળી-કુહાડી-પાવડા, ટ્યુબવેલ, ઉદ્યોગપેટે જમીન, ટ્રેક્ટર, લોન, ભાણિયા, ગામ, સીમ, પરગામ, ગામગપાટા, આંબાવાડીયું, વહેમવાળી મિલકત, જીવંત ઝૂંપડી, બેન્કનો કાગળ, પાઘડી ઉતારે, ગામ જમાડવું, ઝેરી દવા, પ્રાથમિક શાળાનું નવું મકાન, માખણ જેવા આરસની તખતી, દારૂના નશા, પીઠું, ડુંગરાનો ઢાળ, પાંચ મણનો કોથળો, સહીં કે અંગૂઠાનું નિશાન, બીડીની આખી જૂડી પીવી, કંટરાટી, બોલાચાલી, ગાળાગાળી, મારામારી, પોલીસ ફરીયાદ, નોકરી માટેના ડોનેશન, ખરખરો, તેલના ડાઘાવાળામાં કપડાં, આંતરે વરસે અછતની પરિસ્થિતિ, વીજળીની ભારે ખેંચ, સંકરગાય ખરીદવાની લોન, ઘાસચારો, માની આંખમાં ન સૂકાતાં આંસુ, ગેરેજ, પેટ્રોલ-ડીઝલ અને બીજાં તેલની વાસ, ભેખડ, ગધેડાં કામવાળો વણઝારો, ઘરના ટોડલે આભલાંમાં તોરણ, ભાતીગળ ચંદરવાની ઝૂલ, ઓરડામાં માઝમરાતનો ખાટલો ઢાળવાની વેળા, ઢંકાઈ ગયેલી સોનાની બંગડી જોવાનું કાનાને મન, પાસબુકવાળી કોથળી, રાવણું, આંગણામાં ઊડેલી ધૂળ ઉબેટ, બી.એ.ની પરીક્ષા, ઢોરઢાંખર, છાણ-પાણી, ભક્તિગીત, ધ્રોળ, બીજવર, પાઠ્યપુસ્તકો, મંગળસૂત્ર, ફળફળાદિ, મીઠાઈ, પિયરનું સગુંવહાલું, ખેતમજૂરી, કોમી રમખાણો, અગિયારસો કંકોતરી, દૂધનો પ્યાલો, સેલફોન, ટ્યુશન, પાણીની કૂંડી, પાંચ તોલા સોનું, ચાર ધામની જાતરા, એક દિવાસળીએ બબ્બે સિગરેટ, માટલાનું ઠંડું પાણી, ચલમની ફૂંક, ચા-બીડી, રામધૂન, પંચાતિયાઓ, લીલીઝંડી, ટ્રસ્ટ, ત્રીજા વાસમાં કજિયાનો અવાજ, ફૂલવડી, ખાટલેથી પાટલે ને પાટલેથી ખાટલે, વિસામાના વલ્લે પરબ, ધોળામાં ધૂળ, ચૂંટણી, પેટા ચૂંટણી,

લોકશાહી, મેડીની અગાશી, કોલેજનું છેલ્લું વર્ષ, હોસ્ટેલ, બેડરૂમ, રક્તદાન શિબિર, વાચનશિબિર, કલાપ્રદર્શન, સ્કૂલ, ટેકરી, ઝરણું, છાપું, બ્લડગ્રુપ વગેરે દ્વારા બંધાતો આ વાર્તાઓનો ગ્રામપરિવેશ સઘન નથી. જરૂરી ચીવટપૂર્વકની, ખપમાં લીધેલી સામગ્રીથી બંધાયો છે. કોલેજજીવન અને પરંપરા, આર્થિક અસમાનતાઓ શોષણ, સામાજીક ભેદભાવો જેવા સળગતા પ્રશ્નો નીચે કચડાતાં પાત્રોની માનવીય ભાવસૃષ્ટિને અહીં ખડી કરી છે. એટલે આ બદલાયેલા સુધરતા જતા, શિક્ષિત એવા ગામડાને સ્થળપરિવેશ તરીકે પ્રયોજતી વાર્તાઓ મળે છે. આહ્‌લાદક વર્ણનો, સ્થળ સઘનતા અને પાત્રોનો આગવો મિજાજી પરિવેશ આ વાર્તાઓમાં મળતો નથી.

**દીપક રાવલ**ની વાર્તાઓમાં ગ્રામપરિવેશ સ્થળ-કાળ તરીકે પ્રયોજાયો હોય એવી મહત્ત્વની 'ઊભરો', 'લીમડો', 'બંધાણ' વગેરે વાર્તાઓ છે. કાઠીયાવાડની ધરતીની આ વાર્તાઓનું વિષયવસ્તુ સમાજ, સમૂહને લાગુ પડે એવું છે. લીમડાનો પ્રકૃતિપ્રેમ નિમિત્તે માનવસંબંધોની સંકુલતા પણ વણાઈ છે. ઊભરોમાં બાપુ નિમિત્તે સામાજીક બદલાવ છે. સ્થળકાળ સર્જતી વિગતો ખપ પૂરતી પણ ચોક્કસાઈ ભરેલી છે. ગ્રામસ્થળની કેટલીક વિગતો જોઈએ.

વંડી ઉપર બેસીને ક્રાં ક્રાં કરતો કાગડો, હોંકારો, ચલમ પીવાનું મન, ગામનું પાદર, ડાયરાના કહુંબા, ડેલી, ગડારામાં ડાયરો, મીણની જેમ ઓગળી જવું, ખલાસ થઈ ગયેલું અફિણ, પાઘડીનું ફીંડલું, સદાવ્રત, ત્રણસો બાકી, પહેરણની સાળ, આંતરડાના વળ, મધરે તાપે ઉકાળવાની ધખના, ચા-ખાંડ પેશાબમાં પલળી જવા, સાયકલની ઘંટડી ખખડાવતો ટપાલી, છાતીમાં ભરાયેલો ડૂમો, વાંસા પર હાથ, ઘટાદાર લીમડો, સરોવર, લીલાછમ પ્રદેશો, ધૂળની માયા, આંગણામાં તુલસીક્યારો, લીમડાની છાયામાં ઘરઘર રમવું, સળીયો અને લીંબોડીઓમાંથી ઘરનું ફર્નિચર બને, હક્કા-બક્કા થઈ જવું, પર્ણ મર્મરથી પ્રસન્નતા વ્યક્ત કરતો લીમડો, ઘી, ગોળ લસણની ચટણી, ઘીથી પચપચતો રોટલો વગેરેથી બંધાતો સ્થળ પરિવેશ ગ્રામચેતનાને આલેખે છે. એક વર્ણન જોઈએ:

- બાજુના ગામ સુંધી બસ આવે. ત્યાંથી ત્રણેક ગાઉ ચાલીને અમારે ગામ અવાય. ગામમાં પેંસતાં મારા કાકાનું ઘર આવે. અમારું ઘર ગામ વચ્ચોવચ. મારા બાપુજીએ માટીનું બંધાવેલું. બે મોટા ઓરડા, એક રસોડું, લાંબી ઓસરી અન મોટું ફળિયું. ફળિયામાં ઓસરી પૂરી થાય ત્યાં તુલસીક્યારો અને ફળિયાની વચ્ચે લીમડો. ઘટાદાર, લીલોછમ.

SMT. HANSA MEHTA LIBRARY

આ રીતે ગામડું અનુઆધુનિક વાર્તામાં સ્થળ તરીકે હોય ત્યારે એ સ્થળને એની સમગ્રતાથી નિરૂપી આપે છે. ટૂંકી વાર્તાના નાનકડા ફલકમાં એ સ્થળને જીવંત કરવાની પ્રયુક્તિઓ આ વાર્તાવિશ્વનો મહત્ત્વનો મુદ્દો બને છે. અહીં ગ્રામીણ વિસ્તારની રહેણીકરણી, રીતરિવાજો, ખેતી, પશુપાલન, માન્યતાઓ, વાવ-કૂવા, સામાજિક પ્રસંગો, તહેવારો, મેળાઓ, સંબંધોની આંટીઘૂંટી, આંતરિક ખટરાગ, પરંપરાઓ વગેરે વણાતું આવે છે. પરિણામે વાર્તાઓમાં આ પ્રકારના પરિવેશ વડે જ માનવસંસ્કૃતિનું અને માનવભાવોનું જે તે સ્થળ-કાળ સાથે જોડાયેલું એવું નિરૂપણ આ ગાળાની વાર્તાઓમાં વિશેષ પ્રમાણમાં જોવા મળે છે.

## ૩-ક-૧ (સ્થળ) – નગરપરિવેશ

અનુઆધુનિકકાળમાં ગામડામાં વસતા કે ગામ તરફનો અંગત લગાવ સતત અનુભવતા સર્જકોની વાર્તાઓમાં 'ગામડું' ઉત્કૃષ્ઠ રીતે નિરૂપણ પામ્યું. ગામડાના મોટાભાગના વિશેષો ને મર્યાદાઓને લઈને આ વાર્તાઓ લખાઈ-સર્જાઈ. પરંતુ આધુનિકતાના પરિણામે નગરના સ્થળ-કાળને આલેખતાં વાર્તાસર્જનો પણ એટલી જ બળકટ રીતે આલેખાતાં રહ્યાં. આ સમયગાળામાં નગરચેતનાને નગરના પ્રશ્નોને વિષય બનાવતી વાર્તાઓ સર્જાય છે. એમાં ફિલ્મો, ચિત્રકળા, ટેકનોલોજી, બજારો, આર્થિકવ્યવહારો, ઉચ્ચશિક્ષણ, વિદેશ વસવાટો અને પ્રવાસો, ગુજરાતના અન્ય રાજ્યો સાથેના સંબંધો વગેરે પરિબળોને કારણે વિષયોમાં જેટલો સાંસ્કૃતિક વ્યાપ જોવા મળે છે એટલું જ નિરૂપણમાં પણ ઊંડાણ-સૂક્ષ્મતા જોવા મળે છે. આ વાર્તાઓમાં આવતા પરિવારો બેડરૂમ કે બાથરૂમથી માંડીને બજાર, યુનિર્સિટી કે ઓફિસ અને તેના વ્યાપ સુધી નિરૂપણ પામ્યા છે. એટલે કે આધુનિકોએ અંકે કરેલી માનવચેતનાના બિંદુએ રહીને એ સંવેદનબિંદુને સંબંધિત તમામ વ્યાપને એ વાર્તાની ત્રિજ્યામાં રહીને નિરૂપે છે. પરિણામે આવી વાર્તાઓનો પરિવેશ ઝડપથી બદલાતા માનવજીવનને આલેખે છે. આ પરિવેશને ટેક્નોલોજી સાથે જોડતા જતા અને સતત પ્રવાહી રહેતા જીવનસંદર્ભ ખાસ કરીને બદલાતા સામાજિક માળખાઓ સાથે સીધો સંબંધ છે. એટલે જ આ વાર્તાઓમાં આવતાં ઓફિસ, બેડરૂમ, સોસાયટી, બજારો, કોલેજો, સામાજિક સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, જીવનજરૂરિયાતની જૂની-નવી ચીજવસ્તુઓ જેવી કે, ટી.વી., ફ્રિજ, મોબાઈલ, કમ્પ્યુટર, કાર, બાઈક, એ.સી., વોશીંગમશીન, હોટલોની ખાણી-પીણી, થિયેટરો, ક્લબ, પાર્ટીઓ વગેરેના કારણે બદલાયેલા માનવજીવનનો સંદર્ભ એક નવો માનવઈતિહાસ રચે છે. જેમાં માનવ માનવ વચ્ચેના સંબંધો બદલાયા છે પરિણામે જીવન જીવવાની પદ્ધતિઓ પણ બદલાઈ છે. જે આ સમયની વાર્તાઓના પરિવેશમાં વણાયેલી જોવા મળે છે.

નગરપરિવેશ જે વાર્તાકારોની વાર્તાઓમાં છે એવા આ ગાળાના પ્રતિનિધિ વાર્તાકારોની વાર્તાઓ જોઈએ તો આ ગાળામાં ટૂંકી વાર્તાના પરિવેશનિરૂપણનું સ્વરૂપ કઈ ભૂમિકાએથી, કયા જીવનસંદર્ભો લઈને અને કઈ સાંસ્કૃતિક અસરો લઈને આવે છે અને ટૂંકી વાર્તાના સ્વરૂપને વિકસાવતાં એનાં અન્ય ઘટકતત્ત્વોને કઈ રીતે જોડી આપે છે તેનો ખ્યાલ આવી શકે.

આ સમયગાળામાં સર્જાયેલી – પ્રકાશિત થયેલી **સુમન શાહ**ની વાર્તાઓમાં આધુનિકતાની અસરો ઓસરતી જણાય છે. કેટલીક તદ્દન આધુનિક માનવચેતના નિરૂપણ અને તેની પદ્ધતિઓ પર અવલંબતી વાર્તાઓ બાદ કરીએ તો અનુઆધુનિક યુગમાં પણ સુમન શાહની વાર્તાઓનું વિશ્વ એટલું જ પ્રભાવક રહ્યું છે. અહીં સામાજિક-સાંસ્કૃતિક પ્રશ્નોને કારણે માનવજીવનમાં, વ્યવહારોમાં, સંબંધોમાં આવતાં પરિવર્તનોને સૂક્ષ્મ નિરૂપણપદ્ધતિ વડે તેઓ આલેખે છે.

'ફટફટીયું'ના અનુવચનમાં તેઓ આલેખે છે :

- મારી વાર્તાઓનો પહેલો સંગ્રહ 'અવરશુંકેલુબ' (૧૯૭૬)માં પ્રકાશિત થયેલો, ૨૦૦૦માં એનું પુનર્મુદ્રણ. પછીનો સંગ્રહ 'જેન્તી-હંસા-સિમ્ફની' ૧૯૯૨માં. આ ત્રીજો સંગ્રહ 'ફટફટિયું' ૧૪ વર્ષ પછી, ૨૦૦૬માં. વાર્તાઓ મેં કોલેજકાળથી, વીસેકની વયે, ૧૯૬૦ આસપાસ લખવા માંડેલી ત્યાંથી ગણું તો ૪૫ વર્ષના દીર્ઘ સમયગાળામાં મેં, મારી વાર્તાઓ ઓછી લખી છે – માંડ પચાસ. સાત-આઠ જેટલી રાહ જોતી છે ને હવેનાં વર્ષો એમાં ને નવી વાર્તાઓમાં ખરચાય એવી મનીષા છે.

આમ, આધુનિકતાના આરંભથી માંડીને અનુઆધુનિકતાના ઉતરતા ગાળા સુધીના સમયપટ પર એમનું વાર્તાસર્જન ચાલ્યું છે. બન્નેની અસરો હોવાની જ. ભલે તેઓ કહે કે – હું આધુનિક કે અનુઆધુનિક જેવી કશી છતરી ઓઢીને વાર્તા લખવા બેસતો નથી – ૨૨૨ આ વાર્તાઓમાં બંનેના સ્થળ-કાળ-વાતાવરણ છે. જેને તેઓ આ રીતે ઓળખાવે છે.

- ટાઈમ એન્ડ સ્પેસ, સમય અને અવકાશ, એવાં તત્ત્વો છે જેથી વાર્તા રચનામાં વાતાવરણ અને સૂર બેના આવિષ્કારની શક્યતાઓ પ્રગટે છે. જેથી ક્યારેક વાતાવરણ અનુભવાય, તો ક્યારેક સૂર, તો વળી ક્યારેક બંને.

આ વાર્તાઓનું 'વાતાવરણ' સર્જે છે તે પરિવેશને સર્જતાં તત્ત્વો અહીં મોટેભાગે નગરનાં લેવાયાં છે. પાત્રો, પરિસ્થિતિઓ, પ્રશ્નો બધું નગરજીવનનું છે. ગામડું પણ નગર નજરે જોવાયું છે. આ પ્રકારનો પરિવેશ ઘડતી કેટલીક વિગતો :

અહીં 'જેન્તી-હંસા-સિમ્ફની' અને 'ફટફટિયું'ની કેટલીક વાર્તાઓને સમાવી છે.

બસ-સ્ટેન્ડ, વરન્ડો, ઓકે-ડાર્લિન્ગ-અચ્છા -કેરીઓન જેવા સંવાદો, વિન્ટોજીનો, વિક્સ, સ્કેર, પેન્સિલ જેવી પ્લાસ્ટિકની સ્ટિક, બજાર, દૂધની કોથળી, છાપું, ચાના કપ, પાંચ-દશની બસ, ટાઈપિસ્ટ છોકરી, બ્લડ-યૂરિન-સ્ટુલ ચેક અપ, નેશનલ પાર્ક, બાંકડો, પીળી રેતી, ઘેરા સ્ટેલ કલરનો રસ્તો, આડેધડ વધી ગયેલા તડબૂચો, સફારી, ટિપોઈ, રિસ્પોન્સ, ટ્રેમાં ગ્લાસ, રિક્ષા, વીજળીઘર, આઈસ્ક્રીમ, આંટા મારવા, ફિગર, ફ્રિજનું હેન્ડલ, વલકુડો, કપ-રકાબી, નાયલોન પેપરનો દોરો, મોંમાં પડીકી, વરન્ડામાં પિચકારી, રિવોલ્વર, પફ-પાવડર, ઓઈલ મિલ, એક્સ્ટ્રીમ, ડ્રોઈંગરૂમ, અગરબત્તીની ધૂમાડી, વરિયાળી, કલપ, હેલન કર્ટિસ, ગોદરેજ, સ્વીટહોમ, ફ્લાવરવાઝનાં ફૂલો, ઈન્ડિયા, યુ.એસ.એ., નવરંગપુરા, મહારાજા પેલેસ, ટોપફ્લોર, લક્ઝુરીયસ ફ્લેટ, મેઈન રોડ, કિચન, બાલ્કની, ડબલ બેડરૂમ, વાદળિયું હવામાન, બ્લેડ, સ્વિન્ગ, ઝાંઝરીયો ધબાકો, ચિત્રહાર, બેન્ક બેલેન્સ, ડોરબેલ, મેગેઝિન, મેઈનડોર, લિફ્ટ, કેક-સ્વિટસ, અલ્ટ્રામોડર્ન એન્જીન, વ્હાઈટ કમ્પ્યુટર, ખાલી પુલ, યુનિવર્સિટી હેલ્થસેન્ટર, ગામના સ્ટેશનના પાટા, ટ્રેક, સ્લિપર, ફિશપ્લેટો, અણિયાળા પથરા ગાદીમાં વાગે, પથારી, કોન્સેન્ટ્રેટેડ પીણાં, ડાયાબિટિશ, બાફલો, ચુસ્કીઓનો અવાજ, ઈસ્કોતરો, અબોટિયું, સ્વિચ ઓફ્ફ, રેલ્વેનો લોખંડનો પુલ, દીવાલ પરની ઘડિયાળ, શાહી ગુલાબી રંગનો હોઠ, નમતી સાંજની લૂ, ધૂંધળી સાંજ, ઘરમાં અંધારુ, એલિસબ્રિજ, દીવાનખાનું, સપનામાં જોયેલો લોખંડનો પુલ, શોપિન્ગ સેન્ટર,યુનિવર્સિટી કેમ્પસ, સવારનાં દહીંવડા, કાંદા બટાટાનું રસાવાળું શાક, ખીચડીનું કૂકર, પંખો, પંખાનો પવન, ડાયનિન્ગ ટેબલની ખુરશી, ગેલેરી, ચાંદની આઈવરી કલરનું નિસ્તેજ વાતાવરણ, હવામાં ખીચડી સોડમ, ડોરબેલ, ગુજરાત કોલેજ, કાંકડો, નાઈટગાઈન, જામનગર, ગાદીમાં જરાક રિબાઉન્ડ, કંકુ-સૂરમો, સરપ્રાઈઝ આઈટમ, ચકરાવા લેતું ચામાચિડિયું, ચેમ્બર, ટાપુ, લાકડાનું ગદ્દું રજવાડી ટેબલ, ટ્યુબલાઈટ, હેન્ડચિફ, બારીનો પડદો, વોશબેસિન, બગીચાની ભૂખરી સાંજ, હીંચકાના કડાંનો કીચૂડ કીચૂડ અવાજ, ઊતરતો નવેમ્બર, ચટણી, કાકડી, કાપેલું કચુંબર, ગડીબંધ પાપડ શેકેલા, વિક્સનું ઈન્હેલર, ક્રીમ કલરનું બુશર્ટ, બાથરૂમ, ટુવાલ, બનિઅન-અન્ડરવેર, બુટ-મોજાં, ફર્શ, બારીનો ખુલ્લો કાચ, બંધ ગેલેરી, વરિયાળીનો ચપટો, ધૂંધળો કાચ, ઝાડ, મેદાન, ડ્રોઈંગરૂમ, સોફા, 'ચિત્રહાર'ની હીરોઈનો, રેશમી જેવી શાલ, પીળચટા અંજવાસનું ચોકઠું, લાઈટની સ્વિચ, ફ્લેટનું ધાબુમ, મેઈનરૂમ, દાદરા, પાણિયારું, બુટ-પોલિસ, અરીસામાં જોઈ દાઢી કરવી, પાછલી ગેલેરી, સામેવાળા ફ્લેટની બારી, કરતાં કબૂતર-કબૂતરી, શરદપૂનમ, રોકિન્ગ ચેર, કીપસેફ, પર્ફ્યુમ્સ, ડાયરી, ટેબલક્લોક, સમયના

કાંટા, સોમવારનું મન, ડ્રેસિંગટેબલ, વૂલન ઓવરકોટ, રીબન, ચમ્પલ, ફૂટપાથ, વાહનોને રેડ સિગ્નલ, ખૂબ વરસાદ, ખાબોચિયું, બારીની ફ્રેમ, મોંઘી જરીની સાડીઓની ગડી, સોફાનો તકિયો વગેરે.

આ બધાથી એક પરિવાર સર્જાય છે, નગરપરિવાર. અહી નગરના ઘરમાં માનવમનને અસર કરતી, એ માનવસમાજનું અભિન્ન અંગ બની ગયેલી એવી ચીજ-વસ્તુઓ મળે છે. જે ક્યાંક ઉત્તેજે છે ક્યાંક સંકોરે છે. ક્યાંક હળવાશ આપે છે. બાગ-બગીચો-પંખીઓ-વૃક્ષો જેવા ઉલ્લેખો સિવાય કુદરતી વસ્તુઓ ઘણી ઓછી છે. એટલે એ નગરજીવનનો પરિવેશં છે. રીક્ષાવાળા, ફૂટપાથ, બજાર વગેરેમાંથી નગરસમાજ પણ વાર્તામાં જોડાય છે. જેન્તી-હંસાના જીવનને ઘડતી પાર્ટીની, ખાવાની પહેરવા-ઓઢવાની વિગતો-ચીજો જીવનના કેટલાય રહસ્યો ખોલે છે. કદાચ એમાં જ કેટલુંક જીવન ચાલે છે. તો સમસ્યાઓ પણ એમાં જ વણાય છે. હા ક્યાંક પાણિયારું, નમતી સાંજની લૂ વગેરે વીગતોથી ગામડાનો અંશ મળે પરંતુ નાયકના ડભોઈના મૂળિયામાંથી એ પ્રગટ્યું હોય. એકંદરે નગરજીવનનો પરિવેશ અહીં સર્જાય છે.

ફટફટિયુંની વાર્તાઓ જુદા જુદા પરિવેશે બંધાયેલી છે. નગર તો છે જ પણ સ્મૃતિમાં કે પ્રવાસમાં આવતું ગામ પણ છે. આ ગામ પણ નગર નજરે આલેખાયું છે. એટલે નગરપરિવેશમાં જ સહજ વણાય છે. એની કેટલીક વિગતો જોઈએ તો -

ટ્રેનનો ટાઈમ, કમ્પ્યુ-વિઝાર્ડ, સેલર, મૈત્રીકરાર, પોસિબિલિટી, આઈક્યૂ લાઈફ લાઈનનો ટેસ્ટરિપોર્ટ, ફૂદીનો, આદુ, ફ્યુચરિસ્ટ, ફોન, અબોર્શન, માઈક્રોસોફ્ટ સર્ટિફાઈડ, સર્ફિન્ગ, મગજના સ્ક્રીન, ગેલિસ પટ્ટાવાળી પ્હોળો પ્હોળી ચડ્ડી, ટેકન ફોર ગ્રાન્ટેડ, રેઝરમાંની બ્લેડ છુટ્ટી પાડીને ધોવી, ટુથફૂલનેસ, આફ્ટરશેવ, ઓરેન્જ ટી-શર્ટ, છલછલતું અંધારું, સ્કૂલગર્લ, યુનિફોર્મ, ચિક્કાર ટ્રેનો, ટ્રાફિકજામ, પાર્કિંગ લોટ્સ, કોલરપટ્ટીનું બટન, ઊડતાં સ્કૂટરો, બધું કમ્પ્યુટરરાઈઝ્ડ, ફેમિલિ – નેટ, સ્તન્યપાન બેન્કો, વીર્ય બેન્કો, ફોલેલું શિંગોડું, ચોકલેટો, લાલ લીટીઓવાળો સફેદ શર્ટ, અનાસિન, ક્રોસિન, લેવિસ્ટ્રા, લાફિન્ગ ક્લબ, વીપિન્ગ પિલ્સ, માન્ય સંસ્કૃતિ, ઈન્કોરિજિબલ ડીસીઝ, મોબાઈલ, માર્ગમાં દુર્ગંધ, મેટર-મેઝર, મોડેલિન્ગ, મેનુપુલેશન, નેનો ટીશ્યૂઝનું ઈંજેક્શન, વેલ કોન્ટેસ્ટ્રેટેડ, મલ્ટીસ્ટ્રેટા ચિપ, સત્ નારાયણની કથા, બદામ-પિસ્તાં-દ્રાક્ષની ભરમાળવાળો શીરો, સરપ્રાઈઝ પાર્ટી, લેન્ડલાઈન, બેડ, બર્થ-ડે પાર્ટી, મલમલિયા સદરાનું ગળું, કીચનમાં ચા, કબાટનો મોટો અરીસો, લીમડો, ડિશો, ચાના પ્યાલા, સુખડી, ટ્રે, કુંડળી, તડકાનો મોટો પડદો, પાનપેટી, નિવારણ ક્રિયા, લેંઘાનું નાડું, સિન્ક, પ્લાસ્ટિકની ગળણી, વરન્ડો, સિંગતેલનો સટ્ટો, કૂકર, ટોયલેટ-બ્રશ-નહાવું, એક્સિડન્ટ, ૩૦ની સ્પીડ, છાપું, માઈક્રોવેવ, મગ, એકાઉન્ટ, સ્કૂલ,

સ્કૂટી, મીટિન્ગો, કમોડ, કરકરો ટુવાલ, પ્લાસ્ટિક બોક્સ, અનડરવેર્સ અને લેંઘો-સદરો, વરન્ડાનું ડોર, રોટલીનો લોટ, ફ્રિજમાં ટીંડોડાં, લીટીવાળા કાગળોની ગડીઓ, બન્ધ બેડરૂમની દીવાલો, એલાર્મ ક્લોક, ઝામ્બિયા, જરી ભરતની જાંબલી કોરની સાડી, કપાળમાં કોરા કંકુનો ચાંલ્લો, સફેદ પ્હોળો પાયજામો, રિઝર્વ બેન્ક, હાઉસહોલ્ડર, ધનબાદ, આફ્રિકા, ચશ્માં, દવા, હાઇરાઈઝ્ડ બિલ્ડિન્ગોની હાર, ગ્રાઉન્ડ, લિફ્ટ, ઉડણચરકલડી કે ખિસકોલી જેવા સ્વભાવ, મુંબઈ, વી.આર.એસ., ઝોનલ ઓફિસ, બંધ વૉચ, સેલ, લાસ્ટ બિલ્ડિન્ગનો નવમો માળ, ફ્લેટ નંબર, નાઈન-થ્રી-ફાઈવ, ખાલી-ખાલી બસ, અમદાવાદ, એલ.આઈ.સી., દૂધની તપેલી, વઘાર, ઓફિસ, ગાઉન, સ્કૂટર, બાલ્કની, ટોનિક-વિટામેક્સ, ઝભ્ભો-નીચે જીન્સ પેન્ટ, મોં પર આછો મેઈક-અપ, ચાલવાના ખાસ બુટ, કશી-પરફ્યૂમ-કદાચ ચાર્લી, હાથમાં નાનો નેપ્કિન, અર્ન-લીવ, લાઈટ ઓફ્, બેડરૂમની બારી બહારનું આકાશ, પંજાબી-દુપટ્ટો, કાલિનનો બિઝનેસ, ટુવાલભેર, કાંદાબટાકાનાં ભજિયાંનો પ્રોગ્રામ, સમતા, ધનબાદ, શ્રીનગર, ઝામ્બિયા, ઓસ્ટ્રેલિયા, યોગ, પ્રાણાયામ, હાથની કસરત, ટ્વેન્ટી નાઈનનો ટીવી, નાકનાં ફોરણાંમાંથી વાળ ચૂંટવા, ફેશન-શોવાળી ચેનલ, ચા-કોફી, ઈન્દોર, વાજીકરણ, ભજિયાની ડિશો-ચાના મગ, પાણીના ગ્લાસ બધો હોલ સોડમ સોડમ, પેકિન્ગ, કચવાટ જેવો અવાજ, દસમાં માળનો ટેરેસ ગાર્ડન, હાઇરાઇઝ્ડનાં વન, પોપ્યુલેશન, લોકલ ખટારા, લેમન-ટી, લાસ્ટ પેસેન્જર, ખાંડના દાણા, સરસ મજાના લાલ ટેટાનાં લૂમખાંવાળો વડ, વડના બધા ટેટા, લિફ્ટના દોયડા, લેમન ટીનો ફલાસ્ક, નાયલોન-પેપરમાં બે-ચાર બિસ્કુટ, ડોરમેનની અલાયદી સીટ, કાળા રંગની કચ્છી શાલ, સફેદ મોતી ને લાલ-ભૂરાં કીડિયાનું ભરત-ઠેકઠેકાણે આભલાં ઝગમગ, છજું, લીમડે ચૂપચાપ બેઠેલો મોર, ફૂલકૂંડાં, ચાળીસમો બર્થ-ડે, બાજુવાળાનું કટાયેલા પતરાનું છાપરું, સોનચમ્પો, વાવનાં પગથિયાં, અર્મચેરમાં આકાશ, ફ્રકના ખિસ્સામાં રૂમાલ, ધૂળ ધુમાડાના ગોટા, નાની વયમાં બ્રેસિયર, વાળનું વન, દડબડ દોડતાં ઝરણાં, પહેલી ચા સાથે છાપું, પવનમાં બદબૂ, આગિયાનું ટોળું, પ્લેટફોર્મ નંબર – ૪, S-5 ડબ્બો, બર્થ-૨૦, ફૂટપાથો પર લોકોની આવ-જા, એનેક્સીની નવમા માળની ઓફિસ, સ્લિપર, બુટ-મોજાં, કાંડા પરની ઘડિયાળ, કાચ-બારી, સેન્ટ્રલ-સ્ટેશન, ખમીસવાળા કુલી, કાળા કોટવાળા ટીસીઓ, એનાઉન્સમેન્ટો સતત, બારીના આડા સળિયા, બે-એક ડબ્બાને અંતરાલે સ્ટોલ, બોટલ પાણીની, પૂણેરી સાડી, સ્લિપરમાં પગ પગમાં સ્લિપર, હળવા આંચકા સાથે ટ્રેન ચાલું, ધોળી ધોળી લાઈટો ઓફ્ફ, ટ્રેનની ઘેરાતી-ઘૂંટાતી ને આછરીને વેરાતી રહેતી ઢાંચાઢાળ ઘર્રાટી, અળવીતરી બારી, આપાત્‌કાલીન ખિડકી, ઈમરજન્સી એક્ઝિટ વિન્ડો, વિકરાળ ઈમરજન્સી ભુંરાટી, ભૂસ્કો, મેઈનડોર્સ અંદરથી બંધ, અંધારું પેસેજ, ટોયલેટ એરિયામાં લાઈટો ચાલું, ટોયલેટની હેન્ડલ-

પટ્ટીઓ, ઝટ્ઝિપર, ડબ્બા વચ્ચે હાલકડોલક જોઈન્ટ, ટેબ્લેટ, ઠાઠડીઓ, ઈ.ઈ.ડબલ્યુ, ઓફિસની કેન્ટિન, બાઈક, બારીમાંથી આવેલી ચકલી, અરીસામાં ચાંચો મારે, કોઠી, ફોન નંબર, સેકન્ડ કાંટો, પર્સ-ગોગલ્સ-કી-ચેઈન, વોટરબેગ, કમ્પ્યુટરનું મોનિટર, પેપર્સ-ફાઈલો-પેન-પેન્સિલ-ફોન, ચેર, ડિવોર્સી ભાઈ, રસ્તો-ટ્રાફિક-લોકો, રેસ્ટોરાં-સિનેમા-પાર્ક-વીકેન્ડ ટ્રીપ, બોરસલીનું ફૂલ, પેપરવેઈટ, ચોપડા, પેપર્સ, ઢેફાં, લાઈટલી વાતો, આરામખુરશી, ક્રીમ, રિબન, ઓઢવાની ચાદરનો ગોળો, ચેન્નાઈ કે સિક્કીમ જવાનો પ્લાન, ટેબલના ડ્રોઅરમાં કાર્ડ, રોન્ગ નંબર, હાઈ-વે, મોતીબાગનો બાંકડો, નડિયાદ, સૂરત, ભૂરા આકાશમાં મોતી, બેંતાલીસ વર્ષની કેરિયર, બે બાંકડા વચ્ચે પચ્ચીસેક ફૂટનું અંતર, તડકા, ફેક્ટરી, ચાંદોદ-નર્મદા, પી ડબલ્યુ ડી, સળેકડીથી ભોંય પર ચિત્ર, પદમ-તળાવ, પાશેર માટીની ખોટ, કોન્ટ્રાસ્ટ, સ્ટેનો, બાગનો ગેટ, આંગળાંનાં વેઢાંમાં કાપે કાપે છારી, મોતીબાગનો ગામના ઊંચલાણનો હળવો પવન, મગના પગીની છાપરી કૂવાની બાજુમાં જ, ચોક, દોડતો ભૂરો ઘોડો, એમ્બલમ, પગ-વાટ, થાળકૂવો, પોપટ ફળિયું, કાગળની નાની કાપલી, વીસની નોટ, બંટા ગોળીનો પરસાદ, કાંડા ઘડિયાળ, ઘર્રરાટી, પેસેન્જર, આઠમા માળના ફ્લેટની બાલ્કની, પીસી, હોલીડે વલય, ફીણ પરપોટાભરી ઝૂલ, ગ્રીપના ઝુલામાં ઝિલાયેલું મસ્તક ફૂટબોલ, નર-કબૂતર, ગેટની ગ્રીલ, ગેટના સળિયા, કોમન-પેસેજ, બ્લેક મોટર-બાઈક, કમ્પાઉન્ડ, લિસ્સી સપાટી, શહેરમાં ધસમસાટ ટ્રાફિક, બીડી, ફટફટિયાની કી ફટફટિયામાં જ, ટેન્ક, ટાઉનહોલ, બ્રેકફેઈલ, ખોટા નંબરનો ફ્લેટ, કેટરિન્ગવાળા, રી-કન્ફર્મ, ફ્લાવર્સને મુખવાસ, એમજી રોડ, ડાયરેક્શન, પ્રીમેરિટલ અફેર, પાર્ટીનો ઝાકઝમાળ, ક્લિક, સૂર્યાસ્ત, દરિયાઈ રાત, મોગરા ગુલાબની સેરોનાં તોરણ, એર-ફ્રેશનર સ્પ્રે, સસ્ટેઈન્ડ બાથ, કેબલ, બૂફેની ડિશો, રિપેરિન્ગ, પોલીસ ચોકી, ઉઘાડી સૂટકેસ, દુબઈ, પ્લેગ્રાઉન્ડ, ચામડી પર તલ-તલની છાંટ, ગર્ભપાત, સાઈકલો, સવારની ફ્લાઈટ, વીસીઆર, એડ્રેસ, બન્ધ બેડરૂમ, થાળીવાજાના ભૂંગળા, અંગ્રેજી ન્યૂઝ, વાટકી-વેવાર, પોલિસીની ફાઈલ, ટી.વી.-કબાટ, શોર્ટ-ટેમ્પર, ગાયત્રીમન્ત્ર, ચાવીઓનો ઝુડો, પાલવમાં છિદ્ર, જ્યુબિલીબાગનો દરવાજો, બાળમન્દિરના સફેદ યુનિફોર્મ, કિચનમાં દાળનો વઘાર, ટેન્શનની ગોળી, કેમિસ્ટ, ડિટરજન્ટ સાબુનો મઘમઘાટ, સો સોની ત્રણ નોટો, સિલિન્ગ ફેન- સાક્ષાત્ સુગન્ધનો પંખો, ચન્દ્રની ચડતી-ઊતરતી કલાઓ, લીલ લીલ જેવી ઈચ્છા, પવનની છતરીઓ, શુક્રનો તારો, માછલાંની જેમ ક્રિયાપદો છટકે, ડબલ-બેડ, સામે ત્રણ ચણિયાવાળી બારી, ધીમેકથી ભમતા જળચર, રિક્ષાની ઘરઘરાટી, મેઈનડોરના બારણાનો લંબચોરસ અવકાશ વગેરે...

આ વિગતો વડે વાર્તા બંધાય છે. પાત્રો સર્જાય છે ઘટનાને આકાર મળે છે. સૂક્ષ્માતિસૂક્ષ્મ વિગતોનો વણાટ અહીં છે. એનું મૂળ કારણ આધુનિકતાના સંસ્કારો છે. આધુનિક-અનુઆધુનિક વાર્તાની વચ્ચે ક્યાંક સ્થાન જમાવીને આ બધા કથકો બેઠા છે. જ્યાં દીવાલોને નિરખી રહેતા નાયક-નાયિકા છે ત્યાં એકલતા છે. એ એકલતા પીડતી હોય ક્યારેક ગમતી પણ હોય. 'જામફળિયામાં છોકરી' ડભોઈના ગામડે લઈ જતી વાર્તા છે. પણ આખરે મોતીબાગનો વિસ્તાર નિરખાય છે તો પેલી નગરની નજરથી જ. નગરપાત્રોના પહેરવેશ નાની નાની ચીજ-વસ્તુઓ લિપસ્ટિક, પીન, ચિઠ્ઠી, બીડી વગેરે વગેરે પાત્રોની માનસિકતા છતી કરતા જાય છે. ઘટનાના અંકોડામાં ગૂંથાતાં જાય છે. તો આફ્રિકા, ગોવા, અમદાવાદ, સૂરત વગેરે સ્થળોના ઉલ્લેખો વાર્તાને વાસ્તવ સાથે જોડી આપવાનું કામ કરે છે. અહીંની વાર્તાઓમાં એકદમ નગરવાસી બની ગયેલાં, નગરમાં ભળી ગયેલાં પાત્રો છે. એવું લાગે કે નગરને માણતાં-ચાહતાં પાત્રો છે. જેને કારણે સ્થળમાં વધારે સઘનતા આવે છે. વાર્તાની ક્રિયા કે ઘટના રચનામાં ભળી જતી આ વીગતો ઉપરાંત કેટલાંક ટૂંકા ટૂંકા પણ વાર્તાની ગતિને જાળવતાં વાર્તામાં ઓગળતાં વર્ણનો મળે છે. જેમકે –

- એના પ્રત્યેક બે વાળ વચ્ચેના અન્ધકારમાં સૂર્યનું પ્રત્યેક કિરણ ઓગળી જવાની ઉતાવળ કરતું
- રૂમમાં બધે ઘેરો અન્ધકાર છે. બારીના કાચની બ્હાર આખું શહેર ધીમું પડી રહ્યું છે. રાતના દસ વખતે હોય એટલું થાકેલું.
- ચમચમાટ ગ્રે કલરમાં બન્ધ અન્ધકારને અઢેલી ઊભો રહું, મને એમ થાય છે.
- સફારી તમને સરસ લાગે છે, છોટુભાઈ
- 'હંસાભાભી' બોલતાં મોંમાં આઈસ્ક્રીમ પડ્યાનું સુખ થતું લાગે છે.
- એની હથેળીમાં, સોપારી-કિમામ-ચૂનો-એકસોવીસ વગેરેની મિશ્ર સુગન્ધનો એક જાણે આખો કૂવો ખુલી જાય છે.
- ભૂરા આકાશમાં મોટાં મોટાં સફેદ વાદળો હતાં, ને તડકો આકરો થવા માંડ્યો તો. મને બપોરના એકાન્તનો સૂનો મૂડ આમ જ વરતાવા માંડ્યો...
- બેડરૂમની આ બારી, ને એની સામેનું ભૂરું આકાશ સાવ ગ્રે થઈ ગયું છે. વાદળિયું હવામાન નથી કહેતા ? ક્લાઉડી. પક્ષી વિનાનું આકાશ. અથવા શિકારને વિષે બેતમા એવી કોઈ સમડીનું ઊંડા આકાશમાં વ્યર્થ તર્યા કરવું.
- ઘૂઘરીનો એ છમ્મ ચૂરો અમારા બંનેની નજર વચ્ચે તોળાઈ રહે છે.

- ગલીમાંથી બિલાડી અંધકારમાં સરી જાય એમ, હું કશા દુઃખ વિના રાતની ભૂરી નિદ્રાના સમુદ્રમાં સરકી જાઉં છું.
- હું અને હંસા, રાતની નદીના જુદા જુદા કિનારા જેવાં પછી તો ક્યાંય લગી પડી રહીએ છીએ...ડબલબેડની વચ્ચેનો અન્ધકાર, કાળા બરફની પાટ જેવો...સવાર લગી ઓગળ્યા કરે છે. અમે આમ એકલાં એકલાં ઊંઘવાનું શીખી લીધું છે.
- એકાદ ફૂદું મને આખી રાત સતાવ્યા કરતું હશે, અરે, ચણિયામાં છેક અંદર ઘુસી ગયેલું !
- જેન્તી, ખરે જ વેલ્સેટ છે; કેલ્વિનેટર, ટી.વી., ઓનિડા, બધે જ પંખા ખેતાન, બેડરૂમમાં એરકન્ડિશનર, ગુલમર્ગ, શિયાળે ચોમાસે રૂમ હીટર બજાજ, કિચન ટોટલી મોડર્ન, નિકિનતાશા, સુમીત, મિલ સેન્ટ, અંજલી અને પર્લનો કિચનવેર, કોર્નવેલ મેલામાઈન ક્રોકરી, યુનિવોશ, ઈરાની કાર્પેટ ને ઘણું...જેન્તી પાસે એક જૂનું વેસ્પા હતું તે હમણાં જ કાઢી નાખ્યું. હવે જેન્તી-હંસા મારુતિકપલ છે. હંસાના કાન પર હીરાના કાપ છે. પ્રત્યેકમાં આઠ હીરા છે.
- આખા ઘરમાં લિસ્સી ચમકતી ઠંડી શાન્તિ.
- ઘરની શાન્તિ પોતાના ઘૂઘવાટમાં અમને ઓગાળવા માગતી હતી, પણ એનું પ્રત્યેક મોજું અમને અથડાઈને પાછું ફરતું હતું.
- ખિસકોલીઓ ધાતુની નથી હોતી
- હંસાએ મેઈનડોર સડાક બંધ કર્યું, ત્યારે ભચડાઈ ગયેલી લોકની ઠેસી કોઈ જાનવરના જેવું ચીખી હતી.
- હંસા, સામે આંબો દેખાય છે ?

  હા – હા.

  એ પરની કેરીઓ સફેદ છે ને ?

  હા, પણ ઉચ્ચણ્ડ છે સફેદ કેરીઓ,

  ઉચ્ચણ્ડ સફેદ કેરીઓ !

  હા !

  પછી હીંચકો ક્યાંય લગી ઝુલ્યા કર્યો.
- ટ્રેન મારા કાનમાં થઈને દોડી ગઈ. મારા હાથમાં સાંઢના પૂંછડા જેવું એના ધમધમાટ અવાજનું ગૂંછળું રહી ગયું
- ટ્રેન મારા કાનોમાં થઈને દોડી ગયેલી

- રોટલી ચાવવાના અવાજો પણ રોટલી ભેગા જ આવ્યા. પછી એ અવાજોને કીચનમાં મારા મોંમાંથી નીકળી અલગ અલગપણે ભમતા જોયા... હું બધું જ સાંભળતો રહ્યો ને ખાતો રહ્યો.
- ગરમ છતાં રેશમી જેવી પેલી હંસાવાળી શાલ ઓઢીને સૂઈ જવાનું. સૂતાં હંસાને યાદ ન કરવી, કેમકે નહીં તો ઊંઘના મારગમાં ઝીણા-ઝીણા ગોખરું કાંટા વેરાય...ને વાગે, તો પછી, મારાથી તો જગાયા જ કરે
- મારા હાથમાં હવે હંસાની એ ડાયરી. મને પરણ્યા પછી નથી લખતી. આતો એ કોલેજમાં હતી ત્યારની લખતી'તી એ ડાયરી – જૂની સૂકી ડાળખી જેવી – જાળી બની ગયેલી પીપળ-પાન જેવી. કોપીબૂકમાં દબાવીને રાખેલા પતંગિયા જેવી - ચીપટ ભંગુર, બટકણી...પણ બોલકી. દેવચકલીની જેમ એ જ ફૂલમાં ચાંચ ઘોંચ્યા કે બોળ્યા કરવી, જે એના પગની પકડમાં હોય...
- સોમવારને પણ એક વિશિષ્ટ પ્રકારની આબોહવા છે
- એને ગુલાબી સાડી, ગુલાબી બ્લાઉઝ, ગુલાબી ચણિયો, ગુલાબી અન્ડરવેર અને બ્રેસિયર પણ ગુલાબી જ ગમતાં. મને પણ ગમતાં. તે પ્હેરીને હું ટેરેસમાં ઊભી ઊભી વાળ બાંધી રહી.
- કેવો લુખ્ખો પવન !
- બધો કોલાહલ વસ્યો છે મારા મનમાં.
- એક મોટી ચીસ પાડી ચીરી નાખું આ શાન્તિને..
- ગેલેરીના ખુલ્લા આકાશ નીચે ડાયરી બહુ જૂની લાગી
- કાંસકાના બે દાંતા વચ્ચેની સૂની ખાલી જગ્યામાં હું દર્દભરી રીતે આંગળી ફેરવતી રહી
- સ્મિતાને જણાયું કે ચન્દ્રના ચહેરા પર હાસ્ય ચૉક થઈ ગયું છે
- ક્લિક કરવું એટલે વિસ્તરવું; એક પછી એક, ને અનેક - વિસ્તરતું ભાવિ પર્સિસ્ટન્ટ ફ્યુચર.
- પુરુષો ચાનાસ્તામાં વાયગ્રાને લેવિસ્ટ્રા લેતા હશેને સ્ત્રીઓ વગર ભૂલ્યે આપતી હશે.
- ઝાકળનું બિન્દુ પુષ્પની પાંખડી પરથી સરી જવાનો અવાજ તમારામાંથી કોને સંભળાય છે ? આદિવાસીને અમાસના અન્ધારામાંય એરુ ઝાંઝરની આંખ દેખાય છે
- ક્રાંઉઉઉ-ક્રાંઉઉઉથી ટેનામેન્ટનો એ આખો પછવાડો તડ તડ થતો ટોચાવા લાગેલો

- મેદાન સવારના મુલાયમ તડકે આકણ્ઠ છલછલ થતું તું.
- પીજીનો પિવાઈ ચૂકેલી ચાનો મગ ટેબલ પર થોડા અથડાટ સાથે મૂકાય છે
- ભોજન અને આનંદી અવાજોભર્યા કલબલાટ
- ફૂલકળી પાંખડીઓમાં ખુલે એમ શબ્દો કશામાંથી ખુલતા હતા.
- હશે માત્ર બારીએ ઊભા રહેવાનું એકલાં.

  વાહનો તો હશે...

  હશે માત્ર બેડમાં છતને તાકવાનું એકલાં.

  લાઈટ ઓફ્ફ્ કરી દેવાની ...

  બીક હવે જરૂર લાગે છે...એ રાતનો એ એકધારો વરસાદ ફરી ક્યારે...

  ડર હવે જરૂર લાગે છે...પેલા શિયાળાની પેલી અખણ્ડ રાત્રિ ફરી ક્યારે...
- સુભદ્રા ઓફિસેથી આવે છે, સ્કૂટર પર. નાહી લે છે ને પછી મિનિટો લગી સોફામાં પડી રહે છે. ગાઉનમાં હોય, દરદી જેવી લાગે. નજરને રસ્તે બાલ્કનીના આકાશે જાય અને પાછી આવે, પાછી જાય.
- સવારે આઠે ઊઠી જાય છે બંને. ચા ક્યારેક મોહિતભાઈ પણ બનાવે છે. બંને એકમેકને ગુડમોર્નિંગ કરે છે, હાથ મેળવીને. પછી છાપાં. પછી સ્નાન. જુદા જુદા બાથરૂમોમાં એ પછી બેન કિચનમાં, ભાઈ પોતાના ઓફિસ જેવા રૂમમાં - કશી ફાઈલોને જૂની જૂની ડાયરીઓ જોયા કરે છે. ભોજન જમીને બંને જણાં અરધો એક કલાક જપી જાય, બેન હોલમાં સોફા પર, ભાઈ બેડરૂમમાં. સાંજે ચાલવાનું, રાતે ટી.વી. જોવાનું. શોભનાબેન દસે સૂઈ જાય છે, મોહિતભાઈ થોડા મોડા ટી.વી. ચેનલોમાં ગમતું ગમતું ગોત્યા કરે, ઊંઘ આવી હોય તો પણ. શોભનાબેન ઘણીવાર કહે એમનેઃ હવે સૂઈ જાઓ. મોહિતભાઈ કહે, સૂઉં છું, તું તારે સૂઈ જા ને.
- ક્યાંક પાંદડાં ખરી રહ્યાં છે કશા અવાજ વગર. ઝાડ જોતજોતામાં ખાલી થઈ ગયું. કશે ગાંડો પવન ફૂંકાયોને હવામાં ઊડતાં થયાં એ બધાં પાંદડાં – ભેગાં, જૂથમાં, એકલદોકલ, તો કોઈ સાવ એકલું ઊંચે અટવાતું...
- અમારી વચ્ચે મૌન ઊભરાતું લાગ્યું.
- સામી બાજુને તે પાછળનો રોડ પણ રવિવારનો હતો - કોઈ રિક્ષા જતીતી. સાવ ધીમી ગતિએ. નજીકના લીમડા પર ચકલીઓ ચીંચીં કરતી તી. મારું વૉચ બન્ધ હતું. મેં નક્કી

કર્યું કે હવે વગર ભૂલ્યે સેલ નખાવી લઈશ. બધું સૂનું સૂનું હતું. ઉપર આકાશ ચોખ્ખું હતું પણ એય મારા માથે ગુંબજની જેમ ઝળુંબી રહેલું.

- આ કેસરી પવન તપાસો તો શામળી રજોની ઝાંય પકડાય.
- બસમાંથી ઊતરીને બંને બાજુનાં ખેતરોની પીળી લીલાશ વચ્ચે રસ્તો ખભે નાખીને ઊભો રહી જઈશ ચાડિયા જેવો, આ ઢળતી સાંજે
- મેં એકેએક કૂંડાને મારા દશમા માળેથી નીચે ફગાવ્યું...પડતું જોઉંને ધડામ્ તૂટે તેય જોઉં. મને બહુ મઝા આવેલી – તૂટીને બધું વેરણછેરણ ઠીકરાં, દરેક છોડનાં જીવતાં મૂળિયાં મને જોતાં વલવલે
- દસમા માળના ટેરેસની મઝા છે દોસ્ત. ડૂબતો સૂરજ ઊગતો લાગે ને ઊગતો ડૂબતો. હમણાં જ રાત કશા પરદાની જેમ સડસડાટ ઊંચે ચડી જશે.
- સાંજ પડે ને દોયડાં બિલ્ડિન્ગને અધ્ધર ઊંચકે છે ને રાતના દસ પછી ધીમે ધીમે કરીને સરકાવી ઝબોળી દે છે ઊંઘના કૂવામાં. રાતનો પરદો વધારે ઊંચકાઈ જાય છે.
- જાણે અમાસનાં અંધારાં બચકાં ભરે છે
- સદાશિવ સવારની પહેલી ચા સાથે છાપું જોતો હોય છે; બધું–એ-નું-એ; રાજકારણી નેતાઓના દાવપેચ, શેરબજારના ચડાવ-ઉતાર, સિને નટ-નટીઓ, રમતવીરો, ચોરી, લૂંટફાટ, તડફંચી, અકસ્માત, આપઘાત, બળાત્કાર.
- મેદાનોમાં તો આમ અન્ધકારના ઝુંડ ઊભાં છે, ગુફ્તેગો કરે છે છતાં બધું અવાક્ અબોલ છે આકાશ પણ કેટલું નીચું છે.
- બારી બહારનો આકાશનો ટુકડો સાંજની નરમાશથી ઢીલો પડી ગયો છે.
- વિસ્ફોટ, ફૂરચેફૂરચા ને પછી આગ, આગ ભડાકાને ભડકા, બૂમાબૂમ. અંધાધૂંધી. ચીસો બરાડા રોકકળ ને દોડા દોડી. એવું કંઈ પણ થાય ત્યારે આ ખિડકીથી-વિન્ડોથી-એટલે કે બારીથી નીકળી જવાય. પણ શું ત્યારે મેઈનડોર્સથી ? ના મેઈનડોર્સ અંદરથી કે બહારથી, બંધ કરી દેવાયા હોય.
- એણે જોયું, બધે રંગ લાકડુંને સામાન બળવાની વાસો ભમતી હતી, એમાં માણસના વાળ બળવાની, લોહીમાંસ શેકાવાની વાસો જુદી પડતીતી. આખા ડબ્બામાં એવો ગન્ધારો ધુમાડો ધૂમરાતો ગૂંગળાતો હતો – બહાર નીકળવાના રસ્તા શોધતો...

- વાડીમાં વહેલી સવારે તો કોઈ ન હોય – સિવાય કે ઝગમગતું એકાન્ત. ચકલાં, ખિસકોલીઓ હજી તો ધીમે ધીમે શરૂ થતાં હોય. પછી આવે લેલા. એમના મોજીલા કૂદકા – ધીરે ધીરે તાનમાં આવે લેલાંને કૂદકા થાય ઊડણફડાકા – અહીંથી તહીં ને તહીંથી અહીં. એકથી બેને બેથી ચાર-છ-આઠના જૂથમાં. કલબલ થાય કલશોર-ચાંચોને પાંખોની માર-કાપભરી કિકિયારીઓના કાફલા. જોતજાતામાં તો જામફળિયું શાન્તિમાંથી મીઠા કોલાહલની જાણે ફેક્ટરી.
- મોતીબાગનો ગામના ઊંચલાણનો હળવો પવન પણ જાણે સવારને તળિયે બેસી ગયો છે.
- ઓરેન્જનું શરબત ગ્લાસના આઈસ-ક્યુબ્સને હજુ ઓગાળતુંતું – અને થયું એટલે જ કદાચ ચૉમેર ઊભરાતા પોતાના મઘમઘાટ પર શરબતનો કશો કાબૂ નથી...
- કમ્પ્યુટરનો સ્ક્રીન એના રાખોડી – નીલા ઉજાસથી છલકતો રહ્યો – પ્રવીણને થયું આ તો એ જ છે સી-શોર પરનો એનો, એનો પોતાનો, રાખોડી નીલો સાગર.
- પોતે ખૂબ ખેંચાય એ અંદરને અંદર દોરી જતા કિનારાથી...પછી શરૂ થાય લીલી વનરાજી – પરંતુ એમાં, ખાબકું જાણે.
- સૂર્યાસ્ત જોતો જોતો ઊભો રહી ગયો છું કોઈ નાળિયેરીની ઝુંડ-છાપામાં-આંખ મીંચી જરી જપી ગયો છું ઊભાં ઊભાં ઊંઘી ગયો છું સ્હેજ, ડૂબતા સૂરજની સામે
- ફટફટિયું ધીમે ધીમે નીચે બેસશે અને રૂખડાની જમીનમાં ખૂંપશે. ટાયરોમાંથી હવા ઓછી થવાનું તો હંમેશાં ચાલુ હોય છે, કોઈ પણ વાહનમાં એટલે, એ પછી એ પર ધરતીનાં ધૂળ માટી જામશે, પડો ચડશે, ઘાસ-તરણાં એને છાવરવાનું શરૂ કરશે. પવનોથી, તાપ ટાઢને વરસાદથી ખવાવા માંડશે ફટફટિયું. અંદર લોઢું એનાં ક્ષારો ખાશે, કાટ એનો પીશે જમીનમાં રસકસ, બ્રેક ફેઈલ્ડ, મોટરબાઈક એક દિવસ હશે જ નહીં – ભળીને ધરતીમાં અલોપ થઈ ગઈ હશે.
- ડાળ બની એ મારા ભણી ઝૂલી રહે એની હું રાહ જોઈશ.

જોઈ શકે છે – મને મારા કમ્પ્યુટરમાં જવા દે –

જઈ શકે છે.

પછી રમા ગઈ. પણ પ્રવીણ બાલ્કનીમાંથી નીચે જોતો ક્યાંય લગી ત્યાં જ રહ્યો.

- પત્તાંની જેમ ફેલાવાયેલું છે મારું ઘર. ઘર તો કેમ કહેવાય ? - મારો ફ્લેટ – જો કે લક્ઝુરીયસ ફ્લેટ. વચલું પત્તું મેઈન છે, હોલ. એની જમણી બાજુનું માસ્ટર બેડ, ને એની

બાજુનું સ્ટડી. હોલની ડાબી બાજુનું પત્તું તે ચિલ્ડ્રનબેડ. એની પછીનું પત્તું તે ત્રીજો બેડ - ગેસ્ટ માટેનો કે કોઈને પણ માટેનો. એની પછીનું પત્તું મા કાળકાનું છે – દેવી પૂજાનો એ નાનકડો રૂમ મારી પત્ની રજનીબાળાના ચાલી ગયા પછી હું હંમેશ બંધ રાખું છું, એ પર મેં બારણાની સાઈઝનું એક લાબું ત્રાંબાનું ત્રિશૂળ જડાવી દીધું છે. એ પછીનું પત્તું તે સ્ટોર, ને એ પછીનું તે કિચન વિથ ડાઈનિન્ગ.

- આઠમા માળ પરથી ગ્રાઉન્ડ સૂટકેસ લાગે
- બિલ્ડરે દરેક ફ્લેટને વેસ્ટિબુલ એટલે કે એન્ટ્રેન્સ-કમ-સીટિન્ગ આપ્યું છે – એમ સમજોને કે ફ્લેટનું 'આંગણું' નાના ઝાંપલા જેવા ગેટના બંદોવસ્તવાળું, આંગણામાં મેં ઓફિસ, ફ્લાવર, બારમાસીને ખાસ તો કેક્ટસનાં કૂંડા રાખ્યાં છે.
- હું ઉપલા લેવલમાં એટલે કે ઢાંકણામાં ચાલું છું – ઢાંકણાને કિનારે કિનારે. એ કિનારે કિનારે લીમડા ઉગાડેલા છે – મેં ગણી જોયા છે, પૂરા છેંતાળીસ છે પંદર-વીસ પંદર-વીસ ફીટના અન્તરે ઊભા છે એ લીલિયા, પવનમાં આછું આછું ઝૂમતા
- ભેગું થઈને વધેલું અન્ધારું લીમડાઓના પગોમાં વમળાતું ઠરે એ વખતે કોઈવાર કોઈ અજાણ્યા પંખીનો ન ગમતો રહે કાટ. પળભરનો એ તીણો કર્કશ લસરકો પછીનો મને એ સળવળના સન્નાટામાં માત્ર મારાં જ પગલાંનો અવાજ સંભળાય...જેમ અત્યારે સંભળાય છે.
- રાતમાં મેં પાંચ-મજલી મકાન જેટલી લાંબી ટાઈમાં, ઘર જેવડા મોટા બૂટ પ્હેરેલા, ગ્રાઉન્ડ જેવડી વિરાટ સૂટકેસ હાથમાં ઝુલાવતા એક પ્રચણ્ડ મોટા માણસને મુંબઈ – અમદાવાદ મારા ફ્લેટ ભણી આવતો જોયેલો.
- બપોરનો ચડતો તડકો ગ્રાઉન્ડને વધારે ખુલ્લાણોવાળું બનાવતો હતો ને સાગરના જેવું ધીમો હલબલતો હતો. ભૂરા આકાશની પછીતે એનો રંગ પીળો તેજીલો ન્હોતો. નીતરેલા સફેદ બાસ્તા જેવો ને ઠેકઠેકાણેથી તીખુ ઝલમલતો એકધારું ઘૂઘવતો તો
- હવે પ્રશ્ન કૂતરા જેવો લાગે છે.
- આકાશમાં ઊંડે કઈ તૈણાં જેવાં ચકલાં તરતાંતાં. બાજુમાંથી થોડી નીચે ઝુલતી બોગનવેલની ડાળખી પવનથી જરા-જરા હલ્યા કરતીતી. મને દહેશત રહેતીતી કે એનો કોઈ કાંટો મારા ગાલે ઉઝરડો ના પાડી દે...
- અન્ધારું મેઈનડોરમાંથી પાતળા ઝરણાંરૂપે ઘૂસ્યું.

- લીલી લીલ જેવી ઈચ્છા પ્રસરી હતી.
- સીમમાં વૃક્ષે વૃક્ષે ક્રૂર કુહાડાના ઘા ચાલુ છે
- હથેળીનાં માછલાંની જેમ ક્રિયાપદો એના હાથમાંથી છટકી જતાંતાં
- ધોળે દિવસે બેડરૂમમાં લૅમ્પ અન્ધકાર – પ્રકાશ પ્રકાશ - અન્ધકાર ચમકાવતો તો.
- મેઈનડોરના બારણાનો લંબચોરસ અવકાશ લઈને બેડરૂમમાં પાછાં ફરતાં એને ઘણીવાર થઈ.
- હું જાણે સુવાસની કશી ડિશ
- ચડાવો ફાટેલો કન્ડમ પતંગ. દોડાવો કાણી જૂની નાવ, કશી નકરી રાવ, તોયે આવે તાવ-કદીક હન્ડ્રેડ તો કદીક હન્ડ્રેડ એન્ડ વન ટુ થ્રી ફોર
- પ્રાસ, પ્રાસ, પ્રાસ-પ્રાસ. એ ત્રાસનો ઉકેલ તે રૂમાલ, બીજો તે વીંટી, ત્રીજો તે પિસ્તોલ.

સુમન શાહની વાર્તાઓમાં રસાઈ ગયેલો આ પ્રકારનો નગરપરિવેશ મુખ્યત્ત્વે દામ્પત્ય અને તેની આસપાસ રચાતાં વિશ્વોને આલેખી આપે છે. ઓફિસ, મિત્રવર્તુળ, વર્તમાન સમય, ભાવિ, ભૂતકાળનાં સારાંનરસાં સંસ્મરણો અને તેની અસરો, વૈજ્ઞાનિક શોધોની જીવન પર અસરો, જીવનનો ઉલ્લાસ અને નિરસતા, સંઘર્ષની નાની નાની ક્ષણો વગેરે વગેરે વાર્તાઓમાં આવતું જાય છે. દીવાલોની અંદરનું વિશ્વ અને તેના દ્વારા જ અનુભવાતું દીવાલો બહારનું વિશ્વ તથા દીવાલો બહારથી દીવાલની અંદરનું વિશ્વ એમ નગરસ્થળને વિવિધ સ્થાનેથી અનુભવાતા આ વાર્તાઓના પાત્રોની વિશિષ્ટ ભાવગતિ વાર્તાઓની વિશેષતા બને છે.

**અનિલ વ્યાસ**ની નગરપરિવેશની દષ્ટિએ મહત્ત્વની વાર્તાઓ – હથેળી પર મસ્તક, મંકોડો, ડુગડુગી, નખપ્રશ્ન છે જેમાં નગરની વિવિધ વિગતો આ પ્રમાણે છે :

શ્વાનનું લાંબા સાદે રુદન, નદીમા પ્રવાહની જેમ આલાપ, ધરતી ફાટીને નરક, તારાનું ખરવું, કમળનું દેખાવું, પૂર્વમાં કાળા અંધકારનું તૂટવું, સ્ટ્રીટ લાઈટનું ઓલવાવું, કમળનું સતત ટપકવું ટપ...ટપ...ટપ..., બહાર વૃક્ષો અક પછી એક પસાર થાય, પલાશ, કરંજ, અશોક, તિમ્બ કે આમ્રવૃક્ષની માદક ગંધ, સૂર્યનો તડકો, કેસૂડાની કક્ષકલિકા જેવી ચૂની, ગળાની ચેનમાં પેન્ડલ, ઉષા જેવો હોઠ, ઉષા જેવું કપાળ, શ્વાસમાં મહુડાની સુવાસ, ઉદાસ હોવાનો ઢોંગ, કમળમાંથી લીલું લીલું લોહી દદડે, વાળ, સતત ચાલતું રહેતું વાતાવરણ, કબર, પોલાણ, બૂટની ધૂળ, આંખમાં કાંકરી, બારી બહાર દેખાતા દશ્યો, ખેતરોનો સળંગ પટ્ટો ટ્રેનની વિરુદ્ધ દોડે, ઈલેક્ટ્રીક એન્જિનમાં વરાળનો લય, વળાંકમાં ખસ્યે જતા ડબ્બાઓ, તીખી નજર, સમયની થપાટો, પુલ પરથી પસાર થતી ટ્રેનનો બેવડાઈ જતો અવાજ, ટ્રેનનો ખટ્ક...ખટ્ અવાજ, પાંદડું તૂટ્યાની વેદના વૃક્ષનાં મૂળિયાં સુધી

ખોજે, કામ, માઈકલ એન્જેલો, ક્ષણનો ટુકડો, કેફિયત, સાડીનો છેડો, ધડાકાભેર બારણું બંધ, વોટરબેગ, ઘડિયાળ, શરીરમાં મીઠી મીઠી તૂટન, ટીપે ટીપે ઝમેલું જળ, પાણીનો ગ્લાસ ટેબલ પર, પ્રગાઢ નીરવતા, ગરમાગરમ ચા, ગીઝરનું નરમગરમ પાણી, રસોડું, બારી બહાર તડકો, નાનકડો ગુલમહોર, મેગેઝીન, મનન, મોટુંમસ તળાવ, હોસ્પિટલના દર્દીઓ વચ્ચે થતી લાગણીની આપ-લે, લંબમજ્જા પર પડેલો ઘા, ચક્રવાતની જેમ ફૂકાતું સમયનું દળ, કાગળના ટુકડા, ફેક્ટરી, રાતનો ઉજાગરો, કાળા વાંકળિયા વાડ, ઋતુ, ડાળી વીંધીને ઉગેલી કૂંપળ, બાથરૂમ, સેન્ડલ, રૂમાલ, ધોમધખતો તાપ, લોખંડની ખુરશીનો ઘા, રણઝણતો સ્વર, ઘંટ, આખી રાત પવનનો સૂસવાટ, રેલીંગ, ભઠ્ઠીમાં શક્કરિયું શેકાય, આંગણામાં ઊભેલી ભેંસ, બારસાખ, તડકો, ઋતુનો રંગ, પેન્ટનું થીંગડું, વીંટી, બ્રશ, રજાઈ, પારિજાત, પગ વચ્ચે દબાવેલું ઓશીકું, નદી કીનારે પગલાંની છાપ, હાસ્યના પડઘા વાતાવરણમાં, પોમિથીયસ, કોલબેલ, સન્ન પવનની ઝાપટથી અમળાતી ડાળીઓ, વિરાટ પડછાયાનું નૃત્ય, વૃક્ષોના અવાજોથી ભરાતું વાતાવરણ, પહાડ જેમ ફંગોળાતો દરિયો, રૂમાલ, પંખાની ઘરઘરાટી, ગોરંભામાં એકાકાર શરીર, મૌનનો પડઘાટ, દીવાલે લટકતી લેમિનેટેડ તસવીર, ફુદાંના વાળ ફરફરે, ઓશીકે ચગદાઈ ગયેલાં ફુદાં, વાદળોનો ભીષણ ગડગડાટ, આકાશના બે ટુકડા કરતી તેજરેખા, પ્લાસ્ટિકના ટુકડા, ટિકિટ, ઓરડામાં પારાવાર શાંતિ, પહાડની ટોચ પરથી વહી જતો જળપ્રવાહ, બંધ પાંપણોની કિનાર, ઓરડાનો ઝાંખો પ્રકાશ, આમ્રકુંજમાંથી ટપકતી સુવાસ, ડોકાતું લીલુંછમ ઘાસ, સૂરજના કિરણો, સામેના મકાનનો ઝાંપો, શીતળ જળસિકરો, વરસાદમાં લખલખાંનો સાગર, ગાઉન, પોપચાં નીચે ઝળહળતી લાલિમા, પેટીકોટ, માનાં વસ્ત્રો જેવી દીવાલ, પલાશવૃક્ષો, વર્તુળ, લાલઘૂમ લોહી, વાતાવરણમાં ધીમો ગણગણાટ, ઘોડાની ચામડી, ઉજાસ, પાઘડી, વૃક્ષો, બારીઓનો ફટાકાબંધ અવાજ, આકાશનો ઉઘડતો સૂરજ, સ્ત્રવ, ચાબુક, બારી બહાર પીપળાનું વૃક્ષ, આંબલીનું ઝાડ, જ્ઞાનનું કલકલ કરતું ઝરણું, મંદિરનું પગથિયું, પીળાં સફેદ છાંટણાં, પ્રકૃતિનાં અભિસાર, હાથકંગન, આરસી, બકુલના છાંયે ખુરશી, કુંડળી, મંકોડો, ગુલમહોર, મહુલી, ધૂમ્રપટ, મીણ જેવો રેલાતો અંધકાર, આકાશને આંબવા મથતી ધૂળની ડમરીઓ, પગ-પથ્થર, ટૂંકુ કૂમળું ઘાસ, કાળી વેદના, ગાંડા બાવળની ગંધ, દત્તકવિધિ, માર્કશીટ, ખીલે બંધાયેલા પશુ જેવી લાચારી, લશ્કરનું થાણું, ઊંઘી દીવાલો, પત્રોની ફાઈલ, પથ્થરના અનિયમિત ટુકડા, પથ્થરનું નગર, ટેબલની ધાર, પ્લાસ્ટરમાં વીંટાયેલા પગ, ઘરની પોતીકી દીવાલની ઝંખના, શબ, પાર્સલ, બેગ, થેલા, મટકી, ડેન્જર ડિસિસ, મોઢે રૂમાલ, લાઉડ સ્પીકર બાંધેલી જીપો, રાજકોટ-અમદાવાદ-ભાવનગર-મુંબઈની બૂમો, ચિતાઓ, ચીનાઓ, ખાલીખમ વાસ્તવ, મોઢાં બાંધેલા સળિયા, અમ્બ્યુલન્સો, પોલીસ, સરકાર, ફ્લેટ, માસ્ક, પાઘડીના

છેડા, બુશકોટની ચાળ, શરીર ધૂળધૂળ, અરીસો ને ચોપડીઓ, દુપટ્ટો, બાથરૂમ, કશુંક સળગતું હોવાની તીવ્ર ગંધ, ગોદલાવાળું ગોડાઉન, કઠેરો, પોળ, બારણાનો મિજાગરો, ફાયરબ્રિગેડ, ઓરડો, ગૂંગળાવી મૂકતી બળતા રબરની દુર્ગંધ, સાયરન, બફારો, મોભ, ગરમ ગરમ પેશાબ, ડ્રેસીંગ, ઝેરી દવાની ગંધ, નિરાંતનો સળ, તિજોરી પર લગાડેલો મોટો અરીસો, ભગવાનના દર્શન કરવાનો રોજનો ક્રમ, ટેલિફોન પાસે પડેલું રીઝલ્ટ, ડાઈનિંગ ટેબલ, પીરસાયેલી થાળી, પ્લાસ્ટિકના કેરબા સપ્લાય કરવાનો ધંધો, નોટ-પેન્સિલ, ડિસિપ્લિન, સંગીતના ક્લાસ, સ્વિમિંગ, ડોરબેલ, ફોનની ઘંટડી, બારણે ટકોરા, ટીપોઈ પર ખાલી ડીશ, માદરપાટ, ચોખાની ઢગલી, બાજોટ પર લાલ થાપન અને ઘઉંનો ચોરસ બનાવી યંત્ર, નાગરવેલનાં પાન, દહેરાદૂન, કચ્છનો પ્રવાસ, વધેલું પાણી પીપળે, જમરૂખ, સફરજન, કાજુ, પંચામૃતથી પિંડની પૂજા, તુલસીક્યારે તૂટેલી જનોઈ, ચશ્માં, પેપરવેઈટ, કલ્ચર્ડ પીપલ, ચરસ-ગાંજાના અડ્ડા, તલાટી-કમ-મંત્રી લખેલું પાટિયું, ચાનો કપ ટેબલ પર, ફાઈલો પર ફરતી ઝડપભેર નજર, સ્કુટર ખિસ્સામાં નાનું બોક્સ, લાલ મખમલ, ખુરશી, લાકડાના નાના પાટિયા પર ડીશ, દૂરથી સંભળાતો વાહનોનો ઘરઘરાટ, પલંગ, ફૂટપાથ, ગ્રીન સિગ્નલ, લવલેટરો, સિગારેટની વાસ, ઈન્કવાયરી કાઉન્ટર, દશને પચીસની ટ્રેન, ચોરસ ફ્રેઈમના ચશ્માં, અમદાવાદમાં મકાન, મોતિયાનો ઓપરેશન કેમ્પ, શંખવટી, ઈંજેકશન, ડાકોર મંદિરના ઠાકોર, વઘારની સુગંધ, ઠાંસોઠાંસ ઘરબાયેલો ડૂમો, ચિઠ્ઠી, ઘાસલેટ, સ્ટેશન, બસસ્ટેન્ડ, હોટલો, ગેસ્ટહાઉસો, જાગૃતિ સંસ્થા, કાર, નારિયેળનાં છોડાં, છેલ્લો સ્ટીચ, એનસટીંગ, ફેક્ટરીઓ, સોડા-બાટલીવાળા, સોસાયટી, સંચા, પાવરલૂમ, સોનું-ચાંદી, લાલ દરવાજો, હીરા ઘસવા, બીડીના ધુમાડા, ગાયનના પ્રોગ્રામ, વન્સમોરની બૂમ, ઓડિયન્સ, ઘાટી બ્રાઉન લિપસ્ટિક, સંગીતની ધૂન, પાડોશનું મકાન, ટ્યુબલાઈટના અજવાળામાં ડોલતા લીમડા, અપોરેશન, તિજોરીમાં પૈસાની થેલી, રીક્ષા વગેરે...

આ વિગતો વડે સર્જકે નગરપરિવેશ સરજ્યો છે. અહીં પરિવાર, ઓફિસ, સંસ્થાઓ, સોસાયટી અને બજારો છે. જેમાં માનવસંવેદનો આકાર લે છે. પાત્રોના બદલાતા માનવસંબંધો, વિજાતિય આકર્ષણો, ઓફિસ-કલ્ચર જેવા વિષયો આ વાર્તાઓમાં નગરપરિવેશની આડશે નિરૂપણ પામ્યા છે. વાર્તાઓની બાંધણી નગરપરિવેશની થઈ છે કેટલાંક વર્ણનવાક્યો જોઈએ :

- બહાર વૃક્ષો એક પછી એક પસાર થાય છે. પલાશ, કરંજ, અશોક, તિમ્બ કે આમ્રવૃક્ષની માદક ગંધ...પક્ષીનું હારબંધ ડાંગરના ખેતર પરથી ઉડવું, કુંજનું ક્યારડા ખૂંદવું, દૂર...દૂર વિખરાતા જતા ધુમ્રપૂંજમાંથી જન્મતા આકારો...
- તારું નામ ઝીણું આક્રંદ કરે છે.

- ભીની હથેળી ચીરીને વાંસ કેમ પાંગરતા હશે
- ઈલેક્ટ્રીક એન્જિને વરાળ એન્જિનનો લય અને ડર છીનવી લીધાં છે.
- હોસ્પિટલમાં દર્દીઓ વચ્ચે થતી લાગણીની આપ-લે જોઉં છું.
- મકાનોની ભીડમાં કતારબંધ ઊભેલા સૈનિકો જેવા આસોપાલવ
- સગડી પર મૂકેલી દૂધની તપેલી પાસે એક વંદો મૂંછો હલાવતો હતો.
- આંખ ખોલીને જોયું તો ધોળી ફક દીવાલો તાકી રહી હતી.
- વાસણના તૂટક તૂટક ખખડાટમાં, સતત રેલાતા નખના અવાજમાં, હથેળીના ઘસરકામાં સમય ધોવાતો ગયો.
- ઘટક ઘટક ખારું ઉસ પાણી રસ્તાઓ ભેડતું ભીતર ફેલાવા લાગ્યું. એ નીચે હડસેલાતી અંધકારમાં ઘેરાઈ
- પહાડની ટોચ પરથી વહી જતો જળપ્રવાહ...તરસ તીવ્રતમ.
- એના ધ્રુજતા હોઠો પર બેઠું છે ગીત.
- માના વસ્ત્રો જેવી દીવાલો તાકી રહી.
- નીચે બળબળતા પથ્થરો વચ્ચે એક ચહેરો પડ્યો હતો. ચિરાયેલો, લોહી નીગળતો સામે ધડ ગબડતું જતું
- ચંપાનાં સફેદ ફૂલ ખડખડ હસી ઉઠ્યાં
- રાત્રી ચૂપચાપ એક પરિતોષ પીધા કરતી નાહ્યા કરે છે
- પારિજાતનાં ફૂલોની જેમ સમય ખરતો રહ્યો.
- પારિજાતનાં ફૂલનો ખરી પડવાનો અવાજ સુદ્ધાં સાંભળી શકાય એટલી શાંતિ.
- એક દરિયો કેટકેટલાં અશ્રુ પચાવી શકે ? - એ દરિયો, જ્યાં હું કદી ગઈ નથી.
- સામેના બંગલામાં માળી ખટ્ ખટ્ કાતર ચલાવતો વાડ સરખી કરતો હતો. ડાળીઓ કપાઈ કપાઈને નીચે પડતી હતી. નીચે પડેલી ડાળીઓને એ ક્ષણભર તાકી રહી.
- હવા ફેલાય એમ આખી ઓફિસમાં વાત ફેલાઈ ગઈ.
- સ્વાતિના મોં પર આશ્ચર્ય, ક્રોધ, ગૃણા એવા અનેક ભાવો બદલાતા રહ્યા
- બિલાડીનું બચ્ચું પકડે એમ એનો હાથ પકડી રાખ્યો.
- સિગારેટની વાસ જેવો રવિવાર આવી ગયો.
- વાદળઘેરા અંધારા વચ્ચે ગડગડાટ કરતું આકાશ. ઝગારા મારતી વીજળી અને તોફાની પવન વચ્ચે અમળાતા ઝાડ જેવી ઊભી હતી

- આંસુ અટકતા નહોતા. ઠાંસોઠાંસ ધરબાયેલો ડૂમો સરવાણી બની ગયેલો હોય એમ
- નાળિયેરીનાં છોડાં ઉખડે એમ કોઈ એકેએક નયુઓ ખેંચતું હતું
- એ સંગીતની ધૂનમાં ગોઠવાઈ ગઈ

આમ વાર્તાઓ નગરનાં પ્રકૃતિસ્થાનો, ઘરની એકલતાને વ્યક્ત કરતાં વર્ણનો, સંઘર્ષ દર્શાવતાં કલ્પનો વગેરેથી બંધાય છે. તું ઉષા છે, તારું નામ શું છે ? , આકાશ તરફ ઓગળી, અવજોગ, નખપ્રશ્ન, અવછિન્ન, હથેળી પર મસ્તક જેવી વાર્તાઓમાં તીવ્રતમ એવું વિજાતિય આકર્ષણ અને સંબંધનું ગૂંચવાયેલું કોકડું જ છે. પણ એ વ્યક્ત કરતાં ઘર એની દીવાલો, ટ્રેનની મુસાફરીનાં દૃશ્યો, ઓફિસની સામગ્રી, બાથરૂમ, પાણી, કેતકીનાં વારંવાર ઉલ્લેખાતાં ફૂલો વગેરે વડે ગૂંથાય છે તો ક્યાંક આ ભાવપ્રતીકોની જગ્યાએ ક્રોધ, આશ્ચર્ય, ઘૃણા જેવું ભાવોનું જ વર્ણન મર્યાદા પણ બની જાય છે. વારંવારનાં ઉલ્લેખાતાં સ્થળો વાર્તામાં નાવિન્ય આવવા દેતાં નથી. તો ઓરડામાં ચાલતી વાર્તા જળધોધ, ફૂલો, વાહનોની ધમાધમ સુધી પણ ફરી આવે છે.

**રમેશ દવે**ની આરંભની વાર્તાઓમાં ગામડા પ્રત્યેનો ઝોક જોવા મળતો હતો. પરંતુ 'જલાવરણ' અને 'તથાસ્તુ'ની વાર્તાઓમાં નગરજીવનના પ્રશ્નોને તેના પરિવેશ સમેત તેઓએ રજુ કરી આપ્યો છે. દામ્પત્યજીવન, જાહેરજીવન અને સામાજિક સમસ્યાઓને વિષયનિરૂપણ બનાવતી આ વાર્તાઓમાં અમદાવાદ, મુંબઈ જેવા ગીચ નગરો એનાં બજારો, રહેણાંકો, ઓફિસ, સંસ્થાઓ વગેરે સ્થળ તરીકે સહજ રીતે આવે છે. આ સ્થળસંદર્ભ રચતી કેટલીક વિગતોમાં સૂક્ષ્મતા જોવા મળે છે.

ઓફિસના ટી-ટેબલ, સેવાદળ, ક્રિકેટ, પ્રાઈમ મિનિસ્ટર, જાડા પોઈન્ટની ઈન્કપેન, વિઝિટીંગ સ્લીપ, જી.આર, રિસેપ્સનિસ્ટ, ચિત્રલેખાનો નવો અંક, વર્લ્ડરેકોર્ડ, લાકડું, લોખંડ, પિત્તળ, સ્કીન ગ્રાફીંગ, મેડીકલનું ત્રીજું વર્ષ, ટેમ્પરેચર, હોસ્પિટલ, ચા-નાસ્તાની ટ્રે, સુકાયેલાં કપડાં, ડાઈનિંગ ટેબલ, બાથરૂમ, ડેન્ટોબેક, ડેન્ચર, રુમાલિયા ટેબલેટ્સ, ઈંગ્લિશ ન્યૂઝ, કન્સલટન્સી, ડોક્ટરી તપાસ, લાલ-ભૂરી પેન્સિલ, લાદીથી મેલું થયેલું પોતું, ધોળી બીડીઓ, આકાશવાણીનું રેકોર્ડિંગ, લેચ-કી, પંખો કરવો, ફુલ સ્પીડ, વાહનોની ભીડ, પોલીસ ઓફિસર, રીક્ષાનું ભાડું, બસ સ્ટોપ, સોસાયટી, ધર્મશાળા, સેટેલાઈટ રોડ, દેશીવાડાની પોળ, સ્કુલબેગ, બારમાની પરીક્ષાના પેંડા, સ્ટ્રીટ પ્લે, સેમિનાર-વર્કશોપ્સ, સિન્દુરની બિન્દી, અગાશી, ગરમ મઘના પાણીના બબ્બે ફુવારા, આખી ભીંતે લગાડેલો મઘમઘતો બાથરૂમ, ફ્લેશબેક દશ્યો, સ્લીપિંગ પીલ્સ, કબાટમાંથી નવોનક્કોર ઈસ્ત્રી કરેલો ગાઉન, સ્કાય બ્લ્યૂ કલરનું છલોછલ ભરેલું ટબ, બધી દીવાલે બબ્બે લાઈટ, પાણી કોકરવરણું ને હૂંફાળું, લાકડાની કોતરકામવાળી ખીલીઓ, પાઇડન, લવેન્ડર, પાણી જેવા કાપડનો ગાઉન, મોસમનો પહેલો વરસાદ, ટ્રેમાં ગ્લાસ, પાઈનેપલ, ધુમ્મસ પારનું જગત, શ્વાસમાં સિગારેટની કડક

સુગંધ, સ્ટોરકિપર, ફેક્ટરીનો લેબર પ્રોબલેમ, ઘરનાળની જમીન, ફોટો, વિક્ટોરીયા ગાર્ડન, નર્સીંગ હોમ, કવર, બ્રીફકેઈસ, ટાઈ, રીડિંગલેમ્પ,મિશિગન યુનિવર્સિટી, પોસ્ટબોક્સ, અષાઢી હવા, ઈન્ડિયા ટુડે, ભૂમિપૂજન, રિસેપ્શન કોર્નર, બિઝનેસ, નાનકડું ગેસ્ટહાઉસ, ડાઈનિંગ હોલ, સોપારી ખાવાની મઝા, હોટેલનાં લફરાં, બે ટેબલ, ફૂલેલી આમલેટ, કાંદા-મરચાં, આબુનું ગેસ્ટહાઉસ, મોનોટોનસ લાઈફ, કડક કોફીનો મગ, સિરિયસ ઈજનેરીનો કેસ, એલ્યુમિનિયમની મોટી બેગ, બાજુનો કમ્પાર્ટમેન્ટ, ચેઈનપુલિંગ, ડિલિવરી, કોર્ટ, ફ્રેટ, અઢી લાખ ઘર ખાલી કરાવવાનો ખર્ચ, દાઢીના કરકરાવાળ, છાપું, મહિલા આશ્રમના લપેડા, નેપકીન, ઉલિયું, ડાઈનિંગ કાર, બેંકબેલેન્સ, સેઈફ ડિપોઝિટ વોલ્ટ, વોટરબેગ, મંગળસૂત્ર, તૂટી પડેલો કાટમાળ, લાગણીનું સાપોલિયું, સોફા, સાબુના ફીણ સાથે સરી જતી અવઢવ, નિરાંતે સૂતેલા સરોવર જેવું મન, ટાઈપ્ડ પેપર પર સહીસિક્કા, સોસાયટીના ચોકીદારે મારેલ બેના ડંકા, વિકાસગૃહ, કોલ્ડ્રિન્ક્સમાં મલાઈદાર લસ્સી, વેલથોટ પ્લાનિંગ, ટી-શર્ટ પેન્ટ, ગિફ્ટપેક, ડ્રોઈંગરૂમ, પેડાપેન્સિલ, ગાંઠિયા ફાફડાં, મોર્નિંગવોક, કાળા ગોગલ્સ, નાઈટલેમ્પના આછા અજવાળામાં ભદ્રના ચોકનું દશ્ય, બ્રીફકેસ, બ્રાનો પટ્ટો, મૃગજળ સમુ સુખ ઝંખાયા કરે, લંચ-અવર્સ, બ્રીચ ઓફ ટ્રસ્ટ, ટેક્ષી, ગીચ ટ્રાફિક, ગુલાબજાંબુની તાસક, લેડીઝ હોસ્ટેલ, સપ્તપર્ણીના ઊંચા ઝાડ, ઈડલી સાંભાર, પાર્ટીપ્લોટવાળા, રીક્ષા, બોપલ, સ્ટટેસ્ટિકલ ક્વેરીઝ, લાયનિયોન લાઈટવાળી જાહેરાત, બાથરૂમનું બારણું, લાલ સિંદુરીયા રંગના દાંત, બાગનો બાંકડો, વર્લ્ડબેન્ક, લ્યૂનાની કીક, કલકત્તાના કોઈ ઈન્ડસ્ટ્રિયલ હાઉસની જાહેરાત, સાધના-ઉપાસના, ઈન્ટરવ્યૂની તૈયારીઓ, કોડાઈકેનાલની વાતો, જૂહી-ચમેલીના ફૂલ જેવી ઉજળીને મહેંકતી દીકરી, સ્વર્ગ કાઉન્ટ, વેક્સિનેશન, બ્લડ, જિનેટીક એન્જિનિયરીંગ, મેડિકલ વર્લ્ડ, બ્લડબેન્ક, સી મેન, વીર્યદાન, બટેટા-પૌંઆ, કાળજાતૂટ કામ, વરસાદી હવામાં ઝુલતાં વૃક્ષો, રેફરેન્સબુક, એસે રાઈટીંગમાં શિલ્ડ, ક્રોસ-એક્ઝામિન, મોં પર વેદનાનું વાદળું, કોડલેસ ફોન, કોરોળિયાને જાળે કેદ થયેલી માખી સમુ તરફડતું મન, ડોરબેલ, ડાકબંગલો, બ્લોટિંગ પેપર, પેનમાંથી છલકાતી શાહી, એ, કોલંબિયા, ટોબેક, બ્લેક-બ્રાઉન તમાકુ, પેરેલિસિસ, ફોટોગ્રાફ, સેલોટેપ, કાટમાળના ઢગલા, એપાર્ટમેન્ટની વિશાળ લોન, લીંબુ ગ્લુકોઝના શરબતના ગ્લાસ, ઝેરોક્ષકોપી, હેરસ્ટાઈલ, કેરિયરનો ગ્રાફ, એચ.આઈ.વી. રોગ, બાલ્કની વગેરે વીગતો વાર્તાકારની સ્થળસંદર્ભ રચવાની કલામાં ખપમાં લેવાઈ છે. પરિવાર, ઓફિસ, નગરસમસ્યાઓ વગેરેને આવરી લેતી આ વીગતો પાત્રોને પરિસ્થિતિને એની આસપાસના વાતાવરણને ઘડે છે ને એમ વાર્તા બને છે. ક્યાંક નગરસંદર્ભ રચતી ને મનોવલણોની આડશે આવતી વીગતો રસસ્થાન બને છે. કથકના વર્ણનમાં આવી જતી આવી વિગતો જોઈએ તો –

- બહુ વર્ષે ઘર-ઓફિસ, કોર્ટ-કચેરી, ક્લાયન્ટની ઓફિસ અને ફોનની રીંગ વિનાની, નેવું દિવસની, નવી-કોરી કડાક ડાયરી જેવી જિંદગી સામે પડી છે.
- એ અંદર ગઈને સુગંધથી તરબતર થઈ ગઈ. બાથરૂમ કોઈ રાજરાણીનો હોય એવો સજાવેલો હતો. સ્કાય બ્લ્યૂ કલરનું છલોછલ ભરેલું ટબ, એની ઉપર બે ટેલિફોન,શાવર્સ. સામી આખી ભીંતે આયનો અને બધી દીવાલે બબ્બે લાઈટ. હાથ બોળ્યો તો પાણી કોકરવરણું-હૂંફાળું હતું.
- ટિક્ ટોક્...ટિક્ ટોક્...પેન્સિલહિલ સેન્ડલ્સ પહેરીને નિતંબ નચાવતા, બિન્ધાસ્ત કાઉન્ટર પર પહોંચીને અકળ પણ મોહક સ્મિત ફરકાવીને, રૂમનંબર કહી, ચાવી લઈ, પહેલી આંગળીએ પરોવી ગોળ ગોળ ઘુમાવતી ફરી એ જ ટિક્ ટોક્...ટિક્ ટોક્ કરતાં કરતાં લિફ્ટ તરફ અને નેપાળી લિફ્ટમેન તરફ સિગારટ ધર્યું મોં લંબાવીને સિગરેટ સળગાવી આપવાનું સૌભાગ્ય બક્ષી, લાંબા કસ પછીના ધુમાડાનું વાદળું એને જ સુપ્રદ કરીને...લિફ્ટમેને એના ચકચકિત બૂટને લિફ્ટની જાળી સાથે આછું અમથું ઘસીને અવાજ કર્યો. એ ચોંક્યો. કેટલા સમયથી લિફ્ટ આમ ઊભી હશે ?
- સાવ નિર્વિલ્પ અંધકારની ચાદર ઓઢીને સૂઈ જવાનું હતું પણ એ તો તારી ધારણા હતી માત્ર
- મન કરોળિયાને જાળે કેદ થયેલી માખી સમું તરફડ્યા કરે સતત પણ આજે તો જાણે લખતો હોઉં એમ લાગતું જ નથી; જાણે કે મન, વડલાને છાંયે બપોરી વેળાએ વાગોળતાં વાગોળતાં તંદ્રામાં પહોંચી જતા વૃષભ સમું મદઅસલ, નિરાંતે વીતી વાતોને યાદ કરતું રહે છે.
- ગળામાં ગળફા ખખડે તેવા કુત્સિત ધ્વનિઓ બે દિવસથી એ માંદલા ઘરમાં સંભળાઈ રહ્યા હતા
- સજોડે શબ્દથી પ્રાચી ચમકી. એના મૂક અવાજમાં પણ એક તડ પડી હતી.
- લોકો કહેતા :“ એ બહુ ખરાબ આદમી. જેની તેની બૈરીઓ પર ભૂંડી નજર...તીન પત્તીનો તો પૂરો ખેલાડી ! માનું કલેજું રાંધી ખાય એવો. ” લોકોએ મને બહુ ચેતવેલી.
- એના શબ્દો સંભળાતા “ ચાંદની રાતમાં ટગર ટગર અહાહા...ફૂલોની માદકતા શી વિસાત ? તારી આગળ તો સાવ તુચ્છ...તારા ગમે છે ને તને, કહે તો અબઘડી તોડી લાવું? બસ હુકમ કરો...તું હૂર...તું પરી...અપ્સરા, દેવી, પર્ણ, પુષ્પ, તું ઝાડ, તું વસંત, તું કવિતા, તું ઓમકાર, તું ગાયત્રી મંત્ર, તું ધરા, તું ગગન, તું સૂરજ, કિરણ, જળ, હવા, તું જિંદગી, તું મારું મોત... તું જ, તું જ મારું સર્વસ્વ ! ”

- ફૂલગુલાબી છોકરીઓની વાતો...ટોળકીમાં રંગત આવી ગઈ. કોલેજમાં આવતી છોકરીઓના મિનિ સ્કર્ટની વાતો, અવનવી હેર-સ્ટાઈલો, લિપસ્ટિકના શેડ, ઊંચી એડીના પટ્ટીવાળા સેન્ડલો, આઈશેડો, ડોકમરોડની ત્રીભંગી છટાઓ, લચીલી કમર, મદમદતી ચાલ, ન્યૂ અફેર્સ...ધક્ ધક્ ગર્લ, ચ્યૂંગમ, લોલીપોપ, ફૂલઝડી, એટમબોમ્બ, ડેરીમિલ્ક, એકેછપ્પન, પોપકોર્ન જેવી ખીજો...કાલિદાસની શકુંતલાથી માંડીને સેક્સી મેરેલિન મનરો સુધીની લાળ ટપકાવી દેતી વાતો ચાલી
- વર્ષો પહેલાં ધરતીના પોપડામાં દાટી દીધેલો તૃણ આમ એકાએક વાંસનો અંકુર થઈને ફૂટી નીકળ્યો... કેવી રીતે ?
- ધરતીની ધૂમ એવી તો ધગધગતીતી કે પગ જાણે સળગતાં અંગારવાળી રખિયામાં શેકાઈ રહ્યા હોય. સૂના આકાશમાંય બે-ત્રણ નવરી સમડીઓની હાજરી વર્તાતી હતી ને કોપ વરસાવતા સૂરજદાદા આગળ ટાઢા ટપ્પ વાદળા તો ડોકાય જ શાના ? જાનથી જાય...કૂવા કાંઠા પાસે પીપળાની હેઠે આવેલી મહાદેવની દેરીમાંય શંકર જાણે આંખો મીંચી આરામ કરી રહ્યા હતા, ને એવામાં રૂપલી પાણી ભરવા આવેલો રખેને કદાચ સિગાવલ મળી જાય !
- સ્પેશિયલ રૂમમાં બેબીનું પોસ્ટર એ કેટલું સરસ હતું

રમેશ દવેની વાર્તાઓમાં કલ્પના વિહાર કરતા નાયકોને બાદ કરીએ તો પરિવેશને જે રીતે ખપમાં લીધો છે તે માનવસંબંધોને નિરૂપવામાં મહત્ત્વનો પુરવાર થાય છે. ઓફિસ, પરિવાર, બજાર, સામાજિક પ્રસંગો, પોતાની મનોસૃષ્ટિ વગેરે સર્જતો પરિવેશ આ વાર્તાઓમાં છે. અહીંના નાયકો-નાયિકાઓ મહદંશે બૌદ્ધિક હોવાના પરિણામે પરિવેશની વિગતોમાં કલ્પના વિહાર પ્રવેશ્યો છે. પરિણામે કલ્પનો અને ઉપમાઓનું વૈવિધ્ય જોવા મળે છે. પોષાકથી માંડીને ઘર કે ઓફિસની રચાના સુધીની વિગતોને વાર્તામાં ગોઠવી દેવાનું કલા કૌવત સર્જકે પાર પાડ્યું છે.

**ભગવતીકુમાર શર્મા**ની વાર્તાઓનો સ્થળપરિવેશ નગર છે. પરંતુ આ નગર 'ટાઉન' પ્રકારનું છે. વૈભવી સુખ-સમૃદ્ધિઓ, આધુનિક ઉપકરણો અને સુવિધાઓવાળું આ નગર નથી. વિકસી ચૂકેલું ગામડું છે. અહીં વિગતોની ભરમાર નથી. નિરૂપણરીતિ પણ પરંપરાગત હોવાના પરિણામે વિગતોનો સાહિત્યિક પ્રયુક્તિ તરીકે વિનિયોગ નથી થયો. પરિવાર, કાર્યાલય, સંસ્થાઓ, અવસર-પ્રસંગોમાં રચાતો પરિવેશ વાર્તાઓમાં માનવ સંબંધોને મૂકી આપે છે. સંબંધોની આંટી-ઘૂંટી આ પ્રકારના નગરપરિવેશમાં રજૂ થઈ છે. આ પ્રકારના નગરપરિવેશને બાંધતી, રચતી વિગતો જોઈએ તો :

- અંધારકૂવો, ઢોલ, શરણાઈના સૂર, આસોપાલવનાં પાંદડાં, ધમકારો, સૂર, ચોરીની ગોળીઓ, રાતુ કમળ, ઝાંઝર પહેરેલાં પગ, સાજ-શણગાર, કથ્થઈ રંગનું નાળિયેર, નાગરવેલનાં લીલાંછમ પાન, ત્રાંબાના લોટાની ગુલાબી ઝાંય, રેવાશંકરના કપાળ પરનું કેસરી ચંદન, રાતી નાડાછડી, માહ મહિમાના ચન્દ્રનું દૂધિયલ અજવાળું, આંખોમાં તરતી સોનેરી માછલીઓ, પીળું પતંગિયું, બત્તીના ઝગારા, આંગણે સાથિયા, સંસ્કૃત શ્લોક 'शंखग्रीवा'..., રીડિયારમણ, ઉડણચરકલડી શી આંખો, લેટ્રિન, બીડી-સિગારેટના દમ, ઈંડા આમલેટ, ટેક્સ્ટ બુક, લવ-લેટર્સ, બાગ-હોટેલ-સિનેમા, reasoming નો પથરો, લંચઅવર, ડિપાર્ટમેન્ટલ ઈન્ક્વાયરી, નળરાજાને વરમાળા પહેરાવરતી દમયંતીનું ચિત્ર, કદરૂપો બાહુક, શ્રીફળ જેવું દશશેરિયું માથું, ધૂળિયા શાળા, કૌરવપાંડવની વાર્તા, દળીને ઢાંકણીમાં વાળવું, આંતરડી કકળે, પુસ્તકોની હોળી, છાંટા, ધોતિયું, ઘરનો ઉંબર વળોટવાનો પ્રયત્ન, હડકાયા કૂતરાની જેમ દાદર ઊતરી જવો, કિચૂડાતું બરણું, વગડાઉ રીંછ જેવું અંધારું, તવી પર ભાખરી, ટ્રન્કકોલ, હેમરેજ, ઝાડના થડને ચૂડ, આરામખુરશી, ઢળતી સાંજે કોફી, ટાગોરની ગીતાંજલી, છના ટકોરા, યાયાવર પંખીઓ જેવા પત્રો, ચમચીનો રણકાર, લૉંગ પ્લે રેકોર્ડ, ગણતરીના કલાકો, ઘરમાં ઉત્સવનું વાતાવરણ, બંગલામાં જાણે બે-નાળી બંદૂક લઈને કોક લૂટારુ આવી ગયો હોય તેવો સોંપો, વસાયેલા ઝાંપાની સાંકળનો કિચૂડાટ, ગામ-ખેતર-સીમ-લીમડા-ચોરો-આકાશ-આંબલી બધું જ પાંદડાં પરથી સરી જતાં પાણીના ટીપાં, ભીતર કશું હલબલે, આંખોમાં લોહી, દાંતનો કચવાટ, રૂંવે રૂવાંની આગ, ટુથબ્રશ, રોબોટ્સ, યંત્રયુગ, બોઝિલ મૌન, નાઈટડ્રેસ, કેલિડોસ્કોપ, રેકોર્ડ, સ્ટીરીયો, ટેઈપ, કેસેટ, ડોરબેલ, સુરતનું સ્ટેન્ડ, કિટ્સન લાઈટ, કંડકટર, ટિકિટ, કુંવારી સુગંધ, ઘંટડીનો રણકાર, વોટરબેગ, કૂતરાનું ગલૂડિયું, પૂરપાટ દોડતી બસના એક પૈડામાં પંક્ચર પડવાનો અવાજ, પીંચોટીયું, તમાકુના પાનની લાંબી પીચકારી, લોહી પીવું, છિનાળ, પાનના રેગાડા હડપચી પર, ખાટલે બેસી બીડી-સિગરેટ તાણ્યા કરવી, આંગણામાંથી પસાર થતી રીક્ષા, દાક્તરનો રીપોર્ટ, કેન્સર, નાનકડી શેરીઓ, જૂનાં ખોરડાં, અંધકારભર્યા મકાનો, રેકોર્ડોનો શોર, પોપટના ટોળાની જેમ કિલકારી કરતું મિત્રોનું ટોળું, ઝાકઝમાળ પ્રકાશ, મંડપમાં સુશોભિત ખુરશીઓ, ધુમ્મસમાં વીંટળાયેલાં સ્ટેશનો, તોરણ-મઢયાં દ્વાર, પગલામાં નીતરતો આત્મવિશ્વાસ, મંડપની ભીડ, બોમ્બે સેન્ટ્રલનું પ્લેટફોર્મ, ગાર્ડની સીટી, પાલઘર, ચંપલની ખીલી, ટ્રેન ચૂકી જવી, કઢીખાઉ ટેલિફોનની ઘંટડીઓ, કોલબેલ, હડતાળો, મોરચાઓ, ચોપાટીની સભાઓ,

પોલિયો, લસણની કરી, અલ્લાની ગાય જેવી બૈરી, દીવાબત્તી ટાણે આવેલું છાપું, રિસિવર સ્ક્રેડલ પર મૂકવું, સમારંભમાં હાજરી, અણગમાના કાદવિયા થરો, એક્ઝિક્યુટિવ્ઝ મદ્રાસનું ઈનોગ્યુરેશન, માઈક્રોફોનના રિક્ત પડઘા, અપ-ટુ-ડેટ ફર્નિચર, શાસ્ત્રો-દર્શનો-પુરાણો-ઉપનિષદો-મહાકાવ્યો અને વેદો, આંખોને આહ્‌લાદક આપતું લીલા વાંસનું વન, સ્પર્શનો રોમાચ, મૈત્રીનો સાક્ષાત્કાર, ભેંકાર ધરતીમાં નવા અંકુર, અત્તરની સુગંધ, કંકુ-ચોખા ચોપડેલું ફૂલોથી વીંટળાયેલું શ્રીફળ, હૈયાં હચમચાવી દે એવું રૂદન, શેષનાગના મુખમાંના ઝેર જેવી કટુતા, બટાટા-પૌંઆ, મોંનું સફેદ ફીણ, બે કોળિયા દાળભાત, બાથરૂમ-સંડાસ, ધખધખતી હૈયાં સગડી, નેઈલપોલિસ, વિન્ટરસ્ક્રીન, પરસ્પરમાં પરોવાયેલા શ્વાસોચ્છ્‌વાસ વગેરે નાની નાની જીવન સાથે જોડાયેલી વીગતો વડે સર્જકે વાર્તાઓ સર્જી છે. એમાં મહદંશે સંબંધોની આંટીઘૂંટીને શબ્દસ્થ કરવા માનવસંબંધોના વિવિધસ્થાનો રચી આપ્યા છે. નગરજીવનને સ્પર્શતા કેટલાક વર્ણનો વાર્તાને સ્થળપરિવેશ રચી આપે છે જેમ કે –

- આસપાસ લોકોની ભીડ જામવા લાગી હતી –એમના પગ પર, એમનાં કપડાંનું અડી જવું, ગંધ, ફરફરાટ, મુકાતાં-ઊંચકાતાં વાસણોનો ખડખડાટ, ગોઠવાતી - ખસેડાતી ખુરશીઓનો કિચૂડાટ, - આ કોઈકના હાથમાંથી થાળી પડી ગઈ
- આકુળ-વ્યાકુળ...કાસમ...ખોળિયું...ગળતેશ્વર છગદળ...સેંજળ, ઓળીઝોળી...પીપળપાન, ફોઈએ પાડ્યું નળકુંવર નામ.ટોળું...તોતળાજીની પોળ, શામળ બેચરની પોળ...લૂવાનું નાળું..કૂવામાં પાણી ડહોળું..દુંદાળા મહેતાજીની શાળાનું કાળું પાટિયું..... હોબાળો..... કાગારોળ...ભળભાંખળું..કાળો કામળો..અળવીતરાઈ..શીમળાના ઝાડની ડાળે લટકતું દોરડું... સળગતું અડાયું...હોળીની છેલ્લી પ્રદક્ષિણા. કુંડળી પર ફેણ પર મણિ...યક્ષપ્રશ્ન...યજ્ઞે ન યજ્ઞ મયજન્ત દેવાઃ...ફરીથી આકુળવ્યાકુળ...કાસળ...ખોળિયું.
- વધારે ઘેરું અંધારું વગડાઉ રીંછની માફક એમને વળગી પડ્યું. ડગમગતો કઠેરો અને દાદરનાં હચમચતાં પગથિયાં અત્યારે જુદી જ રીતે જાણીતાં લાગતાં હતાં ? આ બારસાખ...ઓરડો...અંધારા ખૂણામાંનો ખાલો – આ હમણાં ઊઠીને આવ્યો કે આવશે એક ઓળો!
- ઘીનો દીવો, પિંડ, દાનપુણ્ય, ગંગાજળ, તુલસીપત્ર, ગીતાપાઠ, ફૂલમાળા, ઘાટડી, ચુંદડી, નનામીનાં વાંસ-દોરી, ઘુમાતાં છાણાં, રોકકળ, લાંબાં ડૂસકાં, લૂછાતી આંખો, નાકની

રાતી ચોળી દાંડી, સફેદ-સફેદ-સફેદ વસ્ત્રો, માંદગીના એકધારા અહેવાલો, શબવાહિની માટે ટ્રન્કકોલ, ટ્રાફિકજામ, હોનૂની ચીસાચીસ, ચિતાના કેસરી ભડકાથી સળગી ઊઠતું નિર્જન નદીકાંઠાનું મેલું આકાશ, નદીના જલપ્રવાહમાં ઘસડાઈ જતાં અસ્થિ-રાખ, સીધું-સામાન, વાડી, પતરાળાં-પડિયાં, વાસણકૂસણ, શાકભાજીના ઢગલા, ચા-કોફીનાં ઉકળતાં તપેલાં, મજૂરણો સાથે કચકચ, ભદુકાકાની હોકલીના ધુમાડાની વાસ, સવ્ય અને અપસવ્ય, માળિયામાંથી શોધાતો દર્દ, શોકના પત્રોની થોકડી, સાલું ક્યાંય ભેરુના મોતનો અહેસાસ થતો જ નહોતો

- બસની બારીમાંથી એમના નિસાસાઓ જેવી લૂ ફૂંકાતી હતી. સહયાત્રીઓનાં શરીરના પરસેવાની ખાટી ગંધથી એમનાં નસકોરાં ભરાઈ ગયાં હતાં
- ઊતરતા શિયાળાની અને બેસતી વસંતઋતુની ધૂંધળી સાંજે શરણાઈની ચીસ, ઢોલનો ધમકાર, સ્ત્રીઓનાં ગીતોનો બેસૂરો બોલાશ, રેકોર્ડોના રાગડા, બાળકોનો કલશોર, મોટેરાઓની ઘાંટાઘાંટ અને આઈસક્રીમની રકાબી-ચમચીના ખણખણાટની વચ્ચેય હર્ષદરાયનું મન શિશિરની રાત્રિ જેવો સૂનકાર અનુભવી રહ્યું હતું.
- સમય જ ક્યાં છે ? એવા કશાક ઉદ્દગારો ઉંબરથી જ ઠેલી દીધાં હતાં ને બધાંને પોતે તો બોર્ડ ઓવ્ ડિરેક્ટર્સની મીટિંગ, એક્ઝિક્યુટિવ્સનું ગેટ-ટુ-ગેધર, મદ્રાસ ઓફિસનું ઈનોગ્યુરેશન, થાણાનું યુનિટનું ઓક્સ્પોન્શન, કલકત્તાના ગેસ્ટ્સનું એન્ટરટેઈનમેન્ટ, લેબર એપેલેટ, કોર્ટમાં હાજરી, ફેશન પરેડનું અતિથિવિશેષપદ, કૃત્રિમ સ્મિતો, વિવેકની વરખથી મઢેલા પોકળ શબ્દો, ઉષ્મબિહોણાં હસ્તધનૂનો, બળ વિનાનાં ઉપદેશો, ઊંડાણ વગરના સંબંધોની આસ્ફાલ્ટિયા ટ્યુબલાઈટિયા શેમ્પેનિયા જિંદગીમાં જ...

નગરજીવનના ઉતાર-ચઢાવ, સંબંધોનું છીછરાપણું, પ્રસંગોની ઝાકમઝોળ વગેરેની વચ્ચે ગૂંચવાતા, અટવાતા, કચડાતા માનવભાવોનું નિરૂપણ આ વાર્તાકારની વાર્તાઓમાં મળે છે. સરળ ભાષામાં નિરૂપાયેલ પરિવેશ વિકસતા નગરના પ્રશ્નોને સ્પષ્ટ કરી આપે છે.

આ રીતે નગરપરિવેશની કેટલીક વાર્તાઓના ઉદાહરણોથી સમજી શકાય કે આધુનિક નગરનો પરિવેશ મોટેભાગે નગરજીવનની યાંત્રિકતા અને સંબંધોની કડવાશને આલેખતો હતો. એ સર્જક એ પ્રકારની વિગતોને જ વાર્તામાં સ્થાન આપતો જ્યારે અનુઆધુનિક વાર્તાવિશ્વમાં નગરની રોમાંચક બાબતો, બદલાતા સંબંધોમાં અસર કરતાં યંત્રો અને પ્રસાર માધ્યમો, સંપર્કના સાધનો, વતનથી દૂર વિભક્ત પરિવારમાં જીવતા લોકોનું વિશ્વ છે અહીં કલ્પનો છે પરંતુ મોટેભાગે રોમાંચક કલ્પનો વાર્તાના રસસ્થાનો બનીને આવે છે. વધતા જતા અને ઝડપી બનેલા આદાનપ્રદાનને કારણે એનાં

સંશાધનો સંબંધોમાં પણ જે પરિવર્તન લાવે છે તેનું નિરૂપણ અનુઆધુનિક નગરપરિવેશની વાર્તાઓમાં જોવા મળે.

# પ્રકરણ ૩ (ક)

## ૨. સામાજિક પરિવેશ

ગુજરાતી ટૂંકી વાર્તાનાં અનુઆધુનિકગાળામાં માનવ માત્ર જ નહિ સમૂહોના નિરૂપણ તરફની ગતિ છે એટલે વિવિધ વર્તુળો સર્જાય છે. એ વર્તુળોને સર્જતા ઘટકોથી એ વર્તુળોની ઓળખ ઊભી થાય છે. આ પ્રકારની વાર્તાઓમાં મુખ્ય ત્રણ વર્તુળો જોવા મળ્યાં છે જે માનવસમાજ દ્વારા જ પીડા પામતા માનવ વર્ગોની સંઘર્ષકથાઓ બને છે. ગુજરાતી ટૂંકી વાર્તામાં આવાં ત્રણ મુખ્ય પ્રવાહો છે.

- દલિતચેતનાકેન્દ્રી ટૂંકી વાર્તાઓ.
- નારીસંવેદન નિરૂપતી ટૂંકી વાર્તાઓ.
- વિચરતી અને વિમુક્ત જાતિની તથા આદિવાસીની ટૂંકી વાર્તાઓ.

આ ત્રણેયમાં સામ્ય 'પીડા'નું છે. પ્રથમમાં કોઈ એક જ્ઞાતિમાં જન્મેલાં હોવાને કારણે, બીજામાં લિંગભેદનાં કારણે અને ત્રીજામાં કોઈ જ પ્રાથમિક જરૂરીયાતોના હક્કો કે ઓળખ ન મળ્યાની પીડાઓ વ્યક્ત થાય છે. સામાજિક પ્રતિબદ્ધતાનાં સિદ્ધાંત હેઠળ સર્જાતી આ પ્રકારની વાર્તાઓમાં જે તે વર્ગનો પરિવેશ જ જૈવિક ઘટક રહ્યો છે. એનું મુખ્ય કારણ એ છે કે આ પ્રકારનાં જીવનવિશ્વને આલેખતો પરિવેશ સરેરાશ જીવતા માણસ કરતાં અનેકાંશે જુદો પરી જાય છે.

### દલિતચેતનાકેન્દ્રી ટૂંકી વાર્તાઓમાં પરિવેશનિરૂપણ

દલિતચેતનાકેન્દ્રી પરિવેશ નિરૂપણની ટૂંકી વાર્તાઓમાં કયા પ્રકારનો પરિવેશ વાર્તાના ઘટકતત્ત્વ તરીકે આવે છે એ અંગે અભ્યાસુઓના મત જોઈએ:.

- દલિતોનું શોષણ, દમન, પીડા, વિદ્રોહ અને ગૌરવ જેવાં ભાવો દલિત સાહિત્યમાં સમાવેશ પામે છે. પરંતુ દલિત પરિવેશ અને દલિત જનસમાજનું સ્વાભાવિક ચિત્રણ (જેમાં દલિત નર-નારીઓના માનવ સહજ કામ, રાગ, દ્વેષ, ભક્તિ, સમર્પણ, શૌર્ય, સરળતા જેવાં ભાવોનું નિરૂપણ પામે છે) એમ સર્વ અંશોની અભિવ્યક્તિ દલિત સાહિત્ય જ કહેવાય. બલકે દલિત પરિવેશ મૂલક કૃતિ પણ દલિત સાહિત્ય જ કહેવાય. દલિતજનની ચોખ્ખી સ્પષ્ટ મુદ્રા જે કૃતિમાંથી પ્રગટ થતી હોય એ દલિત સાહિત્ય છે – ગુજરાતી દલિત વાર્તા (૧૯૯૫) અજિત ઠાકોર, રાજેન્દ્ર જાડેજા[૨૫]

- દલિત વાર્તાઓ દ્વારા ખડું થતું વિશ્વ દલિત સમાજના રિવાજોના રસપ્રદ નિરૂપણના કારણે પણ નોંધપાત્ર છે. – પ્રતિબદ્ધ (ભરત મહેતા)[૨૬]
- માણસને અપાયેલ જાતિને લીધે ઉદ્દભવતો વિચારભેદ, વ્યવહારભેદ, પહેરવેશ, રિવાજભેદ, એટલું જ નહિ ખાવા-પીવાની ટેવો, રહેવા-સહેવાની ટેવો, ઘરબાર, મહોલ્લા, ગલીઓ, ભગવાન, શ્રદ્ધા-અશ્રદ્ધા, સ્મશાન, કૂવા વગેરેને સામાજિક પરંપરામાં નિહાળવા પડે. દલિત વાર્તાને સમજવા હિન્દુ સમાજના છેવાડાના ઘર સુધી જવું જોઈએ. તો જ વાર્તાનો મર્મ પકડાય. - ગુજરાતી દલિત સાહિત્યની કેડીએ (દલપત ચૌહાણ)[૨૭]
- દલિત પરિવેશ અને તેની સામગ્રીને અનુલક્ષીને એ પાત્રો પણ સર્જે છે. પાત્રોના વાણી વર્તનમાં દલિતોની અસલ ઓળખ પરખાઈ આવે તે પણ મહત્ત્વનું છે. જેને લીધે જે સૃષ્ટિનું વાર્તાકાર નિર્માણ કરવા ધારે છે તે સૃષ્ટિજગત તાદશ ખડું થાય તેવા તેના પ્રયત્ન હોય છે. તેથી જ તો તે શોષિત – પીડિત વર્ગના પાત્રોની વાણી અને તેના બાહ્ય-આંતરિક વર્તનો આબેહૂબ ચિત્રણ કરતો જણાય છે. તેને લીધે આવા પાત્રો આપણને આબેહૂબ દલિત લાગવા માંડે છે. - ગુજરાતી દલિત સાહિત્ય : સ્વાધ્યાય અને સમીક્ષા (મોહન પરમાર)[૨૮]
- હરકોઈ દલિત સાહિત્યકાર માટે સમાજનિષ્ઠા હોવી જ જરૂરી છે. સામાજિક વ્યવસ્થાના ભોગે વેઠવી પડતી અકથ્ય વેદના, અન્યાયો પ્રત્યે શબ્દવિસ્ફોટ, તળપદી ભાષાનો સહજ વિનિયોગ, બોલાતી ભાષાની લઢણનો ઉપયોગ, દલિતોનું સ્વમાન-વાસ્તવને જીવંત કરતી ગાળોનો યથાયોગ્ય પ્રયોગ, દારૂણ ગરીબીનું નિરૂપણ, બેહદ આચરવામાં આવતી અસ્પૃશ્યતા, અનામત આંધીની લાગેલી ઝાળ, સાંકેતિક શબ્દબાણ, પ્રતિકાત્મક આલેખન અને ખેતમજૂરોનું થતું શોષણ વગેરેને ખપમાં લઈને તે અસરકારક રીતે વસ્તુને ગૂંથે છે. – ગુજરાતી દલિત સાહિત્ય : સ્વાધ્યાય અને સમીક્ષા (હરિશ મંગલમ્)[૨૯]
- મારી દષ્ટિએ તો દલિત સાહિત્યના પ્રાણપ્રશ્નો, સમસ્યાઓ, દલિતોની વેદના-સંવેદના, દલિતોની જીવનશૈલી, રીતરિવાજ, માન્યતાઓ, ખાણી-પીણી, અંધશ્રદ્ધા, પોતીકી બોલી, દલિત પરિવેશ, એમની ઝંખનાઓ, અરમાનો, ગૌરવ, ઉલ્લાસ, દલિતજનની આગવી ઓળખ અને વર્ણવ્યવસ્થાનો વિરોધ કરી માનવ માનવ વચ્ચે પ્રેમભાવના જેમાં શબ્દસ્થ કરવામાં આવી હોય એવી ભાવાભિવ્યક્તિવાળું સાહિત્ય એટલે દલિત સાહિત્ય. – દલિત કથાવિમર્શ (ડો. કાન્તિ માલસતર)[૩૦]

અહીં નોંધેલાં મતોમાં ભિન્નતા મળે છે. અજિત ઠાકોરનાં મત મુજબ દલિત જીવનની સર્વ બાબતો જે અન્ય માનવોમાં પણ છે તે નિરૂપતું સાહિત્ય એટલે દલિત સાહિત્ય;ભરત મહેતાના મત પ્રમાણે રિવાજોથી ખડું થતું વિશ્વ વિશેષ છે; દલપત ચૌહાણ ભૌગોલિક સ્થિતિની વાત કરે છે; મોહન પરમાર સમાજના આંતર-બાહ્ય ચિત્રને ખડું કરવાનું કહે છે; તો હરિશ મંગલમે્ સંપૂર્ણ સમાજનિષ્ઠાથી થતું નિરૂપણ દર્શાવ્યું છે; જ્યારે કાન્તિ માલસતર એક વર્ગની ઓળખના નિરૂપણની વાત કરે છે. આ તમામ મતોને સાંકળીએ તો એ મતોની મર્યાદાઓ દૂર કરીને જોઈએ તો દલિત સાહિત્ય એ એવું સાહિત્ય છે જે જન્મનાં કારણે અલગ પડતા માણસની સમગ્ર જીવનશૈલીને આલેખે છે. જેમાં દમન પામેલાં સમાજની જ વાત નિરૂપવામાં આવે છે, જેમાં દલિત પરિવેશ આગવી રીતે આગવી ઓળખ ધરાવે છે.

આ પ્રકારના સાહિત્યમાં નવલકથા, નાટક, આત્મકથા, કવિતા, ગઝલ, ગીત, એકાંકી, નિબંધ, રેખાચિત્રો વગેરે વગેરે અનેક સ્વરૂપોનું ખેડાણ થયું છે. સૌથી વિપુલ પ્રમાણમાં ટૂંકી વાર્તાઓ મળી છે. પચાસથી વધુ વાર્તા-સંગ્રહો અને દશેક વાર્તા-સંપાદનો થયા છે જે તમામમાં મળીને આઠસોથી વધુ વાર્તાઓ દલિત સાહિત્યમાં સર્જાઈ છે, જે એક બહોળું આંદોલનાત્મક સર્જન ગણી શકાય. આ વાર્તાઓમાંથી પસાર થતાં દલિત સમાજની આગવી ઓળખ ઊભી કરતો પરિવેશ જ્યાં કાર્યક્ષમ સાબિત થયો છે તેની નોંધ અહીં કરું છું.

ગાંધીયુગમાં જે દલિત સાહિત્યનું ખેડાણ થયું તેમાં બ્રાહ્મણ-પટેલ વગેરે કોમના સર્જકો મળ્યાં છે. તેઓ ગાંધીજીના અને કંઈક અંશે આંબેડકરના વિચારોથી દલિત સમાજ તરફ ખેંચાયા હશે, કદાચ દયાભાવ, ઉપકાર કે સમભાવથી દલિત સાહિત્ય સરજ્યું, એમાં તેમનો કેમેરા બહારથી ફોકસ કરતો હોવાથી દલિત સમાજનો પરિવેશ તંતોતંત ઝીલાયો જણાતો નથી. પરંતુ ગુજરાતના અનામત આંદોલનો, મરાઠી સાહિત્યનો પ્રભાવ, દલિતોમાં આવેલું શિક્ષણ, વાંચન અને સર્જન તરફનો ઝોક, પ્રસાર માધ્યમોનો વધેલો વેગ, મિલ-મજૂરો વગેરેની બેકારી, મેલું ઉપાડવા અને વેઠવારો કરવા સામે ભણેલા દલિતોનો વિરોધ, અનામતમાં ચૂંટાઈ આવેલા રાજ્ય-સ્વરાજ્ય સંસ્થાના ઉમેદવારો, ગામથી નગર અને નગરથી ગામ તરફનાં સ્થળાંતરો વગેરે કારણોસર દલિત સાહિત્યનો પ્રારંભ થયો અને ગુજરાતી દલિતચેતનાકેન્દ્રી વાર્તા પ્રકાશિત, સંપાદિત, સંશોધિત થવા માંડી. એના પૂર્ણ કલામય રૂપ સાથે પ્રગટવા માંડી ત્યારે દલિત સમાજનો પરિવેશ એના ઘટકતત્ત્વ તરીકે મહત્ત્વના કાર્ય સાથે ગુજરાતી સાહિત્યમાં સક્ષમ પૂરવાર થયો.

**મોહન પરમાર**ની નકલંક, કોહ, હીરવણું, કળણ, વેઠિયા, થળી, વાયક, રઢ, અશ્વપાલ-પીંગળા અને કાનજી, ઉચાટ, ભ્રમણા વાર્તાઓમાં દલિત પરિવેશ મળે છે. અહીં સ્થળ તરીકે ગામડું

હોવાથી બોલી, પહેરવેશ, રીતરિવાજ, વ્યવસાય વગેરેની વિગતોથી પરિવેશ બંધાયો છે. પરિવેશ રચતી વિગતો આ પ્રમાણે છેઃ

આંખે અંધારાં, વણાટ, રાચ, કાંઠલો, માટીની દીવાલ, ફણી, કાપડ પર ઠોકાતી પણી, ઊંચા-નીંચા થતા રાચ, રાચને બાંધેલી દોરી, વેજા, બીજા હાથે પકડેલી ગીલોલી, સાંભરતું અમદાવાદ, જાળી બારા, બખાડી, સૂર્ય આડે આવતાં અને પછી સડસડાટ પસાર થતાં વાદળો, હાકોટો, નકળંગવાળું ભજન, સુતરની ગાંસડી, બીડીનો કશ, દેતવા, ચૂલાગર, ખીંટીએ ભરાવેલ પહેરણ, સિત્તેર ગામનું પરગણું, પાઘડીઓવાળા આગેવાનો, હોકાનો ગડુડાટ, વેજા પર લબડી પડેલાં રાચ, પાવડીવાળા રૂમાલ વણવા, ખેતરમાં જ પાકું ઈંટોનું ઘર, માધ્યમિક શાળા, મેથીપાક, રોડના કૉન્ટ્રાક્ટ, વાઢવા-લણવાનાં દિવસો, ખીલેલા વક્ષઃસ્થળ, ગમાણ, અડપલાં, આંખમાં ઝળઝળિયાં, માળા, અવાવરુ ઘરની ઉખડેલી દીવાલ, બળેલાં ઘર, ગણપતિની સ્તુતિ, અલખપુરુષ વિશેની અટકળો, દૈવી ગૂઢરહસ્યોની વાતો, કૂચડો, સરૈયો, દિવાલમાં બેસાડેલું ભેંસનું શીંગડું, લટકાવેલો કોસ, કોસની સૂંઢ, કાંબી, છરીઓ, ચર્મકુંડ, ચામડું, વાસ, ઘઉં વાઢવાની મોસમ, હાથમાં દાંતરડાં લઈ ટોળે વળેલાં દાડિયાં, કોસની સૂંઢ, ઓળ, દિયોર, માથે રૂમાલ વીંટતાં વીંટતાં બોલવું, કોસ બનાવવાના 'ઑર્ડર', કોસનું કામ પડતું મૂકીને ઘઉં વાઢવા જવાનું મન, ચા-પાણીનો ખરચો, ખેડૂતોની કચકચ, ટાઢો છાંયો, આંબા નીચે ખાટલામાં ખેડૂત, કપાળે રેલાતો પરસેવો, ગરમીને લીધે આંખ નીચે કાળાં કૂંડાળા, દાતરડાંના ખચખચ અવાજો, મોટા પૈંડા પર સરરરર કૂવામાં સરતો કોસની કાંબીને બાંધેલો વરત, બહાનાના પાંચ શેર દાણા અને શેર તેલ, થાળું અભડાવવું, મનનો અંધાર ઉલેચવો, હડસેલો, તાંસળું, બીડીઓ ચૂસતાં વાતોનાં તડાકા, લીમડાના ડાળ પર ચાંચ ઘસી ઘસીને ચરકેલો કાગડો, તડકાનાં અડપલાં, કર્ણમધૂર કીચૂડાટ, અદ્ધર જીવ, પાલવ વડે આંસુ લૂંછવાં, ઓસરીમાં પડતો સૂરજનો પ્રકાશ, ભૂતકાળમાં ડૂબકી, અંગારા, છીંકણીનાં ફૈડકા, પછીતનો છાંયડો, ખભે ખડિયો, રેડિયો, સાંબેલાના ઘા, છાણથી લીંપેલી ઓસરી, તૂરીઓનું ટોળું, દારૂની દુર્ગંધ, લાલઘૂમ આંખોમાં વાસના ને ક્રોધ, ભેંસનાં બે શીંગડાં વચ્ચે બાંધેલી રાશ, દાતરડું, જસમા-ઓડણ, ભીંતની તિરાડો, વણકરવાસ, માંચડો, તલવારની પટ્ટાબાજી, બાપુ, દરબાર, મોં પર કડપ, વેઠિયા, ઉપાડેલ પગમાં જાણે બેડીઓ, મેલાં-ઘેલાં લૂગડાં પહેરેલી કાલાં ફોલતી સ્ત્રીઓ, સિંહ જેવી ત્રાડ, ખેડૂતોએ ગીરવે મૂકેલી જમીન, દારૂનો પ્યાલો, ભીંત પર ટીંગાડેલી બંદૂક, બીકના વાદળ, મ્યાનમાંથી ખેંચેલી તલવાર, હળફેટે ચઢેલું કૂતરું, માદળિયું, ઝાંપા આગળ રણકેલી ભૂંગળ, રૂંવે રૂંવે કામદેવ, ભફ ભફ થતી ફાનસની વાટ, હાથમાં ડોલચું, રોટલી, વાટકામાં શાક, મ્યુનિસિપાલિટીનું ઝાડું, છાંટો-પાણી, ટોપલામાં કચરાનો ઢગલો, સાવરણો, દરવાજે ઢૂંકવું, સંડાસની ભયંકર વાસ,

ઊભરાયેલી ગટર, કોરટમાં આંટાફેરાં, પહેરેલાં લૂગડે સફાઈ, ઘરનો બહિષ્કાર, દિવાળીના દિવસે હાથમાં થાળ લઈ માંગવા નીકળવું, આંખોમાં પાણી વળવું, ફૂંફાળા, જોરથી બારણું વાખવાનો અવાજ વગેરે..

આ પ્રકારનો સૂક્ષ્મ વિગતવણાટ મોહન પરમારની વાર્તાઓની વિશેષતા છે. વિગતોને કારણે સર્જાતી પરિસ્થિતિ કે વિગતો દ્વારા રચાતાં ઘર, પરિવાર, ધંધો, રોજગાર આ વાર્તાઓમાં સાર્થક બને છે. કેટલાંક વર્ણનો વાર્તાની સૂક્ષ્મક્ષણોને પણ આકારે છે તે જોઈએ:

- કોસમાંથી ટપકતાં પાણીની જગ્યાએ એને દળ દળ પડતું લોહી ભળાણું ને એ રોષમાં આવી ગયો, થાળામાં પાણી ભર્યું એમાં તમે હેના અભડાઈ જાવ છો ઠાકોર ?
- પીરતો અને પીરતી છૂટાંછવાયાં પડ્યા હતાં. બંને વચ્ચે અંતર હવે વધી પડ્યું હતું જીવીએ પોતાની સગી આંખે પોતાનું હીરવણું રદેફદે થતું જોયું.
- બારણા પર હાથ ટેકવીને તે ઊભી રહી થળીની આગળ ફેલાઈ પડેલી ઓસરી એને આહ્વાન આપતી હતી.
- ઊંચી થયેલી કુહાડી જેઠાનાં દેહ પર પડવાને બદલે જ્યાં ચિત્તાના પગલાં પડેલાં તેનાં પર પડી. જમીન પરથી ધૂળ ઉડીને જશુભાના મોં પર પડી, મોંમાં પડેલી ધૂળ થૂ થૂ કરીને થૂંકતાં શરીરમાં હતું એટલું જોર કરી એમણે ચીત્તાના પગલાં પર કુહાડીના ઘા ઉપર ઘા મારવા માંડ્યાં.
- ' હં...' કહીને કનકલતાએ મોંઘીના થાળમાં રોટલી નાંખી; શાક માટે છોકરાંને ડોલચું ઊંચુ કરવા કહ્યું કનિયાએ ડોલચું ઊંચું કર્યું, કનકલતાના વાટકાને ડોલચું અડી જતાં કનકલતાનાં મોં પર અણગમો ધસી આવ્યો.

મોહન પરમારની વાર્તાઓમાં પરિવેશની સઘનતા જોવા નથી મળતી પરંતુ આવતી વિગતો દ્વારા સર્જાતાં સંકેતો વાર્તાની ગતિને વધારે છે. આ રીતે વાર્તામાં ક્રિયા-પ્રતિક્રિયાનું કમઠાણ સર્જકે વિગતોને આધારે રચ્યું છે. ભરચક વર્ણનો દ્વારા વાર્તાઓને માત્ર રસાળ બનાવવાને બદલે વાર્તામાંની વિગતો દ્વારા વાર્તાને સાંધવી. સંવાદો, પાત્રો અને પરિસ્થિતિને સર્જવા સર્જકને વધુ ફાવે છે. સમગ્ર વાર્તાઓનો ભિન્ન પરિવેશ ધ્યાન ખેંચે છે. જેમ કે 'અશ્વપાલ-પિંગળા'માં ભજવણી, 'રઢ'માં અરણ્ય, 'કળણ'માં રજવાડું વગેરે વિશિષ્ટ પ્રકારના પરિવેશમાં રહીને શોષિત-પીડિતની વાત વિશેષતા છે. 'હીરવણું' 'કોહ' વાર્તાઓમાં ગ્રામપરિવેશમાં નારી પાત્રો અને પરંપરાગત

વ્યવસાયની મજૂરીની વિગતો વિશિષ્ટ સ્થળ-કાળ સર્જે છે. પરિવેશ ભિન્નતા આ વાર્તાઓની વિશેષતા છે.

**દલપત ચૌહાણ** ગામ અને નગરમાં જીવતાં તદ્દન તળ જીવનનાં રહેંસાતાં લોકોના જીવનવિશ્વને લઈને આવે છે. માનવ જીવનનાં તદ્દન અંધારા ખૂણાને પ્રકાશમાં લાવે છે. આ પ્રકારની તેમની વાર્તાઓનો પરિવેશ દલિત સમાજની બોલી, રહેણીકરણી, ધંધો-રોજગાર, ગૃહવ્યવસ્થા, પરિવાર, સામાજિક પ્રસંગો વગેરે દ્વારા બંધાય છે. આ બધું સર્જતી, રચતી વિગતો આ પ્રમાણે છેઃ

ઘર પાસેનાં ભીંતડાં પાસે હાંફતો કૂતરો, બંડી અને પંચિયામાં હાડકાંનો માળો, તમાકુ પીવાની ઈચ્છા, શીંગડાની બનાવેલી ખીંટી, તમાકુનો ભાથો, દારૂની ગંધ, માથે ફાટેલો મેલો સાફો, મરેલા ઢોરનાં ભોથાંની કાંકણી, માથું ફાડતી દુર્ગંધ, વિચારોનો હુમલો, પ્રથમ ગ્રાસે મક્ષિકા, આભડછેટીયું ભૂત, જેડીનો વરસાદ, બાંડીયાંના ખીસ્સામાં બીડી, કૂતરાંનું લાંબા રાગે રડવું, સ્મૃતિનો સળવળાટ, મરણપોક, ઉચાળા, સાણસા વચ્ચે આવ્યા હોય એવો ઘાટ, ખડિયામાં કાપડામાં વીંટેલું લાંબુ ટીંપણું, ચીબરી બોલવાનો અવાજ, ઘરની બિસ્માર ભીંતો, માંગી લાવેલાં વાળુંનો એંઠવાડ, આસ્ફાલ્ટની સડક, ટ્રેનની ચીસ, ઉકૈડો, એંઠી રોટલી, હવારની દાળ, રોટલાવેળા, વાણ ભરેલો ખાટલો, કેડમાં બાંડીયા નીચે સંતાડેલાં બે વાહણો, પોટલીમ કાંકળીઓ, બૂંગીયા ઢોલ, ધૂણવું, ઓરગણ વાસ, ભોંય ફેરવવી, ભીડમાં કોઈને અડી ન જવાય એની તકેદારી, મોઢાંમાં ફીણની પરપોટીઓ, અણગમાનું મોજું, સુક્કા બાવળનું આડું પડેલું ઠૂંઠૂં , ગોકા ઢેઢનો વચેટ, વાંહળીમ ભરીન આલેલા બસેં રૂપિયા, અઠવાડિયાનો મંદવાડ, મનઃપ્રદેશમાં હાલકડોલક થતી પરબડી, જિંદગીના તાણાવાણા, બામણશાઈ પાઘડી, બગલાની પાંખ જેવું કેડિયું, પગમાં પહેરેલી નવી સપાટો, ભળભાંખરું, લીમડાના ચારામાંથી કાપેલું જાડું દાતણ, બકરીના દૂધની ચા, જારના રોટલાનું ભાથું, બાધા આખડી, લાંબા રાગનો સેડો, વાંસનો ઝાંપો, ભીંતના ટેકે હોકલી, કચડાતાં પાંદડાંનો અવાજ, બૂમ, સાવ ખાલી નજર, પાણી માટેનો તલસાટ, પાંચગાઉં દળ મજલનો થાક, નળીયા આરપાર નીકળતો ધૂમાડો, ભૂખથી તાળવે જતો જીવ, કૂતરાંનો ભસવાનો અવાજ, પાડાનું શાક, અડધી બળેલી સિગરેટ, ઘરનાં માટીનાં ભીંતડા પર ચાંદરણાં, મોભ, આંગણામાં કોઈકના જોડાં અને બારણું બંધ, પડી ગયેલાં ઘરનાં ભીંતડાનો પડછાયો, તોરણ નાકું, સૂકાઈને કાળુ પડી ગયેલું લોહી, બ્રેડનો ટુકડો, ચામડાની પટ્ટી, હાથમાં તિકમ-તગારૂ વગેરે...

દલપત ચૌહાણની વાર્તાઓનો પરિવેશ બાંધતાં આ તત્ત્વોમાં માત્ર શોષણ જ નહિ પણ દલિત સમાજના વિશેષો પણ પ્રગટે છે. ધંધો, વ્યવસાય, જીવનરીતિ, રહેણીકરણી વગેરેને પરિવેશમાં ઘૂંથી લે છે. અહીં કેટલાંક મહત્ત્વના વર્ણનો, સંવાદો, કથનો પણ પરિવેશ રચે છેઃ

- ફાંટ ભરીને કોંકણીઓ આપતી નાનિયાની દાદી દેખાય ન દેખાય ત્યાં તો માધુસંગના ઘરમાં બફાતી કોંકણીઓની વાસ તેના નાકમાં ઊભરાઈ આવી.
- ડેંકલા પર ઘૂઘરીયાળી જેડી તાલબદ્ધ તડાતડ ઝીંકાતી હતી.
- હળવેથી રાત અને અંધારૂ હસી પડ્યાં
- 'જો હાંભળ, મૂય હું કરું ? આપણ રયા ઢેડ, એકઅ પાકી ઈંટ્યોનું બાંધીએ તો ગામવાળાનઅ સેનું હારું લાગઅ !'
- 'ઘર પંદર આથ ઉગમણું અનઅ દહ આથ ઓતરાદુ. આગેળ બારી મેલવી નઈ, હમજ્યો ! ભેંતે ગોખલાય કરવાના નઈ, કમાડ જોડો હાવ હાદો. જડતર વગરનો રાવણાનઅ બતાઈનઅ બાયણું બેહાડવું.'
- ઢેડવાડામાં રમાતી ભવાઈને દૂર બેસીને ઢેડ જોતાં. મુખી અને અન્ય કોમના લોકો ખાટલામાં કે આગળ બેસીને ભવાઈ જોતાં.
- માંગી લાવેલાં વાળુનાં એંઠવાડથી ત્રણેય જણા જમી લેતા, વળી ક્યારેક વાળુ વધારે મળ્યું હોય તો બીજા દિવસે બપોર સુધી એ એંઠવાડ ભોજન તરીકે ઉપયોગમાં લેવાતો.
- કાતર વછૂટી. હગગગ...હગગગ...હગગગ ! નાનું ધોળુમ પોટલું જાળા ઉપર ઉછળ્યું પટકાયું. ચિત્કારભર્યો કું...કું...કું...અવાજ વગડામાં વીખરાઈ ગયો.
- મુખીના ઘરમાં સોનાથી પવિત્ર કરવામાં આવેલ પાણીનો છંટકાવ કરી ઘરમાંથી ગંગા છાંટી આભડછેટ દૂર કરી, ગોદડી,ગાભાં,સાડલો વગેરે વાડામાં મૂકી આવી.
- આખું ગામ રુદ્રમાળ થઈને એમનાં પર ધસી આવતું હતું. આખું શરીર બિંદુ સરોવરમાં ધીમે ધીમે ઓગળતું જતું હોય એમ મૂંઝારો થયો.
- અચાનક ખીંટીએ ભેરવેલ ઢોલ ઊડવા માંડે છે. ઢોલ પર ગેંડીઓની ઝીંક પડે છે. એકાએક અંધકાર છવાઈ જાય છે.
- મીયોરનું લોહી ચૌધરીનાં દીકરાને ! ડોક્ટરની આંખમાં આંસું અને ખુન્નસ ઊભરાયા.
- તે ઘરની ભીંત પાસે બેસી ગયો. સાવ ચૂપચાપ, અંધકારને જોતો રહ્યો.
- 'વેઠીયાં નઅ કૂતરાં હરખાઅ...મૂં તો હારિસુ તે વાટકો રાસ્યો સઅ નકર ઈન ચાટમઅ ખાવાનું આલોય.'

- તાંસડામાંથી મોટો લોહીનો ટશિયો ફૂટતો હોય એમ...ટશિયો મોટો ને મોટો થવા માંડ્યો. ધ્રુજતું પૂંછડું...એકાએક ધબ્બાક...પાડો તાંસડામાં પટકાયો...આખા ઘરમાં પાડાના બોટા જ બોટા...દરેક બોટું લાલ લાલ લોહી જેવું...
- કાંટિયા વરણ કે વહવાયાનું જીવવું જ ધૂળ લ્યો પેલો સરપંચનો છોરો ધોળા દાડે જીવીના ઘરમાં પેઠો ઓસરીમાં પડેલા જોડાં ને બંધ થયેલું બારણું સહન ન થયું એટલે એણે સાંકળ મારી દીધી અડધા કલાકે બારણું ખખડ્યું ને વાસ આખાને ગાળોથી ભરી દીધી. 'તમારા માનાં ધણીઓ મું દરબાર છું ગમે એના ઘરમાં પેહું તમે રોકનાર કુણ ?'
- આખો બારૈયાવાસ ઊમટ્યો વાસ ભણી, જેના હાથમાં જે હથિયાર આવ્યું તે. લાકડી, ધારિયા, દંડા, કેરોસીનનો ડબ્બો...બાજ પડે ને પંખીઓ જેમ માળામાં છુપાઈ જાય એમ ઘડીના છઠ્ઠા ભાગમાં વાસમાં સન્નાટો છવાઈ ગયો.
- પિતા વહેલી સવારે ઊઠે, નાહી-ધોઈ, તુલસીક્યારે દીવો કરે, ક્યારેક રામાપીરનો હેલો ગાય કે કબીરના પદ લલકારે અને સાળમાં વણવા બેસે.
- ફરિયાદ કોના નામની કરવી ? ખાલી ખાલી ફરિયાદ કરવામાંય પાંચ - દશ રૂપિયાનું આંધણ મૂકાય. મુખી બકરું નહિ તો છેવટે કૂકડું અને દારૂ માંગે પછી ફરિયાદ લે.
- રામીએ મૂળા સામે હોકલી ધરી, મૂળો ચૂપચાપ હોકલીની ચલમના અંગારા જોતો રહ્યો.
- મારા દિયોરની આ આભડછેટ, જમીનમાં દટાયેલાં ભૂતનેય લાગે છે ?

આ રીતે દલપત ચૌહાણ તળ જીવનની અને મનનાં અતળની વાતો વાર્તાઓમાં લાવે છે. વાર્તાઓમાં બોલી એનાં મૂળ સ્વરૂપે જ આલેખાઈ છે. વિદ્રોહ પણ છે, કાળી પીડા પણ છે તો દારૂ જેવી લતની, જાતિય શોષણની શિક્ષિતોના માનસિક શોષણની અહીં વાત છે. દલિતોનો સામૂહિક વિદ્રોહ છે તો સવર્ણોના સામૂહિક હુમલાઓ પણ છે, દલિતોના દાવપેચ અને સામે છેડે દમન અને યાતનાઓના દાવપેચ છે. આ રીતે દલિતનો સમગ્ર પરિવેશ સંપૂર્ણ પ્રતિબદ્ધતાથી આલેખતા આ સર્જકે નગર અને ગામડું બંનેનો સ્થળ તરીકે વિનિયોગ કર્યો છે. પરિવેશ પાસેથી સામાજિકતા મનોભાવો અને કલા પણ સિદ્ધ કરાવી છે.

**હરીશ મંગલમ્**ની વાર્તાઓમાં પણ સંપૂર્ણ પ્રતિબદ્ધતા અને કલાસંયત્તા સાથે દલિત – પીડિત - શોષિત વર્ગની વેદના શબ્દસ્થ થઈ છે. વાર્તાઓમાં કલ્પનો-પ્રતીકો, નિરૂપણ ભાષા, કથકનું તાટસ્થ્ય વગેરે ધ્યાન ખેંચે છે. વાર્તાઓમાં આવતી વિગતો તળ પ્રદેશના ગામડાની છે. જીવનસંઘર્ષ ,અસ્તિત્વ માટેની મથામણ, વેદના, વિવમિષાને વાચા મળી છે.

વાર્તાઓમાં આંકોલ, બળેટા, વરપડું, મુદ્રી, જવાસી, ઘોસ, ગદાવવું, આફૂંડા, બલ્યાન, ફાંગ, કરાંજવું, અભડાવવું, લેફું, ચોપવું, નેનર, સલેપાટ વગેરે તળપદાં શબ્દોનો વિનિયોગ ઉત્તર ગુજરાતનાં દલિત સમાજને તાદશ કરે છે. તો કેટલાંક વર્ણનોમાં વેદના વ્યક્ત થાય છે.

- બેનીમા ઉપર આખું આભ તૂટી પડ્યું, પગ થંભી જાય તે પહેલાં યુગાંતરનો ભાર વેંઢારી આઘાં ખસ્યાં...તેમણે ઊંચે આભમાં જોયું તો સૂરજ ઉપર કાળાડિબાંગ વાદળ છવાયેલાં હતાં.
- ઈસુ ખ્રિસ્તનાં માથા પરનો કાંટાળો તાજ દિનેશના માથામાં ખૂંપવા લાગ્યો, મોંમાંથી તીવ્ર ચીસ નીકળી ગઈ, એની સાથે જ ઈસુ ખ્રિસ્તની આંખમાંથી નીકળીને ગાલ પર અટકેલું અશ્રુ ટપક્ દઈને દિનેશના ઢીંચણ પર પડ્યું.
- અંધારું પ્રગાઢ થતું રહ્યું. એ ક્ષણભાર તળે કચડાઈ ગયો. પ્રસરતો અંધકાર અને તલપ ગૂંછળાં બની વીંટળાઈ રહ્યાં – તલપ.
- મોટી આંકોલથી કચરો ચર ચર ચીરવા માંડ્યો. એક બે ઘસરકામાં તો પેટ ચીરી નાખ્યું. પેટમાંથી સરુરુરુરુ કરતી હવા વછુટી જ્વાળામુખી અચાનક ફાટી નીકળીને લાવા સાથે બધા પદાર્થો ધસી આવે એ રીતે હોજરી – આંતરડાં – ફેફસાં - કાળજું – બધું જ હફળફ્ લઈને બહાર આવ્યું. આંતરડાંમાં ભડ્ ભડ્ થઈ ગેસ નીકળી રહ્યો લાદાની દુર્ગંધ પ્રસરી ગઈ.
- હવે પેલું ટોળું 'ખોટું ખોટું' કરી રહ્યું હોય એવું લાગ્યું. ટોળુ ઘણું નજીક આવી રહ્યું હતું. 'ખોટું ખોટું' જોરથી કાનમાં અથડાયું શાંત ખેતરોમાં ખોટું ખોટું પ્રસર્યું 'ખોટું ખોટું' ચકરાવે ચડ્યું પવનનો સુસવાટો 'ખોટું ખોટું'ને લઈ ખેતરમાંથી પસાર થઈ રહ્યાં.
- હાથશાળનું ખટાખટ એકદમ ખોટકાઈ ગયું, નળો,પાવડીઓ પગ પર જડાઈ ગયાં. વિના રોકટોક સટ્ટાક સટ્ કરતો નળો વચમાં જ ફસાઈ ગયો.
- નખમાં કેટલાં બધાં જીવાણુંઓ ભરાઇ જતાં હશે ? તો ખરજવામાં કેટલાં હશે ? અસંખ્ય અગણિત. કેવાં હઠીલાં હશે... ગંધકના મલમની ચામડી બળીને ખાખ થઈ ગઇ છતાં જીવાણું પર કેમ સહેજે અસર થતી નથી. શું એની કોઈ દવા જ નહીં હોય ?

આ પ્રકારનાં દલિત સમાજની પીડાનાં પ્રતીકરૂપ કે સવર્ણ સમાજના પરંપરાગત ચાલ્યા આવતા સત્તાપરક અભિમાનના પ્રતીકરૂપ બનતા વર્ણનો, એની ભાષા, નિરૂપણ શૈલી, ખરજવું – વડનો ટેટો – આગ - ડાંગ જેવા સબળ પ્રતીકો કલ્પન સુધી જતી ભાષા, વાર્તામાં રસાઈને આવતા તળપદ

શબ્દો અને બોલીગત સંવાદો વાર્તાનો વિશિષ્ટ પરિવેશ રચી આપે છે પરિણામે વાર્તાઓ કલાત્મક રૂપ ધારણ કરે છે. પીડાનો સાદ્યંત અનુભવકે ભાવ કલાથી પહોંચાડી શકે છે.

**ધરમાભાઈ શ્રીમાળી**ની વાર્તાઓ સંખ્યાબળે ખૂબ ઓછી છે છતાંય એમાં માનવીય વૃત્તિઓનું નિરૂપણ થયું હોવાથી એ વાર્તાઓનું ઐતિહાસિક મૂલ્ય બની રહેશે. સ્ત્રી-પુરુષ સંબંધો, શોષણ, માનવવિશેષો વગેરેને તેમણે બારીકાઈથી આલેખ્યાં છે. સાંકળમાં ત્રણ-ચાર વાર્તાઓ દલિતસંદર્ભ ધરાવે છે પરંતુ નરકની તમામ વાર્તાઓમાં દલિત સમસ્યાઓનું વિવિધ આયામોથી આલેખન થયું છે. તેમની વાર્તાઓમાં જાતિયશોષણ, આર્થિક શોષણ, માનસિક ત્રાસ, ધંધા-રોજગારને નુકસાન વગેરે દલિત સમસ્યાઓ નિરૂપાઈ છે. પરંતુ બહુ મોટી ઘટનાઓ મૂકી મૂકીને વાત પ્રસ્થાપિત નથી કરી પણ બહુ ઓછા અર્થસંકેતો, ક્રિયાઓ, સંવાદો વડે આ બધું રચી આપ્યું છે. એ આ વાર્તાકારની વિશેષતા છે. આ બાબતની તેમની નિષ્ઠા આ રીતે પોતે વ્યક્ત કરે છે.

તેઓ ઉત્તર ગુજરાત , સૌરાષ્ટ્રના તળગામ અને નગરને એ બોલી સમેતના પરિવેશથી ટૂંકી વાર્તામાં આલેખે છે. ત્યારે આ વાર્તાઓનું સ્થળ-કાળ કેટલીક મહત્ત્વની વિગતોથી બંધાય છે :

સુંવાળી તક, પતરાની પેટી પર જામેલી વર્ષો જૂની ધૂળ, બણબણતી માખીઓની પજવણી, કાઠી દરબારનો વેહ, ભૂંગળ, કાળકાનો પ્યાલો, ઢોલક-નરઘાં, પડી પટોળે ભાત, દલિતવાસમાં પથરાયેલી ધૂળ, ગામ-પરગામનો ફિટકાર, ટીલડીઓમાં ટકરાતો તડકો, આથમણી દિશાનો ધૂળિયો પવન, ધૂળમાંથી નીકળેલ શબ્દો, પેટ્રોમેક્ષ આસપાસ ઘૂમતાં જીવડાં, ચૂંથાતા પેટનું હળવું દર્દ, નાકના ટેરવે ચડી બેઠેલી ગંધ, શાકમારકીટમાં જાજરુ સાફ કરવું, પવનમાં ઢગલો ભરીને ઊઠી આવેલી ગંધ, મેલી મુરાદ, સાવ કોરીકટ્ટ આંખ, વેરણ-છેરણ દફતર, ભારઝુલ્લું મન, ગણ્યા ગાંઠ્યા વાસણ, વળગણી પર ગાભા જેવાં લૂગડાં, ઘરની ભીંતે અથડાઈને વેરણછેરણ થતા સવાલો, કાર્તિકી પૂનમે ભરાતો સિદ્ધપૂરનો મેળો, ગળતી રાત, કેવેન્ડરના કસ, સિગરેટ પીવાની ઈચ્છા, વરઘોડામાં મેવડાના વેશમાં રમતા તૂરી, ગવારફળીનું શાક - બાજરીના બે રોટલા – નવટાંક ઘીનો લૂંદો - ગોળનું દડબું, તડકોછાંયડો વેરતી વાદળી, અફેણી પતિ, ભાત અભડાયું, માથે ચામડુંને હાથમાં પાણી ભરેલી ડોલ, જોડામાં ભરાયેલી કાંકરી, ભારેખમ વિચારોનું વજન, સીલિયો – ફૂમતાં – રંગ - દોયડી – અસ્તર – સોયનો વેપાર, ગામમાં ગંધાતા કુંડ, મોજડીની ભાત, વીસ મુદ્દાના અમલીકરણમાં મળેલી ટુકડો જમીન, ગંધાતા કુંડના છાપરા પર બેઠેલું ગીધ, અનામતની સીટ, આભડછેટ, વાસનો અવાવરુ કૂવો, ભોંય પર પાથરેલા પાથરણે બેસવું, કાનમાંથી કીડા ખરી પડે એવી ગાળો, ઝૂંપડપટ્ટી, નસેનસમાં ગરમ લોહી, ટૂંટીયું વળીને પડેલું છાપરું, ગટરની નીંક, ગંધ

અને ઘોંઘાટ, પોપડા ઉખડેલ માટીની કેડ સમાણી દીવાલો, કચરામાં નર્યો એંઠવાડ, બત્તીમાં ખૂટતું તેલ, શાળ, નરઘાં – મંજીરા - કાંસાજોડ - કરતાલ, તાંબા-પિત્તળનાં બેડાં, આભડછેટના કડવાં ઘૂંટ, સાર્વજનિક પરબ, આંખોમાં વાગતો તડકો, તરસ્યા બાળકનાં હીબકાં, ઢીલી છતાં ખૂંચતી ગાંઠ વગેરે...

દલિતોના શોષણ અને સંઘર્ષની વાતને વાર્તાના કેટલાંક મહત્ત્વનાં રસસ્થાનોમાં તેમણે આ રીતે મૂકી આપી છે. જેમ કે :

- પગે બાંધવાના ઘૂઘરાનો ઝીણો – મીઠો ખન...ન...ન... રણકાર એના શરીરના અણુંએ અણુંમાં પ્રસરી રહ્યો.
- ઓસરીના ખૂણામાં સૂતેલી બીમાર ધૂળી હજુયે ખાંસી ખાતી હાંફી રહી હતી. એના ખાટલા પાસેના ગોખલામાં દવાની ખાલીખમ શીશીઓ આડી-અવળી પડી હતી. વારંવાર થૂંકવાને કારણે ખાટલા નીચે પડેલી ઠીબની રેત - ગળફાથી ઢંકાઈ ગઈ હતી. એના પર માખીઓ બણબણી રહી હતી.
- લીમડાનાં પાન પવનની રાહ જોતાં સ્થિર હતાં
- ફૂલી ગયેલાં કૂતરાના શબમાંથી માથું ફાડી નાખે એવી ગંધ આવતી હતી. હાથમાંની દોરડીનો ગાળિયો કૂતરાના પગમાં નાંખવા ગઈ ને ખદબદ કીડા જોતાં જ એ પાછી પડેલી.
- મેલું દદડી રહ્યું હતું. માથેથી ચહેરા લગી દદડતો રેલો ટપક્ થતો છેક ગળા નીચે સરકી ગયો.
- અહીં ગોંમમાં તો ગોંમના રિવાજ મુજબ રે'વું
- "છોડો મનઅ્...ઘેમરભઈ આવશીતો"
- "નાંમ્ મેલોન્ પીટ્યા બંધાણીનું ! ઈના શરીરમઅ્ નર્યું અફેણ નઅ્ ગળફા ભર્યાશી..." બહાર વરસાદનાં ફોરાં શરૂ થયાં હતાં.
- ટૂંટીયું વળીને પડેલું છાપરું સહેજ સળવળ્યું અને અડધા કટાઇ ગયેલા જૂનાપુરાણું પતરાનું બારણું હળવે હાથે આડું થયું. માથે અમાસની અંધારી રાત ફરી વળી
- દલિતોના લોહીથી રંગાયેલી એ ટુકડો જમીન એની આંખોમાં લાંબા ચાસ પાડી ગઈ.
- મધ્યાહ્ન ભોજન યોજનામાં – સ્કૂલમાં અલગ બેસાડવામાં આવતાં વાસનાં બાળકો અંગે કરેલી રજુઆતના સંદર્ભમાં તપાસ થતાં – આખે આખ્ખો વાસ ફરી ગયેલો.

**ધરમાભાઈ શ્રીમાળી**ની વાર્તાઓમાં દલિતસમાજનો પરિવેશ તંતોતંત ઝિલાયો છે. તેઓએ ચમારના કુંડથી માંડીને વી.આઇ.પી. ઓફિસ સુધીના સ્થળને વાર્તા તરીકે પસંદ કર્યા છે. ગામ, ફળિયાં, દલિતોના ગંધાતા વાસ, ખેતરમાં કાળી ખેતમજૂરી, મેળાઓ, સરકારી સમારંભો વગેરે લગી ટૂંકી વાર્તાને લઈ ગયા છે. પરંતુ મૂળે તો તેઓ માનવીય ભાવોના આલેખનમાં રત રહ્યાં છે. 'ભાત' જેવી વાર્તામાં સવર્ણ સ્ત્રી દ્વારા ભોગવાતા દલિતની વાત એનું સબળ ઉદાહરણ છે. માનવભાવની કોઈ એક બાજુને પકડીને તેને યોગ્ય વાતાવરણમાં વાર્તાની ક્ષણોને સિદ્ધ કરી છે.

**પ્રવીણ ગઢવી**નો પ્રથમ વાર્તાસંગ્રહ 'આંતરવ્યથા' સંપૂર્ણ દલિત સમાજનાં સંવેદનોનું નિરૂપણ કરે છે. આ એવો પ્રથમ એક જ સર્જકનો વાર્તાસંગ્રહ છે જેમાં માત્ર દલિત વાર્તાઓ જ સમાવિષ્ટ છે. વાર્તાઓમાં રિઝર્વેશન, સામાજિક વ્યવહારો, સરકારી યોજનાઓથી વંચિત રહેતા લોકો, એકલવ્ય કે દ્રોપદીના પાત્રોના આધુનિક સંવેદનો, વિધિવિધાનો, દલિતોનો આંતરવિગ્રહ વગેરે જેવા વિષયો સમાવિષ્ટ છે. દલિત સ્ત્રીની વેદનાને અહીં ધારદાર રીતે નિરૂપી આપી છે જેમાં 'દરૂપદી' 'આણું' 'સપાટુ પેરવાનું મન' 'દીકરાની વહુ' જેવી વાર્તાઓ મોખરે છે. દલિત સ્ત્રીના ઊંડાણમાં પડેલી કચડાતી ઈચ્છાઓ શોષણનો ભોગ બનાવે, દલિત સ્ત્રીનો પ્રણય પ્રણય ન રહેતાં જાતિયશોષણ બની જાય, ઘરમાં અને ગામમાં સતત નીચા નમીને જીવવાની પરંપરા બની રહે – આ બધી વ્યથાઓનું નિરૂપણ સર્જકે અહીં આપ્યું છે. આ વાર્તાઓને વણી લેતો તેમાંનો પરિવેશ જીવંત બન્યો છે. પરિવેશ ભાવોને વ્યક્ત કરે છે પરિવેશ રચતી વિગતો આ પ્રમાણે છે.

સૂકાં ઈંધણાંની જેમ ભડ ભડ સળગવું, ખિસ્સામાં ઘાલી રાખેલ કપ, પાણીની છાંટ, આંખ્યુંમાં મશાલોની રતાશ, છાતીનું પાંજરું સડીને ચીંથરું, શરીર ગીરવે, ચૂંટણીનું સરઘસ, રામાયણ – મહાભારતના બકાસુર ને મહિષાસુર, પાઘડીના વજનથી માથું ફાટી જાય, વ્યાજથી લૂંટવાના ધંધા, દિવસે દિવસે તેલ ખૂટતો દિવો, વણકરોના વોટ, નદીએ ખોદેલા વીરડામાંથી પાણી લાવવું, લોટો દારૂ - રોટલો ને મરચું ખાઈ સૂઈ જવું, આભડછેટનો કાયદો પોથીમાંના રીંગણાં, એકદંડિયા મહેલ પૂરાયેલા ફિલસૂફ જેવા વિચારો, ગિરવે મૂકેલી જમીન પચાવી પાડવી, મ્યુનિસિપાલિટીના લેમ્પપોસ્ટ નીચે બેસીને ભણવું, અલગ ગામતળ, અલગ કૂવો ને અલગ રોડ, બોરડીના કાંટાની જેમ છાતીએ ભોંકાતી આંખો, ભૂંભરાં વીણવા વગડે જવું, સાવરણી ગૂંથતી મા, સંચ્યા વગરના છાપરા પર અનરાધાર પડતો વરસાદ, બરડો ટીપાઈને કુંભારની માટી જેવો, ઈન્દિરા આવાસનાં ઘર, વાલીયામાંથી વાલ્મીકિ, ઠરી જતી ચલમ, મિલો બંધ, હળની અણીની જેમ ખૂંપી જતી આંખ, ખારાકૂવા જેવું જીવતર, વાઘરી – ભંગી – તરગાળા લોકોને વ્યાજે રૂપિયા આપવા, સવકાર

વરણનાં દળણાં દળવાં, પટેલિયાંને રોજ દાળ-કઢીને રોટલા, મૂઆ ઢોરના ડોળા મોટા, દિલમાં ઢોલ ઢબૂકે વગેરે...

ઉપરોક્ત વિગતો વડે પ્રવીણ ગઢવીની વાર્તાઓનો પરિવેશ વણાય છે. ગઢવી હોવાના કારણે કાઠિયાવાડી નામો, લય, લહેકામાં આ વિગતો આવે છે. વર્ણનોમાં વણાતી આ વિગતો વાર્તામાં ભરચક પડી હોય એવું જોવા મળે છે. મોટા ભાગે સ્ત્રી પાત્રો અને ઢોલી, હજામત કરનાર વાળંદ, મજૂરી કરનાર વર્ગને આલેખતો આ પરિવેશ પાત્રોની પરિસ્થિતિઓ સંઘર્ષો સર્જવામાં તદુપરાંત તળસમાજના વિશેષો પ્રગટ કરવામાં કારગત નિવડે છે. તદ્દન ગઢવી લહેકામાં લખાયેલી 'મરદ કસુંબલ રંગ ચડે' 'દરૂપદી' 'એકલવ્ય' 'સવેળી' જેવી વાર્તાઓમાં આવતાં વર્ણનો વાર્તાઓને આસ્વાદ્ય બનાવે છે. તેનાં કેટલાંક ઉદાહરણો જોઈએ :

- ભડ ભડ આગની વચ્ચે ઊભો દુદો. ઢોલ ઊછળે દાંડી પડે. તાંડવ નાચ નાચે એ દુદો. ભડ ભડ આગમાં ભડથું દુદો. ધરબાંગ...ધરબાંગ...શિર પડે ધડ લડે...મરદ કસુંબલ રંગ ચડે...ધન ધન દુદા તારી જણનારી જણેતલને.
- નરસી પટેલને ત્યાં મારું શરીર ગીરવે મેલવું પડ્યું...નદીના વીરડે જઈ...છાની છપની બે બેડાં પાંણી લઉં.
- શવકાર લોકોને મોલ્લે મોલ્લે સરકારે હેન્ડપંપ મેલ્યા. ને આપણા હલકા વરણને મોલ્લે ચ્યમ એકેય નહીં ? કોઈ બોલતા નથી, આખો દન રોડની ચોકડિયું ખોદેને રાત્રે લોટો દારૂ, રોટલોને મરચું ખાઈ સૂઈ જાય તે વહેલું પડે સવાર.
- ધૂળીનાં આણાં આવ્યાં હતાં. આજે મશરૂનો સાડલો, કસુંબાનો ઘાઘરો, રેશમી પોલકું, ચાંદીનાં કાપ, હાંસડી કલ્લાં, વીંટીઓ અમેલ પાયેલી ભરતગૂંથેલી સપાટો – એવું બધું એના બાપા શેરથી લઈ આવ્યા હતા.
- "ઓછા ટકે એડમિશન મળે એટલે એવું, બીસી વળી ડોક્ટર બની શક્તા હશે ?"
- "હવે તો રાવળ, વાઘરી, તૂટીને તરગાળાને ઝાડુ મારનારા ગુરુજી બની ગયા. એ શું કપાળ ભણાવવાના હતા ?"
- મને ભરતભરેલી સપાટું પેરી બજાર વચ્ચે હેંડવાનું બવ મન છે.
- આ મોલ્લામાં જલમ્યા એટલે લખમીહારે આડવેર, વિદ્યાહારે આડવેર ને અન્ન હારેય આડવેર ?

- એક પા કાળી મજૂરીને ઉપરથી આભડછેટની હડે હડે. હડકાયા કૂતરાં જેવી હાલત છે. જ્યાં જાઓ ત્યાં હડે હડે.
- આખું ઘર ઊંટ બેસી જાય એમ નીચે બેસી ગયું.
- "અલ્યા, આઘા બેસો કે ? હવે તો કોંગ્રેસના રાજમાં હાવ નફ્ફટ થઈ બેઠાં ?"
- ગંગાની છાતી સુકાઈ દુકાળમાં વગડાની તલાવડીની જેમ તરડાઈ ગઈ હતી. બે આંસુય ન પડ્યાં.
- દુઃખના દાડા ગીધડાંની જેમ પાંખો વીંઝતા આકાશમાંથી ઊતરી આયા એ બેઠા"

આ રીતે વર્ણનવાક્યો, કથનો, સંવાદો, ઉદ્દગારો વગેરે દ્વારા બંધાતો દલિત સમાજનો પરિવેશ વાર્તાઓમાં આગવી ભાત પાડે છે. અહીં દલિતોના કચડાતા અરમાનો છે, સરકારી યોજનાઓ નથી પહોંચતી તેના વસવસા છે. 'વહવાયા' તરીકે ઓળખાતા લોકો પ્રત્યે ઉચ્ચવર્ણના લોકો કેવો ભેદભાવ રાખે છે અને પોતાનાથી નીચા ગણી સતત શોષણ કરે છે તેનું વરવું રૂપ સમગ્ર પરિવેશ વડે છતું થાય છે. તો દલિત સમાજના રીતરિવાજો પણ નિરૂપાયા છે. ભૂત-ભૂવાની માન્યતાઓનું પણ નિરૂપણ થયું છે. જાતિય શોષણ, આર્થિક શોષણ અને માનસિક ત્રાસની પણ પરિવેશ વડે વાર્તામાં રજૂઆત થઈ છે. આ રીતે સર્જાતો પરિવેશ એક આગવી ઓળખ ઊભી કરે છે. સર્જકની વિશિષ્ટ નિરૂપણ શૈલીમાં પરિવેશ તંતોતંત વણાય છે. તો એકલવ્ય અને મત્સ્યગંધા વાર્તાઓમાં રામાયણ-મહાભારત જ નહિ પુરાણોના વિશિષ્ટ સંદર્ભો વડે યુગોથી કચડાતા સમાજની વાત વાર્તાના રૂપમાં વણીને કરી છે.

**રાઘવજી માધડ** પાસેની તળજીવનની વાર્તાઓ મળે છે. દલિતો, મજૂરો (નગર અને ગામડાના), નોકરો, અફસરો વગેરેના જીવનમાં પીડતી કોઈ પળને પકડીને એના આખા જીવનનો ચિતાર આપી દેવાની સર્જકતા આ વાર્તાકારમાં જોવા મળે...દલિત સમાજની વેદનાને વાચા આપતી તેમની કેટલીક વાર્તાઓમાં પરિવેશ ખપ પૂરતો જ ઉપયોગમાં લેવાયો છે. બોલી વધારે ધ્યાન ખેંચે છે. દુર્બોધતા લગી પહોંચતી બોલી આખરે વાર્તામાં રસાઈ જાય છે. વાર્તાઓમાં સમાજ, રાજકારણ, સંબંધો, રિવાજો વગેરેને વણી લેવાયા છે. 'સૂરજને કહો, ઉગે નહિ... ' 'છેહ' 'પૂંછડું' 'સિકો' 'અવતાર' 'ભૂખ' જેવી વાર્તાઓમાં દલિતજીવનના વિકટ પ્રશ્નોનું નિરૂપણ થયેલું જોવા મળે છે. વાર્તાઓનો સ્થળવિનિયોગ ગ્રામ્ય છે. આઝાદી પછી દલિતોની સ્થિતિ વધુ દયનિય થઈ તેવી વાત રજૂ કરતું આ વાર્તાવિશ્વ ચોક્કસ પરિવેશથી બંધાય છે. તે પરિવેશ નિરૂપતી વિગતો :

જવા બેઠેલી જમીન, કૂલા પર વીંછીએ આંકડો માર્યો હોય એમ થવું, બીડીનાં ઠૂંઠાં તાણવા, ઊગમણા આભમાં સૂરજની કોર, ઓતમવરણની જીમ બોલવું, પક્ષના કાર્યાલયે ગરમાગરમ ગાંઠીયા-જલેબી, ઘરના બે છેડા ભેગા કરવા, દીવાને અજવાળે વાંચવું, ચૂંથાતું મન, છાતીનાં ભીંસાતાં પાટિયાં, કાળઝાળ મોંઘવારી ને દવાનો ખર્ચ, દેહ પર ગરોળીની જેમ ચોંટેલી નજર, ચોતરફ અંધકારની અનુભૂતિ, મેલોઘાણ ટુવાલ, અંદરનો બળાપો તરસમાં પરાવર્તિત, ગદ્ધાવૈતરાં, કૂતરાના અંગે લપેટાયેલો, એંઠવાડ, ખુડસિયું, ગળામાં વેદનાનો ગળફો, ગમતીલી શરમનું લીંપણ, એસ્ટ્રોસિટિનો ભય, કેળવણી રથ, ખીલાના જોરે વાછડો કૂદે, અનામત સીટ, કાળી ઝાણ પીડા, ચામડું – હાડકાંની સુકવણી, ઊલટીમાં પિત્તના કોગળા, ઢોર ઊખેળવામાં હોંશિયાર, કૂતરાંએ ચૂંથેલું ઢોર ફાડવું, પેશાબનાં ટીપાં પાડીને છરી ઘસવી, ઘરમાં હાંડલા તાવડી સામસામે આવી જવાં, ઘાવ માથે મીઠાનું પોતું ફર્યું હોય એવી પીડા, નિબિડ અંધકાર, લોહીવાળા હાથે સુકાભઠ્ઠ લટુડિયાં ખંજવાળ્યાં, ઊભા બરડે માંસમાંથી લોહીની ધાર વગેરે...

વિગતોમાં રાઘવજીએ ખૂબ ચીવટ દાખવી છે. મોટાભાગે દલિતોના જીવનની આસપાસ રહેલી વિગતોમાંથી વાર્તાના ભાવને સંવર્ધન કરતી વિગતો ખપમાં લીધી છે. આ રીતે જ તેમનાં વર્ણનો પણ ઓછાં છતાં ચોટદાર જોવા મળે છે :

- હળવે–હળવે કરતો ગામ આખાનો ગોકીરો કાનમાં ભરાવા લાગે છે.
  મારો...તોડો...ભાંગો... સળગાવો... જેવી ત્રમઝટ કાનના પડદા તોડીને છાતીમાં
  ભરાવા લાગે છે. ને આંખોમાં તો રાતીબંબોળ જ્વાળાઓ !

- નેવાં લબડતું છાપરું, આમતેમ આળોટતાં ગંદા-ગોબરાં છોકરાં, ઓછી ઉંમર ને અઢળકરૂપ હોવા છતાંય ફાટેલ-તૂટેલ સાડલામાં અંગને ઢાંકવાની મથામણ.
- વાસમાં નવી વહુ આવે, તેને ગામમાં લઈ જવાની...ગામના સરપંચને બીજા, જેને ત્યાં કામ કરતાં હોય તે ખેડૂતને ઘેર જઈ સાડલાનો પાલવ પાથરીને પગે લાગવાનું. પાલવમાં બે કે પાંચની નોટ પડે...ને પછી ઢોર બાંધવાના કોઢારમાં રાખેલી ખાસ અડાળીમાં ચા પીવડાવે !
- ને ઓલ્યાં નફ્ફટ મૃગજળ, રૂપેરી ઓઢણું ઓઢીને ખળખળતાં હતાં...!
- પટલાણીએ, પોતાના ભાતીગળ ચણિયાના ખુલ્લા છેડાને બે પગ વચ્ચે દબાવીને, ન અડકી જવાય તેની કાળજી સાથે બાજરાંના બે રોટલા, ગાજરની ચીર અને વાટકો ભરીને શાક મનજીને આપ્યું

- ચૂંટણી કે મત લેવાની વાત હોય તો કાથડ બાપુ આખા વાસને ગઢમાં બોલાવે. ચા પીવડાવે. ઘેરથી લઈ ગયેલી રકાબીમાં સૌ ચા પીવે. અને પછી જે નિશાન પર સિક્કો મારવાનો હોય તે કાથડબાપુ ભાર દઈને કહી દે !
- પથ્થરીલી ખામોશી જર્જરીત ખોરડામાં છવાઈ ગઈ.
- તૂટેલ બકડિયામાંથી લોહીની ધાર થતી હતી તે ઊભા બરડે ચઢીને છેક પૂંઠ સુધી પહોંચી ગઈ
- મોંમાં ધૂળ ભરાઇ ગઈ છતાં મેઘો કશુંક બોલવાનો પ્રયાસ કરવા લાગ્યો પણ બકડિયામાંથી ફંગોળાયેલા માંસના લોચાની ખેંચતાણ કરતાં કૂતરાંઓના દેકારામાં કાંઈ સંભળાયું નહીં

રાઘવજીની વાર્તાઓમાં કરુણતાની વેધક ધાર કાઢતો પરિવેશ નિરૂપાય છે. પાત્રને પૂરેપૂરાં સકંજામાં લઈને તેને વ્યક્ત કરે છે. અહીં દલિતોની વરવી ભૂખનું તાદશ નિરૂપણ મળે છે તો સવર્ણ સમાજની જાતિય ભૂખ દલિત સ્ત્રીને 'સરપંચ' બનાવવાની લાલચે કઈ રીતે સંતોષાય છે એનું પણ નિરૂપણ છે. દલિતો પર થતા નાના નાના અને કેટલાંક માનસિક અત્યાચારોની વાત છે તો સામૂહિક હૂમલાઓની પણ વાત છે. આ રીતે સમગ્ર દલિત સમાજનાં પ્રતિનિધિરૂપ પાત્રોને મૂકીને સર્જકે ઝાંખી કરાવી છે જેમાં દલિત સમાજનો પરિવેશ નિરૂપાયો છે તે જીવંત બનીને કરુણતાને ઘૂંટી આપે છે.

બે દળદાર વાર્તાસંગ્રહો આપનાર **બી. કેશર શિવમ્**ની વાર્તાઓ ટૂંકી, ચોટદાર અને કથાવસ્તુની પકડ ધરાવતી વાર્તાઓ મળે છે. ગામડાગામનાં વિશિષ્ટ પાત્રોના આલેખન પર તેમનું ધ્યાન છે. ઘટનાઓ એ નિમિત્તે ઘટે છે. તેમણે સ્થળ-કાળ સંદર્ભે ખપમાં લીધેલી કેટલીક વિશિષ્ટ વિગતોની નોંધ લેવી જોઈએ :

પેટને ખાતર પ્રીત છોડવી પડે, ઊંટ-ગધેડાંનાં લીંડા, ઢોરનાં હાડકાં ભેગાં કરવાં, મડદાં ફંફોસતાં મળેલો તાંબાનો પૈસો, ધોતિયું ફાટેલું એકનું એક, ચમારનો કુંડ, લણવા-રોપવા-નીંદવાની મજૂરી, રાતનો વધેલો બાજરીનો રોટલો, કાપડની ફેરી કરી પેટિયું રળવું, અનામતનું હુલ્લડ, શરીરે ઝાળ, જાતિનું પ્રમાણપત્ર, સૂકા ઘાસમાં અગ્નિ પ્રસરે એમ પ્રસરતી વાતો, સિત્તેર રૂપિયે તોલો સોનું, સ્વૈચ્છીક સંસ્થાના કાર્યો, હાડકાંનાં રમકડાં, આદિવાસી વિદ્યાર્થીઓને સાઈકલ વિતરણ, ટ્રાઇબલ એલાઉન્સ નામના પાટિયાનું વિસ્મય...વગેરે...

આ પ્રમાણેની અછડતી વિગતો સાથે વાર્તાઓમાં સંવાદો અને ઘટનાઓ વડે પરિસ્થિતિનું સર્જન કરવામાં આવ્યું છે. અહીં કેટલાંક મહત્ત્વનાં સામાજિક દષ્ટિબિંદુ રજૂ કરતાં વર્ણનો જોઈએ :

- બિચારો જીવતો હતો ત્યાં લગી મેલુ ઉપાડતો. એનો બાપ પણ માથે મેલું ઉપાડી, રોગમાં જ મર્યો હતો.
- મથુર રોજ સવારે કોથળો લઈને નીકળી પડતો. રસ્તામાં પોલીથીન બેગ, પ્લાસ્ટિકના ટુકડા, જૂનાં સ્લીપરો, ચંપલ, હાડકાં, કાગળના ડૂચા બધું ભેગું કરતો.
- મેનાની ઘરડી સાસુ જેઠી રેતીમાં બે બાજુ ઈંટો મૂકી, વચ્ચે ઉબાડિયાં સળગાવી, તૂટેલી માટલીના ઠીબાની કલાડીમાં રોટલો બનાવતી હતી.
- જાતિનું પ્રમાણપત્ર મોકલ્યું, ઈંટરવ્યૂ પતી ગયાં પણ નિમણૂંકનો હુકમ ન મળ્યો...બીજી અરજીમાં જાતિનું પ્રમાણપત્ર ન મોકલ્યું આશ્ચર્ય વચ્ચે નિમણૂંક મળી.
- ઘરમાં બાળવા માટે તે એંઘરાં લેવા વગડામાં જતો. ત્યાંથી સાથે હાડકાં પણ વીણી લાવતો. ઘરે હાડકાં પણ ભેગાં કરીને વેચતો
- સ્મશાનમાં થઈને નીકળતો, મડદાના મોંમાં મૂકેલો તાંબાનો પૈસો શોધવા સ્મશાનની રાખ ફેંદતો. ત્યાં સ્મશાનમાં માણસની ખોપરી અને તેની હાડકાંની કરચો લઈને રમતો.

આવાં વર્ણનો વડે ઘટનાને વળ આપતી આ વાર્તાઓમાંથી તદ્દન તળમાં શોષાતી પ્રજાની વેદના, સરકારી યોજનાઓનું ખોખલાપણું, કુરિવાજો દ્વારા થતું શોષણ, અનામતના આંદોલનો, બંધ થયેલી મિલોની બેકારી-ભૂખમરો વગેરે બાબતો વ્યક્ત થાય છે. સોથી વધારે વાર્તાઓમાં સર્જકે આ સમસ્યાઓ પરિવેશ સમેત વ્યક્ત કરી આપી છે.

**ભી.ન.વણકર**ની વાર્તાઓનો વિષય મુખ્યત્ત્વે દલિતસંદર્ભથી જોડાયેલો છે. સ્થળ તરીકે મુખ્યત્ત્વે ગામડું આવે છે. તળજીવનનાં પાત્રો, પહેરવેશ, સામાજિક વ્યવહારો વગેરેથી બંધાતા આ પરિવેશનો સમય અનામત આંદોલનના ગાળાનો છે એટલે વાર્તાઓમાં 'આક્રોશ'નું તત્ત્વ 'શોષણ' કરતાં વધુ તીવ્રતાથી ઝિલાયું છે. આ સર્જકે પોતાની વાર્તાઓમાં જે પરિવેશ સરજ્યો છે એને ઘડનારી વિગતો જોઈએ.

ઘરમાં ઘંટી — પટારું - કોઠીને કોડિયું, તળાવનો કાંપ, ક્લાર્ક માટેનું ફોર્મ, અમાનવીય વ્યવહાર, રૂઢિચુસ્ત સમાજ, રૂઢ ખ્યાલો, આંખમાં ઝળઝળિયાં, સસલાની લીંડી જેવી પીળી ગોળી, અડવામાં જ અભડાવું, ડાળી સાથે પોતે કૂવામાં ફેંકાઈ ગયાનો ભાસ, સીમશેઢે ધાકધમકી, રોજી-રોટી અને છાશ-પાણી પર પ્રતિબંધ, સવારનો નિસ્તેજ લાગતો તડકો, દુકાનની પગથી નીચે દુર્ગંધ મારતી ગંદી ગોદડીના ગાભા, લુખા રોટલા ખાવા, ગટરના ગંદા પાણીનો ખાળ, પાણીનાં અલગ અલગ સ્ટેન્ડ, હવાડાના પાણીની છાંટ, અઢારમી સદીનું અંધારું, ચીબરીનો ચહચહાટ, સડેલાં કેળાંની વાસ, વેદનાનાં વન, વર્ણભેદ અને વર્ગભેદની કલંકિત દીવાલો, કાથીનો ખાટલો, દારૂણ ગરીબી અને

ભૂખ્યા પેટે મજૂરી, હવાડે ચઢીએ તો અભડાવવાનો દંડ, ઢેઢૂડી તળાવડી, શિયાળુ રાત્રીનો અંધકાર ઓઢી ઢબુરાયેલો વાસ...વગેરે...

આ વિગતોથી બંધાતો વાર્તાનો પરિવેશ મુખ્યત્ત્વે 'શોષણ' અને 'વિદ્રોહ'નો સૂર પ્રગટાવે છે. વાર્તાઓમાં પરિવેશ વિચાર સાથે રસાઈને આવે છે. સંવાદો, વિદ્રોહ કે ઉદ્દગારોમાં પ્રગટતા વિચારો અને કથનોમાં પરિવેશ નિરૂપણ થયું છે કેટલાંક ઉદાહરણો જોઈએ તો :

- જીવતો માણસ જલી રહ્યાની ગંધ ચોમેર પ્રસરી રહી હતી. વાસના લોકો મૂઢ બનીને ફાટેલી આંખે ધૂમાડાના બાચકામાં ઈસલાનું વિલોપાતું અસ્તિત્ત્વ શૂન્યમનસ્ક જોઇ રહ્યા હતા. નિઃસહાયને નિરુપાય !
- તારે હાથે જ પાઇ દે ને ? એમાં હું અભડાઈ જવાનું છે ? દવામાં વાંધો નહિ.
- વાસમાં હું પહેલવહેલો ટી.વી. લાવ્યો તો તે રાત્રે મારા ઘર ઉપર ગામના લોકોએ પથ્થરમારો કર્યો હાળું ક્યાં જવું ?
- ઝેરનો આખો દરિયો પી ગયો હોઉં એટલો હૈયે ધ્રાસકો પડ્યો
- હવાડાના પાણીની હાથ વડે ચોમેર છંટ નાખી રહ્યો હતો. કૂવાની પાળી ઉપર કૂતરું હોજમાં લબલબ કરતું પાણી પી રહ્યું હતું
- બિલાડી બેઠી બેઠી પૂજાનો પ્રસાદ ખાતી હતી
- અભયારણ્યમાંય હરણાંને તો ભયભીત બનીને જ જીવવું પડે
- ગુજરીમાંથી ખરીદેલાં શબ્દકોશનાં પાનાં ઉથલાવેલાં – અબ્ભુક્ત, અબ્ભીત, અબ્ભડ અને આભડ..
- કે'ઈડીના જાળામાં કાળોતરો શોધતો નોળિયો ઘૂમતો હતો.
- રામુભાઈથી કૂવો અભડાઈ ગયો...તેય પાછો અવાવરુ...!

આ વાર્તાઓમાં 'વિલોપન' કે 'વંટોળ' જેવી વાર્તાઓ ઉત્તમ છે. જેમાં પરિવેશ સાથે વાર્તાનાં પાત્રો, સ્થળ-કાળ, ઘટના જોડાય છે અને વાર્તા સર્જાય છે. પરંતુ મોટાભાગની વાર્તાઓમાં આંબેડકરી વિચારોનું સીધું આરોપણ, વિદ્રોહના સૂરોમાં ફિલસૂફી વગેરે ભળી ગયું છે. જ્યાં વાર્તા વિચાર બની જાય છે. વાર્તાઓમાં વણાતો પરિવેશ દલિત સમાજની કેટલીય બાજુઓને પ્રકાશે છે. આ પરિવેશમાં અનામત આંદોલનો, સળગતા દલિતવાસ, દલિતોની આત્મહત્યા, દલિત સાથે સવર્ણ પ્રેમનાં માઠાં પરિણામો, દલિતવાસની સુવ્યવસ્થાઓ, અભાવો, મજૂરી, ભૂખમરો,

આંદોલનો, બહિષ્કાર વગેરે વગેરે પ્રકારની દલિતચેતનાની બાજુઓને આલેખતી વાર્તાઓમાં પરિવેશ નિરૂપણ દલિતસમાજને પ્રકાશમાં લાવે છે.

'કચ્છના દલિત ખેડુપરિવાર'માં જન્મેલા વાર્તાકાર **માવજી મહેશ્વરી** થોડીક દલિત વાર્તાઓ આપે છે. આ વાર્તાઓમાં પરિવેશનું કાર્ય નિર્ણાયક છે. સ્થળ તરીકે તેઓને ગામડું વધું અભિપ્રેત છે. 'શિકારી'માં 'આંગણામાંના બૂટના પગલાની છાપ'માંથી ઉપસતો જાતિય શોષણનો સંદર્ભ છે, 'તાપણું'માં લોકકથાની શૈલીમાં નિરૂપાયેલ દલિત સરપંચનો સંઘર્ષ છે. 'અદશ્ય દિવાલો'માં અસ્પૃશ્ય હોવાથી અજાણ બાળમાનસની નિર્દોષતામાં સંઘર્ષ મૂકાયો છે. આમ, વિશિષ્ટ પ્રકારની વાર્તાઓ આ સર્જકે મૂકી છે. આ વાર્તાઓને ઘડનારો પરિવેશ પણ આ પ્રકારનો છે :

લાંપ વચ્ચેની કેડી, બૂટ પર ચોંટેલી રેતી, સૂકી શૂળો બૂટ નીચે કચડાવાનો અવાજ, દાતણનો કચરો જોરથી થૂંકી નાખવો, બંદૂકની જામગીરીય ઠરી જાય એવું હાસ્ય, કળશિયો જાણે જુવારનું લીલું પાન, સાંય સાંય કરતું ધસી આવતું અંધારું, એંઠી રકાબીઓ, ઉશ્કેરાયેલું વાસનું વાતાવરણ, હૈણીની જાત, સાથીની પાડાની કાંધ જેવી કાયા, મનમાં નાતજાતના તાણાવાણા, નાકમાંથી નીકળતા ધુમાડા, સફેદ ખમીસ મેલું દાટ, તૂટેલું બટન, કળશ, વેલડું, ભીંત સરસા બાંકડા વગેરે...

આ વિગતો વડે બંધાતો વાર્તાનો પરિવેશ દલિતસંદર્ભ રચી આપે છે. જેમાં સ્થળ-કાળ-સમાજ ઉપસે છે. વાર્તાના મૂળ ભાવને વિકસાવે છે. આવી કેટલીક વિગતોનાં વર્ણનો, સંવાદો, કથનોમાંથી પણ દલિતસંદર્ભ રચાય છે :

- એ હસી પડી કે બંદૂકની જામગરીય ઠરી જાય.
- અંઈ ભૂખ્યા શિયાળવાં સિવાય કોણ આવવાનું હતું ?
- બાપુએ પહેરેલા બૂટના ખીલાની અણીઓ મામદને ધીમે ધીમે ભોંકાવા લાગી.
- લીલું લાકડું ચૂલામાં પડ્યું અને એવું તો ધુમાયું કે ધુમાડો ગામની શેરીએ થઈ ઘર ઘરની અંદર પહોંચી ગયો.
- બે ઘરની હદને જુદી પાડતી બાઉન્ડરી તાજા દીધેલા કળી ચૂનાને કારણે ચમકાવતી હતી.
- અરે ! જીવાનો છોરો હતો. હવે તો અહીં સુધી હાલ્યા આવે છે.
- રામજીના ડૂસકાંથી સાંજની ઉદાસી ઘેરી બની ગઈ.

માવજી મહેશ્વરી કચ્છપ્રદેશના દલિતોના સમાજનો પરિવેશ લઈને આવે છે. મુખ્યત્ત્વે રાજરમતો, શિક્ષિત દલિતોનું શોષણ, સ્ત્રી દલિતોને વેઠવી પડતી મુશ્કેલીઓ, મજૂરોની કાળી વેદના

વગેરે આ પરિવેશમાં પ્રગટ્યાં છે. પરિવેશના આછેરા લસરકાથી વાર્તાના સ્થળ-કાળને જીવંત કરી દેવાની સર્જકની કળા અહીં ખપમાં લાગી છે.

**મૌલિક બોરીચા** પોતાનો પ્રથમ વાર્તાસંગ્રહ ડો.બાબાસાહેબ આંબેડકરને અર્પણ કરે છે તથા વાર્તામાં દલિત, પીડિત, અન્યાય પામેલા કે સ્ત્રીઓને થયેલા શોષણની, અત્યાચારની વાત આલેખે છે ત્યારે સર્જક ગ્રામ્ય અને નગર એમ બંને પ્રકારના સ્થળ-કાળનો વિનિયોગ કરે છે. આ માટે ખપમાં લેવાયેલી વિગતો ખૂબ ઓછી પણ મહત્ત્વની પુરવાર થાય છે. પરિવેશ સર્જતી આ વિગતો :

કુટુંબની આર્થિક ભીંસ, ધોબીના કૂતરાં જેવી પરિસ્થિતિ, આંખે ઈંટ જેવો કલર, દીવા તળે અંધારું, જર્જરીત થીંગડાંવાળી સાડી, બીડીની તીવ્ર ગંધ, ઊંડી ખીણો, અવાવરુ કૂવામાંનો સન્નાટો ચીરતું કબૂતર, અસ્તિત્ત્વની લાચારી, કૂતરું ખેંચવું, કચરાપેટીમાંથી મળેલું નવજાત મરેલું બાળક, અઢારેય વરણ, પહાડી અવાજ, ઝેરનો ઘૂંટડો, હાડોહાડ ઝાળ, આભ તૂટી પડવું, વેઠ, કાજળ ઘેરી અમાસ, બકરાનું માંસ, કાળોભક્ક લાગતો ચહેરો, સુકાયેલ ડાળખી, વાહ આખાની પત્તર જ છાણી વગેરે...

આવી વિગતો દ્વારા બંધાતાં આ વાર્તાઓના પરિવેશ દલિતજીવનના સંઘર્ષને વ્યક્ત કરે છે. એ રીતે એ વાર્તાના સ્થળ-કાળને બાંધે છે. આ વાર્તાઓના સંવાદો-વર્ણનો વગેરેમાં પણ દલિતજીવનની હાડમારી – સંઘર્ષ વ્યક્ત થાય છે.

- ઈંટના થર પર બંને બાજુની ભીંસ વધી ને કાચી માટીનો ગારો ફસ્ દેતોકને પોલાણમાંથી બહાર નીકળી આવ્યો.
- હું મારાજના મહોલ્લામાંથી મરેલું કૂતરું ખેંચીને એક વખડાના ઝાડની આડશે બેઠો. મારા અણું – અણુંમાં કશુંક વેગ પકડતું લાગ્યું.
- વાસના નાકે ઊભા – ઊભા જ બૂમ પાડેલી, "અલ્યા...કૂતરું ખેંચી જજે લ્યા" હું એની સામે જોતો રહેલો.

  મારી પીઠે વખડાની છાલ ખૂંચી રહી હતી.
- દિયોર આ રેલ્લો ખીલા વરણીએ જ કૂદાકૂદ કરી રયોસઅ.
- રાવણું ટાઢુંબોળ થઈ થીજી ગયું હતું.
- મુખીના મગજમાં 'વર્ષાસન' શબ્દ ગૂંજી રહ્યો. તેમણે હાથ ઊંચો કર્યો, અને બોલ્યા,"ચાલો" અને લોકો ઊભા થયા જાણે બે નાળિયાળી, શિરોહી તલવાર, ધારિયું, દાંતી, લાકડી અને ગુપ્તીમાં જીવ આવ્યો.

- આંખોમાં ગાડીઓના ચીલા ભરાઇ બેઠા.

મૌલિક બોરીચા વાર્તાઓમાં સ્થળ-કાળના આલેખનમાં વિગતોને પોતાની આગવી નિરૂપણ શૈલી વડે વાર્તામાં ઢાળે છે. પરિણામે કથનશૈલીમાં ચળાઈને આવતો પરિવેશ વાર્તાનું મુખ્ય પાસું બની રહે છે. તદ્દન આછેરો પરિવેશ હોવા છતાં વાર્તાઓ સિદ્ધહસ્ત બને છે. એનું મુખ્ય કારણ કથકનું તાટસ્થ્ય પૂર્વકનું પરિવેશ નિરૂપણ. તેઓ વાર્તાક્ષણને હજુ વધારે ઘૂંટીને આલેખે તો તેમણે પસંદ કરેલા વાર્તાવિષયો મુખર થતા અટકી શકે તેમ છે.

**સંજય ચૌહાણ** પાસેથી એક વાર્તાસંગ્રહ અને બીજી થોડીક વાર્તાઓ મળે છે. વાર્તાઓમાં બોલી સમેતનો પરિવેશ, પાત્રો વડે પરિસ્થિતિઓ રચાવે છે. 'મચ્છરાજીત'માં મચ્છરો દ્વારા અને 'યોદ્ધો'માં ઘોડાઓ દ્વારા શોષણની વાત મૂકી આપી છે તો 'છબી'માં મહારાજની છબીનું પ્રતીક અને 'વરંડો'માં મંદિરની દીવાલ સામાજિક અસમાજના અને ધર્માંધતાનું પ્રતીક બને છે. 'વારો' અને 'કમઠાણ'માં પાત્રોના મનોભાવો સૂક્ષ્મ ક્રિયા નિરૂપણ વડે પ્રગટે છે. આમ, દરેક વાર્તાઓ પોતપોતાની આગવી વિશેષતાઓ લઈને ઊભી છે.

વાર્તાઓમાં સ્થળ-કાળ-બોલી સમેતનો પરિવેશ જે સૂક્ષ્મ વિગત વણાટથી નિરૂપાયો છે તે જોઈએ :

લોહીમાં ભળેલી આભડછેટ, પચાસ રૂપિયાની ઊઘરાણી, ઉપરા-ઉપરી છૂટેલાં તીર, ઘૂમરી લેતો અવાજ, સમરસ ચૂંટણીની ભાંજગડ, ઉંબાડું ચાંપવું, છાતીમાં ખીલાની જેમ વાગતો પ્રશ્ન, લાઈટોનો ઝળહળાટ આંખોમાં વાગવો, હવાતિયાં મારતું મન, નવલોહિયા યુવાન મચ્છરો, ઘૈડા મચ્છરોએ વરસોથી કરેલી ગુલામી, ભીતર તોફાન, પાડાના વાંકે પખાલીને ડામ, ખાંસતા માઈકની ઉધરસ, રામદેવ મંડળના સભ્યો, ચોકનું અટ્ટહાસ્ય, કરગરતાં જોડાયેલા હાથ, ગીરવે જમીન છોડાવવાનું મન, ચારે તરફથી ભીંસતું અંધારું, જમીન પચાવી પાડવી, આંખનો ભીનો થયેલો ખૂણો, ભૂપતસિંહની ડેલીએ પાડું મર્યાના સમાચાર, દોડવું હતું ને ઢાળ મળ્યો, ભીતર બધું સટરપટર, પહેલી ધારનો દારૂ, ચૂંટણીમાં કરગરવાનો વારો, લોહી ઉકાળા, મૂતરવાનું બહાનું, લાલ-ગુલાલ થઈ ગામમાં ફરવું, ગરમીથી ફૂલીને ભંભોલા જેવી થઈ ગયેલી ભેંસ, હોકાનો દમ, તળાવ અભડાવવું, પગમાં લાકડીઓ મારી હોય એવું દર્દ, હાંધા ગગડી જવા, મેઘવાળવાસ, બુજેડાયેલું ઝૈડું, શિયાંવિયાં થઈ જવું, ચારે તરફ ભાલોડિયા કાંટા, ડરના માર્યા મુત્તા વગેરે...

ઉપરોક્ત વિગતો વડે બંધાતો પરિવેશ વાર્તાની અલગ છાપ ઊભી કરી આપે છે. મનોસંઘર્ષોનું નિરૂપણ સર્જકે વિગતો ઉપરાંત તળની લોકબોલીની કહેવતો અને રૂઢિપ્રયોગો દ્વારા કર્યું છે. અહીં

નિરૂપણ શૈલીની વિશેષતા વાર્તાના સળંગ પ્રવાહને ખોટકાવા દેતી નથી. આ શૈલીમાં વિગતો વણાઈ જાય છે અને વાર્તાનું ક્લેવર બંધાય છે. આ રીતે પરિવેશ સાર્થક થાય છે. આવાં જ કેટલાંક વર્ણનવાક્યો અને સંવાદો વાર્તાકથનની શૈલીમાં આવે છે જે વાર્તાના ભાવોને સઘન કરે છે. પરિવેશને રચે છે એ જોઈએ:

- રસ્તો એની આંખોમાં અવળ-સવળ થવા લાગ્યો. – પેંતરો
- માંસના ટુકડાં કર્યા. ચામડું કોથળામાં દબાવી દીધું. શાક બફાવા મુક્યું. ચૂલામાં લાકડાં તતડી ઉઠ્યાં. બફાતા શાકની ગંધ ઓરડામાં ભરાવા લાગી. – પેંતરો
- દિયોર બધા અગી - ગાંડ ધોવીં - ભેંસો નવરાવી ત્યાર તળાવ નથી અભડાતું અને અમે હારા કોંમે પડ્યા તો તળાવ અભડાઈ જ્યું. - કમઠાણ
- કમશી પથરા જેવો થઈ ઊભો રહ્યો. લીમડાના છાંયડે હોવા છતાં કમશીના ચહેરા પર સૂરજનો તાપ જરવા લાગ્યો. - કમઠાણ
- બાપાનો ઓશિયાળો ચહેરો આ જન્મે થોડો ભૂંસાય એમ હતો ? જાણે પહાડના કાળમીંઢ પથ્થરમાં કોઈ ટાંકણાથી કોતરી દે તેમ. – બળતરા
- આખાય ઓટામાં ઠાકોરોની દાદાગીરી. લુખ્ખી કરે. ઊભો પાક રોળે. – બળતરા
- આખાય ગામની ગંધ ઓગાંમાં આવી ભરાય. છાપરામાં પાણી ઘૂસી જાય. ડોગલે-ડોગલે પોણી ઉલેચવામાં હાથ રહી ગયા. જીવતરનાં દુખ કોંય ઓછાં નહી ઉલેચ્યાં. – બળતરા
- કોંય પાડાનું પૂંછડુંય નહીં બદલાયું. અંદરથી બધું ઈમનું ઈમ – વરંડો
- અંધારું આછું થઈ વીલા મોંઢે બેઠું હતું.
- બાવળને વાડીમાં વાવીએ તોય કાંટા જ આવે. મંદિરનો મલાજો પાળતાં શીખો. – વરંડો
- દર્શનાર્થીએ વગાડેલા ઘંટનો અવાજ એના માથામાં ભટકાયો. – વરંડો

આ પ્રકારનો પરિવેશ વાર્તાઓમાં ભળી જઇ આ વાર્તાઓને અન્યાય સામે ઝઝૂમતા, શોષિત, પીડિત, લોકોની વેદનાને વાચા આપે છે. ગામડાના રાજકારણમાં રહેંસાતા દલિતો એમના આર્થિક-સામજિક- નૈતિક પ્રશ્નો, ગામડાના સ્થળ-કાળમાં વ્યક્ત થયા છે. અહીં વારંવાર આવતો 'અંધારા'નો સંદર્ભ કે 'પાણીના પોટલાની જેમ છૂટી જવાનો' સંદર્ભ પુનરાવર્તિત થાય છે ત્યારે નવોદિત સર્જક માટે કઠે એવી બાબતો છે. ગ્રામપરિવેશની સઘનતા અહીં સિદ્ધ કરવાની જરૂર જણાય છતાં મંદિર, ખેતી, ઘોડાની સ્પર્ધા, મચ્છરોનું યુનિયન, ઢોર ઉતરડવાની વાત અને તેની પ્રક્રિયાઓ સાધુ – સંતો – ધાર્મિકોની આભડછેટ જેવા સંદર્ભો રચીને તેની આછેરી શબ્દજાળમાં શોષણની કરુણગાથા ગૂંથી

લેવાના કમઠાણ સર્જકે રચ્યાં છે એ વિશેષ બની રહે છે. વાર્તાઓ એના સ્થળ-કાળમાં જ પાત્ર, પરિસ્થિતિ, સંવાદ-બોલી, વિગતોનો વિનિયોગ વગેરે તત્ત્વોનો સુમેળ રચી આપે છે. વ્યવસાયગત, પરંપરાગત, ઉત્તર ગુજરાતના પ્રદેશગત, પાત્રગત, સમાજગત એવી બાબતો ગૂંથી લઈ તે પણ વાર્તાઓ અંતે તો માનવજીવનના પીડા પરંપરાના ઇતિહાસની જ શાખ પૂરે છે. એ વાર્તાની મૂળગત વિશેષતા રહી છે.

## અન્ય વાર્તાકારો દ્વારા દલિત સમાજના પરિવેશનું નિરૂપણ

સમાવિષ્ટ વાર્તાકારો : હરીશકુમાર મકવાણા, શિરીષ પંચાલ, નરસિંહ પરમાર, વિઠ્ઠલ શ્રીમાળી, અમૃત મકવાણા, કનુ અસામલીકર, અનિલ વાઘેલા, રમણભાઈ વણકર, હસમુખ વાઘેલા, શૈલેષ ક્રિસ્ટી, નરસિંહ ઉજમબા, શૈલેષ પરમાર, દલિત ગાંગર, હરિપાર, મધુકાન્ત કલ્પિત, નૈકલ ગાંગેરા, રમણ વાઘેલા, અરવિંદ વેગડા, ગુણવંત વ્યાસ, પથિક પરમાર, વી.એમ. પરમાર, વિનોદ ગાંધી, દિનેશ હડિયલ અને રાજેશ વણકર.

નોંધ : આ વાર્તાકારોના વાર્તાસંગ્રહો પ્રાપ્ય ન બન્યા હોવાથી પ્રાપ્ય એટલી વાર્તાઓના આધારે તેમની વાર્તાઓમાં નિરૂપાયેલ દલિત સમાજના પરિવેશની ચર્ચા અહીં કરી છે.

શૈલેષકુમાર ક્રિસ્ટીની વાર્તા 'કુળદીપક'માં ઝૂંપડપટ્ટીમાં ઠેરઠેર બળતી સગડીઓ, ધુમાડિયું વાતાવરણ, કચરાના ઢગ, બંધમિલની બેકારી, તાવથી ધખતાં શરીર, ઝૂંપડી, માટલી, બ્રેડના ટુકડા, ઓલવાયેલ ફાનસનો ધુમાડો, ઘટ્ટકાળો અંધકાર, ઓલવાતી મ્યુનિસિપાલિટીની બત્તિ વગેરે દ્વારા દારૂણ ગરીબીનાં દર્શન થાય છે. અહીં ગરીબીની પરાકાષ્ઠા જુઓ :

- ઝૂંપડપટ્ટીમાં અંધારું ઓઢી લેતી ને ચારેકોર સોપો પડી જાય એટલે બે ચાર જણીઓ પફ-પાવડર કરી સેવંતીના ફૂલની વેણી ચોટલે ગૂંથી નીકળી પડતી. રોડ ઉપરના ગલ્લાનાં વળાંકે ભડવો એમની રાહ જોતો બેઠો જ હોય. જ્યારે એમના આદમીઓ છોકરાંને ઘર-બાર સાચવતાં ચૂપચાપ આંખ આડા કાન કરી પડી રહેતા. – ૩૧ (ગુજ.દલિત વાર્તા વિશેષાંક)

નૈકલ ગાંગેયની 'યક્ષપ્રશ્ન'માં બીડી, હાથલારી, પટેલવાસ, હુક્કાની ગડગડાટી, મરેલાં જાનવરનું માંસ, સળગતી આંખો, હિંચકાનું પાટિયું અભડાવું, એસિડ જેવો શબ્દ પ્રશ્ન વગેરે દ્વારા દલિતવાસનો સ્થળપરિવેશ જીવંત થાય છે.

અનિલ વાઘેલાની 'તારાજી' વાર્તામાં સતત ત્રણ દિવસનો વરસાદ, પાણીનો ભરડો, બાબરાભૂત હડી કાઢે એવું ભયાનક દશ્ય, બેટ જેવું થઈ જતું ગામ, તણાતી ગાયો, માટીનાં ઘરો ધરાશયી,

ફાઈલનાં કાગળિયાં, ગીધ જેવી નજર, અધૂરી રેકર્ડ, દલિતોને ન મળતી રાહત વગેરે દ્વારા સમગ્ર શહેરની આપાતકાલિન સ્થિતિમાં સૌથી વધુ કરુણ સ્થિતિ દલિતોની હોવાનું નિરૂપણ છે.

'મારે ચા પીવી નથી'માં મંગળ રાઠોડે બીડીનાં ઠૂંઠાં, ટીબીની સારવાર, ફળિયાની ગુસપુસ, દરબારગઢ, નાક જવું, અલગ પાથરણું, વરાળ કાઢતી કીટલી, ધગધગતી કીટલી, સન્નાટો, પરનાતને કારણે ચા ન પીવી વગેરેમાં રાજરમત તળે કચડાતા દલિતની વાત છે.

નરસિંહ ઉજમબા 'અનામિકા નામ શોધે છે'માં પહાડોમાં ગૂંથતા પડઘા, નગરમાં રોશની, નામકરણ કાર્યક્રમ, ખંડેર બનેલા રાજમહેલ, માટીકામ, ઝાડું મારવું, કોઠા પર ડાન્સ કરવો, ધૂમાડાના ગોટે ગોટા, ઈન્દ્રનું ઈન્દ્રાસન, સિંહાસન, સ્વર્ગલોકમાં હાહાકાર, સ્વર્ગના ફૂરચે ફૂરચા વગેરે દ્વારા ઐતિહાસિક પરિવેશમાં દલિતો પરના રાજકીય દમનની વાત સર્જી છે. અહીં ઈન્દ્રનો આદેશ જુઓ :

- આજ્ઞા કરો – અમે એમને અલગ કરી દઈએ ? ભાઈ-ભાઈનો સંહાર કરે, લોહીની નદીઓ વહે, ભૂખમરો, મહામારી ફેલાઈ જાય, ભલે શેરીઓમાં યુદ્ધ ફાટી નીકળી ધર્મના નામ પર જાતિના નામ પર જનતા ઉશ્કેરાઈ જાય પણ મારું સિંહાસન હેમખેમ રહેવું જોઈએ સ્વર્ગ સલામત રહેવું જોઈએ. – ૭૦ ગુ.દ.વાર્તાઓ વિશેષાંક

ચંદ્રાબેન શ્રીમાળીની 'ખોટી ટણી'માં સાબુ, શેમ્પુ, ટુવાલ, ડાયરીબાઈ, હળવોટોન, બેંકના પગથિયાં, ચોળીને ચીકણું કરવું, ગાંધીનગરની સરકારી નોકરી, ધુમ સ્ટાઈલ ફ્લેટ, મગજનો પાટો, બેડરૂમનો દરવાજો, સ્વીચ ઓફ મોબાઈલ, છૂટાછેડાની નોટીસ વગેરે....દ્વારા નગર પરિવેશમાં પીડાતી દલિતોની માનસિક સ્થિતિનું આલેખન મળે છે.

ડો. મહેશ દાફડાની 'હલકુંવરણ!'માં હલકાવરણને ટિકિટ ન ?આપવી, પ્રવાસ મિટીંગ, અંધાર પીતી બસ, ઈસ્ત્રી ટાઈટ સાડીની પાટલી, મહાબળેશ્વરનું રાત્રીરોકાણ, દારૂ-કાજુની મહેફિલ વગેરેમાં દલિત હોવાથી અપમાનિત થતો પ્રવાસના પરિવેશનું નિરૂપણ છે વાર્તાના અંતે પરિવેશ પાસેથી કામ કઢાવ્યું છે.

- બારીમાંથી અવાજ સંભળાયો 'આ હલકુંવરણ એટલે હલકું વરણ !' બસ ઉપડી અને એના ધુમાડામાં શબ્દોના અર્થઘટન વલય રચતાં રચતાં ઓગળી ગયાં. રમેશભાઈએ આકાશ તરફ જોયું. સવાર થવાને હજુ વાર હતી. - નિસબત

વિઠ્ઠલરાય શ્રીમાળીની 'આણું'માં તૂટેલી ખાટલી, ખાંસી, જીર્ણ શરીર, માટીનું ચપણીયું, નાની લોટી, ગંધાતા ઢગલા, જારનો રોટલોને મરચાંની ચટણી, આણાના મધુર દિવસોમાં ચાકરી, ડ્યુટીરૂમ, બે વેંતનો ઘૂમટો, કાથીનો ખાટલો, ઝૂંપડી વગેરે દ્વારા ગ્રામપરિવેશ રીતરિવાજ સમેતનો બોલી વિનિયોગ સાથેનો પરિવેશ આલેખાયો છે.

કનુ અસામલીકરની 'ખીલો' વાર્તામાં ઓસરીની જેર, ધુમાડાના ગોટેગોટા, કોરા કાગળ પર અંગૂઠાની છાપ, કોલેજનું ચોથું વરસ, ફળિયું દાંત કાઢે, વિટંબણાનો અજગર, હાડલાનો છેડો, ચલમ - ચીપિયો – સાવરણી, ઘર આગળ લાલચટ્ટાક મારૂતિ, સણસણતો જવાબ, છાતીમાં ઠોકાયલા ખીલા વગેરેમાં સર્જકના ભાષાસંવિધાન વડે પ્રગટતો પરિવેશ ધ્યાન ખેંચે છે.

બી.કે રાઠોડની 'મોંઘી 'માં ફરિયાનો અવાજ, શેરીના લોકો કામ ધંધે, કાળા કપડાંવાળી ભીખ માગતી સ્ત્રીઓ, મોટા ઘેરવાળો ઘાઘરો, પોલીસ જગત, નગરપાલિકાની ઓફિસ, ગાળોથી શરૂ કરી કપડાં ઉતારી લેવાની ઘાક, લારીની ઘંટડી વગેરેમાં સતત અપમાનિત શોષિત થતી દલિત સ્ત્રીની વેદના પરિવેશમાં છલકાય છે.

'અક્ષર રડ્યા અનરાધાર'માં વી.એમ.પરમારે નહેરુ આવાસના લૂંટાતા મકાનો, સંચારબંધી, શોકમાં ગરકાવ, આભડસેટ, રાવણપુરી નામ રાખવાનો વિચાર, અમદાવાદ બસસ્ટેન્ડ, પાટીયાના શબ્દો, આંસુ, સંસ્કૃતિ મૃતઃપ્રાય વગેરેમાં ભાષા પાસેથી સરસ કાર્ય કરવી પરિવેશમાં રચ્યો છે.

દાન વાઘેલાની 'દષ્ટિભેદ' વાર્તામાં કરિયાણું – હટાણું, ઘોયેલી કોડીયું. યુવાવસ્થાના ઘેઘુર વૃક્ષસમા હિલ્લોળ, કથા – પોથીયાત્રા, કથાશ્રવણ, રૂમ-ફળિયામાં માણસોની ભીડ, પંડિતજીની પધરામણી, બારણું ખખડવાના અવાજો, બંધ ખડકી, લોખંડ ભરેલો ખટારો, શુટકેસ, તાળીઓનો ગડગડાટ વગેરે વડે કાઠીયાવાડના ગામડાનો તળપ્રદેશ આલેખાયો છે.

'પાંગથ'માં રાજેશ વણકરે શેઢો, ફળિયું, ખેતર, મરેલી બિલાડી, નહેર, કોતરો, ખેતી વગેરે તથા પંચમહાલની બોલી સમેતનો પરિવેશ સુખાન્ત સાથે સર્જી આપ્યો છે.

આ તમામ દલિત વાર્તાકારોએ એમના વાર્તાસર્જનમાં દલિતસમાજને એના વિશેષો, બોલીઓ, વ્યવસાય સમેત આલેખ્યો છે. સામાજિક પરિવેશની વિશેષતા એ છે કે એમાં વાર્તાની ગતિ ધીરે ધીરે સમાજના એકેએક પાસાને પકડતી આગળ વધે છે. પરિણામે સમાજના રીતરિવાજો, અંધશ્રદ્ધાઓ, સુરિવાજો - કુરિવાજો, લગ્ન – મૃત્યુ વગેરે પ્રસંગોની ઉજવણી, વેઠવારો કે મેલુ ઉપાડવાના શોષણની વાતો, ખેતીવાડી – પશુપાલન – નોકરી – ધંધાની વિગતો, સવર્ણ સમાજ દ્વારા માનસિક

રૂઢિઓના કારણે દલિતોને વિવિધ પ્રકારે શોષિત રાખવાના પેંતરાઓ વગેરે બાબતો તેમાંથી કલવાઈ કલવાઈને આવે છે.

આ સમગ્ર પરિવેશને કારણે ગુજરાતી વાર્તાસાહિત્યને જુદો વિકાસનો માર્ગ મળ્યો છે કારણ કે આ પ્રકારનો પરિવેશ લઈને આવતા તળજીવન ગુજારી ચૂકેલા સર્જકો ઉપરાંત બિપિન પટેલ, માય ડિયર જયુ, પ્રવીણ ગઢવી, રમેશ ર.દવે, ભરત મહેતા, કાનજી પટેલ, રઘુવીર ચૌધરી, સુમંત રાવલ, મણિલાલ હ. પટેલ, અનિલ વ્યાસ, પ્રવીણ દરજી, રામચન્દ્ર પટેલ, મોના પાત્રાવાલા, નાઝિર મન્સુરી જેવા બિનદલિત સર્જકો પણ આ પ્રકારના પરિવેશને અનુભવ્યો ન હોવા છતાં દલિત સમાજ પ્રત્યેની અનુકંપાથી પ્રેરાઈને દલિત વાર્તાસાહિત્યમાં ઝુકાવે છે ત્યારે પણ સર્જાતો દલિત સમાજનો પરિવેશ કેટલાંક વિશેષ પાસાં લઈને પ્રગટે છે.

સમગ્ર વાર્તાસાહિત્યમાં દલિત સમાજનો પરિવેશ જોતાં લાગે છે કે દલિતોના શોષણમાત્રની અહીં વાત નથી પણ દલિત સમાજના એકવર્ગની આગવી ઓળખ એ ખુમારીપૂર્વક જીવી શકે તેવી એક જીવનશૈલી આ પરિવેશમાં પ્રગટી આવે છે જેને તમામે માનવીય ભાવે ગર્વપૂર્વક જોવી જોઈએ. પીડાના પરિવેશને ખંખેરીને ઉન્નત જીવનશૈલીને માનપાન આપવાં જોઈએ.

# પ્રકરણ ૩ (ક)

## ૨. સામાજિક પરિવેશ

## નારીસંવેદન નિરૂપતી ટૂંકી વાર્તાઓમાં પરિવેશ

**હિમાંશી શેલત**ની વાર્તાઓમાં કેન્દ્રસ્થાને નારીજીવનના વિવિધ પ્રશ્નો છે. સ્ત્રીની નાની-મોટી પીડાની, વ્યથાની વાત વાર્તાના સ્વરૂપની મર્યાદામાં રહીને તેઓ રજૂ કરે છે. તેમની વાર્તાની સ્ત્રી પરિવારનો ભોગ બનેલી હોય, કાયદાઓથી પીડાતી હોય, કોમી રમખાણોમાં રહેંસાયેલી હોય, કુદરતી હોનારતોમાં ફસાયેલી હોય, સંસ્થાઓમાં શોષણનો ભોગ બનેલી હોય કે વિદ્રોહના રંગે રંગાયેલી હોય છે. એટલે આ વાર્તાઓનાં સ્થળકાળનાં આવરણો બહુ ભિન્ન ભિન્ન અને વિશિષ્ટ છે. 'ખાંડણિયામાં માથું'ની કેટલીક વાર્તાઓ રમખાણોના વાતાવરણમાં નિરૂપણ પામી છે તો 'ગર્ભગાથા'માં સગર્ભા નારી કે સ્ત્રી ભ્રૂણહત્યાની આસપાસનું પીડામય વાતાવરણ છે. અન્ય સંગ્રહોમાં જનજીવનમાં બનતી ને કેટલીક ઘરને ખૂણે ઘટી જતી વાર્તાઓનો પરિવેશ રસોડાથી માંડીને સમગ્ર નગર કે ગામ સુધી વિસ્તરે છે. આ પરિવેશને વિગતે નોંધીએ તો –

SMT. HANSA MEHTA LIBRARY

- સમકાલીન વાસ્તવની ક્યાંયે ઠરવા ન દે એવી ભીંસમાં છેક તળિયે તરફડતી, સાંભળી ન શકાય એવી, પલંબ ચીસથી ક્ષુબ્ધ બનેલી હું આ વાર્તાઓમાં એ લોકોથી જ ઘેરાયેલી છું.[૩૧]
- રોમાંચ, ઉમંગ, આશાઓ અને સપનાંઓ જેનું અવિભાજ્ય અંગ છે એવી સ્ત્રી જીવનની આ મહત્ત્વની સ્થિતિ એની સાથે દુર્નિવાર અજંપો અને લાચારી લઈને જ આવે છે.
- સ્ત્રી ભૃણહત્યા આપણા સમાજ માટે નવી નથી. ફરક એટલો કે તબીબી શોધખોળોએ એને સરળ બનાવી દીધી. આ હત્યા એ હદે ચાલી  કે બાળકીઓ અદશ્ય થવા માંડી. બધું ટાઢેકોંઠે લાબો સમય ચાલતું રહ્યું [૩૨]

ખુરશીનો હાથો, ડિવોર્સ, સાદાઈનાં લગ્ન, આર્યસમાજ હોલ, ઘરની હૂંફ, અથાણું, ટી.વી., છાપું, કાનની બુટ્ટીઓ, ઘરડી ઘોડીને લાલ લગામ, બેડરૂમના પડદા, ડિનરસેટ, ફર્નિચર, મોટું ઘર, ફ્લેટ, વંટોળમાં ખરી જતાં પાકાં પાન, પંચગનીનો પ્રવાસ, રાતની ચા, ભરચક શહેર, પહાડ તૂટી પડ્યા જેવી પરિસ્થિતિ, ફોટો, નામ-સરનામું, પતાકડું, બાગ, કવિતા વાંચવી, ઉપડી ગયેલો નિષ્ફળ માણસ, વસ્તુઓની જેમ જીવનમાં ગોઠવાઈ જવું, શિસ્તબદ્ધ કૂવા જેવું જીવન, ફોટોગ્રાફર, કેમેરા, ધગધગતી પેટી, સુંવાળું ઓશિકું, પ્લેટફોર્મ, ગાડી, ધીંગામસ્તી, ગુલમહોર, સર્‌રિયલ ચિત્રકારનું ચિત્ર, મેગેઝિનમાં છપાયેલો ઈન્ટરવ્યૂ, ગરમ દૂધનો ગ્લાસ, દવાઓ, ---જૂના ફ્લેટમાં વિડીઓ ફિલ્મનો અવાજ, મચ્છરદાની, ભૂતકાળ, લાકડાનો ટુકડો બળી જતી જીભ, બંધ બારી બારણાં, બે ઓરડા ને રસોડાનું ઘર,હોજરીમાં વાવંટોળ, છમમ્ કરતો વઘાર, રસ્તા પર રોડાં-પથરા-ચંપલો-પીપડાં વગેરે વેરણ છેરણ, પોલીસોના આંટાફેરા, બે કલાકની કર્ફ્યુની છૂટ, હાથમાંની ખાલી થેલીઓ, સરકારી નોકરી, હાથમાં ડાયરી, નાનકડી છીંક, અધ્યાત્મની ચોપડીઓ, વજનદાર થેલો, ડોરબેલ, બારણું, થાકેલો કંટાળેલો ચહેરો, ધોવાનો સાબુ, માની દવા, ઘરની ફેક્ટરી, આકરો થતો સૂર્ય, કોલ્ડ કોફી, જાદુઈ લાકડી, વ્યક્તિસ્વાતંત્ર્યની વાતો, કાંસકો, રસોડામાં બરણી ફૂટવાનો અવાજ, ફ્લેટને તાળું, હવામાં ફરફરતા વાળ, સુકાં લાકડાંની ભારી, ફફડાટ કરતાં પંખીઓની પાંખ, સુદર્શન ચક્ર પેઠે ઘૂમતી ચાવી, શ્વાસની ગરમી, ઓફિસ, ટાઈપ, ઍલ્યુમિનિયમનાં કિટલાં, સ્કૂટર, નસીબને ઘસરકા, રસોડામાં ફરતા વાંદા, સાડીની ગળીને ઘરેણાંના બોક્સ, હથેળી પર સરસ આવેલી મહેંદી, શેમ્પૂની જાહેરખબરવાળી છોકરી, પુલાવનો ઢગલો, બહાર ધીમો ધીમો વરસાદ, રહસ્યમય સૃષ્ટિની ઝાંખી, ઢગલાબંધ ખદબદતા માણસો, ટેબલ પર ચોપડીઓની થપ્પી, ભરાવદાર વાળ, હાર્ટ ઍટેક, ડ્રોઈંગરૂમ, પડદાની સળમાં ભરાયેલી ધૂળ, લારી પર પાણીપૂરી, તમાકુ મસળવી, ખાલી ખુરશી, બસસ્ટેન્ડ, ઠંડા પાણીનાં પ્યાલાં, રેડીમેઈડ ગારમેન્ટસની દુકાન, દૂધ ને

તપેલી બેય બળી જવાં, બાગ-બગીચા, ક્યાંક દેખાતી રૂપેરી લટ, વર્ષગાંઠ, ફૂલોનું ડેકોરેશન, સિલ્કની કફની, અગરબત્તી, ટેબલોની સજાવટ, ચળકતી સુંવાળી સપાટીવાળું ટેબલ, મંદિરે ભીખ માંગવી, હૂંફાળું ગીત, ભારે ભારે મૌન, કાગળ લખવો, હાથવગાં કેલેન્ડર-પંચાગ, ચાર મજલાવાળું મકાન, ડોક્યુમેન્ટરી ફિલ્મ, હેન્ડલૂમ સાડી, કરકરી ધારવાળો અવાજ, ખિખિયાટા, ઝાઝું અંધારું આછું અજવાળું, મળસ્કું, ઝાંખરા-ટેકરાની આડશ, શિયાળાની રાતેય પરસેવે રેબઝેબ, વસ્તી રાત-દહાડો ખદબદે, સાઈકલ-સ્કૂટરની ધમધમાટી, ઓશરીઓનાં બારણાં બંધ ચસોચસ, પેટનો અમળાટ, ફિલમમાં જોયેલો બાથરૂમ, થથરતું બારણું, બસની અડફેટ, સિકોતર વળગવી, શ્વાસની ધમણ, ઘોરતા બાવજી, ધડબડાટીનાં ઘોડાપૂર, ડાંગપથરા લાતગાળ, વસાહત, ધૂળ-પથરા, મળસકું, ગડદા-પાટું, ઢીંકમુક્કા, લાતો-થપાટો, ફીક લોહીનું ટીંપુ બની તરે, બિસ્કિટ પાંવની લારી, મોટી કોરટ, હિટફિલ્મ, બેટરીના અજવાળાનું પાતળું દોરડું, ખેતરો, ચાડિયા, લોખંડી હાથની ભીંસ, બેકગ્રાઉન્ડ મ્યુઝિક, ડોરકીપર, ગોકીરો, રિયાલિસ્ટીક ટચ, બ્લેકટિકિટ, સ્વિમિંગપુલનું લાલ પાણી, કથ્થઈ મફલર, અંધકારમાં ઊંડેઊંડે ગરક થતાં સગપણ, ચોરસો, ગાઢ ઊંઘમાં મધુર ગીત, સપનાની બારીક વીગતો, ઘરની મજબૂત તોતિંગ દીવાલો, ઠૂઠવો, સાક્ષરતા અભિયાન, જુગાર જાજરૂમાં ભીંત પર ચિત્રો, ખુલ્લા આકાશમાં ઊડતી પક્ષીઓની હાર, પિંજર, લાલપીળા-નારંગીભૂરા-કેસરીસફેદ-જાંબલી ફુગ્ગાઓના સેલારા, વ્યથામિશ્રિત અવાજ, મેંદીની વાડ, લોહી જામ્યાનાં ઢીમાં ચકામાં, પાણી ભરેલી ખાડીમા બોલતાં દેડકાં, ખૂણે ખાંચરે એઈડ્ઝ, તાવ-શરદીમાં ખાવાની ગોળીઓથી આત્મહત્યા, બોર્ડિંગ સ્કૂલ, બ્લાઉઝની ડિઝાઈન, સેંથામાં સિંદૂર, પહાડ પોટલું થઈ ફસડાવો, સસ્તા સાબુથી ધોવાઈ ધોવાઈને ચામડા જેવી થઈ ગયેલી ચાદર, ભડકીલા રંગ, સાડીની ખરીદી, ક્રિમ-લિપસ્ટિક, મટન-સમોસાના સિસકારા, કેસરપિસ્તાનો આઈસ્ક્રીમ, ગોગલ્સવાળો, બે-ચાર ઉઝરડા, નહોરથી ફૂટેલા લાલ લાલ ટશિયા, એક જ લાકડીએ સૌને હાંકવા, ઈન્ટરવ્યૂ લેવાવાળી પેનલ, અંદરની ભયાનક અંધાધૂંધી, ઝળાંહળાં ઓરડો, સોનેરી પારદર્શક કાગળ નીચે વ્યવસ્થિત ગોઠવેલું આછા આસમાની રસોડું, લાલ ઘાઘરી પર પીળાંફૂલ, રોટલાં-રોટલી-થેપલાં, તોતિંગ દીવાલોવાળા બંગલાઓ, તાજાં ફૂલોની સુગંધનું મિશ્રણ, આંખો છલકાવતી ધગધગતી પીડા, એકાંત, પ્રગાઢ શાંતિ, લીલી ઘટા, ચોમેર ધડબડાટી, નારિયેરની માનતા, ચાંલ્લાની ધમાલ, સેવંતીનાં ફૂલ, પોતાની અંદર ફરતી કેસેટ, ભોંય પર સરતી શીંગો, સાયરન, ડંડા, ભાગાભાગ, સવાલની ઝાળ, વળગણી પર સાડી, હેરપિન, પલંગ, બારણાં પડદાં, પલંગ પર પડેલું શરીર, નિશ્ચેષ્ટ શરીરને વળગેલું શર્ટ, પાકિટ, ધમધોકાર શ્વાસ, ખાખી રંગની ઓરડી, પાનમસાલો, વાસણના ખખડાટ, વઘારના છમકારા, ઓરડીનું અંધારું, લાંબી ચાંચવાળું પહેલી જ

વાર જોવા મળેલું પક્ષી, જન્મદિવસ, થોકબંધ લહેરાતાં ફૂલ, દાર્જીલિંગમાં ગાળેલા પંદર દિવસની યાદો, થથરાવતી રાતમાં હૂંફાળા બ્લેન્કેટમાં ઢબુરાયેલા બે આકારો, કોફી-નાસ્તો, તીવ્ર અનુરાગથી મઘમઘતી થોડીક રાતો, પોલીસના ડબ્બા, મેલી મથરાવટી, લીંપણનો ઊખડેલો પોપડો, ડામચિયું, તોતિંગ ઝાડ તૂટી પડવું, ચાયની ભૂકી, લમણું ધમધમે, છાણના પોદળા જેવાં, અડબોથ, મગદાળ, બજરની દાબડી, ટુરિસ્ટ ગાઈડ, મટર-પનીરની ભૂખ ઉઘાડતી સુગંધ, ફોટોગ્રાફરની દુકાન, નિગમ કી ટૂર, સિગ્નેચર, પહાડી ગામ, સુરીલું વાદ્ય, કાળાવાળના ગુચ્છા, છાપાં અને ટી.વી.-રેડિયોના ખબર, સોફા, ફૂલોની સજાવટ, ભેટ-સોગાદ, તોપની સલામી, રણઝણ આંગળાં કાગળ રોડે, ગોદડિયા કપડાં, ચટ્ટાન, ખાનાપીના, શાહરુખની ફિલ્મો, સ્વીટ ડીસ, બાદામકા હલવા, ગુલાબજામુન, કાજુબરફી, અંજીરબરફી, અંગૂરી રબડી, વિશ્વાસઘાતની કારમી બળતર, ખીંટી પર ટાંગેલું કેલેન્ડર, સૂકાંભઠ્ઠ વાક્યો, ઘરને ખૂણે ખૂણે ધગધગતો લાવારસ, ઓગણત્રીસ ઈંચનું ટી.વી., રંગબેરંગી ફૂવારાવાળો વૃંદાવન ગાર્ડન, 'ગોલ્ડન નેસ્ટ', ટેબલનાં ખાનામાં સંદીપનાં કાગળો, વિજયનો ફાંકો, થિયેટરમાં ઉત્તેજિત , ચંચળ-વિહ્વળ શ્વાસ, ગરમાગરમ સીન, અંધારિયા ખુણાનું ગામ, ભૂકંપે સર્જેલો અહેવાલ, જર્નાલિઝમ, ખરબચડા કાળા કાળા હાથ, ઢગલો જીવાત, બળાત્કારનું દશ્ય, પારદર્શક પાતળી સાડી, પર્સનો પટ્ટો, રંગબેરંગી પોસ્ટરો, ડાન્સિંગ ક્લાસ, ધૂંધવાટ, પ્લાસ્ટિકની બંગડીઓનો ખડકલો, વળગાઝુમ, ડિપ્રેશનની ટ્રીટમેન્ટ, કાળાડિબાંગ વાદળો, ગોરંભો, બ્યુટી પાર્લર, કિનારા પર સખળડખળ, પીળી-કાળી ગંજીને ગળે રૂમાલ, કપાળ પર વળેલાં પરસેવાનાં ટીપાં, કિનારે ધમાચકડી, પીળી-કાળી ગંજીધારી મંડળી, ફૂંગરાયેલો ચહેરો, બટરસ્કોચ, આભ તૂટી પડવું, કીમતી બૂટનો ખાસ પ્રકારનો અવાજ, હોસ્પિટલનું એટમોસ્ફિયર, ચા-નાસ્તાની જરૂરત, કેળાં-સફરજનની મિશ્ર સુગંધ, ક્રિમ બિસ્કિટને ચોકલેટ, ફાર્મહાઉસ, ગળે બાંધેલી ઘંટડીઓના ઊંઘરેટા ઢોળાવો, સળવળે, ફૂટી નીકળેલાં મકાનો, વાડમાં બખોલો, પનરવા-ગુલમહોર-આસોપાલવની હાર, ફિલ્મી ગીતોની મસ્તી, ભેજમાં ગંધાતી ગોદડી જેવો સંસાર, સુગમ સંગીતનો કાર્યક્રમ, આરતી-ભજનથી ગાજતો લેડીઝ ડબ્બો, બળતો જીવ, ખાંડણિયામાં માથું ને ધમકારાથી બીવું, જીવન પર પૂર્ણવિરામ, સૈફી પાક, ઝાઝો વસ્તાર, વહેતા લોહીની ઉષ્મા, પાઘડાં-ઓઢણીવાળાં, શિબિરો, ચિચિયારી પાડતાં ભૂતો, પિશાચી કોલાહલ, મગજમાં ફટાકડાની લૂમ સળગે, હકડેઠઠ ભીડ, લિફ્ટ, સ્વર્ગ, હુલ્લડ-ગોળીબાર-લાશો, નાકલીટી તાણવી, તીખી તમતમતી ઝાળ, જલદગાળ, અસંખ્ય માખીઓનાં ઝુંડનો ગણગણાટ, ચા-કોફીનું થર્મોસ, અઠેદ્વારકા, બેરંગ વિસ્તાર, મન્ટોની વાર્તાઓ, રંગભવન, કોમી રમખાણો, ઓફિસનું ગ્રાઉન્ડ ફ્લોર, ઝરપતું લોહી, ઠંડે કલેજે, એપિસોડ, ફિલ્મનાં પોસ્ટર્સ, દેવદાસીઓનું ચિત્ર, પ્રાગૈતિહાસિકકાળ, ચાંદલા વગરનો

અડવો લાગતો ચહેરો, ફાટી ગયેલાં પોસ્ટર્સ, પાન-મસાલો, અસ્થિવિસર્જન, સમોસા અને આઈસક્રીમ, ગોદન, ચાદર, ઓશિકું, ભટકાતાં બારણાં, કાંટાળી ગીચ ઝાળીઓ, ઓપોર્ચ્યુનિટિ, ગૂફ્તેગૂ, ઝાળ ઉઠવી, ડાન્સિંગ ક્લાસ, ફાટેલા અવાજમાં સંતાયેલો ગુસ્સો અને ડર, ઊઝરડાયેલું ઝનુન, પ્લેટફોર્મના કોલાહલથી ગૂંગળામણ, ફાર્મહાઉસ, સોસાયટી, અવાજમાં ઉકળાટ, નશામુક્તિ કેન્દ્ર, બગીચાની ટ્યુબલાઈટનો અવાજ, પત્રો સળગાવી દેવા, ગ્રીનરૂમની ધમાલ, રવિવારની બપોર, ચોમેર વરસાદ ઘેરો, ખાસ્સું રોમેન્ટિક વાતાવરણ, ડાયરીમાં ખર્ચ લખાણ, સારું સંગીત, સ્વર્ગની કોઈ અનુપમ પુષ્પવાટિકામાં ભ્રમણ, ઈન્દોર, ઓસ્ટ્રેલિયા, ટેબલ પર તૈયાર પડેલી ચા, પાળેલો કૂતરો, ભજનની કેસેટ, સ્કૂટરનો હોર્ન, સેંથી, કાંસકી, શોફરડ્રીવનકાર, માછલીઘર, હાથમાંથી દૂધનો ગ્લાસ છટકતાં ઘરમાં દૂધ દૂધ - કાચ કાચ, એક્વેરિયમ, આખો દિવસ રગડ છગડ, બોમ્બ ધડાકા, કવરમાં છબી, એરકન્ડિશન્ડ ઓફિસ, સ્ટડીરૂમ, વાર્તા લખવી, લોહી ઉકાળા, વૈદ-હકીમ-ભૂવા-પીર-બાધા-આખડી-જંતરમંતરની માહિતીના ખડકાલ, ડિટથેરિયાનું નિદાન, કંસારા પેંડા, ધરણાં-ઘેરાવ-સભાઓ-સરકારમાં રજૂઆત, જાહેરાતથી ઘરમાં ધરતીકંપ, નાટક-સિનેમા-હોટેલ-આઉટિંગ-શોપિંગ, અનપ્લેઝન્ટ બનવું, વાતથી વાતાવરણ ગોરંભાયું, ઈંચ ઈંચ ખસતું અઠવાડિયું, ધગધગતી નજર, પ્રેગનન્ટ કૂતરી, પેટમાં વજન, કાચની બંગડીઓની રણઝણ, આકાશનો રંગ મેલખાઉ મસોતા જેવો, બારીની ફાટ, થેલીમાં પૈસા, બાવડામાં તાકાત, ફર્સ પર ન દેખાતું લોહી, બિસ્કિટનું પેકેટ, છ આંખો ધગધગતા સળિયા જેવી, ચોરી ચપાટી-મારફાડ-દંગાફસાદ-દારૂજુગાર-દાદાગીરી-ધમકી, ડિલે બણબણતી માંખ, ડોલ-દેગડો-પીપડાં-કેરબા-તપેલાંની હાર, ફાટેલું શર્ટ, આદુ-તુલસીના ઉકાળા, લોટ-ઘીની સુગંધથી બધું મઘમઘ છે, કાચા રસ્તાની ગોટંગોટ ધૂળમાં ઠેલા ખાતી એક ઓરત, સોનોગ્રાફી, એબોર્શન, મીઠાઈના ડબ્બા, લીમડાની ઘેઘૂર ઘટા, આંખોમાં હિમાલયનું પ્રતિબિંબ, ગ્રહોના સુમેળ, ગુલાબી ફ્રોક પરનાં ફૂલો, ઊછળતાં સમુદ્રે તોતિંગ પર્વતમાળા, અવકાશનો ગોળો, ધૂળ જેવી બાબતમાં જીવ, આપઘાત, ત્રણ મહિનાનો ગર્ભ, બળતરા, સગવડભર્યા કૂટ પ્રશ્નો, ઘર આખું ધગધગ, ઝળઝળિયાંથી ભીની આંખ, રગશિયું ગાડું, ટોળાનું દબાણ, ઊંડી ખીણમાં ફંગોળાવું, હબકની રૂંધામણ, મોકળો કંઠ, નપાણિયો કૂવો, સ્ત્રી ભ્રૂણ.

ઉપરોક્ત વિગતોમાં મૂકાતાં પરિવારનાં, મજૂરી કરતાં ઓરિસ્સાનાં, સંસ્થાઓનાં પાત્રોની ભાવ પરિસ્થિતિના કેન્દ્રમાં નારીજીવનની સમસ્યાઓ ગૂંથાયેલી છે. વીગતો વડે એ સમસ્યાઓને ઘેરી બનાવાઈ છે. અંતિમ સંગ્રહ ગર્ભગાથાની ભાષા વધુ સાહિત્યિક -લલિત હોવાના કારણે ઘટના કરતાં નિરૂપણમાં રસ પડે એવી વાર્તાઓ સર્જાઈ છે. આ વાર્તાઓમાં પરિવાર કે જાહેર સ્થળોમાં સર્જાતી

સંઘર્ષ ક્ષણોમાં વાતાવરણ સર્જવાની લેખિકાની એક વિશિષ્ટ આવડત નોંધપાત્ર છે. આ જ વાર્તાઓને સઘન બનાવતી કથનના નિરૂપણમાં નોંધાતી પરિવેશની સૂચક શૈલી જોઈએ:

- ઊંચા પહાડની ટોચ પરથી એનો પગ સરકી ગયો હતો કે પછી ટોચ પગ નીચેથી અટકી ગઈ હતી ? જે હોય તે, પણ એ નીચે, નીચે, ઊંડે, છેક ઊંડી ખીણમાં ફંગોળાઈ ગઈ હતી. ભયથી આંખો મીંચાયેલી હતી. ચોમેર કાળા કાળા પહાડ, બિહામણા કાળા ઓળાઓ જેવા, એ સાવ એકલી બૂમ કોને પાડે ?
- મારવાડી શેઠે મોં પર મસોતા જેવો નેપ્કિન ઢાંક્યો હતો. પડખે એમન વહુ માથે વારંવાર સાડલો ખેંચતી હતી, ને ત્યારે એના ગોળમટોળ હાથો પર ઢગલો બંગડી ખણકી ઊઠતી. એક કાળુ ટેણિયું ક્યારનું કકળતું હતું.
- એની આંખોમાં અવનીને એના ગામની વાવનાં કાળાં ભમ્મર પાણી દેખાતાં હતાં, તો બીજી ક્ષણે એ આંખોમાં અસંખ્ય તાપણાં સળગી ઊઠતા હતાં.
- બાથરૂમનો નળ સતત ટપક્યા કરતો હતો. પાણી નકામું ન જાય તેથી ડોલ રાખી હશે નીચે, ટીપાં ગણાય એવડો મોટો અવાજ લાગ્યો. છમ્‌મ્‌ કરતો વઘાર થયો, મરચું નાકમાં પેસી ગયું, તવેથાનો કર્કશ અવાજ ફરતો હતો
- રસોડામાં વાંદા ફરતા હતા, પાણિયારા પાસે ખુણામાં લીલ બાઝી ગઈ હતી; પોતું કરવાના કટકામાંથી ગંદી અસહ્ય વાસ આવ્યા કરતી હતી, પ્યાલો બરાબર મંજાયો નહોતો, એમાંથી પણ કશીક ગંધ તીવ્ર, આકરી, માથું ફાટી જાય એવી...
- બાપુજીની હાજરીમાં બાનું ભારે ભારે મૌન, ઘરનું ઉદાસ વાતાવરણ, તિરસ્કાર અને કંટાળાની વાસી લાગતી હવા, ક્યારેક છૂટક છૂટક શબ્દોમાંથી ભોંકાતો ક્રોધ ! એટલે જ વરસાદી સાંજ એની સ્મૃતિમાં લપાઈને બેસી રહી હતી. સુખની એવી ક્ષણો એની પાસે ઝાઝી ક્યાં હતી ?
- રસોડાના અંધારામાં સુમિ ભરાઈ ગઈ. સાંજની ખબર ચાલીના દાદર પરથી પડી. નીચે રમવા ઉતાવળાં થયેલાં ઢગલો છોકરાંઓની ધડબડાટી અને સાથે થાકેલા, ક્યારેક ખેંચાતા, ઘસડાતા ઘર ભણી વળતા પગ વચ્ચે ચાલીની ઓરડીઓનાં બારણાં ખુલવાનો – બંધ થવાનો, નખનો, રેડિયો-ટી.વી.નો અવાજ એક થઈને ભળી ગયો.
- રીડિયાં ધડબડાટી હવે ઠેઠ નજીક આવી લાગયાં, કોકે એને પાછળથી જ ખેંચી. જમીનને ચોંટી રહેલા દાભડાને ભાણકી વળગી રહી. કપડાં લીરેલીરાં થયાં, ને વાંસો એનો ખુલ્લો થઈ ગયો, તે પર તોળાયા ડાંગ-પથરા- લાત- ગાળ, ને પછી તૂટી પડ્યાં, પૂરી તાકાતથી

- સન્તરામની આંખોમાં અસહ્ય બળતરા ઊપડી. એ કામ પરથી આવે ત્યારે શકુ ફટકડી બની જતી, ધૂળ-પથરા જેવી ચીજથીયે ખુશ ખુશાલ, એકાદ પીન કે બંગડી કે લાલપીળી રીબીન. પાણી પીને સન્તરામે ડૂમો નીચે ધકેલ્યો.
- લગભગ એના કાનમાં મોં નાખીને કશુંક કહ્યું, એકાદ કણ સુધ્ધાં બહાર ન વેરાય એ રીતે.
- તેરા ક્યા જાતા ભૈયા...અપના ધંધા ચલતા હૈ તો ચલને દે ન ? જૈસા તેરા કામ, વૈસા અપના યે કામ, સમજા ?
- તુ તારે નિરાંતે ઘેર જા...તારી માને કશુંયે નથી આવાનું...પથરોય નહિ ને પાણોય નહિ..પેટ ખાલીખમ થઈ જવાનું છે, સાફ...
- અંદર બધું ધાર્મિક ધાર્મિક હતું. સ્ત્રીઓ વ્રત રાખે અને ગીતો ગાતી ગાતી પૂજા કરે, એમના ખોળામાં ટપ દઈને આશીર્વાદનાં ફૂલ પડે એવું એવું
- તડકામાં હવે ચમક ચમક પર્સ અને ચમક ચમક કપડાં, રંગીન ચહેરા, બનાવટી ઘરેણાંનો ઠઠારો, માથામાં મોટાં બક્કલ, હેરપિન તો ક્યાંક સજાવેલાં વાસી ફૂલોની અને અત્તરની ઉગ્ર માદક ગધથી બજારની સુસ્તી ઊડી ગઈ.
- માધવના નામ માત્રથી એની આજુબાજુ રક્ષણ કિલ્લો ઊભો થઈ જાય, કે પગ નીચે મખમલના ગાલીયા પથરાય, તેમાં એ પોતે શું કરે ?
- સામે બારણે કોઈ સુખમાં ઝુલે બેઠું છે, ને ઠંડા વાયરા માણે છે એવી એમની સમજમાં એકાએક અને અણધાર્યું બાકોરું પડી ગયું હતું. આ સ્ત્રી પણ ધગધગતી જમીન પર ચાલતી હતી લગભગ એમની પેઠે જ અડવાણે પગે
- ઉતાવળી અને બહાવરી બની એ સહજીવનનાં વર્ષો તળિયાઝાટક ફેંદી રહી. કદાચ ક્યાંકથી મળે એકાદ એવી મહામૂલી ક્ષણ, જડી આવે એની ઠેઠ ઊંડે ઊતરી ગયેલો, લોહીમાં વહેતો થયેલો, છેલ્લાં શ્વાસ લગી યાદ રહે એવો કોઈ સ્પર્શ.
- રાતે ઘરમાં થીંજેલા અંધકારમાં એકાદ દબાવેલું ડૂસકું છૂટી જતું ત્યારે પથારીમાં ગોટમોટ પડેલો સુખવીર માથે-મોંએ ઓઢેલી ચાદર ખસેડી જોતો કે મા સૂતી સૂતી જ રડતી હોય, એનાં ખભાને પીઠ થરથરતાં દેખાય.
- સંદીપનાં શર્ટ-પેન્ટની નીચે પોતાની સાડીઓની થપ્પી રાખવાનું એને પસંદ નથી.
- ઘરને ખુણે ધગધગતો લાવારસ ફેલાયો હતો, બંને જણ શેકાતા હતા ઉત્તાપમાં

- નીચે પડેલી આંખો હતી, છટપટતી સ્ત્રીનું શરીર ટુકડાઓમાં વિપાશાની આંખમાં ગોઠવાતું રહ્યું.
- નાનકડી ચાલીની એ સાંકડી ઓરડી. પતરાની પેટી પર પાથરેલી ચાદર. બારણે ડોકાઈ જતા અજાણ્યા ચોરાઓ ઝાકઝમાળ સાડીઓનો સરસરાટ છોકરાંઓની ધમાધમ, અત્તરની ઉગ્ર ગંધ, બારણે બાંધેલું તોરણ, ટેબલ પર પડેલો પેંડાનો થાળ...કુસુમના ધમાલિયા ભાઈઓએ મેંદી લગા કે રખના ડોલી સજા કે રખના થી મહોલ્લો ગજવેલો.
- ઊંચા ઝાડની ડાળીઓને વળગતાને છૂટતા પવનને, ખડક પરથી ઝમતા પાણીને, લીલા ઢોળાવો પર ચરતાં ઘેટાં-બકરાંને યાદ કરતાં કરતાં દિવસો...
- તૂટેલાં બારણાં, રઝળતાં ઠામડાં અને ચીંથરા વચ્ચે કેટલો કાળ ઊભા રહેવાય ? કુમકુમે ખાટ નીચેની એની પતરાની પેટી ખેંચી. કોઈ અડ્યું નહોતું એને. એવો વખત જ ક્યાં હતો કોઈ પાસે ? પાછા ફરતેં છોથરામના વાડામાં કોઈ પ્રાણી કણસતું હોય એવો ભાસ થયો. ઘાસપત્તાના ઢગલામાં અને વેરણ છેરણ લાકડા કામઠીમાં કુમકુમે શોધ આદરી, પણ કંઈ દેખાયું નહિ. ત્યાં બધા ઉતાવળ કરતા હતા. વસ્તી વાહનોમાં ભરાતી હતી, પૂરી સલામતીમાં. અવાજ સંભળાતો રહ્યો છતાં કુમકુમે હવે પાછળ જોવાનું માંડી વાળ્યું
- ઠેર ઠેર પડેલી વેણછેરણ ચીજોવાળા ભેજમાં ગંધાતી ગોદડી જેવો એનો સંસાર ખીચોખીચ લહેરાતા કમળસરોવરમાં પલટાઈ જતો હતો. પ્રફુલ્લિત કમળપુષ્પોની વચ્ચે એ ઝૂલતી હતી હવામાં. સુરભિત વાતાવરણ અને મત્ત ભ્રમર-ગુંજારવના ઘેનમાં એ આંખો જરાતરા ખોલી લેતી, પડખે પાંખો ફફડાવતા હંસ એના કપોલને જલબિંદુઓથી ભીંજવતા એક અજાણ્યો સુગંધિત અવાજ એનું નામ લેતો હતો નિરંતર...
- પહાડ જેવા ઈંટરોડાંના ઢગ અને ભંગારથી બીંસાયેલી નિર્જીવ શેરીઓ, તૂટેલી દીવાલો વચ્ચે આગળિયો ભીડીને ઊભેલાં બારણાં, હેઠે લટકી રહેલા ઝરૂખા પર ચીંથરા બનીને ફડફડતાં કપડાં, દટાયેલા જીવોથી માથું ફાડી નાખતી ગંધ...
- સાસરેથી આવેલી કે સાસરે જવાની હોય એવી દીકરી મા જોડે વાતો કરે એવી જ એ બધી વાતો. હવામાં ફરફરતા આસોપાલવનાં તોરણ જેવી, હાથ પર આલેખેલી ફૂલવેલની ભાત જેવી .
- ઉપરથી નજર નીચે પછડાય ત્યારે ખોલીઓને નાકે આવેલા નળ પરથી વાંકીચૂંકી કતાર દેખાતી. પાણી ભરવાવાળાંઓની નહિ પણ એમનાં જાતજાતનાં ડોલ-દેગડાની ભૂરા રંગે રંગાયેલીને તેથી અલગ પડી જતી પરશુરામની ખોલીમાંથી રેડિયો આરડતો હોય તો

એની બરાબર સામે ચમનલાલનું ટેઈપરેકોર્ડર સણસણતો જવાબ દેતું હોય. જુદી જુદી ભાષા સામસામે તલવાર જેમ વીંઝાતી રહે. એ ભયંકર ઘોંઘાટમાં સવારના બીજા તમામ અવાજ ગરક થઈ જાય. રેહાનાબીબીની છાપરીનું કૂકડેકૂક સુદ્ધાં. આટલા અવાજમાં સુની રડી કકળીને ખતમ થઈ જાય તોયે કોઈને ભાગ્યે જ ખબર પડે.

- મારાં ચાળીસ વર્ષ સ્કૂલમાં કાળા પાટિયાની પડખે અને ચોક-ડસ્ટરનાં મેળમાં. કાનમાં રાતદિવસ ઘંટ સંભળાય. ગુડડે મેમ, ગુડ મોર્નિંગ ટીચર, બેન, નમસ્તે...સ્મિત ઊજળા ચહેરાઓની વચ્ચે એ ચાળીસ વર્ષ રેશમી પડદાની પેઠે ઊડાઊડ. નિવૃત્તિ તો હજી ગયે સાલ જ આવી.
- આ આખીને આખી સોસાયટીઓ સળગાવી ત્યારે અગાશીની પાસે બેસીને નિરાંતે ભડકા જોતીતી કેટલીયે બાઈઓ, કોઈના પેટનું પાણી ખળભળ્યું નથી ત્યારે ?
- ખૂણામાં ભીંતને ટેકે અદ્ધર જીવે બેઠેલી, હોઠ પર પડેલા કાપા દાવથી ઢંકાયેલા છતાં હજી લોહી ઝરપતું હોય એમ લાગ્યું, કપાળે અને ગાલે ઉઝરડા, જાડી ચાદરમાં ભરાયેલું એનું શરીર હજી થરથરતું હતું.
- રોજ સવારે તાજું છાપું સરકીને ઓરડામાં આવે. પહેલાં જાળીવાળું બારણું, પછી જાળી વિનાનું ભીંત જેવું મજબૂત બારણું આ બંનેને આગળ સ્ટોપર અને વધારામાં તાળાં. આવા કિલ્લામાં છાપું આખે આખું તો અંદર દાખલ થઈ ન શકે. જરા અમથી ધાર જ ઓરડામાં ડોકાય.
- અચ્છા ખાસા ધંધા ચલ રહા થા, અબ એક મરદકું પકડ કે રખને કી ક્યા જરૂરત હૈ ? વો ક્યા દેનેવાલા હૈ તેરેકુ ઘર ? ઈજ્જત ? બચ્ચી તો હૈ ઉસકી તેરે પાસ, અબ આગે ક્યા ચાહીએ ? બોલી, મરદ કરેગી અપના !
- એણે ઈચ્છ્યું હતું કે જનક નામના ટપકાને આખા જીવનમાંથી ફટ દઈને ભૂંસી કાઢે. કપાળમાં ચાંદલા તરીકે ઓળખાતા લાલરંગના ગોળ સ્ટીકરને જેટલી સહજતાથી ઉખેડીને ભીંત કે કબાટે ચોંટાડી શકાય એટલી જ સ્વાભાવિકતાથી. છતાં હજુ સુધી એમ થઈ શક્યું ન હોતું. કદાચ બેલાને કારણે
- જેને બચ્ચું જોઈતું હોય એને ત્યાં ખોયું મૂકી દેવાનું. ધોળો મજાનો બગલો ખોયું લઈને ઊઠી આવે, આ પેટમાં વજન લઈને ફરવાની બાબત જ ખોટી.
- રઝિયાના શબથી થોડે દૂર જ એ પડી હતી, પોતાના લોહીની ભીતરમાં ડૂબોડૂબ અને એ લોહીમાં બીજું પણ કંઈક હતું જે જોઈને ઘણાંએ આંખ મીંચી દીધેલી.

- અરજીઓ, મુલાકાતો, અહીં, ત્યાં, આજીજી, આક્રોશ, દબાણ, પાણી વલોવાતું રહ્યું. રડી કકડીને મા ખતમ થઈ ગઈ. પછી સૂનમૂન અને તૂટી ફૂટી
- નાનીમાના સાસરામાં જાણે ફરી આગ લાગી રીતસરની. આખું ઘર ધગધગે અને ચારેકોર ધુમાડાના ગોટેગોટ. સરસતીના નામનું રોજ ન્હાવણ.
- જીવવું એટલે આમ બેઠાં હોઈએ અને માથે પંખો ફરતો હોય, ટેબલ પર શરબતનો ગુલાબી ગ્લાસ હોય, એમાં ડૂબોડૂબ બરફનાં ટુકડાંઓ ગળતાં હોય, કબાટ ખોલતાંની સાથમાં સુગંધ સરી પડે અને પોચી પથારીમાં ઊંઘવાનું હોય. સુનીતા જાણતી હતી માની કે માની માનેય સપનાં જોવાં એટલે શું ? તે ખબર નહોતી

**બિંદુ ભટ્ટ**ની બાંધણી(૨૦૦૯)માંની બાર વાર્તાઓ સ્ત્રીના જીવનની વિશિષ્ટ અવસ્થાઓને વર્ણવે છે. વિવિધ વયની સ્ત્રીઓનો સંઘર્ષ અહીં નિરૂપણ પામ્યો છે. 'દહેશત'માં વહુનું પાત્ર, 'પોયણાં'ની કુંવારી કન્યાનો રોમાંચ, 'આંતરસેવો' 'મંગલસૂત્ર' વગેરેમાં ઘર સાચવતી પત્ની, 'આડા હાથે મૂકાઈ ગયેલું ગીત'ની નવોઢા વગેરે સ્ત્રીઓના સંઘર્ષને અહીં નિરૂપ્યો છે. ઘર, ઓફિસ, બજાર, પ્રવાસ વગેરેના સ્થળસંદર્ભમાં નારી જીવનના વિવિધ પ્રશ્નોને વાચા આપી છે. આ વાર્તાઓમાં બંધાતો પરિવેશ એની નિરૂપણશૈલીમાં ઓગળી જાય છે. એટલે વાર્તાઓ વધુ રસાળ બને છે. ભાવોનો પિંડ રચાય છે. પરિવેશ રચતી વીગતો આ પ્રમાણે છે:

ઝાંપો, મોપેડ, કમ્પાઉન્ડ, લોટનો ડબ્બો, શાકની થેલી, બેડરૂમ, હોલ, કીચન, વિશાળ બગીચો, સોય-દોરો, દાદર, ગેસની સગડી, માર્કેટિંગવાળા, પંખાનાં પાંખિયાની ધીમી ગતિ, વેરાયેલાં જાંબુ, લગીની બેડી, પરફેક્ટ મેચીંગ, ચ્હાનો કપ, બે રૂમ રસોડાની સંકળાશ, અંડરવેર્સ, મેલાં-સુગાળવો સળવળાટ, ગાઉન, પીન્ક બ્રા, બેસતું વર્ષને ભાઈબીજ, લંચ બોક્સ, પાણીના રેલાની જેમ ફરતી ઈસ્ત્રી, ઉજાણીનું આયોજન, વત્સલ સ્મૃતિઓ, વરસ આખું થાગડથીગડ, અસ્થિકુંભ, સિલ્કની બાંધણી, શ્યામ ગુલાબી બૅકગ્રાઉન્ડ અને પોપટી બોર્ડર, માળા, પ્લાસ્ટિકનું બક્કલ, કપડાં વાસણ, ભઠ્ઠીપર તાવડો, ગંધથી ખદબદતો કાદવ, ઉકરડાની દિશા, ફળિયામાં ખાટલો, ગળિયેલ રંગનો સાડલો, હીરાની ઘંટી, ચંચળ આંખની ભીની ઝાંય, સાબરમતીનો કાંઠો, ચાર વાગ્યાથી ચરખો ચાલુ, ગાભાનું સાવ નમાતું ગોદડું, સરક્યુલર બસ, સેફ્ટીપિનથી ટકેલી સ્લીપરની પટ્ટી, માનવમંદિરની ફરફરતી ધજા, સાળની ખટાખટ, સરકારી વણાટ મંડળી, ટાટાતી ઢીબરીના અજવાળે અફીણી ધણીના પગ દબાવવા, દસ તોલા સોનું, ચણિયાનું નાડું, બ્લાઉઝનું નીચલું બટન, જન્માષ્ટમીની રાતેય ઝગડો-તમાશો, મંગલસૂત્ર, કાળજામાં ડબકો, લાલ સફેદ રંગના તાણાવાળા

નસોમાં ગૂંથાય, દવા, ટિફિન, ચમચી, પ્યાલો, હવામાં ફરફરતા કાગળ જેવી હળવાશ, વાડામાં ડોલતા ગલગોટા, પીળા રંગનું ફ્રોક, રસોડામાં બાના શબ્દો, મહાપૂજા, ચ્હા-નાસ્તો, તળઅવ, કીચડ, પોયણાં તોડતાં શિથિલતા, ડસેક્શન બોક્સ, ઘર ઘરને લખોટી રમવી, પારિજાતનાં ફૂલોનો ઢગલો-સ્પર્શ, તોફાની આંખોને મ્હોંમાં કાતરા, ગોરા રંગ પર કેસરી રંગના સીતારાથી ચમકતી બાંધણી, અનામ પણ આકર્ષક ગંધ, પ્રિલિમરી પરિક્ષા, ફ્રોકનો સાથળ સુધી ચડી ગયેલો ઘેર, ધગધગતા હોઠ, થરથરતા ગાલ, જાસુદના પાનની મખમલી દોરીલી લાશ, સ્કૂલરીક્ષા, અરીસામાં ચાંચ મારતી ચકલી, લેસ-તૂઈ-ઝવેરા-સતારા અને મોતીના ભરતકામ, બેલ્જિયમ ગ્લાસ, વૈધવ્યનો વલોપાત, ટેબલક્લોથ, ફેરીઆણાં અને જીયાણાં, ફિનાઈલની ગોળી, બ્લાઉઝની કટોરીમાં કરેલું ભરતકામ, હોસ્ટેલમાંથી લખેલા પત્રો, હોમમેઈડ બ્રેસિયર, સતારા ભરેલા રીંગણી રંગના રેશમી સાડી-બ્લાઉઝ, રૂપેરી ભરત ભરેલી કટોરીઓ, લિફ્ટ, ઓફિસ, ટેબલ, સાડીની પાટલી, મોનોપોઝ, રિસિવર, ગ્રાઉન્ડ ફ્લોર, ઝવેરીવાડ બસ સ્ટેન્ડ, સત્તર તાલુકા ગામ, ઉઝરડા પાડતો અવાજ, વીજળી ઘરના ચાર રસ્તે ટ્રાફિક બંધ, ફિલ્મ-ડિનરનો કાર્યક્રમ, આશ્રમ રોડ બ્રાન્ચમાં બદલી, કાંડા પર સોનાની એકેક બંગડી પાસે વેરાયેલી તુલસીની માળા, પર્સ, તુલસીનું કૂંડું, ઘેઘુર આંબલી, ગરુડપુરાણ, કાંણ, ઉંબર, મગફળી-બાજરી-લસણ-ડુંગળીના પાક, કાચની કરચો જેવા ખૂંચતા દિવસો, મંદિરનો શાંત અને ભવ્ય વિસ્તાર, ડૂબતા સૂરજમાં કિરણો, જાગતું પડ, લેંઘાની પૂંઠે થીંગડાં, રોડપોલીસનું ચેકિંગ, લાલ-લીલા બલ્બનો પ્રકાશ, ગરગડી પરથી સરકતી ગાગરની જેમ ઊંડા કૂવામાં ફેંકાવું, ટલ્લા ખાતો ખટારો, ફળિયામાં પથરાયેલી ચાંદની, મનોવિજ્ઞાન મંડળનો સેમિનાર, ગાભાની ઢીંગલી, પોસ્ટ ગ્રેજ્યુએટ સેન્ટર, ઓશિકા નીચે ઘડિયાળ, નાઈટલેમ્પનું અજવાળું, માળાના સરતા મણકા, ધૂપ-દીપ-નૈવેદ્ય, નૈનિતાલનો શિયાળો, વેકેશન, આસમાની ગાઉન, ટોયલેટમાં ઉલટી, લિપસ્ટિક, રંગોને રંગવટો, મેકઅપ, કપાળ પર ઢળી જતા વાળ, સ્ટડી લાઈટ, બ્લેક કેફીના ઘૂંટ, અંધારા સમુદ્ર વચ્ચે ઝળહળતા ટાપુ, કથામંડપ, અજાણ્યો અનુબંધ, ખુલ્લું આંગણ ખારોપાટ, રેલ્વે ઈન્કવાયરી, ઘૂંઘટમાં ઢંકાયેલ ચહેરો, ગોરંભાયેલાં વાદળ, વોટરબેગ, સાડીનો છેડો વગેરે...

આવી વિગતો વડે બંધાતા પરિવેશમાં હૃદયના સૂક્ષ્મ ભાવો વણાતા આવે છે. ગૃહજીવન, નોકરી, જવાબદારી વગેરે વચ્ચે રહેતી સ્ત્રીના મનોભાવો આ પરિવેશમાં બંધાય છે. આવાં કેટલાંક વર્ણનો પણ આ વાર્તાઓમાં મહત્ત્વનાં પૂરવાર થાય છે જેમ કે –

- આગળ જોયું અને ભવિષ્યના ભયે ફફડી ઊઠી. હમણાં રાની બિલાડો કબૂતરને ચારેબાજુથી ભીંસી દેશે

- દોઢ મહિનાથી વર્ષા એમની આંખોમાં રોજરોજ ગૂંથાતી જાળની નવી નવી ડિઝાઈનથી બચવાની તરકીબો શોધતી રહે, ફફડતી રહે, ગૂંગળાતી રહે
- રાતોની રાતો લાગ્યા કરે કે મારી હોડી નદીની વચ્ચોવચ ઊભી છે. મારા હાથ વહયે જાય – એક પછી એક અસ્થિકુંભ સતત કશુંક નીતરે ને નિચોવ્યે જાઉં.
- દરબારી ઠાઠમાઠનાં વિલાયતી નળિયાં નીચેનો ઊધઈ ખાધો કાટમાળ કેટલીક ઝીંક ઝીલત ?
- સાળ ખટાખટ ચાલ ભરતી અને સાથે પુષ્પાના વિચારો. એની આંગળીઓ ક્યારેક ખસતા તારને ગોઠવતી તો તૂટેલા ને સાંધતી. ક્યારેક એ હળવેથી કાપડને પસવારી લેતી. એક ગુલાબી રેશમનો તાર અને બીજો સોનેરી જરીનો. બોર્ડરમાં કેરી આકારની નાની આછી જાંબલી બુટ્ટી ને એવી જ બુટ્ટી આખા ગાળામાં 'આવી સાડી હોય તો ઘરેણાંની જરૂર નહિ.'
- ઓરડામાં પેસતાં એણે જોયું. સીસમના કબાટમાં લગાડેલાં અરીસે એક ચકલી ચાંચ મારી મારીને પોતાના હરીફને હંફાવવામાં પોતાને જ થકવી રહી હતી. ચકલો હીંચકાના ખાલી પડેલાં કડે બેઠો બેઠો આ જોતો હતો.
- ખાલી થર્મોસમાંથી આવતા સૂમસૂમ જેવો અવાજ મારા કાળજામાંથી આવતો હતો.
- થયું હમણાં કૂકરની જેમ ફાટી પડીશ.
- બીજાની સુંદર સાડી પહેર્યા પછી કોઈ વખાણ કરે અને ઊંડે ઊંડે જે ક્ષોભ થાય એવું કંઈક થયા કરે
- મહિનામાં એકાદ ઢળતી સાંજે બ્રિજ ચાલવો. કોફી પીવી અને છૂટા પડવું. ક્યારેક પ્રશાંત ભાવુક થઈને બોલી ઊઠતો, પદ્મા આપણે બે નદીના કિનારા છીએ. એને આગળ બોલતો અટકાવીને હું કહેતી, પ્રશાંત આપણને જોડનાર પુલ સાબૂત છે. પછી ભલેને પૂર આવે.
- ડૂબતા સૂરજનાં કિરણોમાં મોજાં પર સોનેરી કોર ગૂંથાય અને ફીણફીણ થઈ વીખરાય રૂપાની રણઝણતી ઘુઘરીઓ.
- એના બોથાલા જેવા અસ્તવ્યસ્ત વાળ, જાડી મૂછ, ખમીસના તૂટેલાં બટનોમાંથી દેખાતું ફાટેલું ગંજી અને એમાંથી ડોકાતા છાતીના વાળ.
- હવાઈ ગયેલા સૂર્યથી મુક્ત મારા મને ચકલીની જેમ પાંખો પહોળી કરી અજવાળામાં નાહી લીધું અને ફરર જઈ બેઠું ગિરનારની ટોચે. ગિરનાર, દૂરથી કોઈ જટાળા જોગીનું

વિરાટશિલ્પ. ગહન સમાધિમાં લીન ને ચોપટ છાંયો કરતી ગાઢ વનરાજીની ભ્રમરા નાનીસુની ટેકરીઓ જેવું તીણું નાક અને પથરાયેલા ઉબડખાબડ શિલાખંડોમાં ફરફરતી દાઢી

- સુજાતા ગાતી હતી અને એને લાગતું હતું કે વચ્ચે વચ્ચે ગીત કોરડું લાગે છે. આડા હાથે મુકાઈ ગયેલું ગીત મળ્યું પણ વીત્યાં વર્ષોથી રજોટાયેલું.
- મારી સામેનું ખુલ્લું આંગણ ખારોપાટ બની જાય છે. ઠેરઠેર ધોમધપતી ખારાશના ઢુવા પાછળથી બે આકાર ઊપસે છે. એકની સફેદ છીદરીનાં ચીતરાયેલો ખારોપાટ અને બીજા આકારનો ઉપરી ગયેલો રંગ બાવળના ઝાંખરાએ કોચી કાઢ્યો છે. એ નજીક આવતાં જાય છે. ક્યારેક ખારાપાટને લીલપ દોરે છે. તો ખ્યારેક લીલપ લપાતી જાય છે. ખારાપાટની પછવાડે. અરે આતો સાવ ઉંબર સુંધી...
- ઊંડો શ્વાસ લઈ એણે ઉપર નજર કરી. દીવાલ પર ગરોળી એક પતંગિયાની દિશામાં ધીરેધીરે આગળ વધતી હતી. હમણાં એક સુંદર જગત...

બિંદુ ભટ્ટની વાર્તાઓમાં આ રીતે પરિવેશનો સૂક્ષ્મ વણાટ ધ્યાન ખેંચે છે. ભાવોનું જગત આગવી શૈલીમાં સંકેતાય છે. ભાષા રસળતી સર્જાય છે. અને કૃતિમાં સતત તાજપ વર્તાય છે. વાર્તામાં વચ્ચે આવતાં આછાં પણ સૂચક અને પ્રબળ વર્ણનો વાર્તાને ગતિશીલ બનાવે છે ભાવવિશ્વને ગોરંભાવે છે. આ રીતે તેમની વાર્તામાં પાત્રો અને પરિસ્થિતિ પરિવેશ નિરૂપણ વડે એકમેકમાં ગૂંથાય છે.

**ઈલા આરબ મહેતા**ની વાર્તાઓમાં કેટલીક વાર્તાઓ નારીજીવનના પ્રશ્નોને વ્યક્ત કરે છે. ગૃહિણી, ઓફિસ કર્મચારી, સ્ત્રીસંસ્થાની સંચાલિકાઓ, પુત્રી, વૃદ્ધા જેવાં પાત્રોનાં સંવેદનો, જીવનનાં અંગત પ્રશ્નો, પુરુષપ્રધાન સમાજ સાથેનો સંઘર્ષ, પોતીકો મનોસંઘર્ષ, છૂટવાના તરફડાટ વગેરે અહીં વ્યક્ત થાય છે. આ પ્રકારની તેમની વાર્તાઓની કેફિયત જોઈએ તો –

- 'એક સાંજ' 'પગલૂંછણિયું' 'વિસ્તાર' 'શમિક તું શું કહેશે ?' અંતરમાંથી પ્રગટી છે. પુરુષોના દ્રોહી નથી થવાનું પણ સ્વતંત્રતા, સ્વાવલંબન અને સમાન હકની મૂળભૂત લાગણીઓ તેમાં ગૂંથાય તે પ્રત્યે મારું વિશેષ લક્ષ રહ્યું છે. 'પાંખ' 'હું છું ને ?' પણ એ પ્રકારની નવલિકાઓ છે. એટલે 'ભાઈલો-બાયલો' પણ લખાઈ છે જેમાં પુરુષોને પણ કેવા જેન્ડર – બાયસનો ભોગ બનવું પડે છે તેનું નિરૂપણ છે. – ૧૮ શિસૃ

આમ એમનો વાર્તાવિષય મુખ્યત્ત્વે પુરુષ સમોવડી બનવા મથતી સ્ત્રીનો સંઘર્ષ છે. તેમણે ઉલ્લેખેલી વાર્તાઓ ઉપરાંત 'બળવો, બળવી, બળવું', 'દેવકન્યાનું મૃત્યુ', 'ઓટોગ્રાફ', 'આપઘાત',

'ધંધો', 'નેટ-ચેટ', 'યાતના', 'હું જાણું છું', 'અઢળક ઢળિયો રે શામળિયો', 'ચરિત્રહીન' વગેરે વાર્તાઓ પણ સ્ત્રી જીવનની પૃષ્ઠભૂ પર રચાઈ છે. આ વાર્તાઓનો પરિવેશ ઘર, ઓફિસ, બજાર, પ્રવાસસ્થળો, મંદિર વગેરેના સ્થળસંદર્ભથી રચાય છે. એ પરિવેશને રચતી વીગતો વાર્તાઓનું ભાવવિશ્વ છતું કરે છે. એ વિગતોને વીગતે જોઈએ તો –

બહાર ઝગમગતો તડકો, સૂટ ખમીસો, ટાઈ, મોજાં, ફર્નિચર, પુસ્તકો, લેમ્પશેડ, ચિત્રો, કબાટ, ડ્રેસિંગ ટેબલ, ફોટો આલ્બમ, અંગત ડાયરી, ખાટલા પર ઢગલો થઈ જવું, જનોઈ વઢ ઘા, કપાળ પર પથ્થર જેવા શબ્દો ઠોકવા, સૂરજના કિરણોમાં લાંબો થતો પડછાયો, હૈયામાં મોટી તિરાડ, હિટલરની ગેસચેમ્બરમાં ધકેલાયેલાં યહુદી નર-નારીઓની હૃદય વિદારક ચીસો, ચારેય દિશાઓ બંધ, ગાજતું કંપાઉન્ડ, સંગીતનાં સૂરો, હુતુતુની રમત, બ્લ્યુ સાડી, કોલેજની ગોલ્ડન જ્યુબિલીનો પ્રોગ્રામ, ડ્રોઈંગરૂમનો પ્લાન્ટ, કોલ્ડડ્રિન્ક, વીજથી ખરડાયેલો અવાજ, ટી.વી. એનાઉન્સર, કડવા સંસ્મરણો, સવારનું છાપું, લાઈબ્રેરીનાં પુસ્તકો, ફોનની સગવડ, હોસ્પિટલ, રેડિયયો, સુકુંભઠ ઝાડનું ઠૂંઠું, કેસરી સાડી પહેરેલી છોકરી, ફ્લાવરવાઝ, દરિયાકિનારો અને મોજાં...મોજાં, થિયેટરનું અંધારું, અસહ્ય ઉકળાટ, કપાળ પર કરેલો કોરા કંકુનો ચાંદલો, ફેક્ટરી, બ્રેકફાસ્ટ, સમાજશાસ્ત્ર, મનીઓર્ડર, ફ્લેટની ઘંટડી, ચણિયાચોળી, ટ્રક કે રીક્ષાની ઘડઘડાટી, કથ્થઈ રંગની ઉજ્જડ ભૂમિમાં દોડતી ટ્રેન, નિશાળ ધૂળિયા ઉજ્જડ રસ્તા, રેશમી રૂના ઢગલા, બાલ્કનીનો લવસીન, પંકજ ઉધાસની ગઝલો, લાલચટક ચાંદલાનું સ્ટીકર, આયનો, બળવો, આનંદની ભરતી, રસોડું, કાંદા-બટાટા, સાણસી-તપેલી-કડછી જેવા સ્ત્રીલિંગી શબ્દો, મોટરસાઈકલ, ઉપરાઉપરી પત્રો, ગોવર્ધન, કિચુડ કિચુડ હિંડોળો, દાળનો વઘાર, દૂધના પાવડરનો ડબ્બો, વાસણ માંજવા, ટિપાઈના પાયા લૂંછવા, ખૂબ તડકો, રીક્ષા કરવી, જૂની ડિઝાઈનની સાડી, મંત્રોના ઉચ્ચાર અને માણસોના કોલાહલ સમાંતર, ઘાસતેલના ડબ્બા પરની પસ્તી, પગલૂંછણિયું, થેલી, ઘરવખરી, રોટલાપાણી, ડીમાન્ડ ડ્રાફ્ટ, ટ્રાફિક સિગ્નલ, ફૂટપાથ, ડીનર, બર્થ-ડે પાર્ટી, કૂતરા પાછળ ટાઈમ વેસ્ટ, પોસ્ટકાર્ડ, ટ્રાફિક, તબલાં, યુનિફોર્મ, લન્ચ અવર, આંસુના પડદા, રસોડામાં ગરબડ, કેળાની છાલ, ગટરનો કોટ વાટ, બહાર પડતા વરસાદનો અવાજ, ગામનું પાદર, એરપોર્ટ, કો-ઓપરેટીવ બેન્ક, આંખે અંધાર છવાયો, શાક મારકટિ, સાધન સંપન્ન દંપતી, અંતરમાં ગીતોની સરવાણી, પ્યારભર્યા સપનાં, કંપાસ બોક્સ, વ્હાઈટવોશ, આશિકનો બંગલો, જૂહુ, ચુડીદાર, ઓટોગ્રાફ, દરિયાકિનારા, પાનવાળો, પોલીસ, ગુંડા, ટ્રાઈસિક્લ, બંગલો, ફર્નિચર, ટેલિફોનની ઘંટડી, કેકનો ટુકડાં, તાવડી પર ચોંટી જતી રોટલી, ઝાળ લાગવી, બોરીવલી, કોમન જાજરૂ-બાથરૂમ, શયનગૃહ, શબ્દમાં ઘોળા તારંગો, બાલ્કની, પ્રદર્શનની દોડધામ, ભીનું ભીનું વાતાવરણ, શાંતિભંગ કરતી મોટર, ડૂંગરની

ધાર, સ્ત્રી-સંસ્થાઓમાં ખળભળાટ, સ્ત્રી સુરક્ષા સમિતિ, કુમારિકા મંગલ, સ્ટેજ, આગઝરતાં ભાષણો, સભાગૃહમાં વીજળીનાં કરંટ જેવી ઉત્તેજના, વહુને ઘરમાં ગોંધી રાખવી, દાંત પીસવા, મોટો ઓવરકોટ, કાર્ડિગન, ભારતીય સંસ્કૃતિ, અન્ડરગ્રાઉન્ડ રસ્તો, શેમ્પૂ, સાબુ, સિગરેટ, ચોકલેટ, ક્રેટ, ફૂટપાથ, નાઈલ, થેમ્સ, વોડફર્ડની દુકાન, રાક્ષસ નગરી, નાસમજની સંતાકુકડી, રામસીતાના પ્રેમની આત્માના અદ્વૈતની ભાવના, ઘેરાતું અંધારું, સીલિંગના ઉખડી ગયેલા પોપડા, સંસ્કૃત શ્લોક, આર્ટફિલ્મો, મોટેલ, કિચન, બ્રેકફાસ્ટ, ગર્ઝ ઉર્ઝહાર, ગાઢ વૃક્ષોથી ખીચોખીચ ભરાયેલો ફાર્મહાઉસ, સ્ક્રિપ્ટ, ગાંધીનગર, ગલૂડિયાં, શહેરનું રોજિંદુ જીવન, મોટરો બળેલાં ટાયરો, હુલ્લડો, રમખાણ, સાડલો, ટીવી., મુઠ્ઠી ઉંચેરા માનવ, પરેમ પરેમનાં ગાણાં, બોગનવેલિયા વેલ, તકિયાની ખોળ, ફાયર પ્લેસમાં સળગતાં લાકડાં, સ્મશાન, રિક્ષાઓ-સાઈકલો-માણસોથી ઊભરાતા રસ્તા, આડખેપોની ખેંચતાણ, ભસાગર, ડ્રોઈંગરૂમ, ક્રિટોરિયમ, છૂટાછેડાની સહી, કોફિનની બાજુમાં રાખેલી પાટલી, ગુજલિશમા, ત્રણ ફ્રિકવન્સીની વાતચીત, ગુજરાતી ભાષાની બળુકી બોલી, ઈન્ટરવ્યુ, ગોળ ખાતા હોય એવો અવાજ, રામાયણ વાંચી સંભળાવતાં બા, કોથળીમાં ખાંડ, ડાલડાની જૂની બરણી, અખાનો છપ્પો, ખોબા જેવડા બેડરૂમની બાલ્કની, નાનું રસોડું, ડાઈનિંગ ટેબલ પર ચાને થેપલાં, ફાઈલ, અરજદાડો, સ્કૂટર, વાંધા અરજી, નવા કનેક્શન માટેના ધક્કા, પુરાણની કથા, ચપ્પલની તૂટેલી પટ્ટી, ભીતરની ભયંકર ઉથલપાથલ, કોમ્પ્યુટરમાં ચહેરો, જીન-સમુદ્ર, શયનગૃહની આછાભૂરા રંગની દીવાલ, સ્ક્રોલમાં ઘૂમતા શેરબજારના આંકડા, જૂનાં પેન્ટ-શર્ટ, ફ્રેન્ચવિન્ડો, દરવાજે રણકતી ઘંટડી, હોટેલ, પેસ્ટલ રંગોની વચ્ચે ઘેરા રંગોનો લસરકો, ચેટીંગ, કાર એક્સિડન્ટ, પાસવર્ડ, એકાદુંય લીલું પાંદડું નહીં, ઈન્ટરનેટ, ઈ-મેઈલ, લન્ચ-ડીનર-પિક્ચર, ટેબલ પર ચૂપચાપ પડેલું નિર્જીવ કોમ્પ્યુટર, સિસ્ટમમાં વાયરસ, ખાદીની સાડી, સફેદ-સ્વચ્છ, ચૂંટણીની ટિકિટ, અંધારો ઓરડો, બી.એ. સેકન્ડ ક્લાસ, સ્કોલરશીપો, ઓક્સફોર્ડની સ્કોલરશીપ, આદિવાસી પ્રવાસીઓ, ચિત્તમાં ખડક જેવા જડ વિચારો, ઓટોગ્રાફ્સ માગતું ટોળું, અંગ્રેજીમાં પ્રગટ થનાર નિબંધ સંગ્રહ, આંસુઓ ખાળવાની કોશિશ, શાળાનો પરિપત્ર, બૈરાવેડા, ક્રોધભરી ગર્જના, સાસરે મારઝૂડ-મેણા ટોણા, ગરોળીનું નાનું બચ્ચું, ટાઈમટેબલ, ક્રિકેટના બેટ, અમેરિકાની મેલામીન ક્રોકરીનું ભરેલું ખાનું, માટીરંગની હળવી મલમલની સાડી, ડોરબેલ, દૂધવાળો, ભીતર કશું ઝમે, કેબલમાં ફોલ્ટ, જૂનાં મેગેઝિનનાં પાનાં ઉથલાવવાં, રિમોટથી ચેનલ સર્ફિંગ, એપોઈન્ટમેન્ટ, બોયકટ હેરકટ, મોતીની માળા, હળવો મેકઅપ, એસ્કોર્ટ એજન્સી, મેકઅપના લપેડા, રસ્તાનું ક્રોસિંગ, જિંદગના ષડ્રસ, લશ્કરી બૂટ, બરફના ડુંગર પરથી ગબડતી હિમશીલા જેવા શબ્દો, વિડિઓ કેસેટ, વાસણો પછાડવાનો અવાજ, પચાસમા વર્ષની પૂર્ણાહુતિ, લાસ્ટ સ્ટોપ, મુક્તિદિનનો

વાવટો, ઘડિયાળ, ઓપીડી, ઓટી, બ્રેકફાસ્ટ, ઊંટવૈદ્ય, ઓલ્ટરનેટિવ મેડિસિન, હર્બલ મેડિસિન, માતાના મંગલ ગરબા, નૈવેદની ધમાલ, એબોર્શન, ભાખરી અથાણું, ગીઝર, ઘરનું ધૂંધવાયેલું વાતાવરણ, માઈલ્ડ એટેક, દવાદારૂના ખર્ચા, આંખમાંથી નીતરતાં પાણી, પોમેરિયન કૂતરી, એશિયનોની હકાલપટ્ટી, ઔદ્યોગિક વસાહતો, યુગાન્ડા, નાઈલ નદી, ભીતરનો હાહાકાર, ફૂલોને વિદાય, લશ્કરી જીપ, લોહીભીની કાયા, ચૂરેચૂરો થઈ જતું મન, બારી બહારની અભૂતપૂર્વ શોભા, સોફા પર ઢગલો થઈ જવું, ઠંડી હવાની જોરદાર થાપટ, ઝૂલે ઝૂલતાં રાધા-કૃષ્ણ, બેઉ કાંઠે છલકાતી નદી વગેરે...

આ વિગતોના વણાટમાં સ્ત્રીજીવનનો આલેખ મળે છે. જુદા જુદા સ્થાનો પર પોતપોતાના ક્ષેત્રોમાં કાર્યરત સ્ત્રીઓ આ પરિવેશમાં સતત જુદાજુદા પ્રશ્નોથી પીડાય છે. એ પીડાનું નિરૂપણ કરવા માટે ખપમાં લીધેલી આ વિગતો વાર્તાનાં સ્થળકાળ નક્કી કરે છે. કેટલાંક વર્ણનો જોઈએ તો –

- સવારે બ્રેકફાસ્ટ લેવાનો જ. બેકનનો. ને ડિનરમાં ફિશ એન્ડ ચિપ્સ એન્ડ વન પેગ. અન્ડરસ્ટુડ ? વન વ્હીસ્કી.
- ધગધગતી રેતીનો એક થાંભલો હાહાકાર કરતો ઊઠ્યો હતો ને પછી તૂટી પડ્યો હતો. માત્ર રેતીનો વિસ્તાર...ઘર જાણે કફન ઓઢી સૂઈ ગયું હતું...સફેદ લાદીઓ પોર્ચની દીવાલો જેવી નિષ્પ્રાણ શ્વેત ચમકતી હતી...દીવાલોમાંથી એકલતા સૂતી હતી.
- દીવાલમાંથી નીકળી આવેલો એક પથ્થર કપાળ પર ઠોકાયો.
- જે કંઈ અનુભવાય, વિચારાય તે બધું ઓગળતું ઓગળતું લોહીમાં એકરસ થઈ જાય તે પહેલાં થૂંકી નાખવું મને ગમતું નહીં.
- હું સંગીત સાંભળું છું. સૂરોમાંથી, સ્વરમાંથી જે સંવાદિતા નીપજે છે તેમાં હું ખોવાઈ જાઉં છું.
- માનસીએ આખી બાલ્કની ભરી કાઢી છે. કૂંડાઓથી. રંગરંગનાં સ્ટેન્ડ, રંગરંગની દોરીઓથી લટકતાં મનીપ્લાન્ટો, ફૂલોના નાના છોડો
- વિશાળ ધરતી, ખુલ્લું આકાશ આપને બીને કહીએ કે ફેલાવું હોય એટલું ફેલાવ, ઊંગે ઊતરવું હોય તેટલું ઊતરો, તેને બદલે ટ્રેમાં વડનું ઝાડ બનાવી-ટોળું જોવા મળે છે.
- ચારેબાજુ લીલારંગ. ધરતી, આકાશને અંતરનો લીલો રંગ. માનસીના છોડ, મની પ્લાન્ટો ને પાંદડાંઓ જાણે અહીંયા મોસાળે માણતાં હતાં. ભીની માટીની સુગંધ લોહીમાં ભળવા માંડી હતી. લીલો નશો ચડતો હતો.

- માલતીએ સ્ટ્રો દ્વારા ડ્રિન્ક્સ અંદર ખેંચ્યું, શ્વાસ અંદર ખેંચ્યો. બીજું પણ કશુંક અંદર ખેંચી લીધું ને પછી મોં પર એક સ્મિત થીજવી દીધું.
- આટલા વર્ષે પણ એ ખીજથી ખરડાયેલો અવાજ, એ ચહેરો બરાબર યાદ છે.
- એકદમ શાંતિ પ્રસરી રહી. ઉપર કાળા વાદળના ટુકડા તરતા હતા. તેની પાછળથી અલપઝલપ તારા દેખાતા હતા. ક્વચિત્ ઝાંખા, ક્વચિત્ ઝબકતા. લડાઈ-ઝગડાનાં કડવાં સ્મરણો તો વળી વચ્ચે વચ્ચે ઉત્કટ પ્રેમાનુભવોથી એનું ચિદાકાશ પણ એવું જ ઝાંખું, ભૂરું ક્વચિત્ ઝબકી ઊઠતું હતું
- છલોછલ ભરાયેલ પાત્ર ફરતો એક સાપ વીંટળાઈને બેઠો હતો. સાપને ફગાવી દઈ પણ મોંએ માંડવાનું બનતું જ નહોતું.
- ટેબલ પર ગોઠવેલું કેસરી રંગનું ફૂલ લઈ એની પાંદડીઓ ધીરેધીરે તોડી એણે બારી બહાર ફેંકી દીધી .
- એ ફાળ સાથે પથારીમાં બેઠી થઈ ગઈ. કેટલું બધું કામ હતું ! દૂધવાળો ભૈયો દૂધ લાવતામાં તો એ જાણે એક મોટા મશીનનો હાથો હોય તેમ એકસરખી કામમાં જોડાઈ ગઈ હતી. ધૂધ લેવાનું, ગરમ કરવાનું, ચા-પાણી, દીપકને માટે બ્રેકફાસ્ટ વચ્ચે વચ્ચે વળી વાસણો માંજતાં જવાનાં. દીપક ફેક્ટરીએ ગયો એટલે સાડીનો છેડો કમ્મર ફરતો વીંટાળી તેણે ફ્લેટ સાફ કર્યો ત્યાં યાદ આવ્યું; કપડાં ભીંજવવાના રહી ગયાં છે. કપડાં પલાળ્યાં. ધોયા. કમ્મર તૂટી પડતી હતી.
- બોપાની આંખમાં ખટકો થયો. એ બહારનું દશ્ય જોવાથી થયો કે આંખમાં ધૂળની કણી પડી એ સમજાયું નહિ. પણ ઝીણી આંખમાં ખૂંચ ભરતી. ને અંતરમાંય કોઈ ખચકાટ તો હતો જ.
- ધન પહેલાંની ભરતીએ ચડેલાં મોજાં કિનારે અથડાઈ પાછાં દરિયાના પેટાળમાં ધકેલાઈ ગયાં હતાં પોતે જાણે ત્રાહિત હોય એમ ઊભી હતી.
- સુખ તો પેલા વીન્ડ ચાઈમરની જેમ હવામાં રણઝુણતું રહેને તેના પુંજારવનો ધ્વનિ આપણા અસ્તિત્ત્વને ગુંજનના માધુર્યથી ભરી દેતો બસ.
- ઘાસલેટના ડબ્બા પર ગોઠવેલાં જૂનાં છાપાં, ચોપાનિયાં હળવેથી ઉતાર્યા; બાજુ પર મૂક્યા. પછી અવાજ ન થાય એ રીતે ડબ્બો ખોલ્યો. જાસ્મીનનાં તૂટેલાં રમકડાંઓ, રીબનો, થોડાં જૂનાં કપડાંના ગાભા આમતેમ કરી તેણે એક ખોખામાં ડબ્બો રાખી તેણે આસ્તે આસ્તે ખોલ્યો, અંદર જોઈ રહી.

- દશ પૈસા, આઠ આના, રૂપિયો, બે રૂપિયાની નોટ, ક્યાંક વળી પાંચ રૂપિયાની નોટ અને સો રૂપિયાની નોટ.
- દેવાંશીએ ફ્રોકની બાંયથી આંસુ લૂંછ્યાં તે અને ચારુ ધીમેધીમે ઊઠ્યા. દેવાંશીથી ઉપર જોવાઈ ગયું. વાદળી ખસી ગઈ હતી અને આકાશે હસવું બંધ કર્યું હતું. બલકે થોડું કાળું પડવા લાગ્યું હતું.
- ભીની સાંજે વેડફાઈ ગયેલા જીવન ને તૂટી ગયેલાં સ્વપ્નાંઓ માટે આંસુ ઊમટતાં હતાં. તે બધું તે લક્ષ્મીને ક્યાં સમજી શકવાની હતી જ્યાં પોતે પણ પૂરું સમજી શકતી નહતી.
- મેગેઝિનના સેન્ટર સ્પ્રેડ પર તેનાં સપનાંનો કે રાજાનો ફોટો હતો. તેનો ઊંચો મર્દાના ખુલ્લો દેહ, તેમાં ટાઈટ જીન્સ તેની આંખોમાં રહેલી થોડી બેફિકરાઈને મરડાયેલા હોઠ – આ બધું તે આંખો વડે પી રહી. પછી નીચા વળી તેણે ફોટાને ચુંબન કર્યું.
- મારો એક નાનકડો હાઈક્લાસ બંગલો હોય, ખૂબ સુંદર રંગબેરંગી ફૂલોવાળો બગીચો હોય ને મારો સુહાગ એમાં દોડાદોડી કરી રમતો હોય તો...
- તાવડી પર મૂકેલી રોટલી ચોંટી ગઈ, બળવા લાગી, રસોડામાં ધુમાડો થયો તોય શાલુની નજર તો ક્યાંક દૂરના ભવિષ્યમાં ઠરી હતી. હાથ રોટલી વણતાં અટકી ગયાં. રોટલી એકદમ ભડથું થઈ ગઈ.
- મુદિતે દોરેલું શાલુનું ચિત્ર. હતોતો પેન્સિલથી દોરેલો સ્કેચ પણ લાગ્યું કે જાણે ઊગતી ઉષાના બધાય રંગો તેણે શાલુના ચહેરા પર પાથરી દીધા છે.
- ઢોલ-નગારાંનો શોર મોટે અવાજે ગવાતાં ગીતોને લોકોનો પ્રચંડ કોલાહલ વગેરે ધીરેધીરે દૂર સરતાં ગયાં ને દીકરી દેખાતી બંધ પડી. સફેદ પાનેતર, કમર સુધી ઢાંકેલું મોં, માથે મોડ, લાલ ચૂંદડીનો એક છેડો આગળને આગળ ચાલતા વરરાજા સાથે છેડાછેડીથી બાંધેલો...ઓ જાય...જરિયાન સાફો ને લાલચુંદડી...ગોધૂલિ વેળા લગીનો સમય ને આથમતા સૂર્યનાં કિરણો...બધું આવતી જતી રાતના અંધકારમાં ઓગળી ગયું. માતપિતા ત્યાં જ સ્તબ્ધ ઊભાં રહ્યાં
- પરદેશથી આવેલાં મોઘાદાટ ક્રિસ્ટલો, ઝુમ્મરો, વચ્ચે વચ્ચે ભારતીય કલાકારીગરીના ઉત્તમ નમૂનાઓ. કોઈ ફર્સ્ટ ક્લાસ ઈન્ટીરિયર ડેકોરેટરે કરેલી સજાવટ હતી. એક બાજુ સુંદર જાપાનીઝ બગીચાની પ્રતીકૃતિ સમી બોન્સાઈ વૃક્ષોની સજાવટ હતી. બહાર રસ્તા પર બહેનો ગમે તેટલાં સૂત્રો ઉચ્ચારે, અહીં એરકન્ડિશન્ડ દીવાનખાના સુધી પહોંચતાં જ ન હતાં.

**તારિણીબેન દેસાઈ**ના ચારેય વાર્તાસંગ્રહોમાં દેશ અને વિદેશની પારિવારિક સમસ્યાઓનું આલેખન છે મોટાભાગે મહાનગરોના સ્થળપરિવેશને રચતી વિગતો આ પ્રમાણે છે :

આનંદનો આખેઆખો પિંડ, મેડિકલ કોન્ફરન્સ, હૈદરાબાદનાં પટોળાં, ન્યાતના રિવાજો, પાલવમાં હાથીની ડિઝાઈન, ડાકણ જેવી લાગે વિધવા, પોંખતી વખતે પટોળું પહેરવુ, ઘરનો ચાવીનો ઝુડો, એમ.એસ. કરવા ફિલાડેલ્ફિયા, રાત્રે ખિચડી, સવારે નાસ્તામાં ઑમલેટ-બ્રેડ-બટર, ઍરપોર્ટ પર વિદાય વખતે આપેલી વસ્તુઓ, વૃદ્ધાશ્રમ,નવી કૉલેજ, નવા પ્રોફેસર્સ, હૉસ્પિટલ, આનંદનો ગુણાકાર, કંકુનાં થાપા પાડતાં પાડતાં ગુહપ્રવેશ, ચિત્રો, પિંછીઓ અને રંગો, દિવાળીનું ખાવાનું, ચિત્રકળાની શક્તિ, ચાંદીની પાનની પેટી, સિલ્કની કફની, ગણપતિનું ફોઈલ પેન્ટિગ, રિષભ-ધૈવત-ગંધાર-નિષાદ સ્વરો, આરતી, કપૂર, હાથમાં ચોપડીઓ તેમજ પેન્સિલ બૉક્સ, સાષ્ટાંગ દંડવત્ પ્રણામ, દળણાં દળવાં, ઘરેણાં ગાંઠાં વેચવાં, આંખોની તેજસ્વિતા, કાગળના ટુકડાનો ઢગલો, સોનાનો સેટ, પાંદડાંનાં રંગ જેવી લીલાશ પડતી સાડી, આરતી માટેનો ઘંટારવ, ફાઉન્ટેનપેન, ઘંટારવમાં સંભળાતા સપ્તકના સાતેસાત શુદ્ધસ્વરો, ટેબલનાં ખાનામાં કાગળો જેવા, જ્યોતિષીને ગ્રહ બતાવવા, ૫૦૦-૫૦૦ની ત્રણ સાડીઓ સાસુ-જેઠાણી અને નણંદ માટે, રેડિયોગ્રામ, મનમાં ગડમથલ, વડોદરા, કોલકાટા, ચેન્નાઈ, જહન્નમ, આકાશની પેલે પાર, રંગીન સાડી, ચોકલેટ, બદામી રંગનો સૂટ, સરસ મઝાની બેગ, લેટેસ્ટ ડિઝાઈનના ચશ્માં, નાસ્તાનો ડબ્બો, ગોળપાપડી, છોગાળા છેલ, અંબામાની આરતી, પ્લેઝન્ટ સરપ્રાઈઝ, સપરમા દાડાનો ગુલાલ, આંખોમાં શ્રાવણ-ભાદરવો, દિવાળીની તૈયારીઓ, કપડાં ઉપર ચોંટેલા અનાજ-લોટ, થર્ડ-ક્લાસ, નિસ્તેજ ઘરેણાં, કૂદકે ને ભૂસકે આગળ વધતી મોંઘવારી, પિયર જવાની વાતથી સાસુ તાડૂક્યાં, એરકન્ડિશન્ડ રૂમ, ઘરેણાંથી લદાયેલી સાડીઓ, નકોરડા ઉપવાસ, પરણ્યાના આનંદના તૂટીને કકડા, જર્જરિત કપડાં જેવું મન, ઘરાશય લાગતી પૃથ્વી, આંખોમાં લાગણીનો દરિયો, ખુમારી-સંયમ અને વિવેકને વંદન, કળિયુગના પ્રભાવે સર્જાયેલો ઝંઝાવાત, ઘરની રામાયણ, પોમેરિયન, મરેલા ઉંદર અને મરેલા કબૂતર બચ્ચાને ખવરાવતી કાળી બિલાડી, અખંડ દીવો, ગરીબાઈનાં કુંડ, અમીરાઈથી ભરેલા મહેલ, ચકાચૌંધ થઈ જવું, જ્યોતિષશાસ્ત્ર-ગ્રહોની પરિસ્થિતિ, તકદીર, કુદરત, હસ્તરેખાઓ, પૂરણપોળી, વાસીદું વાળવું, ગુલાબજાંબુ, બાસુંદી, સમોસા, પેટીસ, કઠોળ, શાક, પુલાવ-કઢી થાળીમાં, ત્રણસો સીસી લોહી, ઘેર નોકર-ચાકર-રસોઈયા-બંગલો-ગાડીની સમૃદ્ધિ,ડિગ્રી, ઍવાર્ડ, વાલકેશ્વર-વસઈ-કોલાબા-કાંદીવલી, ફેમિલી ડૉક્ટર, મગજની સાઠમારી, ધમાચકડી, એટમબોમ્બ, પી.એચ.ડી. કરવા માટે છૂટાછેડા, ક્વોલિફિકેશન, સાન્તાક્રૂઝ કાલિના કેમ્પસ, અમેરિકન એમ્બસી, ડોલર્સ, ઝાંઝરનો ઝણઝણાટ,

ગોરમાને પાંચેય નહીં દસેય આંગળીએ પૂજવા, શરમના શેરડા, શબ થવાની રાહ જોવી, શુભ્ર, શાંત અને શીતલ, અવકાશ, મધમાખીઓનું કે ભમરાઓનું ઝુંડ પાછળ પડ્યું હોય એમ લાગવું, વાંચનનો શોખ, ડાયરો જમાવવો, પરપુરુષના સ્પર્શની મધુરતા, જાસુદનું ફૂલ, ચેનચાળા.........

તારિણીબહેન દેસાઈની વાર્તાઓમાં આ વિગતો વડે બંધાતો પરિવેશ સ્થળસંદર્ભ રચી આપે છે. મુંબઈ, અમેરિકા, અમદાવાદ, હૈદરાબાદ જેવા મહાનગરોના અને વિદેશના વાતાવરણને તાદ્દશ કરે છે. એમાં જીવતા નારીજીવનની હાડમારી અહીં વિવિધ સમસ્યાઓના કેન્દ્રમાંથી વ્યક્ત થઈ છે. તેઓની નિરૂપણ ભાષામાં વૈવિધ્ય જોવા મળે છે. સૂક્ષ્મ વિગત વણાટવાળાં વર્ણનવાક્યો આ પ્રમાણે સૂચક બને છેઃ

- સુનંદા દીકારા-વહુને પોંખશે તો તે પણ આ રંગબેરંગી પટોળું પહેરીને જ જેને આ ઠીક ના લાગતું હોય તે જઈ શકે છે.
- તમે તમારી ટૂંકી ક્ષિતિજને જરા વધારે વિસ્તારો. ભગવાને તો તમારામાં જ એ સૂઝ અને શક્તિ બંને મૂકેલાં છે. તમારી શક્તિને એક બાજુ ચેનલાઈઝ કરો. સ્ત્રીએ ઘરકામથી વિશેષ કાંઈ કરવું જોઈએ.
- ગણપતિનું ફોઈલ પેન્ટિંગ હતું. ગણપતિના તેજને લીધે ચાંદીથી પણ વધારે ચમકતું હતું. સ્વયમ્ ગણપતિદાદાની જ એમાં સ્થાપના થઈ હોય એવું એમાં તેજ હતું કલાનો એક નમૂનો પણ...આ જોઈને તરત જ જેઠાણીએ પૂછ્યું : શું...રીટા કેટલાનું આવ્યું ? કેટલા હોમી દીધા એમાં ?
- મગજમાં વિચારોએ વાવાઝોડું ઊભું કરી દીધું અને વિચારોને જાણે કે સગડી ઉપર મૂક્યા હોય તેમ ઉકળવા માંડ્યાં અને એમને એમ દિવસો, મહિનાઓ અને વર્ષો જિંદગીમાંથી કપાવા માંડ્યાં.
- મનના તળાવમાં નોકરી શબ્દની કાંકરીએ વમળ તો સર્જ્યું, પણ વમળોની આતશબાજી થતાં અટકાવી એ પણ નોકરી શબ્દની કાંકરી એ જ
- જોકે હવા ઠંડી હતી અને એ ઠંડી હવાને લીધે એનું મન જરાક ભીનું થયું હતું અને પછી તો આખુંયે ઘર પણ...
- વેદનાના ઝાડને પાનેપાને કૂંપળો ફૂટી ગઈ હતી હવે તો. હા...બરછટ દીવાલ પર પડેલી તિરાડ પૂરી શકાય છે. સિમેન્ટના પ્લાસ્ટરથી. પણ મુલાયમ વાજિંત્રના તૂટેલા તારને સાંધી શકાતો નથી.

- છાણ માટીના ગારથી ઓકળીઓ પાડેલા સરસ મઝાના ઘરને કોઈએ કુહાડીથી ખોદી નાખ્યું.
- આશ્રમ પણ એવી જગ્યાએ હતો કે જેમાં વનરાજી ડોલતી હોય, નૃત્ય કરતા મોરલા ગહેંકતા હોય, કાળી કોયલડી ટહુકતી હોય અન ઢોળાવ પર લીલોછમ ગાલીચો પથરાયેલો હોય – એવા આહ્લાદક વાતાવરણને જોતાં જ આંખ ઠરી જાય – એમાં જયાબહેનનો શો વાંક ?
- સમૃદ્ધિનાં શિખરોની ટોચ ઉપર બેસી સ્વર્ગની સીડી ઉપર ચઢવાની શક્યતા ઊભી કરનાર કુટુમ્બની પુત્રવધૂ બનનાર પુત્રીનાં માતાપિતાના મનમાં તો આનંદનો મહાસાગર ઊભરાઈ ગયો.
- જસુને ઘરેણાંથી ખૂબ લાદી, મોંઘા ચમકતાં કપડાં પહેરાવી બધા મહેમાનોની આગતા-સ્વાગતા કરવા સાસુજીએ એને શરૂઆતમાં જ ઊભી રાખી હતી – બધા લોકો એને જુએ ને એટલે.
- મન જર્જરીત કપડાં જેવું થઈ ગયું હતું. એને ફાડી પણ ન શકાય અને સાંધી પણ ન શકાય.
- પરપુરુષના સ્પર્શની મધુરતા એને ગમવા માંડી હતી.

આ વાર્તાઓનું વાતાવરણ નિરાળું છે. અહીં 'ઘરથી સવાયું' વાર્તામાં વૃદ્ધાવસ્થામાંય મુક્તતા વાતાવરણમાં રહી જતી સ્ત્રી છે, તો 'પંદર વરસનું જસુ'માં સાસરીમાં કચડાતી શો-પીસ બની જતી સ્ત્રી છે. સાસરીમાં 'ત્રણ લાલ ગુલાબ' કે 'લગ્નતિથિ' વાર્તામાં પોતાની જાતે મુક્તતાનો માર્ગ શોધતી સ્ત્રી છે. ટૂંકમાં, મુક્તતા ઝંખતી સ્ત્રીના સંઘર્ષની વાર્તાઓમાં પરિવેશ ઘર, પરિવાર, ઑફિસ વગેરેના સ્થળકાળમાં ગૂંથાય છે. વિદ્રોહ, આંદોલન, વેદના, મુશ્કેલી, મુશ્કેલીમાંથી માર્ગ કાઢવો વગેરની ભાવ પરિસ્થિતિઓનું ગૂંથન કરતો આ વાર્તાઓનો પરિવેશ સૂચક બને છે. ભાવોને પ્રદર્શિત કરી આપે છે.

**સરોજ પાઠક**ની ૧૨૦ જેટલી વાર્તાઓ સાત સંગ્રહોમાં સમાવિષ્ટ છે. આધુનિકતાના વાર્તાનિરૂપણમાં સંસ્કાર જોવા મળે પરિણામે વાર્તાનાં પાત્રો, પરિસ્થિતિ કે ભાવને અનુરૂપ પરિવેશ ખડો કરવામાં એમની સૂક્ષ્મ નિરૂપણકળાની અનુભૂતિ થાય છે. નારીચેતના સંદર્ભે તેમની મહત્ત્વની વાર્તાઓ 'ન કૌંસમાં, ન કૌંસ બહાર', 'મારા ચરણકમળમાં એટલે એક્સ્ટસી', 'કોને કહું ? કેમ કહું ?', 'હિસ્ટીરિયા', 'ભૂતલ એ જ હતું પણ... ', 'સારિકા વંજરસ્થા', 'મૂંગા નકારનો હાહાકાર', 'ઘરનું

માણસ', 'મનઃસંધાન', 'પરપુરુષ', 'માનુનીનાં મન' વગેરેને ગણી શકાય. આ વાર્તાઓમાં મધ્યમવર્ગના પરિવારનું વાતાવરણ, ઝૂંપડપટ્ટીનો વિસ્તાર, ગ્રામભૂમિ, વી.આઈ.પી. હોટલો-મકાનો વગેરેના પરિવેશમાં વાર્તાઓ સર્જાય છે. સ્ત્રીના ઊંડાણના ભાવોનું નિરૂપણ કરવા માટે, મનોસંઘર્ષને આલેખવા માટે તેમણે ખપમાં લીધેલી અને પરિવેશ રચતી વિગતો અન વિગત સમેતનાં વર્ણનો મહત્ત્વનાં છે. આગવી શૈલીમાં આવતી, વણાતી આ વિગતો જોઈએ તો –

આફ્રિકા, આનંદની મહેફિલો, બેડમિન્ટન, સિગારેટનાં પેકેટ, લુખ્ખાં લટૂરિયાં, હાસ્યનો – આનંદનો ઊભરો, ઘરમાં કલશોર, સોગઠાંબાજી-કેરમ-પત્તાં-ગપાટા-ચર્ચાઓ-ગીતસંગીત, હાસ્યનો જોરદાર ફૂવારો, ડિટેક્ટિવ પિક્ચર, રંગોની ભેળસળ, બેઠકખંડ, મગજ ફૂંફાડી ઊઠવું, દોડાદોડ, આંખમાં ઉજાગરા આંજવા, ઘરના ઉંબરા બહારનો માણસ, પ્લાનિંગ ફ્લાનિંગ, રેડિયોનું વોલ્યૂમ, હોટેલ-રેસ્ટોરાં, મરચાંની ધુમાન, કલાકોના દાન, બાફેલા સૂરણનો છૂંદો, રસોડું, મન વળ ખાઈ જવું, ટિપોય, ત્રિકોણાકર ચાવી, રૂંધાયેલો રડમસ અવાજ, સરવા કાન, મનનો છાનો ખુણો, હડકાયા કૂતરા જેવો, અભિસારિકા, મેઘમુક્ત ચંદ્રબિમ્બ, શેવાળમુક્ત કમળપુષ્પ, લીલ હટાવેલ તલાવડી, ધુમ્મસ રહિત દિશા, ઉદ્યાનમાં ખીલું ખીલું પુષ્પ, અચિન-પ્ર ભ્રાન્ત-શ્રાન્ત-કલાન્ત ઉપવન, વનસ્થલી, લાગણીનું રેશમ, મૂઢમારથી થીજેલા લોહીના લીલા ચકામા જેવી વાત, નેઈલપોલિશ, પ્રમોશન, સ્ટુડિયો, ટેલિફોન, રોગની પીડા, રૂપાળાં કારણોની ગંધ, તડકામાં ઝાંખો પડી જતો કપડાંનો રંગ, પટ્ટાથી બાંધેલ જાનવર, મૌનની સિસોટી, અણિયાળા પથ્થરો, અપર્યાપ્ત અને અર્થહીન શબ્દોનો ગંજ, એક્સાઈટિંગ સાંજો, રેલગાડીની લૂંટનાં – સમુદ્રના વમળનાં - કાદવના કમળનાં સ્વપ્નાં, ગમતું ગીત, સાડી સેન્ટરનું ઉદ્‌ઘાટન, માથા પર સફેદ પટ્ટીઓ વાળમાં, બળીને ભડથું થઈ ગયેલા શરીર સાથે જીવવાનું, કાગળમાં નામ લખી બાળવું, ધરાતલ, ધ્રુજતા પગ, વીતતી પળો પર ચોંટતું અસ્તિત્ત્વ, મૃત્યુનો કાંઠો, કૂલવધૂ, ઓરડાની દીવાલો 'મા' શબ્દ સાંભળે, છરી પર લોહીનો લાલ રંગ, રોમાન્ટિક કૌમાર્ય, પુરુષ બાથ, હોસ્પિટલમાં રાતપાળી નોકરી, છુટ્ટી સાણસી ફેંકવી, સિનેમાની તારિકાની દીવાલ પરની જાહેરાતની તસવીર પર ચિત્રકલા અજમાવવી, ધુમાડા કાઢતી સિગારેટ, કાગળ ઉકેલવાનો પ્રયત્ન, ગળાનો રૂમાલ, ચમચમતા બૂટ, ગટરમાં પડેલો દારૂડિયો, ટૂથપેસ્ટની જાહેરાતમાં દાંત દેખાડતી યુવતીનાં ઊપસેલા અંગો, ઘરવપરાશની ચીજ, છક્કા-પંજા રમતા ભેજાગેપ, અંગૂઠો બારણામાં છૂંદાઈ ગયો, ઝાડ પરથી ભુસ્કો, કચરો ઉકરડે ફેંકવો, કાગળમાં જીવતી બહેન, પરાધીન અશક્ત બચ્ચાં વચ્ચે મનોકલ્પાંત, હિસ્ટીરિયાનો રોગ, સહકારી મંડળી, સોના-ચાંદીના વાસણો વેચી મારવાં, સર્વાંગ મોત…મોતથી

ગંધાય, અંગત પેટી, પલંગ પર થાક, શાપ-વાણી, ઘરને કાળી ટીલી, દીવાલ પર ગરોળીની પૂંછડી અદ્ધર લટકે, અસહ્ય પીડાથી નીચે કીચડમાં ધકેલાવું, મહેફિલમાં બજતી રાગરાગિણી, વસ્ત્રાલંકારોથી ખચિત અપરિચિત માણસો, વાદળખચિત મોસમ, માયાજાળનું સ્વર્ગ, આંતરરાષ્ટ્રીય સંસ્થામાં સારો હોદ્દો, ચશ્માં અને ખાદીનાં કપડાં, છાનાં ઔષધ, ઉડણ ચરકલડી, ફ્રોક છોડી સાડી પહેરવાનું મન, આખું ઘર હાથમાં આવી જવું, જિંદગીનો ઢસરડો, પારકી થાપણ, સાપનો ભારો, ઘરને કાળી ટીલીનો ભય, જનાજો, વિચારો સ્વપ્નમાં ખેલ ખેલે, કલ્પનામાં ઉડીને ઊંડે ઉતરતા જવું, બસો-ટેક્સીઓ-ટ્રેનોની ઝડપ, ભીની ભીની મોસમની અસર, ભટકતી રૂહ, વર્ષગાંઠની ભેટ-સોગાદો, મરેલા બાળકનો જન્મ, પૌષ્ટિક-સાત્વિક ખોરાક, સામાજિક અધિકાર, બેંકનું સંયુક્ત ખાતું, વગર આંસુની આંતર વેદના, ફેમિલી ડૉક્ટર, શહીદી-સમર્પણ-ત્યાગ પર થૂંકવું, વિસ્તરતી કલ્પના લીલા, સમુદ્રનું મોજું, ખાટલે સૂતેલી માંદી સારિકા, ભાગાકાર-ગુણાકાર-સરવાળા-બાદબાકીનો આંતરસંબંધ, પ્રતિષ્ઠિત જમીનદારની દિકરી, સૂમસામ-ચૂપચાપ લગ્ન, મદારીની ડુગડુગી, આરામખુરશી, રાઈડિંગ, ક્લબલાઈફ, રિસેપ્શન, ડીનર, શેકહેન્ડ, ખુણામાં બેસવું, ડોક્ટરની આવ-જા, ઈંજેક્શનો, તડામાર ટેલિફોન, સુવાવડ, ટ્વીન્સનો જન્મ, બોલ્ડ હેર, તંદુરસ્ત કાળા વાળ, ગર્ભમાંનો નકાર, સાડલાની ઈસ્ત્રી, ખાલી દૂધની શીશી, પોઈઝન...વગેરે.

વિગતો ઉપરાંત સ્થળ-કાળ-ભાવ સર્જતાં વર્ણનો વિશિષ્ટ રીતે આ વાર્તાઓમાં આવે છે જેમ કે –

- હાસ્ય-આનંદની દીવાલોમાં તડ પડી. ઈંટચૂનો ધૂળનો કચરો સુંદર સજાવેલા બેઠકખંડમાં ખરીખરીને વેરાવા માંડ્યો
- શુચિનું મન વળ ખાઈ ગયું. ભરપૂર ચાવી દીધેલ ઘડિયાળની કમાન સર્‌ર્‌ર્‌ર્ છન્ન.. કરીને ઝાટકા સાથે છટકી ગઈ અને કાંટા ફરતા જ ગયા, ફરતા જ ગયા.
- કોઈ એક ઉંમરમાં અમુક ગીત મનના કોમળમાં કોમળ ભાગને અસર કરે છે. પછી રહી જાય છે એ ગીતની કોઈ ખાસ પંક્તિ, તેને મમળાવી મમળાવી પોતાના ભાવને અનુરૂપ બનાવી મનમાં એ દૃશ્યને ભજવાતું જોવું ગમે છે.
- ભૂખમારાની સમસ્યા હલ કરવા એક લક્ષ્મીની છોળોમાં આળોટતી, દસે આંગળીએ હીરાની વીંટી પહેરેલી રાજકુંવરી પૂછે...ભૂખ કેવી હોય ? મોત એટલે શું ?
- એની લાંબી લટને છાતી પર બરાબર ગોઠવતી હતી. ઉપર ઊડી જતા કોઈ પંખીને જોતી હતી. પાસે ઊગેલા વ્યર્થ ઘાસને ઊખેડતી હતી. રૂમાલથી અમસ્તી. સ્મિતને ખાળતી હતી. ઉલ્લાસથી આંગળીએ સાડીનો ખૂણો વીંટતી હતી. પાણીમાં કાંકરા નાખી વર્તુળો રચતી હતી. પોતાનું મોં જોતી હતી. તેની બાજુમાં મારું પાછળથી ડોકાતું મોં જોઈ...

બલમ્ અસિબલમ્... મયિ...દેહિ...નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ.. ન ચૈનં ક્લેદયન્ત્યાપો...

- હું કોઈ સમૃદ્ધ ઘરની કુલવધૂ – રાજરાણી બનું એજ પસંદ કરીશ. સાત હવેલીની સામ્રાજ્ઞી. સાગરનાં ફીણફીણ – અંગ પર ગલગલિયાં સતત કર્યા કરે છે. મારી પથારી જાણે અદ્ધર ઊંચકાય છે. મારી બાજુમાં કોનું ગરમ શરીર મને બાઝી પડે ? મારો ઘૂંઘટ.. મારી પ્રથમ રાત.. કેવી હશે એ ક્ષણો ! રંગબેરંગી પતંગોથી જાણે આસમાન ઊભરાઈ પડ્યું છે. 'કાઈપો' બધા પતંગ એકબીજાને કાપે છે. ફેલાવેલા હાથ, બાથ, નરમગરમ પલંગ, પીંછાંનું ઓશીકું, ડબલબેડ, આહ...મરી ઈ ઈ ઈ જવાય છે. કોઈની ગરમ બાથ વગર હવે જિવાશે નહીં.
- એ ગંદી વાતો પાનબીડી, સોડાલેમન પીવા જવી, બ્રેડ-ચા મંગાવીને ખાવા જેવી, નાહીને કપડાં બદલવા જેવી, અને કોઈ વાર કોઈને કપડાં બદલતાં, એનો ટુવાલ કે કપડું ખેંચી કાઢી હીહીહીહી તમાસો જોવા જેવી સહજ
- દવાખાનું ઘર, આંટોફેરો, હોસ્પિટલ, ઈંજેક્શન, ઘર-હોસ્પિટલ, નોકરી, ટ્યુશન, રસ્તામાં મળનારની પૃચ્છા, જરા મોડું થવું, ઘરમાં ઝગડો, હિસ્ટીરિયા, હે ભગવાન...મોત આવે તો સારું . હરો-ફરોને કરો ફિતૂર ! વાજતે ગાજતે માંડવે આવશે બધું ? માની શાપવાણી
- ઘરેણાં, ચાંદીનાં વાસણ, રોકડા રૂપિયા, ભારે સાડીઓ, કુટુંબના ફોટાઓ એ બધું પેલી બેગમાં હતું એમ બસંતીને ખબર હતી. બેગને હંમેશાં તાળું રહેતું.
- પોતાના હમસફરે કચકચાવીને હાથ પકડ્યો હતો. હાથની પકડ એવી સજ્જડ હતી કે ઊંચા પર્વતો ચડી શકી, વિષમ ધરતી પર ઊના ડામરવાળી સડકો પર, ભીની મોસમમાં, ઊછળતા સાગરની ધીંગામસ્તીમાં વૈશાખી લૂ વાતી બપોરોમાં તેના શ્વાસ નિયમિત ગતિથી જીવન આપતા રહ્યા.
- અંદરને અંદર રોજરોજ આઘાતથી કંઈ તડ્ તડ્ તૂટીને નક્કર હાડકાં જેવું ચામડી ભેદીને બહાર તો નહીં આવી પડે ને ? સુખદુ:ખની સાથી, ભવભવની દાસીના ગળામાં મંગળસૂત્ર ફાંસો દઈ દેશે કે શું?
- ધુમાડા જ માત્ર...ગૂંચળાં જ માત્ર...પણ એ ધુમાડાનો કાઢનાર પોતે જ ધુમાડો બની ગયો. રહ્યાં માત્ર...આ ખબર જોવા આવનાર સગાં સ્નેહીઓ સાસુજી પાસે.

- કેટલાક અવાજો, જે શબ્દો-વાક્યો ન થઈ શક્યાં, તે આજે મારા ગર્ભમાં અમળાય છે. મેં ઘણાં બધાં કાના માતરા હ્રસ્વ-દીર્ઘ, સ્વર-વ્યંજનો, વિરામચિહ્નો, વર્ણોની આસપાસ ગોઠવ્યાં, પણ આજે તે બધા થોડું થોડું કણસી મૂંગો મૂંઝારો કે મૂંગો હાહાકાર બનીને છાતીમાં ઢબૂરાઈ રહ્યાં છે.
- તગમતી મોસમે, રેડિયોમાં વાગતા ન સહેવાતા ગીતે, સંધ્યાની ધૂંધળાશે, બપોરની ગરમીએ, સવારના પ્રકાશ, રાતની ચન્દ્રિકાએ, અનિન્દ્રા પછી જાગતી અવસ્થાએ, ઝોકુ આવતાં અંદર ઊમટી પડેલા ઓથારે-અવસ્થિત દુઃસ્વપ્ને ટપાલી સ્વરૂપે મને દૂભવી છે.

આ વાર્તાઓમાં આ પ્રકારે નારી ચેતનાનું નિરૂપણ થયું છે. એકલતા, દુરાશા, નિરાશા, અભાવ, સંઘર્ષ જેવી ભાવ પરિસ્થિતિઓનો વણાટ આ પરિવેશ નિરૂપણ વડે વધુ સઘન બનાવાયો છે. પરિવાર, ઓફિસ, સંસ્થાઓ કે પોતાના મનના ઊંડાણમાં સંઘર્ષની ક્ષણોમાં જીવતી નારીની આંતરવ્યથાને અહીં પરિવેશનાં વર્ણનવાક્યો વડે વાચા અપાઈ છે. સરોજ પાઠકની આ આગવી નિરૂપણરીતિ છે.

**કુન્દનિકા કાપડીઆ**ની વાર્તાઓમાં સરળ નિરૂપણપદ્ધતિ ધ્યાન ખેંચે છે. સ્ત્રી-પુરુષના સંબંધોમાં સંઘર્ષનિરૂપણને તેઓ પરાકાષ્ઠાએ લઈ જઈ આદર્શ અંત તરફ વાળે છે. તેમની વાર્તાઓમાં કેટલાંક મહત્ત્વનાં વર્ણનોમાં નારીચેતનાનો સઘન અનુભવ થાય છે. જે જોઈએ :

- અભાનતામાંથી શુશીલા જાગી ત્યારે એના જીવનનો રંગ ઝાંખો પડી ગયો હતો. અને એના મનમાં અંધારી રાત જેવી ગમગીની ગાઢપણે વ્યાપી ગઈ હતી.
- બારી બહાર શાંત આકાશ દેખાતું હતું. આજે દિવસ જરા વાદળવાળો હતો અને એમાંથી ગળાઈને આવતી મૃદુ સોનેરી હવા, સામે દેખાતાં વૃક્ષોનાં પર્ણ પલ્લવોને ડોલાવતી વહી રહી હતી.
- તમારા પ્રમભર્યા શબ્દો ધીરેધીરે મારી આસપાસ એવી દીવાલ ખડી કરવા લાગ્યા કે એમાં હું બંદી બની ગઈ.
- મને શરદી લાગે એ ડરે તમે વર્ષાઋતુમાં સમી સાંજથી ઘરનાં બારી-બારણાં બંધ કરાવી દેતા, ત્યારે હર કોઈ પ્રકૃતિપ્રેમીની જેમ બહાર વનરાજીની વચ્ચે દોડી જવા મારું મન તલસતું હતું. ઘનઘોર આકાશની વાદળીઓના ઘટાટોપને નીરખવા એની વચ્ચે ચમકી જતી વીજરેખાને નિહાળવા એ કેવું ઝંખી ઊઠતું.
- એ ઘરમાં સાસુ, પતિ, નણંદ, દિયર સર્વ હતાં. છતાં એનો આનંદ ક્યાંક દૂર રહી ગયો હોય એવું એને લાગતું. અચાનક એને લાગ્યું કે પેલા ભિખારી છોકરાની જેમ એનો

આનંદ પણ છાનાં પગલે કોઈક દિવસ એ ગલીમાં આવશે અને એ બારીમાંથી અંદર પ્રવેશી, સવારનું અજવાળું જેમ એ અંધારા ખેડતી ભીંતોને સોનેરી બનાવી દેતું તેમ પોતાના જીવનને પણ સોનેરી કરી મૂકશે.

- ચૂલાનાં લાકડાં મોટો ભઠ્ઠો કરી રહ્યાં. મનોરમાને થયું, તેના પોતાના જીવનમાંયે એવો મોટો ભડકો ઊઠી રહ્યો છે. એનો કંઠ શોષાય છે. એક તરફ સળગે છે.
- આ તમામ વસ્તુઓ, આ નીલ આકાશ ઊંચા વૃક્ષો, લાલ માટીની ધરતી, બારીએ આવીને બેસતાં સફેદ સફેદ કબૂતર – આ બધાંને હું ઓળખું છું. પણ એ ઓળખાણ માત્ર નામ અને સ્વરૂપની જ ઓળખાણ.
- આકસ્મિક જ જાણે, માણસના પગ નીચે સૂકાં પાંદડાં કચડાય એમ માની બધી મમતા, જવાબદારીની ચિંતા અને પ્રાર્થનાને પગ નીચે કચડીને, મૃત્યુએ પોતાનું કર્તવય પૂરું કરી નાખ્યું.
- દીવાલ વિનાનું ઘર. જે લોકોને મન ચિંતા ને ઘરબાર સિવાયની દુનિયા મરુભૂમિ લાગે છે એમને મારા આ ઘરનો ને મારા સુખો અર્થ નહિં સમજાય.
- હૃદયના એક અણુંથી બીજા અણું સુંધી વ્યથાનો ધબકાર ગુંજી ઊઠ્યો.
- આકાશ બહુ જ ચોખ્ખું હતું, પણ પૂર્વ દિશાએ થોડાં વાદળ હતાં અને સૂરજનો પ્રકાશ અલપઝલપ દેખાતો હતો. મને થયું, આ વખતે, જે અમારો રોજનો ફરવા જવાનો સમય છે, ને જ્યારે હું સુગંધથી નહાઈને રાહ જોતી બેઠી છું, ત્યારે તે કદાચ તેની આજે સાંજે થનારી વહુ સાથે વાત કરતો હશે.
- દક્ષિણ દિશાએથી વહી આવતો વાયુ ઊંચા વૃક્ષોની પૂર્ણઘટામાં ગૂંચવાઈ જઈ વચ્ચે બંધનના મધુર ચિત્કાર કરતો હતો.

વાર્તામાં કથક દ્વારા મૂકાયેલાં વર્ણનવાક્યો મોટેભાગે પ્રાકૃતિક તત્વોના વિનિયોગથી આલેખાયાં છે. મોટાભાગની વાર્તાઓનાં નારીપાત્રો જીવનસંઘર્ષનો અનુભવ કરે છે. ક્યાંક એકલતા છે, ક્યાંક ડિવોર્સ છે ક્યાંક દાંમ્પત્યજીવન કે પારિવારિક સમસ્યાઓ પ્રાકૃતિક તત્ત્વોને વાર્તામાં મૂકીને લેખિકા બંધિયાર જીવનમાંથી મુક્ત સ્વતંત્ર પ્રાકૃતિક જીવન જીવવા ઝંખતી સ્ત્રીઓના ભાવવિશ્વને આલેખે છે. વળી પરિવાર સાથેની અપેક્ષાઓ પણ વાર્તામાં આવે છે. એ પ્રકારનું નિરૂપણ વાર્તાઓને બેવડા વિશ્વોના મનોસંઘર્ષ તરફ દોરી જાય છે.

**ઉષા શેઠ**ની વાર્તાઓમાં મજૂરી કરતો પરિવાર, શ્રમિકો, ઝૂંપડટ્ટીમાં વસવાટ કરતી સ્ત્રીઓ, આશ્રમો, વૃદ્ધાશ્રમો, કાર્યાલયો, વિદેશી ભૂમિમાં વસતાં પાત્રો, ગ્રામીણ પાત્રો વગેરે જેવી વિવિધ

પ્રકારની પાત્રસૃષ્ટિ મળે છે. નારીજીવનના પ્રશ્નોને તેઓ આલેખે છે ત્યારે જીવનનો નાના નાના સંઘર્ષોથી માંડીને મોટી ઘટનાઓને પણ ટૂંકી વાર્તાના સ્વરૂપની મર્યાદામાં રહીને આલેખે છે. નારીજીવનની સમસ્યાઓની વાર્તાઓમાં તેમણે સ્થળસંદર્ભ તરીકે, ભાવનિરૂપણ તરીકે, વાર્તાની ગતિશીલતા જાળવવા વગેરે આધારો માટે પરિવેશનો વિનિયોગ કર્યો છે. તેમની વાર્તાઓમાં આવતા પરિવેશને વિગતે જોઈએ તો –

- નલિનીનો માળો સાવ પીંખાઈ ગયો. એનું હૂંફાળું વાતાવરણ ક્યારેક અગ્નિ સમાન, તો ક્યારેક બરફ સમાન જણાતું. ગૌરવ-ગિરા તો પાંખ ફફડાવીને ઊડી ગયાં હતાં.
- એ એન.એન.કે. હતી એટલે કે ત્યજાયેલી હતી, ન જોઈતી બાળકી હતી. ક્યાંક ઝાડ નીચેથી, ટ્રેનના ડબ્બામાંથી, કચરાના ઢગમાંથી કે પછી ફૂટપાથ પરથી એ મળી આવી હશે. પોલીસ એનાં મા-બાપ શોધવાનો પ્રયત્ન કરશે.
- મેં બહેનો માટેનો ઉદ્યોગ શરૂ કર્યો. છ મહિના બાદ, તેમણે તૈયાર કરેલી વસ્તુઓનું અમે એક પ્રદર્શન યોજ્યું અને ભરેલા સાડલા, નેપ્કિન, રૂમાલ, ટેબલ મેટ્સ, ડીનર સેટ્સ વગેરેનું વેચાણ કર્યું.
- વાદળાનાં બદલાતા આકારોમાં એને ઊનથી ભરેલાં ઘેટાં દેખાતા પાંખોવાળી પરીઓ દેખાતી, ધોળા વાળને ધોળા સાડલાવાળા દાદીમા દેખાતાં. પપ્પાની ચોપડીમાં જેમનું ચિત્ર છે, તે સફેદ દાઢીવાળા ગુરુદેવ દેખાતા .
- રૂપેરી જરી સાથે સોનાનો દાગીનો અને લીલી સાડી સાથે માણેક પહેરવાં પડતાં. આથી મારો દાગીના કપડાંનો શોખ સાવ મરી જ ગયો.
- પ્રકાશ ધીમે ધીમે લક્ષ્મીનો ઉપાસક બનવા લાગ્યો અને કેતકી સરસ્વતીની છેવટે, હોસ્પિટલ પર માત્ર ડૉક્ટર પ્રકાશને હીરાના ઝગમગાટે ઝાંખા કરી નાખ્યાં. ભાઈઓ ભેગા એ પણ ન્યૂયોર્ક, એન્ટવર્પર્બ ઊડવા લાગ્યા. પતિ-પત્ની વચ્ચેનું અંતર વધવા લાગ્યું અને છેવટ લગી વિચ્છેદ.
- શનિવારે સાંજે અવની-વિનયને કોઈક પાર્ટીમાં જવાનું હતું. અવનીએ પોતાની રીતે પોતાની પસંદગી અનુસાર વેશભૂષા, કેશભૂષા કર્યાં હતાં. સાસુજી બે પળ તો સ્તબ્ધ બની એની સામે તાકી રહ્યાં.
- પરદેશની ડિગ્રી હોય અને ધનાઢ્ય કુટુંબ હોય એટલે કન્યા માટેનાં કહેણ, દબાણ, લાગવગ, આજીજી એનો શરૂ થતો અવિતર પ્રવાહ. મને હજુય યાદ છે કે દિવસો સુધી કાકા, મમ્મી-પપ્પા, દાદા-દાદી ક્યારેક ફોઈબા અને ફૂઆ પણ કન્યાનાં કાકા, મામા,

બહેન, ફોઈ વળી ક્યારેક મિત્ર એવા કોઈને ઘેર કન્યાની પસંદગી નિમિત્તે નાસ્તા-પાણી કરી આવતાં. એમનાં પેટ ભરેલાં હોય એટલે મારે કઢી-ખીચડી, બ્રેડ-સૂપ, થેપલાં-દહીં એમ બે વાનાંથી ચલાવવું પડતું.

- બા એ કલિંગર કાપ્યું તો લાલ – લાલ ગરને બદલે વાસ મારતું પ્રવાહી ને એમાં ખદબદે અસંખ્ય કીડા, પેલો ટોપલો બની ગયું કાપેલું કલિંગર ને અંદર સળવળે માનવ કીડા. આવી ભયંકર કલ્પનાથી હું ધ્રુજી ઊઠી.
- મનેં અહીં બેસી સાંજે આકાશના બદલાતા રંગો જોવા બહુ ગમે અને વાદળાં સાથે વાતો કરવી તો એથી પણ વધારે ગમે. આકાશમાં દોડતાં વાદળો જોઉં અને મને થાય કે આમાં બેસીને મરી ગયેલા લોકો ફરવા નીકળ્યા છે
- પતિ તથા સંતાનોની મઝા એટલે ગૃહિણીની સજા. રવિવારના બપોરના જમણ માટેની વાનગીઓની ફરમાઈશો અગાઉથી જ થઈ ગઈ હોય એટલે આપણે તો રસોડામાં રોજ કરતાં વહેલાં જોતરાવવાનું હોય. બાસુંદી હોય કે મગની દાળનો શીરો કે પછી પુરણપોળી માટેનું પુરણ. સૌના ઊઠ્યા પહેલાં તૈયાર કરી રાખેલું સારું નહીંતર મિષ્ટાન્ન તપેલાના તળિયાને બાઝી જાય અથવાતો આપણાં આંગળાં દાઝી જાય.
- લીલાં વાતાવરણમાં તાજાં થવાનું. નિશ્ચિંત થઈને રહેવાનું. ઘર મૂક્યું ને દુઃખ વીસર્યું શૈલની તો કહે છે કે, વનમાં પ્રવેશ્યા બાદ ગૃહાસ્થાશ્રમની જવાબદારી નવી પેઢીને સોંપવાની. આપણે તો મુક્તપણે વનમાં ભમવાનું, કુદરતનાં સાંનિધ્યમાં.
- હોર્નબિલને પોતાને જ ઘરમાં પુરાઈ જવું હોય છે જેથી એનાં ઈંડાંને બીજાં પક્ષી, બિલાડાં કે સાપ ખાઈ ન જાય. મમ્મીને એનાં બચ્ચાં બહુ વહાલાં હોય, ઈંડાંમાં હોય ત્યારે પણ
- મેં સૌંદર્ય-સ્પર્ધામાં ભાગ લેવા માંડ્યો ત્યારથી મારો બહિષ્કાર, મને મળેલી ભેટ-સોગાદોનો બહિષ્કાર. હું જે શહેરમાં રહું એનો પણ બહિષ્કાર. તન્વી એને રસ્તે હું મારા રસ્તે
- અહીં તો ચાહીને ગામ સમક્ષ છાતી, જાંઘ, પેટ-નાભિ ખુલ્લાં ધરવાનાં અને પછી વરુ, ગીધડાં પાછળ પડે ત્યારે ચિત્કારવાનું.
- બંધ બારીઓ સુવાવડીના શેક-ધુમાડાની સાથે ભળી ગયેલી ભીખલાના પેશાબ અને દવાઓની વાસથી એમને ગૂંગળામણ થતી રહી

- અમારો મંબઈનો ફ્લેટ ખાસ્સો મોટો છે. વિશાળ ડ્રોઈંગરૂમ, ત્રણ બેડરૂમ, સસરાજીનો સ્ટડીરૂમ, રસોડું અને બાજુમાં નોકરો માટે પેટ્રી. તોય તે અમે તો ક્લબમાં જ ઊતર્યા. આટલા બધાં માણસો મારા તો માથા પર જ આવે.
- આપણા ઘરમાં લાજના ઘૂમટા નહીં પણ પુરુષોની આડે ઊતરવાની મનાઈ.
- ચૂંટેલું ફૂલ મારા હાથમાં હતું મે પાંચમી પાંખડીને ઉઘાડવાનો પ્રયત્ન કર્યો. લાલછાંટવાળું ફિક્કું અંતર દાખવી એ તરત જ બિડાઈ ગઈ. જાણે કે ચુસ્ત મુઠ્ઠી વાળી દીધી.
- કેટલાંય વર્ષોથી મેં ગરોળીને ઘરમાં આંટાફેરા મારી જોઈ છે. પણ ક્યારેક એનાં ઈંડાંના કોચલાં નજરે પડ્યાં નથી .
- આ પતંગિયાની પાંખને ઈજા થઈ લાગે છે. જો તે બિચારું ગાલીચા પર જ હરફર કરે છે ઊઠી નથી શકતું .

ઉષા શેઠની વાર્તાઓમાં વણાતા આ પ્રકારના પરિવેશમાં બેચેની, બંધન, એકલતા વગેરેને રોજિંદી ક્રિયાઓ, પતંગિયાં, સાડીઓ, ઘર રચના વગેરેના નિર્દેશ દ્વારા વ્યક્ત કરી આપી છે. વૃદ્ધાશ્રમ, અનાથાશ્રમ, સંસ્થાઓમાંની સ્ત્રીઓની ચળવળો અને વિવિધ સામાજિક સમસ્યાઓથી પીડાતી નારીને અહી વ્યક્ત કરાઈ છે. પરિવેશની વીગતોમાં ઘરને બંધન સમાન અને પ્રકૃતિને મુક્તતાના સંદર્ભમાં સૂચક રીતે મૂકીને લેખિકાએ વાર્તાઓને સરળ છતાં વિશિષ્ટતામાં નિરૂપણ કર્યું છે.

**વર્ષા અડાલજા**ની ૧૯૦ જેટલી વાર્તાઓમાં સ્થળ તરીકે મુંબઈ, અમદાવાદ, વિદેશી નગરો અને તળગામડાં કે ઝૂંપડપટ્ટીનો વિસ્તાર પણ છે. આવા મહાનગરો, વિદેશી ભૂમિ અને પછાત પ્રદેશની ભૂમિકાએથી સર્જાતી વાર્તાઓમાં નારીજીવનના અનેક પાસાંઓને વણી લેવાયાં છે. સ્ત્રીના ભાવોને અહીં શબ્દસ્થ કરાયા છે. તેઓ બિલીપત્રનું ચોથું પાન ની પ્રસ્તાવનામાં નોંધે છે કે – જે આર્ય-સંસ્કૃતિ, પવિત્ર લગ્નસંસ્થા અને આર્ય નારીનાં ગુણગાન ગાતાં આપણે થાકતાં નથી એ પરંપરાના પાયામાં સ્ત્રીઓનાં આંસુ અને લોહી સિંચાયા છે.

આ વાર્તાઓમાં પરિવેશ વિનિયોગ માટે ટ્રેનની મુસાફરી, આકાશવાણી કે દુરદર્શનનાં માધ્યમો, છાપાંઓ, ગાઢ અરણ્યો, વસ્તીથી ગીચ પ્રદેશો, વૈભવશાળી એપાર્ટમેન્સ કે ઓફિસો, શૈક્ષણિક સંસ્થાઓ, લગ્ન-મરણના પ્રસંગો – વિધિવિધાનો, વિદ્યાર્થી અવસ્થાના વિવિધ સ્થાનો, રસ્તાઓ, બજારો, વેશ્યાઘરો, સ્ત્રી-મુક્તિની સંસ્થાઓ, આશ્રમો વગેરેને સ્થળ-કાળના સંદર્ભમાં નારીજીવનની

વ્યથાકથાઓ વણી લેવાઈ છે. નારીજીવનના પ્રશ્નોને વાચા આપતી કેટલીક મહત્ત્વની વાર્તાઓના પરિવેશને જોઈએ તો –

- આંખ બંધ કરતાં જ જાણે બીજુ વિશ્વ ખૂલી ગયું – તરુણ એને ચૂમી રહ્યો છે. વૃક્ષોનાં પાનના મર્મર સમો એનો ધીમો ગુંજતો સ્વર...પ્રણયની ફૂટતી કૂંપળની મીઠી સુગંધ...
- મા અને ભાઈની સાથે એ રેલવેલાઈનની ઝૂંપડપટ્ટીમાં આવી ત્યારે જાણે અહીં પહેલીવાર આવતી હોય એમ એનું દિલ કડવાશથી ભરાઈ ગયું. ગંદા પાણીની નીકો સ્વતંત્ર મિજાજથી ગમે ત્યાં વહેતી હતી. સડતા એંઠવાડની વાસથી ચમ્પૂડીને ઊબકો આવ્યો. ધબ્બ દઈ ફાટેલા ચણિયાની કોર એણે નાકમાં ખોસી દીધી. લઘરવઘર કાળાં ગંદા છોકરાઓ, ને માથું ખણતી, લબડતી છાતીએ નાનાં છોકરાં વળગાડી સ્ત્રીઓ તરત આવી ગઈ. બીડીના ઠૂંઠા પીતા, દાંતિયા કાંસકી બનાવતા કેટલાક પુરુષોય આવી લગ્યા.
- દરિદ્રતાની થપાટો સામે ભક્તિનો કૂવાસ્થંભ પકડીને પણ જીવતી-ઝઝૂમતી એક જર્જરીત કાયા ઝાંખા દીવાને અજવાળે લોકોનાં કપડાં સીવતી. દળણાં દળતી એક વૃદ્ધ સ્ત્રીને મારી નાની કીકીઓમાં કુતૂહલભરી જોયા કરું છું.
- સૂતેલ સમુદ્રના ક્યારેક સંભળાતા નિશ્વાસ સિવાય એક ઊંડી પ્રગાઢ શાંતિ ઘરાઈ ગયેલા અજગરની જેમ નિશ્ચલ પડી હતી.
- સૂતેલ સમુદ્રના ક્યારેક સંભળાતા નિશ્વાસ સિવાય એક ઊંડી પ્રગાઢ શાંતિ ઘરાઈ ગયેલા અજગરની જેમ નિશ્ચલ પડી હતી.
- નસીબ...નસીબનું છિદ્ર સર્વસ્વ વહી ગયાની વેદના...ઊંડે ઊંડે ધૂળમાં ગરદોળાઈ ગયેલા, ન ઊગેલા એકબીજાની વેદના...આ બધું શી રીતે કરી શકાય.
- વર્ષો પહેલાંની રાત જેવી જ ઘટ્ટ અંધારી રાત છે. હું બારીના સળીયા પકડીને ઊભી છું. બંધ પાંપણોમાંથી આંસુ સરી પડે છે. હવામાં જલતી ભડકાની ગરમી છે. સામે જ મારો પુત્ર પાર્થ શાંતિથી સૂતો છે અને ડ્રોઈંગરૂમમાંથી ખડખડાટ હસવાના શરાબી અવાજોમાં મારાં ધ્રુસકાં ડૂબતાં જાય છે
- અંધકાર ભીનો હતો. હળવા વરસાદનાં ટીપાં આંગણાના પ્રકાશના વર્તુળમાં ચમકી ઊઠતાં અને તરસી માટીમાં શોષાઈ જતાં.
- આ મહાનગરમાં આવ્યા પછી, એણે સૂરજનાં કોમળ કિરણો કદી જોયાં નહોતાં

- પોતે કેટલા સમયથી અજયને ઓળખતી હતી છતાં અત્યારે આમ પુરુષ સાથે ઓરડામાં બંધ થઈ જવું એને ગભરાવતું હતું. હળવા પવનની લહેરથી દીપશિખા જરા કંપી ઊઠે એમ એ થોડી ધ્રુજી ગઈ હતી.
- સવારે આંખ ઉઘડતાં જ ધીમે ધીમે વાસ્તિવિક જગત રચાવા લાગે છે. સ્વપ્નની માયાવી સૃષ્ટિ સંકેલાવા લાગે છે. બારી પર કાગડો કા કા કરતો આવીને બેસી જાય છે અને સમયને ચાંચ મારી ઠોલ્યા કરે છે. પિત્તળની સાંકળે બાંધેલો નક્શીદાર હીંચકો ઝુલ્યા કરે છે આ બાજુથી તે તરફ, તે બાજુથી આ તરફ.
- રીતુએ દાંત કચકચાવીને ઓશીકું ભીંત પર ફેંક્યું. ભીંત પર રાકેશ શર્માનો, છાપામાંથી કાપી લીધેલો ફોટો એની સામે હસી રહ્યો હતો.
- હવામાં ગજબનો બફારો હતો. કિંમતી લપ્પાદાર બનારસી સેલાંઓ, પરસેવાથી નીતરતા મેઈકપનાં થપેડાવાળા ચહેરાઓ અને અનેક જાતનાં સૂટ-ટાઈથી ઘેરાઈને વધુ ગરમી થતી હતી. માઈક મોંમાં ખોસીને ચાર-પાંચ સ્ત્રીઓ જોર જોરથી ઊકળી રહી હતી. આમાં ક્યાં હતી શાંતિ ! પવિત્રતા. બે આત્માનું મધુર મિલન.
- એણે આંખો બંધ કરી ગોઠણમાં મોં ખોસી દીધું. નળની જેમ ચાવી ફેરવી આ વિચારોનો ધોધમાર પ્રવાહ બંધ કરી શકાય તો ! અને છતાં ગળતા નળની જેમ ટપ...ટપ...ટપ...વિચારો સૂતા હતા.
- પૂર્વીના પાલવનો ફરફરાટ, એનું મધુર સ્મિત, હસતી આંખો, એનો અછડતો થઈ ગયેલો સ્પર્શ, એની પ્રેમભરી કાળજી, એનાં હોઠ પર થીજી ગયેલું નામ, વિરેન...વિરેન...
- શનિવારની સંધ્યાઓ સુજાતા માટે ઘરની સાફ સફાઈ માટે અનામત છે. એમ બીજા વારો બીજાં કામ માટે નિયત હોય છે. દા.ત. સોમવાર સુવાંગના કબાટોને અર્પણ કરેલો છે સાડી, બ્લાઉઝ, પર્સ, લિપસ્ટિક, પરફ્યુમ અને ન જાણે શું શું ! આઠેય દિવસ બધું વપરાઈને અસ્તવ્યસ્ત હોય.
- જેલમાં આવી હતી ત્યારે ચાંદ હતી. પછી દુ:ખની ભઠ્ઠીમાં તપી તપીને નદીની જેમ સુકાઈ ગઈ હતી, પણ તોય એની પાસે સ્ત્રીનું શરીર હતું અને પુરુષ માટે કાફી હતી.
- અચાનક અંધારા કૂબા જેવા ઘરની દીવાલો ધસી પડી, ફૂલ જેવા કોમળ હાથોએ એને ઊંચકી લીધી અને વહેતા સુગંધી પવનમાં તરતી એ ક્યાંની ક્યાં ચાલી ગઈ. મેઘધનુષની નદીમાં એ ચાંદની હોડીમાં સફર કરી રહી છે. હાથ લંબાવી એ ઝગમગતા તારાઓનું ઝૂમખું તોડી લે છે

- અંધારી ઓરડીમાં ભેજની વાસ, થોડાં લૂગડાં-લત્તા અને ફોતરાં જેવાં ઘરેણાં, ગુજરી બજારમાંથી ખરીદેલો જૂનો કબાટ, મધ્યમવર્ગના રબ્બર સ્ટેમ્પથી પ્રમાણિત કરેલી જિંદગી.
- ઓરડામાં ફરતાં-ફરતાં સ્મરણોની કડીએ થઈ એ જાણે જુદા જુદા સમયખંડોમાં ફરતાં હતાં. બારીમાંથી ચળાઈને આવતો આ સોનેરી તડકો આજનો, અત્યારની આ ક્ષણનો નહોતો. ભૂતકાળની કોઈ વહેલી સવારે ભીના વાળ પીઠ પર ફેલાવીને એ કોમળ તડકામાં ઊભી હતી.
- આંગણાનાં ઘટાદાર વૃક્ષમાંથી પંખીનો ટહુકો ખરે છે. પણ એના કાનમાં ધનુનું રુદન સતત પડઘાયા કરે છે.
- છાપરું અલ્લઉદ્દીનની ઉડતી શેતરંજીની જેમ આ ગંદકીની નીકને અંધારા બુગદા જેવા ઘરમાંથી એને ઊંચકી દૂર દૂર લઈ જાય છે...લીલાંછમ્મ વૃક્ષો, ઊંચા ભૂખરા ડુંગરો, શંકરની જટાની બંકિમ ચંદ્રરેખા જેવી પાતળી રૂમઝૂમ વહી જતી નદી અને એ નદી કાંઠે નાની શી છીપલી સરખું ગામ. ઊગમણી બાજુ સતીમાની દેરી ! અહીં જ તેણે માટીમાં ગોરમા બનાવીને પૂજ્યાંતાં અને શરમાતાં મનમાં જ હેતાળ અને રૂપાળો વર માંગ્યો હતો.
- સ્થૂળ થઈ ગયેલું શરીર, લમણા પાસેથી ઘસાઈ ગયેલા વાળની અંબોડી કપાળમાં મોટો ગોળ ચાંદલો અને કાળી પડી ગયેલી ઝરીનું લાલ ઘરચોળું આ બંગલાની, આ સંપત્તિની હવા એને સ્પર્શ્યા વિના વહી ગઈ હતી જાણે
- સામેના ખુલ્લા મેદાનમાં તડકાની સોનેરી બિછાત સંકેલાતી હતી. હળવે હળવે શ્રમિત દિવસ થાકેલા પગે જઈ રહ્યો છે. દૂર દૂરનાં ઊંચા મકાનો પર સૂરજની વેરાયેલી રજ ચમકતી હતી. વહી ગયેલો દિવસ અને આવનારી રાતના સમયના ઉંબરા પર તે ઊભી હતી.
- પડી ગયેલા પવનમાં નિસ્પંદ થઈ ગયેલા પર્ણની જેમ સુમતિ માથું ઢાળી ક્યાંય સુધી બેસી રહી. શબ્દો આથમી ગયા હતા. ધીમે ધીમે રાત ઢળતી હતી. હલકું અંધારું ઓરડામાં ફેલાઈ ગયું હતું.
- બારણે જોરથી ઘંટી વાગી. ખોલીને જોયું, તો ગુલાબનાં સુંદર ફૂલો લઈને કોઈ ઊભું હતું. ડાળખીએ બાંધેલી એની જ ચિઠ્ઠી. આઈ હેઈટ યુ. એની પાછળ લખ્યું છે આઈ લવ યુ. ધત્ ! ડઘાયેલા છોકરાના હાથમાંથી ફૂલો ખેંચી લઈ રીસમાં એણે બારણું પછાડ્યું. જ્યારે

જીવન વેરાન થઈ ગયું ત્યારે એને ફૂલો મોકલવાનું સૂઝ્યું. ઘરમાં ફોન હોત તો એને ધધડાવીને ફોન...ના બાબા ના. અબોલા એટલે અબોલા.

- લોહિયાળ લોચો થઈ એ પગ પાસે જ પોટલાની જેમ પડ્યો. હાથમાં તોળેલો પથ્થર અને કુસુમ રોષથી થરથર કાંપતી એને ફાટેલી આંખે જોઈ રહી હતી. માંસનો લોચો. હવે એ કોઈ દિવસ ન ગાળ બોલશે ન એના શરીરને અડશે. પથ્થરનો ઘા કરતાં એને જોર જોરથી હસવાનું મન થયું. એ ઊભડક બેઠી અને સ્ટવ સળગાવ્યો. અભરાઈ પરથી છાલિયું ઉતારી સ્ટવ પર મૂક્યું અને નિરાંતે શીરો શેકવા બેઠી.
- જે જીવનને એ સીમિત માની એના અંતની લગોલગ પહોંચી ગયાનું એ માનતી હતી, તે તો એક વળાંક માત્ર હતો, અને ત્યાંથી તો જીવનનો રસ્તો દૂર સુધી ફેલાઈને પડ્યો હતો. જ્યાં રહસ્યમય લાગતા અદ્‌ભૂત પહાડો હતા, તોફાની ધસમસતી નદી હતી અને નદી પર ઝળુંબી રહેલું ભૂરૂં આકાશ હતું – આ દૃશ્યને ન આદિ હતો, ન અંત.
- શાંત વિશાળ ઘર જોઈ તરત મનમાં વિચાર ફરકી ગયો, હાશ ! હવે મારાં પોતાનાં પુસ્તકોની અહીં જગ્યા થઈ શકશે. આ બાલ્કનીમાં હીંચકો. આકાશ જોતાં, ઝૂલતા એ પોતાના ગળામાં બંદીવાન થઈ ગયેલાં સૂરપંખીઓને મુકત કરશે. હળવી ઠેસે હીંચતાં એ મેઘાણી અને મુનશી વાંચશે. ઘાયલ અને મરીઝની ગઝલો ગાશે. રમેશ અને નિરંજનનાં ગીતો ફરી ફરી વાંચશે. નરસિંહ, મીરાં, દયારામ, ટાગોર, કાલીદાસ કેટકેટલાં નામ સ્મૃતિમાં ઊભરી આવ્યાં.
- માદક પીણાના ગ્લાસમાં બરફની જેમ રાત પીગળતી રહેતી.
- વેઈક અપ. આ મુંબઈ છે. ચાવી એટલે રિસ્પોન્સિબિલિટિ.
- સંસારના કોલાહલમાં બદલાતી ઋતુઓનો પગરવ સુદ્ધાં એણે સાંભળ્યો નહીં.
- કેદીની યાતનામાંથી ચીસ જેવો પવન સનનન્ આવી એને વીંધી રહ્યો છે
- લીંબુ શરબત, ડિનર અને રાત્રે ડેઝર્ટ પછી દિવસભરની વાતો રસિક મા સાથે પૂરી એક કલાક કરે ત્યારે હાંફતો હાંફતો દિવસ પૂરો થાય. એને ભાગે રાતની બચેલી ખૂટેલી ક્ષણના થોડા ટુકડા જ હાથમાં આવે.
- સૂમસામ રસ્તાઓ શિકાર ગળેલા અજગરની જેમ અળસાઈને પડ્યા હતા. છેક સૂમસામ. ફરી એને ટી.વી પર જોયેલાં દૃશ્યો યાદ આવી ગયયાં. કેસરી આગની લપેટમાં ભડભડ બળતા ટ્રેનના ડબ્બા...ઝનૂનથી ચિચિયારી પાડતાં હિંસક ટોળાં...બળીને ભડથું થઈ ગયેલાં, કોલસા જેવાં ટ્રેનનાં મુસાફરો...સોંસરી વીંધતી ચીસો...

- એના જીવનમાં કશું વિશેષ નહોતું. બનવાની સંભાવના પણ નહોતી. શ્રવણની જેમ જિંદગીની કાવડ ઊંચકી સતત ચાલવાનું હતું. એક પલ્લીમાં ઘર, બીજામાં ઓફિસ.
- સવારે આંખ ખુલતાંવેંત રેસના ઘોડાની જેમ સતત દોડતી રહેતી. દૂધ ગરમ કરવું, ચા-નાસ્તો, કપડાં સાબુમાં પલાળવાં, પિન્ટુની સ્કૂલની તૈયારી, પોતાનું લંચ-બોક્સ સાથે સાથે જુગલબંદીની જેમ રણકતી રહેતી બારણાંની અને ટેલિફોનની ઘંટડી
- અર્જુને હાથ લાંબો કર્યો. પતિ આશ્લેષમાં લેશે માની એની પર ઢળી પડી અર્જુને કવર લીધું અને તરત પૈસા ગણ્યા – બસ ? સાડા ચાર હજાર ?
- સૌમિલ અને રીના સાથે રેતીમાં ઘર બનાવતાં બનાવતાં એણે વરુણની સ્મૃતિઓ, પીડા, ખાલીપો  બધું જ દરિયામાં સમર્પિત કરી દીધું હતું. મોજાં એને ક્યાં કઈ ગયાં હશે ? મહાસાગર તો દૂર દૂર સુધી એના જળથી અનેક ધરતીના કિનારાને સ્પર્શે છે.
- ક્ષણભરના એ સ્પર્શમાં કેટલું સમસંવેદન હતું. જે એને પતિના આશ્લેષમાં કે દેહસંબંધમાં પણ ક્યારેય નહોતું મળ્યું.
- ટાઈમ પાસ ? પમ્મી માટે એ માત્ર સમય પસાર કરવાનું સાધનમાત્ર હતો ? જાહેરખબરની દુનિયાનો મંત્ર છે. વસ્તુ વાપરો અને ફેંકી દો. મેઈકઅપ, લાઈટ્સ, એક્શન, કેમેરા, રોલિંગ. જે નથી તેનો ભ્રમ ઊભો કરો. ભ્રમ વટાવી ખાવા ઝળહળાટથી, પ્રચારથી ગ્રાહકોની આંખો આંજી દો. ખેલ ખતમ. નવી ઘોડી નવો દાવ. નવી પ્રોડક્ટ નવી જાહેરખબર. મોટી મોટી કંપનીઓનું કરોડોનું ટર્નઓવર
- હેમાંગને સ્કૂલે મૂકવા જવો કે ડોક્ટર પાસે લઈ જવો, પરીક્ષા, પિકનિક સ્પોર્ટ્સ, શોપિંગ...હેમાંગ એમની જીવાદોરી બની ગયો.
- ગુજરાતી ઢબે સાડી પહેરી, કપાળમાં મોટો ચાંદલો કરતી મંગળસૂત્ર પહેરતી, અંબાજીની રોજ પૂજા કરતી પત્ની સાથે વર્ષો સુધી સુખમય જીવન વિતાવી, એ ચાલી ગઈ ત્યારે આ કરુણા શાહ સાથે લગ્ન કરી લીધાં હતાં. અ સોશ્યલ બટરફ્લાય.
- ખૂબ ગરમી થતી હતી. એ પરસેવે રેબઝેબ થઈ ગઈ હતી. દુપટ્ટો તો અત્યારે જ ચોળાઈ ગયો હતો અને હજી ઘેટાં બકરાં ગુડ્ઝ ટ્રેનમાં ભરાઈને જાય એમ લોકલના ડબ્બામાં પુરાઈને જવાનું હતું. ચસોચસ.
- એના પેટ પરની સોનેરી ઝાંયવાળી ગોરી ત્વચા પર એનો શ્યામલવરણી ચામડીવાળો હાથ રણઝણતો હતો.

વર્ષા અડાલજાની નારીપાત્રોની સૃષ્ટિમાં વિધવા, અનાથ, ત્યક્તા, ડીવોર્સી જેવી સ્ત્રીઓ છે. વૃદ્ધ, એકાકી, બાલિકાઓ, શોષિત, ઘર વહુઆરુઓ પણ છે. આ પ્રકારની સ્ત્રીઓ મધ્યમવર્ગ કે ગ્રામીણ સમાજની છે જ્યારે નોકરી કરતી, વૈભવી ઘર સંભાળતી, પાર્ટીઓમાં જતી સ્ત્રીઓ પણ છે. જેલ, અનાથાશ્રમ, વેશ્યાગૃહો, બસ કે રેલ્વેસ્ટેશનો, બજારો વગેરે સ્થળસંદર્ભો વચ્ચેનું નારીજીવન પણ છે. દરેક પ્રકારના સામાજિક, કૌટુંબિક, સંસ્થાકીય સંબંધોમાં શોષણનો ભોગ બનતી અને વિદ્રોહ કરતી સ્ત્રીઓ પણ છે તો પુરુષ કથન વડે બેફિકરાઈભરી સ્ત્રીઓની જીવનશૈલી પણ તેમણે નિરૂપી છે. આ રીતે નારીજીવનના અનેક પાસાંઓનો આલેખ તેમની વાર્તાઓમાં મળે છે.

'ઢાલ' વાર્તાસંગ્રહમાં **મંજુલા ગાડીત** પાસેથી દામ્પત્ય જીવનની વિશિષ્ટ વાતાઓ મળે છે. 'ગૃહિણી', 'ચાર ફેરા', 'સૂર્યાબેન' જેવી વાર્તાઓમાં તેમણે સ્ત્રીની રોજિંદી જીવનઘટમાળ અને તેમાં રહેલા વિરતાના ભાવોનું દર્શન કરાવ્યું છે. તેમની વાર્તાનાં સ્થળ, ઘર-બજાર-સંસ્થા-સામાજિક પ્રસંગો વગેરે છે. તેની વિગતો જોઈએ તો –

- સવિતાબેન તો અનેક કામમાં વ્યસ્ત સંજુને જોતા ધરાતા જ નથી. વાહ સંજુ ! પોતે દોરેલાં વર્તુળો છેદીને તે બહાર નીકળી ગયો છે. ઢાલ વગર તે ઝઝૂમી રહ્યો છે. ક્યારેક ઉઝરડો પડે તો મલમ માંગવાય આવે તેમ નથી.
- જે ઘર વસાવતા પોતાને પચ્ચીસ વર્ષ લાગ્યા તે ઘર વસાવતા આ લોકોને પચ્ચીસ દિવસ પણ ન લાગ્યાં ! ફ્રીજ, ટી.વી., વોશિંગમશીન, ઘરઘંટી, રસોડાનાં વાસણો, ઘોડા, કબાટો, નવાનકોર સ્ટીલના ડબ્બા, ક્રોકરી, ગેસ, દિવાનખાનામાં સોફાસેટ, ડાયનિંગ ટેબલ, બેડરૂમમાં રોયલ કહી શકાય તેવો ડબલબેડ.
- પેન્ટના ખિસ્સામાંથી નીકળેલું 'લેડિઝ વોચ'નું બીલ ને કેતકીના હાથ પરના નવા ઘડીયાળનો તાળો મળતા તેની સળગી ઉઠેલી આંખોને નિઃસહાયતાના આંસુય નહોતા ઠારી શક્યા...ઘરની ઈંટેઈંટ સાથે જેનું તાદાત્મ્ય તેજ ગૃહિણી. પોતે તો માત્ર ઉપવસ્ત્ર.
- ક્યાંકથી વિશાખાનો ગાવાનો અવાજ સંભળાયો. કદાચ રસોડામાંથી જ. તે રાંધતાં રાંધતાં ઘણીવાર ગાય છે. તે રસોડામાં ગયો...પણ ત્યાં તો બધું વેરણ-છેરણ પડેલું

આ વાર્તાઓમાં આવતાં ઘર-પરિવાર અને વ્યવહારનાં સ્થળપરિવેશમાં મધુર દામ્પત્ય, સમાધાનકારી વલણો, વિરહ વડે વધતો પ્રેમ વગેરે વ્યક્ત થયાં છે. અહીં આદર્શો ને વાર્તાઓમાં વણી લેવા માટે આદર્શ સ્થળ-કાળને પણ ચાતર્યા છે. એટલે વાર્તાઓ ટૂંકી પણ રસાળ સર્જાઈ છે.

આ ઉપરાંત કેટલીક લેખિકાઓ દ્વારા નારીચેતનાને કેન્દ્રમાં રાખીને સર્જાયેલી ટૂંકી વાર્તાઓ મળે છે. જેમાં પરિવેશની સક્રિયતા વધુ જોવા મળે છે તેવી કેટલીક વાર્તાઓની વિગતો જોઈએ.

**જ્યોત્સ્ના મિલન**ની 'પોદ્દાર ચાલ' વાર્તામાં આરામખુરશીમાં બેઠેલી સ્ત્રી, પલંગ, ચશ્માંના જાડા કાચ, હિમાલય, અમરકંટક, કાન્હા કિસલી નિયાગર, લંદનબ્રિજ, સ્વિટ્ઝરલેન્ડ, અજંતા-ઈલોરા, ફિલ્મવાળો હિમાલય, રેલ્વેપુલ, શાકભાજી, પ્લેટફોર્મ, ગુરુપૂર્ણિમા, ક્લાસટિચર, દાદર, ત્રીજો માળ, લીલા પડિયામાં પડેલાં સફેદ સુગંધિત ફૂલો, ગોરેગાંવ, નામદેવ રેસ્ટોરન્ટ, પાર્લાના રસ્તાઓ વગેરે વડે મુંબઈ મહાનગરનું રોજિંદુંજીવન વણાયેલું છે. નાયિકાની ઘેલછા બતાવતું વર્ણન જુઓ –

- હિમાલયને દરિયાકાંઠો હોત તો શિખરના હિમ પર ઊભેલી એ દરિયામાં પડતું મૂકવાના અસહ્ય લોભને ક્યારેક રોકી શકી હોત – ઉપર ઊભેલી એને જ્યારે નીચેના ચીડ-વનમાંથી આવતો દરિયાનો ઘુઘવાટ સંભળાતો અને દરિયામાં ઝંપલાવવાનો એનો લોભ દરિયાની જેમ ઓસરવા માંડતો.

**ભારતી દલાલ**ની 'માળો' અરમાનભરી સ્ત્રીની આસપાસ રચતો પરિવેશ જુઓ – મોસાળ, માથે ઘડો મૂકેલો ફોટો, એકદંડિયો મહેલ, પહેરેલાં કપડાંનો ઝાંખો પડી ગયેલો રંગ, ચાંલ્લા વિનાનું કોરું કપાળ, સ્લેટ-પેન્સિલ-નોટ આપતાં થતો સ્પર્શ, સાડીના ફિક્કા પડી જતા રંગો, તુલસીનું પાન, મોગરાની કળી, કોર્ટની નોટીસ વગેરેમાં કચડાતા અરમાનો વણી લેવાયયા છે. એક વર્ણન જુઓ –

- ઝેરી ફૂલો દેખાવે તો સુંદર જ હોય પણ સુગંધને બદલે ઝેર ઓકીને વાતાવરણને ઝેરી બનાવતા જાય એમ જ કસ્તુરીની સુગંધથી આનંદમય બનેલું વાતાવરણ આ ઝેરના લપેટામાં આવતું ગયું

**પારૂલ કંદર્પ દેસાઈ**ની 'અરીસો' વાર્તામાં મધ્યમવર્ગની પરણવા ઉત્સુક યુવતીનાં પૂર્વેથી જ રહેંસાઈ જતો સંસાર આ વિગતોથી બંધાયો છે. – હાથમાં રિમોટ કંટ્રોલ, બોલ્ડકટ વાળ, મંકોડાની માફક ચોંટતી નજર, દફ્તર સ્કૂલ, ટ્રેકિંગ, ઉત્તુંગ પહાડનું શિખર, ફિલ્મી અદા, અંદરનો ઉશ્કેરાટ, ડોરબેલ, પાંવભાજી, ઘટાદાર વડલો ઝંઝાવાતમાં ધુણતો, એસિડ બળ્યો ચહેરો વગેરે...

**ભારતી ર. દવેની** વાર્તા 'દુવિધા'માં હૃદયમાં પડેલી યાદોના ઝંઝાવાત છે. આંતરસંઘર્ષ છે. એનો પરિવેશ આ વિગતોથી બંધાય છે – દોષનો ટોપલો, દીવનો સાગરકાંઠો, સિંહગઢની ગિરિમાળાઓ, ફાગણની ઘેરાતી સાંજ, ઝરણામાં ખેંચાવું, પૂર્ણાનાં પાણી ઉપર થતો સૂર્યોદય, તડકી છાંયડી, રવિવારે તેલ નાંખવું, લેટરપેડ, પેન, પત્ર, છૂટાછેડા, ટેનામેન્ટ વગેરે.

**મીનલ દવે**ની વાર્તાઓ 'ધાર'માં રલ્વેસ્ટેશનનો સ્થળ-પરિવેશ છે. એકલું જીવતી સ્ત્રીની વેદના વ્યક્ત થઈ છે. એમાં કમ્પ્યુટર, રિક્ષા, કર્ફ્યુમુક્તિ, કાર-સ્કૂટર, સિગ્નલ, મંગળસૂત્ર, પાણીની બોટલ, મેગેઝિન, ચાની લારીના ચૂલા, કોલ્ડડ્રિન્ક્સની બાટલીઓ, પ્લેટફોર્મ પર હાંફતાં કૂતરાં, તરસે બાઝેલી ગળાની કાંસકી, રામરક્ષા કવચને ગાયત્રી મંત્રના પાઠ, લેડિઝ કંપાર્ટમેન્ટ, અંધારાનો સાગર, ટ્રેનની વ્હીસલ, હથેળીમાં પરસેવો, વાલોળની લીલાશ, પરસેવાની ગંધને માછલીની વાસ વગેરે દ્વારા રેલ્વેસ્ટેશનનું વાતાવરણ બને છે.

**કલ્પના જિતેન્દ્ર**ની 'આંબાવાડિયું' વાર્તામાં પિયરઘર જતી સ્ત્રીનાં સંવેદનો પ્રવાસના વાતાવરણમાં ખિલે છે. લીલીછમ છાલ, આંબાવાડિયું, કાચી ખાટી કેરી, મોસાળના બગીચા, ખડ પાથરીને કેરી મૂકેલી, ઢગલો કપડાં, હીંચકો ખાવાનો શોખ, સાઈકલ, શિયાંવિયાં મોઢું, કેરીના રસના રેગડા વગેરે દ્વારા સ્મૃતિઓ જાગૃત થાય છે.

**દક્ષા પટેલની** વાર્તા 'રણકતી ઘંટડી' ઘરસંસાર છે નોકરી કરતી સ્ત્રીની સમસ્યા પણ છે. ગાડું ખેંચતા બળદના કોટના ઘૂઘરા, દામ્પત્યની ઘંટડીઓ, કેરીના ટોપલાનું ઘાસ, માટીના થાળી વાટકાનું સુશોભન, પંખીઓને દાણા, બાલ્કની, કોરી નોટ, કાગડીના પડખામાં કોયલનું બચ્ચું (?) વગેરે વિગતોથી પરિવેશ રચાય છે.

**પુષ્પા પારેખ**ની વાર્તા 'દીકરાનું ઘર'માં ગૃહપરિવેશ છે. જૂની-નવી પેઢીનો સંઘર્ષ છે. વાર્તામાં સાડીના પાલવથી ઊભરાતાં આંસુ લૂંછવાં, 'ફ્લેટો'માં 'એડજસ્ટ', દરરોજના ઢસરડા, લીલાછમ છોડની ક્યારીઓ, મન ઉચક થઈ જવું, બીજી સુવાવડ, સોનાનો સેટ, બેડરૂમ, રાયતાની વાટકી, આંખોમાં અંગારા ચંપાઈ જવા, વિચારોના સાગરમાં ભરતી વગેરે દ્વારા પરિવેશ રચાય છે.

**પ્રજ્ઞા પટેલે** 'ઉઘાડો વાંસો' વાર્તામાં કાઠિયાવાડી વાતાવરણ બોલી લયલહેકા નામોલ્લેખો વગેરે દ્વારા સર્જ્યું છે. એની વિગતોમાં વૉટરબોટ, આધોઈ, કચ્છની ધરતી રૂઠી ને ધરતીકંપ થયો, ક્વાર્ટર, ચૂલો ઓલવી નાંખવો, ભજન, જાતજાતની વાતોના પટારા, સ્ટેર્હામ, રાતનો ઉજાગરો, ઠૂંઠવો વગેરે વણાયેલું છે. ભૂકંપનો સંદર્ભ પણ વાર્તાને વધુ ગહન બનાવે છે. એક વર્ણન –

- હું અને પારૂલ ભચાઉ, આધોઈ, લાકડિયા અને બીજાં ગામોમાં નીકળ્યાં હતાં, આખું જનજીવન છિન્નભિન્ન, તૂટેલાં ઘર, તૂટેલી શાળાઓ, એવાં જ છવાયેલાં મન-તન...સર્વત્ર કાટમાળના ઢગલે ઢગલા...

**સુલભા દેવપુરકર**ની વાર્તા 'અભય' નગર અને શાળાજીવનના સંદર્ભમાં રચાઈ છે. વાર્તામાં તૂટેલા નળિયામાંથી પથરાતું થોડું અજવાળું, શિકારે નીકળેલા સિંહની બહુ તંદુરસ્ત અવાજમાં પડેલી

ત્રાડ, રંગ રંગ વાદળિયાં, ઊની ઊની લૂ, પોલકાના ખિસ્સામાં ચોળાયેલી દસની નોટ, સ્કૂલનું વિશાળ ભવ્ય મકાન, ઘૂરકાટ, દુઃસ્વપ્ન સમો સમય, હોસ્પિટલ વગેરે પરિવેશ રચે છે.

**કાન્તા અગ્રવાલની** વાર્તા 'એક એવો દિવસ'માં ટૂથપેસ્ટ અને થૂંકદાનીની ગંદી વાસી ગંધ, બારીના પડદા ખોલી ણાખવા, કાગળના ટૂકડા અને પ્લાસ્ટિકની કોથળીઓની ઊડાઊડ, નેચરલ રંગ, ફૂલછોડો, કોલેજ ગ્રાઉન્ડ ,પ્લાન, નીમ ટ્રી વગેરે વડે પરિવેશ રચાય છે.

**આશા વીરેન્દ્ર**ની વાર્તા 'પારકું લોહી' નવદંપતીના જીવનસંઘર્ષની ભાવસૃષ્ટિ નિરૂપવા માટે ખાલીખમ મંડપ, દિકરીઓ ઝાકળની જેમ ઊડી જાય, તુલસી ક્યારાની જેમ આંગણામાં દિકરી, જાતનો ઢાંગપિછોડો, ઓશિયાળી જિંદગી, લાગણીના ઝીણા ઝીણા અંકૂર, ઊડણ ચરકલડી, રિવાજ પ્રમાણે લગ્ન પછી પિયરમાં 'પાછા પગ', આંગળિયાત દિકરી વગેરે વિગતો વડે નારીજીવનના કેટલાક કડવા વાસ્તવને રજુ કર્યો છે.

આ રીતે નારીચેતના કેન્દ્રી વાર્તાઓનાં સ્થળમાં પરિવાર, કાર્યાલયો, સંસ્થાઓ, સામાજિક પ્રસંગો, વિદેશ વસવાટો, સંયુક્ત અને વિભક્ત કુટુંબો, વૃદ્ધાશ્રમો, નારી કલ્યાણ કેન્દ્રો, એન.જી.ઓ. વગેરે છે. આ તમામ પરિબળોને સર્જતી વિગતો આ વાર્તાઓના પરિવેશને રચે છે. પિતા – પતિ – વડીલો વગેરે વડે પિડાતી નારી, નારી વડે પિડાતી નારી, રિવાજો વડે પિડાતી નારી, મનોસંઘર્ષ અથવા એકલતાથી પિડાતી નારી વગેરે અનેક સ્વરૂપે સ્ત્રીઓનો સંઘર્ષ અહીં નિરૂપણ પામ્યો છે પરંતુ આ સંઘર્ષના નિરૂપણમાં જે વિગતોની સૂક્ષ્મતા ભારેખમ ઘટનામાં પણ અનુભવાય છે તે આમાંની કેટલીક વાર્તાઓનું મહત્ત્વનું પાસું બની રહે છે. આ વાર્તાઓમાં સમયાંતરે બદલાતા માનવસંબંધોમાં ભાગ ભજવતા આર્થિક, સામાજિક, વૈજ્ઞાનિક, શૈક્ષણિક પ્રશ્નોને પણ વણી લેવાયા છે જે એ પ્રકારના પરિવેશ વડે નિરૂપણ પામે છે.

## પ્રકરણ – ૩ -ક - ૨ / ૩

## વિચરતી વિમુક્ત જાતિ અને આદિવાસી સમાજનો પરિવેશ

ગુજરાતી ટૂંકી વાર્તામાં જાતિ આધારિત વર્ગીકરણ પણ કરી શકાય એટલી વિવિધતા ધરાવતા અવનવા પ્રવાહો ભળ્યા છે. વિવિધ જાતિઓની બોલી, રહેણીકરણી, રિવાજો, વિધિઓ પ્રસંગો, ઘટનાઓ, વાર્તાઓમાં ભિન્ન ભિન્ન રીતે આલેખાયાં છે. એ રીતે જ દલિત સમાજના વિશેષો લઈને આવેલી વાર્તાઓ પછી હવે 'નેશનલ સેવિંગ' પન્નાલાલ પટેલમાં આલેખાયેલો આદિવાસી સમાજ રઘુવીર ચૌધરી, મોના પાત્રાવાલા, નાઝિર મનસૂરી, મોહન પરમાર, મણિલાલ હ. પટેલ, હિમાંશી

શેલત, જોસેફ મેકવાન વગેરેની કેટલીક વાર્તાઓમાં આવે છે. જેમાંથી પસંદગીની થોડી વાર્તાઓને આધારે આદિવાસી સમાજનો પરિવેશ આ વાર્તાઓમાં કઈ રીતે સક્રીય થાય છે એ નોંધવા ધાર્યું છે.

દલિત અને આદિવાસીઓના પ્રશ્નો જુદા છે. દલિત કોઈ ગામ કે નગરમાં બહારથી આવીને રોજગારી મેળવવા માટે વસે છે. કાં તો ગામલોકો વસાવે છે એટલે પૂર્વે એમને 'વહવાયા' તરીકે ઓળખાવતા હતા. જ્યારે આદિવાસી પ્રજાનું જીવનવિશ્વ અરણ્યમાં જ ગુજરે છે. અરણ્યમાંથી બહાર આવતાં તેઓ શોષણનો ભોગ બને છે અને અરણ્યમાં તેઓ અધિકારો નથી મેળવી શકતા. પોતાની આસપાસની જમીન-જાગીરને નિઃસહાય નજરે સરકારી ચોપડે નોંધાયેલી જુએ છે આ આદિવાસી સમાજની કરુણતા છે. પરંતુ સૌથી દયનીય સ્થિતિ ધરાવતો વર્ગ વિચરતી વિમુક્ત જાતિનો છે. જેઓ આ ગામથી પેલે ગામ ફરતા રહે છે. જાદુના ખેલ, નાનાં નાનાં લોકનાટકો, હાસ્યના કાર્યક્રમો, લોકગીતો-ભજનો વગેરે દ્વારા ગામલોકોનું મન બહેલાવીને પોતાનું પેટીયું રળે છે. તેમનું નામ કોઈ સરકારી ચોપડે હોતું નથી. સ્થળકાળ સતત બદલાતાં રહે છે પરંતુ ભટકતું જીવન વિતાવતા એમની પણ આગવી જીવનશૈલી તેઓ જાળવી રાખે છે. શિક્ષણ, આરોગ્ય, ઘર-ગામ-જમીન જેવા કોઈ જ લાભો ન પામેલી આ પ્રજા પાસે પોતાની આગવી જીવનસંસ્કૃતિ છે જેનાથી બે ટંકનું ભોજન રળતા તેઓ ફર્યા કરે છે. આ પ્રકારના લોકોને માટે કાનજી પટેલ નોંધે છે કે -

"૧૮૭૧માં અને પછી બ્રિટીશ શાસને કાયદાથી લાખો આદિવાસી અને કળા-કસબ-હુન્નર-કુશળ યાયાવર સમૂહોને 'ગુનેગાર' ગણ્યા હતા. આદિવાસી અને ઘૂમન્તુઓ અંગ્રેજોને સમજાતા નહોતા. બ્રિટીશ શાસન સામે ૧૮૫૭ પહેલાં એઓએ પોતાનાં સ્વાતંત્ર્ય, અસ્મિતા માટે અનેક આંદોલનો કર્યાં હતા. જાન આપ્યા હતા. નહિ ઝૂકતી આવી તાકાતને લીધે તેઓ 'ગુનેગાર'ની યાદીમાં મુકાયેલા. ૧૯૫૨માં આ ગુનેગાર જનજાતિઓને યાદીમુક્ત કરવામાં આવી. ૧૮૭૧થી આરંભાયેલ કરુણિકાનો આજે ૨૦૦૬માંય અંત આવ્યો નથી. કરુણિકાના કારણરૂપ 'ગુનેગાર'ના કલંક અને ધિક્કારને ભૂંસવા શ્રીમતી મહાશ્વેતા દેવી અને શ્રીગણેશ દેવીએ જંગ માંડ્યો છે. પૂજ્ય ઠક્કરબાપા અને રવિશંકર મહારાજે આપણે ત્યાં આદિવાસી સમાજ માટે આદર્શ કાર્ય કર્યું છે." ૩૩

અહીં કાનજી પટેલે 'યાયાવર સમૂહો' અને 'ઘૂમન્તુઓ' એવી બે સંજ્ઞાઓ વડે 'વિચરતી વિમુક્ત જાતિ'ને ઓળખાવી છે. આ પ્રકારની જાતિઓની આગવી સંસ્કૃતિનો પરિચય તેમની વાર્તાઓમાં થાય છે. ગુજરાતી સાહિત્યમાં પ્રથમવાર આવી જાતિ વિશેનો આખો વાર્તાસંગ્રહ મળે છે. જેમાં 'ગુનેગાર' તરીકે જીવતા પણ માગીને ખાનારા વનવગડે - ગામેગામ ઘૂમતા ખેતરોમાં – સીમમાં

પડાવ નાખતા આ લોકોનો જીવનસંદર્ભ વણાયેલો પડ્યો છે. આ વાર્તાઓની વિગતોમાં તેમના વિશિષ્ટ જીવનના સંકેત સાંપડે છે.

આ વાર્તાઓમાં વાદી, વણઝારા, ચામઠા, નટ, રાજનટ, લુહારિયા, મદારી, બહુરૂપી, ભરવાડ, રાવળ વગેરે જ્ઞાતીના પાત્રો છે. ગામના સ્થાયી, મોટા ખેડૂતો, સરપંચો – સભ્યો, પોલીસ, ગામ આગેવાનો વગેરેના જડ નિયમોની રૂઢતામાં ફસાતી આ જ્ઞાતિના લોકો છે. જેઓ તેમને સાવ પશુ કરતાં બદતર ગણે છે. આ જીવનસંઘર્ષને નિરૂપવા એ જાતિનો પરિવેશ તેમણે સરજ્યો છે જોઈએ –

ગધેડાં રેંકવાં, ભોંય ગોઠવી, સાગવડિયા પથ્થરની ઘંટીઓ, પુંવાડિયાને ઢોરખાણિયા વેચવા, મડદું દાટવું, ગોંદિયું તળાવ, ઉજાણી, ગરાસ, ઘરથાર, ફાટતી ધરતી, સંધ્યાવેળાએ બોલતી ટીંટોડી, સાંજની ઘધરીવેળા, બંદૂકનો ભડાકો, વટલાવું, આંકડે મળેલી જમીન પડતર, ખુણામાં ચૂલાના ઢેખલા પર ખાલી હાંડલું, વેઠ કરવી, રાજનો રૈયતનો બેઠો માર, ડોડિયા ગામનો સીમાડો, તાપ-તડકો વરસાદ, ઊંટગાડી, ગ્રામપંચાયતમાં ઘરવેરો, હોળીની બેઠકો, ગૌચર જમીન, રાઉન્ડ ફોરેસ્ટરનો ત્રાસ, જંગલની જમીનમાં ગેરકાયદેસર પડાવ, રેવન્યુના માણસો, તંબુનાં પ્લાસ્ટિક કામઠાં ઉલાળી મેલવાં, ગદઈકોમ, ઘરથારની વ્યવસ્થા, ગામના હેન્ડપંપે પાડાનું માંસ માછલાં ધોવે, બી.પી.એલ. યાદી, તલાટીની નોટીસ, સરદાર આવાસ યોજના, ઈન્દિરા આવાસ યોજના, પ્રાન્ત કલેક્ટર, તાલુકા મેજિસ્ટ્રેટ, ભરચોમાસે ડેરા તૂટ્યા, ગોદડીઓ-કપડાં-ચોપડાં-ડબાડબી બધું રણાકૂટો, ગામતળમાં ઘરથાળ, પાણીમાં વાટ પાડવી, તંબુ તૂટવાનો ખેલ આંખ સામે, વાછંટમાં પલળતાં લોકો, કાચા દૂધ શી ઉંમર, શેઢે-વાડ-વેલે પાક, વાઢેલી ડાંગરના પાથરા, રોટલો-કઢી, મકાઈનાં દોડા ફાંહતાં શિયાળવાં, ખાખરાના પાનની ચૂંગી, બેટરીઓના શેરડા, જેલજાતરા ને માર, દૂંગો, પાછલા પહરોનો ચંદરમા, પરસાળોમાં છોકરાં-બૈરાં, જમાદારનો હંટર, ફરિયાદના ચોપડા, દારૂ, બૂટ પહેરેલા પગે લાત મારવી, પોલીસ પટેલને ત્યાં કંસાર-દાળભાત, પેશાબની થવા, સોતરાં કાઢી નાખવાં, સાંજ પડ્યે દશશેર અધમણ કણેક, વિવાહના ગાણાં, બગડતું રાંધેલું ધાન માંગી ખાવું, ભટકતી જાતિઓનો મેળો, ખરાબો શેડવા મળે, બળદગાડી, આંખનાં પાણીનો ઈતિહાસ, ચંદરમાળી રાતની ઠઠ, ઉઘાડાં પુઘાડાં છોકરાં, મુઠ્ઠી હાડકાંનો માળો, તીતીઘોડા જેવી, તમાકુની ચૂંગી, નવટાંક ઘી, કોણી અને કાંડા વચ્ચે પાડેલાં ડામનાં ઓઠાં, ખભે લટકતો રેડિયો રમરમાટ વાગે, ટેકરીએ છાપરું, ખજૂરીના સાવરણા વેચવાનો ધંધો, હોળી-દિવાળી ઘેરવાળો ઘાઘરો, નવી બાયડી લાવવાનું રટણ, તલાવડામાં ઘો મારવા જવું, લોટ-ચોખા-ડાંગર-વાવટો-મકાઈ જેવું પાંચદશશેર અનાજ માગી ખાવું, ભાગોળે લીમડાની હાર, ગંડુરા તોડી આવું, બીડીઓ-ચલમો-સિગરેટો, ઢોબલામાં મકાઈનું થૂલું, દોણાદૂણી વેચીને રેડિયાનો સેલ, દાર-સવાણું-તમાકુનીં રેડિયો,

વાદીઓનું પંચ, તીતીઘોડા જેવું, ફારગતિ, પાંચ હજારનો દાવો, પંચને ખાવાનો દારૂ, બશેર ચવાણું ને બે જૂડી બીડી, કોતેડો, ખાહકા, પોતડી, સાવરણા વેચવા, પંચનીવ ઓવય આબરુ લૂંટાય, દાવાના રૂપિયા વ્યાજવા, ચીરીન મરસું ભરવું, રાજનટ, કબીલો, કલેશરી નાળ, તંબુ, છાપરાં, લીપેલા રસ્તા, મદારી-વાદી-નટ-કમછડાં, કમાડનાં અણિયારો ચીંચવાય, પંચાયતની ચૂંટણી, ડેરીના મકાનમાંથી ઘી ચોરાયાની ફરિયાદ, ચડ્ડી-બનિયાનધારી ગેંગ, ઠંડી ઠંડી હવા, બેએકમણનો લાડુ, જમાદારની કડપ, અસ્ત્રી ખેલ કરે, દોરડાં પર હેંડે, છ કટિંગ, ગૂડા ભાગી નાખવા, ડેરે પડી રેવું, લેંબડા નીચે પડી રેવું, વીસપડાનો કબીલો, દાતણ-પાણી, રાંધટિયાં, ઢોળિયો, પીત્તળની રકાબી, હોકો, ચૂંગી, ચકલાં, હુડા, ઘોયરો કરડવો, ઝેરના મારણનું ઈંજેક્શન, ભૂવો, દહ વીહુ રૂપિયા, ખાખી તંગડું ને ખમીસ, ઘોઘળામાં રાતો રૂમાલ ને પાંગોમેં જોડા, રોટલા ટીપવા, કાછડાભેર ઉછળવું, ભાલોડી છોડવી, રોટલા સાટે છોરાં ચાટવાં, ભાંજગડિયો, વાજાંટોળી, ઢોલી ગોળ રમતાં મુઠ્ઠીમાંથી રૂપિયો પડાવે, ટેકરીએ ફૂટતી કલ્લીભાજી વેચવી, ખરેલાં લાકડાંના ભારા, સાગડામાં ઠૂંઠાં કાપી ખાડામાં બાળી કોસા પાડી વેચવા, ગોદડીનો ગાભો-માટલી-છવડો-કલેડું-કુહાડો, જાંબુઘોડા, છાનાંછપનાં જીવડાં મારી અંગારે શેકી ખાવાં, જૂની જળી ગયેલી પોતડી ને ખાખી ખમીસ ધોયે ચાર મહિના થયા, મૂછે વળતો પરસેવો, સળિયાનાં પેંડાં-અંકોડી ગાલ્લી, અનૂતનું ખાવું, કાંસ, પાંસિયાં, ઘમણ, ગાડાવાટ, છાણાં ખડકી ગાડાની વાટ તપાવવી, ઢોર બાંધણી, કેરોસીનના દીવા, પતરાનો પાંજરો, પડખે કાચ, કાચના ગોળાવાળી ચીમની, ઝાંઝરી, મુવાડા, માંહ્યલાપુર, માળ, કાળિયા કૂવા ગામો, દારૂની ભઠ્ઠી, સોકરો પારણે ઝુલતો થાય, રામદેવનું થાનક, રેતીનું ટ્રેક્ટર, વણજારા કોમ, સાપના કરંડિયા, ઝંખણી વિદ્યા, જંગલખાતાના કાયદામાં મદારી પકડાય, હળ-બળદિયા સાવજ, જીવદયાવાળાનો વિરોધ, બસો બસો રૂપિયા દંડ, મદારી કલ્યાણ સમિતિ, ઘરથાળ ફાળવણીના ઠરાવો, લોન, મદારીઓને વાંદરાના પાંજરામાં જંગલખાતાવાળા પૂરી દે, મારી ફટકારીને બરજબરીથી ચોરી કબૂલ કરાવે, બીડી-ચા-ભજીયાંની આશા, ગુનેગારીનો સિક્કો વગાડેલી ડેરાવાળી એક્સો એકાણું જમાતો, ગબડતા ડેરા, દારૂ પીને ફાડિયું રોટલો ચગળીને ફર્યા કરવું, પેટ ઠરે એટલે કિલકારીઓ, વણજારા-ઈરાની-વાદી-સીદી-બન્નીએર-કંઝાર-ભાટ-છારા-વાઘરી-નાયક-સલાટ-વીશપડા વગેરે, ભોંયકંથ, મોહ્યલું આકાશ, ચોમેર અંધાર, ડુંગરફાડા ગામ, ઝાળઝાળ રાતનું અંધારું, ડુંગરના પ્હાણઅ, વાંછ વળાંક, ઝાડ-ઝાંખ, તાપણાનો શેક, રૂંવાટી બળ્યાની દુર્ગંધ, મોંનો ઊંડો ગોખલો, કાયાને અડેલી બેઠેલું અંધારું, ગાણાનો ઢાળ, કાળો તરાપો, પાછલી રાતમાં હારબંધ પંખી જીવડાં તાપણામાં, તીણા પથ્થરોથી કાપી ખાધું, હથેળીને બાઝેલી ગંધ, વાંસામાં વીંધારો, નીચે પડાવ નાચે – ઉપર કાળો તરાપો, બારણાનું કલૂખડું, સાવ પાંચશેરી પગ પડ પડે એવો ઘાટ, ગામ-

ખેતર-શેઢા-વગડા ગાજે, નાતરાં લગન, નવાં પહેરેલાં કપડાંની વાસથી મહેલી વહું, બળદને પાણી પાવું, ખોડીબારું, નવું નવ દાડા, જૂનું તો જન્મારો, ધુમાઇ રહેલા છાણાનો ધુમાડો આંખમાં ભરાય, કાળજાનો ચચણાટ, ભગવાન જાય નાઠો વાડાની ભાગોળે, ઋતુનો ચાકડો ફરી ગરમ થાય, લીંપણ, વાઢીને ગોરસ, વાસીદાં પાણી, ઘનઘોર આંબો ફચરાઈ ગયો, જાડો ઝીભાળ ગોદડો, ભમરાળ ચમકતું મધ, પીળી કુવેચ જેવી પીઠ, ગાડામાં ભરેલી ઘરવખરી, વિક્રમ સંવત બે હજારની સાલ, ચૂડાકર્મ, કરજપાણી, નવા દહાડા, સાંજની ઘઘરીવેળા, ગાડાંખળાની કોરે ઉલાળ, બળદોનું ઢૂલું, ડાંગરપરાળનો ખાં, ત્રિભેટે ભૂવા વેતરમાં ઉતાયણાં - કુંડાળા – નળિયામાં બાળ્યાં મરચાં, દૂધ-ચોખાની ખીર, કલેડાં-છવડાં-ભાયરા-માટલાં-ગાગરાં-વાઢીઓ-ઢાંકળાં-કોડિયાં વેચવાં, દાણાસાટે, ગાગરદીવા, થાનક, બધેબધ તળાવમાં દીવા, તળાવ છલકછલક, મગર પર બેસી ડાકણ સાકણા સાધે, ભીંતડાં ધધડે, બચબચ ઝેર ચૂસી થૂંકે, ઋતુકાળમાં બૈરાનું રાંધેલું ન ખાય, ગાયો તોરણે ભડકાવે, મજીઠો, ભાઠોડ, તળક, ઉનાળુ દહાડે રૂરૂ વનમાં રમે, અઘોર અંધારામાં ઊંઘતી આંખો, પથ્થરની ધારથી માંસ કપાય, અફીણના સવાદિયા, લસણ-વડી-મરચાનાં વઘારવાળી કઢી, ભાંજગડિયા, ગૂંજામાં મંજીરાં-ચૂંગી-સાકી-તમાકુ, તંબૂરા ત્રમત્રમે, ભજનમંડળો વગેરે...

- દસવીસ વરસ પહેલાં ચામઠા-ચામઠીને જોઈ લોક ફટોફટ બારણાં વાસી દે. કમાડ પાછળ સંતાઈ રહે. ઝીણી આંખે બારણાંની તિરાડમાંથી માંગણ ચામઠા-ચામઠીની હલચલ જોઈ રહે. ગુસપુસ વાતો કરે. છોકરાં પર પણ નજર ન પડવા દે. મૂઠી કણેક માટે એક વેળા એ તાકી રહે. થાકીને વાટ માપે. નટ વીચપડાં ય દોરડે, ભોંય પર ઠેકડા લે, ચાલે. ભીખ માગી ગુજરો કરે. એમ અમારાંય બૈરાં છોકરાં ભીખ માગે. અમારામાં કોઈ મરે એને બાળે નહિ, બાળવાની બંધી, મડદાને દાટવાનું.
- વીસેક ગધેડાં, છાલકામાં તગારાં, પાવડા, ત્રીકમ, ચાર ગધેડા પર ખાટલા, ગોદડી, કપડાંનાં પોટલાં, બેત્રણ ગધેડાં પર છોકરાં, વાસણ, આંબા હેઠે પડાવ પાથર્યો, સાંજ વેળા બૈરાંએ ગામમાંથી વધ્યું ઘટ્યું ખાવાનું માગી લાવી છોકરાંને ખવાડ્યું. બાકીનાંએ રોટલા, ચટણી ખાધાં. એમ દહાડા ગયા
- ચાર છોકરાંને પોતે મળીને આખું વાજું લગનની મોસમમાં વગાડી રોટલો રળે. એક ઢોલ, બે શરણાઈ, એક થાળી, એક દગુડી. ભેગી મીઠડી. ઘારવો રમે એકલી. સોમાનું વાજુ બાર ગાઉની વાગડીમાં શર નંબર. ત્રણ દિવસ વાજુ વગાડે તો સો સવાસો મળે. રોટલા મળે. લાડવા ને દાળભાત કણબી – ફળિયે કૂદીકૂદીને ખાય. એને કોઈ ઘરમાં પેંસવા ના દે. નટને વાદી તૂરી, બજાણિયા, નાટક, વીચપડા - કેટલીય જાતો એમની

- છાપરામાં ગોદડીનાં ચાર ચૂંથો. કલેડું, હાંલ્લું ને ચાટવો. બે આંગળના પાનવાળો તાવેથો. ત્રણ પ્હાણાના ઢેકલા. ઝૂકી ગયેલું છાપરાનું પડાળ. તૂટેલાં નળિયાં ચોમાસેં ચૂએ. ખભા સમાણું લીંપેલી ભીંતો. છપારીયો પર ઝીલાયેલું છાપરું. છાપરાને આંઠીની ઝાંપલી. નેવામાં ત્રણ પાંખાળા ઊભા રોપેલા લાકડા પર પાણીનું માટલું. એય ઉઘાડું. પોટલીમાં અધમણેક મકાઈ, બાવટો પડ્યાં હોય. કોક કોક દહાડો ચૂલો સળગે.
- એક તંબુ કાળી કાગદીનો બનાવેલો. નાગાંપૂગાં છોકરાં વચલી ખાલી જગામાં, લીમડી ફરતાં દોડંદોડ કરતાં રહે. લટિયાં ગૂંચાયેલાં, લીંટ લટકતાં, ડિલે પાણી મૂતરના રેલાથી ઓઘરાળાં થઈ રવડે. બૈરાં રંગરંગી, સાંધા-સાંધીવાળાં સૂરવાલ પહેરણ પહેરી, કપાળે તગતગતા ચાંલ્લા ચોંટાડી આસપાસનાં ગામોમાં ભીખ માંગે. આદમી ઘણુંખરું છાપરે તંબુએ બેસી બીડીઓ ફૂંકે.
- પોલીસ હજુએ જાતિઓને જન્મજાત ગુનેગાર ગણે છે. આવી જાતિમાં લોકોને આજેય દેશભરમાં પોલીસ કોઇ પણ ગુનામાં એમને ફસાવી આરોપી બનાવી દે છે, સજા કરાવી દે છે. કસ્ટડીમાં મારી નાખે છે.
- માથે કાળા લાંબા વાળ. એવી જ કાળી ચામડીએ મઢેલો એ. ટાયરની કાવળીમાંથી બનાવેલાં સલેપાટ પગમાં. કરાડોય કાળો. ખભે રૂમાલ. વધારેલા વાળથી એ ભગત જેવો દેખાય.
- આખી મલકના ડુંગરે ફરતા ફરતા જ્યાં ઠર્યા તાં ફર્યા, કાંથી નેહર્યા એનું ભાંન મને કે મારા ડોહાને નીં મળે. કેટલી પેઢીઓ આ ડુંગરે નેકળી કુંણ જાંણે.
- ભફ્ફ દઈને એક મોટું પાંખોવાળું જીવડું તાપણામાં પટકાયું. તાપણું હોલવાયું ધુમાવા લાગ્યું. જીવડું અંગારામાં ચાંચ મારતું જાય. પાંખો ફફડી, ઊંચી-નીંચી થઈ તેમ અંગારાનો પથારો પહોળાયો. રૂંવાટી બળ્યાની દુર્ગંધ એના નાકમાં ભરાઈ, બળતા જીવડાને જોઈ એની આંખો મીંચાઈ ગઈ. જીવડાના પેટ તળે અંગારા ડામ પાડતા ગયા. ચણચણાટ સાથે બળતું પાણી. બળતા ગયા નખ અને પગના પંજા. જીવડાની હલચલ અટકી. પાંખો ઠૂંઠ.
- વાવના પગથિયે ઝરી રહ્યું સોનેરી ઝીંકવાળું મધ. મધપૂડામાંથી. ચળકતા મધનો દીવો, પાણીની ધાર પર પગથિયે, ઢળીને પાણીહારે પાણી થઈ રહ્યો.
- ભાંડણાં, મનવણાં, સોણાં, જાગણાં, બળેવણાં, રૂસણાં દહાડેને રાતે ફળિયા વચ્ચે, વસતિમાં, વસતિ સૂઈ જાય ત્યારેય ચાલતાં રહે.

- મોટી ગોળ આંખો, માથે જટાનો અંબોડો, દાઢી મૂંછ, ગળામાં રુદ્રાક્ષને શીંગ, ભગવી બંડીને લૂંગી, કપાળમાં અને બાવડે, ગળે કેસરી પટ્ટા, સીમની લાકડી, રાઠોરી મોજડી, બંડીના ગુંજામાં ચેવડા બીડીની જૂડી ને ખનકતી દિવાસળી. કોઈ વાર કેવેન્ડર્સનું પાકીટ પણ હોય.
- ડેરામાં ઝીણાટાંકે સીવેલી ગોદડી, ખલતા, ઝોળી, પહેરણ, ચોળીને ચણિયા છે. નાચવાનો ઘેર છે. પેટ પર પથ્થર ફોડવાનો ઘણ છે. બહુરૂપી થવાના વેશ છે. ડેરો લગાડતાં વાર નહિ.
- ખેતરોમાં ખેડ, ક્યારડામાં વાઢણું, ગાડાં ભરવાનું, હાંકવાનું, ડાંગર મસળવાનું પરાળ કૂંધવે ભેગું કરવાનું ચાલે. ખાલી થયેલાં ક્યારડા ભેજ ખોવે એ પહેલાં એક બે ખેડ પાડી જ દેવી પડે. હળ હાંકનાર માટે હોકાર, ધોરીડાને ડોયરા ગાઈ સંભળાવેય ખરા, હળમૂઠ પર ભાર દઈ ધરતીમાં મૂંડો હાથ હળ ખૂંપાવે. રોઢે, ખેડમાં બગલા ડોકાં હલાવતા ફરે. ડાંગરભર્યાં ગાડાંને બળદને ડચકારતા લોક એક જીવ ચાલે. ડુંભર સીતાફળ વાટે જતા કાળજે વળગે – કંથારિ, અરણિ, અંદુરિ કહેતાં સીતાફળીનાં જાળાં ડાંગર લહકતા ગાડાં પરથી કંટીઓ તાણે.
- સવારની વેળા હજુ અધકચરી હતી. અફીણના સવાદિયા ઢીલી ધીરી ચાલમાં, ઘરોમાં હોકા ગગડાવી ખોળિયાં જગડતા હતા. ગામમાં ડુંગરની તળેટીથી નાળિયું પેસતું હતું

કાનજી પટેલની વાર્તાઓનો આ સમગ્ર પરિવેશ, વાર્તાઓમાં વણાયેલી વિગતો અને વર્ણનો સૂચક છે. રઝળતું જીવન ગુજારતા જન્મજાત લોકોની પરંપરાનું અહીં જીવનદર્શન મળે છે. આ પ્રકારની જાતિઓને જોતો સુધરેલો અને સ્થાયી થયેલો સમાજ પણ છે. અને સતત પીડાતા, સતત આર્થિક અભાવ વચ્ચે જીવતા લોકોના જીવનનો સમગ્ર પરિવેશ વાર્તાઓમાં વણાયેલો છે વાદી, તરગાળા, ભવૈયા, વણઝારા, કામઠા વગેરે જ્ઞાતિના લોકોનો પહેરવેશ, સ્ત્રીઓની સ્થિતિ, બાળકોનું ભણતર વિનાનું જીવન, જન્મજાત ભીખ માગવા કે કળાકસબમાં જોડાવું, વિવિધ સ્થળોએ ભટકતા રહેવું, એ પ્રકારનાં કામચલાઉ રહેઠાણો, એમનો ખોરાક, ખોરાકમાં માંસ-મદિરા અને એ પણ વિવિધ પ્રકારના જીવોને મારી ખાવા. એમાં રહેલી નબળી આર્થિક સ્થિતિનું કારણ, સરકાર-પોલીસ વગેરેનો ત્રાસ, જીવન જરૂરી સામગ્રીનો અભાવ, વિવિધ નાચ-ખેલ માટેનો પહેરવેશ અને સામગ્રીઓ, નાચ-ખેલના પ્રકારો વગેરે વગેરે મળીને સર્જાતો આ વાર્તાઓનો પરિવેશ વિમુક્ત અને વિચરતી જાતિની કરુણતાને શબ્દસ્થ કરી આપે છે. ટૂંકી વાર્તાના સ્વરૂપને સાર્થક કરતાં કરતાં.

# પ્રકરણ - ૩ - ક - ૪

## સાંસ્કૃતિક પરિવેશ

ગુજરાતમાં આર્થિક, સામાજિક, રાજકીય પરિવર્તનો, બદલાવ અને નૂતન વૈજ્ઞાનિક સંશોધનો, ઉદ્યોગો, આધુનિક ખેતી-પશુપાલન વગેરેને પરિણામે સમગ્ર સાંસ્કૃતિક વાતાવરણની વિવિધતા આવેલી જોવા મળે છે. ગુજરાતની ટૂંકી વાર્તાના અનુઆધુનિકકાળમાં આ અસરોને પરિણામે રચનારીતિમાં અને નિરૂપણ વિષય પરત્વે અનેક નવા આયામો આવ્યા. રાજકીય વાતાવરણ, કુદરતી આપત્તિઓ અને નૂતન સંશોધનોને પરિણામે 'ધર્મ' કેન્દ્રમાં આવવા લાગ્યો. પરિણામે પૌરાણિક પાત્રો, પરિસ્થિતિઓ વગેરે આ યુગના પ્રશ્નો સાથે જોડીને સર્જકો નવેસરથી વિચારવા માંડ્યાં. ઈતિહાસના રાજ્યશાસનકાળને કેટલાક સર્જકો નવી રચનારીતિ કે આજની વિવિધ સમસ્યાઓના અનુસંધાને નિરૂપણમાં લાવ્યા. તો વિજ્ઞાનના અવનવા સંશોધનોને સંદર્ભમાં મૂકીને વાર્તાસર્જકે ટૂંકી વાર્તાના સ્વરૂપને અજમાવવાનો પ્રયાસ પણ કર્યો. અનુઆધુનિક ટૂંકી વાર્તામાંથી પસાર થતાં મુખ્યત્વે આ ત્રણ પ્રકારની વાર્તાઓ પરિવેશનિરૂપણ સંદર્ભે જુદો ચીલો ચાતરે છે. એટલું જ નહીં વિશિષ્ટતા પણ લાવે છે અને આજના યુગપ્રશ્નોને આ પ્રકારના પરિવેશ સંદર્ભે ટૂંકી વાર્તાના સ્વરૂપમાં મૂકી આપે છે. કેટલીક વાર્તાઓના પરિવેશને અહીં નોંધ્યો છે.

**પૌરાણિક પરિવેશ :**

પુરાણકાળના પાત્રો, ઘટનાઓ, વિશિષ્ટ સંજ્ઞાઓ, એને અનુરૂપ નિરૂપણ ભાષા વગેરેને વર્તમાન સાથે જોડી આપતી, આજે પ્રસ્તુત લાગતી ટૂંકી વાર્તાઓ પૌરાણિક પરિવેશમાં સમાવી છે.

શિરીષ પંચાલની ટૂંકી વાર્તાઓ 'ગો-વર્ધનમહોત્સવ'માં પૌરાણિક પરિવેશ મળે છે 'કથા ધારિણી અને પૂર્ણની'માં સંજીવની વિદ્યાના સંદર્ભે દલિતપિડીત સંદર્ભ, પ્રાણી સુરક્ષા અને પર્યાવરણનો પ્રશ્ન કેન્દ્રમાં મૂક્યો છે. સમગ્ર વાર્તાનું પુરાણકાલીન વાતાવરણ આ વિગતોથી બંધાય છે.

દેવો અને દાનવો વચ્ચે ઘોર યુદ્ધ, ગુરુ શુક્રાચાર્ય, મહિમાવન્ત ઋષિ, સંધ્યાકાળ, આશ્રમ, વિદ્યાનાં સ્વપ્ન, શંકરપાર્વતી, વાગ્દાન, ચોસઠ કળાઓ, ગાઢ અરણ્યો, આધિ-વ્યાધિ-ઉપાધિ, ક્ષુધા, હિડિંબાવન, કાશ્યપઋષિ, પર્ણકુટીર, વિધાન, જ્ઞાન, ધૃતિ, તિતિક્ષા, શાસ્ત્રજ્ઞાન, કૃષ્ણપક્ષ, શુક્લપક્ષ, ગૃહત્યાગ, નવનિધિ, અષ્ટસિદ્ધિ, અણિમા ગરિમા, લઘુલાઘવી, હસ્તકમલવત્, કુપાત્રેદાન, વિદ્યાનો ઉત્તરાધિકારી, વેદની ઋચાઓ, સૂર્યને અર્ઘ્ય, સંસારનો ક્રમ, સૃષ્ટિમાં અસમતુલા, મૃત્યુમંત્ર, વિશ્વભરમાં સુખ-ઐશ્વર્ય, નવવધૂના વસ્ત્રાલંકારો, શયનખંડમાં પ્રગટાવેલા દીવાઓ, માલતી અને જૂઈના પુષ્પોની સુવાસ, શયનકક્ષ, શુકસારિકા, સુવર્ણજડિત પિંજર,

શય્યાસ્થાન, વિશ્રંભાલાપ, સુખભોગ, વિદ્યાનો પ્રયોગ, ઉદ્યાનવિહાર, ભયાનક વિષધારી સર્પ, સેનાધ્યક્ષ, વિધિવત્ મંત્રોચ્ચાર, લુપ્ત થતો જીવનજ્યોતિ, પ્રાણી-ગાંધર્વ-કિન્નર, નેત્રોન્માદ, રથ, સુવર્ણમુદ્રાઓ, રાજપુરોહિતપુત્ર, તુમુલ ઝંઝાવાત, કીર્તિગાથા, નિરામય અવસ્થા, મનમાં છૂપું શલ્ય, ઉદ્યાન, આશ્રમનું પ્રાંગણ, પ્રાતઃકાળ, જીર્ણજ્વર, વિદ્યાનુ વિસર્જન, પૂર્ણકળશ, બાજઠ, મોક્ષદ્વાર, ત્રિકાળજ્ઞાન વગેરે વીગતોથી સર્જાતો પરિવેશ પૌરાણિક વાતાવરણનો અહેસાસ કરાવે છે. વાર્તાનાં વર્ણનો પણ પરિવેશ સર્જે છે.

- શયનખંડમાં પ્રગટાવેલા દીવાઓ ચારે દિશામાં આછું તેજ પ્રગટાવે એ રીતે સજાવેલા હતા. માલતી એ જૂઈનાં પુષ્પોની સુવાસ શયનકક્ષની સીમાઓને વટાવી બહાર પ્રસરી રહી હતી. કેશની લટોને પુષ્પમાળાઓ વડે સુવાસિત કરીને બેઠેલી ધારિણી પૂર્ણની પ્રતીક્ષા કરતી હતી. કૃષ્ણપક્ષની બીજે ત્રીજે આકાશમાં થતા ચંદ્રોદયની આભા તેના મુખ પર પથરાયેલી હતી...બાજુના ખંડમાં વાદન નિપુણ એક કન્યા વીણા પર ઓરિણીનો આલાપ વગાડતી હતી. તે સ્ફૂટ અસ્ફૂટ સ્વરો હૃદયના તારને પણ ઝણઝણાવતા હતા.

પ્રવીણ ગઢવીની બે વાર્તાઓ 'મત્સ્યગંધા' અને 'એકલવ્ય' પૌરાણિક પરિવેશમાં સર્જાયેલી છે. 'મત્સ્યગંધા'માં મહાભારતકાળનું વાતાવરણ છે. 'એકલવ્ય'માં આદિવાસી ઋષિની તપોનિષ્ઠા છે. બંનેમાં દલિતસંદર્ભ પૌરાણિક પરિવેશમાં મૂકાયો છે. પરિવેશ રચતી વિગતો પ્રવાહી કથનમાં વણાયેલી છે.

સત્યવતી જળમાં સરકતી માછલી, મત્સ્યગંધા, અરણ્યનો ઊંડો શ્વાસ, જળથી તરબતર ભીની ભીની તસતસ ગંધ અણુઅણુમાં, ભરતસામ્રાજ્ય, યમુનાનાં જળ વાપરવાનો કર, ચોદિશ આર્યાવર્તથી ઘેરાઈ ગયેલ શૂદ્રો, સિંધુ નદી ઓળંગીને આવેલા આર્યો, આર્યોના અશ્વોની હણહણાટી, ચમકતી તલવારો, ઋષિઓના આશ્રમો, આર્યવર્તનો ધ્વજ, સામ્રાજ્યનો સુવર્ણભાર, શાંતનું રાજાનો ઉપભોગ, સંધ્યાકાળે કાચના હાલકડોલક હાંડાઓમાંના દીવાઓનો ઝળહળાટ, મુનિઓના કામચરિત્રો, ભરતકુળનો વિનાશ, આદિમ શૂદ્ર કન્યાઓ, હિમાલયની આદિમ તીર્યક નયના જાતિની કન્યાઓનું અપહરણ, મહાન ભરતકુળ, રક્તમાં શૂદ્ર કન્યાઓનો લય, મદ્યપાન, રાજહઠ, પટરાણીઓ, કામસૂત્રમાં આલેખાયેલા તમામ ભોગ ભોગવવા, કમળનો કેદી ભમરો શાંતનુ, પરાશરમુનિનો આશ્રમ, હસ્તિનાપુરનું સામ્રાજ્ય, મદ્યપાત્રો, ભોજનો, દાસીઔ, નૃત્યો, અશ્વોની હણહણાટી, વનવાસ, અગ્નિપરિક્ષા, રાજપુરોહિતો, સેનાપતિઓ, મદ્યદલની કેદ, સુવર્ણ માણેક મોતીના અલંકારો, રાજવૈદ્યો, પ્રાસાદોના આરસપહાણોની ભૂલભૂલામણી, શૂદ્ર વિપ્લવી, પ્રાસાદસોપાન, કારાવાસ, સિંહાસન, અનભિજ્ઞ શુદ્ર કન્યા, અંતઃપુરની દીવાલો, નિયોગ(સંભોગ),

આર્ય આચારમાં બધું સહજ, ભોજની કુંતી, વિચિત્રવૂર્ય, આર્યસંહિતા, સીતા, અહલ્યા, લોપામુદ્રા, મેનકા, શકુંતલા, ખંડિયા રાજાની રાજરાણીઓ, કન્યકાઓ, દાસીઓ, રાજશૈલી, આરણ્યકો, ભરતવંશ, જર્જરીત વટવૃક્ષ, કુરુક્ષેત્રનાં મેદાનો, મહાવિનાશ કાદવ, દસ્યુઓનું લોહી રેડાવું, નાગ યૌવનાઓ, આર્યોનું વેદ અધ્યયન, શુદ્ર ગિરિજન, વિંધ્યાચળનાં અરણ્યો, આદિ જળપ્રલય, વાલ્મિકી, સંસ્કૃત છંદો, ક્રૌંચવધ, શુક્રાચાર્ય, સંજીવની વિદ્યા, દાનવપુત્રી દેવયાની શંબરકન્યા, દંભાસુરનો પુત્ર શંખચૂડ, આર્યોની ઓજસ્વિતા, અહલ્યા, ગૌરમોર, દંડકારણ્ય પ્રાંત, મધુવૃક્ષના પુષ્પનો આસવ, અનાસ પ્રજાની તળ-ભૂમિ, ભાઈ-ભાંડુઓની ભસ્મ, આર્યોનો દાસાનુદાસ, યજ્ઞ, આર્યોએ કરેલો સંહાર, અન્નદાન, અરવલ્લીની હારમાળા, જરાસંઘ, કૃષ્ણ, રાજસૂય યજ્ઞ, ભૈમાસુર, ઘાસની ઝૂંપડી, હરણનું ચામડાનું આસન, સળગતા તીરોથી ભડભડતી દ્વારકા, પૂર્વારણ્યો, ચક્રવર્તી વિજયો, પહાડો પર્વતો કંદરાઓમાં વિલય, કુહૂ, જાર, કૃષ્ણનો વધ, વિષબાણ, યાકૂ વગેરે દ્વારા પૌરાણિક સ્થળ, કાળ, પાત્ર, પરિસ્થિતિ સર્જીને સર્જકે દલિતવેદનાને વ્યક્ત કરી છે. કેટલાંક વર્ણનો –

- દક્ષિણમાં ક્ષીપ્રા-નર્મદાનાં કલકલા વારિ. પૂર્વમાં ઓડિશાનાં અરણ્યો. પશ્ચિમે અરવલ્લીની હારમાળા. આ ચોદિશમાં એકલવ્યનું વ્યાઘ્ર સામ્રાજ્ય.
- ઓડિશાથી અરવલ્લીની સીમાઓમાં ડુંગરડુંગર ફરી વળ્યા, એકલવ્ય શબ્દની જ્યોત અને ધનુષ્યનો ટંકાર લઈને. ઊઠો, શુદ્રો અરણ્ય બચાવો. આપણે નથી જાઈતાં રાજ્યો – સામ્રાજ્યો. નથી જોઈતા વૈભવો ઐશ્વર્યો. આપણે જોઈએ આપણાં વૃક્ષ, આપણી નદીઓનાં જળ. આપણા ડુંગરા, આપણું સ્વમાન, આપણા પ્રદેશમાં આર્યોનો પ્રવેશ બંધ.

**રમેશ ર. દવે**ની ટૂંકી વાર્તા 'ચુચુમ્બપુચ્છમ્'માં નાયકને હનુમાન જેવું પૂંછડું ફૂટ્યાનો ભ્રમ છે. વાર્તામાં પુરાણકથાનો – રામાયણનો આછો પાશ છે શિંગડાવાળા ને ખૂંપરા દાંતવાળા કાળમુખા રાક્ષસો, હનુમાનદાદા, રાડ બૂમો, દેકારા, બોકાહા, રાવણ, દરિયો, રાવણનું રાજ્ય, રામ, મશાલ, સભાગૃહ, ગોદડાં, વધતું જતું પૂંછડું, મોટી રાક્ષસ સભા વગેરે વડે નિરૂપણરીતિના પ્રયોગ તરીકે પુરાણસંદર્ભને ખપમાં લીધો છે.

**ઉત્પલ ભાયાણી**ની વાર્તા 'એક હળવી દષ્ટંતકથા'માં પુરાણની કથનશૈલીનો વિનિયોગ છે. પૌરાણિક પરિવેશ સર્જતી વિગતોમાં શયન, વિશ્રાંતિ, ધર્મ-અર્થ-કામ-મોક્ષ, ઔષધ, વિશિષ્ટ આરતી, નિર્ધનકક્ષ, સ્વૈરવિહારી, ઉપાલંભથી ફેંકાયેલી નજર, મોક્ષપ્રાપ્તિનો માર્ગ ધર્મ, સ્વૈરવિહારીનો સંસાર અસાર વગેરે દ્વારા પુરાણ સંદર્ભે આશ્રમનો સ્થળ-કાળ સરજ્યો છે.

**હિમાંશી શેલતની** વાર્તા **'મુક્તિમંત્ર'** નારીસ્વાતંત્ર્યની ઝંખના દર્શાવવા પુરાણકાળની સામ્રાજ્ઞીનો પરિવેશ સર્જે છે. વાર્તા વિગતો આ પ્રમાણે છે.

વિશાળ પટારો, પોથીઓ-પ્રતો, મુક્તાવલી-અભિધર્મ, ખુલ્લા આકાશમાં ઉડતી પક્ષીઓની હાર, ક્ષમાપાત્ર, મૈત્રી, આત્મીયતા, ઉદિત નારાયણ, નગર, સાંકળ, દ્વાર, ખુલ્લી અગાશી, અસાધારણ લીલો પોપટ, વિજયોનમત્ત સામ્રાજ્ઞી, સોનેરી ઝાંયવાળી કાળીઘેરી, બત્રીસ લક્ષણો, પ્રાતઃકાળ, ઝળહળતો સૂર્ય વગેરેથી બંધાતાં સ્થળકાળ વાર્તાને પૌરાણિકતા અર્પે છે તો કેટલાક વર્ણનો –

- મુક્તાવલીના કંકણ, ગળે ઝુલતી સુવર્ણ બોરવાળી લાંબી કીડિયાસેટ, અને લીલો સાળુ દર્શાવે છે કે અભિધર્મ ક્ષેમકુશળ જ...એ બેસતા તે ખૂણો પણ યથાવત, માત્ર એનો ઉપયોગ થતો હોય એવાં કોઈ ચિન્હ્ જણાયાં નહિ.
- મુકતાવલીએ ફરી પિંજર તરફ હથેલી ધરી. અંદર ચાંદીની વાટકીમાં ઉત્તમ ફળોના ટુકડા, નાનકડા રેશમ સુંવાળા તકિયા, નાજુક હીંચકો...વાંકી ડોકે પિંજરસ્થ શુક અત્યંત નિર્દોષભાવે મહાભાગાને જોઈ રહ્યો હતો, એકીટશે અને વારંવાર પાંખો ફફડાવતો હતો.

આમ કેટલીક અનુઆધુનિક વાર્તાઓમાં પુરાણકાળનાં સ્થળ-કાળ-પાત્રો-પરિસ્થિતિ દ્વારા સર્જાયેલા પૌરાણિક પરિવેશનો તાંતણો વર્તમાન સાથે જોડાયેલો છે. બહુ જૂજ માત્રામાં મળેલી આ વાર્તાઓમાં કથનશૈલી અને ભાષાવિધાનની સર્જકતા વધુ કારગત નીવડી છે.

**ઐતિહાસિક પરિવેશ :**

રાજપૂત અને મુસ્લિમ શાસન અને એ સમયના નગરપરિવેશને સ્થળ-કાળ તરીકે આલેખતી કેટલીક વાર્તાઓ અનુઆધુનિક યુગમાં મળે છે. આ પ્રકારની વાર્તાઓમાં રાજ્યવહીવટ, નગરની વ્યવસ્થાઓ, ઐતિહાસિક સ્થળો, માન્યતાઓ વગેરેને લગતી વીગતો ખપમાં લેવાઈ છે. કેટલીક વાર્તાઓના ઉદાહરણો જોઈએ તો –

મોહન પરમારની 'સંગત'માં રાજકારભારની વિલાસવૃત્તિ છે તો 'ઘોડાર'માં રાજદરબારની શોષણવૃત્તિ સામેનો જંગ છે. બંનેનો પરિવેશ રજવાડાંના સ્થળ-કાળ સર્જી આપે છે.

ચોપાટ પર વીખરાયેલા પાસા, સાગ-સીસમના ઢોલિયા, ગીતસંગીતનો અભ્યાસ, સ્મૃતિની તરલગતિ, સૂરીલું વાતાવરણ, ભયગ્રંથીઓ, વિશ્રામગૃહ, આરસપહાણની ચકચકિત ફરસ, અનેક જાતનાં અત્તરોનો મઘમઘાટ, ખંડમાં ચોમેર આદમકદના અરીસા, સાંજની નમણી ક્ષણો, મોગરની મઘમઘતી વેણી, વિદ્યુતગતિની ઝણઝણાટી, પાલખી તબલાંની તાલબદ્ધ થાપ, દાસીઓનું

ખિલખિલાટ હાસ્ય, તાળીઓનો ગડગડાટ, મંત્રમુગ્ધ શ્રોતાઓ, અનુચર, રંગમંચ પર ઓલવાતું અજવાળું, ઘોડારની વાડ, મેદાન, ઝૂંપડાની હારમાળા, ભરતગૂંથણ, જરીકામ, માટીનાં વાસણોની કલા, રળિયામણો નદીકાંઠો, દરબારગઢ, માયકાંગલા ઘોડાઓ, દરવાન, મહેલાતો, રાજની ઘોડાર, ખાસદાર, હજુરીયા હુક્કો ભરે, તીરકામઠાની પણછ, નગરનાં મંદિરનો ઘંટારવ, ઘોડાની હણહણાટી, ઢોલ પીટવો, ઘોડાવેગ, ઘોડાનાં દામણ, ધરુવાડી પર ઘોડાઓનું આક્રમણ, આકાશમાં ધૂમાડાના ગોટેગોટા, હાડોહાડ ઝનૂન, કડિયાળી ડાંગ નો ઘા વગેરે દ્વારા વાર્તાકારે વિલાસ અને શોષણમાં રાચતા રજવાડાના પરિવેશને વ્યંજક રીતે વ્યક્ત કરી આપ્યો છે.

મણિલાલ હ. પટેલની વાર્તા 'છેલ્લું સ્ટેશન' વર્તમાનનું પાત્ર કોઈ પ્રાચીન નગરમાં ભૂલું પડી જાય છે. ત્યાંના સુખ-સાહ્યબી-વિલાસની અનુભૂતિનું એ વિશ્વ છે.એ વિશ્વ રચતી વીગતો જુઓ –

ખંડેરો, જૂગ જૂના ગામ, દટાયેલું જૈનમંદિર, વિશાળ દેરાસર, વિધર્મીઓનું આક્રમણ, લજામણીના છોડ જેવી કંકુપૂતળીઓ, તરસી નદી, ખાલીખાલી નદીને જીર્ણ મંદિરો ને જૂનાં ખંડેરો, સ્થાપત્યોમાં જડેલી શિલ્પસુંદરીઓ, ઝાડીઝાંખરાં, રસ્તામાં અટવાતી જૂની ઈંટો, ભોંયભેગી થઈ ગયેલી ગઢની ભીંતો, વૃક્ષો ઓઢી સૂઈ ગયેલા ખંડેરો, પહાડી સાંજ, ભગ્ન શિલ્પાવશેષો, યોદ્ધાનું અર્ધશિલ્પ, અવાવરુ ફળિયાં, ઝાંઝર છમકે, નાચગાન, હવેલી, મજૂરો, રાતાંપીળાંચીટ, મંદિરનું આંધળું ગર્ભગૃહ, છાયાઓમાં દેખાતી કામાતુર પાષાણસુંદરીઓ, સમયનો હણહણતો તોખાર, અત્તરની વાસ, રોજ બદલાતાં ફૂલવેણી, ડુંગરમાળા, પથ્થરોમાં કોરેલાં કળણ વગેરે વડે કોઈ પ્રાચીન નગરનો ભાસ નાયકના ચિત્તમાં સર્જાય છે. કેટલાંક વર્ણનો –

- નગરશેઠની હવેલીના ખંડેરોમાંથી બે-ચાર દિવસ થયાને મધરાતે અવાજો આવે છે. મૂંજરો માંડવાનાં. ઝાંઝર-કંગન-ઘૂંઘરું-તબલાના તાલ-આછા સ્વરો-ભીનો કંપ...
- મેઘલી રાતોમાં કોક ઝાંઝર ખનકાવતું આવે છે જાય છે. જુવાન રાજા કાળા ઘોડે બેસીને ખુલ્લી તલવાર સાથે હવેલી મધ્યે ઊભો છે.

રાઘવજી માધડની વાર્તા 'રોયલ રોમાંસ'માં વર્તમાન પાત્રની ચેતના અભેદ્ય કિલ્લાના રાજવી સાથે જોડાય છે. એ અનુભૂતિ રચતી વિગતો જોઈએ.

ગોલકોંડાનો કિલ્લો, સ્વપ્નસૃષ્ટિનો ઐતિહાસિકયુગ, રોશનીનો ઝગમગાટ, દિવાને ખાસ, સોનામહોરો, ઘૂંટાતા શ્વાસમાં પ્રગટતા શબ્દો, નર્તકી વાઘમતી, પાયલના ઝન્કાર, શરદપૂનમની રાત, ગોંદરે નાખેલા નાળની તડબડાટી, ઘરાને કી બેગમ, ઘેઘૂર આંખોમાં ચકલીના પગ જેવી

રતાશ, આંખે લાલપીળાં અંધારાં વગેરે દ્વારા સર્જાતા મુસ્લિમ રજવાડાના પરિવેશને સર્જકે નાયક ચેતના સાથે જોડી આપે છે.

**વૈજ્ઞાનિક પરિવેશ :**

વિજ્ઞાનની અવનવી શોધખોળના પરિણામે અનુઆધુનિકકાળમાં ગુજરાતી ટૂંકી વાર્તામાં પણ તેની વિવિધ શોધ અને માનવસંવેદન સાથે તેનો નાતો જોડી આપતી વાર્તાઓ મળે છે. કેટલીક વાર્તાઓમાં આ પ્રકારનો 'વૈજ્ઞાનિક પરિવેશ' માનવજીવનના વિશિષ્ટ પાસાંઓ તરફ નિર્દેશ કરે છે.

સુમન શાહે 'ફટફટિયું' વાર્તામાં નાયકની અસમંજસ અવસ્થાને કમ્પ્યુટરની સાથે જોડી આપી છે. વર્ણન જુઓ –

- જ્યાં રમાએ પોતાનું કમ્પ્યુટર ટેમ્પરરિલી મૂક્યું છે. પ્રવીણે એના પુશ-બટનને દબાવી સ્ટાર્ટ સ્વિચ ક્લિક્ કરીને કોઈ બે-ચાર કી દબાવી એટલે સ્ક્રીન પર કંઈ શબ્દો અને કંઈ આંકડાની ટપટપ આડી વિસ્તરતી ને વન બાય-વન ખડકાતી લાઈનો સડસડ સડસડ આવવા લાગી. પ્રવીણે બીજીવાર ક્લિક કર્યું કી દબાવી. કેમ કે એને પહેલાં ખબર નોતી પોતે શેની કી દબાવેલી. થોડી વારે એમાંથી ગ્રાફ બનતા દેખાયા. પ્રવીણને કંઈ કરતાં કંઈ સમજાયું નહીં. એટલે એણે વારંવાર ક્લિક્ કરીને મન ફાવે એમ એક પછી એક કી પર બંને હાથનાં આંગળાં દબાવ્યે રાખ્યાં. કેટલુંક બદલાયું, કેટલુંક ન બદલાયું – પણ કશું જ સમજાયું નહી. એટલે પ્રવીણ મૂઝાતો હતો. કમ્પ્યુટરનો સ્ક્રીન એના રાખોળી – નીલા ઉજાસથી છલકાતો રહ્યો – પ્રવીણને થયું આ તો એ જ છે, સી-શોર પરનો એનો, એનો પોતાનો, રાખોડી નીલો સાગર.

'ટુથાઉઝન્ડ ટ્વેન્ટી (૨૦૨૦) લગી - 'માં આઈક્યૂ ટેસ્ટ નિમિત્તે માનવસંસ્કૃતિમાં સંબંધો અને વ્યવહારનું કુરૂપ દર્શાવ્યું છે. વાર્તામાં વૈજ્ઞાનિક વિગતો જોઈએ :

કમ્પ્યુ-વિઝાર્ડ, હાસ્ય ચોક થવું, સેલર, આઈક્યૂ, લાઈફ લાઈનનો ટેસ્ટ રિપોર્ટ, હન્ડ્રેડ – ટ્વેન્ટી આઈક્યૂ, બેલેન્સડ લાઈફસ્ટાઈલ, ફોન, એબોર્શન, માઈક્રોસોફ્ટ, સર્ફિંગ, મગજનો સ્ક્રીન, ટુથફૂલનેસ અને સબ્સ્ટ્રેટમ, વિઝિટીંગ કાર્ડઝ, ફ્યુએલથી વિકસાવેલાં ઊડતાં સ્કૂટર, ઊડવા માટેનાં ટેક-ઓફ પેડોની હાર, ફેમિલી-નેટ, પ્રાઈમેવલ પેટર્ન, બ્લડ બેન્કો, વિર્યબેન્કો, સ્તન્યપાન બેંકો, વાયગ્રા ને લેવિસ્ટ્રા, લેપટોપ, લાફિન્ગક્લબ, વીપિન્ગ પિલ્સ, મોબાઈલ, નેશનલ નેનો ટેક્નોલોજી ઈનિશિએટિવ, મેનુપુલેશન, નેનો ટીસૂઝનું ઈંજેકશન, વેલ કોન્સેન્ટ્રેટેડ મલ્ટીસ્ટ્રેટાચિપ વગેરે વડે

વિજ્ઞાનની નવી શોધો અને એની કલ્પનાઓ જીવનને કેવી રીતે યાંત્રિક કરી દે છે તે દર્શાવે છે. વર્ણનો જુઓ –

- જ્યાં ક્લિક કરું ત્યાં ઝળહળતો અક દીપ પ્રગટે છે, ને જોડે ફેલાય છે એનો પ્રકાશ. જેમાં પાછા હોય છે અનેક બીજા દીપ – ને તે દરેકના પ્રકાશ. ક્લિક કરવું એટલે વિસ્તરવું, એક પછી એક, ને અનેક - વિસ્તરતું ભાવિ, પર્સિસ્ટન્ટ ફ્યુચર
- બ્લડબેંકો છે તેમ વીર્યબેંકો હશે. કૂખો ભાડે મળશે. સ્તન્યપાન બેંકો હશે. પાણીનાં પાઉચ વેચાય છે ને આજે, એમ ધાવણનાં પાઉચ વેચાતાં હશે.

**ઈલા આરબ મહેતાની** 'ત્રીજું વિશ્વ' અને 'નેટ-ચેટ' બે વાર્તાઓમાં ઈન્ટરનેટ દ્વારા સધાતો સંવાદ અને સંબંધ છે. એમાં જ વિરહ અને પ્રણય ગૂંથાયો છે. કેટલીક વિશિષ્ટ સંજ્ઞાઓ અને શૈલી વડે આ પરિવેશ ભિન્નતા દર્શાવે છે.

કમ્પ્યુટર, ન્યૂજર્સી, ભૌગોલિક અંતરનો પ્રશ્ન જ નહિ, મોબાઈલ, એસ.એમ.એસ., ઈન્દ્રધનુષી વાદળોમાં લપેટેલું એકવિશ્વ, અમેરીકન ડ્રીમ, ટી.વી., ઓઝોનલેયરનું ગાબડું, વોઈસમેઈલ, બેટરી લૉ, ક્લબ, સેન્ડવીચ, મોબાઈલ, બેડરૂમમાં ગોઠવેલા કમ્પ્યુટર પરનું કવર, માઉસક્લિક, ઈન્ટરનેટ કનેક્શન, માયકનેક્શન, પાસવર્ડ, ડાયલિંગ, સાયબરકાફે, સ્લો કમ્પ્યુટર, ઝળહળતો સ્ક્રીન, નિર્જીવ કમ્પ્યુટર, ટાઈપિંગ પ્રેક્ટીસ, રિપોર્ટો, ટેલી, માયડોક્યુમેન્ટસ, ખાલી હાર્ટના ચિત્ર પર ક્લિક, કી-બોર્ડ, સિસ્ટમમાં વાયરસ, ફ્રેન્ડ નંબર વન, મિસ યુ, નેટ-ચેટ શરૂ વગેરે દ્વારા કમ્પ્યુટરના કી-બોર્ડમાંથી થતી ભાવોની આપ-લે જુદા જ વિશ્વની અનુભૂતિ કરાવે છે. અહીં સંબંધોનું જોડાવું, તૂટવું, મિલનની તીવ્રતા, વિરહ, આંસુ બધું જ પરોક્ષપણે એક મશીનના માધ્યમે રચાય છે. આવી સંવેદનક્ષણો ટૂકી વાર્તામાં અહીં વિજ્ઞાનના વિશિષ્ટ પરિવેશમાં મૂકાઈ છે.

## પ્રકરણ – ૩ - ક - ૫

## બોલી વિનિયોગ દ્વારા સર્જાતો પરિવેશ

અનુઆધુનિક ટૂંકી વાર્તામાં પ્રાદેશિક પરિબળો તરફ સર્જકો વળ્યા હોવાના કારણે બોલીને ટૂંકી વાર્તામાં સહજ સ્વીકૃતિ મળી છે. કથકના નિરૂપણમાં સાદ્યંત વાર્તા બોલીમાં નિરૂપણ પામે છે તો સંવાદોમાં પણ બોલી વિનિયોગ થયો છે. કથનમાં આવતાં બોલીનાં તત્ત્વોથી પણ પ્રાદેશિકતા સર્જાય છે. આ પ્રકારે થતા બોલી વિનિયોગમાં લય, લહેકા, કહેવતો, રૂઢીપ્રયોગો, તળપદા શબ્દો વગેરે આપે છે. ક્યાંક તો ગીતો અને આડ કથાઓ, લોકકથાઓ પણ ટૂંકી વાર્તામાં ભળી જાય એ રીતે સર્જકો મૂકી આપે છે. આ પ્રકારની પ્રયુક્તિઓ વડે પ્રાદેશિક પરિવેશ સર્જાય છે. બોલી વિનિયોગની

SMT. HANSA MEHTA LIBRARY

કેટલીક પ્રયુક્તિઓને ધ્યાનમાં રાખીને અહીં પંચમહાલ પ્રદેશમાંથી મણીલાલ હ. પટેલ અને કાનજી પટેલ, કાઠીયાવાડી બોલી માટે માય ડિયર જયુ અને કિરીટ દૂધાત, દક્ષિણની બોલી માટે અજીત ઠાકોર, મોના પાત્રાવાલા અને નાઝિર મન્સૂરી તથા ઉત્તર ગુજરાતની બોલી માટે મોહન પરમાર અને દલપત ચૌહાણની કેટલીક વાર્તાઓનો અભ્યાસ જોઈએ. કચ્છી બોલીના કેટલાક નોંધપાત્ર પ્રયોગો માવજી મહેશ્વરીની વાર્તાઓમાં પણ મળે છે તેની પણ નોંધ લીધી છે.

મણીલાલ હ. પટેલની વાર્તાઓમાં બોલીના તત્ત્વો આ પ્રમાણે છે :

ધાન અને ધૂણીને છેટું ન પડે, ઉખરખોલો ખાટલો, અલાણી, હોકલીના ટેસડા, પડસાળ, અવાવરુ વાસ, ખાંયણી-સાંબેલી, અવાવર ઘરમાં ભૂત ભૂસકા મારે, જિયાણાં, કપડે સાબુ નહિં ને કેડીયે બટન નહિ, લીલાં કચ પાણી, દિશા લોટો, ભાગોળ, અક્કર્મીનો પડિયો કાણો, ઢેંફૂ, લેખમાં મેષ, બીડીની તલબ, કંદોરિયાં, છાબડું, જાહ રે જાહ, કાળમુખો કાળ, ટાઢો વાયરો, મકાઈના ડોડા, ડાંગર – પરાળના ઢગ, પડસાળે મકાઈ – બાજરીના ભોર, પથરો-બથરો, કમોસમી, મૂઓ ઊંટડો, રૂમલતો ઊંટ, ગનાન, લીલાંવખ જેવાં કેળનાં ખેતરો, પગવાટ, રોદણાં, રઘવાટ, રગશિયાં ગાડાં, નીરણ, છીંડા, વાડ, કોઢ, હળુહળુ હવા, ડોડા, પછીત, કરો, લોટો ઢોળવો, ખરપા, વાઢણું, ભૂંડા ભગવાન, પહેલું આણું, અળવીતરું, મણ તેલેય અંધારું, કાળો કેર, વાસીદાં, લીટી ભેગો લહરકો, વરત, સોગન, શેડવું, સોળ, કરવડી, હેતરાં, લીલીહુકી, મોહ્યના બળાપા, નકામું ખદલું, ભીંગારા, પાનઠ, ભૂમરું, ચીડો બારે મઈના, ગળે ડેરો, બાજરિયા, ભૂખી ડાંસ નજર, પિયર, ફૂંગરાતો જીવ, હાડા, લોર આવે, ભેળાડ, ઓસાણ, નાવણિયું, વાગોળતી ભેંસ, બપોરિયું, કાંઠા કબાડા, પથ્થર કાળજું, ઘર ભાંગવું, કજળાતું અજવાળું, ચૂલે તબડતી કઢી, પોદળા, વેતર, ગરમલ્હાય અંધારું વીંટળાય, આંસુડાં, મોભ, પાટડા, કુંભીઓ, ભેંતા, મોવડીઓ, ચોથિયું રોટલો, છાંટો ઘી, ઓયડા, કરામાં તિરાડ, કરમ જેવાં કાણાં ખિસ્સાં, રાબ્બડ જેવી ચા, ખહલું, કૂવેચ, વીંછણ જેવી બા, ભૂંરાયા થવું, ગાય દોઈને કૂતરીને પાવું, હળોતરું, પડાળિયું, ચાર ચોપડી ભણલી વહુ, માટીનાં વાહણ, પથ્થર પર પૉણી, ફેં ફાટી જવી, વાયરે વાતો થવી, ચોરની મા - કોડીમાં મૂઢૂં ઘાલી રોવે, પાદવાની પહોંચ નઈને તોપચી થવા નીકળવું, અસ્ત્રીના નેહાકા, બળદની ખાંધ જેવી નાત્ય, છાશ લેવા જેવું ને દોણી હંતાડવી, ગાંગરતુ ઊંટ પલાંણવાથી હકાળ ન આવે, નેવાંનાં પાંણી મોભે જવા, ધોળી પૂણી જેવા થઈ જવું, ઊંટ પર બેઠા તો ડોલ્યા વના છૂટકો ?, ગોળ મોઢાને ગળ્યો લાગે એમાં ઢીંચણને શું ?, કજિયાનું મોં કાળું, ઓશિયાળો રોટલો, જળોની જેમ વળગેલું, પઈની કમઈ નઈને ઘડીની નવરાશ નઈ, બૂહે માર્યા પાણી અળગાં ન થાય, વેખલાં, ફેણ માંડવી, ઉચમૂચ, ઘર નંદવાયું, વરંડો

વગેરેને સર્જકે કથક કે પાત્રના સંવાદમાં મૂકીને વાર્તાને પંચમહાલ – દાહોદના પ્રદેશની પ્રાદેશિકતા અર્પી છે. બે ઉદાહરણો જોઈએ –

- શેઢાના ઘાસને પંપાળતી પસવારતી ઘાસમાં ખોવાઈ જાય છે. વાડે, પડતરે, વગડે, પથરાળી ટેકરીને માથે પણ ઘાસ ઘાસ...ભૂમહું, બાવચી, ગંધીલું, લાંબડું, કરકડિયું, ગોબર કલાર, લોય-ભાત ભાતનું ઘાસ. દરેકનો તો હજુ દો. રૂપ, રંગ, ગંધનો ખાં. અંધ મનેખ જેવું ! (ચીડો)
- "પાદવાની પહોંચ નઈ ને તોપચી થવા નેકળેલા, ઉંતો કઉં સું કે અસ્ત્રીના નેંહાકા હરામ જેવા કે વાય...આવતા ભવ લગણ પૂગ્યા વના નાર રે..."

અહીં બોલી, તળપદા શબ્દો, કહેવતો, લય-લહેકા વગેરે વાર્તાના મૂળ ભાવને સઘન બનાવે છે એ સાર્થક બને છે.

**કાનજી પટેલની** વાર્તાઓમાં પણ પંચમહાલના તળપ્રદેશની બોલીનો સચોટ વિનિયોગ થયો છે. વિચરતી જાતિના લોકોના કેટલાક શબ્દો, સંવાદો અને લય-લહેકામાં એમની જીવનશૈલી વણાયેલી છે. જે આ વાર્તાઓમાં આવી છેઃ

ચામઠા કોમ, બાપીકી જગા, થાનક, ઘઘરીવેળા, ભમતા વાયરામાં ભરાવું, ગોંદીયો, વાંસનાં કંબોડો, ધૂળ માથે ચડાવવી, ડાચું કાળું થવું, વટલાવું, રૈયત, ઠામ, માટી ઉથામવી, ગદઈ લોક, ભલું તાકવું, રણો કૂટો, દટ્ટણપટ્ટણ, કાચા દૂધશી ઉંમર, તતડાવી નાંખવું, દોડા ફાંહી ખાવા, ક્યારડીમાં ઝડાઝૂડ, પૂળોપૂળો મૂછો, ચાયડીમાં દૂંગો હાઘો, માદરબખત, ઠેહા, શેતી, બંદોબસ, શીંયો જીવડાબ્બા, પેશાબની થાવા, અવળાં ફચકાં મેલવાની ટેવ, દારૂ ખાવો, નવટાંક દૂધ સમાય એટલા ઊંડા ગાલના ખાડા, રેડિયો રમરમાટ, કલેડું, ચાર ચૂંથાં હાંલ્લુ, ચાટવો, તાવેથો, ઢેકલા, પડાળ, પારોયો, થાળી વાજાં, તલાવડાં, ગુંડુરા તોડી નાખવા, પાંરછેર રેકડાં,. ઓશલો કૂટવો, દાવો ચાલવો, કોતેડો, ખારકાં, ધોઘળો, વીસપડો, વીંઝારો, તલમાતર ભરુંટો ની મળે, કણેખ માગી ખાવી, પંચક્યાસ, નાંમ નેશાંણી વગરની જાત્ય, રૂંછશીખ પાંસ વીહો, પાંગોમે જોડાં, શીયાં, માટલાં, રાંડલો, ચીપિયા, ઘણ, છીણી, લટિયાં, કિલકારી, બારણાનું કલૂખડું, લીંપણ, તરાડિયાં, વાસીદાં, વાઢીને ગોરસ, હેંડો, કુવેચ જેવી પીઠ, ફૂંગરાવું, છાલ મેલવો, એકવીસુ ને બેરૂપિયા, ભાંડણાં, મનવણાં, સોણાં, જાગણાં, બળેવણાં, રૂસણાં, ડિચરા, લવારિયાં, નીશો, કણેક, બીન, પોશ, વણઝારા, વાદી, સીદી બન્ની એટ, કેઝાર, ભાટ, વાઘરી, સલાટ, વીશપડા, તાંસળાં, નખ્ખોદિયું, ડેંગે ડેંગે ઢગલો, મલાજો વગેરેમાં બોલીની આગવી વિશેષતાઓ છે. વિચરતી જાતીના

વિશેષો છે ગાળ વગેરે સહજ છે અભાવ વચ્ચેના ઉલ્લાસ પણ છે તો સ્થાયી જનોની પિડીત પ્રજાની વેદના પણ છે. આ પ્રકારની વ્યંજકતા સર્જકે આ બોલી પ્રયોગ વડે વાર્તાઓમાં ઉપસાવી છે.

**અજિત ઠાકોરે** તમામ વાર્તાઓમાં કથકને બોલીમાં પ્રયોજવાનો પ્રયોગ કર્યો છે. વાર્તાઓમાં બોલીના તત્ત્વો ગાઢ છે. તમામ વાર્તાઓમાં બોલીની એકસૂત્રતા જળવાઈ હોવાથી રસતત્ત્વ વધુ સબળ બન્યું છે. તેમની વાર્તાઓનાં બોલી તત્ત્વો જોઈએ :

પેસીન્જર, બાયણું, ડોહી, ફાટ્ટીમુઆ, ફો હાંય મુઆ, હિદ્ધો ઘેર, પોયરાનો ભેંકડો, બોક્કડ દાઢી, નિહાળ, અડડોલું, પાકટ બજારુ બાયડીઓ, ફાવહે, નેજવું, દખણાદી બારી, કલેડું, બો, કાપો તો લોઈ ની નીકરે, કાતરિયું, આંકુળી તરવાર, ઝેણઝેણાટી, હત્ત તેરીકી, ઈસાબ, તડાક્ તુઈટ્ટું, રમ્યાઉં, પાધરી કરવી પડહે, મારી હાળી, ભીંગારા, ઓઠ પીહીરી, રીઝલ, બીડીઓ ફૂંઈકા કરતું ઉતું, ચોંઈટો, અથેળી, જસ્યો, હલગી, ડીલે મંકોડા, ધોરા ફક કીડા, ચાઈલોગીયો, હૂજેલી આંખો, અંગૂઠે ભોંય ખોતરવી, એખલુ દૂધ, સરટીફીકીટ, કાગર, એખલ ગંધરો, મોં માથાની હમજણ નઈ, મઈડાયલો પગ, હાત અંજાર, મૂતર, પરસાળ, ઝંઝેરી, ઘઘરીવેળા, ઘવડી નાખવું, વાલ્લામૂઆ, દહમાની તિયારી, જીભ ઘહાઈ ગૈ, અલાછિયો, ઝંઝેરતો, હનકારો, ચઈડા, હંતાડવું, ઊઈઠો, પઈડો, મઈડાઈ ગયેલી કરેણ, કાપી લાખેલું થડ, બેંડ, ભીંત ગમી, હૂઈ ગયા, પિયોર મવડાનો દારૂ, નારિએલ, હુખડી, આજરાઆજૂર, નીહાકો, હવારે આઠની એસટી, તમખી, બેહી પડું, રહોળી, લટકી પઈડો, હૂંથણીયા ગાડી, આંહું, ઘાહનું કૂડવું, દૂંધવું, ફતેછી દરબાર, કોન્જાણે કાંથી, અગિયારહ, આળહુના પીર, કડૂચ, ધુલારો, દીંટડી, પોચાભાય, અળીભેર, ઈયોણ, ચકઈડું, ગાલ્લી, મોહેં-જો-દરો, વિપદ, મન ચંગા તો કથરોટ મે ગંગા, ગુબ્બારો, ઠેસર, પૂપી, ગાંણ, ડબકો પૂર્યો, તમારે મઘડે હવાર, ડીલ, પૈહા, ઓહડ વગેરનો વડે બોલીવિનિયોગ છે તો 'ફતેછી' 'જસ્યો' જેવા નામપ્રયોગ પણ અહીં થયા છે. દક્ષિણ ગુજરાતના રજપૂત સમાજની આ બોલીમાંની વિશેષતાઓ વાર્તાના વિશેષો બને છે.

**નાઝિર મનસૂરી**એ સાગરકિનારાના લોકોની બોલીને વાર્તાઓમાં એના સ્થળ-કાળ-સમાજ-સમયના સંદર્ભ સાથે જોડીને પ્રયોજી છે. આ બોલીમાં વિશિષ્ટ શબ્દો, અર્થો, લય, લહેકા, કહેવતો, રૂઢિપ્રયોગો, ગાળો, વિશેષણો વગેરે તત્ત્વોનો ભરપૂર વિનિયોગ થયો છે. જેમાં પ્રાદેશિક વિશેષતા તરીકે અત્યાર સુધી ગુજરાતી સાહિત્યમાં ન આવેલી કેટલીય સામાજિક-સાંસ્કૃતિક બાબતો પર પ્રકાશ પડ્યો છે. આ પ્રકારની વિશેષ બોલી જોઈએ :

કૂટો કાંખલી ને પસાડો માથાં, કેઝે, લડધો, બુડાડી, કપાતર, ઢીહો, રાયકોસ, ભેણશોધ, મસાક ઝીંવીં, તાગ બેહવું, બીઝુ વાણ, ઘુણાટ, ઓહડિયાં, પૈયણવું, ઘરઘી, બાખરી, ખાંભી મંડાણ,

ભાયડા, ફાતડા ઝીવો, ભાયડાવ, પેલ્લંસ, ડીકરો, તપારા, ઓલાવ ઢાંઢવ, નપાવટ, ઠાઠે સોંટવું, ભૂખ્યા ડાંહ, કાયકું ત્રાટકતી ?, તાડીનું પડિયું, મસ્સી, હમઝ, ટાંગા, કુંઝડાવ, ઝરીક હખ, કાલોબોલા, ટાઢ્ય, નભ્ભાઈની, સાગલી રાંડ્ય, કોઢ્ય, હબનારીને, કઢામ, ભજમાં પડવું, હમંદર, આઈવોસ, રુબાપ, અસ્સલ ગિનાનસાયેપ, તેરેવાસ્તે, ઝમાધાર, હરાડી, બાયસોકરા, વાંહોવાંહ, ઝનઝનાવર, હોનામોરન સરુ, સીર ફાડ્ય, હંઘેહરા, બડીકું, ધુળધુખારા, ખોલાં, ખારોઉસ પરસેવો, સિનાખ્યની જાત્યનો, રાત્ય મજરાત્ય ભૂંડાં-ભસક, ભડવાં, લખણ્ય, રવાડે સયડાસ, જામો ટૂટકો, ઢાલ્ય કાસબ, હહરીના, નભ્ભાઈની ઝાત્યના, કીયા જલમના વેરવી ?, મોરલો, ઢાંગરીઓ, મઘરો, પલિતાં, આવલાના બાચકે, પોર્ટુગીસનાવ, ઘલાણો, બારસ, પોષ, હાહુનાવ, હાંઢો, પૂતળવેલ, બણા, ગુબલાં, ઘલાતો ફરેસ, ગુડાણી રેહે, ફદરકયું, સીનકડો, હીંતાઈ હીંતાઈ જોવ, ઢાંઢું, ઢોલ ફાડ્ય, બસરાઈ, ફાટી પઈરાનો, ઢહડાયેસ, અંહણ, સીન્નાળ, સીન્નાર, વડોઢીમ ભાઈડો, ભુંડી ભખરી, ઝાંટાઝાંટી, લાટ્ય ડરિયો, સફીર, વાછંટ, ઢાંઢા ભાંગલા, બતેલો, હાંઢ, વલોપાટ, હોડ્યમાં ગઈરોસ, ગાન ઘહરણી, બાત્તલની જાત, બાડડી, ભૂઈખો, પાઠરોકુકરો, કારી કોયલ, ઊંડણ, સોયટોય, પોહવારે સગાંઠું, હાહુનું પાદણું, બિસાકરો, રુંગારુંગા, ડોહાડગરાં, બાપાયમયામવા, તઘરમતઘરી, કાવુંસીયો, ભારીઝમ, કયાભાંગલાવ, કસુંડીંગ, ડિલમાં કોટા, જાત્યમાલી, પન્નવું, સોકરું ઝણી કાઢું, ઝાકર, ઘામટ્ય, ઘંટલો, પીળું પસરક મોંઢું, ગુંગાખાયાના, મોપલી, તઘરમથઘરી, ભેનશોદ, બાતલના, નાગા કુલાળ, સરમપખનનાવ, ફાટીપયરાનો, નીસ પેટનો, ઝેરપયરાની, ડેગણડાકણાંના પલીતો, કરી મેલહે, પનમાં છરાતન, મોફતકે વેમાત, મતરી માઓય, માદર બખતકી, ઈબ્લીસ, સાલા, મઠીયા, હાંસીયાં, છરાતન, મતરી, લોઠકું માણા, ઝલમબાય, ઠાઠો, ટોણિયું મઘરું, રોઢાટાણું, ઘામર, હહરીના, હેવાન, ડરિયાંપીર, હારાહુકન, ગોરંભો, હોરપઈડા, સ્યારપાંસ, ખાંભી મંડાણા, ફોહલા, કાસોકુંવારો, હતર હુંહો વગેરે વિશિષ્ટ શબ્દો-લય-લહેકા-રૂઢિપ્રયોગો આ વાર્તાઓમાં ભળેલા છે. કથનમાં સહજતાથી વણાતાં આગવો પરિવેશ સર્જવામાં કાર્યસાધક બને છે. કેટલાક બોલીગત સંવાદો :

- "લા મોટ હામભીરઝે...ઉં અમણાસ હામજે મારપલા આપવા ગ્યો થોડી તી રાણી મારી પન ભૂથરની વાતુ હાંભરીને સીહુંસ પારવા મંડી, ઝરપવરાવ...ગોળા સપરાવ...પાંતી બાયાવ...ભાંડ ભોવાયા જિવાવ...ભૂંથરું મારવા ગ્યારેતા. સરમ પખનાવ..."
- "અસ્સલ બાડીસે...ઈવી બાપરેય કી તી...હાં આઆ...! હારુના મોટાએ ઈ પોરતુગીસને કાંવલીવા ઈની હીકે પન્નાવી દીધો રેહે ભેનશોદે ?"

- "સલકડી તારા બારમાં મેં ઝીઝવો વાયો , ઝીંઝવો લેવા જામ તો કોય ભઅય આવે., થાળ ભરી મોતી વધાવતું આવે "
- આ વાણ કે ખલાસ્યું બી બેટીચોદ સફરમેંસી બે-પાંચ વરસે આવતે ને કાંઠે ટાંગા રખતે ચકાલઘેલે ઓ જાતે. બસ એક બાઈડીને ખાટલા...ને રાતકા ઉજાગરા. ને એક ઊં સાલા સેતાન મરદૂત...તી વીહ વરહે યાં ઘણાણા તોય લોય-ઉકાળઅ કરણે બાઈડી કા ?...રોજ કા સેર લોય બળતાં...કાં જાણાં અવે ? એક તો આ કૂતરાંવ ડચકાં ભરગ્યાં ઈસને ઝાળફાકી માદરબખતકી "

અહીં બોલીમાં સહજ ભળી જતી ગાળ અને એ પણ પોતાના ભાઈ પતિ કે પત્નીને બોલાતી ગાળ વિશેષતા છે. તવારીખ ગુજરાતી વિક્રમ સંવત મુજબ છે તો સમયદર્શન સૂર્ય-ચંદ્ર-તારાઓ આધારિત છે. શિષ્ટભાષામાં ન જોવા મળતા એવા ભારેખમ સંવાદો અને ચીજ-વસ્તુઓના વિશિષ્ટ પ્રાદેશિક તળપદા નામો વગેરેનો વિનિયોગ નાઝિર મન્સૂરીની વાર્તાઓનો આગવો વિશેષ છે.

કાઠીયાવાડી બોલીનો પ્રયોગ 'ઓઠાં' પ્રકારની વાર્તાઓમાં માય ડિયર જયુએ સફળતા પૂર્વક કર્યો છે. આ વાર્તાઓનો બોલીકથક, પાત્રોની ક્રિયાઓ, ચોરો-ખેતર-ઘર જેવાં સ્થળો અને છતાં પણ માનવજીવનની સંકુલ...ખાસ કરીને જાતિય જીવનની વાર્તાઓને રસાળ બોલીશૈલીમાં આલેખી છે. ધારદાર વ્યંજનાભર્યા સંવાદો અને કથકની બોલીમાં ઘૂંટાતાં રહસ્યો વાર્તાઓને સફળતા અપાવે છે. બોલીના આ પ્રયોગમાં આલેખાતા શબ્દોનો પ્રયોગ જોઈએ તો –

તીજો દી, હંધી વાત, પેટમાં દુખસ, હઉ ખડખડાટ, હાંકળ, ટેભલા, નેમ, પુંગી, બાયડીના પડખામાં ગરી જાવું, વરવઉ, સેડાસેડી, હાળો, હડવું, હંકોડાવું, ભારે આંખ્યું, તયાર, પેલે થી હાલ્યું આવસ, ભીંહ દઈને ખવરાવવું, દાટો દેવો, માલીપા, કંડિયામાં હરપ પડ્યો હોય ઈમ, ગુંદરડી નાંખવું, માજમરાતના ધારણ, હૂતો, બૂંગણ, બથાવવું, મગસ ઠેકાણે નો રિયે, ફેં ફાટે, તેનાત, છુટ્ટો ઘા, ડૂંભાણું, અબળખા, વાતું, ઓહડ, માળું, દિ, ઢિચણયું, રિહાણા, વતાણ્ય, હાલ્યા કરે, માણહ, ગાયુંભેશું, બાપું, નાખોરાં ઢહડવા, તીખો માણહ, જોબનિયો કૂવો, ઝબૂકિયા જમાદાર, ગુડાણા, કંહારો, હાંજ, મનેખ, પારૂં વાસરું, રોંઢા, વેણ, મનમં લોસા વાળવા, હાથવારો, કળશ્યો, ખોરડાં, અહુર હવાદ, ડાંફૂં, ઈમનમ, પંનરવીશ, પશવીત્રી, પાંસપંનર, શ્યાળો, ટાઢ્ય, હયેહયું દળાય અટલું માણહ, રાવણું, વળાવિયો, બીડીયું, હબદન હબદન ગાડાં, કોઠાહૂઝ, ટાશકા જેવું, વર્ષાદ, બેટાઉં, ઝાલરૂં, દેહ, હોપો પડે, કટલ્યો ટેમ ?, ઠહ ઠહ ઠૂંઠવો, સતરી, ફિલિમ, ભાયગ, કમઠાણ, હાદ, ગલેઢેરાંઉ, મૂંશ, હવામાં લૅરિયાં લે, સોકરું સૈયું, સા-પાણી, અંજવાહ, ડિલ માથે હાથ ફરે,

સાગઠાઉ, સોડી, વિશાર, મલક, ગલે ઠેરાંઉં, હંધોય, આબરુ જાહે, ઓડવાઈને બેહવું, વાહર નાખવી, હુંડલી હોનું, ઝળુંબે, આતવાર, તનકારા, ભાગેલે ટાંટિયે ઊભા થવું, ઘરપત, ટહોડું, પંખીડાંની કલબલાટી, પાંસપંનર દિ કેડ્યે, લગનનું માત્યમ, જેશીકશ્ન, અટલ્યાં વરહ, મિલું, આણંદ, દીવાસળી, ખેડૂના ઘરમાં જટલાં માણહ વોય ઈ હંધાય હમાઈ જાય !, આંખ્યું ધબાય નમઃ. સિંહ જેમ મારણને ઢહડે એમ બથાવી, રંડવાળના દેદાર રોખી, આંખ્યુંના કૂવા ઊડા ઊતરી ગ્યા, દેવના ડુંગર રોખો દીકરો, કાળે ભીંહ મારી વાય ઈમ, હરાપ, ડાગળી સરકી જાહ, આંખ્યું ઠરે, માણહ ઘરમાં ગરે, ગડાકું, ઘરકવું, ઓડકી, ગાંડગહણિયે, સુવાસ લેવો વગેરે બોલીગત શબ્દો ઉપરાંત કેટલાંક કથકનાં વર્ણનો અને સંવાદો જુઓ –

- ઈટાણે ટાણાનું ને રૂ બારે મઈના વે તાણ્ય રહે. કાળે ઉનાળેય પાતળો રેલો વે તો હોય, ને વેળુનો પટ. તિ રાતે ટાઢી વંળુમાં પડ્યા રઈ. ને રાનો ટાઢો પવન બવ મીઠો લાગે. ઈમાં જો ભગતબાપા આવી સડે ને કાંઈ અલીદલીની વાતું માંડે તો તો મજો પડી જાય
- પાંસ ગાવે પાળો આવે. દહગાવે અહવાર ;
  કાં ગોરીમાં ગુણ નંઈ કાં નાવલિયો નાદાન..
- બપોરનો વખત. વાય જપી ગયેલો, તિ પંખી પાંખું ફફડાવે તોય હંભળાય, ને માણહ સુવાસ લ્યે ઈ ય હંભળાય.
- "હજી મારી સોડીને ઓઢણી નાખવાનું ભાન નથ્ય, આ ઘાઘરી પોલકું પેરીને શેરીમાં કૂકા ઉલાળે, ઈમાં હાહરે કેમની મોકલવી ?!"

**મોહન પરમારે** ઉત્તર ગુજરાતની લોકબોલીનો વાર્તાનો પરિવેશ સર્જવામાં વિનિયોગ કર્યો છે. સંવાદમાં બોલીની વ્યંજકતા અને સ્થળપરિમાણ તથા સામાજિક સંદર્ભો રચવામાં બોલીવિનિયોગ વધુ કારગત નીવડ્યો છે. તેમની વાર્તાઓમાં બોલી તત્ત્વની વિવિધતાભરી વિગતો જાઈએ તો –

આંખે અંધારાં આવવાં, હત્ તારી..., રુદિયું, હણીજો, બખાળો, અરથમૂંઘી, નાહતો ફર હ, પરગણું, બાપગોતર, ઓળશ્યા, અભિમાંન, દિયોર, માંણહ, ભરભાંખળું, કાલ-પરમદી, સાળ, સરૈયો, દૂછડો, સત્તરમી કળા, ગાંમ, ફકર ચિંત્યા, લેંમડો, ચકૈડીભમૈડી, ગોટમડું, હોદ્યાય નઈ જડે, ઉલાળી મેલ, ઘૈડપણ, હૂનું હૂનું લાગઅ, બાર વાજ્યા, હરખપદૂડી, પંદરહોળ વરહ, ડોળા કાઢઅ, ભમેડે રમવા જેવડી, હાંકળ, ગમોણ, ઢેખાળા, રેચબો, ટણપા, ટેઢુંમેંઢું, ધધૂણી ચડાવઅ, વરહાદની સિઝન, રોજની રામાયણ, હનકારો, આઘે, ખૈલ્યો, ટાંગા બાળવા, હરખપદુડાં, દાધારંગી, આંશ્યો, હડફડ હડફડ પગ ઉપડ્યા, દાડા વળ્યા, દદૂડો, ઠૂંઠવાઈ જાહઅ, આંખ, ઓળ, સેતર, લૂલી હખણી રાખઅ, હવાદ, કોર, નેંક, હહવું, ફટ્ કેજે, ઢેખાળિયે સડવું, ઘાયણા, આંયથી

ટળ, નેંહાળ પીરતી, પાઠું, હવાર, ગુડાણાં, આઁગણું, રોડાં, ફાટી જૈ, ઘૈડાં, હોચ, મનમાં ઓઝપાયા, બીડીઓ સૂસ્યા કરવી, તિસૂળ, ગળું હુકાય, દિયોર આય આયો, મન તલપાપડ, હેંડ્યા, કોણીક્ચ કરી નાખવી, વાઢો તો લોહીના નીકળે એવો, પૈણશીં, ઘાંઘા થ્યા, દોઢો ફરે, ટેણિયો, ઝેણો માંણહ, નફરત વલૂરવી, ચૂંક આવવી, બુનના ઘણીઓ, હારરો, સમું સૂથરું, હવાદ, ટાંટિયા જ ભાંગી નાખવા, ભૂલકણી, આબરુના ધજાગરા, માણસે માણસે ફેર, બે દાડા,મગનું નોમ મરી પાડવું, અધ બહેરો, લક્ષ્મી...લખી..લખડી, કુંખ ભાડે લેવી, લેંટ પડવું, લૂલી હખણી રાખવી, હવાદ પડવો વગેરે શબ્દો સંજ્ઞાઓ રૂઢિપ્રયોગોમાંથી ઉત્તર ગુજરાતની પ્રાદેશિકતા સર્જાય છે પરંતુ 'લેહાલ્ય ચા પીલે'માં 'હાલ્ય' કાઠિયાવાડી શબ્દ 'હેંડ'ની જગ્યાએ મૂકાયો છે. વધુ વાર્તાઓના વાર્તાકારોમાં આવી શરતચૂક રહી જવાનો સંભવ હોય છે જ. અહીં બોલીમાં વણકર સમાજનો આગવો લહેકો વણાટકામનો ધંધો હોવાનું સૂચન અને વ્યંજનાની ધાર કાઢતા સંવાદો વાર્તાઓની વિશેષતા બને છે.

## પ્રકરણ – ૩ - ક - ૬

## સૈનિકજીવનનો સરહદી પરિવેશ

દલપત ચૌહાણની વાર્તાઓમાં પરિવેશ વાર્તાના તંતોતંતમાં ઝિલાય છે. તેમણે ગુજરાતી વાર્તાસાહિત્યમાં સરહદ પર જીવતા સૈનિકોના જીવનસંઘર્ષને વિષય બનાવતી વાર્તાઓ પણ આપી છે. આ વાર્તાઓ ગુજરાતી વાર્તાનું નવું પગરણ છે. નવો વિષય છે. વિષયના વિશ્વની સાથોસાથ વાર્તાઓમાં ઘેરાતો રહસ્યમય પરિવેશ અને સરહદના સ્થળમાં સંઘર્ષનું નિરૂપણ વિશેષ ધ્યાન ખેંચે છે. 'એક ગોલી...એક દુશ્મન' 'સન્નાટો' 'રિપોર્ટ' 'રેત...રેત... ' અને 'સલામી' વાર્તાઓમાં આ પ્રકારનો પરિવેશ છે. જે વિગતોથી આ વાર્તાઓનું કાઠું બંધાય છે. એ વિગતોમાં પણ તેમની કલાપરક ચીવટતા વર્તાય છે. જુઓ –

બરફની ચાદર, કાંટાળી વાડ, બેગ/સામાન, નાસિક રોડ, ખાલીખમ મન, સેન્ટર, આર્મી ટ્રેનિંગ, આર્ટગેલેરી ગેટ સેન્ટર, મનનાં દ્વારા, હે દેશ હૈ વીર જવાનો કા, લેફ્ટ-રાઈટ, સેફ્ટીલોક, ઝરણાં થીજેલાં અને વહેતાં વૃક્ષ, સડતાં પાન, ઘરની યાદ, મેગઝીનમાં ગોળીઓ, ગળામાં દૂરબીન, દૂધના પાઉડરના ટીન, સુરાગ, સ્ટવ, પાણીનું બોટલ, લંચ-બોક્સ, કેરોસીનનું બેરલ, બંકર, હાડ ચીરતી ઠંડી હવા, પથ્થરોની આડ બંકર, કાળમીંઢ પથ્થરો, ઓખા, ખાલી ટીન, ગાળો, ગોગલ્સ, ઠંડો હિમ પવન, મેગઝીન, ટ્રાન્ઝિસ્ટર, હિલચાલ પર બાજનજર, પોઝિશન, સફેદ બરફ પર કાળા ઓળાનો તરફડાટ, ફાયર, લોહીનું વિસ્તરતું લાલ ધાબું, બારામુલ્લા, બોર્ડર, એપોઈન્ટમેન્ટ લેટર,

આગ ઓકતી બંદૂક, પરેડ ગ્રાઉન્ડ, ડૂસકાં, ઘર કા ખત, વૉચ પાર્ટી, યુનિટ, છાવણી, પાસવર્ડ, ઑપરેશન, હેન્ડ ગ્રેનેડ, લોન્ચર, બારૂદ, કવરિંગ ફાયર, મેસ, પેગ, બોટલ, ચિયર્સ, તોપમાંથી છૂટતાં ગોળા, વિજયઘોષ, આઠસો છત્તીસ યુનિટ, સન્નાટો, માર્ચ ઓન, સ્ટ્રેચર, આર્મી હેડક્વાટર્સ, રોલકોલ, બુલેટપ્રુફ જાકીટ, સાર્જન્ટ, કોર્ટ માર્શલ, મની ઓર્ડર, પાસવર્ડ, કમાન્ડર, રોડ ક્લિયરિંગ, બ્રેનગન, પગમાં હંટર શૂઝ, ઓર્ડર, પોઝિશન, વેઈટિંગ ટાઈમ, ચાન્સ, ગોળીઓની ઝીંક, ટેલિફોન સેટ, એ.કે.ફોર્ટીસેવન, પઠાણકોટ, આકાશમાં લીલાગોળા, એનકાઉન્ટર વગેરે સંજ્ઞાઓ, શબ્દો, વીગતો વડે સર્જાતો પરિવેશ સૈનિકજીવનના સંઘર્ષ, વેદના અને વિજયના આનંદને પ્રદર્શિત કરે છે. કેટલાંક વર્ણનો જોઈએ :

- બધું ધૂંધળું છે. વીજળી ચમકે છે. ગડગડાટ વૃક્ષોના કાળા આકાર, સફેદ વીજળી અને ચમકી જતું વહેતું પાણી. જોંગાની કેબિન તડાતડ ખખડે છે. ભીની સડક એક ન સમજાય તેવા અવાજમાં ગરકાવ છે. ક્યાંક ઘરના આભાસ. કદાચ ગામ વચ્ચે થઈને પસાર થઈ રહ્યા છે. આ સિવિલિયન – સરપંચનું ગામ. ગામનો આભાસ. બંને બાજુ મકાનોની હારમાળા...નાળું...અલપ-ઝલપ.
- કાગડો બોલતો નથી...કશું ધબકતું નથી...કોઈ આવતું નથી. ધૂળની ડમરીઓ ચડી આવે છે. ઘઘરાટી, ભયંકર ઘઘરાટી, સુસવાટા...વરુઓના ઘુરકાટ. હજારો ટેંકોની સાંળોનો ખખડાટ, કીચૂડાટ. માર્ચ ઓન. ગડગડાટ ધૂળ ધૂળ...સુઉઉઉ...સુઉઉઉ.

  નાક આગળ રેત થોડી થોડી વારે ઊડે છે. રેત ઊડીને પાછી બેસી જાય છે. ઘરરરર...ખર...ખટ્ટ...જીપ...રાશન

સરહદની સંઘર્ષમય જિંદગી ગુજારતા સૈનિકોના કચડાતા સંવેદનો, અરમાનો અને એકતરફ સતત ખુન્નસભરી જિંદગી અને જિંદગી-મોત વચ્ચેની ખૂનખાર જીવનશૈલીનો આ વર્ણનો અહેસાસ કરાવે છે. આ પ્રકારનાં સ્થળકાળનો સંદર્ભ નિરૂપતી આ વાર્તાઓ વિશિષ્ટ છે.

## પ્રકરણ – ૩ – ક – ૭

## વિદેશી પરિવેશની વાર્તાઓ

ગુજરાતી સર્જકો જ્યારે વિદેશ જાય છે. અથવા વિદેશમાં વસવાટ કરે છે ત્યારે ગુજરાતી ભાષા પ્રત્યે પ્રેમ અને આદરના ભાવથી તેઓ ગુજરાતી ભાષામાં જ વિદેશી સ્થળ, કાળ, ઘટના, સાંસ્કૃતિક, ઐતિહાસિક બાબતો, પાત્રો વગેરે ઘટકો ઘરાવતી વાર્તાઓ સર્જે છે. આ પ્રકારની વાર્તાઓમાં પરિવેશ મૂળ ગુજરાતી પરિવેશથી સાવ ભિન્ન હોય છે. અમેરિકા, ઈંગ્લેંડ, કેનેડા,

ઓસ્ટ્રેલિયા, સ્વીડન વગેરે દેશોની ભૌગોલિક, સામાજિક, સાંસ્કૃતિક વીગતો સમેતની વાર્તાઓ ગુજરાતી ટૂંકી વાર્તા સાહિત્યમાં મળે છે. આ પ્રકારની વાર્તાઓને 'ડાયસ્પોરા' જેવા વિભાગમાં પણ આવરી લેવાઈ છે. અહીં માત્ર તેના વિશિષ્ટ પરિવેશની ટૂંકી વાર્તામાં પ્રદાનની ભૂમિકાએ કેટલીક વાર્તાઓની નોંધ લઉં છું. આ ક્ષેત્રમાં 'ડાહ્યાભાઈ પટેલની ડાસ્પોરા વાર્તાઓ – સં. બળવંત જાની ' અને 'અમારી શ્રેષ્ઠ વાર્તાઓ – સં. પોપટલાલ પંચાલ અને ડો. જગદીશ દવે' ઉપરાંત શબ્દસૃષ્ટિનો વિશેષાંક જેવાં સંપાદનો પણ મળે છે. તો ડાહ્યાભાઈ પટેલ, ઈલા આરબ મહેતા, વર્ષા અડાલજા, કુસુમબહેન પોપટ, રઘુવીર ચૌધરી, માયડિયર જયુ, રાહુલ શુક્લ વગેરે પાસેથી આ પ્રકારની વાર્તાઓ મળે છે.

**ડાહ્યાભાઈ પટેલ**ની વાર્તાઓમાં આફ્રિકાનાં જંગલો, અજાણ્યા ટાપુઓ, વિખ્યાત નગરો, દરિયાઈ સફરો વગેરેનો સ્થળપરિવેશ જોવા મળે છે. 'પ્રાયશ્ચિત' 'ટાપુ'માં આવેલાં અવાવરુ ઘરનો પ્રેતયોનિગત રહસ્યમય પરિવેશ, 'આદિવાસીનું આક્રંદ' અને 'ગતશ્રદ્ધા'માં આફ્રિકાનાં જંગલોનો પરિવેશ, 'એડેલવીસ' અને 'તીર્થસ્થાન'માં વિદેશી સ્થળ-કાળનું આ પ્રકારનું વિવિધતાભર્યું આલેખન, પ્રણય-રહસ્ય કે માનવસંબંધોને વિષય બનાવતી સરળશૈલીની આ વાર્તાઓ વિશિષ્ટ છે. આ વાર્તાઓનો પરિવેશ જેના વડે સર્જાયો છે એવી વીગતો જોઈએ –

બોટ, સ્ટીમર, તોફાની દરિયો, રેસ્ટોરાં, હોટલો, ઘુંઘવાતો દરિયો, જર્સી ટાપુ, સેન્ટ હેલીયર, ઊંચીનીંચી ટેકરીઓ વચ્ચે વસેલું નગર, ફળનાં ઝાડ, બટેટાની ખેતી, પેરિસ, લંડન, દીવાલોની તિરાડો, લીલાં ભૂરાં રંગનાં ફૂલો, કલામય વસ્ત્રો.

**ઈલા આરબ મહેતા**ની 'યાતના' વાર્તામાં યુગાન્ડામાંથી ભગાડેલા એશિયનોમાંના એક દંપતીની છે. નાઈલ નદી, ઘર અને અરણ્યવાસીઓ તથા લશ્કરનો વિદેશી પરિવેશ વાર્તાને રહસ્યમય તો બનાવે જ છે પરંતુ એનું ભાષાકીય સર્જનાત્મકતાથી સર્જાતું લાઘવ વાર્તાને સળંગ રસાળ બનાવે છે ક્યાંક રસક્ષતિ થતી નથી. વાર્તાને સર્જતી વિગતો જોઈએ.

નાઈલ નદીનું છેલ્લું દર્શન, થેમ્સ નદી, હજારો વર્ષોની સંસ્કૃતિની ચડતી પડતી જોનાર નદી, પોમેરિયન કૂતરી, લશ્કરી ગણવેશમાં ફરતા નરરાજાઓ, યુગાન્ડા છોડી જવાનો વટહુકમ, ઉદ્યોગપતિઓની ધરપકડ, જીંજા શહેર, પાસપોર્ટો છીનવાઈ ગયા, બ્લ્યૂ સફેદરંગના યુનિફોર્મમાં કાળાં બાળકો, ઊખડી પડેલું વૃક્ષ હોવાની અનુભૂતિ, ભીતરનો હાહાકાર, ફળદ્રુપ ગુલાબી માટી, કમ્પાલાથી એન્ટેલી એરપોર્ટ, મકાઈનાં ખેતરો, ખાંડનાં કારખાના, મરેલું હરણ જોઈને ચિચિયારીઓ કરતાં હરણ, અસંખ્ય એશિયન કુટુંબોથી ખીચોખીચ સ્ટેશન, બ્રિટિશ હાઈકમીશન,

અડાબીડ ઊભેલાં વૃક્ષો, ગૂંચવાયેલાં અનેક વેલા વેલીઓ, લોહીની વાસ, બિહામણું જંગલ, વાંસને ઘાસની બનાવેલી ઝૂંપડી, ડેડબોડી, કોફીના કપ વગેરે વડે સર્જાતી રહસ્યની, કટોકટીની, કરુણતાની, વેદનાની સ્થિતિઓને લેખિકાએ સ-રસ શબ્દસ્થ કરી છે.

**રઘુવીર ચૌધરી**ની 'વૈદેહી બેતાળીસમી શેરીમાં' વાર્તા અમેરીકન પરિવેશથી સર્જાઈ છે. વાર્તામાં વીઝા, શિષ્ટવૃત્તિ, ન્યૂયોર્ક, લોકસંસ્કૃતિ, ઈમારતોની ઊંચાઈ, ફોર્ટી સેકંડ સ્ટ્રીટની રોશની, કદી ન ઊંઘતું ન્યૂયોર્ક, મહાનગરોની ભીડની ભીંસ, ટાઈમ સ્કવેર, રોશની, અણધારી આતશબાજી, ચકોર અને ચપળ પોલીસ, ટેક્સી, ગોરો-ઘઉંવર્ણી-કાળાં માણસો, સહેલાણીઓ, ફૂટપાથ, લોકોની નજરોની ભૂલભૂલામણી, સિક્યોરિટી વગેરે વડે અમેરિકામાં ભારતીય નાગરિકોના રોમાંચ અને વિસ્મયનું જગત સર્જે છે.

ફીણાંળાં મોજાં, સૂર્યાસ્ત, ભૂતિયો મહેલ, મેઘદૂત, ટાપુ પરનાં વૃક્ષો અને ખતેરો, ઝાડોની ઘટામાં લપાતીછૂપાતી સ્ત્રીઆકૃતિ, ગુલાબ અને ડોલરનાં ફૂલો, ચાંદની રાત, હલેસું, સાગરતટે સહેલગાહ, મોમ્બાસા, વીજળીના ચકમારા, ચન્દ્રગિરિ-રૂવેન્ઝોરીનાં શિખરો, પીગળતો બરફ, સમલીકી નદીનો કિનારો, હાથીનાં વૃંદ, હરણાંનાં ટોળાં, હરણાંની હૃદયની ચીરી નાખતી ચીસો, સિંહો, કમ્પાલા, બંદૂક, ક્વીનાઈનની ગોળીઓ, જિન્ની શહેર, માણસખાઉં સિંહ, પર્વતની તળેટીમાં આવેલાં ગામડાં, કબારોટો ગામ, ધૂણતી સ્ત્રીઓ, ઢોલનગારાંના અવાજો, મંત્રોચ્ચાર, ચન્દ્રનાં ધવલ કિરણો, હિમાચ્છાદિત ગગનચુમ્બી શિખરો, નીરવરાત્રિ, ઝરણાંના ઝાંઝરનો મધુર અસ્ખલિત ઝણકાર, હિંસકપશુઓનો વસવાટ, નૃત્યમાં વાગતાં નગારાં, દરિયાની સપાટીથી નવ હજાર ફૂટ ઊંચે વનશ્રીની ભરી ભરી ખીણ, વિષુવવૃત્ત પર આવેલો પ્રદેશ, ફ્રેન્ચ મુસાફરો, સિંહનું મંદિર, સિંહના વેશમાં યુવાન, આફ્રિકાની વણખેડાયેલી જમીન પર ફરતાં પંખીઓ, માટીનાં ઝૂંપડા માછીમારોનાં, ગુફાઓ, પર્વતની ભેખડો, આલ્પ્સનાં ધવલશિખરો, સ્ટીમલોન્ચ, પેરિસ, કલા પ્રદર્શન, એડેલવીસનાં ફૂલ, ચિત્રશાળા, ઈટલીનું ફ્લોરેન્સ શહેર, ડુક્કર, ભેંસો, હાથી, ટાન્ગાનિકા શહેર, હાથીનો શિકાર, હાથીનાં ટોળાં, પંદર-સોળ મણનો ગોરીલો વાનર, પંખીઓની કલગીઓનો મુગુટ, ધનુષ્ય-તીર, જંગલી ઝાડ, વીંટળાયેલી વેલો, રંગબેરંગી ફૂલો, કરાળસ્વરૂપા વનલક્ષ્મી, હાથી-ઝરણા-ભેંસો-ગેંડા વગેરેનો રવ, અજાણ પંખીઓનાં સુમધુર ગીત, યુગાન્ડાના જંગલો, જળઘોડા, ભેખડમાં ભયંકર ગર્જના, ઘાયલ હાથી, બંદુકોના ધડાકાથી ગાજતાં વન, પતરાંનાં છાપરાં વગેરે વડે જુદી જ ભૂમિનો પરિવેશ સર્જાય છે. યુગાન્ડાના જંગલોમાં એક હિન્દી યુવતીનું ઘર તેની રચના જુઓઃ

- એક ખૂણામાં ભગવાન કૃષ્ણની જૂની એવી એક છબી હતી. નજીકમાં એક યુવાન સિંહનું ચામડું લટકાવેલું હતું. પાછળના ભાગમાં બે નાની ઓરડી હતી. એકમાં રસોડું હતું અને બીજામાં લાકડાં વગેરે રસોડાને લગતી ચીજો હતી. મકાનની ચારેય બાજુ જંગલી પશુઓ હુમલો ના કરે એટલા માટે મોટી કાંટાળી ઊંચી વાડ હતી. અંદર થોડું શાક રોપેલું હતું. એક જુઈનો છોડ એનાં ફૂલો દ્વારા પ્રફુલ્લતા દર્શાવતો હતો. આવા અઘોર જંગલમાં આ પ્રમાણે રહેતી સ્ત્રીને ફરીફરીને આડી નજરે મેં જોઈ

: લંડનસ્થિત વાર્તાકારોની કેટલીક વાર્તાઓ 'અમારી શ્રેષ્ઠ વાર્તાઓ' સંપાદનમાં છે. જેમાં કેટલીક વિદેશી ભૂમિની પરિસ્થિતિઓ યથાયોગ્ય પરિવેશમાં કહેવાઈ છે.

**ટી.પી. સૂચક**ની વાર્તા 'ઈમિગ્રાન્ટ' ડિટેક્ટિવ પાત્ર શેરલોક ટોમ્સના રહસ્યમાં જ રચાય છે. સર્જક સર આર્થર કોનન ડોયલ પોતે વાર્તામાં રચાય છે. વાર્તાનો પરિવેશ લંડનનો ચેરિંગ ક્રોસ વિસ્તાર, ગ્રાન્ડ હોટલ, મદ્યશાળા, દ્યુતશાળા, શરાબ-સુંદરીઓનું આકર્ષણ, બર્મિંગહામ નજીક ગ્રેઈટ વાયર્લીગામ, ક્લર્ડબ્લેકી કે ઈમિગ્રાન્ટ તરીકે ઓળખાતા બિનયુરોપિયનો, હોટલો – ટ્રેનો, સ્ટીમરો, નેશનાલિટી એક્ટ અને ઈમિગ્રેશન ધારો, થિયેટરો, શ્વેતપ્રજા, ઓક્ષફર્ડ નહેર, રોયલહોર્સ આટીલટીમાં ઉચ્ચ તોખર, ઢોરની હેરાફેરી કરતાં જહાજો, બ્રિટીશ નાગરીક તરીકેનાં સન્માન વગેરેથી પરિવેશ રચાય છે.

**બળવંત નાયક**ની 'છીપનું મોતી'માં ઓસ્ટ્રેલિયાની હોસ્પિટલ છે. વુડલેન્ડ કંટ્રી હોસ્પિટલ, ક્વાટર્સ, વર્ષાઋતુ, સાઈકલ, ખેડૂતની સગર્ભા પત્ની, કાંગારા માદા, કાંગારુની કોથળીની ગરમી...હૂંફ, પિકનિક, રેડિયો-ટી.વી., મેટરનિટી વોર્ડ, મિસ્ટેઈક, ઓફનાઈટ, નાઈટમેર, પશુબાળ વગેરેની આસપાસ પ્રણયકથા ગૂંથાય છે.

**પોપટલાલ પંચાલ**ની વાર્તા 'ખોડની જોડ' વિશિષ્ટ પ્રણયકથા છે. દારેસલામ બંદર, જહાજ, તૂતક પર કઠેરો, પીઅર, ભારતીય પ્રણાલી, આસ્કિ-જીવનની ડાયરી, મર્સિડીઝ, જકાતબારી, દેશની નવાજૂની, હીરાવેઢ જેવી છોકરી, અપકન્ટ્રીસ્ટેશન, ઓઈસ્ટર, દરિયાકિનારો, પૂર્ણિમા, ઝરણાના મર્મર ધ્વનિનું મધુરું ગીત વગેરે ઉપરાંત દારેસલામના સ્થળ-કાળમાં શુદ્ધ ગુજરાતી એવું વર્ણન મળે છે જુઓ –

- કદીક મેઘધનુષ્યની છટા માફક તો કદીક તારાભરી રજની માફક, કદીક સોહામણી ઉષા માફક તો કદીક ભભકભરી સંધ્યા માફક, કદીક મોગરાને ગુલાબની ફૂલછડીની માફક તો કદીક પુષ્પશ્રેષ્ઠ ચંપાની માફક તે મારા હૃદય-મનને ઘેરી રહી.

**વલ્લભદાસ નાંઠા**ની 'ત્રીજી દુર્ઘટના' વાર્તામાં કોલેજકાળનો પરિવેશ છે. ગોલ્ડર્સગ્રીન, ડોરા થ્રી લેન, નેક્ષ્ટડોર, માર્કેટિંગ, માન્ચેસ્ટર, પેરિસ, ગ્રીસ, ઓક્સફર્ડ, બોઝિલ સૂનકાર, ફિલ્મ ડિસ્ટ્રિબ્યૂટર, કિટન કેબિનેટ, ડોરબેલ, ટ્યૂબ ટ્રેન, રંગબેરંગી ફૂલોની આસપાસ કૂદમકૂદ કરતાં પતંગિયાં, ફુવારામાંથી ઊડતા પાણીના શિખરો, રિસીવરશીપ, હરખનાં વાદળો, વ્હીસ્પર, ફરસીપૂરી ને બટાકાનું શાક, ગ્લાસગો શહેર, આન્સરફોનનું રકોર્ડિંગ, મેફેયર લત્તો.

**વિનોદ કપાસી**ની 'અશ્વમેધ'માં ઘોડાદોડની વાત છે. એટેચ્ડ બાથરૂમ, અરબી ઘોડા, બ્રીડ, ઊંચી ઊંચી સીલીંગ પર બાંધેલા લાખો રૂપિયાની કિંમતના ઝુમ્મર, ક્રિસ્ટલના મૃદુલ અવાજ, રાઈડિંગનો શોખ, લાંબી લાંબી ઈન્કવાયરી, ઈન્ટરવ્યૂ, સોફા, દિવાનખંડ, ચાબુક, ખીલીવાળી સાંકળી, વીંટી વગેરેથી બંધાતો પરિવેશ મળે છે.

**વિનય કવિ**ની 'કથા બે : વ્યથા એક' માં સીધી સપાટ સડકો, ટ્રાફિક નહિવત્, ઈવનિંગ, લવલી પાર્ટી, યુનિફોર્મ સજ્જ નોકરો, અંગઉપાંગ, કામાતુર આંખો, રૂપગુણની પ્રશંસાઓ, હેડ ઓફિસ, આલીશાન હોટલ, નિયોનલાઈટમાં ચમકતો પોર્ચ, મોં સૂઝણું, લિફ્ટ, કૃપાનો કળશ વગેરેમાં વૈભવી જિંદગી અને સાથે સાથે તળજીવનનો પરિવેશ જક્સ્ટ્રાપોઝ થાય છે એ જુઓ.

- ઘરવખરીમાં એક જૂની અગન, ધાતુનાં ગોબાવાળાં થોડાંક વાસણો, બે ફાટેલી ગોદડીઓ, અનેક દિવાળીઓ ભાળેલી છે તેવી તૂટલી ફૂટલી એક પેટી, વળગણી પર ગાભા જ કહી શકાય તેવાં લૂગડાં, ઘાટ વિનાનાં કેટલાંક ડબલાં-ડબલી, એવાં જ બે-ચાર થાળી-વાટકા-પવાલાં, હવામાં ચોવીસે કલાક લટકતું એક ગમગીન વાતાવરણ

**કુસુમબહેન પોપટ**ની વાર્તા 'ત્રણ મોસંબી, એક કોબીનો દડો'માં આફ્રિકાનો સ્થળપરિવેશ સઘનતાથી ઘૂંટાયો છે. વિગતો જોઈએ :

કેનિયાનું પાટનગર નૈરોબી, સિંહ-શિકાર અને ગાયની ઘોરીનસમાંથી લોહી પીવા વિખ્યાત જાતિ 'મસાઈ'જાજરમાન નારી જેવી મર્યાદાશીલ ઋતુઓ, ચાઉમાઉ ચળવળ, ખુના-મરકીની ફાવટ, નાનકડી શોપિંગ આર્કેડ, તમાકુવાળું પાન, વંડી પાસે ખુણામાં કચરાનો ઢગલો, પિપરમીંટ, ગ્રોસરીનું લિસ્ટ, સેંટ, બેકારી નાબૂદીના પ્રસિડેન્ટ માટે ફન્ડ માટેનું ડિનર, પતરાના ડબ્બા બનાવવાની મોટી ફેક્ટરી, પોલીસ, ધાડપાડુઓ, સફેદ લાંબો ઝભ્ભો, ગળામાં ક્રોસવાળી માળા, પુષ્પગુચ્છ વગેરેમાંથી સહજ સ્થળ-કાળસંદર્ભ રચાય છે.

**ઉપેન્દ્ર ગોર**ની 'જળભર્યા કિનારે'માં લંડન અને અમદાવાદ બંનેનો નદીકિનારો અને સાગરકિનારો છે. યાદો છે. સ્થળ પ્રત્યેના લગાવની વાર્તા છે.

વિશાળ રેતપટ, અને જળરાશી, બોર્નમોથનો દરિયાકાંઠો, ઉંચે ખડકાટ બંધાયેલું 'હેપ્પી હોલીડે હોમ', આર્કિટેકનો વ્યવસાય, સરોવરની પાળ,આફ્રિકા,મોમ્બાસાનો સાગરતટ,છાત્રાલયનું પ્રાંગણ, વાત્સલ્યવારિનાં છાંટણાં, સૂર્યની પ્રસરતી લાલીમા, જળનાં દશ્યો, સાબરમતીનો કાંઠો, ગાંધી આશ્રમનો રસ્તો, દેસાઈ બોર્ડિંગ હાઉસ, નદી ઉપરના કળાત્મક કમાનોયુક્ત પુલો, લંડન શહરને સાંકળતી ભૂગર્ભ રેલવે, કોટન જીનેરી, ઈલિંગ બ્રોડવેનો રાજમાર્ગ, અદ્યતન આર્કિટેકના નમૂના, રસ્કીલ અને રસેલનાં ચિંતનોથી મુગ્ધ, અસ્થિફૂલ, દાનદક્ષિણા, દેવું, સોબત, કેફી પીણાં, બેકારી, નારીકેન્દ્ર, કોમી હુતાશન, સૂર્યપ્રકાશ વગેરેથી વતન અને પરદેશનો સંદર્ભ જોડાય છે.

**પુ.હ.ભાયાણી**ની ' જીવનસંભારણાં' હિંદુ સંસારના મધુર દામ્પત્યકથા સ્થળ-કાળ સંદર્ભની પારની વાર્તા છે. **ઈન્દ્ર દવે**ની 'પરાજય' વાર્તામાં પણ પ્રણયકથામાં ગૂંથાયેલી સાહિત્યિક સંદર્ભોથી ગુજરાતીપણું સર્જાય છે.

ટૂંકમાં, આ વાર્તાઓનાં સ્થળ-કાળ વિદેશનાં હોઈ એનાં પાત્રો એની ઘટનાઓ, પરિસ્થિતિઓ જુદી છે. પણ જે ગુજરાતીપણું આ વાર્તાઓના ગદ્યમાં છે તેના વડે સર્જાતો આગવો પરિવેશ વાર્તાનું કાઠું ઘડે છે ત્યારે તે વિશિષ્ટ બને છે.

આ રીતે અનુઆધુનિક ટૂંકી વાર્તાવિશ્વમાં પરિવેશના વિવિધ રંગો જોવા મળે છે. સ્થળ તરીકે પ્રયોજાતો ગ્રામીણ પરિવેશ એની સંસ્કૃતિ સાથે આવે છે. તો નગર પરિવેશ ગતિશીલ જીવનની વિગતો લાવે છે. બંનેમાં બદલાયેલા સમયને પરિણામે બદલાતી વ્યવસ્થાઓ, અવસ્થાઓ અને જીવનવિશ્વને પરિણામે સંવેદનો પર થતી અસરો નિરૂપાઈ છે. આ સમયે સામાજિક પ્રશ્નોને પણ શબ્દસ્થ થવાનો મોકો મળે છે ત્યારે દલિતચેતના, નારીસંવેદન, વિચરતી વિમુક્ત જાતિ અને આદિવાસી સમાજ પણ પોતપોતાના પરિવેશને વાર્તાના રૂપમાં મૂકી આપે છે. આ જાતિગત પ્રશ્નો જ્યારે અન્ય ઘટકતત્ત્વોની જેમ પોતાના નિજી પરિવેશને પણ સમુચિત મહત્ત્વ આપે છે ત્યારે એ વાર્તાઓ આ યુગની મહત્ત્વની પુરવાર થાય છે. લોકપ્રિય વાર્તાઓ પણ સૂક્ષ્મસંવેદનો તરફ વળે છે ત્યારે વિશિષ્ટ પ્રકારના સંવાદો, ક્રિયાઓ, ભાવો વડે પ્રણયનિરૂપણ, રોમાંચક ઘટનાઓ, વ્યંગ વગેરેનું નિરૂપણ કરે છે ત્યારે તે કલાભોગ્ય બને છે. આ ગાળામાં સંસ્કૃતિ તરફની ગતિ હોવાને પરિણામે પૌરાણિક, ઐતિહાસિક, વૈજ્ઞાનિક પરિવેશવાળી કેટલીક વાર્તાઓ પણ મળે છે. તેમાં વર્તમાન જીવનસંદર્ભનું આલેખન વાર્તાની વિશિષ્ટ રચનારીતિને કારણે ધ્યાનપાત્ર બને છે. આ ઉપરાંત સૈનિકજીવનનો સરહદી પરિવેશ અને વિદેશી પરિવેશની વાર્તાઓ પણ જે તે સ્થળના રોમાંચક વર્ણનો વડે જ નોંધપાત્ર બને છે. આ ગાળાની ટૂંકી વાર્તાઓમાં બોલી મહત્ત્વનું પરિબળ રહે

છે. પ્રાદેશિકતા, બોલીના લય, લહેકા, કહેવતો, રૂઢિપ્રયોગો વગેરેએ અલગ વિશ્વ સર્જી બતાવ્યું છે. કેટલીક વાર સમગ્ર વાર્તા બોલીમાં આવે છે. આ પ્રકારની વાર્તાઓ જુદા પ્રકારનો પરિવેશ સર્જીને તેમાં કોઈ માનવસંવેદનને આલેખી આપે છે.

આમ, વિવિધતાથી ભરેલો અનુઆધુનિક ટૂંકી વાર્તાનો સમય એના અનેકરંગી પરિવેશને પરિણામે જ નોંધપાત્ર બને છે.

## સંદર્ભસૂચિ :


૧. કથાવિમર્શ (૧૯૮૩) નરેશ વેદ, પૃ.૫૩
૨. એજન. પૃ.૯૬
૩. પાશ્ચાત્ય ટૂંકી વાર્તા (૧૯૭૬) ઈલાબેન પાઠક, પૃ.૫
૪. ગુજરાતી જૂની વાર્તા (૧૮૯૩) મણિલાલ છબારામ ભટ્ટ, પૃ.૫૨
૫. નવલિકા સંગ્રહ (૧૯૨૮) સં.રામચન્દ્ર શુક્લ, પૃ.૪૬
૬. એજન. પૃ.૧૨૮
૭. એજન. પૃ.૧૩૫
૮. નવલિકાઓ (૧૯૧૨,૨૦૦૩) ક.મા.મુનશી, પૃ.૯૮
૯. એજન. પૃ.૧૭૮
૧૦. અ. ગદ્યપર્વ (મે,૧૯૮૮)
 બ. બુદ્ધિપ્રકાશ (જૂન,૧૯૧૩)
૧૧. અ. ગદ્યપર્વ (સપ્ટે.,૧૯૮૮)
 બ. સમાલોચક (જુલાઈ,૧૯૧૭)
૧૨. અ. ગદ્યપર્વ (નવે.,૧૯૮૮)
 બ. બુદ્ધિપ્રકાશ (મે,૧૯૧૩)
૧૩. અ. ગદ્યપર્વ (જાન્યુ.,૧૯૮૯)
 બ. સમાલોચક (સપ્ટે.,૧૯૧૮)
૧૪. અંબાલાલ સાકરલાલ દેસાઈના ભાષણો અને લેખો
૧૫. અ. ગદ્યપર્વ (જાન્યુ.,૧૯૮૯)
 બ. સુંદરી સુબોધ (જાન્યુ.,૧૯૦૭)
૧૬. અ. ગદ્યપર્વ (મે,૧૯૮૯)
 બ. કેળવણી (જાન્યુ.,૧૯૧૬)
૧૭. જયંતિ દલાલની વાર્તાઓ, જયંતિ દલાલ, પૃ.૨૩૫
૧૮. સુરેશ જોષીનું સાહિત્યવિશ્વ-૩, કથાસાહિત્ય (૨૦૦૫), શિરીષ પંચાલ, પ્રસ્તાવના
૧૯. 'વિ' પરિષ્કૃત ગુજરાતી વિશેષાંક (નવે,ડિસે.૧૯૮૯, જાન્યુ,ફેબ્રુ.૧૯૯૦)
૨૦. પરિષ્કૃત વાર્તા અને બીજા લેખો (૨૦૦૦) મણિલાલ હ.પટેલ, પૃ.૨૭,૩૩,૩૪
૨૧. કથાનુંસંધાન (૨૦૦૪) જયેશ ભોગાયતા, પૃ.૧૨૬
૨૨. વાર્તાવિચાર (૨૦૦૫) મોહન પરમાર, પૃ.૧૦૩
૨૩. બગલથેલો (૧૯૯૮) રામચન્દ્ર પટેલ, પ્રસ્તાવના
૨૪. પારખું (૨૦૦૭) દશરથ પરમાર, પ્રસ્તાવના
૨૫. ગુજરાતી દલિત વાર્તા (૧૯૯૫) અજિત ઠાકોર, રાજેન્દ્ર જાડેજા; પ્રસ્તાવના
૨૬. દલિતચેતના (અંક-૫૨, ફેબ્રુઆરી,૨૦૧૧)
૨૭. ગુજરાતી દલિત સાહિત્યની કેડીએ (૨૦૧૦) દલપત ચૌહાણ, પૃ.૨૯
૨૮. ગુજરાતી દલિત સાહિત્ય : સ્વાધ્યાય અને સમીક્ષા (૨૦૦૧) સં.મોહન પરમાર, હરીશ મંગલમ્, પૃ.૯
૨૯. એજન. પૃ.૨૯,૧૦૦
૩૦. દલિત કથાવિમર્શ (૨૦૧૦) ડો.કાન્તિ માલસતર, પૃ.૪૩
૩૧. ગર્ભગાથા (૨૦૧૦) હિમાંશી શેલત, પ્રસ્તાવના

૩૨. એ લોકો (૧૯૯૭,૧૯૯૯) હિમાંશી શેલત, પ્રસ્તાવના
૩૩. ડેરો (૨૦૦૮) કાનજી પટેલ, પ્રસ્તાવના